ॐ

श्री सिद्ध परमात्मने नमः ।
श्री सद्गुरुदेवाय नमः ।
श्री निजशुद्धात्मने नमः ।

# કલશામૃત ભાગ-૧

શ્રી કળશટીકા-જીવ અધિકાર ઉપરનાં
પરમોપકારી આધ્યાત્મિક સત્પુરુષ
**પ.પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
સ્વાનુભવ મુદિત પ્રવચનો

-: પ્રકાશન :-

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ- ૩૬૦૦૦૧
ટેલી. નં. ૨૩૧૦૭૩

| કહાન સંવત | વીર નિર્વાણ | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૨૧ | ૨૫૨૭ | ૨૦૫૭ | ૨૦૦૧ |

**પ્રકાશન**

શ્રી પર્વાધિરાજ પર્યુષણના પાવન પ્રસંગે
પ્રથમ આવૃત્તિ પ્રત - ૧૫૦૦
પડતર કિંમત - રૂા.૧૦૦/૦૦
વેચાણ કિંમત - રૂા.૪૦/૦૦

**પુસ્તકનું પ્રાપ્તિ સ્થાન**

શ્રી દિગંબર જૈન સ્વા.મંદિર ટ્રસ્ટ
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧
ટેલી. નં.૨૩૧૦૭૩

★ **લેસર ટાઈપ સેટીંગ**
હિંમતનગર
ગુજરાત

★ **જેકેટ અને મલ્ટીકલર ફોટા.**
**'ડૉટ ઍડ'**
૨૩૪, રાજ ચેમ્બર્સ,
માલવિયા પેટ્રોલ પંપ સામે,
ગોંડલ રોડ - રાજકોટ
ફોન : ૨૨૬૦૭૩

★

**મુદ્રક :**
**ચંદ્રકાંત આર. મહેતા**
૮૧૬, સ્ટાર ચેમ્બર્સ,
હરિહર ચોક,
રાજકોટ. ફોન નં. ૨૨૮૧૭૬

# પ્રકાશકીય નિવેદન

"मंगलं भगवान वीरो मंगलं गौतमोगणी ।
मंगलं कुंदकुंदार्यो जैन धर्मोऽस्तु मंगलम्" ॥

(૧) ભારત વર્ષના શાસન નાયક ચરમ તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામીની પુણ્યધરાને શોભાવતા દ્વિતીય શ્રુતસ્કંધના પ્રણેતા શ્રી કુંદકુંદઆચાર્યદેવ આજથી લગભગ ૨૦૦૦ વર્ષ પૂર્વે થયા.

મંગલાચરણમાં જેમનું તૃતીય નામ છે તેવા શ્રી કુંદકુંદાચાર્યદેવ પછીના થયેલા સમસ્ત આચાર્યો-મુનિગણ પોતાને આચાર્ય શ્રી કુંદકુંદદેવની આમ્નાયમાં ગણતાં ગૌરવશાળી અનુભવી રહ્યાં છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ પછી અનુપમ વિદ્વતાના ધારક શ્રી અમૃતચંદ્રસૂરિ કે જેઓ પોતાની દિવ્ય જ્યોર્તિમાન પ્રજ્ઞાથી સારા ભરતક્ષેત્રને પ્રકાશી રહ્યાં હતાં.

જેમ પરમાગમોમાં શ્રી સમયસારજી અજોડ તેમજ અદ્વિતીય શાસ્ત્ર છે, વળી તે ભારતનો ભગવાન તેમજ ભાનુ છે; તદ્ઉપરાંત શુદ્ધાત્માના અચિંત્ય વૈભવનો સર્વાંગ પ્રકાશ કરનારો સર્વોત્કૃષ્ટ મહાન ગ્રંથ છે; તેમ આત્મખ્યાતિ ટીકા પણ સર્વ ટીકાઓમાં 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવી સર્વોત્તમ રહી છે. આ વિષે શ્રી ટોડરમલજી સાહેબ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં લખે છે કે : **"વર્તમાનકાળમાં જો અધ્યાત્મ તત્વ હોય તો, શ્રી સમયસારમાં શ્રી અમૃતચંદ્રદેવકૃત આત્મખ્યાતિ ટીકામાં છે."**

(૨) શ્રી સમયસારની ટીકા કરતાં કરતાં અત્યુત્તમ દિવ્ય જ્ઞાનચેતનામાં સ્ફુરાયમાન થયેલો અમૂલ્ય અર્ક એટલે કળશો. આત્મખ્યાતિ ટીકા લખતાં...લખતાં...પ્રબળ ભાવો અધ્યારૂઢપણે ઊછળી ઊઠ્યાં અને તે પદ્યરૂપ બની આત્માનુભવની કલમ દ્વારા મૃદુતા અને માધુર્યતામાં વરસી પડ્યાં. જેમ જિનમંદિરનાં ઉન્નત ધવલ શિખર ઉપર કળશ ચઢાવે તેમ આ કળશો ટીકા ઉપર અધ્યારોહણ પામ્યા.

આ મંગળમય કળશો છે તે શ્રી આચાર્ય અમૃતચંદ્રદેવનું અનુપ્રદાન છે. જેમ કળશોમાં અમૃત ભર્યું હોય તેમ આ કળશોમાં જ્ઞાનામૃત ભર્યું છે. તેઓશ્રીએ આ કળશોમાં મિથ્યા એકાન્ત અને મિથ્યા અનેકાન્તનું વિષ ઉતારી સમ્યક્ અનેકાન્તમયી

પરમામૃત પિવડાવ્યું છે. પરમ પૂજ્ય ગુરુદેવશ્રી આ કળશોનો મહિમા કરતા કહે છે કે : આચાર્યદેવે તો એક-એક કળશે ન્યાલ કરી દીધા છે. અમૃતના કળશો ભરી ભરીને મિથ્યાત્વ મળને ધોવડાવી નાખ્યા છે.

(૩) શ્રીમદ્ અમૃતચંદ્રઆચાર્યદેવની વિશિષ્ટતા માંગલિકના પ્રથમ કળશમાં મુખરિત થઈ. તેઓશ્રીએ માંગલિકની શરૂઆત અસ્તિથી કરી. તેઓ માત્ર ઈષ્ટદેવ કે જિનવાણીને નમસ્કાર કરીને સિમિત ન રહ્યા; પરંતુ આખા સમયસારનો પ્રતિપાદ્ય વિષય જે શુદ્ધાત્મા તેને મારા નમસ્કાર હો ! આમ સંપૂર્ણ સમયસારનો સાર તેમણે પ્રથમ કળશમાં મૂકી દીધો.

''नमः समयसाराय'' માં ત્રિકાળને તો મારો નમસ્કાર છે જ પરંતુ ''सर्वभावान्तरच्छिदे'' માં પૂર્ણ સાધ્યદશાને પણ નમસ્કાર કર્યા છે. જે પર્યાય સ્વભાવનું લક્ષ કરીને પૂર્ણ થઈ તો કોઈ અપેક્ષાએ તે પણ પૂજ્ય છે. આમ **''પૂર્ણતાને લક્ષે શરૂઆત''** તે સૂત્રમાં પૂર્ણ ધ્યેય અને પૂર્ણ સાધ્ય બન્ને સમાવિષ્ટ પામ્યા છે.

આ કળશોની અન્ય એક ટીકા ઉપલબ્ધ છે તે શાસ્ત્રનું નામ છે 'પરમ અધ્યાત્મ તરંગિણી.' આ ટીકામાં શ્રી શુભચંદ્ર આચાર્યદેવે માંગલિકમાં આઠને નમસ્કાર કર્યા છે. જીવતત્વને, સાધક પર્યાયને, સાધ્યપર્યાયને તેમજ પંચપરમેષ્ઠીને નમસ્કાર કર્યા છે.

આત્મખ્યાતિ ટીકામાં પહેલી ગાથાના અંતમાં શ્રી અમૃતચંદ્રદેવ લખે છે કે : હું દ્રવ્યવચન અને ભાવવચનથી સમયસાર કહીશ. શુદ્ધાત્માને અનુસરીને પરિણતી થવી તે તો ભાવવચન છે અને સ્વાનુભવ પૂર્વકની વાણી તે દ્રવ્યવચન છે.

પ્રથમ કળશમાં શુદ્ધાત્માને તો નમસ્કાર કર્યા જ છે પણ તેમાં ઈષ્ટદેવને પણ નમસ્કાર કર્યા છે. કેવળજ્ઞાનના નમસ્કારમાં ઈષ્ટદેવ આવી ગયા.

બીજા કળશમાં જિનવાણીને નમસ્કાર કર્યા છે. તેમાં જ્ઞાનરૂપ સરસ્વતીને તો તેઓશ્રી સ્વાનુભવ પૂર્વક નમસ્કાર કરે છે અને દ્રવ્યશ્રુતરૂપ સરસ્વતીને વિકલ્પથી નમસ્કાર કરે છે. સ્વાનુભૂતિરૂપ નમસ્કાર તે સાક્ષાત મોક્ષનું કારણ છે અને વિકલ્પરૂપ નમસ્કાર તે બંધનું કારણ છે. તેમ છતાં જિનાગમમાં વિકલ્પરૂપ નમસ્કારને પણ પરંપરાએ મોક્ષનું કારણ કહ્યું છે. વ્યવહારરૂપ તથાપ્રકારનો વિકલ્પ છૂટયો; અનુભવ થયો તો અનુભૂતિ પૂર્વેના વિકલ્પને ભૂતનૈગમનયે કારણ કહેવાય છે.

ત્રીજા કળશમાં આચાર્યદેવે શ્રીગુરુનું માંગલિક કર્યું. તેમાં સાધકદશાનું સ્વરૂપ

તો દર્શાવ્યું પણ સાથે સાથે પૂર્ણ સાધ્યદશાની ભાવના પણ વ્યક્ત કરી છે.

શ્રી સમયસારની ટીકા કરવાના કાળે અમારી વિશુદ્ધિ થશે. તેનું રહસ્ય એ છે કે: સમયસારની ટીકા કરવાના વિકલ્પથી અમારી પરિણતીમાં પરમ વિશુદ્ધતા નહીં થાય; પરંતુ ટીકા લખવાના કાળે અમારું લક્ષ ધ્રુવ જ્ઞાયક ઉપર જશે તેનાથી અમારી પરિણતીમાં પરમ વિશુદ્ધિ થશે. ટીકા લખવાના કાળમાં પણ અમારું ધ્યેય તો સર્વજ્ઞ સ્વભાવી આત્મા જ છે. ધ્યેય ઉપરથી દૃષ્ટિ ખસતી નથી તેથી વિશુદ્ધિ તો વર્તે જ છે; પરંતુ તે કાળે શુદ્ધાત્મનું ઉગ્ર અવલંબન આવવાથી પરમ વિશુદ્ધિ થાઓ...આમ સાધ્યદશાની ભાવના ભાવી છે.

આત્મખ્યાતિ ટીકાના પ્રથમ ત્રણ કળશો દેવ-શાસ્ત્ર ગુરુના માંગલિકના રૂપમાં થયા. ચોથા કળશની રચના બાર ગાથા પછી કરી. વળી શ્રી સમયસારજી શાસ્ત્રની એકથી બાર ગાથાઓને પીઠિકાની ગાથાઓ કહી છે. સંક્ષેપ રુચિવંત જીવ બારગાથા સુધીમાં સમ્યક્ત્વને પામી જાય છે.

(૪) આ કળશોમાં રહેલા નિહિત ભાવોને ખોલનાર પં.શ્રી રાજમલ્લજી વિક્રમ સંવતની સત્તરમી શતાબ્દીમાં થયા. તેમણે આ કળશો ઉપર ટીકા લખી. આ ટીકાનું નામ તેઓએ **'બાલાવબોધ'** તેવું આપ્યું. ટૂંકા ટૂંકા ભાવાર્થ કરી પરમાર્થ તત્વનો રસ રેલાવ્યો.

શ્રી સમયસારજીમાં પ્રથમ પૂર્વરંગ છે અને પછી જીવાજીવ અધિકાર છે. જ્યારે કળશ ટીકાકારે જીવ અધિકાર તેમજ અજીવ અધિકાર અલગ અલગ લખ્યા છે. જીવ અધિકાર લખતાં કહે છે હું જીવનો વૈભવ કહીશ.

આ ટીકામાં ખાસ વિશેષતા દૃષ્ટિ ગોચર થાય છે કે કળશમાં મુખ્યપણે જે કહેવું છે તે લીટીનો ભાવાર્થ પહેલો કરે છે. આમ પ્રથમ ભાવાર્થથી શરૂઆત કરી પછી શબ્દોના અર્થ કરે છે. આચાર્યશ્રીના હૃદયમાં રહેલા સંસ્થિત ભાવોને ખોલવા માટે તેઓ શબ્દાર્થની પાછળ ભાવાર્થ કહે છે. કોઈ ભાવાર્થ, અનુભવની રસિકતા વિનાનો નથી. તદ્‌ઉપરાંત કળશનું તાત્પર્ય શું છે !? તેમજ તેની અંદર કેવી જ્ઞાન જ્યોતિ પ્રકાશી રહી છે તેનો પ્રત્યક્ષભાસ થાય તેવો તલસ્પર્શી ભાવાર્થ કર્યો છે. લૌકિકમાં પણ શબ્દાર્થનો ભાવાર્થ તો કરવો જ પડે છે.

આ ટીકામાં **"શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ"** તેને પ્રત્યક્ષ આસ્વાદો....પ્રત્યક્ષ આસ્વાદોનો ધ્વનિ મુખ્યપણે ગર્જે છે. "વસ્તુ શુદ્ધ ચેતનામાત્ર છે" તેમાં ક્યાંય તો

અખંડ-અભેદ ધ્યેય લીધું છે અને ક્યાંય તો અભેદ જ્ઞેય લીધું છે. આમ સ્વાનુભવના કાળે જે **"ધ્યેય પૂર્વક જ્ઞેય"** થાય છે તેવા આત્માનું સંપૂર્ણ દર્શન કરાવ્યું છે. આમ આ કળશ ટીકામાં શુદ્ધ જીવ વસ્તુ અને તેના પ્રત્યક્ષ અનુભવની આકાશવાણી, માનો ટીકાના રૂપમાં વિમલ જળના રૂપમાં વરસી પડી. આ વાણી તૃષાવંત જીવોને અમૃતપાન કરાવે છે.

તેઓશ્રીની ટીકામાં બીજી વિશિષ્ટ કળા એ પણ જોવા મળે છે કે: તેઓ 'શીલ' શબ્દનો પ્રયોગ બહુધા કરે છે. દા.ત. અનુભવશીલ, સાધનશીલ, સ્વસંવેદનશીલ, જાણનશીલ, મેટનશીલ, દૂરીકરણશીલ, ક્ષયકરણશીલ આમ અનેક જગ્યાએ શીલ શબ્દ પ્રતિનિધિત્વપણે વપરાયો છે.

અધ્યાત્મ રસિક કવિવર પંડિત શ્રી બનારસીદાસજીને આ કળશટીકા આત્મોત્કર્ષના રૂપમાં કેવી માર્ગદર્શક બની છે તેમજ તેમના જીવન ઉપર પં.શ્રી રાજમલ્લજીનો કેવો પ્રભાવ વર્તે છે તે તેમની નાટક સમયસારની કૃતિ ઉપરથી ખ્યાલ આવે છે.

**"પાંડે રાજમલ્લ જિનધર્મી, સમયસાર નાટક કે મર્મી."** આ ઉપરાંત આત્મ નિખિલતામાં અભિરામ પામેલા ઉપકૃત ભાવોને અભિવ્યક્ત કરતાં લખે છે કે.... **"સમયસાર કલશા અતિ નીકા, રાજમલ્લજી સુગમ યહ ટીકા."** આમ પં.રાજમલ્લજીએ સમયસાર કળશોમાં રહેલા સ્વાત્મિકભાવોને ખોલ્યા છે. જ્યારે આ કળશટીકાનો ઢૂંઢારીમાંથી હિન્દી અનુવાદ થયો ત્યારે પૂ.ગુરુદેવશ્રીએ કહેલું કે : ''આ કળશટીકા, રહસ્ય ઉદ્ઘાટન કરનારી છે. ટીકા ઘણી ગંભીર અને આત્મસ્પર્શી છે. વસ્તુના ગૂઢ મર્મને છેદીને તત્વને ઓગાળીને અંદરથી બહાર કાઢયું છે.''

આ કળશટીકા આત્માનો આસ્વાદ કરાવનારી અને વસ્તુના દળમાં પ્રવેશીને વાત કહેનારી છે. લોકોના મહાભાગ્ય કે આ કાળે આવી વાત બહાર આવી ગઈ. આ કળશોમાં શ્રી આચાર્યદેવે અમૃત રેલાવ્યા છે અને પં.રાજમલ્લજી સાહેબે આનંદરસ રેલાવ્યા છે. ઘણી વખત અનુભવની મસ્તીમાંથી પૂ.ગુરુદેવશ્રીના એવા ઉદ્ગારો સરી પડતા કે : **"દિગમ્બર આચાર્યોએ તો મહાન કામ કર્યાં જ છે, પરંતુ ગૃહસ્થ જ્ઞાની પંડિતોએ પણ ગજબના કામ કર્યાં છે."** આમ જ્ઞાની પંડિતો શ્રી ટોડરમલજી શ્રી દોલતરામજી શ્રી દીપચંદજી; શ્રી રાજમલ્લજી; શ્રી બનારસીદાસજી આદિ પ્રત્યે પણ તેમના હૃદયમાં અપ્રતિમ ભાવના ઉછળતી.''

(૫)
"અહો ! ઉપકાર જિનવરનો કુંદનો ધ્વનિ દિવ્યનો,
જિન કુંદ ધ્વનિ આપ્યા અહો ! તે ગુરુ કહાનનો."

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી એટલે અધ્યાત્મ ક્રાંતિના વિશ્વ વ્યાપી ઉત્કૃષ્ટ આંદોલન કર્તા. અક્ષય ચૈતન્યસત્તાના પરિપ્રેક્ષ્ય પૂર્વક જ્ઞાતાભાવની નિર્મળધારા અનવરત પણે લગભગ પીસતાલીસ વર્ષ સુધી વહી. આ જ્ઞાનચેતનાની અવિચ્છિન સાતિશય મંગલ સૃજન યાત્રાએ ભરતખંડના કણ કણમાં ભગવાન આત્માના કીર્તનની અલખ જગાડી. પરમ શીતલ કરુણામયી ઓમધ્વનિ અતિ આસન્ન ભવ્ય જીવોને મોક્ષમાર્ગમાં સંવાહક બની તેમજ મુમુક્ષુ જીવોને ભાવિ મોક્ષનું પાથેય આપ્યું.

સુવર્ણપુરીની નીલી નિરભ્ર ક્ષિતિજો, ત્યાંની મુક્ત વાયુમંડલની સમ્યક્ લહેરો તેમજ વિજ્ઞાનઘન સ્વભાવની ધરાતલ ઉપર અધ્યાત્મની અક્ષુણ રશ્મિઓ ખીલી ઊઠી. અનાદિથી વિષય-કષાયની ઉન્માદિની ચંચલ હવા વિદીર્ણીત થતી અસ્ત પામી. ધ્રુવસત્તામાં ધ્રુવઆસીન થવાનો વિરામનો શંખ વાગી ઊઠ્યો. તે સાથે જ સર્વત્ર નીરવ....નીરવ...નીરવતા છવાઈ ગઈ. આમ અનાસક્ત આત્મસિદ્ધિની અકથ પ્રભાની પ્રાંચીરો પ્રગટી. તે સાથે જ સમગ્ર દિગમ્બર જૈન સમાજ નરસિંહ કહાનગુરુના ચરણોમાં નત મસ્તક થઈ ગયો.

પ.પૂ.ગુરુદેવશ્રીના જીવનમાંથી મુમુક્ષુઓને પુણ્ય, પવિત્રતા, પ્રજ્ઞા અને પ્રતિભાના અર્ધ્યનું સંપ્રદાન મળ્યું. આપશ્રીએ ગાથામાં ટીકામાં-કળશોમાં રહેલા સૂક્ષ્મ ગૂઢ સિદ્ધાંતોના ભાવવાહી તેમજ સમીચીન અર્થ કર્યા. ગાથાઓમાં...ટીકાઓમાં... કળશોમાં રહેલા વિરાટ ભાવોને કરુણામયી મિષ્ટ ભાષામાં અને સરળ શૈલીમાં સમજાવ્યા; જેથી સામાન્ય બુદ્ધિવંત જીવો પણ સહજતાથી સમજી શકે. આપશ્રીની વૈરાગ્ય પ્રેરકવાણી સદૈવ આત્માર્થી જીવોને સ્વભાવની પુષ્ટિ, તુષ્ટિ અને તૃપ્તિ કરતી રહી.

જ્યારે આપ પ્રવચન કરતા ત્યારે જ્ઞાયકમાં તરબોળ થઈ જતા અને કહેતા કે જેમ કેરીને ઘોળળવાથી મીઠો મધુરો રસ પ્રાપ્ત થાય છે તેમ જ્ઞાયક સ્વભાવને ઘૂંટવાથી અતીન્દ્રિય આનંદરસ પ્રગટ થાય છે.

આપશ્રીનું સંપૂર્ણ જીવન સ્વાનુભવ સંપન્ન અને જ્ઞાનથી સમૃદ્ધ હતું. આપશ્રીએ કુંદકુંદ-અમૃત અને રાજનાં હૃદયમાં પેસી જૈનદર્શનના મૂળભૂત સિદ્ધાંતોને વિશદ્‌તાથી પ્રકાશ્યા છે. તદ્‌ઉપરાંત આપશ્રીની તીક્ષ્ણ વાણીમાં હંમેશા સમ્યક્ દર્શનનો વિષય

ધ્રુવ પરમાત્મા અને તેના અનુભવની પ્રાધાન્યતા જ વર્તતી; તેમ છતાં બાકીના અનુયોગોનો સમન્વય પણ સાથે રહેતો.

ભારતવર્ષની ધર્મમયી હરિયાળી અવનિ પર જૈનધર્મનો અનોખો અને અલગારી ઈતિહાસ સર્જયો તે પંચમકાળનું અછેરું છે. અનેક નિકટભવી જીવોના હૃદયમાં તત્વજ્ઞાનની અખંડ જ્યોત જગાડીને આપશ્રીએ અલભ્ય જૈન સંસ્કૃતિનું વરદાન આપ્યું છે.

(૬) આ કળશટીકાના જીવ અધિકારમાં ત્રિકાળી સ્વભાવની મહિમા અને મસ્તી કેવી ઊછળે છે તેનું સ્પષ્ટ દર્શન થાય છે. જ્ઞાયકભાવ પોતાના અનાદિ અનંત ત્રિકાળ શુદ્ધત્વને કદી છોડતો નથી. કારણ કે તે સદા સ્વાભાવિક શુદ્ધ છે. જ્યારે પર્યાયમાં અશુદ્ધતા છે ત્યારે ચૈતન્ય જ્ઞાનાનંદ પરમાત્મા તે અશુદ્ધતાથી સદાય નિરાળો રહ્યો છે. જિનવચનમાં આવા પરમાત્મ- તત્વને ઉપાદેય કહ્યો છે.

આ પરમાત્મા કેવો છે ? તે અનંત...અનંત શક્તિઓનો સંગ્રહાલય છે; પવિત્રતાનો પિંડ છે; નિત્યાનંદનો ગંજ છે, શીતળતાનો અને શુદ્ધતાનો સાગર છે; જ્ઞાનદર્શનનો પૂંજ છે; આ સર્વ ઉપમાઓથી રહિત, સ્વાભાવિક અનુપમ તત્વ છે. જેને વચન દ્વારા વર્ણવી શકાતો નથી, માત્ર અનુભવી શકાય છે. હું અમેચક છું...જ્ઞાયક છું...તેવો વિકલ્પ ઉઠે છે તે જ મેચકતા છે. માટે હવે કથનથી...વિકલ્પથી... ચિંતનથી...બસ થાઓ...બસ થાઓ.

આવા અભેદ જ્ઞાયકને ઉપાદેયપણે ગ્રહનાર જ્ઞાનને જ સ્વાભાવિક જ્ઞાન કહે છે. આમ વસ્તુનો પ્રત્યક્ષ રસાસ્વાદ તે જ મોક્ષમાર્ગ છે. આ નિશ્ચય મોક્ષમાર્ગ જે પ્રગટ થયો તેમાં ભેદ કે વ્યવહાર રત્નત્રયનો બિલકુલ સહારો નથી, કારણ કે મોક્ષમાર્ગ નિરપેક્ષ છે.

(૭) આ કળશટીકા ઉપરના પ્રવચનોના ગ્રંથનું નામ **"કલશામૃત"** છે, જે યથા નામ તથા ગુણરૂપ છે. આચાર્ય અમૃતચંદ્રદેવે અમૃત નિકેતનમાંથી અમૃતના ધોધ વહાવ્યા છે. શ્રી રાજમલ્લજીસાહેબે પણ અમૃતાનંદને ઉછાળ્યા છે. વળી વસ્તુ સ્વયં અમૃતસ્વરૂપ છે અને જે મોક્ષમાર્ગ પ્રગટયો તે પણ આનંદામૃતથી ભરપૂર છે. આવા પરમામૃતમયી નાથના પ્રવચનોની અમૃતકથા તે જ **"કલશામૃત"** છે.

આ કળશટીકામાં, વાચક ભગવાન આત્મા છે અને વાચ્ય પણ ભગવાન આત્મા છે. વળી પૂ.ગુરુદેવશ્રીના પ્રવચનોનું હાર્દ પણ ભગવાન આત્મા જ છે. તેથી આ

શાસ્ત્ર વૈરાગ્યનો જનક અને સ્વાનુભૂતિનો સર્જક છે. આ કૃતિનો અંતર્મુખી સ્વાધ્યાય થતાં જ જીવ અમૃતપાનથી તૃપ્ત...તૃપ્ત થશે.

(૮) આ "**કલશામૃત**" પુસ્તકના સંકલનની વિશેષતાઓ એ છે કે: ટીકાના મૂળ વાક્યો... શબ્દોને બોલ્ડ લેટરમાં લીધેલા છે. ત્યારબાદ પાઠના વાક્ય ઉપરનું પૂ.ગુરુદેવશ્રીનું સ્પષ્ટીકરણ લીધેલ છે. આમ પ્રવચનધારાને સળંગ કડીબદ્ધ રાખેલ છે. આ ઉપરાંત પ્રયોજનભૂત વિષયને પૂ.ગુરુદેવશ્રી વારંવાર દ્દઢ કરાવતા હોવાથી તેવી વિષય વસ્તુને સર્વત્ર અગ્રસ્થાને રાખેલ છે. કારણ કે પ્રયોજનભૂત વિષયને વારંવાર ઘૂંટવાથી જ તત્વનો યથાર્થ નિર્ણય થાય છે.

આ સંકલનની બીજી વિશેષતા એ છે કે: સૂત્ર એક જ હોય, પણ તે સૂત્રને અલગ અલગ વિવિક્ષાથી જ્યાં જ્યાં સમજાવ્યું હોય તેવી સમસ્ત વિવિક્ષાઓને આ સંકલનમાં સમાવિષ્ટ કરેલ છે. કોઈ કોઈ જગ્યાએ દૃષ્ટાંત ઉપરથી સિદ્ધાંત ફલિત કરતા હોય તો તે દૃષ્ટાંતને ટૂંકાવી અને યથા સ્થાને રાખેલ છે. તેમજ પ્રવચનોમાં અનેક વખત મોહમાં સૂતેલા પ્રાણીઓને ભાવનિદ્રા દૂર કરવા માટે વૈરાગ્ય પ્રેરક પ્રેરણા આપતા હોય છે. આવા અંશોને પણ આ રચનામાં સમાવિષ્ટ કરેલ છે.

(૯) **પુસ્તક પ્રકાશનની કાર્યવાહી અને આભાર :-** કળશટીકા ઉપરના પૂ.ગુરુદેવશ્રીના ૧૯૭૭ ની સાલના પ્રવચનોને કેસેટ ઉપરથી અક્ષરસ: ઉતારવામાં આવેલા. એક જ કેસેટને વારંવાર સાંભળીને ક્યાંય પણ ક્ષતિ ન રહી જાય તે હેતુથી પ્રવચનોને પુનઃ તપાસ્યા છે. આ કેસેટ ઉતારવામાં સાધર્મીજનો તરફથી સુંદર સહયોગ સંસ્થાને મળ્યો છે.

કેસેટ ઉપરથી લખેલા પ્રવચનોને સુસંગત ફકરા પાડીને તેમજ સૂક્ષ્મ ન્યાયો યથાવત જળવાય રહે તે રીતે સંકલન કરવાની જવાબદારી **બા.બ્ર.શોભનાબેન જે. શાહ (રાજકોટ)** ને સોંપેલ. તેમણે આ કાર્ય પોતાનું **'અહો ભાગ્ય'** સમજી, સહર્ષ સ્વીકારી અને પોતાની પૂર્ણ શક્તિ અને ઉત્સાહથી **'કલશામૃત'** પુસ્તકનું સંકલન કરેલ છે.

પૂ.ગુરુદેવશ્રીની ઓમધ્વનિને યથાયોગ્યપણે સંકલિત કરેલ છે તે તપાસવાનું કાર્ય તેમજ આ સંકલનમાં યથોચિત સલાહ સૂચના અને માર્ગદર્શન આપવાનું દાયિત્વ **પં.અભયકુમાર જૈન દર્શનાચાર્ય (છિંદવાડા)**ને સોપેલું. તેમણે પોતાનો અમૂલ્ય સમય કાઢી આ સંકલિત પ્રવચનોને સી.ડી. ઉપર ચેક કરેલ છે. યોગ્ય સુધારા થયા બાદ આ પ્રવચનોને ફરીવાર સી.ડી. ઉપર ચેક કરવાનું કાર્ય **શ્રી રજનીભાઈ મીઠાલાલ દોશી (હિંમતનગર)** દ્વારા પૂર્ણ થયેલ છે. ટાઈપ સેટીંગ થઈ ગયા બાદ ભાષાની દૃષ્ટિએ

શુદ્ધિકરણ કરવાનું તથા પ્રુફ ચેકીંગનું કામ **શ્રી દીનેશભાઈ શહા** તથા ડૉ.ઉજવલાબેન **શહા** દ્વારા ખૂબ જ કાળજી પૂર્વક કરવામાં આવેલ છે. આમ ઉપરોક્ત પ્રક્રિયા પૂર્ણ થયા પછી આ પુસ્તકનું પ્રકાશન થયેલું છે.

આ કલશામૃત પુસ્તક પ્રકાશનમાં કેસેટ લખવામાં આત્માર્થી ભાનુબેન, ડૉ.દેવેન્દ્રભાઈ દોશી (સુરેન્દ્રનગર) તેમજ તેજલબેન વગેરેનો સહયોગ મળ્યો છે તેમજ કેસેટ લખવાથી પ્રુફ ચેકીંગ સુધીની તમામ કાર્યવાહી મુમુક્ષુઓના નિસ્પૃહ સાથ અને સહકારથી થયેલ છે. આ સર્વેના પ્રત્યે સંસ્થા ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

(૧૦)આ સંસ્થાનો અભિગમ માત્ર એક જ છે કે : પૂ.ગુરુદેવશ્રી દ્વારા જે તત્વધારા નિર્જરી છે તે જન-જન સુધી પહોંચે તે જ માત્ર એક ઉદ્દેશ્ય રહેલ છે. આવું ભવાન્તકારી સુખદ તત્વજ્ઞાન પુસ્તકના માધ્યમ દ્વારા જીવોને ઉપલબ્ધ થાય તે જ માત્ર હેતુ રહેલો છે.

પૂ.ગુરુદેવશ્રીની અમી દૃષ્ટિ રાજકોટ ઉપર સદૈવ રહી હતી. પૂ.ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્વજ્ઞાન વિદ્વાનો દ્વારા હંમેશા પ્રવાહિત રહ્યું છે. અધ્યાત્મ વક્તા આદરણીય **'ભાઈશ્રી' લાલચંદભાઈ મોદી**ના સ્વર્ગવાસ સમયે આ કળશટીકાના પ્રવચનોને પ્રકાશિત કરવાની ભાવના ઘણાં મુમુક્ષુઓએ વ્યક્ત કરેલી અને તે મુજબ પુસ્તક પ્રકાશિત કરતાં સંસ્થા હર્ષની લાગણી અનુભવે છે. આ 'કલશામૃત' પુસ્તક પ્રકાશનમાં દાતાઓ તરફથી ઘણી જ દાનરાશિ પ્રાપ્ત થયેલ છે. તો સર્વે દાતાઓ પ્રત્યે સંસ્થા આભારની લાગણી દર્શાવે છે.

(૧૧) **મુદ્રક** :- આ પુસ્તકનું ટાઈપ સેટિંગ હિંમતનગર થયેલ છે તેમજ આ પુસ્તકના કલર પેઈજ, ફ્રન્ટ પેઈજ વિગેરે ખૂબ જ સુંદર બનાવી આપવા બદલ ડોટ એડના સંચાલક શ્રી કમલેશભાઈ જે. સોમપુરા તેમજ રાજેષભાઈ મકવાણાનો સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે. તદ્ઉપરાંત ચંદ્રકાન્તભાઈ મહેતા દ્વારા પુસ્તકનું પ્રિન્ટીંગ બાઈન્ડીંગ સુંદર થવા બદલ સંસ્થા તેમનો આભાર માને છે.

(૧૨) આ **"કલશામૃત"** માંથી ઝરતા અતીન્દ્રિય આનંદરસનું અમૃતપાન કરી સર્વે જીવો અમરત્વને પ્રાપ્ત કરો તેવી મંગલ ભાવના સાથે અસ્તુ.

**શ્રી રાજકોટ દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**૫, પંચનાથ પ્લોટ, કાનજીસ્વામી માર્ગ,**
**રાજકોટ - ૩૬૦ ૦૦૧**
**ટેલી. નં.૨૩૧૦૭૩**

# અનુક્રમણિકા


| ક્રમાંક | તારીખ | કળશ નં. | પેઈજ નંબર |
|---|---|---|---|
| ૧. | ૨૩/૫/૭૭ થી ૨૪/૫/૭૭ | ૧ | ૧ |
| ૨. | ૨૫/૫/૭૭ | ૨ | ૧૭ |
| ૩. | ૨/૬/૭૭ થી ૩/૬/૭૭ | ૩ | ૨૩ |
| ૪. | ૩/૬/૭૭ થી ૪/૬/૭૭ | ૪ | ૩૫ |
| ૫. | ૪/૬/૭૭ થી ૬/૬/૭૭ | ૫ | ૪૬ |
| ૬. | ૬/૬/૭૭ થી ૭/૬/૭૭ | ૬ | ૫૭ |
| ૭. | ૭/૬/૭૭ થી ૮/૬/૭૭ | ૭ | ૬૮ |
| ૮. | ૧૦/૬/૭૭ થી ૧૧/૬/૭૭ | ૮ | ૭૬ |
| ૯. | ૧૧/૬/૭૭ થી ૧૩/૬/૭૭ | ૯ | ૯૧ |
| ૧૦. | ૧૪/૬/૭૭ થી ૧૫/૬/૭૭ | ૧૦ | ૧૦૪ |
| ૧૧. | ૧૫/૬/૭૭ થી ૧૬/૬/૭૭ | ૧૧ | ૧૦૮ |
| ૧૨. | ૧૭/૬/૭૭ થી ૧૮/૬/૭૭ | ૧૨ | ૧૨૨ |
| ૧૩. | ૧૮/૬/૭૭ થી ૨૦/૬/૭૭ | ૧૩ | ૧૩૭ |
| ૧૪. | ૨૦/૬/૭૭ થી ૨૧/૬/૭૭ | ૧૪ | ૧૫૦ |
| ૧૫. | ૨૧/૬/૭૭ થી ૨૩/૬/૭૭ | ૧૫ | ૧૫૮ |
| ૧૬. | ૨૩/૬/૭૭ | ૧૬ | ૧૬૫ |
| ૧૭. | ૨૪/૬/૭૭ | ૧૭ | ૧૭૨ |
| ૧૮. | ૨૪/૬/૭૭ | ૧૮ | ૧૭૬ |
| ૧૯. | ૨૫/૬/૭૭ | ૧૯ | ૧૮૦ |
| ૨૦. | ૨૬/૬/૭૭ | ૨૦ | ૧૮૮ |
| ૨૧. | ૨૭/૬/૭૭ | ૨૧ | ૧૯૬ |
| ૨૨. | ૨૮/૬/૭૭ થી ૨૯/૬/૭૭ | ૨૨ | ૨૦૪ |
| ૨૩. | ૨૯/૬/૭૭ થી ૩૦/૬/૭૭ | ૨૩ | ૨૧૮ |
| ૨૪. | ૨/૭/૭૭ | ૨૪ | ૨૨૯ |
| ૨૫. | ૨/૭/૭૭ | ૨૫ | ૨૩૭ |
| ૨૬. | ૨/૭/૭૭ | ૨૬ | ૨૩૯ |
| ૨૭. | ૩/૭/૭૭ થી ૪/૭/૭૭ | ૨૭ | ૨૪૨ |
| ૨૮. | ૪/૭/૭૭ થી ૮/૭/૭૭ | ૨૮ | ૨૫૭ |
| ૨૯. | ૧૦/૭/૭૭ થી ૧૧/૭/૭૭ | ૨૯ | ૨૬૯ |
| ૩૦. | ૧૨/૭/૭૭ | ૩૦ | ૨૮૨ |
| ૩૧. | ૧૩/૭/૭૭ | ૩૧ | ૨૯૦ |
| ૩૨. | ૧૪/૭/૭૭ | ૩૨ | ૨૯૭ |
| ૩૩. | – | સમયસાર નાટક શ્લોક ૧ થી ૩૫ | ૩૦૫ |

# શ્રી સમયસારજી-સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા, વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોના અંકાયે મૂલ્ય ના કદી.



**શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ**

તાડપત્ર ઉપર આત્મખ્યાતિટીકા લખે છે.

# જિનજીની વાણી

(રાગ-આશાભાર્યાં અમે આવિયા)

સીમંધર મુખથી ફુલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
ગૂંથ્યા પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે.
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.



## શ્રી રાજમલ્લજી પાંડે

શ્રી આત્મખ્યાતિના કળશો ઉપર કળશટીકા લખે છે.

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસાર સાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઇ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઇ ન મળે.

**(શાર્દૂલ વિક્રીડિત)**


હૈયું 'સત્ સત્ જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંત તિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું,
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું-મનરથ મનનો; પૂરજો શકિતશાળી !



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# શ્રી
# સમયસાર કલશ
## - ૧ -
## જીવ અધિકાર
### (અનુષ્ટુપ)

**नमः समयसाराय स्वानुभूत्या चकासते ।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ॥ १ ॥**

ખંડાન્વય સહિત અર્થ : - "**भावाय नमः**" (**भावाय**) પદાર્થ. પદાર્થ સંજ્ઞા છે સત્ત્વસ્વરૂપની. એથી આ અર્થ ઠર્યો - જે કોઈ શાશ્વત વસ્તુરુપ, તેને મારા (**नमः**) નમસ્કાર. તે વસ્તુરૂપ કેવું છે ? "**चित्स्वभावाय**" (**चित्**) જ્ઞાન-ચેતના તે જ છે (**स्वभावाय**) સ્વભાવ-સર્વસ્વ જેનું, તેને મારા નમસ્કાર. આ વિશેષણ કહેતાં બે સમાધાન થાય છે;- એક તો 'ભાવ' કહેતાં પદાર્થ; તે પદાર્થ કોઈ ચેતન છે, કોઈ અચેતન છે; તેમાં ચેતન પદાર્થ નમસ્કાર કરવા યોગ્ય છે એવો અર્થ ઊપજે છે. બીજું સમાધાન આમ છે કે યદ્યપિ વસ્તુનો ગુણ વસ્તુમાં ગર્ભિત છે, વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે, તથાપિ ભેદ ઉપજાવીને કહેવા યોગ્ય છે; વિશેષણ કહ્યા વિના વસ્તુનું જ્ઞાન ઊપજતું નથી. વળી કેવો છે 'ભાવ'? "**समयसाराय**" જોકે 'સમય' શબ્દના ઘણા અર્થ છે તોપણ આ અવસરે 'સમય' શબ્દથી સામાન્ય પણે જીવાદિ સકળ પદાર્થ જાણવા. તેમાં જે કોઈ 'સાર' છે, 'સાર' કહેતાં ઉપાદેય છે જીવવસ્તુ, તેને મારા નમસ્કાર. આ વિશેષણનો આ ભાવાર્થ છે- સાર પદાર્થ જાણી ચેતન પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા; અસારપણું જાણી અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા. હવે કોઈ વિતર્ક કરે કે 'બધાય પદાર્થ પોતપોતાના ગુણપર્યાયે વિરાજમાન છે, સ્વાધીન છે, કોઈ કોઈને આધીન નથી; તો જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે છે ?' તેનું સમાધાન કરવા માટે બે વિશેષણ કહે છે;- વળી કેવો છે 'ભાવ '? "**स्वानुभूत्या चकासते, सर्वभावान्तरच्छिदे**" (**स्वानुभूत्या**) આ અવસરે 'સ્વાનુભૂતિ' કહેતાં નિરાકુલત્વલક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જાણવું, તે-રૂપે (**चकासते**) અવસ્થા છે જેની; (**सर्वभावान्तरच्छिदे**) 'સર્વ ભાવ' અર્થાત્ અતીત-અનાગત-વર્તમાન પર્યાય સહિત અનન્ત ગુણે વિરાજમાન જેટલા જીવાદિ પદાર્થ, તેની 'અન્તરછેદી' અર્થાત્ એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષરૂપે

જાણનશીલ જે કોઈ શુદ્ધ જીવવસ્તુ તેને મારા નમસ્કાર. શુદ્ધ જીવને 'સાર' પણું ઘટે છે. સાર અર્થાત્ હિતકારી, અસાર અર્થાત્ અહિતકારી. ત્યાં હિતકારી સુખ જાણવું, અહિતકારી દુ:ખ જાણવું; કારણ કે અજીવ પદાર્થને - પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી, તેથી તેમને 'સાર' પણું ઘટતું નથી, શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે, તેને જાણતાં-અનુભવતાં જાણનહારને સુખ છે, જ્ઞાન પણ છે, તેથી શુદ્ધ જીવને 'સાર' પણું ઘટે છે. ૧.

## કલશ - ૧ : ઉપરનું પ્રવચન

આજ શ્રુતપંચમીનો દિવસ છે. (સૌથી) પહેલાં ષટ્ખંડાગમ રચાણા, એનો આજ છેલ્લો મહોત્સવ હતો. આજે જેઠ સુદ પાંચમે અંકલેશ્વરમાં એનો મહોત્સવ કર્યો, તેથી આ શ્રુતપંચમી કહેવાય છે. શ્વેતામ્બરમાં જ્ઞાનપંચમી કારતક સુદ પાંચમને કહેવાય છે. લ્યો, આજે શ્રુતપંચમીનો દિવસ અને કલશ વાંચવાનો દિવસ બંને ભેગુ થઈ ગયું.

**"भावाय नमः" (भावाय) પદાર્થ. પદાર્થ સંજ્ઞા છે સત્ત્વસ્વરૂપની. એથી આ અર્થ ઠર્યો જે કોઈ શાશ્વત વસ્તુ, તેને મારા (नमः) નમસ્કાર."**

જુઓ **भावाय नमः** એમ કહીને માંગલિક કર્યું. અહીંથી શરૂઆત કરી. **भावाय** કહેતાં પદાર્થ. જગતમાં જેટલા પદાર્થો છે એ બધાં સત્ત્વ સહિત છે. પદાર્થ એને કહીએ કે જેમાં એનું સત્ત્વ હોય. સત્ત્વ વિનાનું સત્ હોય નહીં. સત્ત્વ એ વસ્તુનો સ્વભાવ છે. એને પદાર્થ કહેવામાં આવે છે.

અહીં કહે છે, એથી શાશ્વત વસ્તુને નમસ્કાર કરૂં છું. આ તો **"ભાવાય"** ની વ્યાખ્યા છે. 'ભાવાય' એટલે જે ચૈતન્ય શાશ્વત વસ્તુ છે એને મારા નમસ્કાર. આહા... હા.... ! સમજાણું કાંઈ ?

હવે કહે છે - **'તે વસ્તુ સ્વરૂપ કેવું છે ?' चित्स्वभावाय" (चित्) જ્ઞાન, ચેતના તે જ છે (स्वभावाय) સ્વભાવ સર્વસ્વ જેનું, તેને મારા નમસ્કાર'**

અહા ! ભગવાન આત્મા પદાર્થ છે, ભાવાય છે એટલે કે ભાવવાળી વસ્તુ છે. ભાવ-સ્વભાવ કહીને એમાં દ્રવ્ય લીધું હવે એનો ગુણ લેશે. કહે છે ચિત્ કહેતાં જ્ઞાન સર્વસ્વ જેનું છે.

ભગવાન આત્માનો ચૈતન્ય સ્વરૂપ સ્વભાવ-એ વસ્તુનું સર્વસ્વ છે. આહાહા...! પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષાદિ એ કાંઈ ચૈતન્યનું સર્વસ્વ નથી. તે કાંઈ આત્માનું

સ્વરૂપ નથી, એ તો વિકારી તત્ત્વો-બીજા તત્ત્વો છે. સમજાણું કાંઈ...?

ચૈતન્ય જેનો સ્વભાવ છે, ચેતન જેનું સર્વસ્વ છે, ભાવાય કહેતાં સત્તાસ્વરૂપ પદાર્થ છે તેને મારા નમસ્કાર છે. આ તો માંગલિક શરૂઆત કરે છે. આહાહા ... ચૈતન્ય સ્વભાવ એવો ભાવ, ચેતના સ્વભાવ એવો પદાર્થ, ચૈતન્ય સ્વભાવ એવો ગુણ, એવો જે ધરનાર ગુણી તેને મારા નમસ્કાર છે - એમ કહે છે.

**''આ વિશેષણ કહેતાં બે સમાધાન થાય છે. એક તો 'ભાવ' કહેતાં પદાર્થ; તે પદાર્થ કોઈ ચેતન છે, કોઈ અચેતન છે; તેમાં ચેતન પદાર્થ નમસ્કાર કરવા યોગ્ય છે એવો અર્થ ઊપજે છે. બીજું સમાધાન એ છે કે વસ્તુનો ગુણ વસ્તુમાં ગર્ભિત છે, વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે, તથાપિ ભેદ ઉપજાવીને કહેવા યોગ્ય છે. વિશેષણ કહ્યા વિના વસ્તુનું જ્ઞાન ઉપજતું નથી.''**

કહે છે જગતમાં પદાર્થ-તત્ત્વ તો છે, પણ કોઈ તો ચેતન તત્ત્વ છે, કોઈ અચેતન તત્ત્વ છે. તેમાં ચેતન પદાર્થ નમસ્કાર કરવા યોગ્ય છે. આહાહા ... જાણગ સ્વભાવથી ભરેલો ભગવાન જેને દશામાં પ્રગટ થયા, એવા ભગવાન નમસ્કાર કરવા લાયક છે.

વળી, **'યદ્યપિ વસ્તુનો ગુણ વસ્તુમાં ગર્ભિત છે. તથાપિ ભેદ ઉપજાવીને કહેવા યોગ્ય છે.'** શું કહ્યું આ ? કે આત્મા ચૈતન્ય સ્વભાવ છે. એમ ભેદ પાડીને વાત કરી; છતાં ચૈતન્ય સ્વભાવ ને વસ્તુ કાંઈ જુદા નથી. આત્મામાં ચેતન શક્તિ-ચૈતન્ય ગુણ એ વસ્તુમાં અંદર ગર્ભિત છે. 'વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે.' આત્મા પદાર્થ અને ચૈતન્ય ગુણ એ વસ્તુ એક જ છે. બંને કાંઈ જુદી વસ્તુ નથી... ઝીણી વાત છે ભાઈ ! આ તો મૂળમાંથી ઉપાડી છે ને !

આ ભગવાન આત્મા અંદર ચૈતન્ય તત્ત્વ જે છે, જ્ઞાયકથી ભરેલો ભગવાન; એવા જ્ઞાયકને સમજાવવા કે-આ ચૈતન્ય સ્વભાવવાળું તત્ત્વ છે, ચૈતન્ય સ્વભાવ તે આત્મા એટલો ભેદ પાડીને સમજાવવું પડે છે, એ સિવાય કોઈ બીજો ઉપાય નથી.

બે વાત થઈ

૧. એક ચેતન પદાર્થ અને એક અચેતન પદાર્થ

૨. વસ્તુનો ગુણ વસ્તુમાં ગર્ભિત છે તેથી વસ્તુ ને વસ્તુનો ગુણ એક જ વસ્તુ છે. આત્મા અને આત્માનો ચૈતન્ય ગુણ ! એમ ભેદથી બે કહેવાય, પરંતુ વસ્તુ તો એક જ છે.

જેમ, સાકર ને સાકરનું ગળપણ બંને એક જ ચીજ છે, તો પણ ગળપણ દ્વારા સાકરને સમજાવાય છે. એટલો ભેદ તો પાડવો પડે છે. એમ, ભગવાન આત્મા અને ચૈતન્યગુણ બેય છે તો એક જ વસ્તુ, તો પણ ચેતન ગુણથી ભેદ પાડીને - આ ચેતન ગુણ તે આત્મા એમ સમજાવાય છે.

ભાઈ ! આ સંયોગી ચીજ મળે એ કાંઈ સુખ નથી, એ તો દુ:ખના નિમિત્ત છે. આ તારા બે-પાંચ કરોડ રૂપિયાની ધૂળ, બાયડી, છોકરા એ બધાં દુ:ખના નિમિત્ત છે. આકુળતાના નિમિત્ત છે. અહીં કહે છે કે જેને ધર્મ જોઈતો હોય, સુખ જોઈતું હોય, તો એ સુખ કેમ પ્રાપ્ત થાય ? તો કહે છે કે જે આ ચેતન વસ્તુ છે, જેનો ચૈતન્ય સ્વભાવ છે; જેમાં આનંદ સ્વભાવ અવિનાભાવપણે રહેલ છે - તેને જાણવાથી ધર્મ-સુખ થાય. સમજાણું કાંઈ ... ?

કહે છે **"વિશેષણ કહ્યા વિના વસ્તુનું જ્ઞાન ઉપજતું નથી"** આ ચૈતન્ય ... ચૈતન્ય, ... ચેતન ... ચેતન ... જાણગ સ્વભાવ તે આત્મા એમ વિશેષણ ને ભેદ પાડ્યા વિના વસ્તુ સમજાવી શકાતી નથી; તેમ જ સમજી શકાતી નથી. અરે ! આવી વાત ભાઈ.

પ્રભુ ! આ તો વીતરાગનો મારગ છે. ઝીણો બહુ ભાઈ ! પણ લોકો બહારથી માનીને બેઠા છે કે આ દયા પાળવી ને વ્રત કરવા, ઉપવાસ કરવા ... પણ એ કાંઈ ધર્મ નથી, એ તો વિકલ્પની ક્રિયા - રાગની ક્રિયા છે.

અહીં કહે છે કે તારે ધર્મ કરવો છે ને ? - તો આ આત્મામાં ધર્મ પડ્યો છે. જ્ઞાન, આનંદ, શાંતિ એવા ધર્મ વસ્તુમાં પડ્યા છે. આવા ધર્મને આત્માનું વિશેષણ બનાવીને કે આનંદ તે આત્મા, જ્ઞાન તે આત્મા - એમ ચેતનથી ચેતનને ઓળખે તો આત્મા ઓળખાય - ધર્મ થાય (દયા, વ્રતાદિથી ઓળખાય એમ નહીં) ભાઈ ! આ તો બીજી રીતની વાત છે. સમજાણું કાંઈ ... ?

શ્રોતા : સમજ્યા પછી તો ભેદ ન પાડવો પડે ને ?

ઉત્તર : એ ... ક્યાં વાત છે ? અત્યારે હજી તો સમજવાની વાત કરવી છે કે ચેતન કોણ છે? આત્મા કોણ છે ? તો કહે છે કે આત્મા ચૈતન્ય સ્વભાવવાળો છે. એમ ભેદ પાડીને સમજાવ્યા સિવાય બીજી કોઈ રીતે સમજાવી શકાય જ નહીં. આહા...! એ ભેદનો આશ્રય લેવો કે નહીં .... એ પ્રશ્ન અત્યારે છે જ નહીં. એ પછી "સ્વાનુભૂત્યાચકાસતે" માં લેશે.

આહાહા ... આ શરીરાદિ જડ છે, ધૂળ, માટી છે. અંદર આઠ કર્મ છે, જેમાં પુણ્ય-પાપના પરમાણું પડ્યા છે, તે જડ છે, ધૂળ છે. તેના નિમિત્તે આ પૈસાદિ મળે તે પણ ધૂળ છે. એના નિમિત્તે થતા હિંસા, જૂઠ, ચોરી, વિષય-ભોગ, વાસના, દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, ઉપવાસ આદિના જે ભાવ થાય છે તે બંને પુણ્ય પાપની વાસનાનો વિકાર છે. આહાહા... એ આત્માનું વિશેષણ નથી. એમ કહે છે. એ દ્વારા આત્મા ઓળખાય એવી ચીજ નથી. આહાહા... એને તો ચૈતન્ય સ્વભાવ દ્વારા એટલે કે વિશેષણ કરીને - ભેદ પાડીને સમજાવાય છે. એ વિના જ્ઞાન ઉપજતું નથી. એટલે કે આ આત્મા છે, તે જ્ઞાનસ્વરૂપ છે - એવું ભેદ પાડીને કહે ત્યારે જ્ઞાનસ્વરૂપ આત્માનું જ્ઞાન એને થાય, ત્યારે એને જ્ઞાન સમજાય. ઝીણી વાત છે બાપુ ! આ કાંઈ બહારની ક્રિયાકાંડની વસ્તુ નથી, આ તો અંદરની વસ્તુ છે. આ અનંતકાળમાં એક સેકન્ડ પણ સમજ્યો નથી. સર્વજ્ઞનો માર્ગ ઝીણો છે બાપુ ! લોકો એને બીજી રીતે કલ્પી બેઠા છે. પણ ભાઈ! એ જૈન વીતરાગનો માર્ગ નથી.

પહેલાં તો એ વાત કરી કે પદાર્થ બે છે. એક ચેતન અને એક અચેતન. હવે ચેતન આત્મા એને ચેતનના જ્ઞાન દ્વારા ઓળખવો એવું વિશેષણ દીધા વિના-ઓળખાવ્યા વિના, આ આત્મા છે એવું જ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ... ?

શ્રોતા : એ જ્ઞાન તો બહિર્લક્ષી જ્ઞાન છે ?

ઉત્તર : અત્યારે એ વાત નથી. આત્મા છે તે ચૈતન્ય છે. 'ચેતન તે આત્મા' એટલું તો જ્ઞાન કર્યા વિના બીજો કોઈ ઉપાય નથી. ભલે તે (ભેદ) અનુસરવા લાયક નથી, પણ તે આવ્યા વિના રહેતો નથી. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. એમ કહે છે. સમજાણું કાંઈ...?

આ દયા પાળે તે આત્મા, હિંસા કરે તે આત્મા-એમ તેં માન્યો છે પણ એવો આત્મા છે જ નહીં. આહાહા... એ તો વિકાર છે, રાગ છે અને હિંસા કરવી એ પાપ છે, દ્વેષ છે. આ રાગ ને દ્વેષ કાંઈ આત્માને ઓળખાવનારી ચીજ નથી, કારણ કે એનામાં (આત્મામાં) તે છે નહીં. એનામાં ચૈતન્ય વિશેષણ છે તેથી ચૈતન્યસ્વરૂપ વિશેષણનો ભેદ પાડીને ઓળખાવવામાં આવે છે. જો કે આત્મા ને ચૈતન્યસ્વભાવ વસ્તુ તો એક જ છે, તો પણ આ આત્મા છે અને તેને બીજાથી જુદો પાડીને જણાવવો હોય ત્યારે, જણાવવો શી રીતે ? કે જે જાણનાર તે આત્મા, જ્ઞાન તે આત્મા, ચૈતન્યસ્વભાવ તે આત્મા-એટલું તો ભેદ પાડીને સમજાવવું પડે છે, કહેવું પડે છે.

અહીં આત્મજ્ઞાનની વાત નથી. અહીં તો આત્માને ઓળખાવવો-સમજાવવો કઈ રીતે ? એ વાત ચાલે છે. આ આત્મા છે, ચેતન છે તે હું આવા વિશેષણ વિના ઓળખી શકાતું નથી. એ તો દશમી ગાથામાં આવ્યું છે ને ! કે જ્ઞાન તે આત્મા-એટલો હજી ભેદ છે. બીજો કોઈ ઉપાય નથી, એટલો તો વ્યવહાર છે. ગમે એટલી સાધિક બુદ્ધિવાળો હોય, તેને આત્માને ઓળખાવવો છે ત્યારે આટલું તો કહેવું પડે છે કે જ્ઞાન તે આત્મા, ત્યારે આત્મા છે તેવું જાણપણું થાય-અનુભવ તો પછી.

કહે છે - **"વળી કેવો છે 'ભાવ' ? "समयसाराय" જો કે સમય શબ્દના ઘણા અર્થ છે તો પણ આ અવસરે 'સમય' શબ્દથી સામાન્યપણે જીવાદિ સકળ પદાર્થ જાણવા"**

શું કહ્યું ? કે ભગવાન કેવળી તીર્થંકર પરમાત્માએ આ જગતમાં જાતિએ છ દ્રવ્યો અને સંખ્યાએ અનંત દ્રવ્યો જોયાં છે. એમાં અહીં કહે છે જીવાદિ સકલ પદાર્થને સમય નામથી ઓળખાવી શકાય. કેમકે સમ્યક્ પ્રકારે ગમન કરવું, પરિણમવું એટલે કે જે ટકીને પરિણમે છે તેને સમય નામ પદાર્થ કહેવામાં આવે છે.

હવે કહે છે - **'તેમાં જે કોઈ 'સાર'છે, 'સાર' કહેતાં ઉપાદેય છે જીવવસ્તુ, તેને મારા નમસ્કાર. આ વિશેષણનો આ ભાવાર્થ છે - સાર પદાર્થ જાણી ચેતન પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા; અસારપણું જાણી અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા.'**

સમય કહેતાં છ પદાર્થો અને તેમાં સાર કહેતાં ઉપાદેય જીવ વસ્તુ. આહાહા... છ દ્રવ્યો છે, કર્મ છે, શરીર છે, વાણી છે પણ તે કાંઈ આદરણીય ને ઉપાદેય નથી, ગ્રહણ કરવાલાયક નથી. આહાહા... અંદર ભગવાન આત્મા ચેતન વસ્તુ છે તે ઉપાદેય છે. એ જાણગ સ્વભાવથી આ ચેતન છે એમ જાણી શકાય છે. આહાહા... જેને ધર્મ કરવો છે તેને આવો આત્મા આદરણીય, ઉપાદેય છે. આત્મા જ્ઞાનાનંદમય છે એમ જેણે સાધ્યો એની દશામાં સમ્યક્દર્શન, જ્ઞાન, આનંદની દશા થયા વિના રહે નહીં. આહાહા... આને ધર્મ કહીએ. અરે ! આવી વ્યાખ્યા પકડાવી મુશ્કેલ પડે.

અરે ! શું થાય ! એક તો આને દુનિયાના ધંધાના આડે નવરાશ મળે નહીં. ૨૪ કલાકમાં ૨૦-૨૨ કલાક તો એના પાપમાં જાય. રળવું, કમાવું, ખાવું, પીવું, બાયડી છોકરાને સાચવવા અર..ર... મોટા મજૂર. વળી કલાક આદિ મળે તો સાંભળવા જાય તો આવી તત્ત્વની વાત આવે નહીં ને બહારની ક્રિયા, આ કરો ને આમ કરો... પણ એ

કાંઈ ધર્મ નહીં બાપુ !

અહીંયા કહે છે કે જેને આત્મ પદાર્થ જે વસ્તુ છે તેને જાણવી હોય તો તેણે આ જ્ઞાન તે આત્મા એમ જાણીને, જાણનાર ... જાણનાર એવો જે ભગવાન આત્મા એના ઉપર દૃષ્ટિ દેવા જેવી છે. જ્ઞાન તે આત્મા એવું જે પૂર્ણ અસ્તિત્વ; અસ્તિત્વ એટલે હોવાપણું - એવું જે પૂર્ણ સ્વરૂપે હોવાપણું છે એ જ દૃષ્ટિમાં આદરવા લાયક છે. આહાહા... ત્યારે તેને સમ્યક્દર્શન થાય છે, ત્યારે તેને ધર્મની પહેલી શરૂઆત થાય છે. સમજાણું કાંઈ... ?

સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે જીવ વસ્તુ અંદર પરમાત્મસ્વરૂપ છે અને તે અંતરની ચીજ ખરેખર નમસ્કાર કરવા લાયક છે. એ જ કહે છે કે સાર પદાર્થને જાણીને ચેતન પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા. જડ ચેતન બેમાં જડ તો અનંત છે. આત્મા પણ અનંત છે. તો પણ તારો આત્મા એક જ જ્ઞાનસ્વભાવી છે. બીજાના આત્મા પણ જ્ઞાનસ્વભાવી છે એ તો એને જાણવાનું રહ્યું. તારે (તારા માટે) તો અંદર જ્ઞાન-જાણનારો આત્મા છે. તેને દૃષ્ટિમાં લેવો તે ઉપાદેય નામ આદરણીય છે. આહાહા... ત્યારે ધર્મની પહેલી શરૂઆત સમ્યક્દર્શન થાય છે. સમજાણું કાંઈ ? આવી ઝીણી વાતો છે બાપુ ?

આહાહા... અંદર આ આત્મા આનંદનો નાથ, જ્ઞાનનો સાગર, પૂર્ણ આનંદનો નાથ અંદર જે ભગવાન વિરાજે છે -તેને જે દૃષ્ટિમાં ઉપાદેય-આદરણીય કરે, સત્કારે એટલે કે સ્વીકાર કરે કે 'આ જ હું છું ત્યારે તેને સત્‌દર્શન એટલે જેવું સ્વરૂપ છે તેવું તેને સત્‌દર્શન થાય–એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ... ?

એમાં **"ચેતન પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા અને અસારપણું જાણીને અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા"** એક ચેતન પદાર્થ નમસ્કાર કરવા લાયક છે, એ સિવાય કોઈ ચીજ નમસ્કાર કરવા લાયક છે જ નહીં. એમ કહીને અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા. ઘણા લોકો રૂપિયાને પગે લાગે, દુકાન ખોલે ને ઊંબરાને પગે લાગે- એમ કે કાંઈક પેદાશ થાય. આહાહા... કેટલી જગ્યાએ માથા ફોડે, દેવ-દેવતાને માથા ફોડે... અને કહે કે અમે જૈન છીએ. જૈન કહે ને ભાન કાંઈ ન મળે, એ તો અક્કલના બારદાન છે. બારદાન એટલે અક્કલથી ખાલી ખોખા. અહીં તો કહે છે અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા. ખરેખર તો આ તારાં દયા, દાન, ભક્તિના પરિણામ જે છે તે પણ અચેતન છે, એ કાંઈ ચેતન નથી. આહાહા...! એને પણ નમસ્કાર નિષેધ્યા. આત્મા

સિવાય બીજા બધાને નમસ્કાર નિષેધ્યા. આહાહા... ત્રણ લોકનો નાથ પરમેશ્વર વીતરાગ કે જેને સર્વજ્ઞ ને પૂર્ણ દશા પ્રગટ છે આહાહા... એને વંદન કરવા છોડીને બીજાને વંદન કરે એ સંસાર પરિભ્રમણમાં રખડવાના છે. સમજાણું કાંઈ... ?

**'હવે કોઈ વિતર્ક કરે કે 'બધાય પદાર્થ પોતપોતાના ગુણપર્યાયે વિરાજમાન છે. સ્વાધીન છે, કોઈ કોઈને આધીન નથી. તો પછી જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે છે.'**

અહીં કહે છે કે ભગવાન તીર્થંકર દેવે જાતિએ છ દ્રવ્યો જોયા છે, સંખ્યા અનંત છે. અનંત આત્મા, અનંત પરમાણું, અસંખ્ય કાલાણું, ધર્માસ્તિ એક, અધર્માસ્તિ એક અને આકાશ એક એવા છ દ્રવ્યો ભગવાને જોયા છે. કહે છે, તે બધા દ્રવ્યો પોતપોતાના ગુણ-પર્યાયે વિરાજમાન છે. એટલે કે જડ અને ચેતન, તે બધા પોતાના કાયમ રહેનારા ગુણો અને વર્તમાન પલટતી અવસ્થા જે છે, તે તે ગુણ-પર્યાયે વિરાજમાન છે, સ્વાધીન છે.

આ શરીરના પરમાણુ છે તે પણ ગુણ-શક્તિ અર્થાત્ વર્ણ, સ્પર્શ, ગંધ નામ એની અવસ્થા. - એનાથી પોતે સ્વતંત્ર છે. બીજો પદાર્થ એને કાંઈ કરી દે એમ છે નહીં. જુઓ, આત્મા જડનું કાંઈ કરે અને જડ આત્માનું કાંઈ કરે-એવું વસ્તુ સ્વરૂપમાં નથી. બધા સ્વાધીન છે. પોતાની શક્તિ ને દશાથી વિરાજમાન છે. જે ક્ષણે જે પદાર્થની નિજ ક્ષણે અવસ્થા થાય, તે કાળે તે પર્યાય પોતાથી થાય છે, તે કાંઈ પર (બીજા) ને લઈને થતી નથી. આ ભાષા બોલાય, શરીર હાલે, હાથ હાલે તે બધી જડની અવસ્થા જડથી થાય છે, આત્માથી નહીં. એ એના ગુણ-પર્યાયથી વિરાજમાન સ્વાધીન પદાર્થ છે.

આહાહા...! આ પૈસાનું આવવું ને જવું તે જડપદાર્થની સ્વતંત્રતા છે. કહે છે, પૈસાને કોઈ રાખે, લાવે અને સંભાળ કરી શકે પૈસાની, એ પૈસા બીજાને દઈ શકે - એમ કોઈ ચીજમાં છે નહીં. બધા સ્વતંત્ર સ્વાધીન છે. ઓહોહો... આમાં તો (કલશમાં) ઘણું નાખ્યું છે...

વસ્તુ સ્વતંત્ર છે, એના કારણે ટકીને બદલે છે, છતાં હું એને બદલાવી દઉં, રાખીને રક્ષણ કરું-એ અજ્ઞાનીની ભ્રમણા છે. વિપરીત માન્યતા-ભ્રમણાઓ છે. ભ્રમણામાં ભવ કરી રહ્યો છે.

અહીંયા કહે છે, કોઇ કોઇને આધીન નથી. કર્મને આધીન આત્મા નથી અને આત્માને આધીન કર્મ નથી. જડનો-એની પર્યાયનો સ્વતંત્ર સ્વભાવ છે. એને લઇને આવે ને એને લઇને જાય. આવું વીતરાગનું સ્વરૂપ બેસવું કઠણ છે. બાપુ ! એનો અર્થ એ કે કોઇ કોઇની દયા પાળી શકતું નથી. બીજાની દયા કોણ પાળે ? એ તો એનું આયુષ્ય હોય તો બચે અને આયુષ્ય ન હોય તો મરી જાય - દેહ છૂટી જાય. દરેક ગુણ પર્યાય સ્વાધીન છે. કોઇ કોઇને આધીન નથી આમાં એ આવ્યું કે નહીં.?

શ્રોતા : દવાને પણ આધીન નથી ?

ઉત્તર : હા, દવાને પણ આધીન નથી. આહા હા ... દવાને લઇને શરીર સારૂં થાય એમ નથી. દવાથી રોગ મટે એવું પરાધીન આ શરીર નથી. આહાહા ... આવી વાત પચાવવી બહુ આકરી છે બાપુ ?

શ્રોતા : કથંચિત્ કે સર્વથા ?

ઉત્તર : સર્વથા, કથંચિત્ નહીં. સર્વથા એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં કાંઇ કરી શકતો નથી. અહીં અસ્તિ નાસ્તિથી વાત કરી છે. સ્વાધીન છે ને કોઇ કોઇને આધીન નથી. સ્વાધીન છે તે અસ્તિ અને પરાધીન નથી તે નાસ્તિ.

દરેક વસ્તુ પોત પોતાની શક્તિ ને અવસ્થાથી સ્વાધીન છે. શક્તિ એટલે કાયમી અને અવસ્થા એટલે વર્તમાન દશા. કહે છે, તેનાથી (શક્તિ ને અવસ્થાથી) તત્ત્વ વિરાજી રહ્યું છે, તેને બીજું તત્ત્વ કાંઇ કરે, તેનો વીતરાગ માર્ગમાં નિષેધ છે. આહાહા ... અજ્ઞાની કહે છે કે ઇશ્વરની મહેરબાની થાય તો આમ થાય, પણ ભાઇ ! એ બધા ગપે ગપ છે. અહીં ભગવાન જિનેશ્વર દેવ, ત્રિલોકીનાથ એમ ફરમાવે છે કે દરેક તત્ત્વ પોતાની શક્તિ ને અવસ્થાથી સ્વાધીન છે, પરને લઇને કોઇ તત્ત્વની અવસ્થા થાય એવું અમે માનતાં નથી, એવું અમે કહેતાં નથી અને એમ છે પણ નહીં, સમજાણું કાંઇ !

**"તો પછી જીવ પદાર્થને સારપણું કઇ રીતે ઘટે છે ?"** જુઓ, આ શિષ્યનો પ્રશ્ન કે તમે જીવને જ સાર કહેવા માંગો છો ! પણ દરેક પદાર્થ ગુણ પર્યાયથી વિરાજમાન છે, સ્વાધીન છે, પરાધીન નથી. કોઇને એક બીજાની જરૂર નથી. આવી દરેક વસ્તુની મર્યાદા છે. તો તમોએ એકલા જીવને સાર ક્યાંથી કહ્યો ? કેમ કહ્યો ?

જુઓ, શિષ્યે આટલું તો પકડ્યું કે બધા પદાર્થ પોતાના ગુણપર્યાયે વિરાજમાન છે. સ્વાધીન છે. આમાં તો ઘણી વાતો ઉડાવી દીધી કે નિમિત્તથી થાય, નિમિત્ત આવે

તો થાય, કુંભારથી ઘડો થાય, દાંતથી રોટલીના કટકા થાય, આંખમાં ટીપા નાખો તો બરાબર દેખાય- આમ બધી તકરારનો ફેસલો આનાથી થયો કે દરેક પરમાણું (પદાર્થ) પોતાના ગુણ પર્યાયે પરિણમી રહ્યું છે. તે પરનું કાંઈ કરી શકે નહીં.

હજુ તો આવી વાત બેસવી કઠણ પડે, શિષ્યને આવો પ્રશ્ન ઉઠવોય કઠણ પડે ભાઈ! આ તો આખી દુનિયાથી ઉલ્ટું છે બધું.

૯૫ની સાલમાં રાજકોટમાં એક ડૉક્ટર વ્યાખ્યાનમાં આવતાં હતાં. ત્રણ ચાર દિવસ સાંભળ્યું પછી કહે કે આ મહારાજનું સાંભળ્યા પછી તો આપણે કાંઈ કામના નહીં રહીએ ! વેપાર ન કરી શકીએ ... કાંઈ ન કરી શકીએ !

અરે ! ભાઈ તને ભાન નથી, સત્‌ની ખબર નથી, તારી દૃષ્ટિ જ ઊંધી છે. તું પરનું કાંઈ ન કરી શકે. તું તે વખતે રાગ-દ્વેષ કરે, તે પણ સ્વાધીનપણે; પણ પરમાં કે દુકાનમાં તો કાંઈ ન કરી શકે. હવે જેને મૂળ ચીજની ખબર નથી એને ધર્મ ક્યાંથી થાય ? સમજાણું કાંઈ.

અહીં તો કહે છે, બધા પદાર્થ સ્વાધીન છે. પરાધીન નથી, તો એકલા જીવને સારપણું કઈ રીતે ? તો કહે છે **"તેનું સમાધાન કરવા બે વિશેષણ કહે છે. વળી કેવો છે "ભાવ"? "स्वानुभूत्याचकासते" (स्वानुभूत्या) આ અવસરે 'સ્વાનુભૂતિ' કહેતાં નિરાકુલત્વલક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જાણવું, તે રૂપે (चकाशते) અવસ્થા છે જેની."**

આહાહા ... ! કેવો છે ભગવાન આત્મા ? કેવો છે આત્મભાવ એટલે કે ત્રિકાળી પદાર્થ, તો કહે છે કે સ્વાનુભૂત્યાચકાસતે ... એ અનુભૂતિથી આત્મા પ્રસિદ્ધ થઈ શકે છે. પોતાની પર્યાયમાં અનુભવ કરવાથી જણાય એવો છે. બાકી બીજી કોઈ રીતે એ જણાય એમ છે નહીં.

આહાહા ... ! પહેલા 'ભાવાય' કહી દ્રવ્ય લીધું. 'ચિત્સ્વભાવાય' કહી ગુણ લીધો અને આ 'સ્વાનુભૂત્યા' કહી પર્યાય લીધી. જીવ તે ભાવ છે. વસ્તુ છે, જ્ઞાનાદિ એની શક્તિ છે. પણ તે અનુભવમાં ક્યારે આવે ? તો કહે છે સ્વાનુભૂતિ કરે ત્યારે. પણ રાગ કરે, દયા પાળે, વ્રત કરે અને આત્માનો અનુભવ થાય એવી એ ચીજ નથી.

આ શું કહે છે ? કે આત્મા વસ્તુ છે, એની સન્મુખતાથી આત્માની દશામાં જે અતીન્દ્રિય સુખ ઉપજે એને અહીં સ્વાનુભૂતિ કહે છે, એની પ્રતીતિને સમ્યક્‌દર્શન કહે

છે. એ નિરાકુળ આનંદના અનુભવથી તે પ્રાપ્ત થાય છે. એનાથી (સુખથી) આત્મા જણાય છે. સમજાણું કાંઈ ? આ જે શુદ્ધાત્મ પરિણમન - શુદ્ધાત્માની દશા છે તે નિરાકુલ લક્ષણ છે એટલે કે એમાં જરીય આકુલતા નથી.

આહાહા ... ! સ્વાનુભૂતિ કહેતાં નિરાકુલ લક્ષણ, નિરાકુલ લક્ષણ નામ આકુળતા રહિત, રાગના વિકલ્પ રહિત અને નિરાકુલ આનંદના લક્ષણ સહિત, આહાહા... ! તે શુદ્ધાત્મ પરિણામ છે. સમ્યક્દષ્ટિને આત્માની અનુભૂતિ થાય છે. તે અતીન્દ્રિય આનંદ ને સુખના અનુભવ સહિત હોય છે.

ભગવાન આત્મા જે ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ છે. તેની દષ્ટિ થઈ તો તેના પરિણામ-અવસ્થામાં શુદ્ધાત્મ પરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જાણવું. તેને સ્વાનુભૂતિ કહીએ અને તેની સાથે સમ્યક્દર્શન અવિનાભાવ હોય છે. એટલે કે જ્યાં જ્યાં સ્વાનુભૂતિ છે ત્યાં ત્યાં સમ્યક્દર્શન છે. અને આ સમ્યક્દર્શન-સ્વાનુભૂતિ એટલે નિરાકુલલક્ષણ અતીન્દ્રિય સુખ અને તે ધર્મની પહેલી સીડી છે.

આહાહા ... ! ભગવાન આત્મા અતીન્દ્રિયજ્ઞાન, અતીન્દ્રિય આનંદથી ધ્રુવપણે તો પરિપૂર્ણ ભરેલો જ છે. જેમ નાની લીંડી પીપર ચોસઠપોરી તીખાશ અને લીલા રંગથી પૂરી ભરી પડે છે, તેમ ભગવાન આત્મામાં પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ અતીન્દ્રિય આનંદ ભર્યો પડ્યો છે. તેની સન્મુખ થવાથી એટલે કે જેવી ચીજ છે તે અનુસારે થવાથી, સમ્યક્દર્શનના કાળમાં જે સ્વાનુભૂતિ થાય છે તે અનાકુળલક્ષણ વાળી છે, તેમાં અનાકુળ આનંદની છાપ છે. આહાહા ... ! ભાષા તો સાદી આવે છે, પણ ભાવ ઘણા સૂક્ષ્મ છે, ભાઈ !

કહે છે, સુખ એક પ્રકારનું છે, બીજા પ્રકારનું છે નહીં. “એક હોય ત્રણ કાળમાં, પરમાર્થનો પંથ” આ તમારા પૈસા બૈસામાં સુખ નથી, પુણ્યભાવમાં નથી, અરે ! પુણ્ય ભાવમાં તો નથી, (પરંતુ) પુણ્યને જે જાણે છે જ્ઞાનની વર્તમાન અવસ્થા - તેમાં પણ (સુખ) નથી. સુખ તો ત્રિકાળી દ્રવ્ય ગુણમાં છે. આહાહા ... આવી વસ્તુ બાપુ !

ભગવાન ત્રણલોકના નાથે, એક ભવે મોક્ષ જવાવાળા ઈન્દ્રોની હાજરીમાં દિવ્યધ્વનિ દ્વારા જે વાત કરી, તે અહીં કુંદકુંદાચાર્યે શાસ્ત્રોમાં રચી, અમૃતચંદ્ર આચાર્યે જેની ટીકા કરી - ૨૭૮ કળશો બનાવ્યા છે. જેની હિન્દી ભાષામાં ટીકા રાજમલજીએ કરી છે. સમજાણું કાંઈ.... ?

"સાર કેમ કહ્યું ?" તો કહે છે - આત્મ વસ્તુ તો નિરાકુલ આનંદ લક્ષણથી ભરેલી પૂરી છે. ત્રિકાળ ધ્રુવ નિરાકુલ આનંદ લક્ષણ છે. તેનો અંતર અનુભવ કરવાથી એટલે કે રાગ - નિમિત્ત અને એક સમયની પર્યાયથી વિમુખ થઈને અને સ્વભાવની સન્મુખ થવાથી અનાકુળ અનુભૂતિ થાય છે. પર્યાયમાં આનંદ આવે છે - તે કારણે શુદ્ધાત્માને 'સાર' કહેવામાં આવ્યો છે. વસ્તુ તો આનંદકંદ છે જ, પણ 'છે' ના ભાન વિના 'છે' નું જ્ઞાન ક્યાંથી આવ્યું ? અહીં કહે છે (જ્ઞાયકનું) જ્ઞાનમાં ભાન થતાં તેની પરિણતિમાં અતીન્દ્રિય આનંદનો નમૂનો આવ્યો. નમૂનો આવ્યો તો તેને ખ્યાલ આવ્યો કે - અહો ! આ તો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનમય છે. આહાહા ... ! આવી વાતો છે ભાઈ ! હજી તો આ સમ્યગ્દર્શન કેમ થાય તેની વાત છે, ચારિત્ર તો કયાંય રહ્યું.

શ્રોતા : (તમે) વ્રત-તપની તો વાત કરતાં જ નથી ?

ઉત્તર : વ્રત-તપના વિકલ્પ એ તો રાગ છે. હજુ પહેલાં સમ્યક્દર્શન તો કર. સમ્યક્દર્શન પછી અંતરમાં ચારિત્ર હોય અને ત્યારે જે વ્રતના વિકલ્પ ઉઠે છે - તે પણ બંધનું કારણ છે આહાહા ... ! જગતથી વાતે વાતે ફેર છે ભાઈ !

ભગવાન તારી ચીજ આવી છે. કેવળી પરમાત્મા તો તને ભગવાન આત્મા! આવું કહીને બોલાવે છે. બધા આત્માને 'ભગવાન આત્મા' કહીને સમયસારની ૭૨મી ગાથામાં બોલાવ્યા છે. આહાહા ... ! આવા આત્માનો અનુભવ તે સ્વાનુભૂતિ છે, તે સુખરૂપ અવસ્થા છે. તેની આવી અવસ્થા થઈ ત્યારે તેણે પૂર્ણાનંદનો નાથ છે તેને ઉપાદેયપણે જાણ્યો કહેવાય.

ફરીને , ...

પોતાની પર્યાયમાં નિરાકુળ આનંદ લક્ષણ ઉત્પન્ન થયો તો તેણે જાણ્યું કે - આ આખો આત્મા નિરાકુળ આનંદ ને જ્ઞાનથી ભરેલો છે. આ તો અવસ્થામાં અવસ્થાથી જાણવામાં આવ્યો, પર્યાયમાં પર્યાયવાન ત્રિકાળી જાણવામાં આવ્યો - એનું નામ અતીન્દ્રિય સુખ જાણવું. સમજાણું કાંઈ ... ! આહાહા ... ! એક એક શબ્દમાં ગંભીરતા છે.

આ આત્મા અતીન્દ્રિય સુખસ્વરૂપ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે તેની કબુલાત જ્યારે વર્તમાન હાલત પર્યાયમાં આવે છે ત્યારે આનંદ આવે છે, તે કારણથી આત્માને સાર કહેવામાં આવ્યો છે. આહાહા ...! ઘણી સૂક્ષ્મ વાત ભાઈ !

હવે કહે છે **''सर्वभावान्तरच्छिदे'' 'સર્વ ભાવ' અર્થાત્ અતીત - અનાગત - વર્તમાન પર્યાય સહિત અનન્ત ગુણે વિરાજમાન જેટલા જીવાદિ પદાર્થ 'અન્તરછેદી' તેને અર્થાત્ એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષપણે જાણનશીલ જે કોઇ શુદ્ધ જીવવસ્તુ, તેને મારા નમસ્કાર'.**

આહાહા ... ! શું કહે છે કે એક સમયમાં એટલે કે એક 'ક' શબ્દ બોલાય તેમાં તો અસંખ્ય સમય જાય, એમાં એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને યુગપદ્ પ્રત્યક્ષરૂપથી જાણે છે જે કોઇ જીવવસ્તુ, તેને મારા નમસ્કાર.

શું કહ્યું એ ? કે ત્રિકાળી શુદ્ધ વસ્તુ છે અને એના અનુભવમાં શુદ્ધ આનંદ આવ્યો, અને પૂર્ણ થઇ સર્વજ્ઞપણું થયું. ત્યાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન પ્રગટ થયું - એવી ચીજને હું નમસ્કાર કરૂં છું. આહાહા ... ! આ તો હજુ માંગલિક છે.

શ્રોતા : આ તો ઘણી બારીક (સૂક્ષ્મ) વાત છે ?

ઉત્તર : બારીક (સૂક્ષ્મ) વાત ? આત્મા જ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. ભાઇ ! શાસ્ત્રમાં તો શુભભાવને અતિ સ્થૂળ કહ્યો છે. સમયસારના પુણ્ય પાપ અધિકારમાં આ વાત આવી છે કે દયા, દાન, વ્રત, તપનો જે વિકલ્પ ઉઠે છે તે અતિ સ્થૂળ છે. અને અંદર ભગવાન તેની પાસે મહા સૂક્ષ્મ ચીજ છે. સૂક્ષ્મ ચીજને પકડવા સૂક્ષ્મ ચીજ જોઇએ ને ? મોતી પકડવા હોય તો સાણસાથી ન પકડાય, તેને પકડવા ઝીણી સમાણી જોઇએ. તેવી રીતે ભગવાન આત્મા કે જેનો અનુભવ કરવો છે, તે રાગથી પકડમાં - અનુભવમાં નહીં આવે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ નિરાકુળ આનંદ લક્ષણ શુદ્ધાત્માનુભૂતિ પર્યાયથી તે જાણવામાં આવે છે. સમજાણું કાંઇ ?

હવે કહે છે - **''શુદ્ધ જીવને સારપણું ઘટે છે. સાર અર્થાત્ હિતકારી, અસાર અર્થાત્ અહિતકારી''**

જુઓ ! શું કહ્યું ? કે શુદ્ધ જીવ, ત્રિકાળી શુદ્ધ ગુણ અને તેની વર્તમાન શુદ્ધ પર્યાય તેને 'સાર' પણું ઘટે છે. અશુદ્ધપણાને સારપણું નથી, તે તો કાઢવાની ચીજ છે.

આહાહા ...! ટીકા ઘણી અલૌકિક છે, સર્વજ્ઞ વીતરાગના પેટ ખોલીને વાત કરી છે. સંતો તો અનુભવ આનંદના રસિયા, અતીન્દ્રિય આનંદ રસમાં તરબોળ છે, તેમાં વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર રચાઇ ગયું. આહાહા ... ! દુનિયાના ભાગ્ય કે આવું શાસ્ત્ર આવી ગયું.

અહીં કહે છે કે શુદ્ધ આત્મા અને તેનો નિર્વિકલ્પ અનુભવ - સમ્યક્દર્શન તે જ સાર નામ હિતકારી છે. અને એ સિવાય બીજું કાંઈ હિતકારી નથી. આહાહા... આ શુભાશુભ ભાવ હિતકારી નથી, અહિતકારી છે.

શ્રોતા : ધર્મને હિતકારી કહ્યો ?

ઉત્તર : હા, નિર્વિકલ્પ થવું તે ધર્મ, તે હિતકારી છે. એ સિવાય બધું અહિતકારી, અસાર અને અધર્મ છે.

**"ત્યાં હિતકારી સુખ જાણવું, અહિતકારી દુ:ખ જાણવું; કારણ કે અજીવ પદાર્થને - પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળને અને સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી, અને તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી, તેથી તેમને 'સાર' પણું ઘટતું નથી."**

શું કહ્યું ? કે સર્વજ્ઞ ભગવાને ચૌદ બ્રહ્માંડમાં અજીવ પદાર્થ એટલે કે પરમાણુઓ શરીર, વાણી કર્મ - તે બધા પુદ્ગલ, એક ધર્માસ્તિકાય નામનું તત્ત્વ, જેને ધર્મ દ્રવ્ય કહે છે, જે ગતિમાં નિમિત્ત છે; એક અધર્મ દ્રવ્ય જે સ્થિર થવામાં નિમિત્ત છે, અસંખ્યાત કાળ અને એક આકાશ - તે બધા અજીવ અને સંસારી જીવને જ્ઞાન નહીં ને સુખ પણ નહીં.

આ અજીવને સુખ નહીં, પુદ્ગલને સુખ નહીં. ધર્મ-અધર્મ પદાર્થ તેને સુખ નહીં, આકાશ, કાળને સુખ નહીં, સંસારી જીવને સુખ નહીં અને જ્ઞાન પણ નહીં. અને એનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને સુખ પણ નહીં અને જ્ઞાન પણ નહીં. આહાહા...!

એ શું કહ્યું ? - કે અજીવ પદાર્થને - પુદ્ગલને જાણે, ધર્મ-અધર્મને જાણે, આકાશને જાણે, કાળને જાણે અને સંસારી જીવને જાણે તેને જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. આ બધાને જાણવા છતાં જાણનહારને જ્ઞાન નથી, સુખ નથી .... સમજાણું કાંઈ ... ?

શરીર જાણ્યું, પુદ્ગલ જાણ્યું; પણ એ તો જડ છે. તેમને જાણવાથી શું ? શું એમાં આત્માનું જ્ઞાન આવ્યું ?

સંસારી પ્રાણી પર્યાયથી મલિન પ્રાણી છે, સંસારીને તો જ્ઞાન નથી, સુખ નથી; પણ તેના જાણવાવાળાને જ્ઞાન ને સુખ નથી, આહાહા.... ! છ દ્રવ્યમાં સંસારી જીવ લીધા; શુદ્ધ જીવ ભિન્ન રાખ્યો. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ જે એક શુદ્ધ

જીવ છે, તેને જાણવાથી જ્ઞાન ને સુખ થાય છે બસ. બાકી સંસારી જીવને જાણવાથી જ્ઞાન અને સુખ નથી.

શ્રોતા : સંસારી એટલે શું ?

ઉત્તર : સંસારી એટલે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી મલિન પરિણામવાળા જીવ, શુભાશુભ પરિણમનવાળા જીવ. તેને (સંસારીને) જ્ઞાન નથી, સુખ નથી અને તેને જાણવાવાળાને પણ જ્ઞાન નથી, સુખ નથી.... આહાહા...! આ તો મોટુ માંગલિક કહ્યું.

**"શુદ્ધ જીવને સુખ છે જ્ઞાન પણ છે, તેને જાણતાં-અનુભવતાં જાણનહારને સુખ છે, જ્ઞાન પણ છે, તેથી શુદ્ધ જીવને 'સાર' પણું ઘટે છે."**

લ્યો ! શુદ્ધ જીવ ચૈતન્યમૂર્તિ અનાદિ અનંત મહા માંગલિક સ્વરૂપ, એક સમયની સંસારી મલિન દશાથી ભિન્ન, જે અનાદિ અનંત નિત્યાનંદ પ્રભુ ! એવો જે શુદ્ધ જીવ તેમાં જ્ઞાન છે, તેમાં સુખ છે - તે એક વાત અને તેને જાણવાથી-અનુભવવાથી જ્ઞાન થાય છે, સુખ-આનંદ થાય છે. (તે બીજી વાત)

આ બધા પૈસાવાળા, દેવ ને રાજા બધાં સુખી છે-એમ નથી; બધા દુ:ખી છે દુ:ખી. અરે ! પુણ્યના પરિણામવાળા દુ:ખી છે, તેમાં જ્ઞાન નથી, સુખ નથી. અને પુણ્યના પરિણામવાળા પ્રાણીને જાણવાવાળાને પણ જ્ઞાન નથી, સુખ નથી.

શુદ્ધ જીવ પવિત્ર ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ જે (છે) તેનું જ્ઞાન કરવું તે જ્ઞાન અને તેના આનંદનો સ્વાદ લેવો તે સાર વાત છે. બાકી બધું અસાર છે. આ વકીલાતનું જ્ઞાન કરવું, બહારનું જ્ઞાન કરવું એ બધું અજ્ઞાનમાં જાય છે. અરે ! શાસ્ત્રનું જ્ઞાન કરવું તે પણ જ્ઞાન નહીં બાપુ.. આહાહા.... આવી ચીજ છે. જગતને કઠણ પડે પણ માર્ગ તો આવો છે. સમજાણું કાંઈ .... ?

આહાહા... નરકના દુ:ખનું તો શું કહેવું ? નરકના દુ:ખની સ્થિતિ બતાવતાં કહે છે કે પચ્ચીસ વર્ષનો રાજકુમાર હોય, જુવાન શરીર, વર્ષની અબજોની પેદાશ હોય, જે દિવસે તેના લગ્ન થયા હોય અને લગ્નના પહેલા દિવસે રાજકુમારને જમશેદપુરની ભઠ્ઠીમાં જીવતો નાખે, અરર... એ દુ:ખ દેખ્યુ ન જાય, અગ્નિ... અગ્નિ... અગ્નિ... એવું જે દુ:ખ થાય; તેનાથી અનંતગણું દુ:ખ તો પહેલી નરકમાં છે. બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, સાતમી, જેની તેત્રીસ સાગરની સ્થિતિ. એક સાગરોપમમાં ૧૦ ક્રોડાક્રોડી પલ્યોપમ, એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજો વર્ષ. અહીં કહે

છે આવી સ્થિતિમાં પણ આત્મદર્શન પામી શકે છે.

પૂર્વે સાંભળ્યું હતું કે પ્રભુ ! તું શુદ્ધ ચૈતન્યઘન છો. તારો સ્વભાવ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, તારા આનંદને માટે કોઈ પરની અપેક્ષા નથી, એવા - અતીન્દ્રિય આનંદરસથી ભરી પડી તારી ચીજ છે. એવું સંતો પાસે સાંભળ્યું હતું, (પરંતુ) નિર્ણય કર્યો ન હતો. અને નરકનું આયુ બંધાઈ ગયું અને નરકમાં ચાલ્યો ગયો. એવી સ્થિતિમાં પણ જેમ વીજળી તાંબાના તારમાં ઝડપથી નીચે ઊતરી જાય તેમ પૂર્વે સાંભળેલી વાતને યાદ કરીને ભગવાન આત્મામાં પોતાની પર્યાય અંદર ઘૂસી જાય છે, આત્માનુભૂતિ પ્રાપ્ત કરી લે છે, તેને અતીન્દ્રિય આનંદનો જે સ્વાદ આવે છે, તેને જે આત્માનું જ્ઞાન થાય છે તે જ્ઞાન અને તે આનંદ સાર છે, બાકી ચક્રવર્તીનું રાજ પણ અસાર છે, ધૂળ છે.

પ્રવચન નં. ૧ તથા ૨. તા. ૨૩-૫-૭૭

તા. ૨૪-૫-૭૭

ભૂત ને ભવિષ્યની બધી પર્યાયો અવિદ્યમાન છે છતાં જ્ઞાનમાં વિદ્યમાન જ છે. જ્ઞાનમાં તો તેઓ વિદ્યમાન જ છે એવો જ જ્ઞાનનો સ્વભાવ છે. પ્રભુ ! તારો સ્વભાવ સર્વજ્ઞસ્વરૂપી છે. એ સર્વજ્ઞસ્વરૂપી પર્યાય પ્રગટે તેમાં ત્રણકાળના પર્યાયો સ્થિરબિંબ પડ્યા છે. આહાહા ! આ વાત જેને જ્ઞાનમાં યથાર્થ બેઠી તેને ભવનો અંત આવી ગયો ! એને કેવળજ્ઞાન થયે જ છૂટકો, એના ક્રમમાં કેવળજ્ઞાન આવશે જ અને એ કેવળજ્ઞાન અત્યારે બીજાના કેવળજ્ઞાનમાં અકંપપણે અર્પાઈ જ ગયું છે. ૯૯.

-પૂ. ગુરુદેવશ્રી

દ્રવ્ય દષ્ટિ જિનેશ્વર પર્યાય દષ્ટિ વિનશ્વર

## કલશ-૨

**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः ।**
**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ॥ २ ॥**

ખંડાન્વય સહિત અર્થ :- ''**नित्यमेव पकाशताम्** '' (**नित्यं**) સદા ત્રિકાળ (**प्रकाशताम्**) પ્રકાશ કરો; એટલું કહી નમસ્કાર કર્યા. તે કોણ ? ''**अनेकान्तमयी मूर्तिः**'' (**अनेकान्तमयी**) '**न एकान्तः अनेकान्तः**' અનેકાન્ત અર્થાત્ સ્યાદ્વાદ, તે-મય અર્થાત્ તે જ છે (**मूर्तिः**) સ્વરૂપ જેનું, એવી છે સર્વજ્ઞની વાણી અર્થાત્ દિવ્યધ્વનિ. આ અવસરે આશંકા ઊપજે છે-કોઈ જાણશે કે અનેકાન્ત તો સંશય છે, સંશય મિથ્યા છે. તેનું આમ સમાધાન કરવું-અનેકાન્ત તો સંશયનો દૂરી કરણશીલ છે અને વસ્તુસ્વરૂપનો સાધનશીલ છે. તેનું વિવરણ-જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે તે દ્રવ્ય-ગુણાત્મક છે, તેમાં જે સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય છે તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય છે; આનું નામ અનેકાન્ત છે. વસ્તુસ્વરૂપ અનાદિનિધન આવું જ છે, કોઈનો સહારો નથી, તેથી 'અનેકાન્ત' પ્રમાણ છે. હવે જે વાણીને નમસ્કાર કર્યા તે વાણી કેવી છે ? ''**प्रत्यगात्मनस्तत्त्वं पश्यन्ती**'' (**प्रत्यगात्मनः**) સર્વજ્ઞ વીતરાગ, (તેનું વિવરણ-'**प्रत्यक्**' અર્થાત્ ભિન્ન; ભિન્ન અર્થાત્ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત, એવો છે '**आत्मा**' (-જીવદ્રવ્ય) જેનો તે કહેવાય છે '**प्रत्यगात्मा**') તેનું (**तत्त्वं**) સ્વરૂપ, તેની (**पश्यन्ती**) અનુભવનશીલ છે. ભાવાર્થ આમ છે-કોઈ વિતર્ક કરે કે દિવ્યધ્વનિ તો પુદ્ગલાત્મક છે, અચેતન છે, અચેતનને નમસ્કાર નિષિદ્ધ છે. તેનું સમાધાન કરવાને માટે આ અર્થ કહ્યો કે વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે, એવું માન્યા વિના પણ ચાલે નહિ. તેનું વિવરણ-વાણી તો અચેતન છે. તેને સાંભળતાં જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું કે વાણીનું પૂજ્યપણું પણ છે. કેવા છે સર્વજ્ઞ વીતરાગ ? ''**अनन्तधर्मणः**'' (**अनन्त**) અતિ ઘણા છે (**धर्मणः**) ગુણો જેમને એવા છે. ભાવાર્થ આમ છે-કોઈ મિથ્યાવાદી કહે છે કે પરમાત્મા નિર્ગુણ છે, ગુણનો વિનાશ થતાં પરમાત્માપણું થાય છે; પરંતુ એવું માનવું જૂઠું છે, કારણ કે ગુણોનો વિનાશ થતાં દ્રવ્યનો પણ વિનાશ છે.૨.

## કલશ-૨ ઉપર પ્રવચન

પ્રથમ કલશમાં સર્વજ્ઞ પરમેશ્વર, કે જે એક સેકન્ડના અસંખ્યાત ભાગમાં અનંત દ્રવ્યો, તેના ગુણોને અને તેની ત્રણકાળની પર્યાય સહિત દ્રવ્યને એક સમયમાં પૂર્ણ પ્રત્યક્ષરૂપ જાણે છે તેમને નમસ્કાર કર્યા. એ ત્રણ લોકને જાણવાની તાકાત પર્યાયમાં પોતાથી, પોતાના ષટ્કારકથી છે. તે બહારમાંથી આવતી નથી. અને બહારના કારણથી થઈ નથી. એવા પૂર્ણજ્ઞાન ને પૂર્ણઆનંદરૂપે પરિણમેલા સર્વજ્ઞ પરમાત્માની વાણી કેવી છે ? તે વાણીની વાત હવે બીજા કલશમાં કરે છે. અહીં તેની (સર્વજ્ઞની) વાણીને સાર કહે છે. જોકે વાણી પર છે, જડ છે તો પણ અહીંયા તેને વ્યવહારથી નમસ્કાર કરે છે.

**"नित्यमेव प्रकाशताम्" સદા ત્રિકાળ પ્રકાશ કરો; એટલું કહી નમસ્કાર કર્યા..."**

જેમ સર્વજ્ઞપદ કાયમ રહો તેમ તેની વાણી પણ કાયમ રહો કેમ કે સર્વજ્ઞતા વિના દુનિયા ક્યારેય હોતી નથી. અનાદિથી ત્રણકાળ છે અને ત્રણકાળને જાણવાવાળા સર્વજ્ઞ પણ અનાદિથી છે. ત્રણકાળને જાણવાવાળાનો વિરહ ક્યારેય છે નહીં.

સર્વજ્ઞ પરમેશ્વરપણું જ્યારે પર્યાયમાં પ્રાપ્ત થાય છે ત્યારે તેમની ઓમ્ ધ્વનિ નીકળે છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ સીમંધર પ્રભુ વર્તમાનમાં મહાવિદેહમાં બિરાજે છે. એવા અનંત તીર્થંકર થઈ ગયા અને અનંત થવાવાળા છે. એવા તીર્થંકરની ઓમ્ધ્વનિ નીકળે છે. આવી (અક્ષરવાળી) ભાષા તીર્થંકરની હોતી નથી. કેમ કે રાગ હોય તો ભાષા ભેદવાળી (અક્ષરવાળી) નીકળે છે. જ્યારે ભગવાન સર્વજ્ઞ વીતરાગ અભેદ થયા છે. તેથી અભેદ એકઅક્ષરી (અનક્ષરી) વાણી નીકળે છે.

વળી, પરમાત્માને સર્વપ્રદેશે જ્યાં કેવળજ્ઞાન ખીલી ગયું ત્યાં વાણી પણ આખા શરીરમાંથી (સર્વ પ્રદેશોથી) નીકળે છે. તે આપની વાણી પ્રભુ ! સદાકાળ નીકળતી રહો.

"મુખ ઓમ્કાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે,
રચી આગમ ઉપદેશ ભવિકજીવ સંશય નિવારે."

ચાર જ્ઞાનના ધણી સંત મુનિઓ ભગવાનની વાણીનો અર્થ વિચાર કરીને શાસ્ત્ર-આગમ રચે છે. અને લાયક પ્રાણી સંશયને નિવારે છે.

મુનિ ભાવલિંગી સંત, અતીન્દ્રિય આનંદમાં તરબોળ, પ્રચુર આનંદમાં રમતાં

એવા અમૃતચંદ્રાચાર્ય કહે છે કે જેમ સર્વજ્ઞપણું કાયમ રહો, તેમ વાણી પણ કાયમ રહો એમ કહીને વાણીને નમસ્કાર કર્યા, આદર કર્યો.

**''अनेकान्तमयी मूर्तिः'' (अनेकान्तमयी) ''न एकान्तः अनेकान्तः'' અનેકાન્ત અર્થાત્ સ્યાદ્વાદ, તે-મય અર્થાત્ તે જ છે (मूर्तिः) સ્વરૂપ જેનું, એવી છે સર્વજ્ઞની વાણી અર્થાત્ દિવ્યધ્વનિ''**

ભગવાનની વાણી અનેકાન્તમય સ્વરૂપ છે. બધા દ્રવ્યોમાં અનેકાન્તપણું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યપણે નહીં. એક ગુણ બીજા ગુણપણે નહીં, એક પર્યાય બીજી પર્યાયપણે નહીં. એટલે કે બધા દ્રવ્યો પોતાથી છે, પરથી નથી. સ્વપણે છે અને પરપણે નથી-એવું જે અનેકાન્ત તે વસ્તુનો સ્વભાવ છે અને એવી વાત વાણીમાં આવે છે.

બીજી રીતે કહીએ તો આ દ્રવ્ય ને આ ગુણ છે, તેમાં સત્તા છે તે અભેદ છે - તે એક અપેક્ષા, અને સત્તા ભેદ છે તે બીજી અપેક્ષા-આનું નામ અનેકાન્ત તે આગળ કહેશે.

**'આ અવસરે આશંકા ઉપજે છે-કોઈ જાણશે કે અનેકાન્ત તો સંશય છે, સંશય મિથ્યા છે. તેનું આમ સમાધાન કરવું-અનેકાન્ત તો સંશયનો દૂરીકરણશીલ છે અને વસ્તુસ્વરૂપનો સાધનશીલ છે.'**

કોઈને એમ થાય કે વસ્તુ આમ પણ છે ને આમ પણ છે - એમાં કોઈ નિર્ણય તો થયો નહીં ? વળી એમાં તો સંશય થાય છે ? એનું સમાધાન કરતાં કહે છે કે અનેકાન્ત તે સંશયવાદ નથી પણ સંશય દૂર કરનાર છે. કોઈપણ તત્ત્વ પોતાથી છે, પરથી નથી-એવું જે અનેકાન્ત છે-તે અનેકાન્ત જ સંશય નિવારક છે.

આહાહા ધન્ય ભાગ્ય છે કે જેને વીતરાગની વાણી સમવશરણમાં સાંભળવા મળે છે. સાક્ષાત્ પરમાત્માના ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા, તેમ કેવળજ્ઞાન પણ રહ્યું નહીં. પરંતુ સર્વજ્ઞની વાણી કે જેનો સાંભળવાવાળાના સંદેહનો નાશ કરવાનો શીલ નામ સ્વભાવ છે-તે વાણી રહી ગઈ. અનંતવાર વાણી સાંભળી તે વાત અહીં લીધી નથી. વાણી સાંભળે તેનો સંશય દૂર થાય જ.

અહીં બે વાત કરી ...

(૧) અનેકાન્ત સંશય દૂર કરનાર છે.

(૨) વસ્તુના સ્વરૂપને પ્રકાશનાર સાધનરૂપ છે.

આત્મા પોતાના આનંદથી છે, દુઃખથી નથી; જ્ઞાનથી છે અને અજ્ઞાનથી-જડથી

નથી એવું સાધન કરનારી ચીજ વીતરાગની વાણી છે. અરે ! વીતરાગ સર્વજ્ઞ શું ? વાણીમાં શું આવ્યું તેની ખબર નહીં. ... શું થાય ?

**"તેનું વિવરણ-જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે તે દ્રવ્ય-ગુણાત્મક છે, તેમાં જે સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય છે તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય છે; આનું નામ અનેકાન્ત છે. વસ્તુસ્વરૂપ અનાદિનિધન આવું જ છે, કોઈનો સહારો નથી, તેથી 'અનેકાન્ત' પ્રમાણ છે."**

ભાષા જુઓ ! પોત પોતાની સત્તારૂપે હોવાપણે, તદ્દરૂપ રહેવું તે વસ્તુનું સ્વરૂપ છે. આ આત્મા છે, શરીરાદિ છે, પરમાણું છે, છ દ્રવ્ય છે, સિદ્ધ છે, કેવળજ્ઞાન છે. આહાહા ... આ સત્તાસ્વરૂપ વસ્તુ દ્રવ્યગુણરૂપ છે. વસ્તુ ને વસ્તુનો ગુણ એ બે સ્વરૂપ છે, તેનું જે હોવાપણું છે, અસ્તિપણું છે, મોજુદગી છે તેને સત્તાસ્વરૂપ કહે છે.

આ સત્તાને દ્રવ્યગુણથી અભેદ કહો તો દ્રવ્ય કહેવામાં આવે છે. તે સત્તાને ભેદ કરીને કહો તો ગુણ કહેવામાં આવે છે. આનું નામ અનેકાન્ત છે. આચાર્યે અસ્તિ નાસ્તિ કરીને જે ચૌદ (ભંગ) બોલ અનેકાન્તના લીધા છે ને ! એમાં આ અભેદ તે અસ્તિ અને ભેદમાં તે અભેદની નાસ્તિ, ભેદ ભેદમાં છે. સમજાણું કાંઈ....? બાપુ ! વીતરાગના માર્ગ બહુ સૂક્ષ્મ છે. એને સમજે તો ન્યાલ થઈ જાય, એના જન્મ મરણ મટી જાય, એને મોટુ દુ:ખ જ જન્મ મરણનું છે ને ભાઈ !

અહીં કહે છે બધી ચીજ પોતાથી છે, પરથી નથી. તેથી કોઈપણ ચીજને કોઈપણ ચીજની સહારાની-મદદની જરૂર નથી. તેથી અનેકાન્ત પ્રમાણ છે. જો તેમાં કોઈપણ પરના સહારા-મદદની જરૂર પડે તો તે ચીજ રહેતી નથી. માર્ગ તો આવો છે. ત્યાં કોઈ કહે કે એકેન્દ્રિયની દયા પાળો, વ્રત કરો, પણ ભાઈ ! એ તો બધી રાગની ક્રિયા છે, રાગ એ બીજી ચીજ છે. અને આ તો આત્મ તત્ત્વની વાત છે. ભગવાન આત્મા એ રાગની ક્રિયાથી ભિન્ન છે. પોતાથી છે ને રાગથી નથી એવું અનેકાન્ત છે.

**'હવે જે વાણીને નમસ્કાર કર્યા તે વાણી કેવી છે ?' "प्रत्यगात्मनस्तत्त्वं पश्यन्ती" સર્વજ્ઞ વીતરાગ (તેનું વિવરણ - 'प्रत्यक्' અર્થાત્ ભિન્ન, ભિન્ન અર્થાત્ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત, એવો છે 'आत्मा' (જીવદ્રવ્ય) જેનો તે કહેવાય છે 'प्रत्यगात्मा' તેનું (तत्त्वं) સ્વરૂપ, તેની પશ્યન્તી અનુભવનશીલ છે. ...'**

પ્રત્યક્ એટલે ભિન્ન આત્મા, જુદો આત્મા. સર્વજ્ઞ ભગવાન પરથી તો જુદા છે

જ પણ રાગથી ભિન્ન થઈ ગયા, અલ્પજ્ઞતાથી ભિન્ન થઈ ગયા અને સર્વજ્ઞતા, વીતરાગતાથી સહિત થઈ ગયા. શું કહ્યું ? કે '**प्रत्यक्**' અર્થાત્ ભિન્ન; ભિન્ન અર્થાત્ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત. કેવા છે સર્વજ્ઞ પરમાત્મા ? દ્રવ્યકર્મ એટલે જડ પરમાણું તેનાથી રહિત, ભાવકર્મ એટલે પુણ્ય-પાપ વિકાર તેનાથી રહિત અને નોકર્મ એટલે વાણી ને શરીરથી રહિત-તેવો છે આત્મા એટલે કે જેમાં દ્રવ્યકર્મ પણ નહીં, ભાવકર્મ પણ નહીં, નોકર્મ શરીર, વાણી પણ નહીં- તેને અહીંયા પ્રત્યક્ આત્મા કહેવામાં આવે છે.

આહાહા ... ભાષા તો જુઓ, તેવા સ્વરૂપને **(पश्यन्ती)** અનુભવનશીલ છે. પશ્યન્તી એટલે દેખે છે. અર્થાત્ તે વાણી સર્વજ્ઞની અનુસારિણી છે. જો કે વાણી છે તો જડ, તો પણ સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ દશાને પ્રાપ્ત થયા છે, તે વાણીમાં નિમિત્ત છે. એટલે કે તે વાણી સર્વજ્ઞસ્વભાવનું, વીતરાગભાવનું અનુસરણ કરવાવાળી છે.

**"ભાવાર્થ આમ છે - કોઈ વિતર્ક કરે કે દિવ્યધ્વનિ તો પુદ્ગલાત્મક છે, અચેતન છે, અચેતનને નમસ્કાર નિષિદ્ધ છે. તેનું સમાધાન કરવાને માટે આ અર્થ કહ્યો કે વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે, એવું માન્યા વિના પણ ચાલે નહિ."**

કોઈને એમ થાય કે દિવ્યધ્વનિ તો પુદ્ગલાત્મક છે, વાણી નીકળે છે તે તો જડ છે, અચેતન છે અને શાસ્ત્રમાં અચેતનને નમસ્કાર નિષેધ્યા છે, તો તમે વાણીને નમસ્કાર કેમ કર્યા ?

તેનું સમાધાન કરતાં કહે છે કે તે વાણી સર્વજ્ઞ સ્વભાવને અનુસરનારી-અનુભવશીલ વાણી છે. સર્વજ્ઞ સ્વભાવના નિમિત્તથી, તે અનુસારે વાણી નીકળે છે. આહાહા ... વાણી પોતાથી સ્વપર પ્રકાશક છે. જો કે વાણીના કર્તા સર્વજ્ઞ છે નહીં. વાણી તો જડ છે, તે સર્વજ્ઞને અડતી નથી. સર્વજ્ઞ ભિન્ન ચીજ છે, વાણી ભિન્ન ચીજ છે. સર્વજ્ઞ પરમાત્મા છે તેથી વાણી નીકળે છે એમ નથી. પણ વાણી તો પોતાથી નીકળી છે તો પણ વાણીને અનુસરણ સર્વજ્ઞનું છે, એટલો વ્યવહાર છે. જેવું સર્વજ્ઞે જ્ઞાનમાં દેખ્યું છે તેવું વાણીમાં વાણીના કારણે નીકળે છે.

આહાહા ... અલ્પજ્ઞને, રાગને અનુસરીને જે વાણી નીકળે છે એ વાણી દુ:ખવાણી છે. જ્યારે આ તો સર્વજ્ઞ વીતરાગને અનુસરીને વાણી નીકળી છે તેથી તે વાણી ત્રણેકાળ જયવંત રહો તેવા આશિર્વાદ લઈને સત્કાર કર્યો, આદર કર્યો.

**"તેનું વિવરણ-વાણી તો અચેતન છે. તેને સાંભળતાં જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઉપજે છે તે જ પ્રકારે જાણવું કે વાણીનું પૂજ્યપણું પણ છે."**

વાણી અચેતન છે તો પણ તેને સાંભળતાં જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ આદિ નવ પદાર્થના સ્વરૂપનું જ્ઞાન ઉપજે છે. જીવનું સ્વરૂપ કેવું ? સંવરનું સ્વરૂપ કેવું ? મોક્ષનું સ્વરૂપ કેવું ? વિગેરે જ્ઞાન અંદરમાં પોતાથી ઉપજે છે પણ તેમાં વાણી નિમિત્ત છે.

'જે પ્રકારે ઉપજે છે તે પ્રકારે' એટલે કે વાણી તો વાણીથી નીકળે છે. વાણીમાં જે આવે છે તે સાંભળનારના જ્ઞાનમાં નથી આવતું પણ તેનું જે જ્ઞાન થાય છે તેમાં વાણી નિમિત્ત પડે છે અને તે વાણીમાં સર્વજ્ઞ નિમિત્ત પડે છે. આહાહા ... ભાષા તો જુઓ ! નિમિત્તથી (વાણીથી) જ્ઞાન ઉત્પન્ન થયું નથી. જ્ઞાન તો પોતાથી થયું પણ તેમાં વાણી નિમિત્ત છે. તે અપેક્ષાથી કહ્યું.

અત્યારે તો બહારનો ઉપદેશ આપે; આ ક્રિયા કરો, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, પણ ભાઈ ! એ તો રાગની ક્રિયા છે. તે જૈનધર્મની ક્રિયા જ નથી. અહીં તો વ્યવહાર નાખ્યો તે પણ એવો નાખ્યો કે તે વાણી સર્વજ્ઞ અનુસારિણી છે, નિમિત્ત છે અને સાંભળનારને જ્ઞાન ઉત્પન્ન થાય છે તેમાં "જે પ્રકારે" કહી તે વાણી નિમિત્ત છે બસ.

અહીં તો આ સિદ્ધ કરવું છે કે એ વાણી વ્યવહારથી પૂજનીક છે. વ્યવહારે વ્યવહાર પૂજનીક છે. કેમ કે તે (૧) સર્વજ્ઞ અનુસારિણી છે. (૨) સાંભળનારને જે જ્ઞાન પોતાથી થાય તેમાં નિમિત્ત છે.

**"કેવાં છે સર્વજ્ઞ વીતરાગ ? 'अनन्तधर्मण:' (अनन्त) અતિ ઘણા છે (धर्मण:) ગુણો જેમને એવા છે. ભાવાર્થ આમ છે - કોઈ મિથ્યાવાદી કહે છે કે પરમાત્મા નિર્ગુણ છે, ગુણનો વિનાશ થતાં પરમાત્મપણું થાય છે, પરંતુ એવું માનવું જૂઠું છે, કારણ કે ગુણોનો વિનાશ થતાં દ્રવ્યનો વિનાશ થાય છે."**

સર્વજ્ઞ વીતરાગને જેવી અનંત ધર્મની શક્તિ હતી એવી પ્રગટ પર્યાયમાં અનંતધર્મ પ્રગટ થયા છે. અનંતધર્મ કહેતાં પરમાત્માને અનંત ગુણ છે. ગુણ વિનાનો આત્મા છે એવું નથી. અજ્ઞાની કહે છે કે ગુણ નથી પણ એવું માનવું જૂઠું છે. કારણ કે ગુણનો નાશ થવાથી દ્રવ્યનો નાશ થાય છે. માટે સર્વજ્ઞ અનંતધર્મ-ગુણવાળા છે. તેને અનુસરીને વાણી નીકળી ... તેને અનુસરીને જ્ઞાન થયું, તો વાણીને પૂજ્યપણું કહેવામાં આવે છે.

**પ્રવચન નં.-૩** **તા. ૨૫-૫-૭૭**

परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः ।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-
र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः ॥ ३ ॥

ખંડાન્વય સહિત અર્થ :- ''**मम परमविशुद्धिः भवतु**'' શાસ્ત્રકર્તા છે અમૃતચંદ્રસૂરિ. તેઓ કહે છે-(**मम**) મને (**परमविशुद्धिः**) શુદ્ધસ્વરૂપ પ્રાપ્તિ (તેનું વિવરણ-પરમ-સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ-નિર્મલતા) (**भवतु**) થાઓ. શાથી ? ''**समयसारव्याख्यया**'' (**समयसार**) શુદ્ધ જીવ, તેના (**व्याख्यया**) ઉપદેશથી અમને શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાઓ. ભાવાર્થ આમ છે - આ શાસ્ત્ર પરમાર્થ-રૂપ છે, વૈરાગ્ય-ઉત્પાદક છે; ભારત-રામાયણ પેઠે રાગવર્ધક નથી. કેવો છું હું ? ''**अनुभूतेः**'' અનુભૂતિ - અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ જેનું એવો છું. વળી કેવો છું ? ''**शुद्धचिन्मात्रमूर्तेः**'' રાગાદિ-ઉપાધિરહિત (**चिन्मात्र**) ચેતનામાત્ર (**मूर्तेः**) સ્વભાવ છે જેનો એવો છું. ભાવાર્થ આમ છે કે - દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યસ્વરૂપ આવું જ છે. વળી કેવો છું હું ? ''**अविरतमनुभाव्य व्याप्तिकल्माषितायाः**'' (**अविरतं**) નિરંતરપણે અનાદિ સન્તાનરૂપે (**अनुभाव्य**) વિષય-કષાયાદિરૂપ અશુદ્ધ ચેતના, તેની સાથે છે (**व्याप्ति**) વ્યાપ્તિ અર્થાત્ તે-રૂપ છે વિભાવપરિણમન, એવું છે (**कल्माषितायाः**) કલંકપણું જેને એવો છું. ભાવાર્થ આમ છે-પર્યાયાર્થિકનયથી જીવવસ્તુ જ્ઞાનસ્વરૂપ સુખસ્વરૂપ છે. હવે કોઈ પ્રશ્ન કરે છે કે જીવવસ્તુ અનાદિથી અશુદ્ધપણે પરિણમી છે, ત્યાં નિમિત્તમાત્ર કોઈ છે કે નહીં ? ઉત્તર આમ છે - નિમિત્તમાત્ર પણ છે. તે કોણ ? તે જ કહે છે - ''**मोहनाम्नोऽनुभावात्**'' (**मोहनाम्नः**) પુદ્‌ગલપિંડરૂપ આઠ કર્મોમાં મોહ એક કર્મજાતિ છે, તેનો (**अनुभावात्**) ઉદય અર્થાત્ વિપાક-અવસ્થા. ભાવાર્થ આમ છે - રાગાદિ અશુદ્ધ-પરિણામરૂપ જીવદ્રવ્ય વ્યાપ્ય-વ્યાપકરૂપે પરિણમે છે, પુદ્‌ગલપિંડરૂપ મોહકર્મનો ઉદય નિમિત્તમાત્ર છે. જેમ કોઈ ધતૂરો પીવાથી ઘૂમે છે, નિમિત્તમાત્ર ધતૂરાનું તેને છે. કેવું છે મોહનામક કર્મ ? ''**परपरिणतिहेतोः**'' (**पर**) અશુદ્ધ (**परिणति**) જીવના પરિણામ જેનું (**हेतोः**) કારણ છે. ભાવાર્થ આમ છે - જીવના અશુદ્ધ પરિણામના નિમિત્તે એવો રસ લઈને મોહકર્મ બંધાય છે, પછી ઉદય સમયે નિમિત્તમાત્ર થાય છે. ૩.

## કલશ-૩ ઉપર પ્રવચન

પહેલા કળશમાં નમ: સમયસારાય કહી પૂર્ણ સ્વરૂપ પરમાત્માને નમસ્કાર કર્યા, બીજા કળશમાં સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિને નમસ્કાર કરી હવે ત્રીજા કળશમાં આચાર્યે પોતાની પરમ વિશુદ્ધિ માંગીને ગુરુને એ જાતના નમસ્કાર કર્યા છે. ભગવાન આત્મા જે ચૈતન્યસ્વરૂપ જ્ઞાન અને આનંદની મૂર્તિ છે, તેની સ્વસન્મુખ થઈને દ્રવ્યદૃષ્ટિ તો પ્રગટી છે. ભગવાન આત્મા પૂર્ણ પવિત્ર છે એવો જોયો અને પૂર્ણ સ્વરૂપનો અનુભવ થઈને પ્રતીતિ તો થઈ છે પણ હવે પૂર્ણતાની ભાવના માટે કળશ છે.

**''मम परमविशुद्धिः भवतु'' શાસ્ત્રકર્તા છે અમૃતચંદ્ર સૂરિ. તેઓ કહે છે (મમ) મને (પરમ વિશુદ્ધિ) શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાઓ. (તેનું વિવરણ-પરમ-સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ-નિર્મલતા)**

વનવાસી દિગંબર સંત મુનિ અમૃતચંદ્રસૂરિ કે જેમણે આ શાસ્ત્રની ટીકા (શ્લોકોની રચના) કરી છે, તેઓ માંગલિક શરૂઆત અહીંથી કરી કે ''-મમ પરમ વિશુદ્ધિ'' - શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાઓ.

પ્રશ્ન : એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી, તો શાસ્ત્રના કર્તા અમૃતચંદ્રસૂરિ કઈ રીતે?

ઉત્તર : શાસ્ત્રની ભાષા તો શાસ્ત્રથી થઈ છે પણ નિમિત્તપણે કર્તા કોણ છે ? તો કહે છે અમૃતચંદ્રદેવ. ભાઈ ! બોલવામાં બીજું શું આવે ? વ્યવહારની શૈલી તો એવી જ આવે ને !

આહાહા...! કુંદકુંદ આચાર્યના શાસ્ત્ર જાણે તીર્થંકર જેવા અને એની ટીકા તો ગણધર જેવી. જેણે ગણધર જેવું કામ કર્યું એવા અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે - મારો પ્રભુ શુદ્ધ ચૈતન્ય એવો જે ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ !, એની શુદ્ધિ તો થઈ છે એટલે કે દશામાં ધર્મનું-દર્શન જ્ઞાન-ચારિત્રનું નિર્મળ પરિણમન તો છે પણ હજી પૂર્ણ શુદ્ધતાનું પરિણમન નથી, મને હજુ મલિનતા છે. તેથી કહ્યું છે ''મમ પરમ વિશુદ્ધિ'' પરમ વિશુદ્ધિનો અર્થ કર્યો કે શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ એટલે કે પૂર્ણ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ.

અહીં વિશુદ્ધ શબ્દ નિર્મળતાના અર્થમાં વાપર્યો છે. કોઈ ઠેકાણે શુભભાવ માટે પણ વિશુદ્ધ શબ્દ વાપરે છે. સંસ્કૃત ટીકામાં વિશુદ્ધિ એટલે વિશુદ્ધ એમ પણ લખ્યું છે. ભાઈ ! આમાં શબ્દના ઝઘડા ન હોય. ભાવ શું કહેવો છે તે સમજવું. દરેકનો આત્મા તો

અતીન્દ્રિય આનંદનો સાગર જ છે. શુદ્ધ સ્વરૂપ તો ત્રિકાળ શુદ્ધ જ છે. એમાં દૃષ્ટિ આપતાં પરિણતિમાં શુદ્ધિ પ્રગટે છે.

પરમ એટલે સર્વોત્કૃષ્ટ અને વિશુદ્ધિ એટલે નિર્મળતા. આહાહા.... આચાર્ય કહે છે કે મારે તો આ (પૂર્ણતા) જોઈએ છે બસ, બીજું કાંઈ નહીં. સ્વભાવે-સ્વરૂપે-શક્તિએ મારો ભગવાન પૂર્ણ શુદ્ધ સ્વરૂપે તો છે અને પરમ વિશુદ્ધિ હો એમ કહીને ભેગી ખાત્રી પણ આપે છે કે મને શુદ્ધિ તો પ્રગટી છે, અનુભવ છે અને સાથે કબુલાત કરે છે કે છદ્‌મસ્થદશા છે, અલ્પજ્ઞતા છે, સર્વજ્ઞ થયા નથી. વળી, પંચમઆરો-હલકો કાળ છે છતાં પણ પૂર્ણતાની ભાવના છે.

આહાહા.... એક એક પદમાં, એક એક શ્લોકમાં પરિપૂર્ણ વસ્તુ ભરી છે. ભગવાન આત્મા અંદર અમૃતના રસના સાગરથી ભરેલો પ્રભુ છે. એ રસના રસીલા તો છીએ પણ 'ભવતુ' શબ્દ કહીને પૂર્ણ આનંદ, પરમાત્મદશા પ્રગટ થાઓ એમ ભાવના કરી છે.

પ્રશ્ન : વર્તમાનમાં પરમાત્મદશા થાય એવું તો છે નહીં ? પાંચમા આરામાં મોક્ષ તો છે નહીં?

ઉત્તર : પાંચમો આરો, હલકો આરો.... ને ઢીંકણો આરો.... પણ સાંભળને... અમે કાળ સામું જોતાં જ નથી. અમે તો અમારા આત્મા સામું જોઈને, પૂર્ણ શુદ્ધિની જે પ્રતીતિ અને અનુભવ થયો છે, એની (પૂર્ણતાની) પ્રાપ્તિની ભાવના છે, બસ. આ એક જ વાત છે.

પ્રશ્ન : પ્રભુ ! તમે એટલું નથી જાણતાં કે પાંચમા આરાના સાધુ સ્વર્ગમાં જ જાય ? પાંચમા આરાના સાધુને મોક્ષ તો હોય નહીં, એવું સિદ્ધાંતમાં નથી ?

ઉત્તર : સાંભળ......! સાંભળ....! અમે તો આ (પૂર્ણતાની) માંગણી, પ્રાર્થના કરીએ છીએ. અહીંથી સ્વર્ગમાં જઈએ, ત્યાંથી ભગવાન પાસે જઈને સાંભળીએ-એવી ભાવના નથી કરી, સમજાણું કાંઈ..... ? અમને નથી જોઈતું સ્વર્ગ, નથી જોઈતું તીર્થંકરપદ, નથી જોઈતો અનુત્તર વિમાનનો ભવ. અરે ! અમે તો પૂર્ણાનંદ પ્રભુ છીએ અને એની અમને પ્રતીતિ અને ભાન તો છે, પર્યાયમાં શુદ્ધિ પણ પ્રગટી છે - એમાં અમારી ખાત્રી છે. એમાં કાંઈ ભગવાનને પૂછવા જવું પડે એમ નથી. એવા વિશ્વાસ અને શુદ્ધિના વેદનપૂર્વક કહે છે કે અમને પૂર્ણ શુદ્ધિની પ્રાપ્તિ થાઓ.

**"શાથી ? ''समयसारव्याख्यया'' (સમયસાર) શુદ્ધ જીવ, તેના (व्याख्यया) ઉપદેશથી અમને શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાઓ.''**

સમયસાર એટલે શુદ્ધ જીવ. તેની વ્યાખ્યા એટલે વિશેષે કથન. અહીં વ્યાખ્યાનો અર્થ ઉપદેશ લીધો. આત્મા એને કહીએ કે જે અનંત અતીન્દ્રિય આનંદનું પૂર છે. એનું જ્ઞાન અને એની શ્રદ્ધા થતાં એટલે કે અતીન્દ્રિય જ્ઞાનનું જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો આનંદ દશામાં આવે એ શરૂઆત છે, શરૂઆતવાળા સમકિતી; અને આ તો આચાર્ય મુનિ છે, પ્રચુર સ્વસંવેદન છે, તેઓ મધ્યમાં છે; ઓલી (પરમાત્મદશા) ઉત્કૃષ્ટ દશા છે. આ ટીકાના કાળમાં એવી પૂર્ણ આનંદની અમને પ્રાપ્તિ થાઓ- આ એક ઘોળાઈ રહ્યું છે. ભલે ! વિકલ્પ હો.... ટીકા હો... પણ અમારું ઘોલન તો આ એક જ છે.

અહીં ચાર વાત કહી.

(૧) વસ્તુ શુદ્ધ છે એમ સિદ્ધ - નક્કી કર્યું.

(૨) એના ત્રિકાળી ગુણો - સ્વભાવ શુદ્ધ છે. એમ નક્કી કર્યું.

(૩) પર્યાયમાં કેટલીક શુદ્ધતા, વીતરાગી અતીન્દ્રિય આનંદના રસવાળી દશા પ્રગટેલી છે એમ નક્કી કર્યું. અને.

(૪) અમને પૂર્ણ આનંદની પ્રાપ્તિ થાઓ એવી ભાવના-આ ટીકાના કાળમાં છે.ભાષા તો એવી છે કે ટીકાથી થાઓ.

પ્રશ્ન : ટીકાના કાળમાં ?

ઉત્તર : હા, ટીકાના કાળમાં, કેમ કે મારું વલણ તો ત્યાં (જ્ઞાયક ઉપર) રહે છે. મારો નાથ પૂર્ણ પ્રભુ શુદ્ધ આનંદઘન છે. એ ઉપર મારું જોર વર્તે છે. તેથી અમને ટીકાના કાળમાં શુદ્ધિ થાવ-એવી ભાવના છે.

ઓહોહો.... આ તો સંતોની-વીતરાગી વાણી છે, સર્વજ્ઞ ભગવાનને અનુસારે વાણી નીકળે છે. આ ટીકા કરું તેને દુનિયા માનશે કે નહીં ? તેની કાંઈ પરવા નથી. અમે તો સત્ય છે તેને જાહેર કરીએ છીએ. અત્યારે આ જાતનો વિકલ્પ ઉઠ્યો છે પણ અમને વિકલ્પનું ફળ આવે તે (ભાવના) નથી કે દુનિયા વખાણ કરે - વાહ ! ભારે ટીકા કરતાં આવડી, વ્યાખ્યાન કરતાં બહુ સારું આવડ્યું... પણ ભાઈ! તે કાંઈ વસ્તુ નથી. એ તો બધી પરવસ્તુ છે. ભાષા અને ભાષાનું સાંભળવું. - એ ભાવ ભગવાન આત્માને સ્પર્શતોય નથી. એ બધું બહારમાં ઘોળાય છે. ભગવાન અંતરમાં ઘોળાય છે. સમજાણું કાંઈ.... ?

**"ભાવાર્થ આમ છે - આ શાસ્ત્ર પરમાર્થરૂપ છે, વૈરાગ્ય ઉત્પાદક છે. ભરત-રામાયણ પેઠે રાગવર્ધક નથી."**

હવે આ શાસ્ત્રની મહત્તા બતાવે છે. પરમાર્થરૂપ એટલે પરમપદાર્થની પ્રાપ્તિને બતાવનારું શાસ્ત્ર છે. આ કોઈ વિકથા-રાગકથા નથી. રાગ વધે ને પછી આમ થાય, સ્વર્ગ મળે-એ વાત આમાં છે જ નહીં. આ શાસ્ત્ર તો પરમાર્થરૂપ છે. સમયસાર.... સાર એટલે પરમાર્થરૂપ છે.

બે વાત લીધી.

(૧) આ શાસ્ત્ર પરમાર્થરૂપ છે. અને

(૨) વૈરાગ્ય ઉત્પાદક છે. પરથી ઉદાસીન કરે એવું છે. વિકલ્પ માત્રથી ખસીને ઉદાસીન થવા માટેનું શાસ્ત્ર છે.

ભગવાન પરમાર્થરૂપ પરમાત્મા અસ્તિરૂપે અને પરની નાસ્તિરૂપે એટલે કે રાગના અભાવરૂપે છે. એવું જ આમાં આવશે. તેથી આ શાસ્ત્ર વૈરાગ્યનો ઉત્પાદક છે. વળી એક બાજુ પરમાત્મપ્રકાશમાં એમ કહે કે વીતરાગની દિવ્યધ્વનિથી પણ આત્મજ્ઞાન ન થાય. ભાઈ! ક્યારે કઈ અપેક્ષા છે તે જાણવું જોઈએ ને! દિવ્યધ્વનિથી કાંઈ આત્માનું જ્ઞાન ન થાય. કેમ કે તે તો પર છે. જ્યારે અહીં કહે છે કે આ શાસ્ત્ર પરમાર્થરૂપ અને વૈરાગ્ય ઉત્પાદક છે. ઉત્પન્ન થાય છે પોતાથી. નિમિત્ત કાંઈ કરતું નથી પણ નિમિત્ત આવું છે એમ અસ્તિ કહી.

આહાહા... આ તો જૈન વીતરાગની વાણી..... એ તો પરમાર્થ ભગવાનને બતાવે. આત્મામાં આસીન અને પરસ્થાનથી ઉદાસીન બતાવે. જેમાં પરનો સંબંધ છે જ નહીં, પરના અંશનો બિલકુલ અભાવ છે, જેનું આસન પરથી તદ્દન ભિન્ન છે-એને બતાવનારું વૈરાગ્ય ઉત્પાદક આ શાસ્ત્ર છે. ભરત-રામાયણની પેઠે રાગવર્ધક નથી.

**"કેવો છું? "अनुभूतेः" અનુભૂતિ-અતીન્દ્રિય સુખ- તે જ છે સ્વરૂપ જેનો એવો છું."**

આહાહા... એક એક શ્લોક જુઓ તો ગંભીરતાનો પાર ન મળે. આ જે આત્મા છે તે કેવો છે? કહે છે અતીન્દ્રિય સુખ જેનું સ્વરૂપ છે. એવો આત્મા છે. એમાં દુ:ખ નથી, રાગ નથી, વિકલ્પ નથી, અલ્પજ્ઞતા નથી. આહાહા.... એ તો અતીન્દ્રિય સુખનો સાગર છે, એને આત્મા કહેવામાં આવે છે.

પ્રશ્ન : અતીન્દ્રિય સુખ તે જ સ્વરૂપ છે, એમ કહેતાં તો એકાંત થઈ જાય છે ! કથંચિત્ અતીન્દ્રિય સુખસ્વરૂપ ને કથંચિત્ ઈન્દ્રિય (સુખ) સ્વરૂપ છે, એમ અનેકાંત કરો ને ?

ઉત્તર : ભાઈ ! આ અનેકાંત એમ નથી. અતીન્દ્રિય સુખસ્વરૂપ છે અને બિલકુલ દુ:ખ નથી - એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ...... ?

'અનુભૂતિ' નો અર્થ અતીન્દ્રિય સુખ કર્યો. બાર અંગમાં પણ અનુભૂતિને કહ્યું કે અનુભૂતિ કર, સ્વરૂપનો અનુભવ કર. એ અનુભૂતિ અતીન્દ્રિય આનંદ અને સુખ સ્વરૂપ છે. આઠ વર્ષની બાલિકા પણ જ્યારે સમ્યક્દર્શન પામે છે ત્યારે આવા આનંદને પામે છે.

પ્રશ્ન : અતીન્દ્રિય સુખમાં તો એક ગુણ આવ્યો, બીજા ગુણ ક્યાં ગયા ?

ઉત્તર : બધા તેમાં સમાઈ ગયા. અહીં અતીન્દ્રિય સુખ તે જ છે સ્વરૂપ જેનું કહીને એક જ ગુણ લીધો, તેમાં બધા અનંત ગુણો સાથે છે પણ પ્રધાનતા આનંદની છે, કેમ કે દુનિયાને સુખ જોઈએ છે, સુખને માટે ઝાંવા નાખે છે ને ! તેથી કહે છે બાપુ! સુખ તો તારામાં છે. અંદર ભર્યું છે. બહારમાં તો ધૂળમાંય ક્યાંય સુખ છે નહીં.

**"વળી કેવો છું. ? "शुद्धचिन्मात्रमूर्तेः" (શુદ્ધ) રાગાદિ-ઉપાધિરહિત (चिन्मात्र) (ચિન્માત્ર) ચેતનામાત્ર (मूर्तेः) સ્વભાવ છે જેનો એવો છું. ભાવાર્થ આમ છે કે - દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યસ્વરૂપ આવું જ છે."**

પહેલા વૈરાગ કહ્યો હતો, રાગાદિ ઉપાધિ રહિત એકલું સુખ કીધું હતું. વિકલ્પમાત્ર મારામાં નથી, દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો વિકલ્પ એ પણ મારા સ્વરૂપમાં નથી, એવો હું અંદર છું. હવે ચેતનામાત્ર સ્વભાવ કહી સુખ ને ચેતના બેય નાખ્યું. આનંદની સાથે ચૈતન્યસ્વરૂપ છું.

આહાહા.... ભાષા તો જુઓ. ચિન્માત્ર મૂર્તિ.... એકલો જાણક... જાણક... જાણક... સ્વભાવ-સ્વરૂપ તે હું આત્મા છું. જ્ઞાનમાત્ર જ હું છું. એમાં આનંદ આવી જાય છે અને ભેગા અનંતગુણો પણ.

અરે ! આવી ચીજ સાંભળવા મળે નહીં તો ક્યારે વિચારમાં આવે ?, ક્યારે શ્રદ્ધામાં આવે અને ક્યારે પરિણતિ થાય ? ભાઈ ! મૂળ સ્વરૂપ તો આ છે કે જાણવું... જાણવું.... જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા સ્વભાવ માત્ર મારું સ્વરૂપ છે. કોઈને હું કરી દઉં, કોઈની પાસેથી હું લઉં-એવું મારૂં સ્વરૂપ નથી.

દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી. અને અર્થ એટલે પ્રયોજન. જે જ્ઞાનનું પ્રયોજન દ્રવ્ય-

વસ્તુ ત્રિકાળ છે તેનું નામ દ્રવ્યાર્થિકનય. એ નયના સ્વરૂપનો વિષય તો આવો જ છે. હવે વર્તમાન હાલત-પર્યાય-અવસ્થા દૃષ્ટિએ કેવો છું તે કહે છે.

**''अविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः'' (अविरतं) નિરંતરપણે અનાદિ સન્તાનરૂપે (अनुभाव्य) વિષય કષાયાદિરૂપ અશુદ્ધ ચેતના, તેની સાથે છે. (व्याप्ति) વ્યાપ્તિ અર્થાત્ તે રૂપ છે વિભાવ પરિણમન, એવું છે (कल्माषितायाः) કલંકપણું જેને એવો છું.''**

આચાર્ય મુનિને નિરંતરપણે શુદ્ધસ્વરૂપ તો પ્રગટ્યું છે પણ પૂર્ણ શુદ્ધ નથી તેથી નિરંતર અશુદ્ધતા પર્યાયમાં વર્તે છે. એક બાજુ દૃષ્ટિ અપેક્ષાએ એમ કહે છે સમ્યક્દૃષ્ટિને રાગેય નથી, દુઃખેય નથી. કોઈ આ વાતને એકાંતે પકડી ત્યાં અટકી જાય અને કહે કે જ્ઞાનીને દુઃખ હોય જ નહીં, દુઃખ વેદે તો તીવ્ર કષાયવાળો કહેવાય. પણ ભાઈ ! એમ નથી પ્રભુ ! અપેક્ષા સમજવી જોઈએ. અરે ! મુનિ પોતે કહે છે કે ભલે શુદ્ધિ પ્રગટી છે પણ પર્યાયમાં અશુદ્ધતા અનાદિની છે, અશુદ્ધતા તદ્દન ગઈ છે ને નવી થઈ છે એમ નથી. કેમકે પૂર્ણ શુદ્ધતા પ્રગટી જ નથી. સમજાણું કાંઈ.....?

સંતાન એટલે પ્રવાહ, એક પછી એક.... અનાદિથી વિષય-કષાયરૂપ અશુદ્ધ ચેતના એટલે કે મારી ચેતનામાં પણ પરલક્ષી ભાવ વર્તે છે, અત્યારે પણ થોડો છે. સ્વઆશ્રયે જો પૂર્ણ થઈ ગયો હોય તો આ અશુદ્ધતા હોઈ શકે નહીં. આહાહા.... આવો માર્ગ બાપુ ! એક એક શ્લોકમાં કેટલું ભર્યું છે.

વિષય એટલે પર તરફનું વલણ. પાંચ ઈન્દ્રિયના ભોગ તે વિષય- એ વાત અહીં નથી. પણ જેટલો રાગ છે એટલું પર ઉપર લક્ષ જાય છે; ભલે વાણી સાંભળવી હોય, ભગવાનના દર્શન હોય પણ તે બધાં રાગના વિષય છે.

અહીં કહે છે કે મારી પર્યાયમાં હજુ અનાદિની અશુદ્ધતા વર્તે છે. પૂર્ણ અશુદ્ધતાય નથી, પૂર્ણ શુદ્ધતાય નથી. વિષયાદિ અશુદ્ધતા તેની સાથે વ્યાપ્તિ છે. અર્થાત્ હજુ વિભાવના પરિણામ વારંવાર થાય છે. આહાહા... ભગવાનના-આનંદના ભેટા તો થયા છે, શુદ્ધિ તો પ્રગટી છે પણ પર્યાયમાં હજુ કલુષિતતા છે, બિલકુલ રાગ જ નથી એમ પણ નથી અને કોઈવાર બિલકુલ થયો નથી અને પછી થયો છે એમ પણ નથી. નિરંતર રાગ વ્યાપેલ છે, રાગ થાય છે. સમજાણું કાંઈ... ?

પહેલા દ્રવ્યથી વાત કરી કે ચેતનામાત્ર અને આનંદમાત્ર છું. હવે પર્યાયથી વાત

કરી કે નિરંતર રાગ વ્યાપેલ છે - એમ બેય વાત કરી. ભાઈ ! આ બધું કઈ રીતે કહેવાય છે તે ધ્યાન રાખવું પડશે. બહાર કૉલેજમાં તો કેવું ધ્યાન રાખે છે ?

શ્રોતા : ત્યાં તો ધ્યાન ન રાખે તો નાપાસ થાય. નાપાસ થાય તો બાપા વઢે ને !

ભાઈ ! ત્યાં પાસ ન થાય તો બાપા વઢે, અહીંયા પાસ ન થાય તો ચાર ગતિમાં રખડવું પડે. એનું એને કાંઈ નહીં ?

આહાહા.... મારો નાથ તો અતીન્દ્રિય આનંદ ને ચિન્માત્રમૂર્તિ સ્વરૂપે છે. સમ્યક્‌દષ્ટિ ધર્મી પોતાને વસ્તુપણે તો આવા સ્વરૂપે જાણે છે. પણ પર્યાયમાં હજુ રાગનું કલંક છે, રાગ ઉત્પન્ન થાય છે. મુનિને શુદ્ધોપયોગનું પરિણમન છે અને સાથે વિકલ્પ પણ ઉઠે છે એટલું કલંકપણું છે.

આહાહા.... આ રાગ છે તો કલંક છે. એ રાગનું કલંક ચૈતન્યને ન શોભે. આનંદના સાગરને કલંક ન શોભે. શુભરાગ પણ કલંક છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે કે મુનિને અશુભ તો છે નહીં, શુભ આવે છે, ધર્મના લોભી કોઈ આવે ને ઈચ્છા ઉત્પન્ન થાય તો જરી ઉપદેશ કરે-એ શુભભાવ પણ કલંક છે.

એક બાજુ એમ કહે કે સમ્યક્‌દષ્ટિને મલિનતા હોય નહીં, અશુદ્ધતા હોય તેનો જ્ઞાતા-દૃષ્ટા જ છે. અને બીજી બાજુ એમ કહે કે જ્ઞાનીને કર્મધારા ને જ્ઞાનધારા બે હોય છે. જેટલી નિર્મળતા પ્રગટી એટલી જ્ઞાનધારા અને જેટલી રાગધારા છે તેટલી કર્મધારા-એ વાત અહીં કહે છે.

**"ભાવાર્થ આમ છે-પર્યાયાર્થિકનયથી જીવ વસ્તુ અશુદ્ધપણે અનાદિની પરિણમી છે. તે અશુદ્ધતાનો વિનાશ થતાં જીવવસ્તુ જ્ઞાનસ્વરૂપ સુખસ્વરૂપ છે."**

લ્યો, પાછી પૂર્ણતાની વાત લીધી. પર્યાય એટલે અવસ્થાદષ્ટિથી જીવવસ્તુ અશુદ્ધપણે અનાદિથી પરિણમી છે, એ અશુદ્ધપણું નવીન નથી. એ કલંક પણ અનાદિથી મારું છે. એ પર્યાયના ષટ્‌કારકનું પરિણમન મારામાં મારાથી છે, કર્મ તો નિમિત્તમાત્ર છે. એ અશુદ્ધતા હોવા છતાં પણ મારા શુદ્ધ સ્વભાવના બળે તેનો નાશ થઈને એકલું જ્ઞાન અને સુખ સ્વરૂપ રહી જશે. આચાર્ય કહે છે કે અમને શુદ્ધિયે છે ને અશુદ્ધિયે છે, બંને છે. કેમકે સાધક છું, કાંઈ સિદ્ધ થયો નથી. તેમ હું બાધક એટલે એકલો અજ્ઞાનીય નથી. શુદ્ધ ચૈતન્યઘન અતીન્દ્રિય આનંદકંદ એનું મને અવલંબન છે, તેથી મને શુદ્ધિ-પવિત્રતા પ્રગટ થઈ છે, પણ પૂર્ણ પવિત્રતા નથી તેથી ટીકાના કાળમાં પવિત્રતા થાય

તેવી ભાવના છે. આહાહા... આચાર્યપદમાં તો આવ્યા છે. ણમો લોએ ત્રિકાળવર્તી આયરિયાણમ્‌માં આવ્યા છે. પણ ભાવના તો પૂર્ણ અરિહંત પરમાત્મા થવાની છે.

ભાઈ ! આ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ ને પૂજા એ બધું ધર્મ નથી. એ તો અશુભરાગથી બચવા માટે શુભરાગ આવે, હોય પણ તે ધર્મ નથી. પ્રાપ્તની પ્રાપ્તિ થાય. આત્માના સ્વભાવમાં અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એ અનંત ચતુષ્ટય સ્વરૂપ અંદરમાં પડ્યું છે. આત્માના ત્રિકાળ સ્વભાવમાં-ધ્રુવમાં એ અનંત ચતુષ્ટયનું અસ્તિત્વ છે. એમાંથી અનંત ચતુષ્ટય ભગવાનને પ્રગટે છે સમજાણું કાંઈ...?

**"હવે કોઈ પ્રશ્ન કરે છે કે જીવવસ્તુ અનાદિથી અશુદ્ધપણે પરિણમી છે, ત્યાં નિમિત્તમાત્ર કોઈ છે કે નહીં ?"**

પોતાની અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન સ્વરૂપ વસ્તુનું ભાન થયું ત્યારે પવિત્રતા તો જે હતી તે પ્રગટી પણ આ અપવિત્રતા કેમ આવી ? તે તેની મેળાયે છે કે તેનું કોઈ નિમિત્ત છે?

બીજી રીતે કહીએ તો અતીન્દ્રિય આનંદનો સાગર, આનંદના પૂરનું જેને ભાન થયું છે, તો એ આનંદની દશા-ધર્મની દશા જે પ્રગટી તેનું કારણ-નિમિત્ત તો ત્રિકાળી ભગવાન આત્મા છે. એ શું કહ્યું ? કે મોક્ષમાર્ગમાં, પવિત્રતામાં એ પવિત્ર આત્મા આવતો નથી. આત્મા તો આત્માપણે રહી અને પવિત્રતાની પર્યાયમાં પવિત્રતાની શ્રદ્ધા અને જ્ઞાન આવે છે, તેમાં ભગવાન આત્મા નિમિત્ત કારણ છે. પણ જે અપવિત્રતા બાકી રહી, થોડી અશુદ્ધતા રહી તેનું નિમિત્ત કોણ ? એ પ્રશ્ન છે. સમજાણું કાંઈ.... ?

ફરીને, પોતાના પવિત્ર આત્માના આશ્રયથી પવિત્રતા તો પ્રગટી છે અને અપવિત્રતા પણ છે. એ શુદ્ધતા જે છે તે અમારા ઉપાદાનથી અમારામાં અને અશુદ્ધતા પણ અમારા ઉપાદાનથી અમારામાં. હવે શુદ્ધતામાં તો નિમિત્તકારણ ભગવાન આત્મા છે, તો અશુદ્ધતામાં નિમિત્ત કોણ ? આહાહા.... શું દિગંબર સંતોની પદ્ધતિ ? શું એની કળા ! શું એની નિર્મૂઢ મતિ !

**"ઉત્તર આમ છે-નિમિત્તમાત્ર પણ છે. તે કોણ ? તે જ કહે છે "मोहनाम्नोऽनुभावात्" (मोहनाम्नः) પુદ્‌ગલપિંડરૂપ આઠ કર્મોમાં મોહ એક કર્મજાતિ છે, તેનો (अनुभावात्) ઉદય અર્થાત્, વિપાક અવસ્થા."**

અશુદ્ધતા તો મારા ઉપાદાનના પુરુષાર્થથી જ થયેલી છે. તેમાં મોહકર્મનો વિપાક

નિમિત્તમાત્ર છે. તે અશુદ્ધતા કર્મના ઉદયે કરાવી છે કે કર્મને લઈને થઈ છે એમ નથી. કર્મ તો ભિન્ન પડ્યું છે પણ એનો ઉદય આવ્યો ત્યારે આત્મા પોતાથી વિકારપણે પરિણમે છે, એમાં એ કર્મ નિમિત્તમાત્ર છે.

બીજી રીતે કહીએ તો આ જે પવિત્રતા પ્રગટી છે એ કાંઈ આત્મા છે માટે પ્રગટી છે એમ નથી. પવિત્રતાનો કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન પર્યાય પોતે છે, તે પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમી છે, તેમાં આત્મા ફક્ત નિમિત્ત કારણ છે. તેવી રીતે અશુદ્ધતા પણ પોતાથી થઈ છે એમાં કર્મનો વિપાક નિમિત્તમાત્ર છે બસ.

ઝીણી વાત છે પ્રભુ! જૈન દર્શન એટલે જિનેશ્વર વીતરાગ પરમેશ્વર અરિહંતદેવે કહેલું તત્ત્વ, તે બહુ ઝીણું છે ભાઈ! લોકોને સત્ય શું છે એ હજુ સાંભળવા મળ્યું નથી, અહીં કહે છે કે આ આત્મા જે શુદ્ધ આનંદઘન છે, ચૈતન્ય રસકંદ આત્મા અનાદિ અનંત નિત્ય છે એનો જેને પ્રત્યક્ષ અનુભવમાં સ્વાદ આવે ત્યારે તેને પહેલા દરજ્જાનો ધર્મી કહેવામાં આવે છે. એ અનુભવની દશા સ્વતંત્ર પોતે પોતાથી થઈ છે. તેમાં કર્મના વ્યયની અપેક્ષા નથી અને તેને વ્યવહાર-રાગના-નિમિત્તની અપેક્ષા છે એમેય નથી. એ પવિત્રતામાં નિમિત્ત હોય તો આત્મા હોય અને અશુદ્ધતા જે પોતાથી થાય છે એમાં નિમિત્ત હોય તો કર્મનો વિપાક-ઉદય નિમિત્ત છે બસ.

**"ભાવાર્થ આમ છે - રાગાદિ-અશુદ્ધ-પરિણામરૂપ જીવદ્રવ્ય વ્યાપકરૂપે પરિણમે છે. પુદ્‌ગલપિંડરૂપ મોહકર્મનો ઉદય નિમિત્તમાત્ર છે. જેમ કોઈ ધતૂરો પીવાથી ઘૂમે છે, નિમિત્તમાત્ર ધતૂરાનું તેને છે."**

આ આત્મા પવિત્ર છે એવું ભાન થયું અને જે નિર્વિકારી પર્યાય થઈ એમાં આત્મા તે વ્યાપક છે અને નિર્વિકારી પર્યાય વ્યાપ્ય છે. તેવી રીતે મલિન અવસ્થા, જે હજુ બાકી છે, તે મલિન અવસ્થામાં વ્યાપ્ય વ્યાપક પણ હું જ છું. કર્મ તો એમાં નિમિત્તમાત્ર છે. આમ તો દ્રવ્ય છે તે તો વ્યાપક નથી, જે અશુદ્ધ પર્યાય છે તે પોતે જ વ્યાપક અને પોતે જ વ્યાપ્ય છે. વળી, અહીં જીવને વ્યાપક કહીને વિકારી પર્યાયને વ્યાપ્ય કહ્યું પણ જીવમાં વિકારી પર્યાય થાય તેવો કોઈ ગુણ નથી. જીવમાં અંદર કોઈ શક્તિ નથી કે વિકાર થાય, ભગવાન આત્મામાં તો અનંતગુણો પવિત્ર પડ્યા છે. પર્યાય-અવસ્થામાં ક્ષણિક કૃત્રિમ વિભાવ થાય છે. આવી વાતુ છે ભાઈ! સમજાણું કાંઈ... ?

પ્રશ્ન : આત્મામાં વૈભાવિક શક્તિ તો છે ?

ઉત્તર : વૈભાવિક શક્તિ છે એટલે વિભાવરૂપે પરિણમવું-એવો કાંઈ એનો અર્થ નથી. બીજા ચાર દ્રવ્યોમાં તે નથી અને આમાં (જીવમાં) છે પણ વિભાવ એટલે વિભાવરૂપે પરિણમવું -એવો શક્તિનો અર્થ નથી. તે વિશેષ પ્રકારનો ગુણ છે. જીવ નિમિત્તાધીન થાય તો વિભાવરૂપે પરિણમે; સ્વભાવને આધીન થાય તો નિર્વિકારરૂપે પરિણમે. સમજાણું કાંઈ... ?

જેમ ધતૂરો પીને વ્યક્તિ ઘૂમે છે પોતાની યોગ્યતાથી, ધતૂરો નિમિત્તમાત્ર છે. ઉપાદાન તો એનું પોતાનું છે. તેમ વિકાર કરનાર જીવ પોતે સ્વતંત્ર છે, કર્મ તો નિમિત્ત માત્ર છે. તે તો કર્મને લઈને વિકાર થાય તેમ માને છે પણ ભાઈ ! કર્મ તો જડ-ધૂળ છે, તે તને વિકાર કેમ કરાવે ?

"કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ."

જેવી આ ધૂળ છે એવી એ ઝીણી ધૂળ છે. એ આત્માને વિકાર કરાવે એમ ત્રણ કાળમાં નથી. અહીં છઠ્ઠે-સાતમે ઝૂલતાં, પ્રચુર આનંદના વેદનમાં પડ્યા છે એવા આચાર્ય કહે છે કે વિકાર અમારાથી થયો છે, કર્મ તો નિમિત્તમાત્ર છે.

**"કેવું છે મોહનામક કર્મ ? "परपरिणतिहेतोः" (पर) અશુદ્ધ (परिणति) જીવના પરિણામ જેનું (हेतोः) કારણ છે. ભાવાર્થ આમ છે - જીવના અશુદ્ધ પરિણામના નિમિત્તે એવો રસ લઈને મોહકર્મ બંધાય છે, પછી ઉદય સમયે નિમિત્તમાત્ર છે."**

તે મોહ કર્મ કેવું છે ? જે અશુદ્ધ પરિણતીનું કારણ છે, નિમિત્ત છે એટલે કે કર્મ બંધાયા પોતાના ઉપાદાનથી પણ તેમાં જીવના અશુદ્ધ પરિણામ નિમિત્ત છે એટલે કે અશુદ્ધ પરિણામ નિમિત્ત અને કર્મ બંધાયા- થયા તે નૈમિત્તિક. એવી જ રીતે કર્મનો ઉદય નિમિત્ત અને જીવમાં અશુદ્ધ ઉપાદાનથી વિકાર થયો તે નૈમિત્તિક. આમ એકબીજાને નિમિત્ત-નૈમિત્તિક છે. સમજાણું કાંઈ.... ?

ફરીને, એ કર્મ કેમ બંધાયું હતું ? એને અશુદ્ધ જીવના પરિણામ નિમિત્ત હતા. ઉપાદાન તો એનું પોતાનું છે. જીવના પુણ્ય અને પાપના ભાવનું નિમિત્ત લઈને મોહ કર્મ બંધાય છે. વળી, જીવ અશુદ્ધ પરિણામ કરે તો એ ઉદય નિમિત્ત થાય છે. આવી વાતો છે ભાઈ ! આમાં કેટલી યાદ રાખવી.

ભગવાન ત્રણ લોકનો નાથ એક સમયમાં કેવળજ્ઞાન લે એવી તાકાતવાળો

સુપ્રભાત પ્રભુ છે. ત્રણલોકનો નાથ-સચ્ચિદાનંદ પ્રભુ આત્મા; જેવા જિન એવો આત્મા.

" જિન સોઈ એ આત્મા, અન્ય સોઈ એ કર્મ;
યહી વચનસે સમઝલે, જિન પ્રવચનકા મર્મ."

શ્રીમદ્‌માં પણ આ વાત લીધી છે-

"જિન સોઈ એ આત્મા અન્ય સોઈ એ કર્મ
કર્મ કટે જિન વચનસે, તત્ત્વ જ્ઞાનીકો મર્મ."

આહાહા.... આવો એકબીજાને નિમિત્ત-નૈમિત્તિક હોવા છતાં કર્મ ન કરાવે વિકારને અને વિકાર ન કરે કર્મને.કર્મ કર્મને લઈને થાય છે અને વિકાર વિકારને લઈને થાય છે. એવી સ્વતંત્રતા છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આ વાતની કયાંય ગંધ નથી.

પ્રવચન નં.-૪,૫ ચાલ તા. ૨-૬-'૭૭ થી ૩-૬-'૭૭

શ્રોતા - જીવ રાગ-દ્વેષની પર્યાયને ફેરવી ન શકે, પણ શ્રદ્ધાની પર્યાયને ફેરવી શકે એમ ને ?

પૂજ્ય ગુરુદેવ :- બધી પર્યાયને ફેરવી શકે; ન ફેરવી શકાય એમ નક્કી કરવા જાય ત્યાં દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય છે ત્યાં પર્યાયની દિશા જ આખી ફરી જાય છે. જ્ઞાનસ્વભાવ છું એમ નિર્ણય કર્યો ત્યાં બધું જેમ છે તેમ છે, ફેરવવું ને ન ફેરવવું શું ? જેમ છે તેમ છે. નિયતનો નિશ્ચય કરવા જાય ત્યાં જ સ્વભાવનો પુરુષાર્થ સાથે જ છે અને રાગ પણ મંદ પડી ગયો છે. જ્ઞાનસ્વભાવ છું એમ નક્કી થઈ ગયું પછી બધું જેમ છે તેમ છે. ગ્રહવા યોગ્ય બધું ગ્રહાઈ ગયું ને છોડવા યોગ્ય બધું છુટી ગયું. જ્ઞાતાનો પુરુષાર્થ ચાલુ જ છે. રાગ ઘટતો જાય છે એટલે પૂર્ણ વીતરાગતા થઈ જશે. ૭૪. -પૂ. ગુરૂદેવશ્રી

દ્રવ્ય દૃષ્ટિ જિનેશ્વર પર્યાય દૃષ્ટિ વિનશ્વર

## કળશ-૪
### (માલિની)

उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः ।
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव ॥ ४ ॥

ખંડાન્વય સહિત અર્થ : - ''**ते समयसारं ईक्षन्ते एव**'' આસન્ન ભવ્ય જીવો **(समयसारं)** શુદ્ધ જીવને **(ईक्षन्ते एव)** પ્રત્યક્ષપણે પામે છે. ''**सपदि**'' થોડા જ કાળમાં. કેવો છે શુદ્ધ જીવ ? ''**उच्चैः परं ज्योतिः**'' અતિશયમાન જ્ઞાનજ્યોતિ છે. વળી કેવો છે ? ''**अनवम्**'' અનાદિસિદ્ધ છે. વળી કેવો છે ? ''**अनयपक्षाक्षुण्णम्**'' **(अनयपक्ष)** મિથ્યાવાદથી **(अक्षुण्णम्)** અખંડિત છે. ભાવાર્થ આમ છે - મિથ્યાવાદી બૌદ્ધાદિ જૂઠી કલ્પના ઘણા પ્રકારે કરે છે, તો પણ તેઓ જ જૂઠા છે; આત્મતત્ત્વ જેવું છે તેવું જ છે. હવે તે ભવ્ય જીવો શું કરતાં થકા શુદ્ધ સ્વરૂપ પામે છે, તે જ કહે છે- ''**ये जिनवचसि रमन्ते**'' **(ये)** આસન્નભવ્ય જીવો **(जिनवचसि)** દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ તેમાં **(रमन्ते)** સાવધાનપણે રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ કરે છે. વિવરણ-શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે તેનું નામ રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ છે. ભાવાર્થ આમ છે-વચન પુદ્‌ગલ છે, તેની રુચિ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ નથી; તેથી વચન દ્વારા કહેવામાં આવે છે જે કોઈ ઉપાદેય વસ્તુ, તેનો અનુભવ કરતાં ફળપ્રાપ્તિ છે. કેવું છે જિનવચન ? ''**उभयनयविरोधध्वंसिनि**'' **(उभय)** બે **(नय)** પક્ષપાતને **(विरोध)** પરસ્પર વૈરભાવ, (વિવરણ-એક સત્ત્વને દ્રવ્યાર્થિકનય દ્રવ્યરૂપ, તે જ સત્ત્વને પર્યાયાર્થિકનય પર્યાયરૂપ કહે છે, તેથી પરસ્પર વિરોધ છે;) તેનું **(ध्वंसिनि)** મેટનશીલ છે. ભાવાર્થ આમ છે-બન્ને નય વિકલ્પ છે, શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ નિર્વિકલ્પ છે, તેથી શુદ્ધ જીવવસ્તુનો અનુભવ થતાં બંને નયવિકલ્પ જૂઠા છે. વળી કેવું છે જિનવચન? ''**स्यात्पदाङ्के**'' **(स्यात्पद)** સ્યાદ્‌વાદ અર્થાત્ અનેકાન્ત - જેનું સ્વરૂપ પાછળ કહ્યું છે - તે જ છે **(अङ्के)** ચિહ્ન જેનું, એવું છે. ભાવાર્થ આમ છે - જે કોઈ વસ્તુમાત્ર છે તે તો નિર્ભેદ છે. તે વસ્તુમાત્ર વચન દ્વારા કહેતાં જે કોઈ વચન બોલાય છે તે જ પક્ષરૂપ છે. કેવા છે આસન્નભવ્ય જીવ ? ''**स्वयं वान्तमोहाः**'' **(स्वयं)** સહજપણે **(वान्त)** વમી

નાખ્યું છે **(मोहाः)** મિથ્યાત્વ-વિપરીતપણું, એવા છે. ભાવાર્થ આમ છે-અનન્ત સંસારજીવોને ભમતાં થકાં જાય છે, તે સંસારી જીવ એક ભવ્યરાશિ છે, એક અભવ્યરાશિ છે. તેમાં અભવ્યરાશિ જીવ ત્રણે કાળ મોક્ષ જવાને અધિકારી નથી. ભવ્ય જીવોમાં કેટલાક જીવો મોક્ષ જવાને યોગ્ય છે. તેમને મોક્ષ પહોંચવાનું કાળ પરિમાણ છે. વિવરણ-આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેળવજ્ઞાનમાં છે. તે જીવ સંસારમાં ભમતાં ભમતાં જ્યારે અર્ધપુદ્‌ગલપરાવર્તનમાત્ર રહે છે ત્યારે જ સમ્યક્‌ત્વ ઉપજવાને યોગ્ય છે. આનું નામ કાળલબ્ધિ કહેવાય છે. યદ્યપિ સમ્યક્‌ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે તથાપિ કાળલબ્ધિ વિના કરોડ ઉપાય જો કરવામાં આવે તો પણ જીવ સમ્યક્‌ત્વરૂપ પરિણમનને યોગ્ય નથી એવો નિયમ છે. આથી જાણવું કે સમ્યક્‌ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે. ૪.

## કલશ - ૪ : ઉપરનું પ્રવચન

**''ते समयसारं ईक्षन्ते एव'' આસન્ન ભવ્ય જીવો (समयसारं) શુદ્ધ જીવને (ईक्षन्ते एव) પ્રત્યક્ષ પણે પામે છે. ''सपदि'' થોડા જ કાળમાં.''**

જે સંસારથી નિકળવાને નિકટ છે, મોક્ષનું આસન જેને નિકટ છે એવો આસન્ન ભવ્ય જીવ એટલે કે સંસારના કાંઠા ઉતરવાના જેને આવી ગયા છે, અલ્પ કાળમાં અરિહંતપદ પ્રાપ્ત થવાને લાયક છે એવો આસન્નભવ્ય જીવ સમયસાર નામ શુદ્ધ જીવને પામે છે. સમયસાર એટલે શુદ્ધ જીવ. આ પુણ્ય-પાપના વિકલ્પો મલિન છે. એનાથી ભિન્ન વસ્તુ તેને અહીં શુદ્ધ જીવ કહે છે. ચાહે તો હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ, વાસનાના ભાવ હોય કે ચાહે દયા, દાન, વ્રત, તપ ને ભક્તિના ભાવ હોય-બંને મલિન છે. એક પુણ્યરૂપ મલિન છે અને એક પાપરૂપ મલિન છે. બેયથી રહિત એટલે કે પુણ્ય ને પાપના વિકલ્પ નામ રાગથી રહિત એવો જે પવિત્ર આત્મા-શુદ્ધ જીવ તેને **(ईक्षन्ते एव)** પ્રત્યક્ષ પણે પામે છે. એટલે કે પર્યાયમાં તેનો અનુભવ થાય છે, 'સપદિ' એટલે થોડા જ કાળમાં-અલ્પ કાળમાં પામે છે.

**''કેવો છે શુદ્ધ જીવ ?'' ''उच्चैः परं ज्योतिः'' અતિશયમાન જ્ઞાનજ્યોતિ છે. વળી કેવો છે? ''अनवम्'' અનાદિ સિદ્ધ છે.''**

આહાહા.... ભગવાન તો જ્ઞાનની જ્યોતિ છે. અંદર ચૈતન્યનું નૂરનું પૂર છે. હવે આવું કોઈ દિવસ સાંભળ્યું ન હોય એને આ કેમ બેસે ? દેહ અને રાગથી ભિન્ન ભગવાન

તે ચૈતન્યના પ્રકાશનું પૂર છે. પાણીનું જેમ પૂર આવતું હોય, એમ આ આનંદનું, ચૈતન્યજ્યોતિનું પૂર છે. આવો ભગવાન આત્મા કાંઈ નવો નથી, અનાદિથી છે. કોઈએ કરેલો નથી. કોઈ ઈશ્વર એનો કર્તા નથી. એ (આત્મા) નવો નથી, જૂનો છે, અનાદિથી છે.

**''अनयपक्षाक्षुण्णम्'' (अनयपक्ष) મિથ્યાવાદિથી (अक्षुण्णम्) અખંડિત છે. ભાવાર્થ આમ છે - મિથ્યાવાદી બૌદ્ધાદિ જૂઠી કલ્પના ઘણા પ્રકારે કરે છે, તો પણ તેઓ જ જૂઠા છે, આત્મતત્ત્વ જેવું છે તેવું જ છે''**

અજ્ઞાની કોઈ તો આત્માને ક્ષણિક જ માને, કોઈ ઈશ્વરકર્તા માને, કોઈ એકલો ધ્રુવ જ માને' તો પણ ખોટી નયથી જૂઠાપણું એમાં નથી એટલે કે કુનયથી ખંડિત થાય એવો આત્મા નથી.

વીતરાગ સર્વજ્ઞે જે આત્માને જોયો છે તેનાથી વિરુદ્ધ અભિપ્રાયો જગતમાં ઘણાં છે. કોઈ કહે આત્મા ક્ષણિક જ છે, કોઈ કહે ધ્રુવ જ છે, કોઈ કહે પરિણમે છે, કોઈ કહે પરિણમતો નથી આવા અનેક પ્રકારના અજ્ઞાનીના મત છે. તો પણ તેઓ જૂઠા જ છે. કેમ કે આત્મ તત્ત્વ તો જેવું છે તેવું જ છે. લોકો બીજી કલ્પના કરે તો કાંઈ ચીજ બીજી થઈ જાય એમ નથી, આહાહા...! અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત કહે છે-દરેકનો ભગવાન આત્મા તો અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા.... એવી શક્તિના સાગરથી ભરેલો પૂર્ણ છે. સમજાણું કાંઈ .... ?

**''હવે તે ભવ્ય જીવો શું કરતાં થકા શુદ્ધ સ્વરૂપ પામે છે, તે જ કહે છે - ''ये जिनवचसि रमन्ते'' (ये) આસન્નભવ્ય જીવો (जिनवचसि) દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ તેમાં (रमन्ते) સાવધાનપણે રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ કરે છે.''**

આહાહા.... ભગવાનને ઓમ્ધ્વનિ ઉઠે છે. દિવ્યધ્વનિ એટલે પ્રધાન અવાજ. તીર્થંકરને અક્ષરવાળી વાણી હોય નહીં. હોઠ બંધ, કંઠ હલે નહીં અને ઓમ્ધ્વનિ નિકળે. જિન વચનમાં એટલે કે વીતરાગની વાણીમાં આ આત્મા આનંદનો નાથ પ્રભુ ! કે જે પુણ્ય-પાપના મલિન પરિણામથી ભિન્ન એ ચીજને ઉપાદેય અને આદરણીય કહ્યો છે. આહાહા... સમજાણું કાંઈ... ?

પં. બનારસીદાસે કહ્યું છે કે....

"મુખ ઓમ્‌ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે ।
રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે. ॥

અહીંયા તો સારમાં સાર આ છે. ચારે અનુયોગમાં વીતરાગે કહ્યું છે શું ? ચરણાનુયોગમાં આમ કહ્યું ને કરણાનુયોગમાં પણ આમ કહ્યું, બધામાં ત્રિકાળી ધ્રુવ એક આત્મા છે તે જ આદરણીય છે એમ કહ્યું છે. કેમ કે ચારે અનુયોગોનો સાર તો વીતરાગતા છે. પરમાત્મા વીતરાગ થયા અને વીતરાગતા પ્રગટ કરવામાં નિમિત્ત છે.

આહાહા... વીતરાગતા પ્રગટ કેમ થાય ? કે ત્રિકાળી આત્મા ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરે તો વીતરાગતા થાય, ચારે અનુયોગમાં-જિનવચનમાં આ કહ્યું છે. ભાઈ, ભાષા તો સાદી છે, ભાષા કાંઈ આકરી નથી પણ ભાવ તો હોય તે હોય ને ! શું થાય? પવિત્ર આનંદનો નાથ પ્રભુ પોતે જ સ્વીકારવા લાયક છે, એ જ સત્કાર કરવા લાયક છે, એ જ ઉપાદેય છે, એ આદરણીય છે, એમાં લીન થવા લાયક છે.

પ્રશ્ન : એ (આત્મા) ઉપાદેય છે એમ સ્વીકારે છે કોણ ?

ઉત્તર : એ પર્યાય સ્વીકારે છે. પર્યાયની તાકાત છે કે આખા આત્માને ઉપાદેય તરીકે સ્વીકારે છે. પર્યાયમાં આત્મા આવતો નથી. આત્મા ક્યાંથી આવે પર્યાયમાં ? દ્રવ્ય તો દ્રવ્યમાં છે. ને પર્યાય પર્યાયમાં છે. પણ પર્યાયમાં આખા આત્માના સ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાન આવી જાય છે. આહાહા.... આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન !

મહાવિદેહમાંથી સીમંધર ભગવાને પ્રરૂપેલ દિવ્યધ્વનિ અહીં આવી છે. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતાં અને ત્યાંથી આ સંદેશા લઈને આવ્યા છે કે ભગવાન તો આમ કહે છે. ભાઈ !

પ્રશ્ન : ભગવાનની વાણીમાં - જિનવચનમાં આત્મા ઉપાદેય કહ્યો. એટલે શું ?

ઉત્તર : જિનવચનમાં વીતરાગતાનું વર્ણન છે. વીતરાગતા ત્રિકાળી આત્માના અવલંબને પ્રગટે છે. તેથી જિનવચનમાં આત્માને જ ઉપાદેય કહ્યો છે. સમજાણું કાંઈ... ? નિશ્ચયનય છે તે ત્રિકાળીને આદરણીય માને છે. વ્યવહારનય વર્તમાન અશુદ્ધતા છે તેને જાણે છે એટલું જ છે. પરંતુ તે આદરણીય નથી.

વ્યવહાર છે તે એક સમયની પર્યાયને રાગને જાણે છે. ત્યારે તેનાથી વિરુદ્ધ નિશ્ચય છે તે ત્રિકાળીને જાણે છે એટલે કે ત્રિકાળીને ઉપાદેય કરીને જાણે છે કેમકે જિનવચનમાં

નિશ્ચય ઉપાદેય છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઇ...? ભાઇ ! આમ કહીને વ્યવહારને હેય કહેવો છે.

પ્રશ્ન : ઉભયનય હોવા છતાં અહીં નિશ્ચય ઉપાદેય છે એમ કેમ કહ્યું ?

ઉત્તર : ભગવાન એમ કહે છે કે નિશ્ચય છે તે સ્વનો આશ્રય લે છે અને વ્યવહાર છે તે પરનો આશ્રય લે છે. તેથી પરનો આશ્રય થયો તે હેય છે. ત્યારે હવે ઉપાદેય કોણ છે ? જે સ્વનો આશ્રય (એવો) જે ત્રિકાળી ભગવાન આત્મા તે ઉપાદેય છે. જિનવાણીમાં નિશ્ચયને ઉપાદેય આ રીતે કહેવામાં આવ્યો છે. વળી, વ્યવહારને ઉપાદેય માનનારા મિથ્યાદષ્ટિ છે, નિશ્ચયને ઉપાદેય માનનારા સમ્યગ્દષ્ટિ છે. વ્યવહાર છે ખરો પણ એ જાણવાલાયક છે. સમજાણું કાંઇ... ? અરે ! આવી વાતુ છે..... આ મારગડા જુદા ભાઇ ! વીતરાગના મારગડે તો ભવના અંત આવે એવું છે.

વીતરાગી વચન એટલે વીતરાગી ભાવ વચન-વાણી તો વાચક છે. વાણી તો જડ છે. જડમાં રમતાં કાંઇ આત્માનું કલ્યાણ નથી. અહીં તો કહે છે કે વાણી છે તે પર છે અને પર તરફના લક્ષવાળો વ્યવહાર છે તે હેય છે અને વીતરાગતા તો ત્રિકાળીના આશ્રયે ઉત્પન્ન થાય છે. ત્રિકાળીને જ્યારે ઉપાદેય કર્યો ત્યારે એનો (વ્યવહારનો) નિષેધ છે. આમાં બેનો વિરોધ પણ નક્કી થઇ ગયો. આ ઉપાદેય ત્રિકાળી ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદઘન પુણ્ય, પાપ, શુભાશુભ વિકલ્પ, રાગથી રહિત છે એને જિનવચનમાં - આદરણીય કહેવામાં આવ્યો છે. સમકિતી એ ત્રિકાળી જીવને આદરે છે.

'જિનવચસિ રમન્તે'-ધર્મની પહેલી શરૂઆતવાળો વીતરાગભાવ પ્રગટ કરવા આત્મામાં રમે છે એને ઉપાદેય-ગ્રહણ કરે છે. લ્યો ! આ એનો સાર કે ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ તેનો અનુભવ થતાં તેને આનંદ આવશે અને ત્યારે ધર્મ થશે. આ શ્રદ્ધા-રુચિ-પ્રતીતિ અને અનુભવ કરવાનું કહે છે.

પ્રશ્ન : બે નયનો વિરોધ એટલે શું ?

ઉત્તર : નિશ્ચયથી કહીએ તો ત્રિકાળી સ્વરૂપ તે ઉપાદેય છે, વ્યવહારથી કહીએ તો અશુદ્ધતા હેય છે, ત્યારે બે નયની વિરુદ્ધતા રહે છે. જો બંને આદરણીય છે તો બે નયની વિરુદ્ધતા રહેતી નથી, બે નયનું સ્વરૂપ રહેતું નથી.

આહાહા... જાણનાર... જાણનાર...જાણનાર જેનો સ્વભાવ છે, જેની સત્તાથી-

જેના હોવાપણાથી જાણવું થાય છે; એવો, જાણનાર ભગવાન આત્મા ત્રિકાળી શુદ્ધ ધ્રુવ તેને જિનવચનમાં ઉપાદેય કીધો છે, આદરણીય કહ્યો છે. એ વસ્તુ આદરવા લાયક છે.

પ્રશ્ન : જ્ઞાનીને વ્યવહાર તો હોય છે ! જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના પરિણામ, ભક્તિ-પ્રભાવના એવા ભાવ તો આવે છે ?

ઉત્તર : જિનવચનમાં નિશ્ચય અને વ્યવહાર બે નય તો છે, નથી એમ નહીં. વ્યવહાર છેક સુધી હોય છે. જ્ઞાનીને તે વ્યવહારના જે બધાં વિકલ્પ છે તે હેય છે. તે આશ્રય કરવા લાયક કે હિતકર્તા નથી. હિતનું કારણ - સાધન તો ભગવાન આત્મા કે જે જાણક સ્વભાવની સત્તા એવો જે શુદ્ધ ચૈતન્ય આત્મા છે તેનો વીતરાગની વાણીમાં આદર કરવો કહ્યું છે.

આહાહા... પહેલાં પરમાં સાવધાન હતો એ મોહ હતો. હવે પોતામાં 'રમન્તે' સાવધાનપણે અર્થાત્ મોહના અભાવથી જ્ઞાયકભાવ એવો જે સ્વભાવભાવ એની જે કોઈ રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ કરે છે, પ્રત્યક્ષપણે અનુભવ કરે છે. પ્રત્યક્ષપણે એટલે કે મન અને રાગના અવલંબન વિના સીધો આત્માના આનંદનો પ્રત્યક્ષ અનુભવ કરે છે તેનું નામ જીવને ઉપાદેય કહેવામાં આવ્યો છે. આહાહા... કેટલો સરસ અર્થ કર્યો છે.

ઝીણું બહુ ભાઈ ! પણ આત્મ વસ્તુ સ્થિતિ આવી છે તે ઓળખાણ તો કરવી પડશે ને ! જ્યાં એનું જ્ઞાન જ સાચું નથી તો તેના કોઈ રસ્તા નથી ઉઘડવાના.

**"ભાવાર્થ આમ છે-વચન પુદ્ગલ છે, તેની રુચિ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ નથી; તેથી વચન દ્વારા કહેવામાં આવે છે જે કોઈ ઉપાદેય વસ્તુ, તેનો અનુભવ કરતાં ફળ પ્રાપ્તિ છે."**

આહાહા... ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપ, ચૈતન્યબિંબ તેની સન્મુખપણું તેનું નામ ઉપાદેય છે. ફળ પ્રાપ્તિ એટલે કે સુખની પ્રાપ્તિ ત્યાં છે. પુણ્ય-પાપના ભાવને અનુભવતાં દુ:ખની પ્રાપ્તિ છે. આત્મા પૂર્ણ નિત્ય જ્ઞાનાનંદ સ્વરૂપ તેનો અનુભવ કરતાં સુખની પ્રાપ્તિ છે. અને જીવોનું ધ્યેય પણ સુખની પ્રાપ્તિ છે. હવે માર્ગ તો આવો છે. ત્યારે કોઈ કહે કે વ્યવહાર કરતાં કરતાં થાય એમ કહો પણ અહીંયા તો (તેની) ના પાડે છે.

**"કેવું છે જિનવચન? "उभयनयविरोधध्वंसिनि" (उभय) બે (नय) પક્ષપાતને (વિરોધ) પરસ્પર વૈરભાવ, (વિવરણ-એક સત્ત્વને દ્રવ્યાર્થિકનય દ્રવ્યરૂપ, તે જ સત્ત્વને પર્યાયાર્થિકનય પર્યાયરૂપ કહે છે, તેથી પરસ્પર વિરોધ છે) તેનું (ध्वंसिनि) મેટનશીલ છે. ભાવાર્થ આમ છે-બંને નય વિકલ્પ છે, શુદ્ધ જીવ સ્વરૂપનો અનુભવ નિર્વિકલ્પ છે. તેથી શુદ્ધ જીવવસ્તુનો અનુભવ થતાં બંને નયવિકલ્પ જૂઠા છે."**

બે નયને વિરોધભાવ છે. એક નય કહે છે કે આત્મા નિત્ય છે, એક નય કહે છે કે અનિત્ય છે. એક કહે છે કે શુદ્ધ છે, એક કહે છે કે પર્યાયમાં અશુદ્ધ છે. એક કહે છે કે અભેદ છે, બીજી કહે છે કે ભેદ છે. એક નય કહે છે કે એક છે, બીજી નય કહે છે કે અનેક છે. આમ બે નયને વિરોધ છે.

બીજી રીતે કહીએ તો, વસ્તુ જે છે તે તો તેની તે જ છે. એને ત્રિકાળીની અપેક્ષાએ દ્રવ્યરૂપ કહે છે, વર્તમાન દશાની અપેક્ષાએ પર્યાયરૂપ કહે છે. બેમાં તો વિરોધ થયો. જિનવચન આ વિરોધને મટાડવાના સ્વભાવવાળું છે. કેમ કે તે અપેક્ષાથી કહે છે. ત્રિકાળીને દ્રવ્ય અને વર્તમાનને પર્યાય કહે છે. તે બેય અપેક્ષાથી કહે છે. આ સ્યાદ્‌વાદ અનેકાંત તેનું સ્વરૂપ છે.

વળી, આત્મા દ્રવ્યે નિત્ય છે, વર્તમાન અવસ્થાથી અનિત્ય છે - એ બેયને અહીંયા તો ભેદરૂપ કહીને વિકલ્પ કહ્યો અને શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ નિર્વિકલ્પ છે. ભગવાન આત્મા પવિત્ર ત્રિકાળી એનો જે અનુભવ તે નિર્વિકલ્પ છે. એમાં વિકલ્પ-રાગ નથી. શું કહ્યું એ ? કે નિશ્ચયનયથી વસ્તુ ત્રિકાળી દ્રવ્ય છે. એ પણ એક વિકલ્પ છે, કેમ કે આ પક્ષની અંદર ભેગો રાગનો અંશ છે અને અનુભવ છે તે તો નિર્વિકલ્પ છે. આ બે નયોની અપેક્ષાથી કહેવું તે તો એક રાગના ભાગનું અવલંબન છે, માટે તે સવિકલ્પ છે અને અનુભવ તો નિર્વિકલ્પ છે. અહા ! આવી વાતો છે ભાઈ !

આહાહા... શુદ્ધ વસ્તુનો અનુભવ થતાં બંને નયવિકલ્પ જૂઠા છે. દ્રવ્યે નિત્ય છે તે જૂઠું છે એમ નહીં અને પર્યાયે અનિત્ય છે તે જૂઠું છે એમ નહીં, પણ તેનો જે વિકલ્પ છે, ભેદ પાડીને વિચારે છે તે વિકલ્પ જૂઠા છે. સમજાણું કાંઈ...? અનુભવ તો ત્રિકાળીનો થાય છે. અને અનુભવ થાય છે પર્યાયમાં. તે અનુભવરૂપ પર્યાય પોતે પણ નિર્વિકલ્પ છે. માર્ગ તો આ છે બાપુ ! આવો કઠણ જૈન માર્ગ છે... આનાથી બીજો કયો સહેલો માર્ગ હશે ?

**"કેવું છે જિનવચન ? (स्यात्पदाङ्के) (स्यात्पद) સ્યાદ્વાદ અર્થાત્ અનેકાન્ત - જેનું સ્વરૂપ પાછળ કહ્યું છે - તે જ છે. (अङ्के) ચિહ્ન જેનું, એવું છે. ભાવાર્થ આમ છે - જે કોઈ વસ્તુ માત્ર છે તે તો નિર્ભેદ છે. તે વસ્તુમાત્ર વચન દ્વારા કહેતાં જે કોઈ વચન બોલાય છે. તે જ પક્ષરૂપ છે."**

આત્મા અભેદ સત્તાથી જુઓ તો દ્રવ્યરૂપ છે. અને સત્તાને ભેદથી જુઓ તો ગુણરૂપ છે. આ વાત પહેલા આવી ગઈ કે જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે તે જ દ્રવ્ય-ગુણાત્મક છે, તેમાં જે સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય છે તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય છે. આનું નામ અનેકાન્ત છે. વસ્તુ તો નિર્ભેદ છે. વસ્તુ જે છે તેમાં કોઈ ભેદ નથી. કેમ કે પર્યાય ત્રિકાળીને જુએ તેમાં ભેદ ક્યાં રહે ? દ્રવ્ય પર્યાય પણ અભેદ છે, (પર્યાયને) જુદી પાડે તો ભેદ થાય, આમ તો વસ્તુ અભેદ છે.

કથનમાં એમ આવે કે હું દ્રવ્ય છું તો એ પક્ષ થઈ ગયો - વિકલ્પ થયો. પર્યાય છું એવો પણ એક રાગ થયો-વિકલ્પ થયો. આહાહા... અહીં સુધીના પક્ષને પણ રાગ કહે છે. અહીંયા તો આત્મવસ્તુ દ્રવ્ય છે એવી એક વિકલ્પની વૃત્તિ ઉઠે છે તે પણ એક રાગ છે. કારણ કે વસ્તુ તો જ્ઞાનસ્વરૂપ ને આનંદસ્વરૂપ છે એમાં વૃત્તિનું ઉત્થાન થયું. હું દ્રવ્ય છું - પર્યાય છું એવો જે વિકલ્પ છે તે વસ્તુના સ્વરૂપમાં નથી.

**"કેવા છે આસન્નભવ્ય જીવ ? "स्वयं वान्तमोहाः (स्वयं) સહજપણે (वान्त) વમી નાખ્યું છે. (मोहाः) મિથ્યાત્વ - વિપરીતપણું એવા છે."**

આહાહા... કેવી ભાષા લીધી છે. વમી નાખ્યું છે વમન કર્યું છે. જેમ માણસ વમી નાખે તે ફરીને ન ખાય, તેને કૂતરા ખાય. એમ જેણે મિથ્યાત્વને છોડી દીધું છે. હું અખંડાનંદ પ્રભુ છું એવો અનુભવ થતાં મિથ્યાત્વનો નાશ થઈ ગયો છે - એનું નામ મિથ્યાત્વને વમી નાખ્યું છે. અહીં મોહનો અર્થ મિથ્યાત્વ કર્યો. તદ્દન રાગ-દ્વેષનો નાશ એમ નહીં પણ મિથ્યાત્વનો નાશ.

**"ભાવાર્થ આમ છે-અનંત સંસાર જીવોને ભમતાં થકાં જાય છે, તે સંસારી જીવ એક ભવ્યરાશિ છે, એક અભવ્યરાશિ છે. તેમાં અભવ્યરાશિ જીવ ત્રણે કાળ મોક્ષ જવાને અધિકારી નથી. ભવ્ય જીવોમાં કેટલાક જીવો મોક્ષ જવાને યોગ્ય છે."**

ચાર ગતિમાં રખળતાં અનંત સંસાર-અનંત કાળ જાય છે. આહાહા... આ ભવ... એ પહેલાનો ભવ... એ પહેલાનો ભવ... એ પહેલાનો ભવ એમ ભવની રાશ અનંત થઈ

ગઈ. અનંત કાળમાં કોઈ કાળ ભવ વિનાનો રહ્યો નથી. આહાહા. આવા ભવભ્રમણ કરતાં અનંતકાળ જાય છે. માણસપણું પણ અનંતવાર મળ્યું, ઢોરમાં ગયો, નરકમાં ગયો. જીવોને અનંત સંસાર રખડતાં જાય છે.

તે જીવોમાં એક ભવ્યરાશિ ને એક અભવ્યરાશિ છે. રાશિ એટલે ઢગલો. મોક્ષ જવાને લાયક તે ભવ્યરાશિ. અને ત્રણે કાળ મોક્ષ જવાને લાયક નથી તે અભવ્ય રાશિ. અભવ્ય જીવ કોરડુ મગ જેવા છે. કોરડુ મગને લાખ પાણીએ નાખો તો પણ બફાય નહીં, ભરડે ભૂકો થાય પણ બફાય નહીં. તેમ અભવ્ય જીવ રાશિ અનંત છે. દ્રવ્યલિંગી મુની થઈ એવી ક્રિયાકાંડ કરે કે નવમી ગ્રૈવેયકે જાય, અને ક્યારેક પાપની ક્રિયા કરી સાતમી નરકે જાય. પણ એની કોઈ દિ' મુક્તિ થાય નહીં. ત્રણે કાળ મોક્ષ જવાને અધિકારી નથી. ભવ્યમાં પણ કેટલાક જીવો મોક્ષ જવાને યોગ્ય છે.

**"તેમને મોક્ષ પહોંચવાનું કાળ પરિમાણ છે. વિવરણ-આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે. તે જીવ સંસારમાં ભમતાં ભમતાં જ્યારે અર્ધપુદ્‌ગલપરાવર્તનમાત્ર રહે છે ત્યારે જ સમ્યક્‌ત્વ ઉપજવાને યોગ્ય છે. આનું નામ કાળલબ્ધિ કહેવાય છે. યદ્યપિ સમ્યક્‌ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે તથાપિ કાળલબ્ધિ વિના કરોડ ઉપાય જો કરવામાં આવે તો પણ જીવ સમ્યક્‌ત્વરૂપ પરિણમનને યોગ્ય નથી એવો નિયમ છે. આથી જાણવું કે સમ્યક્‌ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે."**

ઘણા માણસ નથી કહેતાં કે - મારું નામ છે કે નહીં નોંધમાં ? તેમ ભવ્ય જીવમાં કેટલાક જે મોક્ષ જવાને લાયક છે એનું પણ કાળનું માપ છે. અને કેવળજ્ઞાનમાં એની નોંધ છે.

અહીં કાળલબ્ધિની મુખ્યતાથી વાત કરે છે. જેને અર્ધપુદ્‌ગલપરાવર્તન કાળ રહે ત્યારે તે સમ્યક્‌ત્વ પામશે. અર્ધપુદ્‌ગલપરાવર્તનના અનંતમાં ભાગમાં અનંતી ચોવીશી થાય. ત્યારે તે સમકિત પામે અર્થાત્ સમકિત ઉપજવાને યોગ્ય છે.

પ્રશ્ન : સર્વજ્ઞે દીઠું હશે તેમ થશે...!

ઉત્તર : અમારે સંપ્રદાયમાં ૭૨ની સાલમાં આવો પ્રશ્ન થયો હતો ત્યારે મેં કહ્યું કે જગતમાં કેવળી છે. જેમની જ્ઞાનગુણની એક પર્યાય, એક સેકન્ડના અસંખ્યાતમાં ભાગમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે, અનંતા કેવળીને જાણે, એવી એક સમયની પર્યાયની સત્તા-

હોવાપણું જેને જ્ઞાન સ્વભાવમાં બેસે તેને તે બેસે.

તેથી તો પ્રવચનસાર ૮૦ મી ગાથામાં કહ્યું કે -

**'' जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं –**

અરિહંતની - કેવળજ્ઞાનની પર્યાયને જે જાણે એ આત્માને જાણે અને એના મોહનો નાશ થાય જ. આ તો ૭૨ની સાલની વાત છે. તે દિ' પ્રવચનસાર તો ક્યાં વાંચ્યું હતું? પ્રવચનસાર તો ૭૮ની સાલમાં આવ્યું. જેને સર્વજ્ઞની પર્યાય બેસે તેના ભગવાને ભવ નથી ભાખ્યા એને ભવ હોય નહીં'' મોટી ચર્ચા ચાલી હતી.

પ્રશ્ન : અભવ્યને મતિ, શ્રુત, અવધિ ત્રણ આવરણ હોય, મનઃ પર્યય અને કેવળજ્ઞાનાવરણ તે બે ન હોય ?

ઉત્તર : અભવ્યને પાંચે આવરણ છે એનો અર્થ એ થયો કે કેવળજ્ઞાનાવરણ છે તો શક્તિમાં કેવળજ્ઞાન છે. તેનું આવરણ નિમિત્તરૂપે છે. ન્યાય સમજાય છે ?

શ્રોતા : એ તો બધાં જીવોમાં છે !

ઉત્તર : બધાંમાં છે પણ એ બેસે ત્યારે ને ?

આ જગતમાં સર્વજ્ઞ પરમેશ્વર છે. છે એની સત્તાનો સ્વીકાર કરવા જાય તેમાં તો સ્વભાવ તરફ ઢળવાનો પુરુષાર્થ આવે છે. તેમાં નિયતવાદ નથી.

આહાહા... ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ વસ્તુ પ્રભુ છે એની એક સમયની વર્તમાન દશામાં જાણવું... જાણવું... જે સ્વભાવ તે કોને ન જાણે ? એ જાણવાની દશાને હદ ને પરિમિતતા હોય નહીં, મર્યાદા ન હોય. ત્રણકાળ, ત્રણલોક એમ ન જાણે તે આત્મા ત્રિકાળ છે એમ જાણતો નથી. એકને જાણે તે અનેકને જાણે છે અને ત્યારે તેને કાળલબ્ધિનું જ્ઞાન થાય છે એમ કહે છે. આ તો કાળલબ્ધિ ધારણારૂપ કીધી, પણ કાળલબ્ધિનું જ્ઞાન ક્યારે થાય ? કે અંતર જ્ઞાનસ્વરૂપમાં - અનુભવમાં દૃષ્ટિ જાય ત્યારે કાળલબ્ધિનું તેને સાચું જ્ઞાન થાય.

કાળલબ્ધિ કહો કે ક્રમબદ્ધ કહો દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ છે. એનો સાચો નિર્ણય જ્ઞાનસ્વભાવ સન્મુખ થયા વગર થાય નહીં. પ્રવચનસાર ૧૦૨ ગાથામાં જે સમયે જે પર્યાય જ્યાં થાય એની જન્મક્ષણ નક્કી છે. જન્મક્ષણ એટલે ઉત્પત્તિનો કાળ. એવો જે ક્રમબદ્ધ કે જન્મક્ષણનો નિર્ણય કરવા જાય ત્યારે તેનું લક્ષ પર્યાય ઉપર ન રહે. અંદર દ્રવ્યસ્વભાવ ઉપર લક્ષ જાય. ત્યારે તેને જન્મક્ષણનું જ્ઞાન સાચું થાય. ઝીણી વાત છે. ભાઈ ૭૨ વર્ષ પહેલાં આ તો અંદરથી આવ્યું હતું.

અહીં કાળલબ્ધિ કહી છે પણ પાંચે સમવાય સાથે હોય છે.

૧. એક સમયની પર્યાયમાં ત્રણકાળ જણાય છે તેથી પર્યાયના સ્વભાવનો નિર્ણય કરતાં પોતાનો જ્ઞાયકસ્વભાવ છે એનો નિર્ણય થાય છે - તે સ્વભાવ.

૨. સ્વભાવ તરફનો પુરુષાર્થ - તે પુરુષાર્થ આવ્યો.

૩. એ જ કાળે જે થવાનું છે - તે કાળ આવ્યો.

૪. તે જ કાળે તે ભાવનું ભવિતવ્ય છે - તે હોનહાર.

૫. કર્મના નિમિત્તનો અભાવ - તે નિમિત્ત આવ્યું. આમ એક જ સમયમાં પાંચે સમવાય છે.

અહીં રાજમલજીએ સમ્યક્ત્વ યત્નસાધ્ય નથી એમ કહીને કાળલબ્ધિની મુખ્યતા કરી છે. પણ કાળલબ્ધિમાં તે કાળમાં પુરુષાર્થ તો છે જ. પ્રવચનસારમાં જ્યાં જુઓ ત્યાં પુરુષાર્થ... પુરુષાર્થની વાત કરી છે. હું સમકિત પામ્યો છું પણ હજી રાગ થોડો છે એટલે કમર બાંધીને બરોબર બેઠો છું. પુરુષાર્થથી રાગને છેદવા... સમજાણું કાંઈ... ?

પ્રવચન નં. ૫, ૬ તા. ૩-૬-'૭૭ થી ૪-૬-'૭૭

અહા ! લોકાલોક જણાય છે તે ખરેખર ઉપયોગની સ્વચ્છતા જ જણાય છે. અહા! આવી સ્વચ્છત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે અને તે દ્રવ્ય/ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપે છે. અહા ! ઉપયોગની સ્વચ્છતાનો એવો કોઈ અચિંત્ય સ્વભાવ છે કે પરની સામે જોયા વિના જ પોતે પોતાના સ્વભાવથી જ લોકાલોકને જાણવારૂપે પરિણમી જાય છે. આવી વાત ! સમજાણું કાંઈ ? હવે પોતે કોણ છે? કેવડો છે ? - એની ખબર ન મળે એ બિચારા શું કરે ?

-પૂ. ગુરૂદેવશ્રી

-પ્રવચન રત્નાકર ભાગ-૧૧ પાનું - ૬૯.

## કળશ-૫

### (માલિની)

**व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-**
**मिह निहितपदानां हन्त हस्तावलम्बः ।**
**तदपि परममर्थं चिच्चमत्कारमात्रं**
**परविरहितमन्तः पश्यतां नैष किञ्चित् ॥ ५ ॥**

ખંડાન્વય સહિત અર્થ : - "**व्यवहरणनयः यद्यपि हस्तावलम्बः स्यात्**" જેટલું (**व्यवहरणनयः**) કથન. તેનું વિવરણ-જીવવસ્તુ નિર્વિકલ્પ છે. તે તો જ્ઞાનગોચર છે. તે જ જીવવસ્તુને કહેવા માગે, ત્યારે એમ જ કહેવામાં આવે છે કે જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ. જો કોઈ બહુ સાધિક (અધિક બુદ્ધિમાન) હોય તો પણ આમ જ કહેવું પડે. આટલું કહેવાનું નામ વ્યવહાર છે. અહીં કોઈ આશંકા કરશે કે વસ્તુ નિર્વિકલ્પ છે, તેમાં વિકલ્પ ઉપજાવવો અયુક્ત છે. ત્યાં સમાધાન આમ છે કે વ્યવહારનય હસ્તાવલમ્બ છે. (**हस्तावलम्बः**) જેવી રીતે કોઈ નીચે પડ્યો હોય તો હાથ પકડીને (તેને) ઊંચો લે છે તેવી જ રીતે ગુણ-ગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઊપજવાનું એક અંગ છે. તેનું વિવરણ-'જીવનું લક્ષણ ચેતના' એટલું કહેતાં પુદ્‌ગલાદિ અચેતન દ્રવ્યથી ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે. તેથી જ્યારે અનુભવ થાય ત્યાં સુધી ગુણ-ગુણીભેદરૂપ કથન જ્ઞાનનું અંગ છે. વ્યવહારનય જેમને હસ્તાવલમ્બ છે તેઓ કેવા છે ? "**प्राक्पदव्यामिह निहितपदानां**" (**इह**) વિદ્યમાન એવી જે (**प्राक्पदव्याम्**) જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા, તેમાં (**निहितपदानां**) નિહિત-સ્થાપેલ છે પદ-સર્વસ્વ જેમણે એવા છે. ભાવાર્થ આમ છે - જે કોઈ સહજપણે અજ્ઞાની છે, જીવાદિ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાના અભિલાષી છે, તેમના માટે ગુણ-ગુણીભેદરૂપ કથન યોગ્ય છે. "**हन्त तदपि एषः न किञ्चित्**" જો કે વ્યવહારનય હસ્તાવલમ્બ છે તો પણ કાંઈ નથી, 'નોંધ' (જ્ઞાન, સમજ) કરતાં જૂઠો છે. તે જીવો કેવા છે જેમને વ્યવહારનય જૂઠો છે ? **चिच्चमत्कारमात्रं अर्थं अन्तः पश्यतां**" (**चित्**) ચેતના (**चमत्कार**) પ્રકાશ (**मात्रं**) એટલી જ છે. (**अर्थं**) શુદ્ધ જીવવસ્તુ, તેને (**अन्तः पश्यतां**) પ્રત્યક્ષપણે અનુભવે છે. ભાવાર્થ આમ છે-વસ્તુનો અનુભવ થતાં વચનનો વ્યવહાર સહજ જ છૂટી જાય છે. કેવી છે વસ્તુ ? "**परमं**" ઉત્કૃષ્ટ છે, ઉપાદેય છે. વળી કેવી છે વસ્તુ ? "**परविरहितं**" (**पर**) દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મથી (**विरहितं**) ભિન્ન છે. ૫.

# કલશ - ૫ : ઉપરનું પ્રવચન

**''व्यवहरणनयः यद्यपि हस्तावलम्बः स्यात्'' જેટલું (व्यवहरणनयः) કથન. તેનું વિવરણ-જીવવસ્તુ નિર્વિકલ્પ છે. તે તો જ્ઞાનગોચર છે.''**

આહાહા... ભગવાન આત્મા તો અખંડ અભેદ ચીજ છે. એમાં કોઈ ભેદ નથી અને રાગે નથી. ભગવાન આત્મા તો જ્ઞાનગમ્ય છે. અંદર જાણવાના જ્ઞાનને ગમ્ય છે. રાગને, વિકલ્પને ગમ્ય આત્મા નથી, તે જ્ઞાનથી જણાય એવી ચીજ છે. ક્રિયાકાંડ, વ્રત, નિયમથી જણાય એવી ચીજ નથી.

**પ્રશ્ન :** સમકિત હોય તેને ચારિત્ર આવવું જ જોઈએ ?

**ઉત્તર :** ભાઈ ! તે (ચારિત્ર) આવે પણ તરત જ આવે તેમ નથી, ઋષભદેવ તીર્થંકરને પણ ૮૩ લાખ પૂર્વ ગયા. ચારિત્ર તો અંતરમાં જમાવટ, અતીન્દ્રિય આનંદમાં રમણતા તેનું નામ છે. કાંઈ બહારમાં ક્રિયાકાંડ, પંચમહાવ્રત-તે ચારિત્ર નથી. વળી, ચારિત્ર ન હોય એટલે તેને સમકિત, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણ ચારિત્ર ન હોય એમ નથી. સમજાણું કાંઈ ... ? કેટલાક લોકો ચોથે સ્વરૂપાચરણની ના પાડે છે. પણ અનંતાનુબંધીનો અભાવ થયો તે જ તો સ્વરૂપાચરણ છે. જો કે તેને ચારિત્ર નામ ન અપાય. ચારિત્ર તો પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને અંદરમાં શાંતિ વધી જાય તેને ચારિત્ર નામ અપાય. પણ શું થાય? કેવળજ્ઞાની પરમાત્માના વિરહ પડ્યા. સત્ય નિર્ણય કોની પાસે કબુલ કરાવવા..! ધણી વગરના ઢોર ક્યાં જાય !

સમયસારની આઠમી ગાથામાં કહ્યું કે **'स्वस्ति'** તો સાંભળવાવાળો સ્વસ્તિનો અર્થ સમજ્યો નહીં તેથી કહેનારની સામે સમજવાની જિજ્ઞાસાથી ટગ ટગ જુએ છે કે આ શું કહે છે ? તે અનાદર નથી કરતો. આવી વ્યવહારનયવાળા અજ્ઞાની જીવની લાયકાત હોય તે સાંભળવાને લાયક છે. તેને સ્વસ્તિનો અર્થ સમજાવતાં કહ્યું કે સ્વ અસ્તિ એટલે ધ્રુવ ચેતના તે સ્વ, તેમાં અસ્તિ તે સ્વઅસ્તિ છે, તેનું કલ્યાણ હો. તેનો આવો અર્થ છે. આવું સાંભળી તેને હર્ષ થયો. આ તો દૃષ્ટાંત થયું.

તેમ, સિદ્ધાંતમાં ગુરુએ વ્યવહારીજનને ''આ આત્મા'' કહ્યું તો સાંભળવાવાળો - આ આત્મા આત્મા શું કરે છે ? તેમ અનાદર - અવજ્ઞા ન કરી પણ આ શું કહે છે ? એવી સમજવાની જિજ્ઞાસાથી ટગ-ટગ જોઈ રહ્યો છે. આટલી તો વ્યવહારનયવાળા અજ્ઞાની જીવની લાયકાત હોય ! તેને સમજાવતાં કહ્યું કે ''જે દર્શન-જ્ઞાન-ચારિત્રને

હંમેશા પ્રાપ્ત હો તે આત્મા'' - આ વ્યવહારે કહ્યું - ભેદ પાડીને કહ્યું. અહીં છ દ્રવ્યની વાત લીધી જ નહીં. કારણ કે સારમાં સાર તો આત્મા જ છે, તેનો અનુભવ કરવો છે. તેથી છ દ્રવ્ય શબ્દ ન લેતાં આત્મા શબ્દ પહેલાં લીધો. દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત હો તે આત્મા-એટલો વ્યવહાર કહ્યો પણ તે વ્યવહાર કહેનારને અનુકરણીય નથી, અનુસરણીય નથી અને સાંભળનારને પણ અનુસરણીય નથી એવો પાઠ ત્યાં આઠમી ગાથામાં લીધો છે.

અહીં કહે છે કે વ્યવહારનય તો કથન છે. ભેદ કરીને કહેવું, સમજાવવું - તે બસ કથનમાત્ર છે, તે વસ્તુસ્વરૂપ નથી. વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ વ્યવહારમાં આવતું નથી. વ્યવહાર તો ભેદ કથન કરતાં આવે છે. દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત કરવું તે પણ ભેદ થયો, ત્રણરૂપ થવું તે પણ ભેદ થયો, વ્યવહાર થયો. વ્યવહાર આવે છે, પણ તે આદરણીય-આશ્રય કરવા લાયક નથી, કહેનાર અને સાંભળનાર બંનેને આશ્રય કરવા લાયક નથી.

વ્યવહારનયનો અર્થ જ ટીકાકારે એટલો કર્યો કે ભેદ પાડીને કથન કરવું, એ તો કથન છે. અનુભવ કરવામાં આ વ્યવહાર કાંઈ કામ કરતો નથી. પોતાનો શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ ચીજ જે છે એના ઉપર દૃષ્ટિ કરી અનુભવ કરવો તે સમ્યગ્દર્શન પામવાની ચીજ છે. આ વ્યવહાર સમ્યગ્દર્શન પામવાની ચીજ નથી.

અહીં કથનમાત્ર કહીને.... સર્વથા અજ્ઞાની હોય તો દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, દર્શન-જ્ઞાન-ચારિત્ર ભેદ કરીને સમજાવવું, અને જ્ઞાની હોય તો સવિકલ્પદશામાં આ વ્યવહાર આવે છે, પણ છે તે હેય, આવી વાત છે ભાઈ! પંડિતોમાં પણ આના મોટા ઝઘડા ચાલે છે.

પરમાત્મા કહે છે ''સર્વે જીવો, સર્વ કાળ, સર્વ લોકમાં પરિપૂર્ણ સ્વભાવથી ભર્યા પડ્યા છે, એવી તારી ભાવના હોવી જોઈએ. પરમાત્મપ્રકાશમાં અને સમયસારનાં બંધ અધિકારમાં આવ્યું છે કે ''સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ જેનો સ્વભાવ છે એવો હું એવો છું. **''सहज शुद्ध एक ज्ञानानंद स्वभावोऽहं''** હું નિર્વિકલ્પ છું, હું ઉદાસીન છું, હું નિજ નિરંજન શુદ્ધ આત્માના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચય વીતરાગ સહજાનંદરૂપ સુખની અનુભૂતિ માત્ર જેનું લક્ષણ છે એવા સ્વસંવેદન જ્ઞાન વડે સ્વસંવેદ્ય-ગમ્ય છું''હું તો પોતાના અનુભવથી આનંદ કરવા લાયક છું, બીજા કોઈ ઉપાયથી હું

અનુભવવા લાયક નથી. ભરિતાવસ્થ એટલે પૂર્ણદશાથી ભરેલો છું. અહીં પર્યાયની વાત નથી. અહીંયા તો ભરિત અવસ્થ એટલે પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો છું. આહાહા... ભવી હો કે અભવી સર્વ જીવોની વાત છે.

"હું રાગ-દ્વેષ-મોહ, ક્રોધ-માન-માયા-લોભ, પાંચ ઈન્દ્રિયોનો વિષય વ્યાપાર, ભાવકર્મ, દ્રવ્યકર્મ-નોકર્મ, ખ્યાતિ-પૂજા-લાભની તેમજ દૃષ્ટ, શ્રુત-અનુભૂત ભોગોની આકાંક્ષારૂપ નિદાન-માયા-મિથ્યાત્વરૂપ ત્રણ શલ્ય ઈત્યાદિ સર્વ વિભાવ પરિણામથી રહિત શૂન્ય છું." ત્રણ લોકમાં બધાં જીવ આવા છે. પર્યાય અનેક છે. તેની વાત નથી. આહાહા... જગતત્રયે એટલે ક્ષેત્ર, ત્રિકાળમાં કાળ, સર્વ જીવમાં દ્રવ્ય અને પરિપૂર્ણ સ્વભાવથી ભરેલા છે કહી ભાવ એમ કહી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચાર બોલ લીધા. સમજાણું કાંઈ... ?

સંવત ૧૯૬૪ની સાલમાં સતી અનસૂયાનું નાટક જોયું હતું. વૈરાગી નાટક હતાંને પહેલાં ! ત્યાં માતા બાળકને કહેતી હતી - "બેટા શુદ્ધોઽસિ.......બુદ્ધોઽસિ.... ઉદાસીનોઽસિ....નિર્વિકલ્પોઽસિ....કે બેટા તું શુદ્ધ છે, ઉદાસીન છે, નિર્વિકલ્પ છે." નાટકમાં આવું આવતું હતું ને અત્યારે સંપ્રદાયમાં આ નિશ્ચયની વાત ખટકે છે.

આહા...હા... કેટલું લીધું. ! "જગતત્રયે, કાળત્રયે, મન-વચન-કાયે, કૃત-કારિત-અનુમોદન થી-શુદ્ધનિશ્ચયનયેન તથા સર્વે ભાવા ઈતિ ભાવના નિરંતર કર્તવ્યાં" આહાહા... જુઓ આ દિગંબર સંતોના કથન. અહીંયા દ્રવ્યદષ્ટિની વાત છે. કોઈ દ્રવ્ય અપૂર્ણ નહીં, વિકૃત નહીં. સર્વ જીવ પૂર્ણ સ્વભાવથી ભરેલા છે એવો અનુભવ કરવો, એવી ભાવના કરવી. બાકી બધાં વ્યવહાર કથન છે. સમજાણું કાંઈ....?

અહીં કહે છે આત્મા જ્ઞાનગોચર છે. સ્વસંવેદ્ય છે. તે કોઈ વિકલ્પથી, વ્યવહારથી, રાગથી, નિમિત્તથી, વીતરાગના દર્શનથી કે દિવ્યધ્વનિ સાંભળવાથી આત્મા અનુભવમાં આવે એવું નથી. વસ્તુનું સ્વરૂપ જ અંતરજ્ઞાનથી અનુભવમાં આવે છે. આહાહા... આ તો કાયરના કાળજા કંપે એવી વાતો છે.

જ્ઞાનગોચર કહ્યું ને ! ગોચર એટલે ગમ્ય. આ ગાય, ગધેડાં ઘાસ ચરવા જાય તેને ગોચરી કહે છે. ગાય, ઘાસ ઉપર-ઉપરથી ખાય, મૂળિયાં રાખીને ખાય અને ગધેડાં મૂળમાંથી ઉખેડીને ખાય. તેમ અવળી દશામાં અજ્ઞાની તીવ્ર રાગાદિને છોડે છે પણ મંદ રાગાદિ કરે છે, પણ રાગનો અભાવ કરતો નથી જ્યારે જ્ઞાની ગધેડાની જેમ ગોચરી

કરતાં રાગને મૂળથી ઉખેડી ચૈતન્યનો અનુભવ કરે છે.

વળી, મુનિ પણ ગોચરી કરે છે, ગાયની પેઠે-શ્રાવકે પોતાના ઘરના માટે બનાવ્યું હોય તેમાં પણ ગોચર ગાયની જેમ થોડું લે બસ, બધું ન લે. મુનિને ઉદ્દેશિક આહાર તો હોય જ નહીં.

આહાહા... ચૈતન્ય પ્રકાશનું નૂર ભગવાન, ચૈતન્ય પ્રકાશના તેજનું પૂર તે પોતાના જ્ઞાનની સ્વસંવેદ્ય દશાથી જાણવામાં આવે છે. વ્યવહારથી, રાગથી જાણવામાં આવતો નથી.

આઠ વર્ષના બાળકો તે પણ સર્વ જીવો આવા છે એમ જાણે છે. જેની રાગબુદ્ધિ અને પર્યાયબુદ્ધિ ઉઠી ગઈ છે. રાગ તો હું નહીં પણ એક સમયની અવસ્થા જેટલોય હું નહીં. હું તો પૂર્ણ ભરિત અવસ્થા છું. પૂર્ણ... પૂર્ણ...પૂર્ણ... અનંત શક્તિએ, જ્ઞાન-દર્શન-આનંદ જેવી અનંત સામર્થ્યથી ભરેલો છું. એક એક શક્તિમાં અનંત સામર્થ્ય છે. જ્ઞાન, દર્શન, આનંદ એવી ૪૭ શક્તિઓ આવે છે. એવી તો અનંત શક્તિઓ છે. એક એક શક્તિમાં અનંત શક્તિનું રૂપ છે.

રૂપ એટલે શું ? જેમ આત્મામાં જ્ઞાન છે અને અસ્તિત્વગુણ પણ છે. તો અસ્તિત્વ ગુણ, જ્ઞાન ગુણમાં આવતો નથી. એક ગુણમાં બીજો ગુણ આવતો નથી, પરંતુ અસ્તિત્વ છે તેનું રૂપ જ્ઞાનગુણમાં છે. વર્તમાન જ્ઞાનની દશામાં આવી ચીજ ખ્યાલમાં આવે છે. વર્તમાન પર્યાયમાં વસ્તુ આવતી નથી. વસ્તુ તો વસ્તુરૂપે રહે છે. પર્યાય પર્યાયરૂપ રહે છે. પણ પર્યાયમાં આખી ચીજનું જ્ઞાન આવે છે. પૂર્ણ ચીજનું જ્ઞાન અને શ્રદ્ધાન આવે છે. પર્યાયધર્મ ને દ્રવ્યધર્મ એ બંને ભિન્ન ચીજ છે. આવી ઝીણી વાત છે ભગવાન ! પર્યાયમાં વસ્તુ આવ્યા વિના પરિપૂર્ણ જેવી ચીજ છે એવું સામર્થ્યનું જ્ઞાન થાય છે. આહાહા... આવો માર્ગ છે. વ્યવહારવાળા બધાં ઝઘડા કરે છે કે સોનગઢવાળા વ્યવહારને ઉડાડે છે, એકાંત છે એમ કહે છે પણ ભાઈ ! એને ભાસે એ કહે બિચારા... પણ આત્મવસ્તુની સ્થિતિ તો આવી છે. માનો ન માનો એનાથી કાંઈ ચીજ નહીં ફરી જાય.

**"તે જ જીવવસ્તુ કહેવા માંગે, ત્યારે એ જ કહેવામાં આવે છે કે જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ. જો કોઈ બહુ સાધિક (અધિક બુદ્ધિમાન) હોય તો પણ આમ જ કહેવું પડે... આટલું કહેવાનું નામ વ્યવહાર છે"**

આ તો સંતોની વાણી છે. વીતરાગની વાણી છે. એ કાંઈ કથા નથી. એના એક

એક શબ્દમાં ઘણી ગંભીરતા ભરેલી છે. દિગંબર સંતો એટલે કેવળીના કેળાયતો. આહાહા... સર્વજ્ઞ પર્યાય પ્રગટી નથી પણ શક્તિએ સર્વજ્ઞપણે હું છું એવું જ્ઞાનગમ્ય થઈ ગયું છે.

જીવ વસ્તુ કહેવા માંગે... જુઓ ભાષા ! કહેવા માંગે તો હોં ! તો વ્યવહારનું કથન એટલું આવે છે. આત્મા છે તેના ગુણ જ્ઞાન-દર્શન-ચારિત્ર એવો ભેદ પાડીને કહેવું-કથન કરવું તેનું નામ વ્યવહાર છે. પણ એટલા કથનથી અનુભવ થતો નથી. અનુભૂતિમાં એ વ્યવહારની અપેક્ષા છે જ નહીં. સમ્યક્‌દર્શનનો વિષય જે અભેદ ત્રિકાળી અખંડાનંદ પ્રભુ તેને આ દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદની પણ અપેક્ષા નથી. હવે આવી ચીજ સાંભળી ન હોય એટલે માણસને લાગે કે આ વળી ક્યાંથી કાઢ્યું ? કેટલાક તો કહે છે કે આ વળી નવું કાઢ્યું છે. નવું નથી પ્રભુ ! અનાદિનો વીતરાગનો માર્ગ આ જ છે. અહા ! ભાઈ તેં તું કેવડો છો ? ક્યાં છો ? કેમ છો ? અને કેમ પમાય ? કઈ રીતે ? એ તારી મોટપની તને ખબર નથી.

આહાહા... કેટલી વાત કરી ! જીવ એટલે આત્મા બસ. હવે તેના ગુણ-દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ બસ. એટલો ભેદ પાડી કથન કરવું તે વ્યવહાર. એનો ને એનો ભેદ પાડ્યો, માટે સદ્‌ભૂત વ્યવહાર છે. હવે પેલા દયા, દાન, વ્યવહાર શ્રદ્ધા ને વ્યવહાર રત્નત્રયનો રાગ એ વાત તો ક્યાંય રહી ગઈ. એ તો અસદ્‌ભૂત વ્યવહાર છે. આવો માર્ગ છે ભાઈ ! સૂક્ષ્મ પડે પણ સત્ય તો આ રીતે જ છે.

અહીં કહે છે કે બહુ સૂક્ષ્મ બુદ્ધિવાળો હોય તો પણ આટલો ભેદ પાડ્યા વિના કથન કરી શકે નહીં. આ પણ વ્યવવહાર થયો. રાગ વાળો ને પુણ્યના ઉદયવાળો એ વાત તો છે નહીં. ગુણી જે વસ્તુ, અનંત ગુણનો પિંડ પ્રભુ એને ગુણભેદથી કથન કર્યા વિના એટલો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. છતાં એ ખેદ છે કે વચમાં આટલો વ્યવહાર આવે છે.

**“અહીં કોઈ આશંકા કરશે કે વસ્તુ નિર્વિકલ્પ છે, તેમાં વિકલ્પ ઉપજાવવો અયુકત છે. ત્યાં સમાધાન આમ છે કે વ્યવહારનય હસ્તાવલંબ છે. (हस्तावलम्बः) જેવી રીતે કોઈ નીચે પડ્યો હોય તો હાથ પકડીને (તેને) ઊંચો લે છે તેવી જ રીતે ગુણ-ગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઉપજવાનું એક અંગ છે”**

વસ્તુ તો અભેદ છે. વસ્તુમાં તો ભેદ છે જ નહીં. ગુણ-ગુણીનો પણ ભેદ નથી.

આહાહા... ભગવાન આત્મા રાગરૂપ તો નથી, એક સમયની પર્યાયરૂપ તો નથી પણ ગુણ-ગુણીના ભેદરૂપ પણ નથી. વસ્તુ તો નિર્વિકલ્પ છે, તેમાં વિકલ્પ ઉપજાવવો અયુક્ત છે. આવો શિષ્યનો પ્રશ્ન છે.

ત્યાં સમાધાન કરતાં કહે છે કે વ્યવહારનય હસ્તાવલમ્બ છે. જુઓ... ! હસ્તાવલમ્બ કોને કહે છે. સીડીના પગથિયા ચડે છે પોતાથી પણ લાકડા ઉપર હાથ રાખે છે ને ! તેને હસ્તાવલમ્બ કહે છે. સમજાણું કાંઈ....?

સમયસાર અગિયારમી ગાથાના ભાવાર્થમાં જયચંદ પંડિતજીએ લખ્યું છે કે - એક તો ભેદરૂપ વ્યવહારનો પક્ષ જીવને અનાદિનો છે, બીજું પરસ્પર ભેદરૂપ વ્યવહારનું કથન કરે છે અને એમાં સાંભળનારને અને સંભળાવનારને બંનેને આ ઠીક... આ ઠીક... એમ ઠીક પડે છે તથા જિનવાણીમાં શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી વ્યવહારનું ઘણું કથન કર્યું છે, પણ આ ત્રણેનું ફળ સંસાર છે. સમજાણું કાંઈ...? આ તો સર્વજ્ઞના પ્રોફેસર છે.

જેવી રીતે કોઈ નીચે પડ્યો હોય તો હાથ પકડીને તેને ઊંચો લે છે. પણ તેનો અર્થ એવો નથી કે તે લે છે માટે આ ઉપર આવ્યો. એ તો નિમિત્તમાત્ર છે. નીચે પડેલો માણસ પોતાની ક્રિયાવતી શક્તિથી, પોતાનાથી ઉપર આવ્યો છે. ઉઠાવનાર તો નિમિત્તમાત્ર છે.

જુઓ ! આ લાકડી છે, આ આંગળી તેને હસ્તાવલમ્બ કહેવામાં આવે છે. લાકડી પોતાની યોગ્યતાથી ઊંચી આવે છે. આંગળી નિમિત્તમાત્ર છે. નિમિત્ત છે ખરુ પણ નિમિત્ત પરમાં કાંઈ કરતું નથી. પરને અડતુંય નથી તો પરની પર્યાયમાં શું કરે ? સમયસાર ત્રીજી ગાથામાં છે કે દરેક દ્રવ્ય પોતાના અનંતગુણને ચુંબે છે અન્યને ચુંબતું નથી., અડતું નથી, સ્પર્શતું નથી. પરદ્રવ્યને કયારેય અડ્યું જ નથી. કર્મના ઉદયને આત્મા કદી અડ્યોય નથી. એ જડ છે અને આ ચેતન છે.

તેવી જ રીતે ગુણ-ગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઉપજાવવાનું કારણ છે. શું કહ્યું? કે પ્રથમ અજ્ઞાની જે બિલકુલ ન સમજતો હોય એને સમજાવવા માટે ભેદ પાડીને કહે કે જુઓ ભાઈ ! જ્ઞાન તે આત્મા. આ જ્ઞાન તે આત્મા તે પણ વ્યવહાર થઈ ગયો. અહીં ભેદ કથન જ્ઞાન ઉપજવાનું અંગ કહયું ત્યાં સમ્યક્જ્ઞાનની વાત નથી પણ તેના (અજ્ઞાનીના) જ્ઞાનમાં ખ્યાલ આવે તેવો એક વ્યવહાર અંગ આવે છે. લક્ષ થવાને માટે આટલી વાત છે. પણ એનાથી આત્મા પ્રાપ્ત થાય એમ નથી. જ્ઞાન તે આત્મા એવું કહ્યું તો તેના લક્ષમાં

આવ્યું એટલું. લક્ષમાં આવ્યું હોં ! હજુ જ્ઞાન તે આત્મામાં ગયું નથી. શ્રીમદ્‌જીમાં આવે છે ને-"લક્ષ થવાને તેહનું કહ્યા શાસ્ત્ર સુખદાય."

ભાઈ ! તારી ચીજ તો જ્ઞાન ને આનંદ છે. એટલો વ્યવહાર કહ્યો. હજુ સમ્યક્‌જ્ઞાન છે નહીં. સમજવામાં આટલો અંશ પહેલા આવ્યો. તેનું પણ પછી લક્ષ છોડી અંતર દૃષ્ટિમાં જાય છે ત્યારે સમ્યક્‌દર્શન થાય છે. આ જૈન ધર્મ. જૈન ધર્મ કોઈ પક્ષ નથી, કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ અને વસ્તુની સ્થિતિ અને મર્યાદા જ જૈનધર્મ છે અને આવી ચીજ બીજે ક્યાંય છે નહીં.

**"તેનું વિવરણ-'જીવનું લક્ષણ ચેતના' એટલું કહેતાં પુદ્‌ગલાદિ અચેતન દ્રવ્યથી ભિન્નપણાની પ્રતીતિ ઉપજે છે. તેથી જ્યારે અનુભવ થાય ત્યાં સુધી ગુણ-ગુણીભેદરૂપ કથન જ્ઞાનનું અંગ છે."**

જોયું ? ભિન્નપણાની પ્રતીતિ ઉપજે છે. તેનો અર્થ હજુ સમ્યક્‌દર્શન થયું નથી. હજુ તો એ જાતની શ્રદ્ધા હોં. ! અનુભવ તો આગળ. (વ્યવહાર) શ્રદ્ધામાં આવ્યું કે 'જ્ઞાન તે આત્મા'' એમ.

**"વ્યવહારનય જેમને હસ્તાવલમ્બ છે તેઓ કેવા છે ? ''प्राक्पदव्यामिह निहितपदानां'' (इह) વિદ્યમાન એવી જે (प्राक्पदव्याम्) જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા, તેમાં (निहितपदानां) નિહિત-સ્થાપેલ છે પદ-સર્વસ્વ જેમણે એવા છે. ભાવાર્થ આમ છે - જે કોઈ સહજપણે અજ્ઞાની છે, જીવાદિ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાના અભિલાષી છે, તેમના માટે ગુણ-ગુણીભેદરૂપ કથન યોગ્ય છે."**

''**प्राक्पदव्यामिह**'' નો અર્થ ફૂલચંદજીએ અર્વાચીનપદ કર્યો. અર્વાચીન એટલે સવિકલ્પ દશા. પદ્‌મનંદી પંચવિંશતી એકત્વ સપ્તતિ અધિકારની ૧૬મી ગાથામાં અર્વાચીન શબ્દ છે.

''प्रमाणनयनिक्षेपा अर्वाचीने पदे स्थिताः ।
केवले च पुनस्तस्मिंस्तदेकं प्रतिभासते ॥ १६ ॥

અર્વાચીનનો અર્થ ત્યાં સવિકલ્પ લીધો છે. ધર્મી જીવ જ્યાં સુધી અનુભૂતિમાં (નિર્વિકલ્પ) છે ત્યાં સુધી તો નિશ્ચયમાં છે. પછી, વિકલ્પ ઉઠ્યો દયા, દાન, વ્રત, તપ, ભક્તિ - તે વિકલ્પ વ્યવહાર થઈ ગયો. આ વ્યવહાર સવિકલ્પદશાવાળાને હોય છે.

નિર્વિકલ્પદશાવાળાને વ્યવહાર હોતો નથી. આવો માર્ગ છે ભાઈ ! લોકો પોતાની કલ્પનાથી અર્થ કરે તે ન ચાલે. દિગંબર સંતો કેવળજ્ઞાનીના કેડાયતો છે. એમણે જે રીતે કહ્યું છે તેને તે રીતે સમજવું જોઈએ.

ધર્મીની સવિકલ્પદશા એ જ વ્યવહાર છે અને નિર્વિકલ્પદશા અનુભવ તે નિશ્ચય છે. અહીં **प्राक्पदव्यामिह** ના બે અર્થ કર્યા.

૧. બિલકુલ અજ્ઞાની છે તેને સમજાવવા (ભેદ કર્યો તે વ્યવહાર)

૨. (જ્ઞાનીને) સવિકલ્પદશામાં જે વિકલ્પ ઉઠે છે તે વ્યવહાર. તે જાણવાલાયક છે પણ આદરવાલાયક નથી.

પ્રશ્ન : જાણવાલાયક છે તો હેય છે કે નથી ?

ઉત્તર : જાણવાલાયક છે એનો અર્થ જ એ કે હેય છે. જાણવાલાયક કહ્યું એ પણ હજુ વ્યવહાર છે. રાગ આવે છે તે જ સમયે જ્ઞાનની પર્યાય પોતાથી સ્વપર પ્રકાશક ઉત્પન્ન થાય છે. આ રાગ છે તો રાગનું જ્ઞાન થાય છે એમ નથી. સૂક્ષ્મ વાત છે ભાઈ! વ્યવહાર રત્નત્રયનો રાગ આવે છે, પણ રાગ છે તો રાગનું જ્ઞાન થયું ? તે સમયે જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશક પોતાથી ઉત્પન્ન થઈ છે તો વ્યવહારથી કહેવામાં આવે છે કે રાગને જાણે છે. સમજાણું કાંઈ....? કહે છે હજુ તેને જ્ઞાન નથી પણ જાણવાની અભિલાષા છે કે આત્મા શું ? ગુણ શું છે ? પર્યાય શું છે ? તો તેના માટે ગુણ ગુણીના ભેદરૂપ કથન વ્યાજબી છે.

**''हन्तः तदपि एषः न किञ्चित्'' જો કે વ્યવહારનય હસ્તાવલમ્બ છે તો પણ કાંઈ નથી, 'નોંધ' (જ્ઞાન, સમજ) કરતાં જૂઠો છે.''**

આહાહા... પોતાના જ્ઞાન સ્વરૂપમાં અંદર જતાં-ઠરતાં એ રાગાદિ જે ભેદ આવ્યા તે બધા જૂઠા છે. સત્ય વસ્તુમાં તે આવતાં નથી. વ્યવહાર જૂઠો છે, વ્યવહાર જૂઠો છે. રાજમલજીની ટીકા કડક છે. જૂઠા, જૂઠા એમ ઘણી જગ્યાએ આવે છે. અંતર અનુભૂતિ થાય છે ત્યારે બધો વ્યવહાર જૂઠો છે. કોઈ વ્યવહારથી અંદર અનુભવ થાય તેમ છે નહીં.

**''તે જીવો કેવા છે જેમને વ્યવહારનય જૂઠો છે ? चिद्चमत्कारमात्रं अर्थं अन्तः पश्यतां'' (चित्) ચેતના (चमत्कार) પ્રકાશ (मात्रं) એટલી જ છે. (अर्थं) શુદ્ધ જીવવસ્તુ, તેને (अन्तः पश्यतां) પ્રત્યક્ષપણે અનુભવે છે.''**

ભગવાન આત્મા તો શુદ્ધજીવ ચેતના પ્રકાશમાત્ર છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનો પણ

ભેદ નથી. ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ ત્રણનો પણ ભેદ નહીં. અંતર્મુખ ચૈતન્ય પ્રકાશનો અનુભવ કરવાથી એ ત્રણ ભેદ આદિ જૂઠા છે. ભગવાન શુદ્ધ જીવવસ્તુ ચેતના પ્રકાશ બસ. તેને 'અન્ત: પશ્યતાં' અંતરમાં પ્રત્યક્ષપણે અનુભવે છે. સમ્યક્દર્શનમાં પ્રત્યક્ષપણું નથી, પ્રત્યક્ષપણું તો જ્ઞાનમાં આવે છે. સમ્યક્દર્શનમાં પ્રત્યક્ષ-પરોક્ષના બે ભેદ નથી. પણ જ્ઞાનમાં પ્રતીતિ થવી, પ્રત્યક્ષપણું થવું કે 'આ આત્મા' તેનું નામ સમ્યક્દર્શન. પ્રત્યક્ષપણે આવવું તે સમ્યક્દર્શન નથી, તે તો જ્ઞાન છે. અંતરમાં ચૈતન્ય પ્રકાશ આત્મા રાગ ને નિમિત્ત વિના એકલો આત્મા પ્રત્યક્ષપણે વેદન-અનુભવમાં આવે છે તેનું નામ સમ્યક્દર્શન કહે છે.

**"ભાવાર્થ આમ છે - વસ્તુનો અનુભવ થતાં વચનનો વ્યવહાર સહજ જ છૂટી જાય છે."**

પહેલાં વ્યવહારનયનો અર્થ કર્યો-જેટલું કથન. આ જેટલું કથન તેના બે પ્રકાર આવ્યા. વાણી પણ આવી અને અંતર્જલ્પ વિકલ્પ ઉઠે છે કે આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે, આ સામાન્ય છે, આ વિશેષ છે તેવા અંતર્જલ્પ પણ કથન છે. આ બંને કથન વ્યવહાર છે, આ બધો વ્યવહાર જૂઠો છે. આવો અલૌકિક માર્ગ છે ભાઈ !

પહેલા વસ્તુનું યથાર્થજ્ઞાન તો આવવું જોઈએ ને ? ચીજ કેવી છે અને કેવી રીતે પ્રાપ્ત થાય તેનું યથાર્થ જ્ઞાન તો થવું જોઈએ ને ? અનુભવ તો પછી પણ હજુ ચીજ શું છે અને કેવી રીતે પ્રાપ્ત થાય તેની ખબર નથી તે પ્રયત્ન ને પ્રયોગ કઈ તરફ કરે ! વ્યવહારમાં પ્રયત્ન અને પ્રયોગ કરે તો પુણ્યબંધ થાય પણ તેમાં જ્ઞાન તો થતું નથી. આહાહા... અહીંયા તો અંતરના અભેદમાં ભેદનો વિકલ્પ કરે તો પણ પુણ્યનો બંધ થાય છે. વીતરાગ જિનેશ્વરનો માર્ગ અલૌકિક છે.

લોકે બહારથી કલ્પના કરીને માની રાખ્યો છે કે આ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા એ સમકિત છે ને હવે અમે ચારિત્ર અંગીકાર કરીએ છીએ. અહીં છઠ્ઠા શ્લોકમાં તો નવતત્ત્વનો અનુભવ મિથ્યાત્વ કહેશે. એટલે કે આ જીવ ને આ અજીવ, આ પુણ્ય ને આ પાપ. એવા નવના ભેદનો વિચાર કરવો તે વિકલ્પ છે. અને તેની એકતાબુદ્ધિ તે મિથ્યાત્વ છે. અહીં તો ચૈતન્ય પ્રકાશ આત્મા, રાગ અને મનની, નિમિત્તની અપેક્ષા છોડીને નિરપેક્ષપણે એટલે કે જેમાં પરની અપેક્ષા નથી અને પોતાના ચૈતન્યનું નૂરનું પૂર આત્મા, એવા સ્વની અપેક્ષાથી જે ચૈતન્ય પ્રકાશ છે તેનો અનુભવ તેનું નામ

સમ્યક્જ્ઞાન છે, તેનું નામ સમ્યક્દર્શન છે.

**''કેવી છે વસ્તુ ? ''परमं'' ઉત્કૃષ્ટ છે, ઉપાદેય છે. વળી કેવી છે વસ્તુ ? ''परविरहितं'' (पर) દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મથી (विरहितं) ભિન્ન છે.''**

આ પરમની વ્યાખ્યા કરી. ચેતનામાત્ર અભેદ જ્ઞાયકભાવ એ જ ઉત્કૃષ્ટ વસ્તુ છે ભેદમાં એ અભેદ ઉત્કૃષ્ટ વસ્તુ છે તે એક આદરણીય ને ઉપાદેય છે, વ્યવહાર હેય છે.

અંતરમાં વસ્તુ અભેદ છે. તેમાં ભેદ કરવો તો વિકલ્પ-રાગ છે અને તેમાં ધર્મ માનવો તે તો મિથ્યાત્વ છે. તે ઉપાદેય નથી, હેય છે.

વળી, ચૈતન્ય વસ્તુ દ્રવ્યકર્મ જે જડ તેનાથી રહિત છે. નોકર્મ-શરીર-વાણીથી રહિત છે અને પુણ્ય-પાપનાં વિકલ્પાદિ ભાવકર્મથી રહિત છે. વસ્તુ તો આવી છે. જેવી છે તેવી અનુભવમાં લેવી તેનું નામ સમ્યક્દર્શન છે. આહાહા... આ તો હજુ ધર્મની પહેલી સીઢીની વાત છે. ચારિત્ર તો અલૌકિક વાત છે.

પ્રવચન નં. ૬, ૭, ૮ ચાલુ  તા. ૪-૬-'૭૭ થી ૬-૬-'૭૭

---

વર્તમાન જ્ઞાનની પર્યાય ભવનરૂપ છે, તે એવી ને એવી ભવનરૂપ થયા કરશે-એવા સ્વરૂપે ભાવભાવશક્તિ છે. અહા ! વર્તમાન વર્તમાન વર્તતો ભાવ ત્રિકાળી ભાવ સાથે એક થઈને નિરંતર વર્તે એવી આ ભાવભાવશક્તિ છે. ત્રિકાળી દ્રવ્ય જ્ઞાનસ્વભાવ છે, તેની વર્તમાન વર્તમાન વર્તતી દશા ત્રિકાળી જ્ઞાનસ્વભાવ સાથે એક થઈને સદા વર્તે. અહા ! એવો આ આત્માનો ભાવભાવસ્વભાવ છે. આ તો ગજબની વાતુ પ્રભુ !

-પૂ. ગુરૂદેવશ્રી

-પ્રવચન રત્નાકર ભાગ-૧૧, પાનુ-૧૬૮

## કળશ-૬

### (શાર્દૂલ વિક્રીડિત)

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक् ।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः ॥ ६ ॥

ખંડાન્વય સહિત અર્થ : - "**तत् नः अयं एकः आत्मा अस्तु**" (**तत्**) તે કારણથી (**नः**) અમને (**अयं**) આ વિદ્યમાન (**एकः**) શુદ્ધ (**आत्मा**) ચેતન-પદાર્થ (**अस्तु**) હો. ભાવાર્થ આમ છે - જીવવસ્તુ ચેતનાલક્ષણ તો સહજ જ છે. પરન્તુ જીવ મિથ્યાત્વપરિણામથી ભ્રમિત થયો થકો પોતાના સ્વરૂપને જાણતો નથી, તેથી અજ્ઞાની જ કહેવાય. આથી એમ કહ્યું કે મિથ્યાપરિણામ જવાથી આ જ જીવ પોતાના સ્વરૂપનો અનુભવનશીલ થાઓ. શું કરીને "**इमाम् नवतत्त्वसन्ततिम् मुक्त्वा**" (**इमाम्**) આગળ કહેવામાં આવનાર (**नवतत्त्व**) જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપના (**सन्ततिम्**) અનાદિ સંબંધને (**मुक्त्वा**) છોડીને. ભાવાર્થ આમ છે-સંસાર અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે તે તો વિભાવપરિણતિ છે, તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે. "**यदस्यात्मनः इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम् नियमात् एतदेव सम्यग्दर्शनम्**" (**यत्**) કારણ કે (**अस्यात्मनः**) આ જ જીવદ્રવ્ય (**द्रव्यान्तरेभ्यः पृथक्** ) સકળ કર્મોપાધિથી રહિત જેવું છે (**इह दर्शनम्**) તેવો જ પ્રત્યક્ષપણે તેનો અનુભવ, (**एतदेव**) તે જ (**नियमात्**) નિશ્ચયથી (**सम्यग्दर्शनम्**) સમ્યગ્દર્શન છે. ભાવાર્થ આમ છે-સમ્યગ્દર્શન જીવનો ગુણ છે. તે ગુણ સંસાર-અવસ્થામાં વિભાવરૂપ પરિણમ્યો છે; તે જ ગુણ જ્યારે સ્વભાવરૂપ પરિણમે ત્યારે મોક્ષમાર્ગ છે. વિવરણ-સમ્યક્ત્વભાવ થતાં નૂતન જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્માસ્રવ મટે છે, પૂર્વબદ્ધ કર્મ નિર્જરે છે, તેથી મોક્ષમાર્ગ છે. અહીં કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેના મળવાથી થાય છે. ઉત્તર આમ છે-શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં ત્રણેય છે. કેવો છે શુદ્ધ જીવ ? "**शुद्धनयतः एकत्वे नियतस्य**" (**शुद्धनयतः**) નિર્વિકલ્પ વસ્તુમાત્રની દૃષ્ટિથી જોતાં (**एकत्वे**) શુદ્ધપણું (**नियतस्य**) તે-રૂપ છે. ભાવાર્થ આમ છે-જીવનું લક્ષણ ચેતના છે. તે ચેતના ત્રણ પ્રકારની છે-એક

જ્ઞાનચેતના, એક કર્મચેતના, એક કર્મફળચેતના. તેમાં જ્ઞાનચેતના શુદ્ધ ચેતના છે, બાકીની અશુદ્ધ ચેતના છે. તેમાં અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ સર્વ જીવોને અનાદિનો પ્રગટ જ છે; તે-રૂપ અનુભવ સમ્યક્ત્વ નથી, શુદ્ધ ચેતનામાત્ર વસ્તુસ્વરૂપનો આસ્વાદ આવે તો સમ્યક્ત્વ છે. વળી કેવી છે જીવવસ્તુ ? ''**व्याप्तुः**'' પોતાના ગુણ-પર્યાયો સહિત છે. આટલું કહીને શુદ્ધપણું દઢ કર્યું છે. કોઈ આશંકા કરશે કે સમ્યક્ત્વગુણ અને જીવવસ્તુનો ભેદ છે કે અભેદ છે ? ઉત્તર આમ છે કે અભેદ છે-''**आत्मा च तावानयम्**'' (**अयम्**) આ (**आत्मा**) જીવવસ્તુ (**तावान्**) સમ્યક્ત્વગુણમાત્ર છે. ૬.

## કલશ - ૬ : ઉપરનું પ્રવચન

''**तत् नः अयं एकः आत्मा अस्तु**'' (**तत्**) **તે કારણથી (नः)' અમને (अयं) આ વિદ્યમાન (एकः) શુદ્ધ (आत्मा) ચેતન-પદાર્થ (अस्तु) હો.''**

આ ભગવાન આત્મા ભરિતાવસ્થ, ભરપૂર ગુણ શક્તિએ ભરેલો છે, એકરૂપ છે. આનંદના પૂર અને ચૈતન્યના પૂરથી ભરેલ અભેદ ચીજ છે. આવો આત્મા (નઃ) એટલે અમને પ્રાપ્ત થાઓ. પ્રાપ્ત તો છે પણ હજુ પૂર્ણ આત્માની પ્રાપ્તિની-કેવળ જ્ઞાનની પ્રાર્થના છે. અહીં (નઃ) નો અર્થ નકાર નથી. પણ (નઃ) એટલે અમને.

**''ભાવાર્થ આમ છે - જીવવસ્તુ ચેતનાલક્ષણ તો સહજ જ છે. પરન્તુ જીવ મિથ્યાત્વપરિણામથી ભ્રમિત થયો થકો પોતાના સ્વરૂપને જાણતો નથી, તેથી અજ્ઞાની જ કહેવાય. આથી એમ કહ્યું કે મિથ્યા પરિણામ જવાથી આ જ જીવ પોતાના સ્વરૂપનો અનુભવનશીલ થાઓ.''**

ભગવાન આત્મા ચેતના, જાણવું-દેખવું એવા લક્ષણવાળી ચીજ તો સહજ છે. તે કોઈએ બનાવી કે સહજ થઈ છે તેવું નથી. ચેતનાલક્ષણ વાળી ચીજ સ્વાભાવિક છે. ચૈતન્ય પ્રકાશમય વસ્તુ તો છે જ પણ તેની દૃષ્ટિ નહીં હોવાથી વર્તમાન દશામાં ભ્રમિત થયો છે. આહાહા... આ નિમિત્તથી મારામાં કાર્ય થાય, રાગથી મારામાં લાભ થાય એવી ભ્રમણાના કારણે પોતાને જાણતો નથી. તેથી અજ્ઞાની કહેવામાં આવે છે. આવો જે મિથ્યાત્વભાવ છે તેને છોડીને પોતાના ચૈતન્ય પ્રકાશ આત્માનો અનુભવનશીલ એટલે કે અનુભવ સ્વભાવી હો બસ.

**''શું કરીને ''इमाम् नवतत्त्वसन्ततिम् मुक्त्वा'' (इमाम्) આગળ કહેવામાં આવનાર (नवतत्त्व) જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપના**

**(सन्ततिम्) અનાદિ સંબંધને (मुक्त्वा) છોડીને. ભાવાર્થ આમ છે-સંસાર અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે તે તો વિભાવપરિણતિ છે, તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.''**

જીવને અનાદિથી નવતત્ત્વરૂપ પરિણમન છે. આ સંવર-નિર્જરા-મોક્ષ શુદ્ધ નથી, સાચાં નથી. અનાદિથી જે સંવર-નિર્જરા-મોક્ષ છે તે તો અલ્પ રાગ છે અને તીવ્ર રાગ-ભાવ કર્મ ગયું તે સંવર કહ્યું અને કર્મનો ઉદય જે વિપાક એ ખરી જાય છે તે અપેક્ષાએ નિર્જરા કહ્યું અને બંધનો થોડો અભાવ છે, સદા પૂર્ણ બંધ તો બધાને નથી એ અપેક્ષાથી તેને મોક્ષ કહ્યું પણ અનાદિથી આ નવ છે તે શુદ્ધતાવાળા નહીં.

અહીંયા તો અનાદિ સંબંધને પ્રાપ્ત તે લેવું છે ને ? આ નવતત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે. કેમકે ભેદ છે ને ! વળી, ઉમાસ્વામીએ એમ કહ્યું કે ''તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યક્દર્શનમ્'' ત્યાં તત્ત્વાર્થ સાત લીધા છે, સાતમાં ત્યાં એક વચન છે.તેમાં તો આત્માનું ભાન છે, તેમાં બીજું તત્ત્વ નથી એવું જ્ઞાન થઈ પ્રતીતિ થઈ છે. તેનું નામ તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યક્દર્શનમ્. અને આ તો (અહીંયા) બહુવચન છે. અને ભેદનો અનુભવ છે. તેથી મિથ્યાત્વ કહ્યું. ભેદ તે વિકારનું વેદન છે.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં નવતત્ત્વને સમ્યક્દર્શન કહ્યું. આખા એકરૂપ ચૈતન્યનો અનુભવ હોવાથી જીવ-અજીવ આદિ પર્યાયો તેમાં નથી એવું ભાન થતાં, અનુભવ, પ્રતીતિ થાય છે એ અપેક્ષાએ નવતત્ત્વને સમ્યક્દર્શન કહ્યું છે. અહીંયા તો નવતત્ત્વ જે ભેદાભેદવાળા છે તેનો અનુભવ કરવો તે મિથ્યાત્વ છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં વ્યાખ્યા આમ છે. સંવર ઉપાદેય છે, નિર્જરા હિતકર છે, મોક્ષ પરમ હિતકર છે. આસ્રવ અહિતકર છે, બંધ પણ અહિતકર છે. ત્યાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે તેને આ જે પર્યાય છે તે દ્રવ્યમાં નથી એવું બેયનું જ્ઞાન સાથે છે તે જ્ઞાન પ્રધાન સમ્યક્દર્શનની વાત છે. સમજાણું કાંઈ...?

**''यदस्यात्मनः इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम् नियमात् एतदेव सम्यग्दर्शनम्'' (यत्) કારણ કે (अस्यात्मनः) આ જ જીવદ્રવ્ય (द्रव्यान्तरेभ्यः पृथक्) સકળ કર્મોપાધિથી રહિત જેવું છે (इह दर्शनम्) તેવો જ પ્રત્યક્ષપણે તેનો અનુભવ, (एतदेव) તે જ (नियमात्) નિશ્ચયથી (सम्यग्दर्शनम्) સમ્યગ્દર્શન છે.''**

ચૈતન્યપ્રકાશનો પૂર પ્રભુ ! અતીન્દ્રિય સાગર એવું જીવતત્ત્વ, પૂર્ણ ભગવાન તેમાં કર્મની અપેક્ષા નથી. અનેરા દ્રવ્યની અપેક્ષા નથી. રાગ પણ અનેરું દ્રવ્ય છે તેની પણ

અપેક્ષા નથી. જેમાં પોતાના દ્રવ્ય સિવાય અન્ય કોઈ દ્રવ્યની અપેક્ષા નથી. અહીં દ્રવ્યાંતરની વ્યાખ્યા કરી કે કર્મોપાધિથી રહિત, પરદ્રવ્યની ઉપાધિથી રહિત કહેતાં તેમાં બધું આવી ગયું. કર્મ, પુણ્ય, પાપ અને રાગાદિ દ્રવ્યાન્તર છે તે પોતાનું દ્રવ્ય નહીં. અનેરા દ્રવ્યની ઉપાધિ છે.

**પ્રશ્ન :** દયા-દાન કર્મોપાધિ છે ?

**ઉત્તર :** હા, ઉપાધિ છે. વીતરાગતા ઉત્પન્ન થાય તે જૈન દર્શન. રાગ ઉત્પન્ન થાય તે જૈનદર્શન નહીં. રાગ તો જ્ઞાનીને પણ ઉત્પન્ન થાય છે, પણ તેને પોતાનો માનતાં નથી, તેનું તો જ્ઞાન કરે છે. તે પણ પોતાના જ્ઞાનથી તેનું જ્ઞાન થાય છે. જ્ઞાનીને ભક્તિ-વંદનાનો રાગ તો આવે છે, પણ તે વ્યવહાર જાણવાલાયક છે, આદરવાલાયક નથી. સમજાણું કાંઈ.... ?

આહાહા... અનેરા પદાર્થથી ભિન્ન. પોતાનું ચૈતન્ય દ્રવ્ય કે જે પ્રકાશનો પુંજ પ્રભુ તેનો અનુભવ, તેના અનુસારે થવું, ભેદ કે દ્રવ્યાન્તર ન થવું, પોતાના જ્ઞાયક પ્રકાશના અનુસારે થવું તે સમ્યગ્દર્શન છે. આ જ્ઞાન થયું તેમાં પ્રતીતિ થઈ તે સમ્યગ્દર્શન છે. જ્ઞાનની પર્યાય જ્ઞાનગુણની છે અને સમકિતની પર્યાય શ્રદ્ધા ગુણની છે. બે પર્યાય બે ગુણની ભિન્ન-ભિન્ન છે. પણ જ્યાં આ ચૈતન્ય પરથી ભિન્ન જ્ઞાનમાં પ્રતીત થયો તેનું નામ સમ્યક્‌દર્શન છે.

ભગવાન આત્મા એકલા ચૈતન્ય પ્રકાશ અને આનંદ આદિ અનંત શક્તિઓનો સંગ્રહાલય, અનંત ગુણોનું ગોદામ છે. અનંત સ્વભાવનો સાગર એવા ચૈતન્ય સ્વરૂપનો પ્રત્યક્ષપણે, પરની અપેક્ષા વિના અનુભવ થવો તે નિશ્ચયથી સમ્યગ્દર્શન છે.

પ્રશ્ન : વ્યવહારથી પણ થાય ને ?

ઉત્તર : નિશ્ચયથી થાય અને વ્યવહારથી થતું નથી તે અનેકાન્ત છે. દ્રવ્યાંતરથી થતું નથી. રાગથી પણ નહીં અને વ્યવહારથી પણ નહીં.

લઘુતત્ત્વસ્ફોટ (અમૃતચંદ્રાચાર્ય રચિત) માં કેવળજ્ઞાનની-સર્વજ્ઞની શું કાંઈ વ્યાખ્યા કરી છે ! આહાહા ... સર્વજ્ઞની વ્યાખ્યા કરવા જઈએ તો ક્રમબદ્ધ નક્કી થઈ જાય છે, પુરુષાર્થ નક્કી થઈ જાય છે. (ક્રમબદ્ધનું નક્કી થવું તે જ પુરુષાર્થ છે.) અરે ભગવાન ! તારો એક જ્ઞાનગુણ જેનો સર્વજ્ઞ સ્વભાવ છે. જેમ જ્ઞાન શક્તિ, આનંદ શક્તિ છે તેમ આત્મામાં સર્વજ્ઞ શક્તિ છે. સર્વજ્ઞ જે થયા છે તે સર્વજ્ઞપણામાંથી થયા છે ત્યાં સર્વજ્ઞના

વખાણ કરતાં-કરતાં કેવળજ્ઞાનની ઘણી વાત કરી છે.

અહીં કહે છે કે પોતાના દ્રવ્યની અપેક્ષાથી અનુભવ કરવો તેનું નામ સમ્યક્દર્શન છે. તેનું નામ સમ્યક્જ્ઞાન છે. આ તો ધર્મની શરૂઆત-પહેલી સીઢી છે, ચારિત્ર તો પછી. એ તો બહુ અલૌકિક વાતુ બાપુ ! આ બાહ્ય ત્યાગ કરે તે કાંઈ ચારિત્ર નથી. નગ્નપણું પંચમહાવ્રતની ક્રિયા તે ક્રિયા નથી, નવમી ગ્રૈવેયક ગયો તો પણ તેને મિથ્યાત્વ કહ્યું, કેમ કે રાગથી લાભ થશે, પુણ્ય ક્રિયાથી લાભ થશે, અનેરા દ્રવ્યના આશ્રયે લાભ થશે તેમ માનવું તે મિથ્યાત્વ છે.

વળી, નિયમસારમાં ૫૦મી ગાથામાં પર્યાયને અન્ય દ્રવ્ય કહી. નિશ્ચય સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્ર, લીનતા, આનંદ તેને પરદ્રવ્ય કહી દીધું કેમ કે જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય આવતી નથી તેમ પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી માટે અમારે તે પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય તો આ ત્રિકાળી છે. પરદ્રવ્યમ્ પરભાવમ્ ઈતિ હેય કહી, નિર્મળપર્યાયને હેય કહી તો વ્યવહાર રત્નત્રયના રાગની અને નિમિત્તની તો વાત જ ક્યાં રહી ?

**"ભાવાર્થ આમ છે-સમ્યગ્દર્શન જીવનો ગુણ છે. તે ગુણ સંસાર-અવસ્થામાં વિભાવરૂપ પરિણમ્યો છે; તે જ ગુણ જ્યારે સ્વભાવરૂપ પરિણમે ત્યારે મોક્ષમાર્ગ છે. વિવરણ-સમ્યક્ત્વભાવ થતાં નૂતન જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્માસ્રવ મટે છે, પૂર્વબદ્ધ કર્મ નિર્જરે છે, તેથી મોક્ષમાર્ગ છે."**

આત્મામાં જેમ જ્ઞાનગુણ છે, આનંદગુણ છે તેમ એક શ્રદ્ધા ગુણ ત્રિકાળ છે. તે સમ્યગ્દર્શનનો ગુણ સંસાર અવસ્થામાં વિભાવરૂપ-મિથ્યાત્વરૂપ પરિણમ્યો છે. પર્યાય જેટલો હું, રાગ-દયા-દાન-વ્રત આદિથી આત્માને લાભ થશે તેમ મિથ્યાત્વરૂપે પરિણમ્યો છે. આહાહા... દેહ છૂટ્યા પહેલાં આ કામ થયું તો થયું, નહીં તો ખલાસ થઈ ગયું. તે ક્યાં જશે ! ક્યાં ઉપજે ને આવો યોગ ક્યાં મળે !

આ શ્રદ્ધાગુણ વિભાવરૂપે પરિણમે તો સંસાર અને સ્વભાવરૂપે પરિણમે તો સમ્યગ્દર્શન-મોક્ષમાર્ગ છે. તે સમ્યક્ત્વભાવ થતાં નવાં કર્મ આવતાં રોકાય છે. જુના નિર્જરે છે. અહીં તો સમ્યગ્દર્શનનું જોર દેવું છે.

**"અહીં કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેના મળવાથી થાય છે. ઉત્તર આમ છે-શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં ત્રણેય છે."**

અહીં તમે સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગ કહો છો. અને શાસ્ત્રમાં તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને મોક્ષમાર્ગ કહે છે. તો એકને મોક્ષમાર્ગ ક્યાંથી આવ્યો ? અહીં આશંકા કરી છે કે આપે કહ્યું તે મારી સમજમાં આવ્યું નહીં. તમારી વાત ખોટી છે તેમ નહીં, તે તો શંકા છે. અને આ તો આશંકા છે કે મોક્ષમાર્ગ તો ત્રણ થઈને થાય છે અને તમે તો એક સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગ કહો છો ?

ઉત્તર આમ છે કે શુદ્ધ જીવ સ્વરૂપ અનુભવતાં ત્રણેય છે. જુઓ ! ભગવાન ચૈતન્યસ્વરૂપ આનંદનો નાથ અતીન્દ્રિય આનંદરસથી રસીલો, સ્વાદીયો થયો તો તે સમ્યગ્જ્ઞાનની સાથે સમ્યગ્દર્શન પણ થયું અને તેમાં સ્વરૂપાચરણ સ્થિરતા પણ આવી છે, એમ ત્રણે છે. સમજાણું કાંઈ... ? કેટલાક કહે છે કે સમ્યગ્દર્શનમાં સ્વરૂપાચરણ ન હોય, તો તે વાત જૂઠી છે. અનંતાનુબંધી જાય છે તો અંદર સ્વરૂપની સ્થિરતા આવે છે કેમ કે અનંતાનુબંધી ચારિત્રનો દોષ છે.ચારિત્રનો દોષ ગયો તો સ્થિરતામાં ચારિત્ર થયું.

**"કેવો છે શુદ્ધ જીવ ? "शुद्धनयतः एकत्वे नियतस्य" (शुद्धनयतः) નિર્વિકલ્પ વસ્તુમાત્રની દૃષ્ટિથી જોતાં (एकत्वे) શુદ્ધપણું (नियतस्य) તે-રૂપ છે. ભાવાર્થ આમ છે-જીવનું લક્ષણ ચેતના છે. તે ચેતના ત્રણ પ્રકારની છે-એક જ્ઞાનચેતના, એક કર્મચેતના, એક કર્મફળચેતના. તેમાં જ્ઞાનચેતના શુદ્ધ ચેતના છે, બાકીની અશુદ્ધ ચેતના છે."**

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય એને ચેતવું-વેદવું તે શુદ્ધજ્ઞાનચેતના. જ્ઞાન સ્વરૂપી ચેતન પ્રકાશનો પુંજ તેને વેદવું, તેને જાણી ચેતનામાં ચેતવું તે શુદ્ધજ્ઞાનચેતના છે, આ ધર્મ છે, આ મોક્ષનો માર્ગ છે.

અનાદિ સંસારી જીવને અશુદ્ધ ચેતનાનો સ્વાદ અનાદિથી છે. રાગનો અનુભવ કરવો તે કર્મચેતના અને રાગનું વેદવું તે કર્મફળચેતના છે, બંને અશુદ્ધ છે.

"મુનિવ્રત ધાર અનંત બાર ગ્રૈવેયક ઉપજાયો.
પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો."

પુણ્યભાવ-પાંચ મહાવ્રતના પરિણામ તે અશુદ્ધ ચેતના દુ:ખરૂપ છે તે કર્મચેતના છે અને તેનું વેદન કર્મફળચેતના છે. અનાદિથી સંસારી પ્રાણીને-એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીના મિથ્યાદૃષ્ટિને અશુદ્ધ ચેતનાનો સ્વાદ છે. તેણે શુદ્ધ ચેતનાનો સ્વાદ ક્યારેય લીધો નથી.

અજ્ઞાનીને સ્ત્રીના વિષયમાં, પૈસામાં, આબરુંમાં, ખાવા-પીવામાં જે રાગ આવે છે- તે રાગનું વેદન છે, ચીજનું નહીં. અશુદ્ધ ચેતનાનું વેદન કહ્યું છે, પરનું વેદન નહીં, શરીરનું નહીં, દાળ-ભાત-રોટલી-મોસંબી-ચુરમાના લાડૂ તેનું વેદન તો અજ્ઞાનીને પણ ક્યારેય છે નહીં. આ અશુદ્ધ સ્વાદ કે શુદ્ધનો સ્વાદ તે પર્યાયની વાત છે. આત્મદ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે.

વળી, ઘણા એમ માને છે કે જ્યારે અશુદ્ધ ભાવ થાય છે ત્યારે દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે, કેમ કે પર્યાય અને દ્રવ્ય અભિન્ન ચીજ છે. પર્યાય અશુદ્ધ છે તો દ્રવ્ય શુદ્ધ ક્યાંથી રહેશે ? દ્રવ્ય શુદ્ધ છે તો પર્યાય પણ શુદ્ધ અને પર્યાય અશુદ્ધ તો દ્રવ્ય પણ અશુદ્ધ છે. મિથ્યાદષ્ટિની પર્યાય અશુદ્ધ છે તો તેનું આત્મદ્રવ્ય પણ અશુદ્ધ છે, સિદ્ધ ભગવાનનું આત્મદ્રવ્ય પરમશુદ્ધ છે તો તેની પર્યાય પણ પરમ શુદ્ધ છે. મિથ્યાદષ્ટિ આદિ નિગોદિયા જીવની પર્યાયને અશુદ્ધ બતાવવી અને તેના આત્માને શુદ્ધ બતાવવો તે મિથ્યા છે-આવી તેમની ખોટી માન્યતા છે.

અરે ! ભગવાન ! તું છે તો ભગવાન ! પણ આવી બુદ્ધિ ક્યાંથી આવી ? ભાઈ ! દ્રવ્ય-વસ્તુ એને કહીએ કે જેનો સ્વભાવ અપૂર્ણ ન હોય, વિકૃત ન હોય, પરિપૂર્ણ હોય અને શુદ્ધ હોય ત્યારે તેને દ્રવ્ય કહેવામાં આવે છે. દ્રવ્યસંગ્રહમાં કહ્યું કે ''સવ્વે સુદ્ધા હુ સુદ્ધણયા'' એકેન્દ્રિય-આદિથી પંચેન્દ્રિય સુધી બધામાં દ્રવ્ય તો શુદ્ધ જ છે. સમજાણું કાંઈ... ?

સમયસાર ગા. ૩ ની જયસેન આચાર્ય ભગવાનની ટીકામાં ''**लोगे लोके सर्वत्रैकेंद्रियाद्यवस्थासु शुद्ध निश्चयनयेन सुन्दर उपादेय इति**'' દ્રવ્ય ત્રિકાળ સુંદર છે તે ઉપાદેય છે. દ્રવ્ય જો બગડી ગયું હોય તો ઉપાદેય ન હોય. એકેન્દ્રિયથી માંડીને બધી પર્યાયમાં દ્રવ્ય તો સુંદર જ છે.

પરમાત્મપ્રકાશમાં પણ કહ્યું કે - સર્વ જીવ, સર્વ કાળે, સર્વ ક્ષેત્રે, સર્વ ભરિત અવસ્થા, પૂર્ણ શુદ્ધ અવસ્થાથી ભરેલો છે. અહીં અવસ્થા એટલે પર્યાય નહીં પણ અવસ્થ એટલે દરેક પદાર્થ નિશ્ચયથી પોતાની શક્તિથી પૂર્ણ ભરેલો છે. વળી એમાં જ ગાથા-૬૮માં લીધુ કે ''**जिणवरु एउँभणेइ... जीवो बंधु ण मोक्खु करेइ** '' જીવદ્રવ્ય વસ્તુ જે છે તે તો બંધ-મોક્ષનો કર્તા અને તેનું કારણ પણ નથી. અહીં વસ્તુ ધ્રુવ ત્રિકાળ લેવી છે.

આહાહા... પદાર્થ-ચીજ છે તે એક સમયની પર્યાયથી ભિન્ન છે. જ્યાં અભિન્ન કહ્યું છે તે તો પરદ્રવ્યથી ભિન્ન કરવા પર્યાયને દ્રવ્યથી અભિન્ન કરી છે. પણ બંને વચ્ચે ભિન્નતા છે. આહાહા...સત્ય વાત આવી છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ જિનેશ્વરદેવનો તો આ હુકમ છે.

વસ્તુ તો આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ છે. જો અશુદ્ધતા વખતે દ્રવ્ય અશુદ્ધ થઈ જાય તો શુદ્ધતા ક્યાંથી આવશે ? જો ભગવાન આત્મા સુખરૂપ ન હોય તો દુ:ખનો નાશ કરીને સુખ આવશે કયાંથી ? આહાહા... નિગોદમાં અક્ષરના અનંત ભાગમાં પર્યાય રહી ગઈ તો પણ વસ્તુ તો પરિપૂર્ણ છે. પ્રભુ ! વસ્તુ પૂર્ણ ન હોય તો પૂર્ણતા આવશે કયાંથી ? નિશ્ચયથી તો દ્રવ્યને પર્યાય સ્પર્શતી નથી.

સમયસાર ગા. ૪૯માં અવ્યક્તના પાંચમા બોલમાં લીધુ કે ‘‘વ્યકતપણું તથા અવ્યકતપણું ભેળાં મિશ્રિતરૂપે પ્રતિભાસવા છતાં પણ તે વ્યકતપણાને સ્પર્શતો નથી. માટે અવ્યકત છે.’’ વ્યકત નામ એક સમયની પર્યાય અને અવ્યકત નામ ત્રિકાળી દ્રવ્ય એ બંનેનું જ્ઞાન એક સમયમાં હોવા છતાં તે વ્યકતતાને સ્પર્શતો નથી, પર્યાયને સ્પર્શ કરતો નથી.

પ્રવચનસાર ગાથા ૧૭૨માં અલિંગગ્રહણના વીસ બોલ છે. તેમાં પણ એમ લીધું છે કે પર્યાય દ્રવ્યને અડતી નથી. વળી, આપ્તમીમાંસામાં આવે છે કે ધર્મ ને ધર્મી બંને નિરપેક્ષ ભિન્ન છે. અહીં પણ એ કહે છે કે પર્યાયમાં સંસારની મલિન દશા હોવા છતાં એક સમયની પર્યાયની પાછળ પૂર્ણ દ્રવ્યસ્વભાવ, આનંદકંદ પૂર્ણ બિરાજમાન છે, તે સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા... પર્યાયમાં રમત કરતાં કરતાં મહાવ્રતાદિ પાળ્યાં, દ્રવ્યલિંગી અનંતવાર થઈ નવમી ગ્રૈવેયક ગયો પણ એક સમયની પર્યાયની પાછળ આખો પર્યાયવાન, અવસ્થાની પાછળ અવસ્થાવાન છે તેની પ્રતીતિ થઈ નહીં.

ભગવાનના સમવશરણમાં જઈને અનંતવાર હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ, મણીરત્ન દીવાથી જય ભગવાન ! એવી પૂજા કરી. પણ તે શુભભાવ છે, તે કોઈ ધર્મ નથી. કેમ કે ભગવાન કુંદકુંદાચાર્ય મોક્ષપાહુડની ગાથા-૧૬માં કહે છે કે ‘‘પરદવ્વાદો દુગ્ગઈ’’. પ્રભુ એક વાર સાંભળ તો ખરો ! તારા સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્ય ઉપર લક્ષ જશે તો દુર્ગતિ થશે, ચૈતન્યની ગતિ-પરિણતિ નહીં થાય.

**‘‘તેમાં અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ સર્વ જીવોને અનાદિનો પ્રગટ જ છે, તે રૂપ અનુભવ સમ્યક્ત્વ નથી, શુદ્ધ ચેતનામાત્ર વસ્તુસ્વરૂપનો આસ્વાદ આવે તો**

**સમ્યક્ત્વ છે.''**

પરમાત્મપ્રકાશમાં કહ્યું કે - 'સર્વ જીવ શુદ્ધ ચેતનાઘન છે. સ્વભાવ અપેક્ષાએ તેનો સ્વભાવ જ આવો છે. સ્વભાવવાન ત્રિકાળી છે તો તેનો સ્વભાવ પણ ત્રિકાળી શુદ્ધ છે. દ્રવ્ય શુદ્ધ તો તેનો સ્વભાવ પણ ત્રિકાળી શુદ્ધ છે. સંસાર અને મોક્ષ બધું પર્યાયમાં છે. સમજાણું કાંઈ...? આહાહા... અનાદિથી તને વ્યકત જે પર્યાય પુણ્ય-પાપ, રાગાદિની છે તેનો સ્વાદ આવ્યો પણ ભગવાન! તારી ચીજનો સ્વાદ અનાદિથી ન આવ્યો અને એ ચીજનો સ્વાદ આવ્યા વિના તારા જન્મ-મરણના અંત કયારેય નહીં આવે.

અજ્ઞાનીને અનાદિથી પર્યાયમાં અશુદ્ધતાનો સ્વાદ વેદન છે તે મિથ્યાત્વરૂપ અનુભવ છે, તે અનુભવ સમ્યક્ત્વ નથી. અંદર ભગવાન આત્મા આનંદકંદ અતીન્દ્રિય આનંદનો રસકંદ, શુદ્ધ ચેતનામાત્ર વસ્તુસ્વરૂપ જે ત્રિકાળી દ્રવ્ય તેનો પર્યાયમાં આસ્વાદ આવે તે સમ્યક્ત્વ છે.

આ આત્માને પરદ્રવ્ય સાથે તો સંબંધ છે નહીં, કેમ કે પરદ્રવ્યનો સ્વદ્રવ્યમાં અભાવ છે. જેનો અભાવ છે તેને તો સ્પર્શતોય નથી. હવે રહી પર્યાય અને દ્રવ્ય બે ચીજ. તો પર્યાયમાં જે અશુદ્ધતાનો સ્પર્શ અને વેદન છે તે અનાદિનો સંસાર છે અને પર્યાયમાં જ્યારે શુદ્ધ ત્રિકાળીનો સ્વાદ આવે છે તે સમ્યક્ત્વ છે. સમજાણું કાંઈ...?

**''વળી કેવી છે જીવવસ્તુ ? ''व्याप्तुः'' પોતાના ગુણ-પર્યાયો સહિત છે. આટલું કહીને શુદ્ધપણું દઢ કર્યું છે.''**

દરેક ચીજ પોતાની શક્તિ ને પોતાની પર્યાય સહિત છે આ શુદ્ધનયનો વિષય નથી. શુદ્ધનયનો વિષય શું ? એ તો પહેલાં બતાવ્યું પણ હવે વસ્તુ કેવી છે ? તે કહે છે કે પોતાના ગુણ નામ શક્તિ અને પર્યાય નામ અવસ્થા તેમાં વ્યાપ્ત છે. કોઈની પર્યાયમાં કોઈ દ્રવ્ય વ્યાપ્ત છે તેવું નથી. પોતે પરની પર્યાયમાં વ્યાપ્ત નહીં અને પરની પર્યાય પોતામાં નહીં. આ રીતે પ્રત્યેક પદાર્થ ચાહે તો નિગોદનો હો કે પરમાણું હો, તે પોતાના ગુણ-પર્યાયમાં વ્યાપ્ત છે.

આ આંગળીમાં પરમાણુઓ છે તે દરેક પોત-પોતાના ગુણ-પર્યાયમાં વ્યાપ્ત છે. બીજા પરમાણુની સાથે કોઈ સંબંધ છે નહીં. સમયસારમાં ૨૦૦ નંબરનો શ્લોક છે કે **''नास्ति सर्वोऽपि सम्बन्धः परद्रव्यात्मतत्त्वयोः''** આહાહા... દરેક પદાર્થ પોતાના

ગુણ-પર્યાયમાં વ્યાપ્ત છે, તે કોઈ પણ સમયમાં પોતાની શક્તિ છોડી દે કે પોતાની પર્યાયથી રહિત થઈ જાય-એમ નથી. આ તો વસ્તુની સ્થિતિ બતાવી પણ જ્યારે તેનો આસ્વાદ આવે છે તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર જવાથી આસ્વાદ આવે છે. આવી વસ્તુ છે. સમજાણું કાંઈ...?

''પોતાના સ્વરૂપમાં રમે સો રામ, રાગમાં રમે સો હરામ.'' બીજી ગાથામાં આવી ગયું કે ''**जीवो चरित्तदंसणणाणट्ठिदो**'' પોતાની સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં સ્થિત છે તેને સ્વસમય કહે છે. જે આત્મા પુદ્ગલકર્મ પ્રદેશોમાં અર્થાત્ પુણ્ય-પાપ, રાગ અને મિથ્યાત્વમાં સ્થિત છે તેને અનાત્મા કહે છે. નિર્મળ પર્યાયમાં સ્થિત તે આત્મા અને મલિન પર્યાયમાં સ્થિત તે અનાત્મા. સમજાય એવી ભાષા છે ભગવાન ! કાંઈ ભાષા એવી ઝીણી નથી.

**''કોઈ આશંકા કરશે કે સમ્યક્ત્વગુણ અને જીવવસ્તુ ભેદ છે કે અભેદ છે ? ઉત્તર આમ છે કે અભેદ છે-''आत्मा च तावानयम्'' (अयम्) આ (आत्मा) જીવવસ્તુ (तावान्) સમ્યક્ત્વગુણમાત્ર છે.''**

અહીં સમ્યક્ત્વગુણ શબ્દે પર્યાય લેવી. કહે છે કે પર્યાય ને દ્રવ્ય અભેદ છે. પર્યાય ક્યાંય રહીને દ્રવ્ય ક્યાંય રહ્યું તેમ નથી. દ્રવ્યની સાથે પર્યાય અભેદ છે. અભેદનો અર્થ સ્વલક્ષે ઉત્પન્ન થઈ છે. તો જેવી અભેદ ચીજ છે તેવી પર્યાયને અભેદ કહેવામાં આવી. આહાહા... આવો માર્ગ છે.

જુઓ ! સમ્યક્દર્શનની પર્યાય ત્રિકાળીના અવલંબનથી અભેદ એકાકાર થઈ. એકાકારનો અર્થ એવો નથી કે દ્રવ્યમાં પર્યાય ઘૂસી જાય છે. પણ દ્રવ્ય-ગુણની જેટલી શક્તિ, જેટલું સામર્થ્ય છે, પર્યાયમાં એવી શ્રદ્ધા આવી ગઈ, જ્ઞાનની પર્યાયમાં એવું જ્ઞેયરૂપ જ્ઞાન થઈ ગયું એનું નામ એકાકાર. દ્રવ્ય પર્યાયમાં આવ્યું નથી. સમજાણું કાંઈ...?

એક સમયની પર્યાયમાં જેટલું દ્રવ્ય છે એટલું જ્ઞાન થઈ ગયું, એટલી શ્રદ્ધા થઈ. પણ એ શ્રદ્ધા ને જ્ઞાન પર્યાય દ્રવ્યમાં એક થઈ નથી. પર્યાય તે (દ્રવ્ય) સન્મુખ થઈ તો અભેદ કહેવામાં આવે છે. જે આ પર બાજુ હતી તે દ્રવ્યની બાજુ થઈ ગઈ.

આત્મા તો છે પણ કોને ? જેની શ્રદ્ધામાં આવ્યું તેને. તે પ્રશ્ન થયો હતો કે મહારાજ ! તમે આત્માને કારણ પરમાત્મા કહો છો તો કાર્ય તો આવવું જોઈએ ને ? કારણ પરમાત્મા કહો ને કાર્ય ન હોય તો કારણ પરમાત્મા કેવો ? ભાઈ ! કારણ પરમાત્મા

છે એવું જેની પ્રતીતિમાં આવ્યું છે તેને કારણ પરમાત્મા છે. જેને કારણ પરમાત્મા પ્રતીતિમાં આવ્યો જ નથી તેને કારણ પરમાત્મા ક્યાં છે ? આ ન્યાય સમજવો જોઈએ. ભગવાનનો માર્ગ તો ન્યાયથી છે ભાઈ ! આ કોઈ હાલી, મવાલી સાધારણ વાત કરે તે વાત નથી.

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર સીમંધર ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે ત્યાંથી આ વાણી આવી છે. અહીં કહે છે સમકિત ગુણ તન્મય છે. પ્રવચનસાર નવમી ગાથામાં કહ્યું કે શુભ પરિણમે તો શુભ થાય છે, અશુભ પરિણમે તો અશુભ થાય છે, શુદ્ધ પરિણમે તો પર્યાય શુદ્ધ થાય છે. શુભ છે તો દ્રવ્ય શુભ થઈ જાય છે એવી વાત છે નહીં. પણ શુભ પરિણામ થાય છે તો શુભભાવ ભિન્ન રહી જાય અને પર્યાય બીજે ભિન્ન છે- એમ નથી, તે પર્યાય શુભરૂપ થઈ જાય છે, પર્યાય અશુભરૂપ થઈ જાય છે. દ્રવ્ય તો ત્રિકાળી એક છે.

હવે, આવી વાત સમજ્યા વિના કરવા માંડે સામાયિક, પોષા ને પડીકમણા, જાત્રા કરે સમ્મેદશિખરની કેમ કે ''એકવાર વંદે જો કોઈ, તાહિ નરક પશુ ગતિ નહીં હોઈ.'' પણ ભાઈ ! એમાં શું દાળિયા વળ્યા ? એક વાર પુણ્યબંધ થાય તો સ્વર્ગમાં જશે, ત્યાંથી પટકીને ચારગતિમાં રખડશે. ત્રિલોકનાથ ભગવાન આત્માના દર્શન વિના સમકિત થતું નથી. સમ્મેદશિખરના દર્શનથી કાંઈ સમકિત થાય છે એવું છે નહીં. આહાહા... ભગવાનની દિવ્યધ્વનિથી આત્મામાં સમ્યક્જ્ઞાન થાય છે તેમ છે નહીં. સમ્યક્દર્શન-જ્ઞાન પોતાના ત્રિકાળી જ્ઞાયક ભાવ ચિદાનંદ ચૈતન્યસુખઘન તેના અવલંબનથી થાય છે.

સમયસાર ગાથા-૧૧માં ''**भूदत्थमस्सिदो खलु**'' ભૂતાર્થને, ત્રિકાળ... ત્રિકાળ... સત્...સત્...સત્... શાશ્વત સત્ વસ્તુ તેના આશ્રયે સમ્યક્ત્વ થાય છે. આશ્રય કરે છે પર્યાય પણ તેનો આશ્રયદાતા દ્રવ્ય છે, આશ્રય દાતા કહ્યું છે. ખરેખર તો દ્રવ્ય પર્યાયનો દાતા નથી. પણ પર્યાય તેનું લક્ષ કરે છે તો આશ્રય કહેવામાં આવે છે. આશ્રય કરવામાં પર્યાય ને દ્રવ્ય એક થઈ જાય તેમ નથી. આહાહા... આવો વીતરાગનો માર્ગ ભાખ્યો શ્રી ભગવાન. સમકિતની પર્યાય દ્રવ્યને અડતી નથી. અને દ્રવ્ય પર્યાયને અડતું નથી. પણ પરથી ભિન્ન થઈને, ગુણની પર્યાય પોતાનામાં થઈ છે એ અપેક્ષાએ અભેદ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ...?

પ્રવચન નં. ૮, ૯ ચાલુ તા. ૬-૬-'૭૭ થી ૭-૬-'૭૭

## કળશ-૭

### (અનુષ્ટુપ)

अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत्।
नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुञ्चति ॥ ७ ॥

ખંડાન્વય સહિત અર્થ : - ''अतः तत् प्रत्यग्ज्योतिश्चकास्ति'' (अतः) અહીંથી હવે **(तत्)** તે જ **(प्रत्यग्ज्योतिः)** શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ **(चकास्ति)** શબ્દો દ્વારા યુક્તિથી કહેવામાં આવે છે. કેવી છે વસ્તુ ?. **(शुद्धनय)** વસ્તુમાત્રને **(आयत्तं)** આધીન છે. ભાવાર્થ આમ છે-જેને અનુભવતાં સમ્યક્ત્વ થાય છે તે શુદ્ધ સ્વરૂપને કહે છે **''यदेकत्वं न मुञ्चति''** **(यत्)** જે શુદ્ધ વસ્તુ **(एकत्वं)** શુદ્ધપણાને **(न मुञ्चति)** નથી છોડતી. અહીં કોઈ આશંકા કરશે કે જીવવસ્તુ જ્યારે સંસારથી છૂટે છે ત્યારે શુદ્ધ થાય છે. ઉત્તર આમ છે - જીવવસ્તુ દ્રવ્યદષ્ટિએ વિચારતાં ત્રણે કાળ શુદ્ધ છે. તે જ કહે છે - **''नवतत्त्वगतत्वेऽपि''** **(नवतत्त्व)** જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપ **(गतत्वे अपि)** તે-રૂપ પરિણમી છે તો પણ શુદ્ધસ્વરૂપ છે. ભાવાર્થ આમ છે-જેમ અગ્નિ દાહકલક્ષણ છે, તે કાષ્ઠ, તૃણ, છાણાં આદિ સમસ્ત દાહ્યને દહે છે. દહતો થકો અગ્નિ દાહ્યાકાર થાય છે; પરંતુ તેનો વિચાર છે કે જો તેને કાષ્ઠ, તૃણ અને છાણાની આકૃતિમાં જોવામાં આવે તો કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એમ કહેવું સાચું જ છે, અને જો અગ્નિની ઉષ્ણતામાત્ર વિચારવામાં આવે તો ઉષ્ણમાત્ર છે, કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એવા સમસ્ત વિકલ્પ જૂઠા છે; તેવી જ રીતે નવ તત્ત્વરૂપ જીવના પરિણામો છે, તે પરિણામો કેટલાક શુદ્ધરૂપ છે. કેટલાક અશુદ્ધરૂપ છે; જો નવ પરિણામોમાં જ જોવામાં આવે તો નવે તત્ત્વ સાચાં છે અને જો ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે તો નવે વિકલ્પ જૂઠા છે.

### કલશ - ૭ : ઉપરનું પ્રવચન

**''अतः तत् प्रत्यग्ज्योतिश्चकास्ति'' (अतः) અહીંથી હવે (तत्) તે જ (प्रत्यग्ज्योतिः) શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ (चकास्ति) શબ્દો દ્વારા યુક્તિથી કહેવામાં આવે છે. કેવી છે વસ્તુ ? (शुद्धनय) વસ્તુમાત્રને (आयत्तं) આધીન છે.''**

વસ્તુ તો વસ્તુને આધીન છે, તે બીજા કોઈને આધીન છે નહીં. વ્યવહાર કે નિમિત્તને આધીન નથી. ભગવાન આત્મા ત્રિકાળી શુદ્ધચેતના માત્ર પવિત્ર ચેતનાનું

સ્વરૂપ છે. જિનેશ્વરદેવ જગતને ફરમાવે છે કે તારી ચીજ અંદરમાં શુદ્ધ માત્ર વસ્તુ છે, તેમાં પુણ્ય-પાપ, સંસારાદિ છે નહીં. તેનો અનુભવ કરો.

અરેરે ! ચોરાશી લાખ યોનિમાં અનંતવાર ઉપજયો અને જ્યાં સુધી મિથ્યાત્વ રહેશે ત્યાં સુધી અનંતવાર ઉપજશે. જો તને પરિભ્રમણનો ડર લાગતો હોય, પરિભ્રમણથી છૂટવું હોય તો કહે છે કે શુદ્ધ ચેતનામાત્ર વસ્તુનો અનુભવ કરો. અનાદિથી શુભભાવ કે અશુભભાવરૂપ અશુદ્ધ ચેતનાનો સ્વાદ છે, અનુભવ છે તે દુ:ખનો સ્વાદ છે, તે દુ:ખી પ્રાણી છે ચાહે તો લાખોપતિ કે કરોડપતિ ગણવામાં આવતો હોય તો પણ તે દુ:ખી છે. સુખી થવું હોય, ધર્મ કરવો હોય તો '**प्रत्यग्ज्योति**' નામ શુદ્ધવસ્તુનો અનુભવ કરો એમ કહે છે. પુણ્ય-પાપના વિકલ્પથી, રાગથી ભિન્ન એક શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ તેની દૃષ્ટિ કરો, તેનો અનુભવ કરો. તેનાથી સમ્યક્દર્શન થશે અને સમ્યક્દર્શનથી જન્મમરણના અંત આવશે. સમજાણું કાંઈ...?

અહીં શુદ્ધનયનો અર્થ શુદ્ધવસ્તુ કર્યો. શુદ્ધનય કહો કે શુદ્ધ વસ્તુ તે એક જ છે. આ પુણ્ય-પાપના ભાવ અશુદ્ધ મલિનભાવ છે. ત્રિકાળી પવિત્ર પિંડ પ્રભુ ધ્રુવ નિત્યાનંદ, સહજાનંદ પ્રભુ આત્મા એવી જે વસ્તુ તે પોતાને આધીન છે, બીજા કોઈને આધીન નથી. વ્યવહાર કરતાં થશે એવી પણ ચીજ નથી.

**''ભાવાર્થ આમ છે-જેને અનુભવતાં સમ્યક્ત્વ થાય છે.''**

જુઓ ! અનુભવ કરવાથી ધર્મની પહેલી સીડી-દશા સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. અનુભવ એટલે અનુસરીને થવું. ત્રિકાળી ભગવાન પવિત્ર શુદ્ધ ચૈતન્ય તેને અનુસરીને એટલે કે અનુભવ કરવાથી સમ્યક્ત્વ થાય છે અને તેમાં જન્મ-મરણનો અંત થાય છે.

**''તે શુદ્ધ સ્વરૂપને કહે છે ''यदेकत्वं न मुञ्चति'' (यत्) જે શુદ્ધ વસ્તુ (एकत्वं) શુદ્ધપણાને (न मुञ्चति) નથી છોડતી.''**

વસ્તુ ભગવાન ચિદાનંદ પ્રભુ શુદ્ધ ચેતનઘન આનંદકંદ છે. તે ચાહે સંસાર અવસ્થામાં હો, નિગોદની પર્યાય હો કે અભવિની પર્યાય હો, તો પણ વસ્તુ પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વરૂપને છોડતી નથી. આ અશુદ્ધતા પર્યાયમાં છે. જ્યારે તારી નજર શુદ્ધ ઉપર પડે ત્યારે ધ્રુવ તો શુદ્ધ જ પડ્યું છે. શુદ્ધ (વસ્તુ) અશુદ્ધ થઈ ગયું નથી.

કેટલાક તો એમ કહે છે કે સોનગઢવાળાઓ આ નવો પંથ કાઢ્યો છે. બધાં કહે છે તેનાથી નવું કાઢ્યું ? પણ ભગવંત ! આ નવો માર્ગ નથી પ્રભુ ! અનાદિનો માર્ગ છે ભાઈ ! તારા સાંભળવામાં ન આવ્યો તેથી નવો થઈ જાય એમ છે નહીં.

કેવી છે શુદ્ધ વસ્તુ ? કે જે એકપણાને નથી છોડતી. એકપણાનો અર્થ શુદ્ધ કર્યો, ત્રિકાળ વસ્તુ જેમાં પર્યાયનો ભેદ જ નથી. તેવી ચીજને એક કહ્યું, તેને શુદ્ધ કહ્યું. આત્મા એક અદ્વિતીય છે. તે દ્વૈતપણાને કદી પ્રાપ્ત થતો નથી. સમજાણું કાંઈ..?

આહાહા... વસ્તુ-દ્રવ્ય એકપણે, શુદ્ધ-ત્રિકાળી-સામાન્ય અખંડ અભેદ એકરૂપ સદશ છે અને આ પુણ્ય-પાપ, ઉત્પાદ-વ્યયના ભાવ છે તો વિસદશ છે. વિસદશ એટલે એક અવસ્થા ઉત્પન્ન થાય છે, બીજી વ્યય થાય છે, એકરૂપ રહેતી નથી. ઉત્પાદ-વ્યયમાં તો વિરુદ્ધતા છે. ઉત્પન્ન થઈને વ્યય થઈ, વ્યય થઈને ઉત્પન્ન થઈ તો વિરુદ્ધ થયું. આ ત્રિકાળી ભગવાન આત્મા કદી ઉત્પાદ-વ્યયમાં આવતો નથી, તે ઉત્પાદ-વ્યયને કરતો નથી. ઉત્પાદ-વ્યયને તો ઉત્પાદ-વ્યય કરે છે.

પરમાત્મપ્રકાશ ગાથા-૬૮માં કહ્યું કે ''**जिणवरू एउँ भणेई**'' જે મોક્ષ ને મોક્ષના માર્ગને, બંધ ને બંધના માર્ગને કરે નહીં તેને જિનવર જીવ કહે છે તે ત્રિકાળીની અપેક્ષાએ. અભૂતાર્થ-અસત્યાર્થ આત્મા છે. પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી, અભાવ કરીને અસત્યાર્થ નહીં, ત્રિકાળીને મુખ્ય કરીને સત્યાર્થ કહ્યો છે. ત્રિકાળી ચીજ શુદ્ધપણાને છોડતી નથી. તે એકપણું છોડી દ્વૈતરૂપ થતો નથી, તે દ્રવ્ય છોડી પર્યાયમાં આવે તેવું દ્વૈત થતું નથી. આવી ચીજ છે ભાઈ !

તે શુદ્ધપણાને નથી છોડતો તેનો અર્થ એ કે તે એકપણાને નથી છોડતો. એકપણું છોડી બે થઈ જાય, શુદ્ધ છોડી અશુદ્ધ થઈ જાય એમ નથી. અરે ! ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય છે તે શુદ્ધ પર્યાયની પરિણતિમાં આવી જાય એવું પણ નથી.

**''અહીં કોઈ આશંકા કરશે કે જીવવસ્તુ જ્યારે સંસારથી છૂટે છે ત્યારે શુદ્ધ થાય છે. ઉત્તર આમ છે - જીવવસ્તુ દ્રવ્યદષ્ટિએ વિચારતાં ત્રણે કાળ શુદ્ધ છે.''**

શિષ્ય કહે છે કે સંસાર પરિભ્રમણ ચાર ગતિ ચોરાશી લાખ યોનિમાં ભવભ્રમણ છે, રાગ છે, વિકાર છે અને તેનું કારણ, જે મિથ્યાત્વ અજ્ઞાન છે તે છૂટે ત્યારે શુદ્ધ થાય છે, અને તમે કહો છો કે જીવવસ્તુ ત્રિકાળ શુદ્ધ છે ?

ઉત્તર આમ છે-જીવવસ્તુ દ્રવ્યદષ્ટિથી ત્રિકાળ શુદ્ધ છે. આહાહા... ભગવાન આત્મા વસ્તુ છે ને ! અનાદિ છે ને ! નિત્ય છે ને ! ધ્રુવ છે, તો એવી નિત્ય વસ્તુ જે ધ્રુવ તે સંસારદશામાં પણ પોતાના શુદ્ધપણાને કદી છોડતી નથી.

પં. મખ્ખનલાલજીએ કહ્યું છે ને કે પર્યાય અશુદ્ધ થાય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. અરે પ્રભુ ! દ્રવ્ય અશુદ્ધ થઈ જાય તો શુદ્ધતા આવશે ક્યાંથી ?

ભગવાન આત્મા શક્તિએ, સ્વભાવે, ધ્રુવ ત્રિકાળ... ત્રિકાળ... ચૈતન્ય તત્ત્વ ત્રિકાળ શુદ્ધ જ છે. જીવવસ્તુ દ્રવ્યદષ્ટિથી વિચાર કરવાથી, ત્રિકાળી દ્રવ્યને જાણવાથી, પર્યાયનું લક્ષ ન કરતાં એટલે કે ભેદ અને અનેકપણાનું લક્ષ છોડીને, એકરૂપ ચીજ ત્રિકાળી દ્રવ્ય છે તેની દષ્ટિ કરવાથી એ ત્રિકાળ શુદ્ધ જ છે. અરે ! અમેરિકામાં મોટું કસાઈખાનું દોઢ માઈલમાં છે. લાખો બકરા કાપે, ગાયો કાપે-એવો જે કાપવાનો ભાવ છે, તે તો પર્યાયમાં છે. વસ્તુ તો શુદ્ધ છે.

લસણ, ડુંગળીની એક કટકીમાં અનંત જીવ, એક એક જીવની પર્યાયનું લક્ષ છોડીએ તો વસ્તુ તો શુદ્ધ જ છે. આહાહા... ભગવત્ સ્વરૂપ છે. અને ભગવત્ સ્વરૂપ ન હોય તો ભગવત્ સ્વરૂપ આત્માની પ્રાપ્તિ થશે ક્યાંથી ? તે કાંઈ બહારથી આવે છે ? પં. દેવકીનંદન આવ્યા હતાં અહીંયા. આ સાંભળીને કહેતાં હતાં કે મહારાજ ! અમારા બધાં પંડિતોનું નિમિત્તાધીન વાંચન છે. આ ભણતર અમારી પાસે નથી.

જીવ વસ્તુ દ્રવ્યદષ્ટિથી, દ્રવ્ય નામ ત્રિકાળ રહેવાવાળા ધ્રુવની દષ્ટિથી, ત્રિકાળ શુદ્ધ જ છે. એકાંત કર્યું. પરમશુદ્ધનયથી તે શુદ્ધ જ છે. વળી, મોક્ષમાર્ગ પ્રકાશકમાં વસ્તુને શુદ્ધાશુદ્ધ પર્યાયનો પિંડ કહી છે તે તો જે બિલકુલ અશુદ્ધ પર્યાયને માનતો જ નથી તેના માટે કહ્યું છે. અહીંયા તો કહે છે જીવ વસ્તુ દ્રવ્યદષ્ટિથી, ત્રિકાળ દષ્ટિથી વિચાર કરવાથી એટલે કે જ્ઞાન કરવાથી ત્રિકાળ શુદ્ધ જ છે.

અરે ! આ સોનગઢનું નામ પડે ત્યાં ભડકે. પણ ભગવાન ! આ સોનગઢની વાત ક્યાં છે ? આ તો ભગવાનના ઘરની વાત છે.

**"તે જ કહે છે - "नवतत्त्वगतत्वेऽपि" (नवतत्त्व) જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપ (गतत्वे अपि) તે-રૂપ પરિણમી છે તો પણ શુદ્ધસ્વરૂપ છે."**

આહાહા... ભગવાન ! અહીંયા તો ભગવાન તરીકે બોલાવે છે. અંતર આત્મા શુદ્ધ સ્વરૂપ છે. તે કદી પર્યાયની અશુદ્ધતામાં આવતો નથી. નવ તત્ત્વમાં પરિણત છે. અહીં શુદ્ધ ને અશુદ્ધ બંને લેવાં છે. સંવર-નિર્જરા-મોક્ષરૂપ પરિણત ભલે હો કે આસ્રવ-બંધરૂપે પરિણત હો પણ વસ્તુ તો શુદ્ધ જ છે. આ બધાં ભેદ પર્યાયમાં છે.

જેમ સોનું દ્રવ્ય છે અને તેમાં પીળાશ, ચિકાશ, વજન તે તેની શક્તિઓ છે. અને તેમાં કુંડળ, વીંટી, બંગડી થાય છે તે તેની પર્યાય છે. પણ સુવર્ણ જે ત્રિકાળી છે તે પર્યાયમાં આવતું નથી. સમજાણું કાંઈ...? જિનેશ્વરદેવ ઈન્દ્રોની સભામાં કહે છે કે

સંસારની ગમે તેવી દશા અશુદ્ધ હો ! મલિન હો ! મહા રૌદ્રધ્યાનની દશા હો ! તો પણ વસ્તુ તો તેનાથી ભિન્ન શુદ્ધ છે.

અરે ! જ્યાં નજર કરવાની છે અને જ્યાં નજર કરવાથી ધર્મની પ્રથમ સીડી સમ્યક્દર્શન થાય તેનો વિષય તો ત્રિકાળ શુદ્ધ જ છે. તેમાં તો સમ્યક્દર્શનની પર્યાયનો પણ અભાવ છે. સંવર નિર્જરા અને મોક્ષનો પણ અભાવ છે અરે ! કેટલાકે તો આ વાત સાંભળી ન હોય અને એમને એમ મૂઢતાથી જીવન ચાલ્યા જાય છે. સત્ સમજણ વિના મનુષ્યનો અવતાર પશુ સમાન છે. ભલે ને પછી તે રાજા હો કે કરોડપતિ હો પણ બધાં બિચારા દુ:ખી ભીખારી છે.

અહીં કહે છે **'नवतत्त्वगत्वेऽपि'** અર્થાત્ નવતત્ત્વપણે અવસ્થામાં પરિણમી છે. તો પણ વસ્તુ જે છે તે તો ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ જ છે. દ્રવ્ય જે શુદ્ધ છે તે પર્યાયમાં આવતું નથી.

**'गतत्त्वेऽपि'** નો સંસ્કૃત ટીકામાં એવો અર્થ કર્યો કે ગતત્વેડપિ તો શુદ્ધ છે પણ **अगतत्त्वेऽपि** પણ શુદ્ધ છે. સિદ્ધ ભગવાન નવતત્ત્વરૂપ છે નહીં તો પણ તે વિશુદ્ધ છે. શું કહ્યું ? ભગવાન આત્મા જિન પરમેશ્વર વીતરાગ આત્મા સત્ ,ચિત્ અને આનંદ સ્વરૂપ જે ત્રિકાળી વસ્તુ છે તે વર્તમાનમાં જીવ-અજીવ-આસ્રવ આદિ પર્યાયે પરિણત છે. **गतत्त्वेऽपि** તો પણ વસ્તુ તો શુદ્ધ જ છે. એ વસ્તુ પર્યાયમાં આવતી નથી.

આહાહા... બાહ્યદષ્ટિ તો અનંતકાળથી છે. અહીંયા તો કહે છે સમ્યક્દર્શનનો વિષય સંવર-નિર્જરા-મોક્ષ પણ નથી. સાચા સંવર-નિર્જરા હોં ! એ રૂપે પરિણમન હો પણ વસ્તુ તો ત્રિકાળ ધ્રુવ છે. તે જ સમ્યક્દર્શનનો વિષય છે.

અરે ! એણે આ આત્મા શું ચીજ છે ? કેવો ત્રિકાળ છે ? એવું કદિ સમ્યક્દર્શન પ્રાપ્ત કર્યું નથી. અને તે વિના તેણે મુનિપણું લીધું, સાધુ થયો, શ્રાવક થયો, બાળવ્રત આદિ કર્યું પણ તે બધું નિરર્થક થયું. તેમાં કાંઈ જન્મ-મરણ મટ્યા નહીં.

અહીં નવતત્ત્વરૂપે પર્યાય લીધી. નવમાં (શુદ્ધ) જીવદ્રવ્ય લેવું નથી. જીવની એક સમયની પર્યાય છે તે જીવ અને અજીવનું જ્ઞાન થયું તે અજીવ. નવતત્ત્વપણે પર્યાયમાં પરિણમન હોવા છતાં વસ્તુ શુદ્ધ છે. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. ઘણા કહે છે કે પર્યાય ને દ્રવ્ય અભિન્ન છે. પણ અહીં કહે છે કે પર્યાય ને દ્રવ્ય ભિન્ન છે. પર્યાયપણે પરિણમન હોવા છતાં પણ દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. આહાહા...મૂળમાં ભૂલ છે કે વ્યવહારથી નિશ્ચય થાય, નિમિત્તથી થાય અને ક્રમબદ્ધ નથી. અરે ! કોને પડી છે કે મારું શું થશે ? હું

આત્મા છું, દેહના નાશથી કાંઈ આત્માનો નાશ થાય તેવો નથી. આ (શરીર) નાશ થશે તો જડ-માટી-રાખ થશે. મસાણની જરીક રાખ થશે. અને પવન આવશે એટલે ઉડી જશે. ''રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત; પછી નરતન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત.''

આ એલ. એલ. બી.ના પૂંછડા વળગાડે છે ને ! વકીલના, ડૉકટરના ને મોટા જ્યોતિષીના, શાસ્ત્ર ભણતરના પૂંછડા વળગાડે પણ અગિયાર અંગના ભણતરમાં શું આવ્યું પ્રભુ ! અગિયાર અંગનું જ્ઞાન પર્યાયમાં છે, તે પર્યાયમાં આત્મા આવતો નથી. ભગવાન એ સમયે પણ ત્રિકાળ શુદ્ધ પડ્યો છે.

**''ભાવાર્થ આમ છે-જેમ અગ્નિ દાહકલક્ષણ છે, તે કાષ્ઠ, તૃણ, છાણાં આદિ સમસ્ત દાહ્યને દહે છે. દહતો થકો અગ્નિ દાહ્યાકાર થાય છે; પરંતુ તેનો વિચાર છે કે જો તેને કાષ્ઠ, તૃણ અને છાણાની આકૃતિમાં જોવામાં આવે તો કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એમ કહેવું સાચું જ છે, અને જો અગ્નિની ઉષ્ણતામાત્ર વિચારવામાં આવે તો ઉષ્ણમાત્ર છે, કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એવા સમસ્ત વિકલ્પ જૂઠા છે.''**

અગ્નિ દાહક છે, બાળનાર છે. તે લાકડાંને, કોલસાને, તૃણને બાળે છે. જે ચીજને બાળે છે તે રૂપે એટલે કે તે આકારે અગ્નિ થાય છે. પર્યાયદષ્ટિથી જોતાં તે પર્યાય બરાબર છે. અગ્નિની ઉષ્ણતા તરફ નજર ના કરો અને અગ્નિ જેને બાળે છે તેની આકૃતિ તરફ જુઓ તો પર્યાય તરીકે તે સાચું છે. પણ આ પર્યાય તરફ નજર ન કરી અને અગ્નિના ઉષ્ણ સ્વભાવથી દેખો તો આ આકૃતિ બધી જૂઠી છે. સમજાણું કાંઈ... ? આ તો હજુ દૃષ્ટાંત છે. સિદ્ધાંત આત્મામાં ઉતારવાનો છે.

પર્યાય નથી એવું નથી, પર્યાય છે પણ વસ્તુ દેખવાથી પર્યાય વસ્તુમાં આવતી નથી. વ્યવહાર વ્યવહાર તરીકે છે પણ વ્યવહાર ત્રિકાળી સ્વભાવમાં નથી. તેમ પર્યાય છે પણ પર્યાયદષ્ટિથી દ્રવ્ય જાણવામાં આવતું નથી. દ્રવ્યદષ્ટિથી દ્રવ્ય જાણવામાં આવે છે ઉષ્ણતામાત્ર અગ્નિથી જુઓ તો અગ્નિ સાચી ખ્યાલમાં આવે છે. આકૃતિથી જુઓ તો પર્યાય છે, વસ્તુમાત્રથી જુઓ તો પર્યાયમાત્ર જૂઠી છે.

**''તેવી જ રીતે નવ તત્ત્વરૂપ જીવના પરિણામો છે, તે પરિણામો કેટલાક શુદ્ધરૂપ છે. કેટલાક અશુદ્ધરૂપ છે; જો નવ પરિણામોમાં જ જોવામાં આવે તો નવે તત્ત્વ સાચાં છે અને જો ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે તો નવે વિકલ્પ જૂઠા છે.''**

પહેલાં ૬ઠ્ઠા શ્લોકમાં કહ્યું હતું કે નવ તત્ત્વરૂપે પરિણમે છે તે મિથ્યાત્વ છે. ત્યાં સંવર-નિર્જરા-મોક્ષ સાચાં નથી. ઉપચરિત કહેવામાં આવ્યા હતાં. બંધનો થોડો અભાવ, રાગની મંદતાની અપેક્ષાએ સંવર ગણવામાં આવ્યો હતો પણ તે વસ્તુ નહીં. અહીં તો સંવર-નિર્જરા શુદ્ધ લીધા છે. છતાં પણ પર્યાય ઉપર નજર-લક્ષ કરવાથી તો વિકલ્પ ઉત્પન્ન થાય છે અને ચેતનામાત્ર વસ્તુ ત્રિકાળ જાણનાર દેખનાર ચેતના એ રીતે આત્માને દેખે તો નવતત્ત્વની આકૃતિના પરિણામ જૂઠા છે. ત્રિકાળ ભગવાનને દેખવાથી સંવર-નિર્જરા-મોક્ષ પણ જૂઠા છે. આવી વાતો છે ભાઈ !

અરે ! જન્મ મરણના અભાવનો રસ્તો ભગવાન બતાવે છે. ભગવાન ! તારી ચીજ તો ચેતનામાત્ર વસ્તુ છે ને ! જેમ અગ્નિ ઉષ્ણતામાત્ર છે ને ! તેમ આ લાકડાની અગ્નિ, તૃણની અગ્નિ એમ પર્યાયમાત્રથી જુઓ તો, અંશદષ્ટિથી જુઓ તો અંશ માત્ર સત્ય છે, અને ઉષ્ણતામાત્ર અગ્નિથી જુઓ તો આ અંશ અસત્ય છે. તેમ જીવની એક સમયની પર્યાય, અજીવનું જ્ઞાન, પુણ્ય પાપ, દયા દાનના ભાવ, ચોરી હિંસા, જૂઠ આદિ પાપ, સંવર-નિર્જરા - મોક્ષ એમ શુદ્ધ અને અશુદ્ધ પર્યાયથી જુઓ તો પર્યાયપણે અસ્તિ છે. વ્યવહારનયથી પર્યાયદષ્ટિથી પર્યાય છે પણ તે આશ્રય કરવા લાયક નથી, તે સમ્યક્દર્શનનો વિષય કે ધ્યેય નથી. આહાહા... મોક્ષમાર્ગની પર્યાય પણ આશ્રય કરવા લાયક નથી. તે છે એમ જાણી આશ્રય કરવા લાયક તો ત્રિકાળી ચેતન ભગવાન છે.

આ નવતત્ત્વરૂપ પરિણમન વ્યવહારનયનો - પર્યાયનયનો વિષય છે. વસ્તુ ચેતનામાત્ર જાણનાર - દેખનાર ભગવાન તેની દષ્ટિ કરવાથી, અભેદની દષ્ટિમાં તે ભેદ દેખાતા નથી, તેથી તે ભેદ જૂઠા છે. ચેતનામાત્ર વસ્તુમાં પણ ભેદ છે નહીં. હવે આવી વાતો ભાઈ ! તો કેટલાક કહે કે સોનગઢે નવો ધર્મ કાઢ્યો. અરે ભગવાન ! એકવાર સાંભળ તો ખરો નાથ ! કે તારા ઘરની વાત શું છે ?

આ દયા, દાન, વ્યવહાર રત્નત્રય, દેવ, ગુરુ-શાસ્ત્રનો રાગ કે જે બંધનું કારણ છે તે લક્ષ કરવા લાયક નથી. સંવર - નિર્જરા - મોક્ષ તે પણ પર્યાય છે. તે પણ લક્ષ કરવા લાયક નથી. પર્યાય પર્યાય તરીકે સત્ય છે જાણવા લાયક છે પણ લક્ષ કરવા લાયક નથી. સમજાણું કાંઈ ? આવો માર્ગ ... માણસને નવો લાગે અને જુવાનીને તો ( એકદમ નવું લાગે ) ખરેખર તો જુવાન માટે જ આ વસ્તુ છે. જુવાનિયા આ વાતને પકડી શકે કેમ કે તેને બીજા આગ્રહ ન હોય ને !

અહીંયા નવતત્ત્વમાં નવતત્ત્વ શબ્દે જીવ તત્ત્વ (જીવ દ્રવ્ય)) ન લેવું. એક સમયની

પર્યાય લેવી. એક સમયની સંવર - નિર્જરા - મોક્ષની પર્યાય તે પર્યાય દષ્ટિથી જુઓ તો નવ છે. પ્રયોજનભૂત ચેતનામાત્ર ભગવાન આત્માને દેખવાથી તે નવ તત્ત્વ નથી. જે સમ્યક્દર્શનની પર્યાયે આશ્રય લીધો છે તે સમ્યક્દર્શનની પર્યાયને દેખવાથી પર્યાય છે. પણ સમ્યક્દર્શને જેને વિષય બનાવ્યો છે તેને દેખો તો તેમાં સમ્યક્દર્શનની પર્યાય પણ નથી. ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે તો નવે વિકલ્પ જૂઠા છે, ભેદ જૂઠા છે. આહાહા ... આવી વાતો છે.

એકરૂપ ચિદાનંદ ભગવાન છે ... છે... છે... ભૂત, વર્તમાન, ભવિષ્ય, ત્રિકાળ ચેતના તેનો સ્વભાવ છે ... છે ... છે. તેનો આશ્રય કરવાથી સમકિત થાય છે. તેના આશ્રયે સમ્યક્જ્ઞાન અને તેમાં લીન થવાથી ચારિત્ર થાય છે. મહાવ્રત કાંઈ ચારિત્ર નથી. તે આસ્રવમાં જાય છે. અને ચારિત્રની પર્યાય સંવર - નિર્જરામાં જાય છે.

પ્રશ્ન : જીવની પર્યાય એ તો પ્રમાણનો જીવ થયો ને ?

ઉત્તર : અહીં એક સમયની પર્યાય તે જીવમાં લેવી. જીવ દ્રવ્ય ન લેવું.

પ્રશ્ન : દ્રવ્યમાં પર્યાય છે ?

ઉત્તર : ના, પર્યાય અને દ્રવ્ય બંને ભિન્ન છે. ત્રિકાળીનો આશ્રય કરવાથી વાસ્તવિક પૂર્ણસ્વરૂપ દષ્ટિમાં આવે છે. અને પર્યાયના લક્ષથી અંશ દષ્ટિમાં આવે છે, તે કાંઈ પૂર્ણ ચીજ નથી. પર્યાયદષ્ટિથી જુઓ તો પર્યાય સાચી છે, સત્ય છે, ભૂતાર્થ છે. વ્યવહારનયથી ભૂતાર્થ છે ને ! બંધ અધિકારમાં મોક્ષમાર્ગને ભૂતાર્થ કહ્યો. ચેતના માત્ર ભગવાન તેની શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા તે પર્યાયને ભૂતાર્થ ધર્મ, સત્ય ધર્મ કહ્યો. અહીંયા એને પર્યાયદષ્ટિમાં લેવું છે. રાગાદિ બંધ માર્ગ અને આ સાચો મોક્ષમાર્ગ બંને પર્યાયદષ્ટિમાં જાય છે. અને ત્રિકાળી વસ્તુ ચેતન ભગવાન તેના ઉપર નજર કરવાથી સમ્યક્દર્શન થાય છે. ધ્યેય ઉપરની નજરની અપેક્ષાએ અભેદમાં તે ભેદ છે નહીં, ભેદને જૂઠો કહેવામાં આવ્યો છે.

ત્રિકાળીનો આશ્રય કરવાથી જે જ્ઞાન થયું તે અને વ્યવહારનું જ્ઞાન બે મળીને પ્રમાણનું જ્ઞાન કહે છે. પણ ત્રિકાળનો આશ્રય કરવાથી જે જ્ઞાન થાય પછી નવનું જ્ઞાન કરે તો પ્રમાણજ્ઞાન થાય છે. એકલા નવનું જ્ઞાન કરે તેને જ્ઞાન કહેતાં નથી. સમજાણું કાંઈ..........?

પ્રવચન નં. ૯, ૧૦

તા. ૭-૬-'૭૭ થી ૮-૬-'૭૭

## કળશ-૮

### (માલિની)

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं
कनकमिव निमग्नं वर्णमालाकलापे ।
अथ सततविविक्तं दृश्यतामेकरूपं
प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम् ॥ ८ ॥

ખંડાન્વય સહિત અર્થ : - "आत्मज्योतिः दृश्यताम्" (आत्मज्योतिः) આત્મજ્યોતિ અર્થાત્ જીવદ્રવ્યનું શુદ્ધ જ્ઞાનમાત્ર, (दृश्यताम्) સર્વથા અનુભવરૂપ હો. કેવી છે આત્મજ્યોતિ ? "चिरमिति नवतत्त्वच्छन्नं, अथ सततविविक्तं" આ અવસરે નાટ્યરસની પેઠે એક જીવવસ્તુ આશ્ચર્યકારી અનેક ભાવરૂપ એક જ સમયે દેખાય છે, એ જ કારણથી આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે. તે જ કહે છે (चिरम्) અમર્યાદ કાળથી (इति) જો વિભાવરૂપ રાગાદિ પરિણામ-પર્યાયમાત્ર વિચારવામાં આવે તો જ્ઞાનવસ્તુ (नवतत्त्वच्छन्नं) પૂર્વોક્ત જીવાદિ નવ તત્ત્વરૂપે આચ્છાદિત છે. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ અનાદિ કાળથી ધાતુ અને પાષાણના સંયોગની પેઠે કર્મ-પર્યાય સાથે મળેલી જ ચાલી આવે છે અને મળી થકી તે રાગાદિ વિભાવપરિણામો સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપે સ્વયં પરિણમે છે. તે પરિણમન જોવામાં આવે, જીવનું સ્વરૂપ ન જોવામાં આવે, તો જીવવસ્તુ નવ તત્ત્વરૂપ છે એમ દૃષ્ટિમાં આવે છે; આવું પણ છે, સર્વથા જૂઠું નથી, કેમ કે વિભાવરૂપ રાગાદિ પરિણામશક્તિ જીવમાં જ છે. "अथ" હવે 'અથ' પદ દ્વારા બીજો પક્ષ બતાવે છે :- તે જ જીવવસ્તુ દ્રવ્યરૂપ છે, પોતાના ગુણપર્યાયે વિરાજમાન છે. જો શુદ્ધ દ્રવ્યસ્વરૂપ જોવામાં આવે, પર્યાયસ્વરૂપ ન જોવામાં આવે તો તે કેવી છે ? "सततविविक्तम्" (सतत्) નિરંતર (विविक्तम्)નવ તત્ત્વના વિકલ્પથી રહિત છે, શુદ્ધ વસ્તુમાત્ર છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે. વળી કેવી છે તે આત્મજ્યોતિ ? "वर्णमालाकलापे कनकमिव निमग्नं" "વર્ણમાલા" પદના બે અર્થ છે-એક તો બનવારી, અને બીજો ભેદપંક્તિ; ભાવાર્થ આમ છે કે ગુણ-ગુણીના ભેદરૂપ ભેદપ્રકાશ; 'કલાપ' નો અર્થ સમૂહ છે. આથી એમ અર્થ ઊપજ્યો કે જેમ એક જ સોનું વાનભેદથી અનેકરૂપ કહેવાય છે તેમ એક જ જીવવસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપે અનેક-રૂપ કહેવાય છે. 'अथ' હવે 'અથ' પદ

દ્વારા ફરીને બીજો પક્ષ બતાવે છે. - ''**प्रतिपदम् एकरूपं**'' **(प्रतिपदम्)** ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અથવા દૃષ્ટાંતની અપેક્ષાએ વાનભેદરૂપ જેટલા ભેદો છે તે બધા ભેદોમાં પણ **(एकरूपं)** પોતે (એક) જ છે. વસ્તુનો વિચાર કરતાં ભેદરૂપ પણ વસ્તુ જ છે, વસ્તુથી ભિન્ન ભેદ કોઈ વસ્તુ નથી. ભાવાર્થ આમ છે કે સુવર્ણમાત્ર ન જોવામાં આવે, વાનભેદમાત્ર જોવામાં આવે તો વાનભેદ છે; સોનાની શક્તિ એવી પણ છે; જો વાનભેદ ન જોવામાં આવે, કેવળ સુવર્ણ-માત્ર જોવામાં આવે, તો વાનભેદ જૂઠા છે; તેવી રીતે જો શુદ્ધ જીવવસ્તુમાત્ર ન જોવામાં આવે, ગુણ-પર્યાયમાત્ર કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાત્ર જોવામાં આવે, તો ગુણ-પર્યાયો છે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે; જીવવસ્તુ આવી પણ છે; જો ગુણ-પર્યાયભેદ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદ ન જોવામાં આવે, વસ્તુમાત્ર જોવામાં આવે, તો સમસ્ત ભેદ જૂઠા છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. વળી કેવી છે આત્મજ્યોતિ? ''**उन्नीयमानं**'' ચેતનાલક્ષણથી જણાય છે, તેથી અનુમાન-ગોચર પણ છે. હવે બીજો પક્ષ-- ''**उद्योतमानम्**'' પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. ભાવાર્થ આમ છે કે ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે, વસ્તુ વિચારતાં એટલો વિકલ્પ પણ જૂઠો છે, શુદ્ધ વસ્તુમાત્ર છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. ૮.

## કલશ - ૮ : ઉપરનું પ્રવચન

**''आत्मज्योतिः दृश्यताम्'' (आत्मज्योतिः) આત્મજ્યોતિ અર્થાત્ જીવદ્રવ્યનું શુદ્ધ જ્ઞાનમાત્ર, (दृश्यताम्) સર્વથા અનુભવ-રૂપ હો.''**

ભગવાન આત્મા એક સમયની પર્યાય ને ભેદથી રહિત, એકરૂપ આત્મજ્યોતિ ચૈતન્ય સ્વભાવ તેનો સર્વથા આશ્રય કરી અનુભવ કરો. આહાહા... તેનું નામ સમ્યક્દર્શન છે. દશ્યતામ્નો અર્થ સર્વથા અનુભવરૂપ હો એમ કર્યો છે.

ત્રિકાળી પરમાત્મ સ્વરૂપ આત્મદ્રવ્ય એકલો શુદ્ધ પવિત્ર જ્ઞાનમાત્ર ત્રિકાળ સ્વભાવ તે અનુભવ કરવા લાયક છે. પર્યાયને ન જોતાં, ત્રિકાળી દ્રવ્ય છે તે સર્વથા અનુભવરૂપ હો એમ કહે છે.

**''કેવી છે આત્મજ્યોતિ ? ''चिरमिति नवतत्त्वच्छन्नं, अथ सततविविक्तं'' આ અવસરે નાટ્યરસની પેઠે એક જીવવસ્તુ આશ્ચર્યકારી અનેક ભાવરૂપ એક જ સમયે દેખાય છે, એ જ કારણથી આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે.''**

જીવવસ્તુ એક ત્રિકાળી પણ આશ્ચર્યકારી અનેકભાવરૂપ દેખાય છે. જેમાં

(વસ્તુમાં) રાગ-દ્વેષ-બંધ નથી, સ્વભાવમાં-શક્તિમાં નથી; પણ પર્યાયમાં આશ્ચર્યકારી બંધ-રાગાદિ દેખાય છે. અનેકભાવરૂપ અને પાછો સમય એક.

આ બાજુ નજર કરવાથી ત્રિકાળી જ્ઞાયકભાવ એકરૂપ દેખાય છે. આ બાજુ ગુલાંટ ખાય છે ત્યારે જીવ વસ્તુ એવી હોવા છતાં પર્યાય-અવસ્થામાં આશ્ચર્યકારી બંધાદિ અનેકભાવ એક જ સમયમાં દેખાય છે. સમજાણું કાંઈ... ?

ધર્મ સૂક્ષ્મ છે ભાઈ ! સર્વજ્ઞે કહેલો માર્ગ અલૌકિક છે. વીતરાગ પરમેશ્વરે કહેલ જે વસ્તુનું સ્વરૂપ તેમાં આત્માના એક સમયમાં બે રૂપ-ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણાનંદને જુઓ તો અનુભવમાં એકરૂપ છે અને પર્યાયથી દેખો તો જેમાં આશ્ચર્યકારી શુદ્ધતા છે, અશુદ્ધતા, બંધ, રાગ, રૌદ્રધ્યાન ને આર્તધ્યાન એવા અનેકરૂપ એક જ સમયમાં દેખાય છે.

આ દેહ-વાણી એ તો જડ છે. આત્મામાં જડ આવતું નથી. પણ જડ હું છું એવો અહંકાર તેને અહીં જડપણે પરિણમ્યો એમ કહેવામાં આવે છે. આ અહંકાર અને રાગ-દ્વેષ બંધના ભાવ એકરૂપ ત્રિકાળી સ્વભાવમાં છે નહીં. તે વર્તમાન દશામાં અનેક અશુદ્ધભાવ આશ્ચર્યકારી એક સમયમાં દેખાય છે. અરે ! છદ્મસ્થનો ઉપયોગ એક સમયમાં આ બધાંને જાણે છે.

પ્રશ્ન : છદ્મસ્થને નવના ભેદ એક સમયમાં કેવી રીતે દેખાય ?

ઉત્તર : નવ એક સમયમાં છે ને ! છે, તો દેખાય છે. જૈન પરમશ્વેર વીતરાગદેવ અરિહંત સર્વજ્ઞ પરમાત્માનો આ હુકમ છે કે તારી ચીજ બે પ્રકારથી દેખવાની છે. 'છે' તો દેખવાની છે ને ! એક તો ત્રિકાળી ભગવાન આત્મા પૂર્ણાનંદ એકરૂપ અને એક પર્યાયમાં આશ્ચર્યકારી અનેકરૂપ.

અરે પ્રભુ ! એક વાર સાંભળ તો ખરો ! અરે ! આ મનુષ્યપણું મળ્યું એ ચાલ્યું જશે. તેમાં જો આ ચીજ સમજમાં ન આવી તો જન્મમરણના ચોરાશીના અવતારમાં રખડવું પડશે. વસ્તુ ભગવાન એકરૂપે ત્રિકાળી આનંદકંદ શુદ્ધ ચૈતન્યઘન છે તેને જોવો તે સમ્યક્દર્શન કે જે જન્મ-મરણથી રહિત થવાની ચીજ છે અને તે ત્રિકાળી ચીજને ન દેખી, વર્તમાનમાં એક સમયમાં નવ પર્યાય છે, તેને પર્યાય દૃષ્ટિથી દેખવા તે મિથ્યાત્વભાવ-સંસારમાં રખડવાનું કારણ છે.

આત્માનો ત્રિકાળી જ્ઞાયકભાવ અનુભવમાં આવ્યા પછી નવનું જ્ઞાન હોય તે

વ્યવહાર. તે જાણવામાં આવે છે એટલું. પણ જ્યાં સુધી આત્મા ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ છે તેને ન દેખતાં એકલાં નવતત્ત્વને દેખે છે તે મિથ્યાત્વભાવ છે.

પ્રશ્ન : એક સમયમાં નવ કઈ રીતે ?

ઉત્તર : એક સમયની પર્યાય તે જીવ, અજીવ હું છું તેવો અહંકાર તે અજીવ, પુણ્ય-પાપના ભાવ તે આસ્રવ, આસ્રવરૂપ જે છે તે બંધ, જેટલો રાગ ઘટ્યો છે તે અપેક્ષાએ સંવર, (છે તો આસ્રવ પણ વ્યવહારે સંવર કહ્યું.) કર્મની નિર્જરા-વિપાક થાય છે તે નિર્જરા અને અલ્પબંધ થાય છે એ અપેક્ષાએ મોક્ષ. એકલા નવતત્ત્વનો અનુભવ મિથ્યાત્વ છે.

એક જીવવસ્તુ અનેકભાવરૂપ એક જ સમયે દેખાય છે તેથી શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે. જેમ નાટકમાં અનેકરૂપ ધારણ કરે છે. ઘડીકમાં રાજા થઈને આવે, ઘડીકમાં રાણી થઈને આવે, ઘડીકમાં નોકર થઈને આવે. તેમ આ ભગવાન આત્મા આનંદકંદ, શુદ્ધ જ્ઞાયક સ્વરૂપ એવો હોવા છતાં પર્યાયમાં જઈને તે રાગમાં આવે છે, પુણ્યમાં આવે છે, પાપમાં આવે છે, આસ્રવમાં આવે છે, એવા ભિન્ન ભિન્ન વેષમાં દેખાય છે. તે નાટક છે. ન ટકે તે નાટક. તેમ આત્મામાં ત્રિકાળ ન ટકે તે નાટક. રાગાદિ નથી ટકતાં.

હું શરીર છું, વાણીયો છું, બ્રાહ્મણ છું, ક્ષત્રિય છું, બાળક છું, વૃદ્ધ છું, સ્ત્રી છું, પુરુષ છું, ઢોર છું.... પણ ભગવાન ! એ બધાં તો પરના નાટક છે, એ તારી ચીજ નહીં પ્રભુ ! તારી ચીજ તો અંદર એકરૂપ જ્ઞાયક આનંદકંદ ભગવાન છે, તેને દેખવાથી-અનુભવ કરવાથી ધર્મની દશા-સમ્યક્‌દર્શન થાય છે અને તેને ન દેખવાથી પોતે એકરૂપ હોવા છતાં પણ વર્તમાન દશામાં આશ્ચર્યકારી અનેકરૂપ દેખાય છે.

ભગવાન ત્રણલોકનો નાથ પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો રસકંદ આત્મા અંદર છે ભાઈ ! તને ખબર નથી ને નવતત્ત્વના નાટક કરે છે. એક ક્ષણમાં આર્તધ્યાન-રૌદ્ર ધ્યાન કરીને પોક મૂકીને રોવે, વળી ક્ષણમાં પાંચ-પચીસ લાખ મળે તો ખુશી-ખુશી દાંત કાઢે, એક બાજુ કાચાં (બકરીના) બચ્ચાં ખાય, એક બાજુ સ્ત્રીનો વિષય લે.... આ બધાં આશ્ચર્યકારી ભાવ છે. પ્રભુ ! તારા એકરૂપમાં આ શું નાટક થયા છે?

**"તે જ કહે છે (चिरम्) અમર્યાદ કાળથી (इति) જો વિભાવરૂપ રાગાદિ પરિણામ-પર્યાયમાત્ર વિચારવામાં આવે તો જ્ઞાનવસ્તુ (नवतत्त्वच्छन्नं) પૂર્વોક્ત જીવાદિ નવ તત્ત્વરૂપે આચ્છાદિત છે."**

ભગવાન આત્મા તો અનાદિકાળથી છે. અનાદિકાળથી રાગ-દ્વેષ, પુણ્ય-પાપ,

કામ-ક્રોધ વેષ ધારણ કર્યા છે. આવા જે નવ પ્રકાર જીવની પર્યાયમાં છે તેનાથી ભગવાન ઢંકાઈ ગયો છે. તેને જુએ છે તે ભગવાન ત્રિકાળીને દેખતો નથી. આ કોઈ કથા નથી ભાઈ ! આ તો ધર્મની અપૂર્વ વાત છે બાપુ..!

ભગવાન આત્મા તો અનાદિ અનંત નિત્ય છે કે નવો ઉત્પન્ન થાય છે ? આત્મા તો છે... છે... છે... તે ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે, અને ભવિષ્યમાં રહેશે. કેમ કે આત્માનો નાશ થતો નથી. આવા અવિનાશી આત્માને ન દેખતાં, વર્તમાન પર્યાયમાં જે રાગ-દ્વેષ, દયા-દાન, કામ-ક્રોધ આવ્યા તે દેખવાથી તે (જ્ઞાયક) ઢંકાઈ ગયો. ''છિન્ન' કહ્યું ને ! એટલે કે ઢંકાઈ ગયો. ભાષા ભલે સાદી છે પણ ભાવ તો ઊંચા છે. આ તો ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ દેવનો કહેલો પંથ છે.

અરે ! તારી ચીજ તો અંદર જ્ઞાનપુંજ ચૈતન્યમાત્ર એવી પૂર્ણ ચીજ, અભેદ ચીજ એકરૂપ ચીજને ન દેખવાથી અને અનાદિ કાળની તારી દશામાં પર્યાયને દેખવાથી તે વિભાવરૂપ-રાગરૂપ દેખાય છે, એકલો વિકારરૂપ દેખાય છે અને વિકાર દેખવાથી ભગવાન ઢંકાઈ ગયો છે.

આહાહા... મેં દયા પાળી, મેં વ્રત પાળ્યા, મેં ઉપવાસ કર્યા.... આ બધાં વિકલ્પ-રાગ છે. જ્યારે રાગ છે તો પ્રતિકૂળતામાં દ્વેષ પણ થાય છે. જ્યાં રાગ છે ત્યાં દ્વેષ છે. જેટલો શરીર પ્રત્યે પ્રેમ છે તેટલો જ શરીરમાં વીંછી કરડે, સાપ કરડે, વાળ ખેંચે તો દ્વેષ થાય છે. જેટલો રાગ તેટલો દ્વેષ અને જેટલો દ્વેષ તેટલો રાગ. આ વાત પંચાધ્યાયીમાં છે. અનુકૂળતામાં જેટલો પ્રેમ છે તેટલો જ પ્રતિકૂળતામાં દ્વેષ છે. જ્યારે ભગવાન આત્મા તો રાગથી ભિન્ન છે. આહાહા... બધાં ભગવાન છે. તેને ન દેખતાં, પર્યાયમાત્રને દેખવાથી ત્રિકાળી ચીજ ઢંકાઈ ગઈ છે, આચ્છાદિત થઈ ગઈ છે. તે પણ તારી ભૂલથી. કર્મથી નહીં, આવરણથી નહીં. કર્મથી આવરણ થયું ને ઢંકાઈ ગયો છે તેમ નથી.

આત્મામાં બે પ્રકાર-એક પ્રકાર દ્રવ્ય-વસ્તુ અને એક પર્યાય-અવસ્થા. વસ્તુ જે છે તેનો અનુભવ-અનુસરીને દશા કરે તો સમ્યક્દર્શન ને ધર્મ છે. પરંતુ આવી દશા અને આવો ધર્મ અનાદિથી શા માટે ન થયો ? તો કહે છે કે વર્તમાન પર્યાયમાં જેટલા ભાવ દેખાય છે તે પ્રત્યેની તેની દૃષ્ટિ છે. બીજી ભાષાએ કહીએ તો પર્યાયદૃષ્ટિ છે. પર્યાયદૃષ્ટિથી દ્રવ્યદૃષ્ટિ ઢંકાઈ ગઈ. સમજાણું કાંઈ... ?

**''ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ અનાદિ કાળથી ધાતુ અને પાષાણના સંયોગની**

**પેઠે કર્મ-પર્યાય સાથે મળેલી જ ચાલી આવે છે અને મળી થકી તે રાગાદિ વિભાવપરિણામો સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપે સ્વયં પરિણમે છે.''**

જેમ ખાણમાંથી સોનું અને પથ્થર એક સાથે નીકળે છે, સોનું ને પથ્થર સાથે છે તો પણ સોનું સોનું છે, પથ્થર પથ્થર છે જીવવસ્તુ અનાદિકાળથી ધાતુ અને પાષાણના સંયોગની પેઠે એટલે કે સોનુ નામ ભગવાન ચૈતન્ય આનંદકંદ પ્રભુ અને પુણ્ય-પાપ તેમને રાગાદિ ધાતુ પથ્થરની સાથે મળી ચાલી આવે છે. ભગવાન આત્મા આનંદકંદ પ્રભુ સોના જેવો છે. અને આ પુણ્ય પાપના વિકારી ભાવ પથ્થર સમાન છે. તેના સંયોગ સંબંધથી અનાદિની પર્યાયબુદ્ધિ ચાલી આવે છે.

અહીં કહે છે કે વિકારી પરિણામ સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ સ્વયં પરિણમે છે, આત્મા તે વ્યાપક અને વિકારી પરિણમન-અવસ્થા તે વ્યાપ્ય. તે અવસ્થા કર્મને કારણે થઈ છે તેમ અહીંયા નથી, આનંદકંદ પ્રભુ ! તેનો ખ્યાલ નથી ને પર્યાયમાં રાગ-દ્વેષ જે ચાલ્યો આવે છે તે રાગ-દ્વેષનો કર્તા કોણ ? અને રાગ-દ્વેષ કોનું કાર્ય? તો કહે છે કે આત્માનું, કેમ કે તે સ્વયં જ રાગાદિરૂપ પરિણમે છે. 'સ્વયં' કહેતાં કર્મની કારણે નહીં.

આહાહા... સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવને અનંત જ્ઞાન, અનંત આનંદ પ્રગટ થયો તે કાંઈ બહારથી નથી આવતો અંદર છે જ. તેમ આ ભગવાન આત્માને અંતરમાં અનંત આનંદ ને જ્ઞાન છે જ. પણ તેને અંતરમાં દૃષ્ટિ ન કરી અને વર્તમાન પુણ્ય-પાપ, રાગ-દ્વેષ કરે છે, તેને દેખે છે તો વ્યાપ્ય-વ્યાપક આત્મા જ થઈ ગયો છે. આત્મા જ વિસ્તાર કરીને પ્રસરે છે, વિકારી આત્મા જ થયો છે.

ઘણા કહે છે કે કર્મને લઈને થાય, કર્મને લઈને થાય છે પણ અરે ભગવાન ! કર્મ તો જડ છે, પરચીજ છે. પરચીજને શુ કરે ? પરચીજનો પરચીજમાં અભાવ છે. અભાવમાં તે ભાવ કઈ રીતે બનાવે ? સમજાણું કાંઈ... ?

પ્રશ્ન : શાસ્ત્રમાં લખ્યું છે તો શું સમજવું ?

ઉત્તર : એ તો વ્યવહારના કથન છે. ટૂંકી ભાષા કરવાની કથન શૈલી છે. જ્ઞાનાવરણ જ્ઞાનને રોકે છે એવું ગોમ્મટસારમાં આવે છે એ નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહારનયનું કથન છે.

ભગવાન ! તારી ચીજ તો અતીન્દ્રિય આનંદનો નાથ છે ને પ્રભુ ! જેમ તું ત્રિકાળ આત્મા છો તેવો તારો સ્વભાવ ત્રિકાળ આનંદ-શાંતિ અને વીતરાગ સ્વરૂપ છે તે તરફ

નજર ન કરવાથી તારી ચીજ પર્યાયમાં વિકારરૂપ વ્યાપ્ય-વ્યાપક થઈને સ્વયં અપરાધી થઈને અપરાધ કરે છે અને અપરાધને દેખવાથી નિરપરાધી ત્રિકાળી ચીજ ઢંકાઈ ગઈ.

**"તે પરિણમન જોવામાં આવે, જીવનું સ્વરૂપ ન જોવામાં આવે, તો જીવવસ્તુ નવ તત્ત્વરૂપ છે એમ દષ્ટિમાં આવે છે; આવું પણ છે, સર્વથા જૂઠું નથી, કેમ કે વિભાવરૂપ રાગાદિ પરિણામશક્તિ જીવમાં જ છે."**

પહેલાં સંપ્રદાયના ગુરુ હતાં તે કહેતાં કે કોઈપણ પ્રાણીની હિંસા ના કરવી, કોઈ પ્રાણીને ન મારવા તે અહિંસા છે, તે ધર્મ છે. આ સિદ્ધાંતનો સાર છે. આ જેણે જાણ્યું તેણે સર્વ જાણ્યું, અહીં કહે છે કે દયાનો ભાવ તે રાગ છે અને રાગને જુએ છે તે સ્વભાવને નથી જોતો, તે મિથ્યાદષ્ટિ છે.

ત્રણલોકના નાથ જિનેશ્વર દેવ સીમંધર તીર્થંકર પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં અરિહંત પદે બિરાજે છે, જેની સભામાં સો સો ઈન્દ્રો આવે, વાઘ ને નાગ જેની સભા સાંભળે, તેની વાણીમાં આ વાત આવી છે ? આહાહા ... પ્રભુ ! તારી મોટપ, પ્રભુતા ન દેખવાથી અને પામરતા ને વિકારને દેખવાથી તું ઢંકાઈ ગયો, પરમાત્માનો અનાદર કરી દીધો. આહાહા તારી ચીજ અંદર પ્રભુતાથી ભરી છે. તેને કેમ નથી જોતો? પામર ચીજને એટલે રાગ અને દયા-દાન, પુણ્ય-પાપના ભાવ, વધારે વ્રત કર્યા ને અપવાસ કર્યા ને જાત્રા કરી એમ પર્યાયને દેખવાવાળા ત્રિકાળ ભગવાનને જોતાં નથી.

હવે કહે છે એવું નવતત્ત્વરૂપ-રાગરૂપ પરિણમન છે. એ કાંઈ સર્વથા જૂઠાં નથી. વળી, ૧૧મી ગાથામાં વ્યવહારને અસત્યાર્થ - અભૂતાર્થ કહ્યો, નવ પ્રકારનાં પરિણામ અસત્યાર્થ-જૂઠા છે પણ કઈ અપેક્ષાથી ? તે ત્રિકાળી જ્ઞાયકભાવની દષ્ટિ કરાવવાને, સમકિત કરાવવા ત્રિકાળીને મુખ્ય કરી સત્ય છે અને પર્યાયને ગૌણ કરીને અસત્ય છે એમ કહેવામાં આવ્યું છે. વ્યવહારનય સર્વથા જૂઠો છે તેમ નથી.

સર્વથા જૂઠું નથી કેમ કે વિભાવરૂપ રાગાદિ પરિણામ શક્તિ જીવમાં જ છે. જુઓ ! સિદ્ધ કર્યું કે, વિભાવરૂપ પરિણમન છે. વૈભાવિક શક્તિ આત્મામાં છે, એ તો નિમિત્ત આધીન થઈને વૈભાવિક શક્તિ વિભાવરૂપ પરિણમે છે, કર્મના કારણથી નહીં, પરના કારણથી નહીં, સમજાણું કાંઈ ? હવે એક કલાકમાં કેટલું યાદ રાખવું ? અને જે સાંભળેલી વાતો હોય તેમાંથી કાંઈ ન આવે, બધું નવું લાગે ભાઈ ! વીતરાગ જિનેશ્વર પ્રભુના મારગ જુદા છે પ્રભુ !

કહે છે કે પરિણમનથી જોવામાં આવે તો તે સર્વથા જૂઠ નથી. વ્યવહાર છે, રાગ છે, દયા-દાન, વ્રત-તપ, ભક્તિ આદિના વિકલ્પ - રાગ છે. એ પરિણમન નથી, જૂઠા છે-તેવું નથી, પર્યાય છે. ભાષા જુઓ ! આ વિકારી પરિણમન કરવું તે પર્યાયના પોતાના કારણથી જ છે, પરના કારણથી નહીં.

આહાહા ... ભેદને દેખવાવાળાને અભેદ દેખાતો નથી અને અભેદને દેખવાવાળાને અંદરમાં પર્યાયબુદ્ધિ દેખાતી નથી. અંતરની પૂર્ણ ચીજને દેખવાવાળાને સમ્યક્ત્વ હોય છે અને ભેદને દેખવાવાળાને અને તેને પોતાનો માનવાથી મિથ્યાત્વ છે.

આત્મા છે, એ દ્રવ્યરૂપ તો ત્રિકાળ શુદ્ધ છે પણ પોતાની પર્યાયમાં નવતત્ત્વરૂપ - વિભાવરૂપ પરિણામ થાય છે. તે રાગાદિરૂપ પરિણામશક્તિ જીવમાં જ છે. આ પુણ્ય-પાપ બંધ આસ્રવ તે થવાની શક્તિ જીવમાં છે. પર્યાય શક્તિ છે, પર્યાયની યોગ્યતાથી વિકાર થયો છે.

**''अथ'' હવે 'અથ' પદ દ્વારા બીજો પક્ષ બતાવે છે : તે જ જીવ વસ્તુ દ્રવ્યરૂપ છે, પોતાના ગુણપર્યાયે વિરાજમાન છે. જો શુદ્ધ દ્રવ્યસ્વરૂપ જોવામાં આવે, પર્યાયસ્વરૂપ ન જોવામાં આવે તો તે કેવી છે ? ''सततविविक्तम्'' (सतत) નિરંતર (विविक्तम्) નવ તત્ત્વના વિકલ્પથી રહિત છે, શુદ્ધ વસ્તુમાત્ર છે.''**

પહેલાં નવ પર્યાયને બતાવીને હવે જીવદ્રવ્ય વસ્તુની વાત કરે છે. દ્રવ્ય પોતાના ગુણ પર્યાયે બિરાજમાન છે. પોતાની શક્તિ તે ગુણ છે. વર્તમાન અવસ્થા તે પર્યાય છે. તેમાં બિરાજમાન છે. હવે કહે છે કે તેને શુદ્ધ દ્રવ્યરૂપ દેખવામાં આવે એટલે કે આત્મા ત્રિકાળી જ્ઞાયકભાવ, શુદ્ધ ભાવ, એકરૂપ સ્વભાવ એવા જીવદ્રવ્યથી જોવામાં આવે તો **''सतत विविक्तम्''** નવતત્ત્વના ભેદથી ભિન્ન છે. જીવને પર્યાય અપેક્ષાથી, રાગાદિના પરિણામથી જુઓ તો તે સત્ય છે પણ જીવદ્રવ્યને જુઓ અને પર્યાયને ન જુઓ તો 'સતત વિવિક્ત્વમ્' નિરંતર નવ તત્ત્વના વિકલ્પથી રહિત છે.

એક જ દ્રવ્યનું બે પ્રકારે દેખવું પર્યાયરૂપ દેખવું અને દ્રવ્યરૂપ દેખવું. પર્યાયરૂપ તો અનાદિથી જુએ છે, તે તો મિથ્યાત્વભાવ છે. અને તેમાં દ્રવ્યરૂપ દેખવું, ત્રિકાળી ચીજ ઉપર નજર કરવી તે સમ્યક્દર્શન છે. સમજાણું કાંઈ ? એક સમયની પર્યાયની વિચિત્રતાનું લક્ષ છોડીને વસ્તુ તરીકે ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચેતન છે. તેની દૃષ્ટિથી જોવામાં વસ્તુ તો 'શુદ્ધ વસ્તુ માત્ર' છે, શુદ્ધ ચૈતન્ય છે. ચેતના સ્વભાવ અતીન્દ્રિય આનંદથી

ભરેલ શુદ્ધ વસ્તુ છે.

**"ભાવાર્થ આમ છે. શુદ્ધ સ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે"**

જુઓ ! નવતત્ત્વનો - પર્યાયનો અનુભવ તે પર્યાયદષ્ટિ છે, સમ્યક્ત્વ નહીં.

પ્રશ્ન : મોક્ષશાસ્ત્રમાં કહ્યું છે કે નવતત્ત્વની શ્રદ્ધા સમ્યક્દર્શન ?

ઉત્તર : ત્યાં એક વચન છે. એકરૂપ ત્રિકાળી જ્ઞાયકને જોવાથી તેમાં ભિન્ન બીજા તત્ત્વનું જ્ઞાન આવી જાય છે. અસ્તિરૂપે ભગવાન છે તેમાં પર્યાયની નાસ્તિ છે તેવી શ્રદ્ધા નવતત્ત્વમાં આવી જાય છે. અહીં તો એકલો આત્મા લેવો છે. જેમાં નવતત્ત્વની પર્યાયના ભેદનો અભાવ છે. એવી શુદ્ધ જીવ વસ્તુ-શુદ્ધ સ્વરૂપનો અનુભવ સમકિત છે.

**"વળી કેવી છે તે આત્મજ્યોતિ ? (वर्णमाला कलापे कनकमिव निमग्नं) "વર્ણમાલા" પદના બે અર્થ છે-એક તો બનવારી, અને બીજો ભેદપંક્તિ; ભાવાર્થ આમ છે કે ગુણ-ગુણીના ભેદરૂપ ભેદપ્રકાશ; 'કલાપ' નો અર્થ સમૂહ છે. આથી એમ અર્થ ઊપજ્યો કે જેમ એક જ સોનું વાનભેદથી અનેકરૂપ કહેવાય છે તેમ એક જ જીવવસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપે અનેક-રૂપ કહેવાય છે."**

'વર્ણમાલા' પદના બે અર્થ છે. એક તો બનવારી એટલે કૂલડી જેને અગ્નિ લગાડી સોનું તપાવે છે. અને અગ્નિના નિમિત્તથી રૂપરંગ થાય છે. બીજો અર્થ છે ભેદપંક્તિ એટલે ગુણ-ગુણીના ભેદરૂપી પ્રકાશ એ રીતે એક જ સોનું વાનભેદથી અને અગ્નિના નિમિત્તથી અનેક વર્ણ દેખાય છે. તેમ પૂર્ણ આનંદ સ્વરૂપ ભગવાન અને તેના ગુણ જ્ઞાન આદિ તેવો ભેદ પ્રકાશ, તેને દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપથી, ઉત્પાદ-વ્યય - દ્રવ્યરૂપથી, પર્યાયદષ્ટિથી દેખતાં અનેક રૂપ થઈ જાય છે. હવે **'अथ'** કહી બીજો પક્ષ બતાવે છે.

**"प्रतिपदम् एकरूपं" (प्रतिपदम्) ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અથવા દૃષ્ટાંતની અપેક્ષાએ વાનભેદરૂપ જેટલા ભેદો છે તે બધાં ભેદોમાં પણ (एकरूपं) પોતે (એક) જ છે."**

જેમ સુવર્ણમાં અનેક રંગ હોવા છતાં પણ 'પ્રતિપદમ્' નામ દરેક ક્ષણે સોનું તો સોળઆના જ છે. સોનાનું રૂપ તો સોળઆના પૂર્ણ જ છે. તેમ ભગવાન આત્મા અનેક રૂપ પર્યાયમાં દેખવા છતાં પણ દ્રવ્ય તો ભિન્ન જ છે, શુદ્ધ છે. આહાહા ... આવો માર્ગ છે. જેટલા ભેદ છે તે બધાં ભેદોમાં પણ વાનભેદ સુર્વણના છે. બધામાં સોનું દેખે તો એકરૂપ જ છે. એમ ભગવાન આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ગુણ-પર્યાયમાં ભેદરૂપ ન દેખો

તો આત્મા દ્રવ્ય એકરૂપ છે. તે ભેદોમાં પણ પોતે એક છે.

સોનાને રંગ ભેદથી જુઓ તો રંગભેદ છે. પણ રંગભેદના પ્રત્યેક ભેદના કાળમાં સોનું જુઓ તો તે ભિન્ન જ છે. એમ જીવની પર્યાયમાં વિભાવભાવ આદિ અનેક પર્યાયરૂપ જુઓ તો તે (અનેકતા) છે. પણ પ્રત્યેક પર્યાયના કાળમાં વસ્તુ તો ભિન્ન શુદ્ધ જીવમાત્ર આત્મા જ છે. સમજાણું કાંઈ ?

જીવને પર્યાયમાં વિકારી રૂપ દેખવાથી નવ તત્ત્વ રૂપ પરિણમે છે. તે જીવની પર્યાયની સ્વતંત્ર શક્તિની પોતાની યોગ્યતા છે. પણ તે કોઈ ત્રિકાળી ચીજ નથી. ચૈતન્ય વસ્તુ નિત્યાનંદ પ્રભુ ! તેને દેખવાથી પર્યાયમાં અનેક ભેદ દેખવામાં આવતાં નથી. અને તે દેખવાનું પ્રયોજન પણ નથી. આહાહા ... 'પ્રતિપદમ્ એકરૂપમ્' તે બધાં ભેદોમાં પણ પોતે એક જ છે.

**"વસ્તુનો વિચાર કરતાં ભેદરૂપ પણ વસ્તુ જ છે, વસ્તુથી ભિન્ન ભેદ કોઈ વસ્તુ નથી. ભાવાર્થ આમ છે કે સુવર્ણમાત્ર ન જોવામાં આવે, વાનભેદમાત્ર જોવામાં આવે તો વાનભેદ છે; સોનાની શક્તિ એવી પણ છે; જો વાનભેદ ન જોવામાં આવે, કેવળ સુવર્ણ-માત્ર જોવામાં આવે, તો વાનભેદ જૂઠા છે"**

વસ્તુનો વિચાર કરતાં ભેદરૂપ પણ વસ્તુ જ છે. સુવર્ણનાં રંગભેદ પણ છે. કૂલડીમાં નાખી ફૂંકે તો અનેક વર્ણાદિ રંગાદિ છે, તો દેખાય છે. રંગ-ભેદરૂપ પરિણમે એવી પણ સોનાની શક્તિ છે. તો પણ તે વખતે સોનું એકરૂપ છે. એકલા સોનાની દૃષ્ટિથી જોતાં વાનભેદ જૂઠા છે. તેમાં વાન છે નહીં.

**"તેવી રીતે જો શુદ્ધ જીવવસ્તુમાત્ર ન જોવામાં આવે, ગુણ-પર્યાયમાત્ર કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાત્ર જોવામાં આવે, તો ગુણ-પર્યાયો છે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે; જીવવસ્તુ આવી પણ છે; જો ગુણ-પર્યાયભેદ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદ ન જોવામાં આવે, વસ્તુમાત્ર જોવામાં આવે, તો સમસ્ત ભેદ જૂઠા છે."**

શુદ્ધ ભગવાન પૂર્ણાનંદરૂપ એકરૂપ જીવ વસ્તુ ન દેખે અને ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય માત્ર જોવામાં આવે તો પર્યાય દૃષ્ટિથી જીવવસ્તુ આવી પણ છે. આહાહા ... પર્યાય છે જ નહીં તો સિદ્ધ પણ પર્યાય છે, મોક્ષમાર્ગ પણ પર્યાય છે, સંસાર પણ પર્યાય છે. ત્રણે પર્યાય છે. પર્યાય જુઓ તો પર્યાય છે, ગુણ પર્યાય ભેદ છે. ઉત્પાદ- વ્યય ભેદ પણ છે. પણ તે વ્યવહારનયનો વિષય છે, પર્યાયનયનો વિષય છે. તે

જાણવાલાયક છે, આદરવાલાયક નથી. આવો વીતરાગનો માર્ગ છે ભાઈ !

સોનામાં અગ્નિના નિમિત્તથી અનેક પ્રકારના વર્ણભેદ દેખાય છે. પંદરવલુ, ચૌદવલુ, તેરવલુ, અંદર ત્રાંબાનો ભાગ એ પર્યાય અપેક્ષાથી ભેદ છે, વાનભેદ છે. પણ ત્રિકાળી સોનાને જુઓ તો વાનભેદ નથી, જૂઠા છે. તેમ પર્યાયથી જુઓ તો ગુણભેદ છે. પણ વસ્તુને જુઓ તો ગુણભેદ, ઉત્પાદ - વ્યય ભેદ તેમાં છે જ નહીં. વસ્તુમાત્રને દેખવાથી સમ્યક્દર્શન થાય છે. ભેદને જોવાથી સમ્યક્દર્શન થતું નથી. અતીન્દ્રિય આનંદના સુખના પંથે જવું હોય તો અતીન્દ્રિય આનંદરૂપ વસ્તુને દેખવી અને તેનો અનુભવ કરવો.

ક્ષણિક પર્યાય તે સમ્યક્દર્શનનો વિષય નથી. એકરૂપ વસ્તુમાં અનંતગુણ, અનંતી પર્યાયના ભેદ પણ છે પણ તે સમ્યક્દર્શનનો વિષય નથી. ત્રિકાળી ભગવાન શુદ્ધ વસ્તુ, પરમસત્ય પદાર્થ, સત્યાર્થ કાયમ એકરૂપ જે ધ્રુવ ચીજ છે તે જ સમ્યક્દર્શનનો વિષય-આશ્રય છે. હજુ તો ધર્મની શરૂઆતની વાત ચાલે છે. હવે સમ્યક્દર્શનના ઠેકાણાં નહીં ને વ્રત, તપ, નિયમ, ચારિત્ર આવી જાય ! પણ ભાઈ ! એ તો રણમાં પોક મુકવા જેવું છે. તેની પોકને કોઈ સાંભળે નહીં અને રડવાનું બંધ રહે નહીં. આત્મજ્ઞાન વિના જેટલાં ક્રિયાકાંડ, વ્રત-નિયમ કરે તે બધા ફોક છે, ચારગતિમાં રખડવાના છે.

આહાહા ... કહે છે કે વસ્તુમાત્રથી જોવામાં આવે તો સમસ્ત ભેદ જૂઠા છે. ઉત્પાદ - વ્યય - ધ્રુવ ત્રણ પણ જૂઠા છે. ત્રણનું લક્ષ કરવાથી તો વિકલ્પ-રાગ ઉત્પન્ન થાય છે. દુઃખ ઉત્પન્ન થાય છે.

એક બાજુ પંચાધ્યાયીમાં એમ કહે ''જ્ઞાનનો સ્વભાવ બધાંને જાણવાનો છે માટે તું ડર નહીં'' પણ તે બીજી વાત (અપેક્ષા) છે. દર્શનપૂર્વક જ્યાં જ્ઞાન થયું તે તો બધાંને જાણે, તે કાંઈ નુકસાનીનું કારણ નથી. અહીં કહે છે કે પોતાની દૃષ્ટિ જ્યાં સુધી અભેદ ન હો અને અભેદની પૂર્ણતા, વીતરાગતા ન હો ત્યાં સુધી રાગી પ્રાણીને ભેદને જાણવાથી રાગ ઉત્પન્ન થશે. ભેદને જાણવું તે કાંઈ રાગનું કારણ નથી. જો એમ હોય તો કેવળી તો બધાંને જાણે છે લોકાલોકને જાણે છે. તો તેમને રાગ થવો જોઈએ ? અહીંયા નીચે સાધક દશા છે. પોતાના ત્રિકાળી સ્વરૂપ ઉપર દૃષ્ટિ છે અને રાગભાવ બાકી છે. રાગી પ્રાણી છે તો ભેદને દેખવાથી રાગ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ? મારગ બહુ ઝીણો બાપુ ! વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે.

આ ખુલાસો સાતમી ગાથામાં કર્યો છે. છઠ્ઠી ગાથામાં રાગ-પર્યાય માત્રને કાઢી નાખી અને જ્ઞાયકભાવ દ્રવ્યમાત્ર તે દર્શનનો વિષય બતાવ્યો અને સાતમી ગાથામાં તો ભેદને પણ કાઢી નાખ્યા, સદ્‌ભૂત અનુપચાર ભેદ કાઢી નાખ્યો. આ જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે. આ ત્રણ ભેદ જૂઠા છે. તો શું તેમાં ભેદ નથી ? ભેદ તો છે પણ રાગી પ્રાણી છે તેથી ત્રણ ભેદ ઉપર લક્ષ જવાથી રાગ થાય છે. એટલે જ્યાં સુધી અભેદનું પૂર્ણ લક્ષ ન હો ત્યાં સુધી રાગી પ્રાણીને અભેદની દષ્ટિ કરાવી અભેદમાં રહેવાનો ઉપદેશ દીધો છે. રાગ નીકળી જાય, પૂર્ણ થઈ જાય પછી ભેદાભેદને જાણે છે. ભેદાભેદને જાણવું તે કાંઈ રાગનું કારણ નથી.

પ્રશ્ન : ભેદમાં અટકવું તે રાગનું કારણ છે ?

ઉત્તર : ભેદમાં અટકવું નહીં (એ વાત અહીં નથી). રાગી છે માટે ભેદને દેખવાથી રાગ થાય છે. આ મોટો ફેર છે. આ તો સમકિત છે. પણ હજી રાગી છે. તો ભેદને દેખવાથી રાગ - વિકલ્પ ઉત્પન્ન થાય છે. ભેદને દેખવું તે રાગનું કારણ હોય તો કેવળીને પણ રાગ થઈ જાય ! ન્યાય સમજાણો ? આ તો લોજીક - ન્યાયનો માર્ગ છે. જયચંદજી પંડિતે સાતમી ગાથામાં ઘણો ખુલાશો કર્યો છે. પહેલાના પંડિતો વાત ઘણી સત્ય - સ્પષ્ટ કરતાં હતાં. હાલમાં તો ગરબડ થઈ ગઈ.

સાતમી ગાથામાં કહ્યું છે કે ''અભેદ દષ્ટિમાં ભેદને ગૌણ કરવાથી જ અભેદ સારી રીતે માલુમ પડી શકે છે. તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. અહીં એવો અભિપ્રાય છે કે ભેદદષ્ટિમાં નિર્વિકલ્પ દશા થતી નથી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે.'' ત્યાં આ શબ્દ છે. સિદ્ધાંત એ કહ્યો કે સરાગીને વિકલ્પ થાય છે. વીતરાગીને ભેદ દેખવાથી વિકલ્પ થતાં નથી. ''માટે જ્યાં સુધી રાગાદિક મટે નહીં ત્યાં સુધી ભેદને ગૌણ કરી, અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. વીતરાગ થયા બાદ ભેદાભેદ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે. ત્યાં નયનું આલંબન રહેતું નથી.''

શું થાય ! તત્ત્વનું વાંચન ઓછું થઈ ગયું અને ચરણાનુયોગ, કરણાનુયોગ ને પ્રથમાનુયોગની મુખ્યતા હોવાથી તત્ત્વદષ્ટિ રહી ગઈ. જો દ્રવ્યદષ્ટિ થયા પછી ચાર અનુયોગ વાંચે તો તત્ત્વની દષ્ટિમાં બધું યથાર્થ જાણવામાં આવી જાય છે કે આમાં આ અપેક્ષાએ વાત છે ને આમાં આ અપેક્ષા.

ભગવાન આત્મા એકરૂપ વસ્તુ છે. તેમાં ગુણ પર્યાય છે કે નહીં ? અનંતગુણ છે

કે નહીં ? અનંત પર્યાય છે કે નહીં ? તો કહે છે - 'છે' જો તે છે તો (તેને) દેખવામાં શું હરકત છે ? તેને કહે છે કે સાંભળ તો ખરો ! હજુ રાગ છે, વીતરાગ થયો નથી. તેથી રાગી પ્રાણીને રાગના કારણે ભેદને દેખવાથી રાગ થાય છે. રાગીને રાગ થાય છે.

આહાહા ... ! આવો પ્રભુનો મારગ અને તેને બહારમાં સ્થૂળ કરી નાખ્યો. જૈન પરમેશ્વર ત્રણ લોકના નાથ એક સમયમાં ત્રણકાળ ત્રણ લોકને પ્રત્યક્ષ જુએ છે. સીમંધર ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. ત્યાંથી આ વાણી આવી છે. કુંદકુંદ આચાર્ય ત્યાં ગયા હતાં, આઠ દિવસ રહ્યા હતાં, આત્મજ્ઞાની ધ્યાની વીતરાગી મુનિ સંતે ત્યાંથી આવી આ શાસ્ત્રો બનાવ્યા છે. અને અમૃતચંદ્ર આચાર્યે પછીથી આ કળશ બનાવ્યા છે.

**"વસ્તુમાત્ર જોવામાં આવે તો સમસ્ત ભેદ જૂઠા છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે."**

જુઓ ! આત્મામાં પર્યાય ને ગુણ, ઉત્પાદ - વ્યય - ધ્રુવ એવું અનેકપણું હોવા છતાં પણ વસ્તુની એકરૂપ દૃષ્ટિ કરવાથી સમ્યક્દર્શન થાય છે. ભેદને જોવાથી રાગ ઉત્પન્ન થાય છે.

**"વળી કેવી છે આત્મજ્યોતિ? "उन्नीयमानं" ચેતનાલક્ષણથી જણાય છે, તેથી અનુમાન-ગોચર પણ છે."**

જુઓ ! ક્યાં લઈ જાય છે હવે ! **उन्नीयमान** ચેતના લક્ષણથી જણાય છે. ચેતના... જાણન ... જાણન ... જાણન ... તે લક્ષણથી આ ચેતન જાણવામાં આવે છે. આ અપેક્ષાથી અનુમાનગોચર પણ છે.

આહાહા ... બંધ અધિકારમાં અને પરમાત્મ પ્રકાશ બંનેમાં આવ્યું છે કે "સર્વ જીવ, સર્વ કાળ, સર્વ લોક પૂર્ણ અવસ્થાથી ભર્યા પડ્યા છે." અભવિ પણ પરિપૂર્ણ શક્તિથી ભરેલું તત્ત્વ છે. ભરિત અવસ્થા નામ પૂર્ણ અવસ્થા એટલે કે સંપૂર્ણ શક્તિથી અભિન્ન પડ્યો છે ભગવાન ! એવી ભાવના કરવી જોઈએ.

**"હવે બીજો પક્ષ "उद्योतमानम्" પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. ભાવાર્થ આમ છે કે ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે, વસ્તુ વિચારતાં એટલો વિકલ્પ પણ જૂઠો છે, શુદ્ધ વસ્તુમાત્ર છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે."**

પહેલાં નવ પ્રકાર કહીને એક લીધું હતું તેમ અહીં અનુમાનગોચર કહીને હવે અનુમાનનો ભેદ પણ નથી એમ કહે છે. આહાહા ... ચેતના લક્ષણથી લક્ષમાં આવે છે

એટલો પણ વ્યવહારભેદ થઈ ગયો, તે અનુમાન પણ વ્યવહાર થઈ ગયું. **''उद्योतमानम्''** પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે. તે ભેદબુદ્ધિની અપેક્ષાએ છે. વસ્તુ વિચારતાં એટલો વિકલ્પ પણ જૂઠો છે ચેતનાલક્ષણથી આત્મા જણાય છે એટલો વિકલ્પ પણ જૂઠો છે. જેમ વર્ણભેદ દેખવાથી સોનામાં વર્ણભેદ છે. પણ સોનું દેખવાથી વર્ણભેદ છે નહીં. તેમ જીવને નવતત્ત્વના પરિણામથી જુઓ તો તે (નવ) છે પણ જીવદ્રવ્યને જુઓ તો તે છે નહીં.

અનુમાનથી જુઓ તો ચેતના લક્ષણથી આત્મા જાણવામાં આવે છે. એવું પણ છે. પણ હજુ તે વ્યવહાર છે. કેમ કે તે તો પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે, અનુમાનગોચર નહીં. રાગ અને વિકલ્પનું લક્ષ છોડી પ્રત્યક્ષ વેદનમાં આત્મા આવે તેવો એનો સ્વભાવ છે. આહાહા ... ચેતના લક્ષણથી લક્ષિત તે પણ વ્યવહાર થઈ ગયો, એટલો પણ ભેદ નહીં. આવું છે સ્વરૂપ ત્યાં હવે દયા-દાન-વ્રત ને તપ થી ધર્મ થાય તે તો ક્યાંય રહી ગયું. આહાહા ... નવ તત્ત્વને ભેદરૂપ દેખવાથી ધર્મ થશે તે ક્યાંય રહી ગયું. પણ અહીંયા તો ચેતના લક્ષણથી લક્ષિત ભગવાન આત્મા તે પણ અનુમાન વ્યવહાર થઈ ગયો. સમજાણું કાંઈ ... ?

વ્યવહારથી નિશ્ચય થાય, રાગાદિથી આત્મામાં નિશ્ચય ધર્મ થાય એ તો કાઢી નાખ્યું પણ અનુમાનથી આત્મા જાણવામાં આવે છે એ પણ વ્યવહારમાં નાખી દીધું. આહાહા... વિભાવ ને વિકાર જે બંધન ને દુ:ખરૂપ ભાવ તેનાથી ભિન્ન રહી ગયો. તેનાથી તો આત્માનો લાભ થતો નથી પણ અનુમાનથી જાણવામાં પણ આત્માનો લાભ થતો નથી, નિર્વિકલ્પતા થતી નથી.

પ્રવચનસાર ૧૭૨મી ગાથામાં અલિંગગ્રહણના વીસ બોલ છે.

(૧) ઈન્દ્રિયથી જાણવામાં આવતો નથી.

(૨) ઈન્દ્રિયથી જાણતો નથી.

(૩) અનુમાનનો તે વિષય નથી.

(૪) ઈન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી.

અનુમાનથી જાણવામાં આવે એવો આત્મા છે જ નહીં. જેમ ધૂમાડા દ્વારા અગ્નિ છે તેમ નક્કી થાય છે તેમ ઈન્દ્રિયજ્ઞાન-દ્વારા જેનું જાણવું થતું નથી એવો અલિંગગ્રહણ છે. અને છઠ્ઠા બોલમાં લીધું કે સ્વભાવ વડે જેનું ગ્રહણ થાય છે તેવો પ્રત્યક્ષ જ્ઞાતા છે.

પ્રશ્ન : એક સમય પરથી બીજા સમય ઉપર કઇ રીતે જવું ?

ઉત્તર : અનુમાનથી તેને યથાર્થ જાણી શકે. પણ પોતે પ્રત્યક્ષ થાય તો બીજાને જાણી શકે. તે પણ વ્યવહાર કહેવામાં આવે છે. જેને પ્રત્યક્ષ થયો નથી તે અનુમાનથી પણ જાણી ન શકે. નિશ્ચયપૂર્વક અનુમાન તે વ્યવહાર છે. અહીં તો કહે છે કે રાગથી જાણવામાં આવતો નથી અને અનુમાનથી જાણવામાં આવે છે. તે પણ એક વિકલ્પ છે. વસ્તુ તો પ્રત્યક્ષ શુદ્ધ ચૈતન્યમાત્ર છે. જેને રાગ ને મનનું અવલંબન નથી, અનુમાનનું પણ જેને અવલંબન નથી. આહાહા... એવો ભગવાન અંદર આનંદકંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનું દળ બિરાજે છે.

જેમ સકરકંદ છે તેમાં ઉપર જરી એક લાલ છાલ છે અને અંદર આખો ભાગ સકરકંદ નામ સાકરનો પિંડ છે. લાલ છાલ છે તે ભિન્ન છે. તેમ આત્મામાં દયા-દાન-વ્રત-ભક્તિના ભાવ ઉઠે છે તે લાલ છાલ છે. અનુમાનથી જાણવો તે પણ વિકલ્પ છાલ છે. આહાહા... તેનાથી ભિન્ન અંદર સકરકંદ અતીન્દ્રિય આનંદનો પિંડ છે. પોતાના સ્વભાવથી તેનું પ્રત્યક્ષ જાણવું થાય-અનુભવ થાય તે યથાર્થ છે, સમ્યક્ત્વ છે.

પ્રશ્ન : સ્વાદપૂર્વક જાણવું છે ?

ઉત્તર : પ્રત્યક્ષ જાણવું બસ. જ્ઞાનનું પ્રત્યક્ષ જાણવું કે જેમાં પરની કે ભેદની કોઇ અપેક્ષા નથી. ત્રિકાળી ભગવાન શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ ! તેને પ્રત્યક્ષ જાણવો. તે પોતાના સ્વભાવથી જાણવામાં આવે છે.

પ્રવચન નં. ૧૧, ૧૨ ચાલુ. તા. ૧૦-૬-'૭૭ થી ૧૧-૬-'૭૭.

પરદ્રવ્યને અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે, પરંતુ અધ્યાત્મદષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો જ પડ્યો છે એને દેખ ! જેમ તેલ પાણીના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી, તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, ચૈતન્યદળમાં પેસતો નથી.

-પૂ. ગુરૂદેવશ્રી

-દ્રવ્ય દષ્ટિ જિનેશ્વર પર્યાય દષ્ટિ વિનશ્વર

## કળશ-૯

### (માલિની)

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं
क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम् ।
किमपरमभिदध्मो धाम्नि सर्वंकषेऽस्मि-
न्ननुभवमुपयाते भाति न द्वैतमेव ॥ ९ ॥

ખંડાન્વય સહિત અર્થ : - ''**अस्मिन् धाम्नि अनुभवमुपयाते द्वैतमेव न भाति**'' **(अस्मिन्)** આ-સ્વયંસિદ્ધ **(धाम्नि)** ચેતનાત્મક જીવવસ્તુનો **(अनुभवम्)** પ્રત્યક્ષપણે આસ્વાદ **(उपयाते)** આવતાં **(द्वैतम् एव)** સૂક્ષ્મ-સ્થૂળ અન્તર્જલ્પ અને બહિર્જલ્પરૂપ બધાં વિકલ્પો **(न भाति)** નથી શોભતા. ભાવાર્થ આમ છે-અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન છે, પ્રત્યક્ષ જ્ઞાન છે એટલે વેદ્ય-વેદકભાવપણે આસ્વાદરૂપ છે; તે અનુભવ પરસહાયથી નિરપેક્ષપણે છે. આવો અનુભવ જોકે જ્ઞાનવિશેષ છે તો પણ સમ્યક્ત્વની સાથે અવિનાભૂત છે, કેમ કે તે સમ્યગ્દષ્ટિને હોય છે, મિથ્યાદષ્ટિને નથી હોતો એવો નિશ્ચય છે. આવો અનુભવ થતાં જીવવસ્તુ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે. તેથી જેટલા કાળ સુધી અનુભવ છે તેટલા કાળ સુધી વચન-વ્યવહાર સહજ જ અટકી જાય છે, કેમ કે વચનવ્યવહાર તો પરોક્ષપણે કથક છે. આ જીવ તો પ્રત્યક્ષપણે અનુભવશીલ છે, તેથી (અનુભવકાળમાં) વચનવ્યવહાર પર્યંત કાંઈ રહ્યું નહિ. કેવી છે જીવવસ્તુ ? ''**सर्वंकषे**'' **(सर्वं)** બધા પ્રકારના વિકલ્પોની **(कषे)** ક્ષયકરણશીલ (ક્ષય કરવાના સ્વભાવવાળી) છે. ભાવાર્થ આમ છે-જેમ સૂર્યપ્રકાશ અંધકારથી સહજ જ ભિન્ન છે તેમ અનુભવ પણ સમસ્ત વિકલ્પોથી રહિત જ છે. અહીં કોઈ પ્રશ્ન કરશે કે અનુભવ થતાં કોઈ વિકલ્પ રહે છે કે જેમનું નામ વિકલ્પ છે તે બધાય મટે છે ? ઉત્તર આમ છે કે બધાય વિકલ્પો મટે છે; તે જ કહે છે-''**नयश्रीरपि न उदयति, प्रमाणमपि अस्तमेति, न विद्मः निक्षेपचक्रमपि क्वचित् याति, अपरम् किम् अभिदध्मः**'' જે અનુભવ આવતાં પ્રમાણ-નય-નિક્ષેપ પણ જૂઠાં છે, ત્યાં રાગાદિ વિકલ્પોની શી કથા? ભાવાર્થ આમ છે કે રાગાદિ તો જૂઠા જ છે, જીવસ્વરૂપથી બાહ્ય છે. પ્રમાણ-નય-નિક્ષેપરૂપ બુદ્ધિ દ્વારા એક જ જીવદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ભેદ કરવામાં આવે છે તે બધાં જૂઠા છે; આ બધાં જૂઠા થતાં જે કંઈ વસ્તુનો સ્વાદ છે તે અનુભવ છે. **(प्रमाण)**

યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાન; તે પણ વિકલ્પ છે. **(नय)** વસ્તુના કોઈ એક ગુણનું ગ્રાહક જ્ઞાન; તે પણ વિકલ્પ છે. **(निक्षेप)** ઉપચારઘટનારૂપ જ્ઞાન; તે પણ વિકલ્પ છે. ભાવાર્થ આમ છે કે અનાદિ કાળથી જીવ અજ્ઞાની છે, જીવસ્વરૂપને નથી જાણતો. તે જ્યારે જીવસત્ત્વની પ્રતીતિ આવવી ઇચ્છે ત્યારે જેવી રીતે પ્રતીતિ આવે તેવી જ રીતે વસ્તુસ્વરૂપ સાધવામાં આવે છે. તે સાધના ગુણ-ગુણીજ્ઞાન દ્વારા થાય છે, બીજો ઉપાય તો કોઈ નથી. તેથી વસ્તુસ્વરૂપને ગુણ-ગુણીભેદરૂપ વિચારતાં પ્રમાણ-નય-નિક્ષેપરૂપ વિકલ્પો ઊપજે છે. તે વિકલ્પો પ્રથમ અવસ્થામાં ભલા જ છે તો પણ સ્વરૂપમાત્ર અનુભવતાં જૂઠા છે. ૯.

## કલશ – ૯ : ઉપરનું પ્રવચન

**''अस्मिन् धाम्नि अनुभवमुपयाते द्वैतमेव न भाति'' (अस्मिन्) આ-સ્વયંસિદ્ધ (धाम्नि) ચેતનાત્મક જીવવસ્તુનો (अनुभवम्) પ્રત્યક્ષપણે આસ્વાદ (उपयति) આવતાં (द्वैतम् एव) સૂક્ષ્મ-સ્થૂળ અન્તર્જલ્પ અને બહિર્જલ્પરૂપ બધાં વિકલ્પો (न भाति) નથી શોભતા.''**

પહેલો શબ્દ આ ઉપાડ્યો કે આ આત્મા સ્વયંસિદ્ધ વસ્તુ છે. શુદ્ધ ચિદ્‌ઘન અનાદિ અકૃત્રિમ-કોઈએ કરેલ નથી. તેનું અસ્તિત્વ પોતાથી છે. તેનો બીજો કોઈ કે ઈશ્વર કર્તા નથી. ભગવાન આત્મા સ્વયંસિદ્ધ વસ્તુ છે. એક ભાઈને તો વળી ભગવાન આત્મા કહેતાં તે ખટકતું હતું. પણ ભાઈ ! ૭૨ ગાથામાં આચાર્યે (બધાને) ભગવાન તરીકે બોલાવ્યા છે. દયા-દાન-વ્રત ને ભક્તિ જે આસ્રવભાવ તે અશુચિ છે, મેલ છે, જડ છે અને ભગવાન આત્મા શુચિ, નિર્મળ, પવિત્ર છે.

'અસ્મિન્ ધામ્નિ' - પ્રત્યેક આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય સુખ સ્વરૂપથી ભરપૂર ભર્યો પડ્યો છે. ભગવાન તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં આત્માને અતીન્દ્રિય આનંદની મૂર્તિએ જોયો છે. શરીર વાણી તો પર છે પણ દયા-દાન-વ્રત-ભક્તિના ભાવ એ પણ પર છે. તે કાંઈ આત્માનો સ્વભાવ-સ્વરૂપ નથી.

જૈનધર્મની શરૂઆત સમ્યક્દર્શન થવાથી થાય છે. તે સમ્યક્દર્શન કયારે થાય? તો કહે છે કે પ્રત્યક્ષ ભગવાન આનંદસ્વરૂપ છે તે પ્રત્યક્ષ આનંદનો વર્તમાન દશામાં સ્વાદ આવવો, પ્રતીતિ કરવી તે સમ્યક્દર્શન છે. આ વેદનમાં જે આત્મા જણાય-દેખવામાં આવે તે આત્મા. આવો પ્રત્યક્ષપણે આસ્વાદ આવતાં-અનુભવમાં આવતાં સૂક્ષ્મ-સ્થૂળ

અન્તર્જલ્પ ત્યાં શોભતા નથી. એટલે કે ત્યાં શુભરાગનો તો અવકાશ નથી પણ હું આનંદસ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્ય છું તેવો અંતર્જલ્પ-રાગ ત્યાં શોભતા નથી. તે અંતર્જલ્પથી અનુભવ થાય છે તેની અહીંયા અપેક્ષા નથી.

આહાહા... સૂક્ષ્મ અન્તર્જલ્પ-અંતરમાં વિકલ્પ ઉઠે તેનો પણ ત્યાં અવકાશ નથી, અનુભવમાં તે વિકલ્પ પણ છૂટી જાય છે, બહિર્જલ્પ વાણી તો રહેતી જ નથી. ભગવાનનું સ્મરણ, ભક્તિ આદિ તે બધો રાગ છે, વિકલ્પ છે, પુણ્ય છે. તે કાંઈ ધર્મ નથી. આહાહા... આકરી વાતો છે ભાઈ!

**"न भाति"** - નથી શોભતા. એટલે કે પૂર્ણાનંદના નાથની અંતર સન્મુખ થઈને જ્યારે અનુભવ થાય છે ત્યારે અન્તર્મુખ, બહિર્મુખ બધાં વિકલ્પો ત્યાં શોભતા નથી. અર્થાત્ ત્યાં છે નહીં આહાહા... ઝીણી વાત છે ભગવાન! અત્યારે તો જિનેશ્વરનો માર્ગ ક્રિયાકાંડમાં સમાવી દીધો કે ભક્તિ કરો ને પૂજા કરો, વ્રત કરો, અપવાસ કરો.... પણ આ તો બધો રાગ છે, તે કાંઈ ધર્મ નથી.

અહીં કહે છે કે આ રાગ તો ધર્મ નહીં પણ આત્મા શુદ્ધ ચૈતન્ય અભેદ અખંડ છું એવી રાગની વૃત્તિ ઉઠે છે તે પણ ધર્મ નહીં. જિનેશ્વરદેવનું આ ફરમાન, હુકમ છે કે અનુભવના કાળમાં સ્થૂળ કે સૂક્ષ્મ વિકલ્પ થતાં નથી એટલે કે વિકલ્પ ત્યાં શોભતા નથી. ભાષા તો સાદી છે ભગવાન! પણ વાત તો છે તે છે. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આવી વાત ક્યાંય છે નહીં.

**"ભાવાર્થ આમ છે-અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન છે, પ્રત્યક્ષ જ્ઞાન છે એટલે વેદ્ય-વેદકભાવપણે આસ્વાદરૂપ છે; તે અનુભવ પરસહાયથી નિરપેક્ષપણે છે. આવો અનુભવ જોકે જ્ઞાનવિશેષ છે તો પણ સમ્યક્ત્વની સાથે અવિનાભૂત છે, કેમ કે તે સમ્યગ્દષ્ટિને હોય છે, મિથ્યાદષ્ટિને નથી હોતો એવો નિશ્ચય છે."**

ભગવાન આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય, તેને અનુસરીને પોતાની પર્યાયમાં અનુભવ થવો - વેદન થવું તે પ્રત્યક્ષ છે. તે પ્રત્યક્ષ જ્ઞાન છે. ભલે કેવળજ્ઞાન નથી પણ ભાવશ્રુતજ્ઞાન પણ પ્રત્યક્ષ છે. દ્રવ્યશ્રુતજ્ઞાન ત્યાં કાંઈ કામ કરતું નથી. અગીયાર અંગ નવપૂર્વ પણ અનંતવાર ભણે પણ તેમાં શું આવ્યું ? ભગવાન આત્મા તે વિકલ્પથી રહિત છે.

ચૈતન્ય રત્નાકર એટલે જેમાં ચૈતન્ય રત્નનો સમુદ્ર ભર્યો પડ્યો છે. જ્ઞાન-દર્શન-

આનંદ આદિ અનંત રત્નોનો સમુદ્ર છે. તેના અનુભવના કાળમાં અર્થાત્ સમ્યક્દર્શનની પ્રાપ્તિના કાળમાં ત્યાં જ્ઞાન પ્રત્યક્ષ થાય છે. પ્રત્યક્ષ અને પરોક્ષ જ્ઞાનના ભેદ છે. સમકિતના પ્રત્યક્ષ પરોક્ષ ભેદ નથી. સમકિત તો પ્રતીતિરૂપ છે. તે જ્ઞાનમાં રાગની-નિમિત્તની અપેક્ષા છૂટી ગઈ... આહાહા... જે જ્ઞાન દશા પ્રત્યક્ષ પરની સહાય વિના પોતાનો અનુભવ કરે તે પ્રત્યક્ષજ્ઞાન છે. તે પ્રત્યક્ષજ્ઞાનમાં પ્રતીતિ થવી તેનું નામ સમ્યક્દર્શન છે. આવો માર્ગ છે ભાઈ ! કેટલાકે તો સાંભળ્યોય ન હોય, જૈનમાં જન્મ્યો હોય, પચાસ-સાઈઠ વર્ષ કાઢ્યા હોય પણ ધર્મ શું ચીજ છે તેની ખબર નહીં.

હવે કહે છે કે પ્રત્યક્ષજ્ઞાન વેદ્ય-વેદકભાવપણે આસ્વાદરૂપ છે. આહાહા... વેદન કરવાવાળો અને વેદન કરવાયોગ્ય તે આત્મા છે. તેમાં પરની અપેક્ષા છે નહીં, કોઈ રાગ કે મનનો સંબંધ નથી તેનું નામ પ્રત્યક્ષજ્ઞાન છે. આ તો ધર્મની પહેલી સીડી સમ્યક્દર્શન છે. ચારિત્ર તો ક્યાંય આવ્યું ! અરે ! ચારિત્ર કોને કહીએ તે વાત લોકોએ સાંભળી નથી.

પ્રશ્ન : ચારિત્ર તો લોઢાના ચણા છે ને ?

સમાધાન : ના.... ના.... ચારિત્રમાં તો અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. પ્રચુર આનંદનો અનુભવ તે ચારિત્ર છે. લુગડા છોડ્યા, નગ્ન થઈ ગયા એટલે સાધુ થઈ ગયા તે તો બધી ભ્રમણા છે. સમજાણું કાંઈ ?

જ્ઞાન પ્રત્યક્ષનો અર્થ એ છે કે પોતાની ચીજ પોતાથી છે, પરની અપેક્ષા છે નહીં. વેદન કરનાર આત્મા અને રાગ વેદ્ય એવું પ્રત્યક્ષજ્ઞાનમાં નથી અથવા વેદન કરવા યોગ્ય આનંદ અને વેદન કરવાવાળો રાગ તે પણ નથી. અહીં તો કહે છે કે પ્રત્યક્ષજ્ઞાન પરની સહાયથી રહિત છે. તે જ્ઞાનમાં કોઈ નિમિત્તની કે મનની સહાય છે નહીં. રાગની મંદતા કે શુભરાગ કે કષાયની મંદતા હોય તો અનુભવ થાય તેમ છે નહીં. આવી વાતો છે ભાઈ !

આવો અનુભવ જો કે જ્ઞાન વિશેષ છે, જ્ઞાનની એક દશા છે. તો પણ સમ્યક્ત્વની સાથે અવિનાભૂત છે. અનુભૂતિ હોય છે ત્યારે સમ્યક્ છે અને સમ્યક્ છે તો અનુભૂતિ સાથે છે. અનુભૂતિ જ્ઞાનની દશા છે પણ તે સમયે સમ્યક્દર્શન-પ્રતીતિ સાથે છે. રાગ રહિત આત્માની અનુભૂતિ, તે અનુભૂતિ છે તો જ્ઞાનની દશા પણ સમ્યકત્વ સાથે અવિનાભૂત છે.

આવો અનુભવ સમ્યક્દૃષ્ટિને હોય છે, મિથ્યાદૃષ્ટિને નથી હોતો. મિથ્યાદૃષ્ટિ

જૈન સાધુ હો, પંચ મહાવ્રત પાળતાં હોય, નગ્ન દિગંબર હોય પણ અંતર અનુભવ-સમ્યક્‌દર્શન ન હોય તો બધા મિથ્યાદષ્ટિ છે. રાગ, આદિ કષાયની મંદતા, શુભ ઉપયોગ તે ધર્મ છે અને ધર્મનું કારણ છે એવી જેની દષ્ટિ છે તે મિથ્યાદષ્ટિ છે, તેને અનુભવ-સમ્યક્‌દર્શન હોતું નથી એવો નિશ્ચય છે.

વીતરાગ પરમેશ્વર સીમંધર ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. ત્યાંથી આવેલી આ વાણી છે. કુંદકુંદાચાર્ય નગ્ન દિગંબર મુનિ સંવત ૪૯માં ભગવાનની પાસે આઠ દિવસ રહ્યા હતાં. ત્યાંથી આવીને શાસ્ત્ર બનાવ્યા. પછી ટીકા બનાવી. તેમાં કળશ બનાવ્યા તે આ કળશ છે.

**''આવો અનુભવ થતાં જીવવસ્તુ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે. તેથી જેટલા કાળ સુધી અનુભવ છે તેટલા કાળ સુધી વચન-વ્યવહાર સહજ જ અટકી જાય છે.''**

આહાહા... આવો અનુભવ થવાથી, આત્માના આનંદનું વેદન થવાથી સમ્યક્‌દર્શનની ઉત્પત્તિ થાય છે ત્યારે જીવવસ્તુ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે, આનંદને પ્રત્યક્ષ વેદે છે. જેટલો કાળ આનંદના વેદનમાં રહે છે ત્યારે વાણી તો નથી પણ અંદરના વિકલ્પનો વ્યવહાર પણ નથી. હવે માર્ગ તો આવો છે, અને લોકો એમ કહે છે કે સોનગઢવાળાએ કોઈ નવો માર્ગ કાઢ્યો છે. અરે પ્રભુ ! નવો માર્ગ નથી ભાઈ ! જિનેશ્વરનો અનાદિ સનાતન માર્ગ તો આ છે. તને સાંભળવા મળ્યો નથી. તેથી માર્ગ બીજો થઈ જાય તેમ નથી. આ વર્તમાન ચાલતી પદ્ધતિથી ભિન્ન છે. આ બધાં શેઠીયા મંદિર બનાવી દે એટલે થઈ ગયો ધર્મ. પણ તે ધૂળમાંય ધર્મ નથી.

પ્રશ્ન : ભૂતકાળમાં એવો ધર્મ હતો ને ?

ઉત્તર : ત્રણ કાળમાંય હોતો નથી. ''એક હોય ત્રણ કાળમાં, પરમાર્થનો પંથ'' પાંચ પચીસ મંદિર બનાવી દે એટલે ધર્મ થઈ જશે ! ધૂળેય નથી. એ તો પર જડ વસ્તુ છે. મંદિર બનાવવાના ભાવ હોય તો શુભભાવ થાય, પુણ્ય થાય પણ તે કાંઈ ધર્મ નથી.

પ્રશ્ન : ભવિષ્યમાં તો ધર્મનું કારણ થાય ને ?

ઉત્તર : બિલકુલ કારણ ન થાય. અહીં તો કહે છે કે અનુભવકાળમાં પરની કોઈ અપેક્ષા છે નહીં. આગળ તો ત્યાં લગી લેશે કે નય-નિક્ષેપ-પ્રમાણ કે જે જરૂર આવ્યા વિના રહેતાં નથી, તેની પણ અપેક્ષા છે નહીં.

પહેલા માલ લેવા જાય ત્યારે માલનો ભાવ પૂછે, ત્રાજવામાં તોલે, તોલનું માપ કરે, ભાવ કરે પણ જમતી વખતે તે કાંઈ કામ લાગતું નથી. તેમ પહેલા સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો અને અજ્ઞાનીઓએ જે કહ્યો તેનાથી ભિન્ન નિર્ણય કરાવવા માટે નિશ્ચય-વ્યવહાર, પ્રમાણ, નિક્ષેપ એવું પહેલાં આવે છે પણ તે અનુભવના કાળમાં કોઈ મદદ કરતાં નથી. સમજાણું કાંઈ... ?

**"કેમ કે વચનવ્યવહાર તો પરોક્ષપણે કથક છે. આ જીવ તો પ્રત્યક્ષપણે અનુભવશીલ છે, તેથી (અનુભવકાળમાં) વચનવ્યવહાર પર્યંત કાંઈ રહ્યું નહિ."**

આહાહા... ભગવાન આત્મા તો પ્રત્યક્ષ અનુભવ સ્વભાવવાળો છે. આનંદનો અનુભવ થવો તે તેનો સ્વભાવ છે. આ વચન વ્યવહાર તો કાંઈ નથી, વિકલ્પ આદિ પણ કાંઈ નથી. એ તો બધો વાણીનો વિલાસ છે, પરમેશ્વર કહે છે કે તારો આત્મા આનંદરૂપ છે. તેનું પ્રત્યક્ષ જ્ઞાન થવું, આનંદનું વેદન થવું એ અનુભવશીલ ચીજ છે.

**"કેવી છે જીવવસ્તુ ? "सर्वंकषे" (सर्वं) બધા પ્રકારના વિકલ્પોની (कषे) ક્ષયકરણશીલ (ક્ષય કરવાના સ્વભાવવાળી) છે."**

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ વસ્તુ છે. બધા વિકલ્પોના નાશ કરવાનો તેનો સ્વભાવ છે. તે પણ વ્યવહારથી કહે છે. જેટલા શુભ વિકલ્પ ઉઠે છે તેનો તો નાશ કરવાનો આત્માનો સ્વભાવ છે. વિકલ્પ ઉત્પન્ન થવો તે આત્માનો સ્વભાવ નથી.

આહાહા... વૃત્તિ જે ઉઠે છે રાગની કે આત્મા નિશ્ચયથી શુદ્ધ છે ને વ્યવહારથી અશુદ્ધ છે અને પ્રમાણથી બેનું જ્ઞાન કરે છે એવો જે વિકલ્પ કરે છે તે રાગ છે. તે રાગનો તો નાશ કરવાનો તેનો સ્વભાવ છે. શુભ-અશુભ રાગની ઉત્પત્તિ થવી તે આત્માનો સ્વભાવ નથી. એ તો વિકૃતભાવ વિભાવ ભાવ છે. વ્યવહાર રત્નત્રય, દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્રનું જ્ઞાન, ભણવું-ભણાવવું એ રાગ છે. તે રાગ કરવો તે જીવનો સ્વભાવ નથી. પર્યાયમાં પર નિમિત્તને આધીન થઈને તે વિકાર થાય છે. તે આત્માનો સ્વભાવ નથી પણ તેનો નાશ કરવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ !

**"ભાવાર્થ આમ છે-જેમ સૂર્યપ્રકાશ અંધકારથી સહજ જ ભિન્ન છે તેમ અનુભવ પણ સમસ્ત વિકલ્પોથી રહિત જ છે."**

વિકલ્પ નામ રાગ એ તો અંધકાર છે. ચાહે તો દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા

આદિનો રાગ હોય પણ વિકલ્પ છે, અંધારૂ છે. રાગમાં જ્ઞાન નથી, આત્મપ્રકાશ નથી. ચૈતન્યપ્રકાશનો તેમાં અભાવ છે. સૂર્યમાં જેમ અંધકારનો અભાવ છે તેમ ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપમાં વિકલ્પરૂપી અંધકારનો અભાવ છે. આહાહા ... વાત તો ઘણી સાદી ને સીધી છે પ્રભુ ! પણ લોકોએ એવી ગરબડ કરી છે કે ક્યાંય હાથ આવે નહીં. આત્માનો પત્તો લાગે નહીં. જેમ સૂર્ય પ્રકાશ અંધકારથી સહજ જ ભિન્ન છે. તેમ અનુભવ સમસ્ત વિકલ્પથી રહિત જ છે. આહાહા ... શું ટીકાકારે ટીકા કરી છે !

"અનુભવ ચિંતામણી રતન, અનુભવ હૈ રસ કૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ"

આ અનુભવનો રાગાદિ નાશ કરવાનો સ્વભાવ છે. અનુભવ સમસ્ત વિકલ્પથી રહિત છે. જેમ સૂર્ય અંધકારથી રહિત છે એમ ભગવાન આત્માનો અનુભવ વિકલ્પરૂપ અંધકારથી રહિત છે. આહાહા ... એક કલાકમાં કેટલી ભિન્ન ભિન્ન વાત આવે ! આમાં કેટલી વાત યાદ રાખવી ? ઘરના વ્યાપારમાં આ વાત આવે નહીં, ધર્મ સાંભળવા જાય તો આવી વાત આવે નહીં કેમ કે કેટલાક કહે કે સામાયિક કરો, અપવાસ કરો, આ શ્વેતાંબર લોક કહે કે પડિકમણ કરો, ભક્તિ કરો, યાત્રા કરો અને દિગંબરમાં કહે કે પ્રતિમા ધારણ કરો, લૂગડાં કાઢીને નગ્ન થાઓ ... પણ બાપુ ! એ બધું ધર્મ નહીં.

**"અહીં કોઈ પ્રશ્ન કરશે કે અનુભવ થતાં કોઈ વિકલ્પ રહે છે કે જેમનું નામ વિકલ્પ છે તે બધાય મટે છે ? ઉત્તર આમ છે કે બધાય વિકલ્પો મટે છે."**

**પ્રશ્ન :** આત્મા આનંદસ્વરૂપ છે તેના આનંદના વેદનમાં પ્રત્યક્ષજ્ઞાન થાય છે. એવા અનુભવના કાળમાં બધા વિકલ્પ છૂટે છે કે થોડા વિકલ્પ રહે છે ? બધા વિકલ્પ છૂટી જાય છે ? રાગ બધો છૂટી જાય છે ?

**ઉત્તર :** બધાય વિકલ્પ મટે છે. કોઈ પણ રાગની વૃત્તિ રહેતી નથી. આત્મા આનંદકંદ સત્ય સાહેબ પરિપૂર્ણ પરમાત્મા છે. જેવી વસ્તુ છે તેવી પ્રગટ થઈને જ્ઞાનમાં પ્રત્યક્ષપણું આવ્યું, આનંદનો સ્વાદ આવ્યો તેમાં કોઈ પણ વિકલ્પ થતાં નથી. કોઈ પણ રાગ હોતો નથી. આ વીતરાગનો માર્ગ છે,

**"તે જ કહે છે-"नयश्रीरपि न उदयति, प्रमाणमपि अस्तमेति, न विद्मः निक्षेपचक्रमपि क्वचित् याति, अपरम् किम् अभिदध्मः" જે અનુભવ આવતાં પ્રમાણ-નય-નિક્ષેપ પણ જૂઠાં છે, ત્યાં રાગાદિ વિકલ્પોની શી કથા? "**

જ્યારે માલ લ્યે છે ત્યારે ભાવ પૂછે છે, તોલા પાંચશેરી બરાબર છે કે નહીં, ત્રાજવું પણ સરખું છે કે નહીં, આ બાજુ નીચે લાખ-બાખ પાશેર ચોટાડી દીધું હોય તો શેર અહીં મૂકે તો પોણોશેર થાય માટે ત્રાજવું અને તોલા બરાબર જુએ એમ આત્માનો નિર્ણય કરવામાં નય નિક્ષેપનો પ્રમાણ ત્રણે આવે છે.

આત્મા કેવો છે તે નિર્ણય કરવામાં નિશ્ચય વ્યવહારનય આવે છે. ત્રિકાળી વસ્તુને જાણવી તે નિશ્ચય છે. વર્તમાન પર્યાયને રાગને જાણવું તેનું નામ વ્યવહાર છે. બંને એક સાથે જાણવું તેનું નામ પ્રમાણ છે. જાણવાલાયક જ્ઞેયનાં ચાર પ્રકારમાં ભેદરૂપ જાણવા તે નિક્ષેપ છે. (નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ) સર્વજ્ઞ પરમાત્માએ કહેલા આત્માનો નિર્ણય કરવાને નય-નિક્ષેપ-પ્રમાણ આવે છે. પણ જ્યાં સમ્યક્દર્શન થયું, અનુભવ થયો ત્યાં તે બધાં જૂઠા થઈ ગયા.

તેરમી ગાથામાં તેને અસત્યાર્થ-અભૂતાર્થ કહ્યા. અહીં તેને જૂઠા છે એમ કહ્યું. આત્માનો અનુભવ કરવામાં કાંઈ મદદગાર નથી. ચીજ ખાવા પહેલાં ભાવ, તોલ વગેરે વિચાર આવે છે પણ ખાવાના કાળમાં ભાવ, તોલા કે ત્રાજવાનું પણ કામ નથી. તેમ નિશ્ચયનયથી ભગવાન શુદ્ધ પૂર્ણાનંદ છે, વ્યવહારથી રાગાદિ પર્યાયને રાગાદિ છે તેવો નિર્ણય પહેલાં આવે છે પણ અનુભવના કાળમાં પ્રમાણ - નય - નિક્ષેપનું કોઈ કામ નથી. તે વખતે જૂઠા છે. સૂક્ષ્મ વાત છે ભાઈ ... ! સમજાણું કાંઈ ?

દેહમાં જે આત્મા છે તેમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. જ્યારે આ વિષયના ભોગમાં આનંદ માને છે, પૈસામાં આનંદ માને છે. પણ એમાં ક્યાં સુખ છે ? પૈસાવાળાને પાગલ લોકો સુખી કહે છે પણ જૂઠી દષ્ટિની અપેક્ષાએ જૂઠા સુખી છે.

૧૩મી ગાથાના ભાવાર્થમાં આવે છે કે ''નય-નિક્ષેપ-પ્રમાણથી વસ્તુ સિદ્ધ થાય છે'' સર્વજ્ઞ માર્ગ સિવાય બીજે ક્યાંય આ વાત છે જ નહીં. નિશ્ચયનયથી નિર્ણય કરવો કે હું પૂર્ણાનંદકંદ છું. તે પણ એક વિકલ્પ રાગ છે. વ્યવહારથી નિર્ણય કરે કે પર્યાયમાં રાગ છે, અલ્પજ્ઞ છે, પૂર્ણ નથી એવું જ્ઞાન કરવું તે વ્યવહારનયનો વિકલ્પ છે. પ્રમાણમાં ત્રિકાળી દ્રવ્ય ને વર્તમાન પર્યાય બેનું જ્ઞાન કરવું તે પ્રમાણનો વિકલ્પ રાગ છે.

વળી, કોઈ પણ નામવાળી ચીજ છે કે આકૃતિવાળી તે નામ નિક્ષેપ, આ ભગવાન છે તે સ્થાપના નિક્ષેપ, દ્રવ્યનિક્ષેપથી યોગ્યતા એટલે કે ભવિષ્યમાં થવાના હોય કે થઈ ગયા હોય તેને વર્તમાનમાં કહેવા તે દ્રવ્ય નિક્ષેપ છે. વર્તમાન શુદ્ધ પરિણતિએ ભગવાન

પણું પ્રગટ થયું હોય તેને ભાવનિક્ષેપ કહે છે. તો આવો નિર્ણય અનુભવ થવાના કાળમાં, બીજાથી ભિન્ન પાડવાનાં કારણે પરમાત્માએ બતાવ્યા છે. આત્માને નિર્ણય કરવામાં એવા નય-નિક્ષેપ-પ્રમાણ આવે છે. પણ તે બધાં વિકલ્પ છે, રાગ છે. અંતરમાં અનુભવ કરવાના કાળમાં એ બધાં રાગાદિ (વિકલ્પ) જૂઠા છે. આત્માને કાંઈ મદદ કરતાં નથી.

કહે છે કે "ત્યાં રાગાદિ વિકલ્પોની શું કથા ? સમયસાર નાટકમાં આવે છે કે...

જે જે વસ્તુ સાધક હૈં તેઉ તહાં બાધક હૈં,
બાકી રાગ દોષકી દસાકી કૌન બાત હૈ.

નય-નિક્ષેપ-પ્રમાણ જૂઠા છે તો રાગાદિની તો શી વાત ? સ્થૂળ રાગ, સૂક્ષ્મ બાહ્ય રાગ; પરમાત્માની ભક્તિ, શાસ્ત્રનું જ્ઞાન વગેરે બધું એમાં આવી ગયું. શાસ્ત્રનું જ્ઞાન તે રાગ છે. પર તરફના વલણવાળો ભાવ તે બધો રાગ છે. તેની તો વાત શી કરવી ? આહાહા ... આત્મા સંબંધીનો રાગ તે પણ સમ્યક્દર્શનના કાળમાં જૂઠો છે, તે પણ મદદ કરતો નથી.

**"ભાવાર્થ આમ છે કે રાગાદિ તો જૂઠા જ છે, જીવસ્વરૂપથી બાહ્ય છે. પ્રમાણ-નય-નિક્ષેપરૂપ બુદ્ધિ દ્વારા એક જ જીવદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ભેદ કરવામાં આવે છે તે બધા જૂઠા છે; આ બધા જૂઠા થતાં જે કંઈ વસ્તુનો સ્વાદ છે તે અનુભવ છે."**

આહાહા ... રાગાદિ છે તે તો જૂઠાં જ છે. પોતાનો નિજ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય અતીન્દ્રિય આનંદસ્વરૂપ તેની પ્રાપ્તિ માટે રાગ જૂઠો છે. અનુભવમાં રાગ કાંઈ મદદ કરતો નથી. દયા-દાન-વ્રત-ભક્તિ-તપ-પૂજા આદિનો જે શુભ ભાવ છે તે તો બધો જૂઠો છે. જૂઠનો અર્થ પોતાના અનુભવમાં સહાયક નથી. તે જીવના સ્વરૂપથી બાહ્ય છે, જીવનું સ્વરૂપ નથી. અહીં તો કહે છે કે અખંડમાં ભેદ કરવો કે આ નિશ્ચય છે, આ વ્યવહાર છે, આ પ્રમાણ છે તેવા ભેદ પણ અનુભવ કરવામાં જૂઠા છે.

આહાહા ... પોતાની ચીજ જે અખંડાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન આત્મા તેની દૃષ્ટિ-અનુભવ કરવામાં, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એટલે કે નવી પર્યાય ઉત્પન્ન થાય છે, જૂની પર્યાય વ્યય થાય છે, આત્મા ધ્રુવ રહે છે. એવા ત્રણ ભેદ પણ જૂઠા છે. અને દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પણ જૂઠા છે. પહેલા પ્રમાણ-નય-નિક્ષેપના બધાં વિકલ્પ નિર્ણય માટે આવે છે પણ તે રાગ છે. આ નય-નિક્ષેપ-પ્રમાણ પણ જ્યાં

કામ કરતાં નથી એટલે કે આ બધાં ભેદ જ્યાં કામ કરતાં નથી, ત્યાં અભેદ દૃષ્ટિમાં આનંદનો સ્વાદ આવવો તેનું નામ અનુભવ છે. વસ્તુનો સ્વાદ તે અનુભવ છે.

આહાહા ... આત્મા તો શાંત-શાંત અર્થાત્ અકષાય સ્વરૂપ અર્થાત્ વીતરાગ મૂર્તિ છે. આ વીતરાગ મૂર્તિનો અનુભવ વીતરાગ ભાવથી થાય છે. તે વીતરાગ ભાવમાં સુખનો સ્વાદ આવે છે. હવે આવું સ્વરૂપ સાંભળ્યું ન હોય ને આખી જિંદગી પાપમાં જાય. ધર્મ તો નહીં પણ પુણ્યના પણ ઠેકાંણાં નહીં. બે-ચાર કલાક સત્ સમાગમ, શ્રવણ-મનન કરવું તે પુણ્ય છે. અહીં તો કહે છે પાપ તો નહીં, પુણ્ય તો નહીં પણ વસ્તુનો નિર્ણય કરવામાં નય-નિક્ષેપ-પ્રમાણના વિકલ્પ ઉઠે છે તે પણ સ્વરૂપનો અનુભવ કરવામાં જૂઠા છે, સહાયક કે મદદરૂપ નથી.

**''(પ્રમાણ) યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાન; તે પણ વિકલ્પ છે. (નય) વસ્તુના કોઈ એક ગુણનું ગ્રાહક જ્ઞાન; તે પણ વિકલ્પ છે. (નિક્ષેપ) ઉપચારઘટનારૂપ જ્ઞાન; તે પણ વિકલ્પ છે.''**

પ્રમાણ એટલે યુગપદ્ એક સાથે ત્રિકાળી દ્રવ્ય અને પર્યાય બેનું જ્ઞાન કરવું તે પણ વિકલ્પ છે, રાગ છે. અહીંયા રાગવાળું પ્રમાણ લેવું છે ને ! પ્રમાણના બે ભેદ છે. નિર્વિકલ્પ પ્રમાણ અને સવિકલ્પ પ્રમાણ. નયના પણ બે ભેદ છે. એક સવિકલ્પનય અને એક નિર્વિકલ્પનય. અહીં તો સવિકલ્પ પ્રમાણ લેવું છે. આત્માના અનેક સ્વભાવ છે. દ્રવ્યસ્વભાવ-ગુણ સ્વભાવ-પર્યાય સ્વભાવ એક સમયમાં બંનેનું જ્ઞાન કરવું તે પ્રમાણ. ''અનેક ધર્મ ગ્રાહક જ્ઞાન'' કહ્યું. એક ધર્મ ગ્રાહક નથી. ધર્મ શબ્દે શક્તિ-સ્વભાવ, દ્રવ્ય - ગુણ - પર્યાયને ગ્રહણ કરવાવાળું પ્રમાણ તે વિકલ્પ છે, રાગ છે. સમ્યક્દર્શન થવામાં અભેદની અનુભૂતિ કરાવવામાં તેનો પણ સહારો નથી. આવી ચીજ છે બાપુ !

હવે નયની વાત કરે છે કે આત્મામાં અનંત ગુણ છે તેમાં એક ધર્મ કે ગુણને ગ્રહણ કરવાવાળાને નય કહે છે. તે પણ વિકલ્પ છે, રાગ છે.

આ દેહ તો ભિન્ન છે, માટી-જડ છે. અને અંદર કર્મ જડ છે તેનાથી પણ ભગવાન આત્મા ભિન્ન છે. પુણ્ય પાપના જે ભાવ, હિંસા - જૂઠ - ચોરી - વિષય ભોગના પાપ ભાવ અને દયા-દાન-વ્રત-તપ-ભક્તિનાં પુણ્યભાવ પણ આત્માથી ભિન્ન છે. તેનાથી તો સ્થૂળ રીતે ભિન્ન છે. પણ પ્રમાણ નય ને નિક્ષેપના જે વિકલ્પ આવે છે તેનાથી પણ આ ચીજ ભિન્ન છે. સમજાણું કાંઈ ?

"પ્રભુ તુમ જાણગરીતી સબ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ"

આત્મા જે અંદર પોતાની નિજ સત્તા, પોતાનું હોવાપણું તે તો શુદ્ધ-પવિત્ર ને આનંદમયી છે. ભગવાને આત્માને આવો જોયો છે. તેવા આત્માને પોતે દેખ્યો કે હું શુદ્ધ ચૈતન્ય અનાકુળ આનંદકંદ છું. તો તેમાં બાહ્યના વ્રત-તપના વિકલ્પ કે પ્રમાણ નય-નિક્ષેપ પણ મદદ કરતાં નથી.

હવે નિક્ષેપની વાત કરે છે. નિક્ષેપ એટલે ઉપચાર ઘટનારૂપ જ્ઞાન. નિક્ષેપ તે જ્ઞેયના ભેદ છે. ભગવાનનું નામ શું ? તે નામ, ભગવાનની મૂર્તિ તે સ્થાપના, ભગવાન થવાને લાયક તે દ્રવ્ય ને ભગવાન વર્તમાનમાં છે તે ભાવ એવા નિક્ષેપના ચાર પ્રકાર પાડવા તેમણે વિકલ્પ- રાગ છે. ઝીણી વાત છે ભાઈ !

એક તો જિંદગી પાપમાં જાય, તેનાથી છૂટી થોડા દયા - દાન - પૂજા - વ્રત - ભક્તિ કરે તો તે પુણ્ય છે, વિકલ્પ - રાગ છે. તેનાથી પણ કદાચ છૂટીને આત્માનો નિર્ણય કરે છે. તો તે પણ રાગ છે. આ વાત ઝીણી છે. પ્રભુ ! તારી મહિમાનો પાર નથી એવી અંદર ચીજ તું છે.

આત્મા અનંતગુણનો પિંડ છે તેવું એક સાથે જ્ઞાન કરવું તે પણ એક વિકલ્પ છે, એક એક ગુણને ભિન્ન કરીને જ્ઞાન કરવું તે પણ નયજ્ઞાનનો વિકલ્પ છે. અને વસ્તુમાં નિક્ષેપના ચાર પ્રકાર પાડવા તે પણ વિકલ્પ - રાગ છે. ધર્મ ઘણો દુર્લભ છે. ભગવાન ! વીતરાગ પરમેશ્વરે કહેલો જૈન ધર્મ ઘણો અલૌકિક છે ભાઈ !

**"ભાવાર્થ આમ છે કે અનાદિ કાળથી જીવ અજ્ઞાની છે, જીવસ્વરૂપને નથી જાણતો. તે જ્યારે જીવસત્ત્વની પ્રતીતિ આવવી ઈચ્છે ત્યારે જેવી રીતે પ્રતીતિ આવે તેવી જ રીતે વસ્તુસ્વરૂપ સાધવામાં આવે છે."**

અનાદિ કાળથી આત્મા શું ચીજ છે તેની ખબર નથી. દિગંબર જૈન સાધુ અનંતવાર થયો, હજારો રાણી છોડી પણ આત્મજ્ઞાન શું ચીજ છે તેનું ભાન નથી. અતીન્દ્રિય શાંત અનાકુળ આનંદ જેનો સ્વભાવ છે એવા જીવના સ્વરૂપને જીવ જાણતો નથી. દુનિયામાં વકિલાતના, ડૉક્ટરના, એલ.એલ.બી.ના, એમ.એ., બી.એ.ના પાપના - અજ્ઞાનના પૂંછડા છે. અજ્ઞાનીને આત્મા શું ચીજ છે તેની ખબર નથી. ભલે મહિને દશ હજારનો પગાર મળે પણ તેનાથી શું થયું ? મરીને બધાં ઢોરમાં જવાના છે.

આત્મા અનાદિ અનંત જેનો જ્ઞાન-આનંદ આદિ સ્વભાવ છે તે તેનું સત્ત્વ છે.

પોતે અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્યથી ભરેલો છે તેવા સત્ત્વની પ્રતીતિ આવવી જોઈએ અને જેવી પ્રતીતિમાં આવે તેવા વસ્તુના સ્વરૂપનું સાધન કરે છે.

જેમ બીજ વિના ઝાડ ઊગતું નથી. અજ્ઞાની તપ (બાહ્ય વ્રતાદિ) કરીને મરી ગયો. પણ બીજ નથી તો વૃક્ષ ક્યાંથી થાય ? પ્રમાણ નય- નિક્ષેપના વિકલ્પથી રહિત નિર્વિકલ્પ આનંદનું વેદન આવવું તે સમ્યક્દર્શન-ધર્મ છે. અજ્ઞાનીને સમ્યક્દર્શનની ભૂમિકામાં આત્મા શું છે તેની ખબર નથી અને વ્રત ને ચારિત્રનું વૃક્ષ થઈ ગયું માને છે. પણ સર્વજ્ઞ પરમેશ્વરદેવનો હુકમ બીજી જાતનો છે. વર્તમાનમાં લોકોએ અજૈનને જૈન ધર્મ માની રાખ્યો છે.

**"તે સાધના ગુણ-ગુણીજ્ઞાન દ્વારા થાય છે, બીજો ઉપાય તો કોઈ નથી. તેથી વસ્તુસ્વરૂપને ગુણ-ગુણીભેદરૂપ વિચારતાં પ્રમાણ-નય-નિક્ષેપરૂપ વિકલ્પો ઊપજે છે. તે વિકલ્પો પ્રથમ અવસ્થામાં ભલા જ છે તો પણ સ્વરૂપમાત્ર અનુભવતાં જૂઠા છે."**

આત્મા તો અતીન્દ્રિય સ્વરૂપ છે તેનો ભેદ કરીને જાણવું તો પડે. ગુણ-ગુણીનો ભેદ કે "જ્ઞાન તે આત્મા, જાણે તે આત્મા, શ્રદ્ધે તે આત્મા" એવો ભેદ પાડીને વિચારવું તે એક વિકલ્પ છે. પણ એવા ભેદ પાડ્યા વિના સમજમાં આવતો નથી. આત્મા અભેદ અખંડ છે. પણ જ્ઞાન દ્વારા જાણવામાં આવે છે, જ્ઞાન લક્ષણ છે, લક્ષ દ્રવ્ય છે તેવા ભેદ પાડીને જાણવામાં આવે છે. એવો વિકલ્પ પહેલાં આવે છે. આવો વીતરાગનો માર્ગ છે. સર્વજ્ઞ જિનેશ્વર પરમાત્માના ધર્મ સિવાય કોઈ ઠેકાણે આ છે નહીં. જે જીવો સંપ્રદાયમાં પડ્યા છે તેમને પણ ભાન નથી તો બીજામાં તો શું હોય ?

વીતરાગ સિવાય અન્યમતીઓ આત્માને શું કહે છે અને પરમેશ્વર આત્માને શું કહે છે તે જાણવા માટે પ્રમાણ-નય-નિક્ષેપ વચ્ચે આવે છે. પણ તે વિકલ્પ-રાગ છે. આહાહા... ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. એવો ગુણ અને ગુણીનો વિચાર કરવામાં તો વિકલ્પ-રાગ આવ્યો. વળી, રાગ એવો પણ આવ્યો કે આ રાગ-વિકલ્પ છે તે પણ ધર્મનું કારણ નથી.

આહાહા... અરે ! એને દયા ક્યાં છે ? પોતાની દયા ક્યાં છે એને ? હું ક્યાં જઈશ? શું થઈશ ? કઈ રીતે રહીશ ? ખબર નથી એને. આત્માની દયાને બદલે પરની દયા કરવા નીકળી પડ્યો. પણ ભાઈ ! પરનું કરી શકવું તો ત્રણ કાળમાં શક્ય નથી. પરનું આયુષ્ય હોય તો બચે. પણ તેના બદલે હું દયા પાળી શકું તે માન્યતા ભ્રમ ને મિથ્યાત્વ છે.

બરફી લેવા જાય તો પહેલા ભાવ પૂછે. પાંચ રૂપિયાની શેર કે છ રૂપિયાની શેર !

તોલાનો નિર્ણય કરે કે તોલા બરાબર તો છે ને ? અને ત્રાજવું બરાબર છે ને ? કેમ કે જે બાજુ માલ પડે ત્યાં નીચે લાખ લગાવી દીધો હોય તો શેરની જગ્યાએ પોણો શેર આવી જાય. તેથી ત્રાજવું, તોલા અને ભાવ તેનો માલ લેવા પહેલાં નિશ્ચય કરે છે પણ ખાતી વખતે તે ત્રણે વસ્તુ ભૂલી જાય છે.

તેમ સર્વજ્ઞ ભગવાન 'આત્મા' કહે છે તે પ્રમાણ-નય-નિક્ષેપથી તોલવો. એક એક ધર્મથી જાણવો, નિક્ષેપ કોને કહે છે ? તેવું જ્ઞાન તો પહેલાં આવે છે. પણ જ્ઞાન આવે છે તે વિકલ્પવાળું છે, રાગવાળું છે. સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ શાશ્વત આત્મામાં અનંત આનંદ ને જ્ઞાન ભર્યું છે. ''ભરિત અવસ્થ'' અંદર પૂર્ણ અનંત જ્ઞાન ને આનંદ, સ્વચ્છતા પૂર્ણ ભરી છે. તેનો નિર્ણય કરવામાં, પ્રમાણ-નય ને જ્ઞેયના ભેદથી વિચાર કરવામાં વિકલ્પ તો આવે છે. ભગવાન શું કહે છે અને બીજા અજ્ઞાની શું કહે છે તે ભિન્નતા જાણવામાં પ્રથમ અવસ્થામાં આવા વિકલ્પ આવે છે. તેને ભલા જ કહેવામાં આવે છે.

''તો પણ સ્વરૂપમાત્ર અનુભવતાં જૂઠા છે'' આહાહા... સમ્યક્દર્શન પ્રાપ્તિના કાળમાં તે જૂઠા છે. એટલે કે આત્માનો અનુભવ કરવામાં મદદગાર નથી. આત્માનાં આનંદનું વેદન કરવું તે ધર્મ છે. તેમાં આ વિકલ્પ પણ જૂઠા છે.

ભગવાનની વાણીમાં આવ્યું કે પ્રભુ ! તું અખંડાનંદ ચીજ છે. અરિહંત કહે છે કે અમને દશામાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત શાંતિ મળી તે કયાંથી આવી ? બહારથી આવી કે તે અંદરમાં પડ્યું છે ? ભાઈ ! આત્માની શક્તિમાં - ગુણમાં પડ્યું છે તેમાંથી અનંત જ્ઞાનાદિ આવે છે.

અહીં કહે છે તે વિકલ્પો પ્રથમ અવસ્થામાં ભલા જ છે. 'જ' શબ્દ વાપર્યા છે. અનંત આત્મા અને એક-એક આત્મામાં અનંત ગુણ, એક સમયમાં અનંતી પર્યાયો અને પરથી ભિન્ન આત્મા શું ચીજ છે ? આવો નિર્ણય કરવામાં પહેલાં રાગ-વિકલ્પ આવે છે. પણ અનુભવના કાળમાં તે મદદગાર નથી, તે બધાં જૂઠાં છે. સ્વરૂપમાત્ર અનુભવતાં જૂઠા છે.

પ્રવચન નં. ૧૨, ૧૩, ૧૪ ચાલુ તા. ૧૧-૬-'૭૭ થી ૧૩-૬-'૭૭

## કળશ-૧૦

### (ઉપજાતિ)

आत्मस्वभावं परभावभिन्न-
मापूर्णमाद्यन्तविमुक्तमेकम्।
विलीनसंकल्पविकल्पजालं
प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति ॥ १० ॥

ખંડાન્વય સહિત અર્થ : - "**शुद्धनयः अभ्युदेति**" (**शुद्धनयः**) નિરુપાધિ જીવવસ્તુસ્વરૂપનો ઉપદેશ (**अभ्युदेति**) પ્રગટ થાય છે. શું કરતો થકો પ્રગટ થાય છે ? "**एकम् प्रकाशयन्**" (**एकम्**) શુદ્ધસ્વરૂપ જીવવસ્તુને (**प्रकाशयन्**) નિરૂપતો થકો. કેવું છે શુદ્ધ જીવસ્વરૂપ ? "**आद्यन्तविमुक्तम्**" (**आद्यन्त**) સમસ્ત પાછલા અને આગામી કાળથી (**विमुक्तम्**) રહિત છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવવસ્તુનો આદિ પણ નથી, અંત પણ નથી. જે આવું સ્વરૂપ સૂચવે તેનું નામ શુદ્ધનય છે. વળી કેવી છે જીવવસ્તુ ? "**विलीनसंकल्पविकल्पजालं**" (**विलीन**) વિલય થઈ ગયા છે. (**संकल्प**) રાગાદિ પરિણામ અને (**विकल्प**) અનેક નયવિકલ્પરૂપ જ્ઞાનના પર્યાય જેને એવી છે. ભાવાર્થ આમ છે કે સમસ્ત સંકલ્પ-વિકલ્પથી રહિત વસ્તુસ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે. વળી કેવી છે શુદ્ધ જીવવસ્તુ ? "**परभावभिन्नम्**" રાગાદિ ભાવોથી ભિન્ન છે. વળી કેવી છે ? "**आपूर्णम्**" પોતાના ગુણોથી પરિપૂર્ણ છે. વળી કેવી છે ? "**आत्मस्वभावं**" આત્માનો નિજ ભાવ છે. ૧૦.

### કલશ - ૧૦ : ઉપરનું પ્રવચન

**"शुद्धनयः अभ्युदेति" (शुद्धनयः) નિરુપાધિ જીવવસ્તુસ્વરૂપનો ઉપદેશ (अभ्युदेति) પ્રગટ થાય છે."**

વનવાસી દિગંબર સંત અમૃતચંદ્ર આચાર્ય વીતરાગ સર્વજ્ઞની વાણીને આડતિયા થઈને કળશમાં કહે છે કે '**शुद्धनयः अभ्युदेति**' શુદ્ધનયનો ઉપદેશ પ્રગટ થાય છે. શુદ્ધનયનો અર્થ નિરુપાધિ જીવવસ્તુસ્વરૂપનો ઉપદેશ કર્યો તે પ્રગટ થાય છે.

આહાહા... ભગવાન આત્મા તો નિરુપાધિ છે, મલિનતા રહિત છે. પુણ્ય-પાપના ભાવ મલિન છે, તે જડ-અચેતન છે, તેનાથી ભગવાન આત્મા ભિન્ન છે. જેમ સ્વચ્છ પાણી કાદવના મેલથી રહિત છે તેમ ભગવાન આત્મા પુણ્ય-પાપના મેલથી ભિન્ન છે.

તેવા આત્માને અહીંયા શુદ્ધનય કહેવામાં આવે છે. અંદરમાંથી શુદ્ધનય પ્રગટ થાય છે. આહાહા... આવી વાત છે પ્રભુ ! હવે શુદ્ધનય શું ? કોઈ દિ' બાપદાદાએ પણ સાંભળ્યું ન હોય. શું થાય !

ભગવાન ચૈતન્ય પ્રકાશનું પૂર અંદરમાં છે. તે એક જ્ઞાનરૂપી પ્રકાશના નૂરનું પૂર છે. પાણીનું પૂર હોય છે તેમ તે ચૈતન્ય પ્રવાહનું પૂર છે. આહાહા... જેમાં પુણ્ય-પાપ અને રાગાદિના વિકલ્પનો અભાવ છે, પૂરા સંસારની દશાનો જેમાં અભાવ છે. એવી ચીજ-શુદ્ધનય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ... ?

ઘણાને થાય કે વળી, આ કઈ જાતનો ઉપદેશ ? એમ કહો કે કંદમૂળ ખાવું નહીં, રાત્રે આહારપાણી લેવા નહીં, છ કાયના જીવની દયા પાળવી, જૂઠું બોલવું નહીં, બ્રહ્મચર્ય પાળવાં, તો આવી વાતો તો સાંભળી છે. પણ બાપુ ! એ બધી વાતો તો રાગની ક્રિયાની છે ભાઈ ! એ ધર્મ નહીં, ધર્મની રીત નહીં. આહાહા... વીતરાગ પરમેશ્વરનો ધર્મ વીતરાગભાવથી પ્રગટ થાય છે. રાગભાવથી પ્રગટ થાય તે વીતરાગ ધર્મ નહીં.

પ્રશ્ન : એ ધર્મ નથી, એ તો સદાચાર છે !

ઉત્તર : ભાઈ ! સદાચાર તો આ છે કે સત્-ચિત્-આનંદ ભગવાન આત્મા તેની દૃષ્ટિ કરીને લીન થવું તે આચરણ સદાચાર છે. મંદકષાયને સદાચાર કહે છે તે વ્યવહારનયનું કથન છે, ઝીણી વાત છે બાપુ !

**"શું કરતો થકો પ્રગટ થાય છે ? "एकम् प्रकाशयन्" (एकम्) શુદ્ધસ્વરૂપ જીવવસ્તુને (प्रकाशयन्) નિરૂપતો થકો."**

ભાષા જુઓ ! "શુદ્ધ સ્વરૂપ જીવવસ્તુને નિરૂપતો થકો." શુદ્ધનય નિશ્ચય-યથાર્થનયનું નિરૂપણ કરતો એટલે કે શુદ્ધસ્વરૂપ જીવવસ્તુનો પ્રકાશ કરતો પ્રગટ થાય છે. "**एकम् प्रकाशयन्**" એક શબ્દ પડ્યો છે ને ! વસ્તુ જે એકરૂપ ત્રિકાળી આનંદકંદ પ્રકાશમાન આત્મા જેમાં રાગ, પુણ્ય-દાન તો છે નહીં પણ જેમાં પ્રમાણ-નય-નિક્ષેપનો વિકલ્પ પણ નથી અને જેમાં એક સમયની વર્તમાન પ્રગટ પર્યાય પણ નથી તેવા શુદ્ધનય સ્વરૂપ આત્માને પ્રગટ કરે છે.

આહાહા... એકરૂપ ચૈતન્ય આનંદનું અતીન્દ્રિય જ્ઞાનનો સાગર પરમાત્મા છે. એવા એકરૂપ ત્રિકાળીને બતાવનાર તેને અહીંયા શુદ્ધનય કહે છે. ભાષા તો સાદી આવી પણ ભાવ તો બીજા (સાદા) ક્યાંથી આવે ? અહીંયા ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા-

જિનેશ્વરદેવ એમ ફરમાવે છે કે એકરૂપ અંદર આનંદકંદ ધ્રુવ સામાન્ય તેને શુદ્ધનય બતાવે છે. સમ્યક્ એટલે સાચી નય તેને બતાવે છે કે આ ચીજ છે.

**"કેવું છે શુદ્ધ જીવસ્વરૂપ? "आद्यन्तविमुक्तम्" (आद्यन्त) સમસ્ત પાછલા અને આગામી કાળથી (विमुक्तम्) રહિત છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવવસ્તુનો આદિ પણ નથી, અંત પણ નથી. જે આવું સ્વરૂપ સૂચવે તેનું નામ શુદ્ધનય છે."**

આત્મા આદિ અંતથી રહિત છે, અનાદિથી છે. આત્મા પહેલાં ન હતો અને પછી થયો છે એમ છે? કોઈ ઈશ્વરે બનાવ્યો છે એવી ચીજ છે? એ તો અનાદિ સત્ વસ્તુ છે. શરૂઆત નહીં, અંત નહીં, ભવિષ્યમાં કદી નાશ નહીં. એવી અવિનાશી ચીજ છે. સમજાણું કાંઈ...? આવા ત્રિકાળી શુદ્ધ ચૈતન્યને પ્રકાશે તેનું નામ શુદ્ધનય-નિશ્ચયનય કહેવામાં આવે છે. તેનો અનુભવ કરવો એટલે કે ત્રિકાળી ચીજની સન્મુખ થવું અને નિમિત્ત-રાગ-પર્યાયથી વિમુખ થવું તેનું નામ સમ્યક્દર્શન ને ધર્મની પ્રથમ સીડી છે.

"**आद्यन्तविमुक्तम्**" પાછલા અને આગામી કાળથી રહિત છે. વસ્તુ સત્ છે. સત્‌ની આદિ નહીં અને અંત પણ નહીં. આવું વસ્તુસ્વરૂપ સૂચવે તેનું નામ શુદ્ધનય છે અને તેનો વિષય છે તે પણ શુદ્ધનય કહેવાય છે. ત્રિકાળી વસ્તુ છે તે શુદ્ધનય છે તે તો ૧૧મી ગાથામાં "**भूयत्थो देसिदो सुद्धणओ**" શુદ્ધનય ભૂતાર્થ છે એમ કહ્યું છે.

**"વળી કેવી છે જીવવસ્તુ? "विलीनसंकल्पविकल्पजालं" (विलीन) વિલય થઈ ગયા છે. (संकल्प) રાગાદિ પરિણામ અને (विकल्प) અનેક નય વિકલ્પરૂપ જ્ઞાનના પર્યાય જેને એવી છે."**

**(विलीन)** વિલય થઈ ગયા છે અર્થાત્ રાગાદિ પરિણામ જેમાં છે જ નહીં. ધર્મની દશામાં-ચૈતન્યવસ્તુના અનુભવમાં તે રાગાદિ છે નહીં. ત્રિકાળી દષ્ટિમાં આવ્યો ત્યારે રાગ ત્રિકાળીમાં નથી અને પર્યાયમાં રાગ નથી. સમજાણું કાંઈ...?

અહીં તો કહે છે કે અખંડ વસ્તુ પરિપૂર્ણ આનંદકંદ છે તે સમ્યક્દર્શનનો વિષય છે. તે શુદ્ધનય રાગાદિ રહિત છે અને અનેક નય વિકલ્પરૂપ જ્ઞાનની પર્યાય-જ્ઞાનના ભેદ તે પણ અંતરમાં નથી, તેવો ભેદ નથી. શુદ્ધજ્ઞાન આવું છે એને દષ્ટિનો વિષય કરવો, ધ્યાનમાં લેવો તેનું નામ સમ્યક્દર્શન છે. ધર્મની શરૂઆત જ આમ છે. પૂર્ણાનંદ શુદ્ધ વસ્તુ તેમાં રાગ-દ્વેષ નથી, તેની દષ્ટિમાં રાગ-દ્વેષ નથી અને શુદ્ધ વસ્તુમાં જ્ઞાનનો ભેદ

નથી, ભેદ તે પર્યાયનો વિષય છે. તેમાં ભેદ નથી અને પર્યાયમાં પણ ભેદ નથી. અભેદ દૃષ્ટિ થઈ ગઈ. આવો માર્ગ છે ભાઈ! શુદ્ધનય કહો કે શુદ્ધનયનો વિષય કહો. ચૈતન્યઘન પૂર્ણાનંદ પ્રભુ રાગાદિથી રહિત અને જ્ઞાનના ભેદથી રહિત વસ્તુ ત્રિકાળી છે-તે સમ્યક્દર્શનનો વિષય છે.

**"ભાવાર્થ આમ છે કે સમસ્ત સંકલ્પ-વિકલ્પથી રહિત વસ્તુસ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે."**

સંકલ્પ કહેતાં રાગાદિ પરિણામ અને વિકલ્પ કહેતાં જ્ઞાનના ભેદ-તે બધાથી રહિત વસ્તુ સ્વરૂપનો અનુભવ તેનું નામ સમ્યક્દર્શન છે. ધર્મની પહેલી શરૂઆત અહીંથી થાય છે. સમજાણું કાંઈ... ? આહાહા.... દેહથી તો ભિન્ન, કર્મથી તો ભિન્ન, રાગાદિથી ભિન્ન, ભેદથી ભિન્ન એવી એક સમયમાં પૂર્ણ શુદ્ધ વસ્તુ તેનો અનુભવ તે સમ્યક્દર્શન છે.

**"વળી કેવી છે શુદ્ધ જીવવસ્તુ ? "परभावभिन्नम्" રાગાદિ ભાવોથી ભિન્ન છે. વળી કેવી છે ? "आपूर्णम्" પોતાના ગુણોથી પરિપૂર્ણ છે. વળી કેવી છે ? "आत्मस्वभावं" આત્માનો નિજ ભાવ છે."**

**'परभाव भिन्नम्'** વિકલ્પથી ને રાગાદિથી ભિન્ન છે અને **"आपूर्णम्"** પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે એમ નાસ્તિ અને અસ્તિ લીધું. રાગથી રહિત અને પોતાની ગુણ-શક્તિથી પરિપૂર્ણ છે. અરે ! એની નજરું કદી કરી નથી, તેનો આશ્રય કદી લીધો નથી, સમ્યક્દર્શન કદી થયું નથી તેથી જન્મમરણ મટ્યાં નથી.

વસ્તુ જે ત્રિકાળી દ્રવ્ય છે તે આત્માનો નિજ ભાવ છે. રાગાદિ કાંઈ આત્માનો ભાવ નથી. જે જ્ઞાનમાં ભેદ પડતાં હતાં તે પણ આત્માનો ભાવ નથી. સમજાણું કાંઈ...?

પ્રવચન નં. ૧૪, ૧૫ તા. ૧૪-૬-૭૭ - ૧૫-૬-૭૭

રાગ એ મારામાં છે અને એને મારે ઘટાડવો છે-એ દૃષ્ટિ જ મિથ્યા છે. રાગનો હું કર્તા નથી. રાગ મારાથી ભિન્ન છે. રાગનો હું જ્ઞાતા છું. એવી દૃષ્ટિ કરતાં રાગ ઘટી જાય છે. ૧૧૫.

-પૂ. ગુરૂદેવશ્રી-દ્રવ્ય દૃષ્ટિ જિનેશ્વર પર્યાય દૃષ્ટિ વિનશ્વર

## કળશ-૧૧
## (માલિની)

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम् ॥ ११ ॥

ખંડાન્વય સહિત અર્થ : - ''**जगत् तमेव स्वभावम् सम्यक् अनुभवतु**'' **(जगत)** સર્વ જીવરાશિ ! **(तम् एव)** નિશ્ચયથી પૂર્વોક્ત **(स्वभावम्)** શુદ્ધ જીવ વસ્તુને **(सम्यक्)** જેવી છે તેવી **(अनुभवतु)** પ્રત્યક્ષપણે સ્વસંવેદનરૂપ આસ્વાદો. કેવો થઈને આસ્વાદો ? ''**अपगतमोहीभूय**'' **(अपगत)** ટળી ગઈ છે **(मोहीभूय)** શરીરાદિ પરદ્રવ્ય સાથે એકત્વબુદ્ધિ જેની એવો થઈને. ભાવાર્થ આમ છે કે સંસારી જીવને સંસારમાં વસતાં અનંત કાળ ગયો. શરીરાદિ પરદ્રવ્ય-સ્વભાવ હતો, પરંતુ આ જીવ પોતાનો જ જાણીને પ્રવર્ત્યો; તો જ્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે ત્યારે જ આ જીવ શુદ્ધસ્વરૂપ અનુભવવાને યોગ્ય થાય છે. કેવું છે શુદ્ધસ્વરૂપ ? ''**समन्तात् द्योतमानं**'' **(समन्तात्)** સર્વ પ્રકારે **(द्योतमानं)** પ્રકાશમાન છે. ભાવાર્થ આમ છે કે અનુભવગોચર થતાં કાંઈ ભ્રાંતિ રહેતી નથી. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જીવ તો શુદ્ધસ્વરૂપ કહ્યો અને તે એવો જ છે, પરંતુ રાગદ્વેષ મોહરૂપ પરિણામોને અથવા સુખદુ:ખાદિરૂપ પરિણામોને કોણ કરે છે ?-કોણ ભોગવે છે ? ઉત્તર આમ છે કે આ પરિણામોને કરે તો જીવ કરે છે અને જીવ ભોગવે છે, પરંતુ આ પરિણતિ વિભાવરૂપ છે, ઉપાધિરૂપ છે; તેથી નિજસ્વરૂપ વિચારતાં તે, જીવનું સ્વરૂપ નથી એમ કહેવાય છે. કેવું છે શુદ્ધસ્વરૂપ ? ''**यत्र अमी बद्धस्पृष्टभावादयः प्रतिष्ठां न हि विदधति**'' **(यत्र)** જે શુદ્ધાત્મસ્વરૂપમાં **(अमी)** વિદ્યમાન **(बद्ध)** અશુદ્ધ રાગાદિ ભાવ, **(स्पृष्ट)** પરસ્પર પિંડરૂપ એકક્ષેત્રાવગાહ અને **(भावादयः)** આદિ શબ્દથી અન્યભાવ, અનિયતભાવ, વિશેષભાવ અને સંયુક્તભાવ ઈત્યાદિ જે વિભાવપરિણામો છે તે સમસ્ત ભાવો શુદ્ધસ્વરૂપમાં **(प्रतिष्ठां)** શોભા **(न हि विदधति)** નથી ધારણ કરતા. નર, નારક, તિર્યંચ અને દેવપર્યાયરૂપ ભાવનું નામ અન્યભાવ છે; અસંખ્યાત પ્રદેશસંબંધી સંકોચ-વિસ્તારરૂપ પરિણમનનું નામ અનિયતભાવ છે; દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ભેદકથનનું નામ વિશેષભાવ છે; તથા રાગાદિ ઉપાધિ સહિતનું નામ

સંયુક્તભાવ છે. ભાવાર્થ આમ છે કે બદ્ધ, સ્પૃષ્ટ, અન્ય, અનિયત, વિશેષ અને સંયુક્ત એવા જે છ વિભાવપરિણામો છે તે સમસ્ત, સંસાર-અવસ્થાયુક્ત જીવના છે, શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં જીવના નથી. કેવા છે બદ્ધસ્પૃષ્ટ આદિ વિભાવભાવ? **"स्फुटं"** પ્રગટપણે **"एत्य अपि"** ઊપજ્યા થકા વિદ્યમાન જ છે તો પણ **"उपरि तरन्तः"** ઉપર ઉપર જ રહે છે. ભાવાર્થ આમ છે કે જીવનો જ્ઞાનગુણ ત્રિકાળગોચર છે તેવી રીતે રાગાદિ વિભાવભાવ જીવવસ્તુમાં ત્રિકાળગોચર નથી. જો કે સંસાર-અવસ્થામાં વિદ્યમાન જ છે તો પણ મોક્ષ-અવસ્થામાં સર્વથા નથી, તેથી એવો નિશ્ચય છે કે રાગાદિ જીવસ્વરૂપ નથી. ૧૧.

## કલશ - ૧૧ : ઉપરનું પ્રવચન

**"जगत् तमेव स्वभावम् सम्यक् अनुभवतु" (जगत) સર્વ જીવરાશિ! (तम् एव) નિશ્ચયથી પૂર્વોક્ત (स्वभावम्) શુદ્ધ જીવ વસ્તુને (सम्यक्) જેવી છે તેવી (अनुभवतु) પ્રત્યક્ષપણે સ્વસંવેદનરૂપ આસ્વાદો"**

**जगत** શબ્દ કહીને, આચાર્યને સર્વ જીવરાશિને કહેવી છે. અમુક આવે છે એમ નહીં, તેમાં એકેન્દ્રિયથી નિગોદાદિ બધાં આવ્યા. જગત તો જગત છે, તે તો રહેવાવાળી ચીજ છે. જગતમાં રહેવાવાળો જે જીવ છે તેને અહીં જગત કહેવાય છે.

**स्वभावम्** કહીને શુદ્ધ જીવવસ્તુ કહી. શુદ્ધ પરિપૂર્ણ જ્ઞાન-આનંદ આદિ સ્વભાવથી પરિપૂર્ણ ચીજ છે, એવી અનંતશક્તિથી પરિપૂર્ણ ચીજ છે. ત્રિકાળ શુદ્ધ સ્વભાવ જીવવસ્તુ જેવી છે તેવી છે, તે વિકલ્પથી રહિત ને ભેદથી રહિત છે. તેનો પ્રત્યક્ષપણે અનુભવ કરો, પ્રત્યક્ષપણે સ્વસંવેદનરૂપ આસ્વાદો. આચાર્ય કહે છે કે હે જીવ-રાશિ! તમે તમારા ભગવાન આત્માને પ્રત્યક્ષ સ્વસંવેદન એટલે કે સ્વ-નામ પોતાથી પ્રત્યક્ષ વેદન કરો. જુઓ, આ કરવાનું આવ્યું.

આ વ્રત કરો ને તપ કરો ને આ કરો એ તો શુભરાગ છે તેનાથી તો ભગવાન આત્મા રહિત છે. જ્ઞાનના ભેદથી અથવા શુભરાગથી પણ રહિત છે. એવી શુદ્ધ વસ્તુને **सम्यक् अनुभवतु** પ્રત્યક્ષપણે સ્વસંવેદનરૂપ આસ્વાદો. એકલું જાણપણું કર્યું કે આવી ચીજ છે એવું જ્ઞાનના ક્ષયોપશમમાં જાણવામાં આવ્યું પણ તે કાંઈ ચીજ નથી, તે તો ક્ષયોપશમ છે.

દેહથી ભિન્ન ભગવાન આત્મા અંદર બિરાજે છે તેને રાગની કે મનની અપેક્ષા

નથી અને વ્યવહારના વિકલ્પની અપેક્ષા નથી. એટલે કે વ્યવહાર છે તો નિશ્ચય થાય તેવી પણ અપેક્ષા નથી. આહાહા.... આવો માર્ગ છે. લોકોને-બિચારાને આકરો લાગે. શું થાય ? લોકોને આ કરૂં ને આ કરૂં, કરતાં કરતાં થશે, રાગની મંદતા-શુભભાવ કરતાં કરતાં થશે એવી પદ્ધતિ થઈ ગઈ અને વીતરાગભાવથી સ્વરૂપ પમાય છે તે વાત ઉડી ગઈ. પણ ભાઈ ! આ વાત સાચી નથી. આત્મા તો પ્રત્યક્ષ સ્વસંવેદનમાં-આનંદના વેદનથી પ્રાપ્ત થશે. માટે, નિજ અતીન્દ્રિય આનંદ તેને અનુભવો, તેના આનંદનો સ્વાદ લ્યો. સમજાણું કાંઈ ? આવો માર્ગ ભાઈ ! વ્યવહારના રસિયાને આ ભારે આકરૂં પડે.

**કેવો થઈને આસ્વાદો ? ''अपगतमोहीभूय'' (अपगत) ટળી ગઈ છે (मोहीभूय) શરીરાદિ પરદ્રવ્ય સાથે એકત્વબુદ્ધિ જેની એવો થઈને.**

વિકલ્પ-ભાવકર્મ, શરીર-નોકર્મ અને જડકર્મ ત્રણેમાંથી એકત્વબુદ્ધિનો જેને નાશ થયો છે તે આત્માનો અનુભવ કરશે. એકત્વબુદ્ધિ રહે અને આત્માનો અનુભવ થાય એવું બની શકે નહીં. આ શરીર છે, આ વાણી છે તે કોનાં છે ? તે તો જડનાં છે. અંદરમાં પુણ્ય-પાપના ભાવ થાય છે તે કોનાં છે ? તે તો અચેતન છે. તે ચેતનની ચીજ છે નહીં. આહાહા ... રાગ અને શરીરની એકત્વબુદ્ધિ એટલે કે તે હું છું અને તે ચીજ મારામાં છે એવી એકત્વબુદ્ધિનો નાશ થઈને સ્વસંવેદન પ્રત્યક્ષ અનુભવ થાય છે. આવો માર્ગ છે ભાઈ !

પ્રશ્ન : આ તો બી.એ.ને એલ.એલ.બી.ની વાત છે. પણ પ્રથમ શું કરવું ?

પહેલામાં પહેલું કરવાનું તો આ છે-એવો નિર્ધાર કરવો જોઈએ. આહાહા ... શરીર, વાણી, મન એ તો જડ છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ એ તો પર ભિન્ન છે. પરક્ષેત્ર છે રાગાદિ વિભાવભાવ પણ પર છે. તેમાંથી એકત્વબુદ્ધિ મોહ, મિથ્યાત્વનો નાશ કરીને પોતાના ભગવાન આત્મા કે જે નિજ ચૈતન્ય સ્વભાવથી પૂર્ણ ભર્યો પડ્યો છે તેનો રાગ, નિમિત્ત ને મનની અપેક્ષા વિના સ્વભાવથી સીધો અનુભવ કરવો તેનું નામ ધર્મ છે. છઢાળામાં આવે છે ને કે ...

''લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ;
તોરિ સકલ જગ દંદ ફંદ, નિજ આતમ ધ્યાઓ''

અહીં તો કહે છે લાખ વાત, કરોડ વાત, અનંત વાતની વાત એ છે કે રાગાદિની

એકત્વબુદ્ધિ છોડી અને પોતાના સ્વભાવની દૃષ્ટિ કરી અનુભવ કરવો તે જૈન ધર્મ છે, વસ્તુનું સ્વરૂપ જ એવું છે. કાળી જીરીનો કોથળો હોય ને ઉપર સાકરનું નામ લખે તેથી કાંઈ કાળી જીરી મીઠી થઈ જાય ? તેમ મિથ્યા શ્રદ્ધાની હોય, રાગથી લાભ થશે ને દેહની ક્રિયાથી લાભ થશે, છકાયની દયા પાળતાં લાભ થશે એવી માન્યતાવાળો મિથ્યાદૃષ્ટિ છે ને પોતાને સાધુ કહેવડાવે પણ તે જૈન નથી, મિથ્યાત્વને જીતવું થયું નથી. એટલે કે તેને મિથ્યાત્વને પોષણ કરવાનો ભાવ-અજૈનપણાને પોષણ કરવાનો ભાવ છે.

આહાહા ... ભગવાન જિનેશ્વરદેવ પરમાત્મા કહે છે કે પ્રભુ ! એક વાર સાંભળ તો ખરો, ભાઈ ! સ્વભાવના ભાન વિના ૮૪ લાખ યોનિમાં ઘાણીમાં તલ પિલાય તેમ તું જન્મ-મરણના દુ:ખમાં પિલાઈ ગયો. પ્રભુ ! તે સહેલા દુ:ખ એટલા છે કે દુખ દેખવાવાળાને રુદન આવી જાય. તને વર્તમાનમાં થોડી અનુકૂળતા દેખાય છે પણ તે બધી ભ્રમણા છે. આહાહા ... અનુકૂળ તો ભગવાન આત્મા છે જે **(आपूर्णम्)** પૂર્ણ સુખ અને શાંતિથી ભર્યો છે, ઈશ્વરતાથી ભર્યો પડ્યો છે. પરની અપેક્ષા છોડીને, પ્રત્યક્ષ નામ પરની સહાય વિના સીધી જ્ઞાનની પર્યાયથી આત્માનો અનુભવ કરવો તેનું નામ આત્માનો સ્વાદ અને જૈનપણું કહેવામાં આવે છે.

**“ભાવાર્થ આમ છે કે સંસારી જીવને સંસારમાં વસતાં અનંત કાળ ગયો. શરીરાદિ પરદ્રવ્ય-સ્વભાવ હતો, પરંતુ આ જીવ પોતાનો જ જાણીને પ્રવર્ત્યો; તો જ્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે ત્યારે જ આ જીવ શુદ્ધસ્વરૂપ અનુભવવાને યોગ્ય થાય છે”**

વર્તમાનમાં શરીર કાંઈક ઠીક મળે, આબરૂ મળે ને બહાર ક્રિયાકાંડ કરે અને લોકો વખાણ કરે કે ભાઈ ! આ તો ભારી વ્રતધારી છે ! સંયમધારી છે ! બ્રહ્મચારી છે ! ત્યાં તેને થઈ જાય કે અમે કંઈક કરીએ છીએ, બધાથી અધિક છીએ. આવું અનંતકાળમાં પણ નથી કર્યું ! પણ પ્રભુ ! એવું છે નહીં ભાઈ ! આ સંસારમાં વસતાં અનંતકાળ ગયો. અનંત શબ્દમાં ત્રણ અક્ષર છે પણ જેનો કોઈ અંત નથી એવો અનંત. આજથી માંડીને ભૂતકાળનો સમય ગયો તો શું ભવ ને ભવનાં દુ:ખ ન હતાં ? ભાઈ ! ભવ છે તે જ કલંક છે, દુ:ખનું કારણ છે. સંસારમાં વસતાં અનંતકાળ ગયો. હું શરીરનું કરી શકું છું, પરની દયા પાળી શકું છું, શરીરનો સદ્‌ઉપયોગ કરું, વાણીનો સદ્‌ઉપયોગ કરું, લક્ષ્મી મળી તેનો સદ્‌ઉપયોગ કરું તેને શરીરાદિને પોતાના માન્યા.

**પ્રશ્ન :** સિદ્ધ ભગવાન શું કરતાં હશે ?

**ઉત્તર :** કાંઈ કરે નહીં એ તો આનંદનો અનુભવ કરે.

**પ્રશ્ન :** આવડા મોટા પુરુષ થઈને પરનું કાંઈ કરે નહીં ? અમે આવડા છીએ તો પણ આટલું બધું કરીએ છીએ તો સિદ્ધ ભગવાન તો પૂર્ણ વસ્તુ થઈ ગયા છે તો પણ કાંઈ કરે નહીં ?

**ઉત્તર :** બધુંય કરે, પોતાના આનંદનો અનુભવ કરે પણ પરનું કાંઈ પણ કિંચિતમાત્ર કરે નહીં. લોકમાં તો પરનું કાંઈક કરી દે અને પરનું કાંઈક કરે તે મોટો ગણાય કે આ જીવદયા મંડળીનો નાયક છે, મોટો મેનેજર છે, કાર્યવાહક છે એમ લોક માને તો તે રાજી થઈ જાય છે. પણ ભાઈ ! તું પરનું, શરીરનું કાંઈ કરી શકતો નથી. આ આંખની પાંપણ આમ ફરે છે તેનો કર્તા તું નથી, તે તો જડની ક્રિયા છે. આ જીભ હાલે છે તે જડના કારણે હાલે છે પણ હું હલાવી શકતો નથી. શ્રીમદ્ તો ત્યાં સુધી કહે છે કે ''એક તણખલાના બે ટુકડા કરવાની શક્તિ મારામાં નથી'' તેમાં કાંઈ કરી શકતો નથી તે બતાવ્યું છે.

અહીંયા તો આચાર્ય મહારાજ જીવન-મરણથી રહિત થવાની વાત કરે છે ભાઈ ! પશુમાં, ઢોરમાં, કાગળા-કૂતરામાં અવતાર કરી કરીને દુખી થતાં રસ્તામાં જોઈએ છીએ! ખટારા-મોટરો નીકળે ને સસલા મરી જાય, ઊંદરનાં ભૂકા ઊડી ગયા હોય... આહાહા... કોણ રોનાર છે કે આ મારો દીકરો મરી ગયો, મારો બાપ મરી ગયો એમ કોઈ રોનાર છે?

''મરનાર છે શીદ રોવો તમે, રોનાર નથી રહેનાર.''

કોને રોવો છો બાપુ ! તું ક્યાં રહેવાનો છે ? પાંચ-પચીસ વર્ષ રહેશે પછી જાઓ... આહાહા... શરીર, વાણી, મન, કર્મ, પુણ્ય, પાપની જાળ, વિકલ્પની જાળને પોતાની માનીને જ્યાં સુધી પ્રવર્તે છે ત્યાં સુધી અનંતકાળ ચારગતિમાં રખડે છે. જ્યારે આવી વિપરીત બુદ્ધિ છૂટે એટલે કે રાગાદિ અને શરીરાદિ પર છે, તે હું નથી. મારી ચીજ તો પૂર્ણ આનંદ ને પ્રભુતાથી ભરી પડી છે, ભગવત્ શક્તિથી પૂર્ણ છે, ત્યારે જ જીવ શુદ્ધ સ્વરૂપ અનુભવવાને યોગ્ય થાય છે. અંદરમાં રાગ, દયા, દાન, વ્રત-ભક્તિના વિકલ્પ જે થાય છે તેમાંથી એકત્વબુદ્ધિ ના છૂટે તો આત્મઅનુભવ નહીં થાય, ત્યાં સુધી ધર્મ નહીં થાય. સમજાણું કાંઈ... ? આવી શરતુવાળો ધર્મ ! વીતરાગનો ધર્મ અલૌકિક છે બાપુ !

પોતાનો આત્મા આનંદ સ્વરૂપ છે. અને રાગાદિ વિકલ્પ, શરીરાદિ પરદેશ છે. તેમાં આ મારો દેશ છે એવી અહમ્‌બુદ્ધિ છે તેને ધર્મ નહીં થાય. પરની અહમ્‌બુદ્ધિ છૂટે

તો સ્વની અહમ્‌બુદ્ધિ-અનુભવ થાય. આહાહા... અહમ્‌બુદ્ધિમાં "આ હું આનંદ છું, જ્ઞાન છું એવો અનુભવ તેનું નામ સમ્યક્‌દર્શન-ધર્મની પહેલી સીઢી કહેવામાં આવે છે.

સં. ૮૫ની સાલની ૪૮ વર્ષ પહેલાની વાત છે. સભા તો બહુ મોટી ભરાતી. એક વખત બોટાદમાં એમ કહ્યું કે આ પંચમહાવ્રતના પરિણામ છે તે આસ્રવ છે અને જે ભાવથી તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ ધર્મ નથી કેમ કે જે ભાવથી બંધન થાય તે ધર્મ નહીં અને ધર્મમાં બંધન નહીં. ત્યારે એક સાધુ હતાં અમારા ગુરુભાઈ ત્યાં બેઠેલા, તેને આ વાત ન રુચિ. આખી સભા બેઠી હતી, તેઓ ઊઠી ગયા. ત્યારે થયું કે અમારે આ સભા ન જોઈએ. અરે ! હજુ સાંભળવાનુંએ રુચે નહીં ! અહીં કહે છે કે જ્યારે વિપરીત બુદ્ધિ છૂટે છે ત્યારે શુદ્ધ સ્વરૂપ અનુભવ કરવા યોગ્ય થાય છે.

**"કેવું છે શુદ્ધસ્વરૂપ ? "समन्तात् द्योतमानं" (समन्तात्) સર્વ પ્રકારે (द्योतमानं) પ્રકાશમાન છે. ભાવાર્થ આમ છે કે અનુભવગોચર થતાં કાંઈ ભ્રાંતિ રહેતી નથી"**

"**समन्तात् द्योतमानं**" સર્વ પ્રકારે પ્રકાશમાન છે. આ જડ છે, શરીર છે, વાણી છે, આ પર છે એ જાણ્યું કોણે ? જે જાણનાર આત્મા છે એ જાણે છે કે હું જ્ઞાનાનંદ આત્મા છું, આ ચીજ પર છે. જડને ક્યાં ખબર છે કે હું જડ છું ? તે આત્માની ભૂમિકામાં જાણવામાં આવે છે કે હું આત્મા છું, જ્ઞાન ને આનંદ છું. શરીર, વાણી, મન એ જડ છે. જડ-જડને જાણતું નથી. અરે ! એ તો ઠીક પણ દયા-દાન-વ્રત-ભક્તિનો રાગ, રાગને જાણતો નથી. રાગને જાણવા માટે ભગવાન આત્મા છે, તે જાણે છે કે આ તો રાગ છે ને હું તો જ્ઞાન છું. સમજાણું કાંઈ.. ? ઝીણી વાત બહુ ભાઈ ! માર્ગ તો આવો છે ભાઈ !

સંસારમાં વસતાં અનંતકાળ ગયો પણ ભૂલી ગયો. અહીં વર્તમાન જરીક ઠીક મળ્યું; આ બાયડી ને વર જરીક કાંઈક ઠીક મળ્યો, ઘર-આબરૂ સારી મળે ત્યાં રાજી-રાજી થઈ જાય, પણ પ્રભુ ! આ તારી વિપરીત બુદ્ધિ જ્યાં સુધી રહે ત્યાં સુધી આત્મા ઉપર નજર જશે નહીં, ભગવાન આત્માનો પત્તો નહીં મળે. દુનિયા દુનિયાની જાણો. દુનિયા હા પાડો, ના પાડો, નિંદા કરો, એકાંત છે એમ કહો પણ વસ્તુ તો આમ જ છે.

ભગવાન તો ચારેય બાજુ પ્રકાશમાન ચૈતન્ય જ્યોતિ છે. પોતાને પ્રકાશે, રાગને પ્રકાશે, શરીરને પ્રકાશે, વાણીને પ્રકાશે એમ સ્વ-પર પ્રકાશક સ્વભાવનું પૂર-નૂર-તેજ

છે, તેમાં ચૈતન્યપણાનું પૂર ભર્યું છે. પરનું અહમ્પણું છોડીને સ્વચૈતન્યની અનુભૂતિ-અનુભવ થાય છે ત્યારે કાંઈ ભ્રાંતિ રહેતી નથી. રાગથી મને લાભ થશે, શરીર પુષ્ટ છે તેથી હું ઘણું કામ કરું છું, મારી ભાષામાં ઘણી તાકાત છે તેથી હું લોકોને ઘણું સમજાવી શકું છું એવી ભ્રાંતિ રહેતી નથી.

વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવનો આ હુકમ છે કે જ્યારે તારા સ્વભાવથી વિપરીત ચીજમાંથી અહમ્બુદ્ધિ છૂટશે ત્યારે અનુભવ થશે. જ્યાં સુધી પરમાં ઊંડે ઊંડે સુધી અહમ્બુદ્ધિ રહેશે એટલે કે હું નિર્મળ શુદ્ધ છું એવો જે સૂક્ષ્મ વિકલ્પ-અંતર્જલ્પ-સૂક્ષ્મરાગમાં અહમ્બુદ્ધિ રહેશે ત્યાં સુધી ભગવાન આત્માનો અનુભવ નહીં થાય. ભાષા તો સાદી છે ભગવાન ! ભગવાનની શૈલી જ સાદી અને ન્યાયથી છે. વીતરાગભાવમાં ઝૂલતાં દિગમ્બર સંતોને વિકલ્પ આવ્યો ને આ શાસ્ત્ર રચાઈ ગયા. છતાં તેઓ કહે છે કે આ શાસ્ત્ર અમે રચ્યાં નથી હોં. ! શાસ્ત્ર તો જડની પર્યાય ને જડની રચના છે. આહાહા... શાસ્ત્ર રચવાવાળા અમે કોણ ? અમે તો જ્ઞાનસ્વરૂપ આત્મા છીએ અને વાણી-શાસ્ત્ર તો જડ છે. તેની રચના આત્મા કેવી રીતે કરે ?

આ તો બે-ચાર પુસ્તક બનાવ્યા હોય તે પણ કંઈક કલ્પનાથી ત્યાં મારું પુસ્તક આવું છે ને આવી પ્રસિદ્ધિ છે ત્રણ લાખ વેચાયા ને ખલાશ થઈ ગયા. પણ ભાઈ આ તો બધી વિપરીત વાત છે પ્રભુ ! જ્યાં સુધી પરમાં અહમ્બુદ્ધિ રહેશે ત્યાં સુધી ભ્રાંતિ રહેશે ને અનુભવ નહીં થાય અને અનુભવ થતાં કોઈ ભ્રાંતિ રહેતી નથી. પછી કોઈ રાગનો વિકલ્પ-તીર્થંકર ગોત્રનો ઊઠે તો તે મારો છે એવી ભ્રાંતિ થતી નથી. પાંચ મહાવ્રતનો વિકલ્પ પણ આવે છે. આત્માનો અનુભવ થવાથી જાણવામાં આવ્યું કે તે જાણવાલાયક છે પણ તે રાગ મારી ચીજ નથી.

**"અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જીવ તો શુદ્ધસ્વરૂપ કહ્યો અને તે એવો જ છે, પરંતુ રાગ-દ્વેષ-મોહરૂપ પરિણામોને અથવા સુખદુ:ખાદિરૂપ પરિણામોને કોણ કરે છે?-કોણ ભોગવે છે ?"**

શિષ્યનો પ્રશ્ન છે કે તમે કહો છો કે વસ્તુ અંદર રાગ વિનાની, સુખદુ:ખની કલ્પના વિનાની છે. તે ઠીક છે. પણ આ રાગ-દ્વેષ થાય છે, પુણ્ય-પાપના ભાવ થાય છે, હરખ-શોક થાય છે, પરમાં સુખદુ:ખની જે કલ્પના થાય છે તે ક્યાંથી આવી ? તેનો કર્તા કોણ છે ? જીવ તો શુદ્ધ સ્વરૂપ છે તે બરાબર છે પણ આ શરીર મારું, વાણી મારી.

અરે! અંદર દયા-દાન-વ્રતનો વિકલ્પ ઉઠે છે તે રાગ મારો એ બધી ભ્રમણા-ભ્રાંતિ છે, એવા રાગ-દ્વેષ ને મોહ ઉત્પન્ન થાય છે તે શું છે ? તે કોણ કરે છે ? ભોક્તા કોણ છે ?

**"ઉત્તર આમ છે કે આ પરિણામોને કરે તો જીવ કરે છે અને જીવ ભોગવે છે, પરંતુ આ પરિણતિ વિભાવરૂપ છે, ઉપાધિરૂપ છે; તેથી નિજસ્વરૂપ વિચારતાં તે, જીવનું સ્વરૂપ નથી એમ કહેવાય છે."**

અજ્ઞાની જીવ કર્તા છે. શુદ્ધ આનંદકંદ-જ્ઞાતાદૃષ્ટા એવું પોતાનું શુદ્ધસ્વરૂપ તેનાં ભાન વિના તે પુણ્ય-પાપના ભાવ કરે તો તેનો કર્તા અજ્ઞાની જીવ જ છે. વિકારનો કર્તા કોઈ કર્મ કે ઈશ્વર છે જ નહીં. હરખ-શોકનો ભોક્તા અજ્ઞાની જીવ છે. લક્ષ્મી આદિ અનુકૂળતા દેખીને હું સુખી છું તેવી કલ્પના જીવ અજ્ઞાનભાવે કરે છે. તેને સ્વરૂપની ખબર નથી.

નરસિંહ મહેતાએ કહ્યું કે "જ્યાં લગી આત્મતત્ત્વ ચિંત્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી ઠરી." ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ તેનો અનુભવ ને ભાન નથી ત્યાં સુધી અજ્ઞાની આ દયા-દાન-વ્રત-ભક્તિ-તપ-મિથ્યાભાવથી કરે છે, જ્ઞાની કર્તા થતો નથી. પોતાની ચીજ આનંદસ્વરૂપ, જ્ઞાન સ્વભાવ એને ન જાણીને, પોતે શુદ્ધ હોવા છતાં પણ પોતાના અજ્ઞાનથી પુણ્ય-પાપના ભાવનો પોતે કર્તા થાય છે ને ભોક્તા થાય છે.

આ શુભ-અશુભ રાગ એનું કરવું ને ભોગવવું એ અવસ્થા વિકારરૂપ છે, વિભાવરૂપ છે. આત્માનો સ્વભાવ નથી. પોતે શુદ્ધ અને પવિત્ર હોવા છતાં પણ તેની ખબર નથી, તેનું જ્ઞાન નથી તો અજ્ઞાનમાં આત્મા જ પુણ્ય-પાપના ભાવનો કર્તા છે અને હરખ-શોકનો ભોક્તા છે પણ તે પરિણતિ વિભાવ છે. કરે ને ભોગવે જીવ, છતાં પણ તે જીવમાં ઉપાધિ છે, વિભાવરૂપ છે, મેલરૂપ છે. જીવસ્વરૂપ-નિજસ્વરૂપ વિચારતાં એટલે કે હું તો જ્ઞાન ને આનંદ આત્મા શુદ્ધ ચેતન કંદ વિદ્યમાન છું એવાં નિજ સ્વરૂપનો વિચાર કરતાં આ વિભાવ તે જીવનું સ્વરૂપ નથી. આહાહા... જે ભાવથી તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ પણ ઊપાધિ છે, જીવનું સ્વરૂપ નથી.

પ્રશ્ન : "પુણ્યફલા અરિહંતા" કહ્યું છે ને ?

ઉત્તર : ભાઈ ! ત્યાં પ્રવચનસાર ૪૫ મી ગાથામાં અમૃતચંદ્ર આચાર્યે મૂળ પાઠમાં લખ્યું છે કે "**अथैवं सति तीर्थकृतां पुण्यविपाकोऽकिंचित्कर एवेत्यवधारयति**" પુણ્યનું ફળ-

વિપાક તીર્થંકર આત્માને અકિંચિત્કર છે. ઉદયમાં આવતી ક્રિયા તે પુણ્યનું ફળ છે. હાલવું-ચાલવું-સમોશરણાદિ હોવું તે બધું પુણ્યનું ફળ છે. અરિહંતપણું થવું તે પુણ્યનું ફળ નથી. અરિહંત ભગવાનને પૂર્ણાનંદની પ્રાપ્તિ તો પોતાના સ્વચતુષ્ટય શક્તિરૂપ-સ્વભાવરૂપ હતાં તેનો અનુભવ કરવાથી અનંત જ્ઞાનાદિની શક્તિમાંથી વ્યક્તિ થઈ છે. કાંઈ પુણ્યથી થયાં છે એમ નથી. તે તો અકિંચિત્કર છે. પણ શું થાય ? પોતાની દૃષ્ટિથી વાંચે ને ઊંધા અર્થ કરે પણ શાસ્ત્ર શું કહે છે તેની ખબર નથી. સમજાણું કાંઈ...?

૯૧ની સાલમાં પરિવર્તન કર્યું અને ૯૫ની સાલમાં ગાંધીજી વ્યાખ્યાનમાં આવ્યા હતાં. મેં કહ્યું કે પરની દયા પાળવાનો ભાવ તે રાગ છે અને દયા પાળી શકું છું એવું માનવાવાળો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. મેં તો તત્ત્વની વાત છે તે કહી હતી. તેમણે તે વાત યાદ રાખી. પછીથી આવ્યા ત્યારે કહેતાં કે એક મહારાજ મને મૂઢ કહેતાં હતાં તે મહારાજ ક્યાં છે ? સમયસાર બંધ અધિકારમાં કહ્યું કે પરને મારી શકું, સુખીદુઃખી કરી શકું તેવી માન્યતા-મૂઢ મિથ્યાદૃષ્ટિની છે. અહીંયા તો સત્ વાત છે, બીજી કોઈ વાત નથી. કોઈ સંપ્રદાય કે કોઈ પક્ષ નહીં, ઘણાં માણસો માને તે વાત કરવી તે પણ નહીં. માનો ન માનો, થોડા માનો કે વિશેષ માનો. સત્ય તો આ છે. સમજાણું કાંઈ...?

શ્રીમદ્જીની આત્મસિદ્ધિમાં જરીક અંદર ભૂલ છે. એક તો "જાતિવેષનો ભેદ નહીં કહ્યો માર્ગ જો હોય" - ગમે તે જાતિ, ગમે તે વેષમાં મોક્ષ થાય છે તેમ છે નહીં. બીજું "ગુરુ રહ્યા છદ્મસ્થ તો વિનય કરે ભગવાન" એટલે કે શિષ્ય પરમાત્મા થયા છે તો પણ તે ગુરુનો વિનય કરે છે પણ તે બરાબર નથી. એનો અર્થ એવો લેવાનો કે કેવળજ્ઞાન જ્યારે થયું ત્યારે પૂર્વનું એવું જ્ઞાન થયું કે મેં ગુરુનો વિનય કર્યો હતો - તે જ્ઞાન કરાવ્યું છે. વળી "સમ્યક્પણું તે મુનિપણું છે" એવો એક ટૂકડો શ્વેતામ્બરનો આવે છે, પણ સમ્યક્પણું તે મુનિપણું નથી. સમ્યક્દૃષ્ટિ તો ચોથા ગુણસ્થાને હોય છે અને મુનિ તો છઠ્ઠે સાતમે ત્રણ કષાયના અભાવપૂર્વક હોય છે. લોકોને થાય કે શ્રીમદમાં ભૂલ ? પણ ભાઈ ! છદ્મસ્થ છે, અસ્થિરતા છે. પણ તેઓ તો કામ કરી ગયા. દૃષ્ટિ નિર્મળ હતી. એકાવતારી થઈ ગયા. અત્યારે સ્વર્ગમાં છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જશે તેમાં ફેર નથી. પણ જેટલી વાત છે એટલી તો સમજવી પડશે. આ કોઈ પક્ષ નથી.

**"કેવું છે શુદ્ધસ્વરૂપ ? "यत्र अमी बद्धस्पृष्टभावादयः प्रतिष्ठां न हि विदधति" (यत्र) જે શુદ્ધાત્મસ્વરૂપમાં (अमी) વિદ્યમાન (बद्ध) અશુદ્ધ રાગાદિ ભાવ,**

**(स्पृष्ट) પરસ્પર પિંડરૂપ એકક્ષેત્રાવગાહ અને (भावादयः) આદિ શબ્દથી અન્યભાવ, અનિયતભાવ, વિશેષભાવ અને સંયુક્તભાવ ઇત્યાદિ જે વિભાવપરિણામો છે તે સમસ્ત ભાવો શુદ્ધસ્વરૂપમાં (प्रतिष्ठां) શોભા (न हि विदधति) નથી ધારણ કરતા.''**

ભગવાન વસ્તુ તરીકે તો શુદ્ધ સ્વરૂપ આનંદકંદ જ છે. પણ તેની પર્યાયમાં વિકાર વિદ્યમાન છે, વસ્તુમાં નહીં. **(बद्ध अमी)** અશુદ્ધ રાગાદિભાવ પર્યાયમાં વિદ્યમાન છે. અમૃતચંદ્રાચાર્યની મૂળ ટીકામાં અબદ્ધસ્પૃષ્ટનો એક બોલ લઈને પાંચ બોલ લીધા છે. અહીંયા અબદ્ધ-સ્પૃષ્ટ બે બોલને ભિન્ન પાડીને છ બોલ લીધા છે. હવે સ્પૃષ્ટનો અર્થ કરે છે કે પરસ્પર પિંડરૂપ એકક્ષેત્રાવગાહ એટલે કે જે કર્મ થવાને લાયક પરમાણુને એકક્ષેત્રાવગાહમાં રહેવાવાળા કહી અબદ્ધસ્પૃષ્ટનો અર્થ કર્યો. હવે આદિ શબ્દથી બીજા ચાર ભાવ અન્યભાવ, અનિયતભાવ, વિશેષભાવ અને સંયુક્તભાવ ઇત્યાદિ છ ભાવ-જે વિભાવ પરિણામ, તે સમસ્ત ભાવો શુદ્ધ સ્વરૂપમાં શોભા ધારણ કરતાં નથી, અંદર પ્રવેશ કરતાં નથી.

ભાઈ ! ભગવાન જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમાત્મા જે ફરમાવે છે તે પ્રચુર સ્વસંવેદન કરનારા વીતરાગી સંતો ફરમાવે છે. તેઓ કહે છે કે ભગવાન એકવાર સાંભળ તો ખરો ! તારી જે ચીજ નિજસ્વરૂપ પવિત્ર શુદ્ધ આનંદ ને જ્ઞાન ત્રિકાળ ટકનાર-રહેનાર છે તેમાં આ પાંચ બોલ કે છ બોલ અંદરમાં પ્રવેશ કરતાં નથી. સ્વભાવભાવથી વિપરીત ભાવ છે. તે અવિપરીત ત્રિકાળી સ્વભાવમાં ઉપર તરે છે, અંદર જતાં નથી. આ તો સાદી ભાષા છે. સમજાણું કાંઈ...?

જેમ તેલનાં બિંદુ જળ ઉપર તરે છે પણ જળમાં પ્રવેશ કરતાં નથી, ચીકાશ ઉપર રહે છે તેમ ભગવાન આત્મા જે સમ્યક્‌દર્શનનો વિષય શુદ્ધ ચૈતન્યઘન-આનંદકંદ પ્રભુ આત્મા આવો હોવા છતાં પર્યાયમાં છ બોલ ઉપાધિ-વિભાવ છે, સ્વભાવથી વિપરીતભાવ છે, તે ઉપર ને ઉપર રહે છે. અંદરમાં પ્રવેશ કરતાં નથી. આ સમસ્ત ભાવ શુદ્ધ સ્વરૂપમાં શોભાને ધારણ કરતાં નથી. તેની શોભા આત્માને નથી, તે ઉપાધિ છે, અશોભા છે. ત્રિકાળી ચીજમાં તેનો પ્રવેશ નથી. શોભનીક ચીજ તો આનંદકંદ પ્રભુ છે.

ચૈતન્યમૂર્તિ ભગવાન અનાદિથી શુદ્ધ સ્વરૂપ પવિત્ર ભગવાન પડ્યો છે. અંદર એની ઊપર દૃષ્ટિ કરવાની છે. કરવા લાયક શરૂઆત તો અહીંથી થાય છે. એ સિવાય બીજું બધું ફોક.... ફોક... ને ફોક છે. ગમે તેટલા વ્રત ને તપ કરો, બધાં એકડા વિનાના

મીંડા છે પ્રભુ ! સમજાણું કાંઈ...? હવે તે ભાવોની વ્યાખ્યા કરે છે.

**"નર, નારક, તિર્યંચ અને દેવપર્યાયરૂપ ભાવનું નામ અન્ય ભાવ છે; અસંખ્યાત પ્રદેશસંબંધી સંકોચ-વિસ્તારરૂપ પરિણમનનું નામ અનિયતભાવ છે; દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ભેદકથનનું નામ વિશેષભાવ છે; તથા રાગાદિ ઉપાધિ સહિતનું નામ સંયુક્તભાવ છે."**

અન્યભાવ : નર, નારક, તિર્યંચ અને દેવપર્યાયરૂપ ભાવનું નામ અન્યભાવ છે. આ ચારગતિના ભાવ ભગવાન આત્મામાં જતાં નથી, પર્યાયમાં રહે છે, તે કાંઈ ત્રિકાળીમાં છે નહીં અને સ્વભાવની દૃષ્ટિ કરવાથી નીકળી જાય છે. ભગવાન આત્મા પાંચ ભાવોથી રહિત છે. પર્યાયમાં છે, અંદરમાં છે નહીં. જો અંદરમાં હોય તો દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ થઈ શકતી નથી. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે તે નિજસ્વરૂપ છે. તેમાં આ ચારગતિ અન્યભાવ સ્વરૂપ છે, જે તેનો પ્રવેશ નથી. તે અભૂતાર્થ છે માટે છૂટી જાય છે. કાયમ રહેવાવાળી ચીજ નથી. સમજાણું કાંઈ.. ?

અનિયતભાવ : અસંખ્યાત પ્રદેશ સંબંધી સંકોચ-વિસ્તારરૂપ પરિણમનનું નામ અનિયતભાવ છે. સમયસારમાં બીજો ભાવ લીધો છે કે જ્ઞાનની પર્યાય એકરૂપ ન રહેતાં અનેકરૂપ સૂક્ષ્મ-પરિણમન થાય છે. અહીં બીજો અર્થ કર્યો છે. પર્યાયમાં અસંખ્યાતપ્રદેશ સંબંધી સંકોચ-વિસ્તાર પરિણમન થાય છે, તે ઉપર-ઉપર છે. તે ત્રિકાળમાં નથી. અગુરુલઘુને લઈને અનંત ગુણની હાનિવૃદ્ધિ આદિ પર્યાય ઉત્પન્ન થાય છે. તે અનિયતભાવ છે. અનિયતભાવ ત્રિકાળસ્વભાવમાં નથી.

વિશેષભાવ : દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ભેદકથનનું નામ વિશેષભાવ છે. ભગવાન આત્મા અભેદ એકરૂપ ચીજ છે, અનેકગુણની એકરૂપ ચીજ છે તેમાં જ્ઞાન-દર્શન ને ચારિત્રનો ભેદ કરવો તે વિશેષભાવ છે. આ વિશેષભાવ પણ ત્રિકાળીમાં નથી. તેમાં વિશેષભાવનો અભાવ છે. તે ભેદ ઉપર ઉપર રહે છે. અંદરમાં પ્રવેશતાં નથી. ભેદ ઉપર લક્ષ જાય તો રાગની ઉત્પત્તિ થાય છે, એ કારણે ભેદપણ ત્રિકાળ ચીજમાં નથી એમ કહે છે.

ત્રીજી ગાથામાં કહ્યું કે "એકત્વ નિશ્ચયગત સમય સર્વત્ર સુંદર લોકમાં" ત્રિકાળ શુદ્ધ સુંદર ભગવાન અંદર છે તેમાં આ વિશેષભાવનો પ્રવેશ નથી. આ વિશેષ પણ સામાન્યની ઉપર રહે છે. સમ્યક્‌દર્શનનો વિષય આ વિશેષ નહીં પણ અબદ્ધસ્પૃષ્ટ,

અનેરી-અનેરી દશા રહિત અને વિશેષ રહિત, અનિયત રહિત નિત ત્રિકાળી સ્વભાવભાવ તે છે.

સંયુક્તભાવ : રાગાદિ ઉપાધિ સહિતનું નામ સંયુક્તભાવ છે. તે સંયુક્ત છે, સંયોગીભાવ છે. તે સ્વભાવભાવ નથી.

પ્રશ્ન : બદ્ધભાવ અને સંયુક્તભાવમાં અંતર શું છે ?

ઉત્તર : બદ્ધમાં સમુચ્ચય રાગનો સંબંધ છે. તેમાં કર્તાપણું બતાવવું છે અને સંયુક્તમાં ભોક્તાપણું બતાવવું છે. બદ્ધમાં રાગાદિ વિકારી દશા છે તે બતાવવું છે અને સંયુક્તમાં તે દુ:ખરૂપ છે એમ બતાવવું છે.

**"ભાવાર્થ આમ છે કે બદ્ધ, સ્પૃષ્ટ, અન્ય, અનિયત, વિશેષ અને સંયુક્ત એવા જે છ વિભાવપરિણામો છે તે સમસ્ત, સંસાર-અવસ્થાયુક્ત જીવના છે, શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં જીવના નથી."**

બદ્ધ એટલે રાગાદિથી સંબંધ, સ્પૃષ્ટ એટલે પુદ્‌ગલનો સંબંધ, અન્ય એટલે અનેરી-અનેરી ગતિ, અનિયત એટલે પર્યાયમાં એકરૂપ ન રહેવું, વિશેષ એટલે સામાન્યમાં ભેદ પાડવા અને સંયુક્ત એટલે રાગાદિ ઉપાધિ સહિત એવા જે છ વિભાવ પરિણામ, વિકારી ભાવ, ઉપાધિ છે, દુ:ખરૂપ છે તે પર્યાયમાં છે પણ શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં જીવના નથી. એટલે કે પરમાનંદ સ્વરૂપ ભગવાન આત્મામાં તે મેલનો પ્રવેશ નથી, તે અભૂતાર્થ છે, પવિત્ર ભગવાન આત્માનો અનુભવ કરવાથી અપવિત્રતા તેમાં આવતી નથી કેમ કે પવિત્રતામાં-અંદરમાં અપવિત્રતા નથી. સમ્યક્‌દૃષ્ટિને પણ શુદ્ધ જીવનો અનુભવ કરતાં વિભાવ પરિણામ છે નહીં.

આહાહા... બદ્ધ, સ્પૃષ્ટ, અનિયત, વિશેષ, અન્યભાવ, સંયુક્તભાવ તે બધાથી રહિત ભગવાન આત્મા ભૂતાર્થ-સત્યાર્થ વસ્તુ સત્ આનંદ, સત્‌જ્ઞાન તે એકરૂપ રહેવાવાળી ચીજનો અનુભવ કરવાથી આ છ બોલ અનુભવમાં આવતાં નથી, ભિન્ન રહી જાય છે. નિશ્ચયમાં તો સમ્યક્‌દૃષ્ટિને પણ તે નથી. પણ જ્ઞાનધારામાં તેનો પ્રવેશ નથી. કર્મધારા-રાગધારા છે તે તો જ્ઞાનનું પરજ્ઞેય છે, જ્ઞેય પણ બે છે : સ્વજ્ઞેય અને પરજ્ઞેય. આ પરજ્ઞેય છે. સ્વજ્ઞેયમાં તેનો અભાવ છે. સમજાણું કાંઈ... ? કળશ ઘણો ઝીણો છે ભાઈ !

**"કેવા છે બદ્ધસ્પૃષ્ટ આદિ વિભાવભાવ ? "स्फुटं" પ્રગટપણે "एत्य अपि" ઊપજ્યા થકા વિદ્યમાન જ છે તો પણ "उपरि तरन्तः" ઉપર ઉપર જ રહે છે."**

જોયું ? **(स्फुटं)** પર્યાયમાં તો વિદ્યમાન જ છે. વસ્તુ સ્વભાવમાં તો નથી પણ વર્તમાન પર્યાયમાં તો છે. એ કાંઇ આકાશના ફૂલની જેમ નથી. ઉત્પન્ન રાગ-દ્વેષ વિકાર, અનેરા-અનેરા ભાવ, વિશેષભાવ તે પર્યાયમાં પ્રગટરૂપ વિદ્યમાન છે. તો પણ ''**उपरि तरन्तः**'' ઉપર ઉપર જ રહે છે.

ભગવાન પૂર્ણાનંદનો સાગર, નિજાનંદ દરબાર તેમાં છ ભાવનો પ્રવેશ નથી. અનંત જ્ઞાન અને અનંત આનંદ, બેહદ શાંતિ, વીતરાગતા, સ્વચ્છતા, પ્રભુતા પડી છે એવી નિજ ચીજ તેની ઉપર આ છ ભાવ તરે છે.

આહાહા... એક બાજુ એમ કહે છે કે આત્મા વિશ્વથી ઉપર તરે છે, વિકલ્પ અને જગતથી ભિન્ન ઉપર ઉપર તરે છે. અને અહીંયા કહે કે આત્મા ઉપર આ ભાવ સદા તરે છે, એકરૂપ ભગવાનમાં અનેકરૂપતા છે નહીં. આખા સંસારથી, વિકલ્પથી માંડીને આખું જગત તેનાથી ભિન્ન ભગવાન આત્મા સપ્તમ દ્રવ્ય થઇ જાય છે, ભિન્ન થઇ જાય છે. વિશ્વ ઉપર તરે છે, વિકલ્પથી ભિન્ન રહે છે. આ છ બોલ છે તે ચૈતન્ય ભગવાનમાં પ્રવેશ ન કરતાં ઊપર તરે છે. 'પુણ્ય ફલા અરિહંતા' જે કહ્યું ને ! તે ક્રિયા પણ ચૈતન્યની ઉપર ઉપર રહે છે, બહાર રહે છે. તેનો તો અરિહંતની પર્યાયમાં પણ પ્રવેશ નથી. આ તો દ્રવ્યમાં પ્રવેશ નથી તે વાત છે.

'**उपरि तरन्तः**' નો અર્થ કર્યો કે ઉપર ઉપર જ રહ્યો છે. 'જ' શબ્દ મૂક્યો. પુણ્ય-પાપના ભાવ અને દર્શન-જ્ઞાન-ચારિત્રના વિશેષ ભાવ ઉપર જ તરે છે. સામાન્ય ત્રિકાળી જ્ઞાયકભાવ જે સમ્યક્દર્શનનો વિષય-ધ્યેય તેમાં કાંઇ સ્પર્શ નથી.

અહીંયા તો વિશેષના બોલમાં પણ ઉપર ઉપર જ રહે છે એમ કહ્યું. રાગ-દ્વેષનું તો કહ્યું, સંકોચ-વિસ્તારનું કહ્યું, ગતિનું કહ્યું પણ ભગવાન એકરૂપ સામાન્ય જે શુદ્ધ ચૈતન્યઘન અખંડ અભેદ તેમાં જ્ઞાન-દર્શન-ચારિત્રના ભેદ પાડવા-વિશેષ કરવું તે પણ સામાન્યમાં ઉપર જ તરે છે. પાછું 'જ' કહીને એકાંત કરે છે. સામાન્યથી વિશેષ ભિન્ન તરે છે.

સામાન્ય એટલે એકરૂપ ચૈતન્યદળ અનાદિ અનંત નિત્ય પ્રભુ ! એકરૂપ સ્વભાવી વસ્તુ તેને સામાન્ય કહે છે. તેમાં ગુણભેદ રાગભેદ તે બધા વિશેષ, ઉપાધિ છે. વિશેષને ઉપાધિ કહી, ઉપર તરતાં કહ્યા, એકલા ઉપર નહીં પણ ઉપર 'જ' તરે છે. નિશ્ચયથી કહે છે કે ઉપર જ તરે છે. સમજાણું કાંઇ...?

**"ભાવાર્થ આમ છે કે જીવનો જ્ઞાનગુણ ત્રિકાળગોચર છે તેવી રીતે રાગાદિ વિભાવભાવ જીવવસ્તુમાં ત્રિકાળગોચર નથી. જો કે સંસાર-અવસ્થામાં વિદ્યમાન જ છે તો પણ મોક્ષ-અવસ્થામાં સર્વથા નથી, તેથી એવો નિશ્ચય છે કે રાગાદિ જીવસ્વરૂપ નથી."**

જ્ઞાનની પ્રધાનતાથી કથન કર્યું છે. સ્વભાવની મુખ્યતા જ્ઞાનને આપી. ભગવાન આત્મા તો જ્ઞાન સ્વરૂપી ત્રિકાળ છે. ત્રિકાળગોચર ત્રિકાળઘન છે. જ્યાં જ્યાં ત્રિકાળ આત્મા ત્યાં ત્યાં તેનો જ્ઞાનગુણ ત્રિકાળ. આહાહા... પર્યાયની વાત અહીંયા નથી, જ્ઞાન સ્વભાવ ત્રિકાળ છે તેવી રીતે રાગાદિ વિભાવભાવ જીવવસ્તુમાં ત્રિકાળગોચર નથી. લ્યો ! આ પાંચ ભાવ ત્રિકાળ રહેવાવાળા નથી, જો કે સંસાર અવસ્થામાં વિદ્યમાન જ છે. અહીં પણ 'જ' લીધું. તો પણ મોક્ષ અવસ્થામાં સર્વથા નથી. સિદ્ધમાં બિલકુલ નથી કેમ કે પોતાનો સ્વભાવ નથી. તેથી એવો નિશ્ચય છે કે રાગાદિ જીવસ્વરૂપ નથી. તેવા જીવસ્વરૂપની દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યક્દર્શન ને સમ્યક્ધર્મ છે.

પ્રવચન નં. ૧૫, ૧૬ તા. ૧૫-૬-'૭૭ થી ૧૬-૬-'૭૭

જેમ છોકરો રોતો હોય તેને તેનો બાપ કહે ભાઈ ! તું રો નહિ, જો તારો પેંડો આખો એવો ને એવો જ છે, જો ખુશી થા ! તેમ આચાર્યદેવ ભવ્યને કહે છે કે હે આત્મા ! તું પ્રસન્ન થા ! ખુશી થા ! જો તારો આત્મા ત્રણે કાળે એવો ને એવો શુદ્ધ જ છે. દેહાદિ કે રાગાદિ આત્માને અડ્યા જ નથી, સ્પર્શ્યા જ નથી. રાગાદિ તો ઉપર ઉપર લોટે છે. માટે ભાઈ ! તું ખુશી થા ! ને પ્રસન્ન થઈને જો ! તારો આત્મા શુદ્ધ ચૈતન્યઘન જ છે. ૩૪૦

-પૂ. ગુરૂદેવશ્રી

દ્રવ્ય દૃષ્ટિ જિનેશ્વર પર્યાય દૃષ્ટિ વિનશ્વર

## કળશ-૧૨

### (શાર્દૂલવિક્રીડિત)

भूतं भान्तमभूतमेव रभसान्निर्भिद्य बन्धं सुधी-
र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात्।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं
नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः ॥ १२ ॥

ખંડાન્વય સહિત અર્થ : - ''**अयम् आत्मा व्यक्तः आस्ते**'' (**अयम्**) આમ (**आत्मा**) ચેતનાલક્ષણ જીવ (**व्यक्तः**) સ્વ-સ્વભાવરૂપ (**आस्ते**) થાય છે. કેવો થાય છે? ''**नित्यं कर्मकलङ्कपङ्कविकलः**'' (**नित्यं**) ત્રિકાળગોચર (**कर्म**) અશુદ્ધપણારૂપ (**कलङ्कपङ्क**) કલુષતા-કાદવથી (**विकलः**) સર્વથા ભિન્ન થાય છે. વળી કેવો છે ? ''**ध्रुवं**'' ચારે ગતિમાં ભમતો અટકી ગયો. વળી કેવો છે ? ''**देवः**'' ત્રૈલોક્યથી પૂજ્ય છે. વળી કેવો છે ? ''**स्वयं शाश्वतः**'' દ્રવ્યરૂપ વિદ્યમાન જ છે. વળી કેવો થાય છે ? ''**आत्मानुभवैकगम्यमहिमा**'' ચેતન વસ્તુના (**अनुभव**) પ્રત્યક્ષપણે આસ્વાદથી (**एक**) અદ્વિતીય (**गम्य**) ગોચર છે (**महिमा**) મોટપ જેની એવો છે. ભાવાર્થ આમ છે કે જીવનો જેમ એક જ્ઞાનગુણ છે તેમ એક અતીન્દ્રિય સુખગુણ છે; તે સુખગુણ સંસાર અવસ્થામાં અશુદ્ધપણાને લીધે પ્રગટ આસ્વાદરૂપ નથી, અશુદ્ધપણું જતાં પ્રગટ થાય છે. તે સુખ અતીન્દ્રિય પરમાત્માને હોય છે. તે સુખને કહેવા માટે કોઈ દૃષ્ટાન્ત ચારે ગતિઓમાં નથી, કેમ કે ચારે ગતિઓ દુ:ખરૂપ છે; તેથી એમ કહ્યું કે જેને શુદ્ધસ્વરૂપનો અનુભવ છે તે જીવ પરમાત્મારૂપ જીવના સુખને જાણવાને યોગ્ય છે, કેમ કે શુદ્ધસ્વરૂપ અનુભવતાં અતીન્દ્રિય સુખ છે-એવો ભાવ સૂચવ્યો છે. કોઈ પ્રશ્ન કરે છે કે કેવું કારણ કરવાથી જીવ શુદ્ધ થાય છે ? ઉત્તર આમ છે કે શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે. ''**किल यदि कोऽपि सुधीः अन्तः कलयति**'' (**किल**) નિશ્ચયથી (**यदि**) જો (**कः अपि**) કોઈ જીવ (**अन्तः कलयति**) શુદ્ધ સ્વરૂપને નિરન્તરપણે અનુભવે છે. કેવો છે જીવ ? (**सुधीः**) શુદ્ધ છે બુદ્ધિ જેની. શું કરીને અનુભવે છે ? ''**रभसा बन्धं निर्भिद्य**'' (**रभसा**) તત્કાળ (**बन्धं**) દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મના (**निर्भिद्य**) ઉદયને મિટાવીને અથવા મૂળથી સત્તા મિટાવીને, તથા ''**हठात् मोहं व्याहत्य**'' (**हठात्**) બળથી (**मोहं**) મિથ્યાત્વરૂપ જીવના પરિણામને (**व्याहत्य**) મૂળથી ઉખાડીને. ભાવાર્થ આમ છે કે

અનાદિ કાળનો મિથ્યાદષ્ટિ જીવ કાળલબ્ધિ પામતાં સમ્યક્ત્વના ગ્રહણકાળ પહેલાં ત્રણ કરણો કરે છે; તે ત્રણ કરણો અન્તર્મુહૂર્તમાં થાય છે; કરણો કરતાં દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મની શક્તિ મટે છે; તે શક્તિ મટતાં ભાવમિથ્યાત્વરૂપ જીવના પરિણામ મટે છે; જેમ ધતૂરાના રસનો પાક મટતાં ઘેલછા મટે છે તેમ. કેવો છે બંધ અથવા મોહ ? ''**भूतं भान्तम् अभूतम् एव**'' નિશ્ચયથી (**भूतं**) અતીત કાળ સંબંધી. (**भान्तम्**) વર્તમાન કાળસંબંધી. (**अभूतम्**) આગામી કાળ સંબંધી. ભાવાર્થ આમ છે-ત્રિકાળ સંસ્કારરૂપ છે જે શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ, તે મટતાં જે જીવ શુદ્ધ જીવને અનુભવે છે તે જીવ નિશ્ચયથી કર્મોથી મુક્ત થાય છે. ૧૨.

## કલશ - ૧૨ : ઉપરનું પ્રવચન

**''अयम् आत्मा व्यक्तः आस्ते'' (अयम्) આમ (आत्मा) ચેતનાલક્ષણ જીવ (व्यक्तः) સ્વ-સ્વભાવરૂપ (आस्ते) થાય છે.''**

આહાહા.... જાણન... જાણન... દેખન લક્ષણ જીવ, જાણવા દેખવાવાળો સ્વભાવ એ ચેતના લક્ષણ જીવ સ્વસ્વભાવરૂપ થાય છે, પ્રગટ થાય છે. પોતાના જ્ઞાન ને આનંદ સ્વભાવમાં દૃષ્ટિ આપતાં એ સ્વસ્વભાવરૂપ થાય છે. શુ કહ્યું એ ? કે આ આત્મા છે તે ચેતનાલક્ષણ સ્વયં ચીજ છે. તે તેનો સ્વસ્વભાવરૂપ છે. પુણ્ય-પાપ, દયા ને દાન, કામ ને ક્રોધ એ બધા વિકલ્પો છે તે કાંઈ એના સ્વરૂપમાં નથી. એ તો ઉપર ઉપર તરે છે. અંતર એનું સ્વરૂપ તો જાણન દેખન લક્ષણ સ્વભાવરૂપ છે અને તેનો આશ્રય લેતાં સ્વભાવરૂપ થાય છે.

કઈ ક્રિયાથી થાય છે તે કહે છે કે ''ચેતના લક્ષણ જીવ સ્વસ્વભાવરૂપ થાય છે'' પોતાનો ચૈતન્ય આનંદ અને જ્ઞાનસ્વભાવ ત્રિકાળી છે. તે રૂપે તે પર્યાયમાં થાય છે. ત્રિકાળી સ્વભાવ શુદ્ધ ચૈતન્ય ને આનંદ છે. એ સ્વભાવની સન્મુખ થતાં પર્યાયમાં એ શક્તિની વ્યક્તિતા થાય છે તેનું નામ પરમાત્મપણું અર્થાત્ સમ્યક્દર્શન-જ્ઞાન છે.

**''કેવો થાય છે? ''नित्यं कर्मकलङ्कपङ्कविकलः'' (नित्यं) ત્રિકાળગોચર (कर्म) અશુદ્ધપણારૂપ (कलङ्कपङ्क) કલુષતા-કાદવથી (विकलः) સર્વથા ભિન્ન થાય છે.''**

કર્મની વ્યાખ્યા જોઈ ? પુણ્ય-પાપના ભાવ, દયા-દાન-વ્રત-તપ-પૂજા-ભક્તિના ભાવ એ બધા અશુદ્ધ છે. એ અશુદ્ધ ભાવરૂપ કર્મ કલુષતા એ કાદવ જેવો મેલ છે.

પર્યાયમાં જે અશુદ્ધતા ભાસે છે એ બધો કર્મનો કલંક છે. એ અશુદ્ધતાનો ભાવ કલંક છે.

**(विकलः)** સર્વથા ભિન્ન થાય છે. એ અશુદ્ધતાનો જે ભાવ છે તે ત્રિકાળી જ્ઞાયકમાં નથી, તેથી ત્રિકાળી જ્ઞાન ને આનંદની સન્મુખ થતાં, એકાગ્ર થતાં એ અશુદ્ધતાથી સર્વથા છૂટી જાય છે. અશુદ્ધતાથી સર્વથા છૂટવાનો ઉપાય આ છે. અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી એને છૂટી જાય છે એમ કહે છે. ઉપદેશની શૈલી બીજી શું હોય ?

હિંસા-જૂઠ-ચોરી-વિષય વાસનાના ભાવ પાપરૂપી અશુદ્ધ છે અને આ દયા-દાન-વ્રત-તપ આદિ ભાવ તે પુણ્યરૂપી અશુદ્ધ છે. એ અશુદ્ધભાવથી વિકલ: એટલે સર્વથા ભિન્ન છે. સમયસાર નાટકમાં એમ લખ્યું છે કે-આ શરીર ઘર એનાથી ભગવાન અંદર ભિન્ન છે. શરીર ઘરથી નિજ ઘર જુદુ છે. શરીરમાં શરીરથી ભિન્ન છે. એને જોતાં એ ચૈતન્યલક્ષણવાળો આનંદસ્વરૂપ ભગવાન પરથી ભિન્ન ભાસે છે અને તેથી પરથી ભિન્ન થઈ જાય છે. શુભ ને અશુભ ભાવ એ મલિનભાવ છે, કલંક છે. એનાથી સર્વથા ભિન્ન થાય છે.

**''વળી કેવો છે ? ''ध्रुवं'' ચારે ગતિમાં ભમતો અટકી ગયો.''**

ધ્રુવ જે પ્રગટ થયું તેને હવે સંસાર ખલાશ. એને ચારેગતિમાં રખડવાનું હોતું નથી. ત્રિકાળ આનંદ પ્રભુ ! જ્ઞાનગમ્ય સ્વરૂપ જ્ઞાનગોચર, જ્ઞાનચેતના લક્ષણ જે છે તેનાથી અનુભવ કરીને અશુદ્ધતાથી સર્વથા ભિન્ન થયો એને ચારગતિમાં રખડવાનું રહ્યું નહીં.

**''વળી કેવો છે ? ''देवः'' ત્રૈલોક્યથી પૂજ્ય છે.''**

આહાહા... એ પર્યાય પ્રગટ થાય છે ત્યારે તો ત્રિલોકથી પૂજ્ય છે જ પણ સ્વભાવ એનો ત્રિલોકપૂજ્ય છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ એવા સ્વભાવ, દિવ્ય શક્તિનો ધરનાર દેવ છે. એ પુણ્ય ને પાપને, સંસારને, રાગને ધરનારો નથી. ત્રૈલોક્યથી પૂજ્ય દેવ છે. જેમાંથી અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત અતીન્દ્રિય આનંદના મીણા ચડી જાય, દશામાં અતીન્દ્રિય આનંદ એવો આવે કે જેને લઈને આખી દુનિયા જેનાથી ભિન્ન થઈ જાય છે. એવું ચૈતન્યસ્વરૂપ પ્રગટ થતાં ત્રૈલોક્યથી પૂજ્ય છે અને વસ્તુ તરીકે તો ત્રૈલોક્યથી પૂજ્ય છે જ.

**'' વળી કેવો છે ? ''स्वयं शाश्वतः'' દ્રવ્યરૂપ વિદ્યમાન જ છે.''**

વસ્તુ તરીકે તો શાશ્વત છે. પ્રગટ થાય છે એ તો નિર્મળ આનંદ આદિ પર્યાય છે.

ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લઈ, અશુદ્ધતાનો નાશ થઈ અને જે શુદ્ધતા પ્રગટ થાય છે, પરમાત્મપદ, અરિહંત પદ, સિદ્ધ પદ, સમ્યક્દર્શન-જ્ઞાન પદ એ બધી તો પર્યાયો છે. પણ વસ્તુ તો ત્રિકાળ ધ્રુવ ને શુદ્ધ છે. આવો ધર્મ છે ભાઈ !

જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે તૂ તો સ્વયં દેવ છો ને ! તારે બીજા દેવના ભજન કરવાની જરૂર નથી. સ્વયં ગુરુ છે. અનંત આનંદ ને જ્ઞાનથી ભરપૂર ભરેલો ભગવાન પોતે ગુરુ છે અને પોતે જ અનંત જ્ઞાનાદિ સ્વયં ધર્મસ્વરૂપ છે. પોતે જ પંચપરમેષ્ઠીસ્વરૂપ છે. એને ધ્યાનમાં લેતાં, જ્ઞાનનો વિષય બનાવતાં, ધ્યેય બનાવતાં પર્યાયમાં જે અશુદ્ધતા ટળીને પવિત્રતા પ્રગટે છે તે દિવ્યશક્તિ બહાર આવે છે. દિવ્ય શક્તિ જે વસ્તુ છે તે વસ્તુ-શક્તિ બહાર પ્રગટરૂપે આવે છે. સમજાણું કાંઈ... ?

**''વળી કેવો થાય છે ? ''आत्मानुभवैकगम्यमहिमा'' ચેતન વસ્તુના (अनुभव) પ્રત્યક્ષપણે આસ્વાદથી (एक) અદ્વિતીય (गम्य) ગોચર છે (महिमा) મોટપ જેની એવો છે.''**

ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ એના પ્રત્યક્ષપણે આસ્વાદથી એટલે કે રાગથી ભિન્ન પોતાના સ્વરૂપ સન્મુખ થતાં એને પ્રત્યક્ષ આનંદનો સ્વાદ આવે છે. આહાહા... પ્રત્યક્ષપણે આસ્વાદથી પોતાની ચીજને આનંદરૂપે સ્વાદમાં લીધી.

હવે, પેલા કહે કે સામાયિક કરો, પોષા કરો ને પડીયા કરો પણ એ બધું થોથે થોથા છે. એ બધા વિકલ્પ ને અશુદ્ધતા છે. અંદર દિવ્યશક્તિનો ભંડાર ભગવાન તેનો આશ્રય લેતાં, એનું ધ્યાન કરતાં પર્યાયમાં પ્રત્યક્ષ આનંદનો સ્વાદ આવે તેનું નામ ધર્મ છે. એ પ્રત્યક્ષ આનંદના સ્વાદથી ગમ્ય છે. એ અદ્વિતીય સ્વભાવથી જ ગમ્ય છે. એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. અદ્વિતીય એટલે અજોડ, બીજી ચીજ નહીં.

દાળ-ભાત-શાક ને મોસંબીના સ્વાદ કેવા હશે ? ભાઈ ! જડના સ્વાદ કે દિ' હતાં ! એ તો રાગ કરીને માને. એ રાગનો સ્વાદ અજ્ઞાનીને છે. આ તો વીતરાગી આનંદ છે. કેમ કે અશુદ્ધતા ટળતાં ત્રિકાળી આનંદના નાથનું અવલંબન લેતાં વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે તે વીતરાગી આનંદ છે.

પ્રશ્ન : શું આનંદ બે પ્રકારના છે ? રાગી અને વીતરાગી ?

ઉત્તર : ભાઈ ! આ પૈસાવાળા, ભોગવાળા રાગી આનંદ માને છે પણ એ બધા રાગના આનંદ છે, ઝહેરનો આનંદ છે, ઝહેરનો અનુભવ છે. ત્યારે આ આત્માનુભવગમ્ય જે

સ્વાદ છે એ આત્માનો આનંદ છે. એ આનંદરૂપ એક જ માર્ગથી આત્મા જણાય છે. બીજો માર્ગ નથી. માટે અદ્વિતીય કહ્યો. વ્યવહારથી આત્મા જણાય એ ત્રિકાળમાં નથી.

વળી, ઘણા પંડિતો રાડ પાડે છે કે વ્યવહાર-શુભ જોગથી શુદ્ધ થાય છે. શુભરાગ કરતાં-કરતાં શુદ્ધતા થાય, અરે ! અત્યારે નવમી ગ્રૈવેયકે જાય તેવા શુભભાવ તો છે નહીં. અને છઢાળામાં કહ્યું કે

"મુનિવ્રત ધાર અનંતવાર, ગ્રૈવેયક ઉપજાયો,
પૈ નિજ આતમ જ્ઞાન બિના સુખ લેશ ન પાયો."

અનંતવાર એવા શુભભાવ તો કર્યા. ભાઈ ! તને ખબર નથી. આતમરામ એ અશુદ્ધતાના પરિણામને પોતાના માનીને ચારગતિમાં રખળી રહ્યો છે. એ દયા-દાન-વ્રત-તપના વિકલ્પ એ રાગ છે, અશુદ્ધતા છે, વિભાવ છે, ઝેર છે. આહાહા... એના અનુભવથી તો પરિભ્રમણ કરી રહ્યો છે. ભગવાન જિનેશ્વરદેવનું એમ ફરમાન છે કે પ્રભુ ! એ અશુદ્ધતા એ તારી ચીજ નહીં. તારી ચીજ અંદર છે તેમાં અશુદ્ધતાનો અભાવ છે અને તે પૂર્ણ શુદ્ધતાથી ભરેલો તારો ભગવાન છે. **(महिमा)** એની મોટપ જ એવી છે કે એ એક અતીન્દ્રિય આનંદથી ગમ્ય છે. દયા-દાન ને વ્રત ભક્તિના વિકલ્પથી આત્મા જણાય કે અનુભવાય એવી એ ચીજ નથી.

આ રખડતો આવ્યો માણસપણે, વળી, પાછો કુટુંબના રક્ષણ-પાલનના પાપમાં ગુંચવાયો. ત્યાંથી બહાર આવ્યો ત્યાં દયા-દાન ને વ્રત-તપના પરિણામ એ ધર્મ છે એમ માનીને ત્યાં પકડાઈ ગયો. આતમરામ એમાં રમવું જોઈએ એને ઠેકાણે રાગની રમતુંમાં એણે કાળ ગુમાવ્યો. રાણપુર બહાર કિનારાનું ગામ છે. રાજા સોગટા રમવામાં પડ્યો હતો. ત્યાં ઊતરવાના કિનારે કટક આવ્યું ત્યારે કોઈએ કહ્યું કે અરે રાણા ! રમતો મેલ હવે, આ કટક આવ્યું કિનારે. તેમ અહીં કહે છે હે રાણા ! રાગની રમતો મેલ. કાળ હમણાં આવી જશે અને તને ક્યાંય ઉપાડી જશે. રાગની રમતો છોડ અને આત્માની રમતોમાં આવ હવે.

આહાહા... અહીં તો કહે છે કે "**आत्मानुभवैकगम्यमहिमा**" એની મોટપ જ એવી છે કે એ આત્માના અનુભવથી જ જણાય, એ રાગ અને વ્યવહારથી જણાય એવી એની મોટપ નથી. એ તો એની હિણપ છે. એની મહિમાની મોટપ એટલી છે કે અનુભવગમ્ય થાય, એકલા આત્માના આનંદના આસ્વાદગમ્ય થાય તે એક જ એનો

ઉપાય છે.

**"ભાવાર્થ આમ છે કે જીવનો જેમ એક જ્ઞાનગુણ છે તેમ એક અતીન્દ્રિય સુખગુણ છે; તે સુખગુણ સંસાર અવસ્થામાં અશુદ્ધપણાને લીધે પ્રગટ આસ્વાદરૂપ નથી,"**

જેમ ભગવાન આત્મામાં ત્રિકાળ જ્ઞાન છે તેમ એક અતીન્દ્રિય સુખગુણ છે. પણ સંસાર અવસ્થામાં એ આનંદગુણ પ્રગટ અવસ્થારૂપ નથી, શક્તિરૂપ છે. સંસાર અવસ્થામાં પણ અતીન્દ્રિય આનંદ આત્મામાં શક્તિ-સ્વભાવરૂપ છે, પર્યાયમાં પ્રગટ નથી. સંસાર દશામાં એટલે મલિન અવસ્થામાં અશુદ્ધપણાને લીધે તે પર્યાયમાં તેનો આસ્વાદ નથી.

સમ્યક્‌દર્શન જ્ઞાન ને સ્વરૂપ આચરણની દશા થાય તેમાં આનંદનો સ્વાદ ભેગો આવે છે. એની વાત મૂકીને બીજી બધી વાતો કરે કે સાધુ થાય ને તપ કરો, વ્રત કરો, તપસા કરો, આ કરો ને તે કરો. પણ ભાઈ ! એમાં કદાચ મંદ રાગ હોય તો પુણ્ય છે. પણ તે છે અશુદ્ધ ભાવ. એ અશુદ્ધ અવસ્થાના સ્વાદ વખતે અતીન્દ્રિય સ્વાદનો પ્રગટ અભાવ છે. જિનેશ્વરદેવનો આવો માર્ગ છે. લોકો કહે કે આ નવું ક્યાંથી કાઢ્યું ? પણ ભાઈ ! આ પુસ્તક ક્યાં નવું છે ? પુસ્તકના કળશો તો હજાર વર્ષ પહેલાના છે. એનો અભિપ્રાય પાઠમાં તો બે હજાર વર્ષ પહેલાનો છે અને એનો (મૂળ) અભિપ્રાય તો અનાદિકાળનો છે.

**"અશુદ્ધપણું જતાં પ્રગટ થાય છે. તે સુખ અતીન્દ્રિય પરમાત્માને હોય છે."**

ભગવાન આત્મા ત્રિકાળ અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ છે. પણ એની દશામાં મલિનતાને કારણે આનંદનો પ્રગટ સ્વાદ નથી, એક સાધુ આવ્યા હતાં. તે કહે કે સાધુપણામાં આનંદ છે. બિચારાને કાંઈ ખબર ન મળે કે સાધુપણું કોને કહેવું ? એને એમ કે ઘર છોડ્યું, બાયડી છોડી, છોકરા છોડ્યા. એટલે સાધુ થઈ ગયા. પણ ભાઈ જૈનનો વેશ તો નગ્ન છે અને અંદરનો વેશ રાગ વિનાનો છે. એવો ભેખ અંતરમાં આવ્યા વિના મુનિપણું હોય નહીં. સમકિત નથી ત્યાં મુનિપણું ક્યાંથી આવ્યું ? આહાહા... આકરૂં લાગે પણ શું થાય ! પણ ભાઈ ! છે તારા હિતની વાત.

ભાઈ ! ચોરાશીના અવતાર કરી કરીને તારા સોથા નિકળી ગયા છે અને હજી સમ્યક્‌દર્શન નહીં પામે તો એ ચોરાશીની મોટી ખાણ પડી છે. ક્યાંય કીડે-કાગડે-કૂતરે-

નાગ-વાઘમાં જન્મીને પાપ કરીને નરકે જઈશ. કુંડલામાં એક અન્યમતિ બ્રાહ્મણ હતો. એને આ અભ્યાસ હતો, વ્યાખ્યાનમાં આવતો. તે કહે કે મહારાજ ! અંદર જવામાં આમ હાથ લાગતું નથી, રૂદન આવી જાય છે, અંદર રોવાઈ જવાય છે. આહાહા... તે પણ આત્મા છે ને ? આત્માની જાતમાં ક્યાં ફેર છે. બહારમાં વાણિયો ને મુસલમાન ગમે તે નાત ધરાવતાં હોય પણ એ તો બહારના-શરીરની (નાત) છે. ભગવાન અંદર નાત-જાત વિનાનો છે. જ્યાં અશુદ્ધતા વિનાનો છે. ત્યાં વળી બહારની ચીજની શી વાત ! પુણ્ય-પાપની અશુદ્ધતા વિનાની એ ચીજ છે એવું અવલંબન લેતાં અતીન્દ્રિય આનંદ પ્રગટે છે.

જેવો એનો જ્ઞાન ગુણ ત્રિકાળ છે. જાણવું... જાણવું...તેમ આનંદ પણ તેનામાં ત્રિકાળ છે. પણ એ કેમ પત્તો ખાતો નથી ? તો એ અશુદ્ધતાના સ્વાદમાં પડ્યો છે, એને શુદ્ધના સ્વાદનો વિરહ થઈ ગયો છે. પુણ્યના પરિણામની-વિકલ્પની જાળમાં ગુંચવાઈને માન્યું કે મેં કાંઈક કર્યું છે. કાંઈક કરૂં છું એવી જાળમાં ભરાઈ ગયેલો દુ:ખી પ્રાણી છે. તેને આત્માના આનંદના વિરહ પડ્યા છે. કાંઈક શરીર ઠીક હોય, કાંઈક બાયડી ઠીક હોય, છોકરા ઠીક હોય, ધંધે સરખે ચડ્યો હોય તેમાં તો રાજી રાજી થઈ જાય. આહાહા... શું છે પ્રભુ આ ? એ તો ઠીક પણ આગળ જતાં કોઈ દયા-દાન ને વ્રત-તપનાં ભાવ થયા ત્યાં રાજીપો થાય કે આપણે કાંઈક કરીએ છીએ. દુકાને બેઠાં પાપ કરીએ છીએ એના કરતાં તો કાંઈક નવું કરીએ છીએ ! પણ ભાઈ ! પુણ્ય પણ પાપ જ છે. સમયસાર પુણ્ય-પાપ અધિકારમાં છેલ્લે છે કે શુભભાવ વડે શુદ્ધભાવથી પતિત થાય છે માટે પાપ છે, પવિત્રતાથી પતિત કરાવે તે પાપ છે.

ભગવાન તું આત્મા છો કે નહીં ? તારી હૈયાતિ છે કે નહીં ? કે શરીરની હૈયાતિ ને આ બહારની હૈયાતિ એ તારી હૈયાતિ છે ? તારું હોવાપણું-હૈયાતિ એ તો સ્વયં અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનની હૈયાતિથી છે. આહાહા... ! એ પુણ્યના અશુદ્ધ મલિન પરિણામની હૈયાતિથી તારી હૈયાતિ છે એમ છે નહીં. એ પુણ્ય પરિણામની હૈયાતિને કબુલવા જાય છે ત્યાં પોતાની હૈયાતિને ખોઈ બેસે છે. સમજાણું કાંઈ...? ભાઈ ! ભાષા તો સાદી છે પણ ભાવ તો જે હોય તે હોય. બીજું શું હોય ? બાપુ ! માર્ગ તો સીધો છે. એને સાંભળવા મળ્યો નથી ને એમ ને એમ મજૂરી કરી કરીને જગતનાં જીવો જિંદગી ગાળે છે. એ પુણ્ય ને પાપના બેય ભાવ મજૂરી છે.

એ અશુદ્ધતાના કારણે આત્માના આનંદનો સ્વાદ એને નથી. આહાહા... એમ નથી કહ્યું કે કર્મના ઉદયનું જોર છે માટે આનંદનો સ્વાદ આવતો નથી. અશુદ્ધતાના સ્વાદને લઈને શુદ્ધતાનો સ્વાદ આવતો નથી એમ કહ્યું છે. આહાહા... આ તો ભગવાનની વાણી છે.

"વચનામૃત વીતરાગના, પરમ શાંત રસમૂળ;
ઔષધ જે ભવરોગનાં કાયરને પ્રતિકૂળ."

વીર્યહીન-કાયર નપુંસકોને આકરું પડે. અહીંયા તો પુણ્યની રચના કરનારને પાવૈયા-હીજડાઓ કહે છે. દયા-દાન-વ્રત-તપનો વિકલ્પ ઉઠે છે એની રચના કરનારનું વીર્ય એ વીર્ય નથી. જેમ નપુંસકને પ્રજા ન હોય એમ શુભભાવમાં ધર્મની પ્રજા ન હોય. વીર્ય એને કહીએ કે જેમાં શુદ્ધસ્વભાવની રચના કરીને આનંદ આવે. અરે ભગવાન ! ક્યાં મળે પરમાત્માના ઘરની આ વાતો ! (અત્યારે) ખોવાઈ ગઈ.

અનંતકાળ થયો એમાં એકેન્દ્રિયથી માંડીને આ પંચેન્દ્રિયના અનંતા ભવ કર્યા. અબજોપતિ અનંતવાર થયો. પણ એ બધા દુ:ખી પ્રાણી છે બિચારા ! અશુદ્ધના વેદનમાં દુ:ખી છે. નવમી ગ્રૈવેયક જનારા મિથ્યાદષ્ટિ પણ અશુદ્ધતાને વેદનારા-દુ:ખી છે. તેને અનાદિથી કર્મચેતના અને કર્મફળચેતનાનું વેદન છે.

ચેતના ત્રણ પ્રકારની છે.

(૧) જ્ઞાનસ્વરૂપી ભગવાનમાં એકાગ્ર થઈને આનંદનું વેદન આવે એ જ્ઞાનચેતના છે.

(૨) પુણ્ય-પાપના ભાવના કર્તાપણે થવું તે કર્મચેતના છે.

(૩) તેના ફળમાં હરખ-શોક વેદવો તે કર્મફળચેતના છે. અરેરે ! સંસારી પ્રાણીએ અનાદિથી કર્મચેતના અને કર્મફળચેતનાને વેદ્યા છે. કોઈ દિ' ભગવાન આત્માની જ્ઞાનચેતના સામે જોયું નથી. બહારની રમતોમાં રાજી થઈ રમી રહ્યો છે પણ પ્રભુ! એ તો બધી દુ:ખની-ઝેરની રમતો છે.

નિજ ઘરમાં ગયો નહીં અને પરઘરમાં ભમ્યો. આહાહા... એ વ્યભિચારી થઈને તું રમ્યો છે. ભાઈ ! રાગનું વેદન છે એ વ્યભિચારનું વેદન છે. વ્રત-તપના જે વિકલ્પ છે એ વ્યભિચાર છે. એ વ્યભિચારના વેદનમાં રાજી થઈને તેં વખત ગાળ્યા પ્રભુ ! અરે ! આ તારા હિતની વાતો આવે અને તને ગોઠે નહીં !

એ અશુદ્ધપણું જતાં અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે. એ અશુદ્ધપણાથી

અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે એમ નહીં પણ અશુદ્ધપણું જતાં પ્રગટ થાય છે. તે સુખ અતીન્દ્રિય પરમાત્માને હોય છે. એવું પૂર્ણ સુખ અરિહંતદેવ પરમાત્મા જિનેશ્વરદેવને હોય છે. તેને કોઈ (બાહ્ય) સામગ્રી હોતી નથી. અશુદ્ધતા ટળીને શુદ્ધતાનો આનંદ આવ્યો છે.

**"તે સુખને કહેવા માટે કોઈ દૃષ્ટાન્ત ચારે ગતિઓમાં નથી, કેમ કે ચારે ગતિઓ દુ:ખરૂપ છે;"**

કોની સાથે મેળવવું ? રાજાના સુખ સાથે ? ઈન્દ્રોના સુખથી અનંતગણું સુખ ? પણ ભાઈ ! એ તો ઝેર છે, દુ:ખ છે એની સાથે સુખને કેવી રીતે મેળવે ? એનાથી અનંતગણું કરો તો અનંતગણું દુ:ખ થાય. એ સુખના વેદનને ચારગતિમાં કોની સાથે ઉપમા આપી મેળવે ? કેમ કે ચારગતિ દુ:ખરૂપ છે. ચારગતિમાં રખડતા જીવો પરમાત્માને જાણવાને લાયક નથી કેમ કે એ તો (રખડતા જીવો) દુ:ખના વેદનામાં પડ્યા છે. દુ:ખના વેદનથી સુખની દશાનું માપ શી રીતે કાઢે ?

**"તેથી એમ કહ્યું કે જેને શુદ્ધસ્વરૂપનો અનુભવ છે તે જીવ પરમાત્મારૂપ જીવના સુખને જાણવાને યોગ્ય છે, કેમ કે શુદ્ધસ્વરૂપ અનુભવતાં અતીન્દ્રિય સુખ છે-એવો ભાવ સૂચવ્યો છે."**

આહાહા ... પુણ્ય ને પાપના મલિન પરિણામથી ભિન્ન મારી ચીજ છે. એ અતીન્દ્રિય આનંદ-સુખના સ્વાદથી જણાય એવી મારી ચીજ છે. એવો જેણે અતીન્દ્રિય સ્વાદથી આત્માને જાણ્યો એ પરમાત્માનાં સુખને જાણવાને લાયક છે. કેમ કે એનાથી અનંતગણું સુખ પરમાત્માને છે. એ એમ અનુમાન કરી શકે છે. અતીન્દ્રિય આનંદની અલ્પસુખની પણ જેને ખબર નથી તે માપ શી રીતે કાઢે ? શુદ્ધના અનુભવી અરિહંત પરમાત્મા મોક્ષના આનંદને અનુભવી-જાણી શકે છે કારણ કે એને ગુણાકાર કરતાં આવડે છે કે આ જે આનંદ છે તેના કરતા અનંતગણો આનંદ છે.

આહાહા ... પરમાનંદનો નાથ દુ:ખના વેદનામાં ઢંકાઈને પડ્યો છે. એ અશુદ્ધતાના પરિણામની પાછળ પૂર્ણાનંદનો નાથ પડ્યો છે. એની એને ખબર નથી અને આમ બહાર જોયા કરે છે. અહીં કહે છે કે બહાર તીર્થંકર ભગવાન, ગુરુને તું જોયા કરે છે પણ ત્યાં ક્યાં આત્મા હતો ? દુકાન છોડી, ધંધા-બાયડી કુટુંબ છોડ્યું, પંચ મહાવ્રત પાળ્યાં પણ બાપું ! એ તો તું અશુદ્ધ પરિણામને જોયા કરે છે. અશુદ્ધતાને

દેખનારો શુદ્ધતાને જોતો જ નથી.

આ કલાકમાં (પ્રવચનમાં) લીલોતરી ના ખાવી, કંદમૂળ ન ખાવા, ચોવીઆર કરવા, રાત્રિ આહાર ન કરવો, આઠમ-ચૌદશ અપવાસ કરવા એ વાત તો ક્યાંય આવી નહીં ? વાત તો આવી પણ એમ આવી કે એ બધા અશુદ્ધ પરિણામ-વિકલ્પ-રાગ છે. જ્યાં સુધી અશુદ્ધતાના સ્વાદમાં પડ્યો છે ત્યાં સુધી ભગવાનના આનંદનો વિરહ છે.

ભાઈ ! તું પરમાત્માના આનંદના માપ કયા માપે કરીશ ? પુણ્યના પરિણામ તો મેલા છે. તારી પાસે માપણું ક્યાં છે ? માપ તો એ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવી જીવ પરમાત્મરૂપ સુખને જાણવા યોગ્ય છે, કેમ કે શુદ્ધ સ્વરૂપ અનુભવતાં અતીન્દ્રિય સુખ છે. હવે આવું બેસે નહીં ને વાંધા કાઢે કે અશુદ્ધ પરિણામ હોય ત્યારે દ્રવ્ય અશુદ્ધ થઈ જાય.

પ્રશ્ન : અશુદ્ધ દ્રવ્યાર્થિકનયે ?

ઉત્તર : અશુદ્ધ દ્રવ્યાર્થિકનય એટલે પર્યાયાર્થિક. દ્રવ્ય પોતે અશુદ્ધ પર્યાયપણે પરિણમે છે એમ બતાવવું છે. અશુદ્ધ દ્રવ્યાર્થિકનય એટલે દ્રવ્ય આખુ અશુદ્ધ થઈ જાય છે એમ નથી. દ્રવ્ય તો દ્રવ્ય છે. દ્રવ્ય કાંઈ અશુદ્ધપણે પરિણમે કે મોક્ષની પર્યાયપણે પરિણમે છે તેમ નથી. દ્રવ્ય તો ત્રિકાળ દ્રવ્ય છે. આવો જૈનધર્મ ! તેં સાંભળ્યો નથી તેથી નવો લાગે. પણ બાપુ ! આ તો જિનેશ્વર ત્રિલોકનાથ પરમાત્માનો કહેલો અંતર માર્ગ છે.

**"કોઈ પ્રશ્ન કરે છે કે કેવું કારણ કરવાથી જીવ શુદ્ધ થાય છે ? ઉત્તર આમ છે કે શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે."**

શિષ્યનો પ્રશ્ન છે કે વસ્તુ તો શુદ્ધસ્વરૂપ ત્રિકાળ છે, પવિત્ર છે. પર્યાયમાં એનો અનુભવ શી રીતે થાય ? કયા કારણથી થાય ? એમ કહ્યું ને ! જીવ શુદ્ધ થાય તો તેનું કારણ કયું ? તો કહે છે કે શુદ્ધનો અનુભવ કરવાથી શુદ્ધ થાય. ભગવાન શુદ્ધસ્વરૂપ એની સન્મુખતા-એકાગ્રતાથી શુદ્ધ થાય છે. અશુદ્ધતા એ તો સ્વભાવથી વિમુખ દશા છે એનાથી વિમુખ થઈને સ્વભાવ સન્મુખનો સ્વાદ લેતાં આત્માનું જ્ઞાન થાય, ભાન થાય. કોઈ વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ કરવાથી શુદ્ધ થાય છે એમ કહ્યું નથી.

પ્રશ્ન : અહીં નથી કહ્યું પણ બીજે તો કહ્યું છે ?

ઉત્તર : બીજે કહ્યું હોય તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે. પણ વસ્તુસ્થિતિ છે તે કાંઈ બીજી રીતે ભજે એમ નથી. નાનામાં નાના સૂક્ષ્મ રાગના વિકલ્પથી ભિન્ન અને પોતાની

પવિત્ર શક્તિ અને સ્વભાવથી ભરેલા પદાર્થની સન્મુખ થઈ અનુભવ કરવાથી તે શુદ્ધ થાય, ધરમ થાય. કારણ એક જ છે. બીજું બધું જે વચ્ચે જ્ઞાન કરાવવા આવે, તે આરોપિત હોય છે.

શુદ્ધસ્વરૂપ પવિત્ર ભગવાન આનંદસ્વરૂપ જ છે. એની સન્મુખ થઈને અને રાગ ને એક સમયની પર્યાયથી વિમુખ થઈ વસ્તુના સ્વભાવને અનુસરીને દશામાં પવિત્રતાના પરિણામ કરવાં. એ શુદ્ધતાને પ્રાપ્ત કરવાનો, સુખી થવાનો અને દુ:ખથી મુક્ત થવાનો ઉપાય છે.

**''किल यदि कोऽपि सुधीः अन्तः कलयति'' (किल) નિશ્ચયથી (यदि) જો (कः अपि) કોઈ જીવ (अन्तः कलयति) શુદ્ધ સ્વરૂપને નિરન્તરપણે અનુભવે છે.''**

**अन्तः** ની વ્યાખ્યા શુદ્ધ સ્વરૂપ કરી અને **कलयति** નો અર્થ નિરંતર અનુભવે કર્યો છે. પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પડી શુદ્ધ સ્વરૂપને નિરંતરપણે અનુભવે છે, વેદે છે. આ તો માખણની વાતો છે ભાઈ ! પૂર્વે અનંતકાળમાં કદી કર્યું નથી તે થાય છે આ રીતે. ભગવાન શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે. એની સન્મુખ દૃષ્ટિમાં પૂર્ણાનંદનો સ્વીકાર કરી અનુભવે ત્યારે શુદ્ધતાની-પવિત્રતાની પ્રાપ્તિ થાય છે.

**''કેવો છે જીવ ? (સુધી:) શુદ્ધ છે બુદ્ધિ જેની''**

ભગવાન અનાકુળ અતીન્દ્રિય આનંદસ્વરૂપ એનો જેણે બુદ્ધિ-મતિમાં સ્વીકાર કર્યો છે તેને સુધી કહેવામાં આવે છે. જગતનું જ્ઞાન હોય કે ન હોય એની સાથે કાંઈ સંબંધ નથી. ભગવાન આત્માને પોતાની બુદ્ધિથી અંતરમાં જાણે એને સુબુદ્ધિ કહે છે. દેહની ક્રિયા તો જડ છે. તેનાથી તો આત્મા ભિન્ન છે. પણ દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ તે પુણ્ય છે. એનાથી આત્મા ભિન્ન-જુદો છે. એને (સુધી:) શુદ્ધ બુદ્ધિવાળો અનુભવે ત્યારે તેને ધર્મ થાય, અનંત કાળમાં નહીં થયેલો એવો અપૂર્વ આનંદનો સ્વાદ આવે. એ ધર્મ પૂરણ થાય ત્યારે મુક્તિ થાય છે.

**''શું કરીને અનુભવે છે ? ''रभसा बन्धं निर्भिद्य'' (रभसा) તત્કાળ (बन्धं) દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મના (निर्भिद्य) ઉદયને મિટાવીને અથવા મૂળથી સત્તા મિટાવીને, તથા ''हठात् मोहं व्याहत्य'' (हठात्) બળથી (मोहं) મિથ્યાત્વરૂપ જીવના પરિણામને (व्याहत्य) મૂળથી ઉખાડીને.''**

દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વ કર્મના ઉદયને મિટાવીને તે બાહ્યનિમિત્ત કહ્યું છે.

દયા-દાન-વ્રત-ભક્તિનાં પરિણામ થાય તે વિકલ્પ-રાગ છે. એ મારો છે તે મિથ્યાત્વ ભાવ છે અને કાયાની ક્રિયા હાલવું-ચાલવું થાય છે તે ક્રિયા મારી છે એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવને છોડી દઈને, મૂળથી ઉખાડીને; **व्याहत्य** વિશેષ આહત્ મૂળથી ઉખેડી નાખીને એટલે કે પોતાનો ભગવાન આત્મા અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, પ્રભુતા, વિભુતાથી ભરેલો ભગવાન તેનો આશ્રય કરીને, એકાગ્ર થઈને જેણે મિથ્યાત્વનાં પરિણામને મૂળમાંથી ઉખેડી નાખ્યા છે. દયા-દાન એ ધર્મ છે એ માન્યતા મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વને મૂળથી ઉખેડીને **व्याहत्य** બળથી મૂળથી ઉખેડીને આત્માને અનુભવવાનું કહ્યું છે.

કાયાથી ભિન્ન એટલે અશરીરી અને રાગથી ભિન્ન એટલે અરાગી એવો તું આનંદસ્વરૂપ આત્મા છો પ્રભુ ! એનાં સ્વીકારથી, સ્વભાવ સન્મુખના પુરુષાર્થથી ભ્રમણનો મૂળમાંથી નાશ કરી એટલે કે ફરીને ભ્રમણ ઉત્પન્ન ન થાય એમ કહેવા માગે છે. પ્રભુ ! તારામાં સ્વરૂપે-સ્વભાવે ભગવાનપણું જ ભર્યું છે. એને પુરુષાર્થ દ્વારા અંતર સન્મુખ થઈને, બહિર્સન્મુખની મિથ્યાત્વરૂપ ભ્રમણાને મૂળમાંથી નાશ કરે ત્યારે શુદ્ધનો અનુભવ થાય. સમજાણું કાંઈ ?

**"ભાવાર્થ આમ છે કે અનાદિ કાળનો મિથ્યાદષ્ટિ જીવ જ કાળલબ્ધિ પામતાં સમ્યક્ત્વના ગ્રહણકાળ પહેલાં ત્રણ કરણો કરે છે; તે ત્રણ કરણો અન્તર્મુહૂર્તમાં થાય છે; કરણો કરતાં દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મની શક્તિ મટે છે; તે શક્તિ મટતાં ભાવમિથ્યાત્વરૂપ જીવના પરિણામ મટે છે."**

હવે જરી આગમ ભાષાએ પરિણામની વાત કરે છે. સમ્યક્દર્શન-ધર્મની પહેલી સીડી, પહેલી શરૂઆત થવા પહેલા અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ એ ત્રણ પ્રકારના કરણ (પરિણામ) થાય છે. એને જાણવામાં ભલે ન આવે પણ આ તો સમજાવે છે. આ ત્રણ કરણો અન્તર્મુહૂર્તમાં-બે ઘડીની અંદર થાય છે. કરણો કરતાં જડકર્મ જે દર્શનમોહ છે એનો રસ મટે છે. અને તે શક્તિ મટતાં ભાવમિથ્યાત્વરૂપ જીવના પરિણામ મટે છે.

પ્રશ્ન : કર્મ મટે ત્યારે મિથ્યાત્વ મટે છે ?

સમાધાન : એ તો નિમિત્ત નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે. ભાવ મિથ્યાત્વનું નિમિત્ત શું ? એ નિમિત્તને પહેલા મટાવ્યું. તે કાળે નિમિત્તે તે ભાવને મટાડ્યો. આહાહા ... વીતરાગનો

માર્ગ ઝીણો બહુ !

અરે ! પોતાની દયા એને નથી, કે હું ચોરાશી અવતારમાં-નરક, નિગોદ, કીડા-કાગડામાં મરૂં છું. દયા તો ક્યારે કહેવાય ? કે રાગરહિત, શરીર રહિત જેવું એનું સ્વરૂપ છે એવું અને એટલું એની પ્રતીતિમાં-અનુભવમાં લે ત્યારે એને પોતાના જીવની દયા પાળી કહેવાય. પરંતુ ભગવાન આત્માને રાગવાળો ને અલ્પજ્ઞ જેટલો, પુણ્યની ક્રિયા જેટલો, શરીરની ક્રિયા આત્મા કરે એવો માનવો એ જ આત્માની હિંસા છે. પૂર્ણાનંદના નાથનો એણે અનાદર કર્યો. આહાહા ... તેણે સ્વની દયા ન પાળી. ભાઈ ! આ તો જુદી જાતની વાતો છે.

હું એક પૂર્ણ આનંદસ્વરૂપ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છું. જડ જગતને જાણનાર જ્ઞાન જડનું નથી, જડમાં નથી અને જડને લઈને નથી. જ્ઞાનમાં જણાય છે કે આ શરીર છે, આ વાણી છે. એમ જ્ઞાન જાણે છે પણ જ્ઞાનમાં એ ચીજ નથી. જ્ઞાન એને જાણે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. એ કાળે તે સંબંધીનું જ્ઞાન પોતાથી પોતાને થયું છે. એ શરીરની ક્રિયા થઈ એનાથી જ્ઞાન થયું છે એમ નથી.

પ્રવચનસાર ચરણાનુયોગ ચૂલિકા ૨૩૬ ગાથામાં છે કે જે કોઈ પ્રાણી શરીરની ક્રિયાને પોતાની માને, દયા-દાનાદિના રાગને પોતાનો માને તે બહારથી ભલે પાંચ ઈન્દ્રિયના વિષયને ભોગવતો ન હોય છતાં રાગને પોતાનો માને છે માટે પાંચ ઈન્દ્રિયના વિષયને ભોગવનારો છે. કાયા એટલે અજીવ અને રાગ એટલે પુણ્ય-પાપ આસ્રવ. કાયા ને કષાયને પોતાના માનનારની અશરીરી ને અકષાય સ્વરૂપ આત્મા ઉપર દૃષ્ટિ નથી. તે બહારથી હજારો રાણીને ત્યાગીને બેઠો હોય, મહાવ્રત પાળતો હોય, છકાયની હિંસા ન કરતો હોય એવું દેખાય પણ શરીર મારું છે એમ માનનાર છકાયની હિંસા કરનારો છે. જેણે શરીર-અજીવ અને રાગ-આસ્રવને પોતાના માન્યા તે છ કાયની હિંસા કરનારો અને પાંચ ઈન્દ્રિયના વિષયને ભોગવનારો છે કારણ કે રાગને પોતાના માનનાર મિથ્યાત્વને લઈને ચારગતિમાં રખડશે અને ઈન્દ્રિયોના વિષયને ભોગવશે.

આહાહા ... અરેરે ! આ પરમાત્માની સત્યવાત સાંભળવા મળે નહીં અને ધર્મને બહાને બીજે રસ્તે ચડી ગયા. એ ભવ મૂકવાના કાળમાં ભવ વધારે છે. આ ભવ તો ભવ મૂકવા માટે આવ્યો છે. એમાં એ ન કરે તો કે દી' કરશે ? સમજાણું કાંઈ...?

આહાહા ... આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ તે રાગના વિકલ્પથી અને કાયાની

ક્રિયાથી તદ્દન ભિન્ન છે. ભિન્ન તત્ત્વનું જ્ઞાન કરવું એમ કહેવું તે પણ વ્યવહાર છે. એને ઠેકાણે ભિન્ન તત્ત્વને પોતાના માનવા અને પોતાનું આખું પૂર્ણાનંદનું અસ્તિત્વ જે હોવાપણું છે તેને ભૂલી જવું તે ચારગતિમાં લઈ જનારો મિથ્યાત્વભાવ છે. સમ્યક્દષ્ટિ ધર્મીને પણ દયા-દાન-વ્રતના વિકલ્પ-રાગ આવે પણ તે તેને દુ:ખરૂપ જાણે છે. અજ્ઞાની રાગને સુખરૂપ ને પોતાનો માને છે (આમ બેમાં) મોટો આંતરો છે.

**"જેમ ધતૂરાના રસનો પાક મટતાં ઘેલછા મટે છે"**

શુદ્ધ ચેતનનો અનુભવ કરતાં મિથ્યાત્વના પરિણામ નાશ પામે છે. પુણ્યને ધર્મ માનવો, પાપમાં મીઠાસ માનવી, અજીવ-શરીરની ક્રિયા મારાથી થાય છે, હું શરીરને જેમ દોરૂ તેમ દોરાય છે, વાણી પણ જેમ હું ચાહું તેમ નીકળે એમ વાણી ને શરીરનો ધણી થાય છે એ બધાં મૂઢ જીવ છે. ભલે ત્યાગી થયો હોય, હજારો રાણી છોડીને મુનિ થાય, પણ રાગથી મને લાભ થાય કે રાગ મારી ચીજ છે એમ માનનાર સાધુ મિથ્યાદષ્ટિ છે. મિથ્યાત્વની સંભાળ રહેશે ત્યાં સુધી સ્વરૂપનો અનાદર છે. અને સ્વરૂપનો જ્યાં આદર થશે ત્યારે ભ્રમણાનો અનાદર થશે. સમજાણું કાંઈ ? બધું સમજાય તો તો ન્યાલ થઈ જાય પણ કઈ પદ્ધતિ અને કઈ રીતથી કહેવાય છે તે કાંઈક સમજાય છે ?

**"કેવો છે બંધ અથવા મોહ ? "भूतं भान्तम् अभूतम् एव" નિશ્ચયથી (भूतं) અતીત કાળ સંબંધી. (भान्तम्) વર્તમાન કાળસંબંધી. (अभूतम्) આગામી કાળ સંબંધી. ભાવાર્થ આમ છે-ત્રિકાળ સંસ્કારરૂપ છે જે શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ, તે મટતાં જે જીવ શુદ્ધ જીવને અનુભવે છે તે જીવ નિશ્ચયથી કર્મોથી મુક્ત થાય છે."**

આહાહા ... ! ત્રણેકાળ સંબંધી શરીરાદિ સાથે એકત્વબુદ્ધિના સંસ્કાર પડ્યા છે. ત્રિકાળી ચૈતન્ય ભગવાન અવિનાશી દેહમાં ભિન્ન તત્ત્વ છે. બહારની ઈન્દ્રિયોના સુખમાં અભિલાષાવાળા જીવોને અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન છે એ વાત કઈ રીતે બેસે ? અને અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા જેને સમ્યક્ રીતે બેઠો તેને પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં સુખબુદ્ધિ ઉડી જાય છે. ભલે એ રાજા હોય, સ્ત્રી આદિના ભોગ હોય છતાં એમાંથી સુખબુદ્ધિ ઉડી જાય છે, એટલે મિથ્યાત્વ ઉડી જાય છે.

અહીં કહે છે કે મોહના સંસ્કાર અનંતકાળથી ચાલ્યા આવ્યા છે, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ જ્યાં સુધી અજ્ઞાની રહેશે ત્યાં સુધી રહેશે. અથવા અજ્ઞાનીને ભવિષ્યની દેહની ક્રિયા મારી છે, ભવિષ્યમાં રાગ થશે એ મારો છે એવા ત્રિકાળ સંસ્કાર

પડ્યા છે.

ભગવાન જ્ઞાતાદષ્ટા ચેતન તત્ત્વ એને ન જાણતાં, એનાથી ભિન્ન તત્ત્વ જે પુણ્ય-પાપ ને દેહની ક્રિયા તે મારી છે એવી ત્રિકાળ એકત્વબુદ્ધિ સંસ્કારમાં પડી છે. એ સંસ્કાર બુદ્ધિ છોડી દઈને જે શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ પ્રભુ છે એને અનુભવે તેને મિથ્યાત્વનો નાશ થઈને સંસાર પરિભ્રમણ અટકી જાય છે. તે જીવ કર્મોથી મુક્ત થાય છે.

જીવ અધિકાર છે ને ! જીવનો અધિકાર આવો ને આટલો જ છે. રાગ ને પરની ક્રિયાથી ભિન્ન એટલે કે એના સંસ્કાર છોડી દઈને જીવતત્ત્વ જે છે તેને અનુભવે એનું નામ જીવ અધિકાર છે. હવે આવું સાંભળતાં કઠણ પડે કેમ કે સાંભળ્યું ન હોય ને બહારની ચીજમાં ગુંચવાઈને અનંતકાળ ગાળ્યો.

ત્રણકાળનાં સંસ્કાર કહ્યા ને ! ભવિષ્યમાં રાગ થાય તો સારો તે પણ વર્તમાન સંસ્કાર મિથ્યાત્વ છે. ભવિષ્યમાં દેહ સારો મળે તો સારી ક્રિયા થાય, લક્ષ્મી મળે તો સદ્‌ઉપયોગ કરશું એ બધા ભવિષ્યના વર્તમાનમાં સંસ્કાર મિથ્યાત્વના છે.

પ્રવચન નં. ૧૭, ૧૮ ચાલુ તા. : ૧૭-૬-'૭૭ થી ૧૮-૬-'૭૭

વસ્તુની સાથે કારણશુદ્ધપર્યાય અનાદિ અનંત એકધારાએ વર્તે છે, તે ગુણ નથી, સામાન્ય દ્રવ્ય નથી પણ સામાન્યની સાથે વર્તતું એકરૂપ ધ્રુવ-વિશેષ છે, તે કારણશુદ્ધપર્યાય છે. તેનો વ્યક્ત અનુભવ કોઈને હોતો નથી. જો તેનો વ્યક્ત અનુભવ થઈ જાય તો તે કારણ ન રહ્યું. તેમાં ઉત્પાદ-વ્યય ન હોવા છતાં તે પરિણતિ છે, પર્યાય છે, દ્રવ્યની સાથે અખંડ પારિણામિકભાવે વર્તમાન વર્તે છે. અહો ! એકધારાએ પરમપારિણામિકભાવની પરિણતિથી શોભિત ચૈતન્ય ભગવાન બિરાજી રહ્યો છે. દ્રવ્યે-ગુણે તો પૂરો છે પણ પર્યાયમાં પણ પરિપૂર્ણ ભગવાન અનાદિ અનંત એકધારાએ જ્યારે જુઓ ત્યારે વર્તમાનપણે બિરાજી રહ્યો છે-શોભી રહ્યો છે. ૯૭૨.

-પૂ. ગુરૂદેવશ્રી-દ્રવ્ય દષ્ટિ જિનેશ્વર પર્યાય દષ્ટિ વિનશ્વર

## કળશ-૧૩
### (વસન્તતિલકા)

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्वा ।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-
मेकोऽस्ति नित्यमवबोधघनः समन्तात् ॥ १३ ॥

ખંડાન્વય સહિત અર્થ : - ''आत्मा सुनिष्प्रकम्पम् एकः अस्ति'' (आत्मा) આત્મા અર્થાત્ ચેતન દ્રવ્ય (सुनिष्प्रकम्पम्) અશુદ્ધ પરિણમનથી રહિત (एकः) શુદ્ધ (अस्ति) થાય છે. કેવો છે આત્મા ? ''नित्यं समन्तात् अवबोधघनः'' (नित्यम्) સદા કાળ (समन्तात्) સર્વાંગ (अवबोधघनः) જ્ઞાનગુણનો સમૂહ છે - જ્ઞાનપુંજ છે. શું કરીને આત્મા શુદ્ધ થાય છે ? ''आत्मना आत्मनि निवेश्य'' (आत्मना) પોતાથી (आत्मनि) પોતામાં જ (निवेश्य) પ્રવિષ્ટ થઈને, ભાવાર્થ આમ છે કે આત્માનુભવ પરદ્રવ્યની સહાય રહિત છે તેથી પોતામાં જ પોતાથી આત્મા શુદ્ધ થાય છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે આ અવસરે તો એમ કહ્યું કે આત્માનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે અને ક્યાંક એમ કહ્યું છે કે જ્ઞાનગુણમાત્ર અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે, તો આમાં વિશેષતા શું છે? ઉત્તર આમ છે કે વિશેષતા તો કાંઈ પણ નથી. એ જ કહે છે-''या शुद्धनयात्मिका आत्मानुभूतिः इति किल इयम् एव ज्ञानानुभूतिः इति बुद्ध्वा'' (या) જે (आत्मानुभूतिः) આત્મ-અનુભૂતિ અર્થાત્ આત્મદ્રવ્યનો પ્રત્યક્ષપણે આસ્વાદ છે. કેવી છે અનુભૂતિ ? (शुद्धनयात्मिका) શુદ્ધનય અર્થાત્ શુદ્ધ વસ્તુ તે જ છે આત્મા અર્થાત્ સ્વભાવ જેનો એવી છે. ભાવાર્થ આમ છે કે નિરુપાધિપણે જીવદ્રવ્ય જેવું છે તેવો જ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે એનું નામ શુદ્ધાત્માનુભવ છે. (किल) નિશ્ચયથી (इयम् एव ज्ञानानुभूतिः) આ જે આત્માનુભૂતિ કહી તે જ જ્ઞાનાનુભૂતિ છે (इति बुद्ध्वा) એટલીમાત્ર જાણીને. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુનો જે પ્રત્યક્ષપણે આસ્વાદ, તેને નામથી આત્માનુભવ એમ કહેવાય અથવા જ્ઞાનાનુભવ એમ કહેવાય; નામભેદ છે, વસ્તુભેદ નથી. એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે. આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે, કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી. ૧૩.

## કલશ – ૧૩ : ઉપરનું પ્રવચન

ગાથા-૧૪માં આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે છે એટલે કે કર્મ ને રાગનાં સંબંધ વિનાની અને ભેદ વિનાની એકરૂપ સામાન્ય જે ચીજ છે એને જે દેખે છે એણે જૈનશાસન દેખ્યું. એ સમ્યક્દર્શનનો વિષય કહ્યો અને અહીંયા જ્ઞાનપ્રધાન કથન કરીને જૈનશાસન કહ્યું છે, આ પંદરમી ગાથાનો કળશ છે. આત્માનો અનુભવ કહો કે જ્ઞાનનો અનુભવ કહો, બેય ચીજ એક છે. આત્મા પવિત્ર ભગવાન છે એ જ્ઞાનસ્વરૂપ જ છે. જેમ અગ્નિ ઉષ્ણ સ્વરૂપ છે. ઉષ્ણતા ને અગ્નિ બેય કાંઈ જુદી ચીજ નથી. એમ ભગવાન આત્માનો અનુભવ ને જ્ઞાનનો અનુભવ એ કાંઈ જુદી ચીજ નથી.

રાગ અને શરીરની ક્રિયા, સુખદુ:ખની કલ્પના ને ગુણભેદથી એ ભિન્ન ચીજ છે. આવા આત્માનો જે અનુભવ કરે તેણે જૈનશાસનનો અનુભવ કર્યો છે, એણે જૈનશાસન જાણ્યું. એટલે કે શુદ્ધોપયોગ (રૂપ) વીતરાગભાવ દ્વારા આત્મા જાણ્યો એણે જૈન શાસન જાણ્યું. કેમ કે જૈનશાસન વીતરાગભાવ છે, તે કાંઈ રાગભાવ નથી.

આહાહા... એક એક કળશે ન્યાલ કરી નાખ્યા છે. અમૃતના કળશો ભરી ભરીને મળ ધોવડાવી નાખ્યો છે. લઘુતત્ત્વસ્ફોટ (અમૃતચંદ્રાચાર્ય રચિત)માં ભક્તિરૂપે કેવળજ્ઞાનની જ મહિમા ગાઈ છે. કુલ ૨૫ અધિકાર છે અને દરેક અધિકારમાં ૨૫ ગાથા છે. કુલ ૬૨૫ ગાથા છે. એકલું કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય, અનંત આનંદ.... બસ એના ગાણાં ગાયા છે. આહાહા... એ કેવળજ્ઞાન કોને થાય ? જેને બીજ ઉગે તેને પૂનમ થાય. એમ જેને સમ્યક્દર્શન થાય એને કેવળજ્ઞાન થાય, પણ એ સમ્યક્દર્શન થાય કઈ રીતે ? તો ત્રિકાળી આનંદકંદ અબદ્ધ-સ્પૃષ્ટ સામાન્યને અનુભવે ત્યારે તેને સમ્યક્દર્શન થાય.

**''आत्मा सुनिष्प्रकम्पम् एकः अस्ति'' (आत्मा) આત્મા અર્થાત્ ચેતન દ્રવ્ય (सुनिष्प्रकम्पम्) અશુદ્ધ પરિણમનથી રહિત (एकः) શુદ્ધ (अस्ति) થાય છે.''**

આત્મા જે વસ્તુ છે તે શુદ્ધ ચૈતન્ય ને આનંદસ્વરૂપ છે. હવે **सुनिष्प्रकम्पम्** ની વ્યાખ્યા કરે છે કે કંપન નામ અસ્થિરતા તેનાથી રહિત છે. પુણ્ય-પાપના વિકલ્પની કંપના જેમાં નથી એવો ભગવાન અંદર છે.

**પ્રશ્ન :** એ તો સિદ્ધ થાય ત્યારે હોય કે અત્યારે ?

**સમાધાન :** બાપુ ! સિદ્ધ થાય ત્યારે તો એની દશામાંય ન રહે. અહીંયા તો એની દશામાં

હોવા છતાંય એના સ્વભાવમાં નથી. એવા આત્માને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ .... ? હવે એક વાત આવે ત્યાં બીજી ને બીજી આવે ત્યાં ત્રીજી. બધી વાત અજાણી લાગે. પરિચય નહીં ને ભાઈ ! ત્યાં બહારમાં પરિચય હોય એટલે એકદમ ખબર પડે કે એકેન્દ્રિયની દયા પાળવી, લીલું શાક ન ખાવું, આઠમના ચોવીયાર પાળવા.... આવું બધું સહેલું સટ લાગે. પણ ભાઈ એ બધી રાગની ક્રિયામાં ધર્મ માને તે મિથ્યાત્વનું પોષણ છે, સંસારવૃદ્ધિનું પોષણ કરે છે, એ માર્ગ નથી.

અહીંયા તો શ્લોકમાં ત્રીજા પદનો છેલ્લો શબ્દ 'સુનિષ્પ્રકંપમ્'ની વ્યાખ્યા કરી કે આત્મા એને કહીએ પ્રભુ ! કે જેમાં દયા-દાન, વ્રતના વિકલ્પનું કંપનપણું નથી. એવા આત્માને જ્ઞાનમૂર્તિ કહીએ. એનો અનુભવ કહો કે જ્ઞાનનો અનુભવ કહો. બેય એક જ વાત છે, વર્તમાન દશામાં અશુદ્ધતા-પુણ્ય-પાપનો મેલ, મલિન રાગ-દ્વેષ-દુઃખાદિથી રહિત થવું અને ચૈતન્ય આત્માની સહિત અંદરમાં સ્થાપન કરવું, અંદર જવું, વસવાટ કરવો તેનાથી અશુદ્ધ પરિણમનનો નાશ થાય છે, ત્યારે એ શુદ્ધ થાય છે, અને તે ધર્મ છે.

**"કેવો છે આત્મા ? "नित्यं समन्तात् अवबोधघनः" (नित्यम्) સદા કાળ (समन्तात्) સર્વાંગ (अवबोधघनः) જ્ઞાનગુણનો સમૂહ છે - જ્ઞાનપુંજ છે."**

અંદરમાં આત્મવસ્તુ ચૈતન્યઘન છે એ તો સદાકાળ નિત્ય છે. સર્વાંગ નિત્ય વસ્તુ છે. એની ચારેબાજુ સ્વભાવમાં આનંદ ને જ્ઞાન ભર્યું છે. આહાહા... સદાકાળ સર્વાંગ જ્ઞાનગુણનો સમૂહ છે. જેમ રૂનું ઢોકળું હોય તેમ આ જ્ઞાનનું ઢોકળું છે, ગાંઠડી છે, એની સન્મુખ થઈ અનુભવ કરવો એનું નામ ધર્મ, મોક્ષનો ઉપાય છે.

**नित्यम् अवबोधघन** જ્ઞાનનો ઘન છે. જેમ-સકરકંદ મિઠાસનો પિંડ છે. તેમ ભગવાન આત્મા જ્ઞાનનો ઘનપિંડ છે. અરે ! અનંતકાળથી એને પોતાની જાતની મહિમા બેઠી નથી અને પર પદાર્થની મહિમા, આશ્ચર્ય વિસ્મયતા લાગે છે. શરીર, લક્ષ્મી, આબરૂ, કુટુંબ કાંઈક ઠીક એમ બહારની ચીજમાં વિસ્મયતા એને રોકી લ્યે છે. ત્યાં બહારમાં એને આશ્ચર્ય લાગે છે. એટલે ત્યાંથી ખસતો નથી. પણ ભાઈ ! આશ્ચર્ય અને વિસ્મયકારી ચીજ તો પોતે જ છે.

સર્વાંગ એટલે આત્માના અસંખ્યાત પ્રદેશે જ્ઞાન ભર્યું છે. આત્મા અસંખ્ય પ્રદેશી છે એ વાત સર્વજ્ઞ પરમેશ્વર સિવાય બીજે ક્યાંય નથી. જેમ પાંચસો મકોડાની સોનાના

સાંકળ તે સર્વાંગ સોનાથી ભરેલી છે, તેમ આ ભગવાન આત્મા આખો સર્વાંગ-અસંખ્યાત પ્રદેશોનો પિંડ પ્રભુ જ્ઞાનથી ભરેલો છે. સર્વાંગમાં ક્ષેત્ર લીધું. જ્ઞાન એટલે જાણવાની સ્વભાવથી સર્વાંગ ભરેલો એવો આત્મા પૂરો પ્રભુ છે.

**"શું કરીને આત્મા શુદ્ધ થાય છે ? "आत्मना आत्मनि निवेश्य" (आत्मना) પોતાથી (आत्मनि) પોતામાં જ (निवेश्य) પ્રવિષ્ટ થઈને,"**

જ્ઞાન સ્વભાવ ભગવાન આત્મા એને જ્ઞાનની પર્યાય દ્વારા ત્યાં સ્થાપીને એટલે કે **(निवेश्य)** પ્રવિષ્ટ થઈને. અનાદિથી જે જ્ઞાનની અવસ્થા વિકારના પરિણામમાં રોકાયેલી છે તે દુઃખરૂપ છે, એ સંસાર છે, પરિભ્રમણના બીજડાં છે. એને ટાળવી હોય તો સર્વાંગ જ્ઞાનથી ભરેલો પ્રભુ એને પોતાથી પોતામાં જ સ્થાપતાં શુદ્ધતા થાય છે. પોતાથી એટલે કાંઈ રાગ કે વ્યવહાર રત્નત્રયના રાગની પણ જેને અપેક્ષા નથી.

સર્વાંગ જ્ઞાન આનંદથી ભરેલો પદાર્થ છે. એને પોતામાં પોતે સ્થાપીને એટલે કે વર્તમાન જ્ઞાનની દશાને પૂર્ણ સર્વાંગે આત્મામાં સ્થાપીને આત્મા શુદ્ધ થાય છે. કોઈ ક્રિયાકાંડ, દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા એવી ક્રિયાથી આત્મા શુદ્ધ થતો નથી. કેમ કે એ અશુદ્ધતાના પરિણામથી રહિત છે, મલિનતાથી રહિત છે. પહેલાં નાસ્તિ કહી અને આમાં અસ્તિ કહી.

આત્મા દશામાં શુદ્ધ થાય, પવિત્ર થાય તે શું કરીને ? તો કહે છે પોતે સર્વાંગ જ્ઞાન સ્વરૂપથી ભરેલો પ્રભુ એને જ્ઞાનની દશા દ્વારા જ્ઞાનમાં સ્થાપન કરવું, આત્મામાં પ્રવેશ કરવો, સ્થિર થવું એનાથી શુદ્ધ થાય, ત્યારે ધર્મ થાય, ત્યારે તેનું અકલ્યાણ ટળી કલ્યાણ થાય.

**"ભાવાર્થ આમ છે કે આત્માનુભવ પરદ્રવ્યની સહાય રહિત છે તેથી પોતામાં જ પોતાથી આત્મા શુદ્ધ થાય છે."**

આહાહા... જેમ સાકર મીઠાશથી ભરેલી છે તેમ ભગવાન જ્ઞાન અને આનંદથી ભરેલો આત્મા છે. એને અંતર અનુભવ કરવા માટે કોઈ પરદ્રવ્યના સહાયની જરૂર નથી. એને વીતરાગની વાણી પણ સહાય કરે તેમ નથી, દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા પણ સહાય કરે એમ નથી. પરદ્રવ્યની સહાય રહિત છે. આહાહા.. શું આવો ધર્મ હશે ?

ભાઈ ! ચોરાશી લાખ યોનિના અવતારમાં અનંત જન્મ-મરણ કર્યાં છે પણ ભૂલી ગયો છે. ઘાણીમાં જેમ તલ પીલાય તેમ અનંતવાર તું પીલાયો, પશુ-નારકી થયો. અરે !

જીવતા ઉંદરને ખાય, અગ્નિમાં પકાવે. એમાં એ પોતે હતો. એ ઉંદરમાં જીવ છે તે પણ સર્વાંગ જ્ઞાનથી ભરેલો પ્રભુ છે પણ એની દૃષ્ટિ ત્યાં નથી. એની દૃષ્ટિ આ શરીર તે હું, રાગ તે હું, પુણ્ય હું... જે એના મૂળ ત્રિકાળ સ્વરૂપમાં નથી એવા વર્તમાન કૃત્રિમ શરીર, મન, વાણી, પુણ્ય-પાપના ભાવ પોતાના માનીને ચોરાશીના અવતારમાં અવતરીને પરિભ્રમણ કર્યાં છે પણ માળો બધું ભૂલી ગયો. જરીક જ્યાં માણસ થયો ને મા-બાપ, બાયડી, કુટુંબ, આબરૂ કાંઈ થયા ત્યાં તો આહાહા... જે એનું નથી એને પોતાનું માનીને તેની વિસ્મયતામાં પડ્યો છે. પણ વિસ્મયકારી ચીજ તો ભગવાન અંદર આનંદનો કંદ છે. એનો જ અનુભવ કરવો એટલે કે ચૈતન્ય આનંદકંદ એને અનુસરીને નિર્મળ આનંદની દશાનું વેદન કરવું અને એ અનુભવ પરદ્રવ્યની સહાય રહિત છે. જ્યાં દયા-દાનના વિકલ્પની પહોંચ નથી. સમજાણું કાંઈ... ?

હવે કેટલાક પંડિતો કહે કે પરદ્રવ્યથી આત્મામાં થાય, વ્યવહારથી નિશ્ચય થાય પરંતુ અહીં કહે છે કે પરદ્રવ્યની સહાય બિલકુલ નથી. રાગનો વિકલ્પ ઉઠે છે જે દયા-દાન-વ્રત-તપનો તે તો પરદ્રવ્ય છે, પરવસ્તુ છે, સ્વવસ્તુમાં એનું સ્થાન નથી. એ તો પરવસ્તુમાં એનું સ્થાન છે. ધર્મમાં એવા પરદ્રવ્યના સહાયની જરૂર નથી, સહાયથી રહિત છે.

આહાહા... પોતાની ચીજ છે એની સામે જોયું નથી. પણ વર્તમાન દશા છે એ દશાની સામું જોઈને મેં આ જાણ્યું, આ જાણ્યું... એમ જે પોતામાં નથી એને જાણવા રોકાઈ ગયો અને જેની જાણવાની પર્યાય છે એને (વસ્તુને) જાણવા આવ્યો નહીં આ ભૂલ રહી ગઈ. સમજાણું કાંઈ... ? આ તો છોકરાઓને સમજાય તેવી સાદી ભાષા છે. આઠ આઠ વર્ષના છોકરાઓ, રાજકુમારો અને કઠિયારાઓ કેવળજ્ઞાન પામે એવી વાત છે. કાંઈ મોટા જ પામે એમ નથી.

કેવા સ્વભાવથી ભરેલો છે ? સર્વાંગ ક્ષેત્ર છે જેનું એટલે કે અસંખ્ય પ્રદેશે એકરૂપ છે. એક એક પ્રદેશમાં અનંતગુણ વ્યાપેલા છે. જેમ કોઈ માણસને બહારની અનુકૂળતા દેખીને રોમાંચ ઊભા થાય છે ને ! એમ આ આત્મા અનંત જ્ઞાન ને આનંદથી ભરેલો છે એની દૃષ્ટિ કરતાં એને રોમ-રોમ-અસંખ્ય પ્રદેશમાં આનંદ સ્ફૂરે છે ત્યારે તે શુદ્ધ થાય છે.

શીરો કરવાની પણ રીત હોય છે કે પહેલા લોટને ઘીમાં શેકવો જોઈએ. પછી

ગોળનું કે સાકરનું પાણી નાંખવું જોઇએ. હવે શીરો કેમ કરવો એની ખબર ન હોય ને આવડત વિના પહેલા ગોળના પાણીમાં લોટ શેકી પછી ઘી નાખે તો શીરો થાય નહીં. એમ અહીંયા આત્માના અનુભવ માટે તું રાગ અને પરની અપેક્ષા રાખીને આત્માને સાધવા જઈશ તો આત્મા નહીં સધાય.

આત્મામાં આત્માથી **निवेश्य** કર એમ કહે છે. આત્માથી એટલે રાગ વિનાની નિર્મળ દશાથી આત્માને સ્થાપ. એનાથી આત્મા પ્રાપ્ત થશે. કેમ કે પૂર્ણ આનંદ ને સર્વાંગ જ્ઞાનથી ભરેલું શુદ્ધ તત્ત્વ છે એ શુદ્ધ દશા વડે શુદ્ધતા પ્રાપ્ત થશે. એ વ્યવહાર રત્નત્રયના દયા-દાન કે વ્રત-તપના વિકલ્પ જે અશુદ્ધતાથી પ્રાપ્ત નહીં થાય. તેનાથી તો દુ:ખ અને બંધન પ્રાપ્ત થશે. નવા માણસને એવું લાગે કે આ શું ? આ કયાં આવું નવું કાઢ્યું ? અમે બધુ કરતાં'તા એની તો કોઇ વાત આવતી નથી ?

પ્રશ્ન : નિમિત્તની સહાય છે ?

સમાધાન : નિમિત્ત છે, વ્યવહાર છે પણ એની સહાય નથી.

પ્રશ્ન : બે ચાર કલાક ધ્યાનમાં બેસવાથી થાય ?

સમાધાન : ભાઇ ! ધ્યાન કોને કહેવું ? જે ચીજ દૃષ્ટિમાં આવી નથી તો ધ્યાનમાં ત્રાટક કોની ઉપર કરશે ? જેમ એક ચીજ ઘડિયાળ છે એની ઉપર ત્રાટક થાય કે અધ્ધર આકાશમાં થાય ? એમ અંદર કંઇ ચીજ છે ? કેવડી છે ? એ દૃષ્ટિમાં આવ્યા વિના ધ્યાન કરશે કોનું?

શ્રોતા : આપે કહ્યું ને અમે સાંભળ્યું. એનું ધ્યાન કરશું. !

સમાધાન : અષ્ટપાહુડમાં આવે છે કે સમ્યક્ પામવા માટે પણ સમ્યક્દર્શનનું ધ્યાન કર. એટલે કે દિશાને ફેરવી નાખ. જે તારી વર્તમાન દશા પરને જોવામાં રોકાઇ ગઇ છે, જેમાં તું નથી તેમાં તારી દશા રોકાઇ ગયેલ છે. એ દશા જ્યાં તું છો ત્યાં ફેરવી નાખ. ભાઇ ! અંદર અમૂલ્ય ચૈતન્ય હિરલો છે એના ગુણની અને એની શક્તિ-સામર્થ્યની કિંમત શું ? એના ઉપર કોઈ દિ' નજર કરવાનો વખત ને ટાઇમ લીધો નથી. એમ ને એમ બહારમાં ને બહારમાં ભટકે છે.

**"અહીં કોઈ પ્રશ્ન કરે છે કે આ અવસરે તો એમ કહ્યું કે આત્માનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે અને કયાંક એમ કહ્યું છે કે જ્ઞાનગુણમાત્ર અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે તો આમાં વિશેષતા શું છે?"**

આત્મા અંદર અનંત ગુણમયી વસ્તુ છે. એનો અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય. અને કયાંક એમ કહ્યું છે કે જ્ઞાન ગુણમાત્ર અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય. એમ બે વાત કેમ કરો છો ? આ શિષ્યનો પ્રશ્ન છે.

આત્મા પવિત્ર પ્રભુ એની સામું જોઈને જે અનુભવ થાય એનાથી તે શુદ્ધ થાય છે. એમાં કોઈ પરપદાર્થની સહાયની-મદદની જરૂર નથી. શરીરમાં સંહનન મજબૂત હોય, નિરોગ હોય તો અનુભવ થઈ શકે છે એમ છે નહીં. સાતમી નરકનું શરીર કે જ્યાં જન્મથી આકરા રોગ હોય એવી દશામાં આત્મા ન અનુભવાય - ન જણાય એમ નથી. કારણ કે પરદ્રવ્યની ત્યાં અપેક્ષા જ નથી.

આહાહા... સાતમી નરકના દુ:ખો જોયા જાય નહીં, સાંભળ્યા જાય નહીં. એવા દુ:ખ છે બાપું ! તું ભૂલી જાય છે, ભવનો ડર નથી. સાતમી નરકની શું શીત વેદના ! લોઢાનો લાખ મણનો ગોળો કે જે ટીપી ટીપીને મજબૂત કર્યો હોય તે નરકમાં જાય ને એક ક્ષણમાં એનું પાણી થઈ જાય તેટલી શીત વેદના છે. એ વેદના કેવી હશે ભાઈ ! ભગવાન ! એવી વેદના તેં અનંતવાર સહન કરી છે. હવે એને મૂકવાનો ઉપાય આ છે કે જ્યાં પ્રભુ તું છો ત્યાં દુ:ખેય નથી, રાગેય નથી ને સંસાર માત્ર નથી. તે સર્વાંગ જ્ઞાન અને આનંદથી ભરેલો છે તેનો પોતાથી પોતાનો અનુભવ કરતાં શુદ્ધ થાય છે. વળી કયાંક એમ કહ્યું કે જ્ઞાનગુણમાત્ર અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે આમાં વિશેષતા શું છે ? બેમાં ફેર શું છે ?

**"ઉત્તર આમ છે કે વિશેષતા તો કાંઈ પણ નથી. એ જ કહે છે-"या शुद्धनयात्मिका आत्मानुभूतिः इति किल इयम् एव ज्ञानानुभूतिः इति बुद्ध्वा" (या) જે (आत्मानुभूतिः) આત્મ-અનુભૂતિ અર્થાત્ આત્મદ્રવ્યનો પ્રત્યક્ષપણે આસ્વાદ છે."**

આહાહા.... જે આત્માનુભૂતિ છે તે જ્ઞાન ને આનંદમય છે. આ ઈન્દ્રિયના ભોગમાં, રાગમાં ને ખાવામાં જે આનંદ - માને છે એ તો ઝેર છે, દુ:ખ છે. શાંતિના સાગર ભગવાનને તે ઘાયલ કરે છે. જેમ છરા વાગે ત્યાં શરીર ઘાયલ થાય ને લોહી ઝરે છે એમ પાંચ ઈન્દ્રિયના વિષયોનો પ્રેમ-રાગ, જ્ઞાન ને આનંદરૂપી શરીરને ઘાયલ કરે છે. પુણ્ય-પાપના વિકલ્પ આત્માને ઘાયલ કરે છે ને દુ:ખ ઝરે છે. હવે એ દુ:ખમાં તું એમ માને છે કે મને મજા છે, ઠીક છે.

એક પારસી હતા તે ભૂંડને પકડીને એના પગને બાંધીને પગે લોઢાના સળિયા

બાંધીને અગ્નિમાં શેકવા માટે જીવતું ભઠ્ઠીમાં નાખ્યું. ભાઈ ! એ વાત ભૂંડની નથી. તેં એવા અવતાર અનંતવાર કર્યા છે. કિંમતવાળી ચીજની કિંમત કર્યા વિના જેની કિંમત નથી એવી પર ચીજની કિંમત કરીને ચોરાસીમાં રખડી મર્યો છે. પ્રભુ ! એકવાર સાંભળ તો ખરો. અહા ! આવું મનુષ્યપણું ફરી ફરીને મળવું મુશ્કેલ છે.

આત્માનુભવમાં આત્મદ્રવ્યનો પ્રત્યક્ષપણે આસ્વાદ છે. જે અનાદિથી રાગનો ને દ્વેષનો સ્વાદ લ્યે છે તે દુ:ખના સ્વાદ છે, ઝેરના પ્યાલા પીવે છે. એ દુ:ખના ભાવનો નાશ કરવા અંતરમાં જુએ તો એટલે કે ભગવાન આત્મા જ્ઞાન ને આનંદથી સર્વાંગ ભરેલો છે એની દૃષ્ટિ-અનુભવ કરતાં પ્રત્યક્ષ આનંદનો સ્વાદ આવે છે. એનો સ્વાદ શું હશે ? સ્વાદ તો અડદની દાળ ને મોસંબી ને ચૂરમાના લાડવા, લાપસીના હોય એમ લોકો કહે છે. પણ ભાઈ ! એ તો ધૂળનોય સ્વાદ નથી. સાંભળ ને ! એ બધી ચીજ તો ધૂળ-માટી છે. ફક્ત સ્વભાવને ભૂલીને પરના પ્રેમમાં રાગ ઉત્પન્ન કરે છે. એ રાગનો-આકુળતાનો સ્વાદ લ્યે છે, એમાં એ સુખી છું એમ માને છે.

આહાહા... આત્માનો અનુભવ પ્રત્યક્ષ આસ્વાદ છે એટલે કે એના આનંદના સ્વાદ માટે પરોક્ષતા નથી. ભલે જ્ઞાનમાં સીધો આત્મા જણાય નહીં એ અપેક્ષાએ પરોક્ષ કહેવાય પણ એના આનંદના સ્વાદની અપેક્ષાએ પરોક્ષ નથી. સ્વાદ કોઈ બીજો લ્યે અને બીજાની મદદથી લ્યે છે એમ નથી. સમજાણું કાંઈ... ? માર્ગ તો આવો છે ભાઈ ! બીજો કોઈ સહેલો માર્ગ છે નહીં.

''એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ'' પ્રભુ ! પરમાત્મા જિનેશ્વરદેવનો આ એક જ માર્ગ છે. એ માર્ગને લોકોએ ચૂંથી નાંખ્યો છે.

**''કેવી છે અનુભૂતિ ? (शुद्धनयात्मिका) શુદ્ધનય અર્થાત્ શુદ્ધ વસ્તુ તે જ છે આત્મા અર્થાત્ સ્વભાવ જેનો એવી છે. ભાવાર્થ આમ છે કે નિરુપાધિપણે જીવદ્રવ્ય જેવું છે તેવો જ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે એનું નામ શુદ્ધાત્માનુભવ છે.''**

શુદ્ધનય કહો કે શુદ્ધનયનો વિષય કહો તે આનંદ ને શુદ્ધ સ્વભાવથી ભરેલી ભગવાન વસ્તુ છે. ભાઈ ! તારા ભાવમાં તો આખું પરમાત્મપદ પડ્યું છે. આહાહા... જિન ને દ્રવ્ય સ્વભાવમાં ફેર નથી. એવા આત્માનો અનુભવ કરવો એનું નામ શુદ્ધાત્માનો અનુભવ છે.

પહેલાં શું કરવું ? ભાઈ ! પહેલા કે પછી કહો, આ કરીને છૂટકો છે. બીજી ગમે

તે ક્રિયા કર... દયા-દાન-વ્રત-તપ-ભક્તિ ને પૂજા, લાખોના મંદિર બનાવ, લાખોવાર ગિરનાર-શેત્રુંજય ને સમ્મેદશિખરની યાત્રા કર પણ એ બધો શુભ રાગ છે, ધર્મ નથી ને ધર્મનું કારણેય નથી. આવો માર્ગ આકરો પડે પ્રભુ ! શું થાય ?

આહાહા... પ્રત્યક્ષપણે આસ્વાદ આવે એનું નામ શુદ્ધાત્મ અનુભવ છે, એનું નામ ધર્મ - સમકિત છે. એનું નામ સમ્યક્જ્ઞાન છે. એનું નામ સ્વરૂપમાં સ્થિરતા-સ્વરૂપ આચરણ છે. ભાઈ ! તારી વસ્તુ તો તારી પાસે જ પડી છે. મૃગની નાભિમાં કસ્તુરી છે પણ એ કસ્તુરીની મૃગલાને ખબર નથી, તે બહાર શોધે છે. એમ પરમાત્મા કહે છે કે તારા સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદ ભરેલી કસ્તુરી ભરી પડી છે ને ! એની સામું જોતો નથી અને પર સામું જોવાથી તને ધર્મ કેમ થાય ? અરે ! ભગવાન સામું જોવાથી પણ રાગ થાય, ધર્મ ન થાય કેમ કે ભગવાન પણ પરદ્રવ્ય છે. પાપથી બચવા શુભ રાગ આવે, હોય પણ એ ધર્મ છે ને ધર્મનું કારણ છે એમ નથી.

**"(किल) નિશ્ચયથી (इयम् एव ज्ञानानुभूतिः) આ જે આત્માનુભૂતિ કહી તે જ જ્ઞાનાનુભૂતિ છે (इति बुद्ध्वा) એટલીમાત્ર જાણીને. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુનો જે પ્રત્યક્ષપણે આસ્વાદ, તેને નામથી આત્માનુભવ એમ કહેવાય અથવા જ્ઞાનાનુભવ એમ કહેવાય; નામભેદ છે, વસ્તુભેદ નથી. એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે."**

સમકિત થતાં આત્માનુભવ એટલે કે આત્માના આનંદનો સ્વાદ આવવો, એને આત્માનુભૂતિ કહી. જ્ઞાનનો અનુભવ કહો કે આત્માનો અનુભવ કહો. એટલે કે આત્માનો દ્રવ્યથી અનુભવ કીધો અને જ્ઞાનનો ગુણથી અનુભવ કીધો. પણ ગુણ-ગુણી બંને અભેદ પડ્યા છે ને અંદર ! આહાહા... આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપથી સર્વાંગ ભરેલો પદાર્થ પરમાત્મસ્વરૂપ પ્રભુ છે. એનો અનુભવ કહો કે એનો સ્વભાવ જે જ્ઞાન છે તેનો અનુભવ કહો. બેય એક જ ચીજ છે. નામભેદ છે, વસ્તુભેદ નથી. આત્માના આનંદનો સ્વાદ લેવો અને અનુભવ કરવો તે જ મોક્ષમાર્ગ છે. બાકી કોઈ મોક્ષમાર્ગ છે નહીં.

ચાલીસ ચાલીસ પચાસ સાઈઠ વર્ષ સુધી ધંધો ધંધો, પાપ ને પાપ, આ કમાવું આ ખાધું ને આ કીધું, દિકરાને પરણાવું, દિકરીને ઠેકાણે નાખવી એ રીતે પાપની અગ્નિ અંદર સળગે છે અહીં કહે છે આત્માનો અનુભવ તે મોક્ષમાર્ગ છે, ત્રિકાળી ચૈતન્ય વસ્તુ ભગવાન નિત્ય પ્રવાહ શુદ્ધ પડ્યો છે. એમાં દષ્ટિ કરીને સ્થિર થવું એટલે કે સન્મુખ

થવું તે મોક્ષનો માર્ગ છે. અનાદિથી સ્વભાવથી વિમુખ અને પુણ્ય-પાપ-દયા-દાન-વ્રત-તપ-ભક્તિ આદિ પરિણામની સન્મુખ છે પણ એ કોઈ ચીજ નથી.

**"આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે, કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે."**

શું કામ આ પ્રશ્ન ઉઠ્યો ? કે જ્યારે આત્માનુભવ છે એ મોક્ષમાર્ગ છે તો પછી શાસ્ત્રનું આટલું જ્ઞાન વર્ણવ્યું ? કરણાનુયોગ ને ચરણાનુયોગ.... બાર અંગ વર્ણવ્યા. એક અંગમાં અઢાર હજાર પદ. એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક. તેવું એક આચારાંગ બીજું અંગ એનાથી ડબલ. એવાં ડબલ (બમણાં) ડબલ અગિયાર અંગ સુધી લઈ જવાં. એ સિવાય ચૌદ પૂર્વ છે. તે બાર અંગનું જ્ઞાન અપૂર્વ લબ્ધિ નથી. એમાં અનુભૂતિ કરવી એમ કહ્યું છે. બાર અંગનું જ્ઞાન છે. એનુંય લક્ષ છોડી દે. કોઈ કહે કે બાર અંગનું જ્ઞાન તો સમકિતીને થાય છે અને તે અપૂર્વ હોય છે. પણ બાપુ ! એ અપૂર્વ નથી. કારણ કે બારઅંગનું જ્ઞાન એ કાંઈ મોક્ષનું કારણ નથી.

બાર અંગમાં ચારે અનુયોગ આવી ગયા. ચૌદ પૂર્વની લબ્ધિ તો બારઅંગનો એક ભાગ છે. એનું જ્ઞાન પરલક્ષી છે. તે ક્ષયોપશમભાવે છે. એમાં પણ વિકલ્પ ઉઠે છે કે આવું મારું જ્ઞાન એ કાંઈ મોક્ષનો માર્ગ નથી. અહીંયા તો એમ સિદ્ધ કરવું છે કે ક્ષયોપશમમાં બારઅંગનું જ્ઞાન થઈ જાય તો પણ એ તો વિકલ્પ છે - ભેદ છે. એ બારેય અંગમાં અને ચૌદપૂર્વમાં શુદ્ધાત્માનુભૂતિને મોક્ષમાર્ગ કહ્યો છે. જ્ઞાનમાં ક્ષયોપશમનું બહુ વજન નથી એમ કહે છે.

આહાહા... ભગવાન આત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદના રસથી ભરેલો પ્રભુ ! અનાકુળ જ્ઞાન ને આનંદનું પૂર્ણ... પૂર્ણ.... પૂર પ્રભુ છે. એનો અનુભવ કરવો, એને અનુસરીને આત્માના આનંદના સ્વાદ સાથેનું સમ્યક્જ્ઞાન થવું તે અનુભૂતિ મોક્ષમાર્ગ છે. એમ બારઅંગમાં વર્ણન કર્યું છે. બહુ જાણવામાં આવ્યું હોય અને કહેતાં આવડે માટે તે મોક્ષમાર્ગમાં છે એમ નથી. બાર અંગ તો પરમાત્માએ ઉત્કૃષ્ટ કહ્યા. તેથી વિશેષ જ્ઞાન હોય નહીં. ચારેય અનુયોગ તેમાં આવી જાય છે. બાર અંગનું જ્ઞાન છે માટે મોક્ષમાર્ગ થયો એને, અને મોક્ષમાર્ગ વધી ગયો એમ નથી. વસ્તુની દૃષ્ટિ કરી, તેનો અનુભવ અને તેમાં સ્થિર થવું તે મોક્ષમાર્ગ છે. આવી ઝીણી વાત છે ભાઈ ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અનંત તીર્થંકરો અનંત-કેવળીઓ, અનંત ગણધરોએ બાર અંગ રચ્યા.

"મુખ ઓમ્‌કાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે,
રચિ આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે."

વીતરાગ પરમેશ્વરને ઈચ્છા તો છે નહીં અને ધ્વનિ-વાણી પણ આમ નીકળતી નથી. આખા શરીરમાંથી નીકળે છે. હોઠ બંધ હોય, કંઠ ધ્રુજે નહીં, જીભ હાલે નહીં. મુખમાંથી ધ્વનિ નીકળે એ તો લોકોનો વ્યવહાર છે. એમને તો આખા શરીરમાંથી નીકળે છે. બાર અંગનું જ્ઞાન સમકિતીને થાય. બાર અંગનું જ્ઞાન અજ્ઞાનીને ન થાય. પણ બાર અંગનું જ્ઞાન થયું માટે મોક્ષમાર્ગ વધી ગયો છે એમ નથી.મિથ્યાદષ્ટિને નવપૂર્વ સુધી જ્ઞાન હોય. દશ-પૂર્વ થાય એટલે સમ્યક્‌જ્ઞાન જ હોય. કેટલાક એમ જાણે કે અનેક શાસ્ત્ર વાંચીએ એમાંથી મોક્ષમાર્ગ થઈ જાય. પણ એમ છે નહીં.

પ્રશ્ન : આપ તો ઘણીવાર કહો છો કે ત્રણ-ચાર કલાક વાંચવું જોઈએ ?

સમાધાન : એ વાત આ નથી. એ તો અજ્ઞાનમાં ઘણાં લાકડાં ઘૂસી ગયા છે. એ લાકડાં છોડવા માટે એમ કહ્યું છે. એમાંય પાછું સાર તો આ કાઢવાનો છે. પ્રવચનસારમાં આવે છે કે સ્વના લક્ષે આગમનો અભ્યાસ કરવો. આગમના અભ્યાસમાં કહેવાનું શું છે ? એનું તાત્પર્ય શું છે ? ભગવાનનો ભેટો કર એ એનું તાત્પર્ય છે.

આહાહા.... ત્રણ લોકનો નાથ બિરાજે છે પ્રભુ ! તું ભગવાન છો. પરમાત્મપ્રકાશમાં આવે છે કે ત્રણ કાળ ત્રણ લોકના સર્વ જીવો પોતાના સ્વભાવથી, શક્તિના સામર્થ્યથી પરિપૂર્ણ ભરેલા છે. પર્યાયમાં ફેર છે એ વાત અહીંયા નથી. કારણ કે પર્યાય દ્રવ્યમાં નથી. ભગવાન જે દ્રવ્ય વસ્તુ છે, તત્ત્વ છે, પદાર્થ છે, પરમાત્મસ્વરૂપ આત્મા એ તો પરિપૂર્ણ શક્તિનો રસકંદ એકરૂપ છે. એની અનુભૂતિ કરવી તે બાર અંગમાં કહ્યું છે.

એમ કહીને વજન શું આપ્યું છે ? કે દર્શન અને ચારિત્ર સ્વભાવ સન્મુખની દષ્ટિ અને એમાં સ્થિરતા ને રમણતા મોક્ષનો માર્ગ છે. ઉઘાડ ઓછો હો.... ન હો..... પણ તે વસ્તુ નથી. શિવભૂતિને તો દ્રવ્યસૂત્રનો શબ્દ યાદેય ન હતો. "મા રુષ-મા તુષ" કહ્યું. એટલે કે દ્વેષ કરીશ નહીં, રાગ કરીશ નહીં એનો અર્થ વીતરાગતા રાખજે. એ શબ્દ યાદ ન રહ્યા પણ વીતરાગતા યાદ રહી ગઈ, વીતરાગતાનો અનુભવ કર્યો અને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ પ્રગટી. અમુક બહુ ક્રિયા કરે, વ્રત પાળે, અપવાસ બહુ કરે, ભક્તિ બહુ કરે ને શાસ્ત્રના પાના ફેરવ્યા ફેરવ કરે માટે તેને જ્ઞાન વધી ગયું છે એમ નથી.

જ્ઞાન તો દ્રવ્ય સ્વભાવને જાણે ત્યારે થયું કહેવાય.

એક જૈનના બેરિસ્ટર હતાં તેમને પૂછ્યું કે ધર્માસ્તિકાયમાં ગુણ કેટલા ? તો કહે - બે. એક અરૂપી અને એક ગતિ કરવામાં નિમિત્ત થાય તે બે. લ્યો આવા બેરિસ્ટર ! ભાઈ! એક એક દ્રવ્યમાં સામાન્ય ગુણ અનંત ને વિશેષગુણ અનંત છે. સામાન્યના છ નામ આપ્યા છે. અસ્તિત્વ, વસ્તુત્વ આદિ.

આહાહા... રાજમલ્લજીએ બહુ ખુલાસો કર્યો છે કે શુદ્ધાત્માનુભૂતિ તે મોક્ષમાર્ગ છે. પ્રવચનસાર જ્ઞાનતત્ત્વપ્રજ્ઞાપન અધિકાર ગાથા-૩૪-૩૫માં એમ કહ્યું છે કે વિશેષ ક્ષયોપશમથી હવે બસ થાઓ. અમે તો આત્મા છીએ અને એને અનુભવીએ છીએ. બસ. આહાહા... વિશેષ જ્ઞાન હો ભલે પણ અલમ્... બસ થાઓ. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે એનો જ અનુભવ કરીએ એ જ અમારી ચીજ છે.

વીતરાગ દિગમ્બર મુનિઓ જે પ્રચુર અતીન્દ્રિય આનંદના સ્વાદિયા, જેને રાગનો સ્વાદ દુ:ખરૂપ લાગે, મહાવ્રતના પરિણામ પણ જેને દુ:ખરૂપ લાગે એવા આનંદના રસિયા (સંતોએ) સર્વજ્ઞે કહેલાં તત્ત્વ કહ્યાં છે. અરે ! દિગમ્બર વાડામાં રહ્યા છે એમનેય ખબર ન મળે ને આ કરું, વ્રત કરું, તપસા કરું, વ્યવહાર કરતાં નિશ્ચય થાય પણ એ તો મોટા લાકડાં છે. અહીં તો કહે છે અનુભૂતિ કરતાં મોક્ષ થાય છે. આહા... ! આવો અવસર મળે ક્યારે ? માંડ નિગોદમાંથી નીકળી પંચેન્દ્રિય મનુષ્ય, આર્યક્ષેત્ર, જૈનકુળ એમાં પણ જૈનની સાચી વાણી સાંભળવાનો યોગ એ બધુ દુર્લભ.... બહુ દુર્લભ. એમાં પણ અનુભૂતિ કરવી એ તો માર્ગ જુદો છે.

**“તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી.”**

પ્રવચનસારમાં જ્ઞાન અધિકાર કહી પછી જ્ઞેયનું પણ જ્ઞાન કરે, સ્વના લક્ષે આગમનો અભ્યાસ કરવો-તમારું અવશ્ય કલ્યાણ થશે, એમ પણ કહેવાય. આગમમાં પણ કહેવાનું તો આ છે. ભણે, વાંચે, અંદર સ્થિર થઈ શકે નહીં ત્યારે શાસ્ત્રનો અભ્યાસ હોય પણ શુદ્ધાત્માનુભૂતિવાળાને બંધન નથી કે વધારે જાણવામાં આવે તો લોકોને સમજાવી શકાય માટે એને ભણવું એવી કાંઈ અટક નથી. સમાધિશતકમાં તો એમ કહ્યું છે કે હું બીજાથી સમજું અને બીજાને સમજાવું એ બધા વિકલ્પ પાગલપણું છે. કેમ કે

બીજાથી સમજ્યો એ પણ એક વિકલ્પ છે- રાગ છે અને હું બીજાને સમજાવું એ પણ વિકલ્પ છે. અંતરમાંથી અનુભવને સમજવો એ એક વસ્તુ છે.

આહાહા... વીતરાગ માર્ગમાં તો વીતરાગતાની કિંમત છે. સમ્યક્દર્શન એ વીતરાગભાવ છે. સમ્યક્જ્ઞાન ભલે થોડું હોય પણ એ વીતરાગી જ્ઞાન છે. અને સ્વરૂપમાં રમણતા એ વીતરાગી ચારિત્ર છે. અનુભૂતિ તો ચોથા ગુણસ્થાને થઈ જાય છે તો પણ એને શાસ્ત્ર ભણવું જ પડે ને એ વાંચે જ, બીજાને સમજાવવું પડે-એને એવી કોઈ અટક નથી.

પ્રશ્ન : સમ્યક્દષ્ટિ શાસ્ત્ર વાંચતા શાસ્ત્રમાં અટકી ન જાય ?

સમાધાન : અટકી ન જાય. પણ અહીંયા તો અનુભૂતિ કરવાની વાત છે. સમજાવતાં ન આવડે તેથી તેનો મોક્ષમાર્ગ અટકી જાય. એમ નથી. આ તો આખો દિ' વેપારમાં પાપ કરે ને થોડું ઘણું બહારથી કરે, ધંધામાં પાંચ પચીસ લાખ કમાણો હોય અને કલાકની નવરાશ મળે ને સાંભળવા જાય ત્યાં મળે કેવું ? વ્રત કરો ને અપવાસ કરો, તમારો ધર્મ છે... થઈ રહી બિચારાની જિંદગી. એ તો ઢોરની જિંદગી જેવી જિંદગી કહેવાય.

અહીં તો એ કહે છે કે પોતે પોતાને જાણીને રમે એ કરવાનું હતું તે કર્યું. એને હવે કાંઈ શાસ્ત્ર ભણવાની અટક નથી.

પ્રવચન નં. ૧૮, ૧૯, ૨૦ ચાલુ તા. ૧૮-૬-'૭૭ થી ૨૦-૬-'૭૭.

ધર્મીનું ઉદ્ધતજ્ઞાન નથી ગણતું નિમિત્તને, નથી ગણતું રાગને, નથી ગણતું દેવ-શાસ્ત્ર-ગુરુને કે નથી ગણતું તેમના તરફની વૃત્તિને. ત્રણલોકના નાથે એમ કહ્યું છે કે અમારી સામે જોવું છોડી દે... મારે કોઈનું આલંબન લેવું પડે એવો હું નથી. એક સમયની પર્યાયને પણ ધર્મીનું ઉદ્ધતજ્ઞાન આદર કરતું નથી, પોતાના અખંડ સ્વભાવ સિવાય કોઈને એ ઉદ્ધતજ્ઞાન ગણતું નથી. ૩૨૦.

-પૂ. ગુરૂદેવશ્રી

-દ્રવ્ય દષ્ટિ જિનેશ્વર પર્યાય દષ્ટિ વિનશ્વર

## કળશ-૧૪

### (પૃથ્વી)

अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-
र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा ।
चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते
यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम् ।। १४ ।।

ખંડાન્વય સહિત અર્થ : - ''तत् महः नः अस्तु'' (तत्) તે જ (महः) શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ (नः) અમને (अस्तु) હો. ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ ઉપાદેય છે, બીજું બધું હેય છે. કેવો છે તે 'महः (જ્ઞાનમાત્ર આત્મા)'? ''परमम्'' ઉત્કૃષ્ટ છે. વળી કેવો છે 'महः'? अखण्डितम्'' ખંડિત નથી-પરિપૂર્ણ છે. ભાવાર્થ આમ છે કે ઇન્દ્રિયજ્ઞાન ખંડિત છે; તે જો કે વર્તમાન કાળે તે-રૂપ પરિણમ્યો છે તો પણ સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન છે. વળી કેવો છે ? ''अनाकुलं'' આકુળતા રહિત છે. ભાવાર્થ આમ છે કે યદ્યપિ સંસાર-અવસ્થામાં કર્મજનિત સુખદુઃખરૂપ પરિણમે છે તથાપિ સ્વાભાવિક સુખસ્વરૂપ છે*+++ વળી કેવો છે ? ''अन्तर्बहिर्ज्वलत्'' (अन्तः) અંદર (बहिः) બહાર (ज्वलत्) પ્રકાશરૂપ પરિણમી રહ્યો છે. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ અસંખ્યાતપ્રદેશી છે, જ્ઞાનગુણ બધા પ્રદેશોમાં એકસરખો પરિણમી રહ્યો છે, કોઈ પ્રદેશમાં ઘટ-વધ નથી. વળી કેવો છે ? ''सहजं'' સ્વયંસિદ્ધ છે. વળી કેવો છે ? ''उद्विलासं'' પોતાના ગુણ-પર્યાયે ધારાપ્રવાહરૂપ પરિણમે છે. વળી કેવો છે? ''यत् (महः) सकलकालम् एकरसम् आलम्बते'' (यत्) જે (महः) જ્ઞાનપુંજ **सकलकालम्** ત્રણે કાળ (एकरसम्) એક રસને અર્થાત્ ચેતનાસ્વરૂપને (आलम्बते) આધારભૂત છે. કેવો છે એક રસ ? ''चिदुच्छलननिर्भरं'' (चित्) જ્ઞાન (उच्छलन) પરિણમનથી (निर्भरं) ભરિતાવસ્થ છે. વળી કેવો છે એકરસ ? ''लवणखिल्यलीलायितम्'' (लवण) ક્ષારરસની (खिल्य) કાંકરીની (लीलायितम्) પરિણતિ સમાન જેનો સ્વભાવ છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે લવણની કાંકરી સર્વાંગેય ક્ષાર છે તેવી રીતે ચેતનદ્રવ્ય સર્વાંગેય ચેતન છે. ૧૪.

---

*પં. શ્રી રાજમલ્લજીની ટીકામાં અહીં ''अनन्तम्'' પદનો અર્થ કરવો રહી ગયો છે.

## કલશ – ૧૪ : ઉપરનું પ્રવચન

**''तत् महः नः अस्तु'' (तत्) તે જ (महः) શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ (नः) અમને (अस्तु) હો.''**

આચાર્ય અમૃતચંદ્ર મહારાજ વીતરાગી મુનિ છે. જેને પ્રચુર અનંત અતીન્દ્રિય આનંદનો સ્વાદ ઘણો આવ્યો છે. એને મુનિ કહીએ. પંચ મહાવ્રત પાળે ને નગ્ન થઈ ગયા માટે મુનિ છે એમ નથી. આહાહા... એ મુનિ એમ કહે છે કે **तत् महः** ચૈતન્ય તે જ અમને હો. ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર તે એક અમને હો બસ. અમારે બીજું કાંઈ ન જોઈએ. શિષ્યો ઝાઝા થાય, સભામાં લોકો ખૂબ ભરાય ને લોકો પાસ કરે.... અરે ! એનું અમારે અહીંયા કામ નથી. **तत्** છે ને ! તે જ.... તે જ વસ્તુ અમને પ્રાપ્ત હો. **महः** નો અર્થ ચૈતન્ય તેજ, ચૈતન્ય વસ્તુનો પ્રકાશ. અહા ! પુણ્ય ને પાપના ભાવ બધા અંધારા છે. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાનો ભાવ પણ રાગ છે, અંધારૂ છે. અમને તો ચૈતન્ય પ્રકાશનો પુંજ હો બસ. જ્ઞાનરૂપી વસ્તુ જે છે અંદર, જેનો ભાવ એકલો જ્ઞાન છે. એ જ્ઞાન... જ્ઞાન... જાણવું... જાણવું. તે આત્મા. એવી વસ્તુ અમને હો. સમજાણું કાંઈ...?

**''ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ ઉપાદેય છે, બીજું બધું હેય છે.''**

છઢાળામાં આવે છે ને ! કે

લાખ બાતકી બાત યહૈ, નિશ્ચય ઉર લાઓ;
તોરિ સકલ જગ દંદફંદ, નિત આતમ ધ્યાઓ

આહાહા... ! માણસને એની કિંમત નથી. કાંઈક વ્રત પાળે ને અપવાસ કરે, બે બે મહિનાના સંથારા કરે, બબ્બે મહિના ઝાળની ડાળી પડી રહે તેમ પડી રહે પણ એણે અંદર આત્મજ્ઞાન ન કર્યું. અહીં કહે છે શુદ્ધ સ્વરૂપનો અનુભવ ઉપાદેય છે, બીજુ બધું હેય છે. અસ્તિ નાસ્તિ કરી. સ્વદ્રવ્યના અનુભવ સિવાય પરના આશ્રયે જેટલા ભાવ થાય તે બધા અશુદ્ધભાવ-મેલ છે. ચાહે સ્ત્રી-કુટુંબ-ધંધાને આશ્રયે થાય તે અશુભ-અશુદ્ધતા છે અને દેવ-શાસ્ત્ર-ગુરુના આશ્રયે થાય તે શુભ અશુદ્ધભાવ છે.

બહુ ટુંકો સિદ્ધાંત કહ્યો કે ભગવાન આત્મા શુદ્ધ પવિત્ર પિંડ પ્રભુ એનો અનુભવ કરવો, એની સન્મુખ થવું તે એક આદરણીય છે, એ સિવાય બીજું બધું હેય છે. અરે ! જે ભાવે તીર્થંકરપણું બંધાય એ ભાવ પણ હેય છે. અલિંગગ્રહણના ૧૭મા બોલમાં કહ્યું

કે મુનિની જેટલી પંચમહાવ્રતાદિ, સમિતિ, ગુપ્તિ ને વ્યવહારની જેટલી ક્રિયાઓરૂપ જે બાહ્ય આચરણ, વ્યવહાર જ્ઞાન એ બધાનો વસ્તુના સ્વભાવમાં અભાવ છે. તેથી ભગવાન આત્માને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. ૧૮મા બોલમાં તો 'ગુણગુણી અર્થાવિબોધ વિશેષ જેમાં નથી તે અલિંગગ્રહણ છે' એટલે કે ગુણ-ગુણીનો ભેદ, પર્યાયનો વિશેષ ભેદ પણ નથી. આવો માર્ગ છે ભાઈ !

ભાઈ ! પહેલા શ્રદ્ધા ને જ્ઞાન તો કર કે માર્ગ તો આ જ છે. જો જ્ઞાન ઊંધે રસ્તે જાય અને માને કે અમે કાંઈક છીએ તો એમાં કે દિ' આરા આવે ભાઈ ! આ મનુષ્યપણું ચાલી જશે અને જશે ક્યાંક ભવસિંધુના દરિયામાં. અરે ! ચોરાસી લાખની મોટી પાટ પડી છે પણ એણે વિચાર્યું છે કેદિ' કે એ રખડવું કેમ મટે ? સ્વરૂપનો-શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં એ રખડવું મટે અને એ આત્માનો અનુભવ એક જ ઉપાદેય છે.

પ્રશ્ન : વ્યવહારને ઉપાદેય કહ્યો છે ને ?

સમાધાન : પદ્મનંદિ પંચવિંશતિમાં કહ્યું છે કે વ્યવહાર પૂજ્ય છે પણ એ તો વ્યવહારથી કહ્યું છે. નિશ્ચયથી તો એક આત્મા જ પૂજ્ય છે, આદરણીય છે. અશુભથી બચવા વ્યવહાર આવે છે પણ વ્યવહારને ઉપાદેય વ્યવહારનયથી કહેવાય છે પણ છે તો એ નિશ્ચયથી હેય. ઉપાદેય તો ત્રિકાળી છે, અને શુદ્ધ ચૈતન્યનો અનુભવ પ્રગટ કરવા લાયક ઉપાદેય છે. ચૈતન્ય વસ્તુને અનુસરીને થતાં અનુભવમાં સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પણ ગૌણ થઈ ગયા. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામભેદ છે. પણ તે અનુભવમાં અભેદ થઈ ગયા. પૂર્ણાનંદ સ્વરૂપ આત્માના અનુભવમાં ત્રણે આવી ગયા. અશુભથી બચવા વ્રત-તપના ભાવ જ્ઞાનીને આવે પણ તે આદરણીય નથી.

**પ્રશ્ન :** આદરણીય નથી એટલે શું ?

**સમાધાન :** તે ભાવો જીવને શાંતિમાં-મોક્ષમાર્ગમાં મદદગાર નથી. આદરવાલાયક નથી એટલે અંદર આચરણમાં મેળવવા લાયક નથી, અનુભવમાં વ્યવહાર મેળવવા લાયક નથી, વ્યવહારના જેટલા ભાવ ઉત્પન્ન થાય; દેવ-શાસ્ત્ર-ગુરુ તરફનો વિકલ્પ, સ્ત્રી-કુટુંબ પરિવાર ધંધાનો વિકલ્પ એ બધાં અશુદ્ધ અને હેય છે. આહાહા... શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જે આત્મા પવિત્રતાનો પિંડ એને અનુસરીને અનુભવનું થવું એ એક જ મોક્ષમાર્ગ છે. એને સ્વની અપેક્ષા છે માટે ઉપાદેય કહ્યો.

**પ્રશ્ન :** ઉપાદેય ને હેય થયો ક્યારે ?

**સમાધાન :** અંદર આત્મા ઉપાદેય થયો ત્યારે રાગ હેય થયો.

**પ્રશ્ન :** એ બધાંને હેય માનીએ તો ?

**સમાધાન :** આત્મા આનંદસ્વરૂપ છે એનો અનુભવ થાય, ઉપાદેય થાય તો રાગ એમાં આવતો નથી માટે હેય છે. હેય કરવું છે એમ છે ક્યાં ? હેય થઈ જાય છે. સુખ સ્વરૂપના અનુભવ વખતે દુ:ખ-રાગાદિ વિકલ્પનો અનુભવ થતો નથી અથવા તે જાતનો રાગ તેમાં ઉત્પન્ન થતો નથી તેને હેય કહેવામાં આવે છે. અને જે રાગ રહે છે એવા ભાવ પણ આદરણીય નથી, જાણવાલાયક છે પણ આદરવા-આચરવાલાયક નથી. આહાહા... આવું સ્વરૂપ !

**પ્રશ્ન :** જે આચરવાલાયક નથી એને જાણવાનું શું કામ છે ?

**સમાધાન :** વસ્તુ સ્વપરપ્રકાશક સ્વભાવી છે. જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. એ પર છે એમ વ્યવહારે જાણે તો ખરો ને ! ખરેખર તો પર સંબંધીનું (જ્ઞાન) પોતાનું છે એને જાણે છે એ નિશ્ચય છે. આવો મારગ છે ભાઈ ! જયસેન આચાર્યે સંસ્કૃત ટીકામાં તો ત્યાં સુધી લીધું છે કે હેય કરવો પડતો નથી, હેય થઈ જાય છે. આ બાજુ જ્યાં ઢળે છે એટલે વ્યવહાર એમાં આવતો નથી, હેય થઈ જાય છે.

**"કેવો છે તે 'महः (જ્ઞાનમાત્ર આત્મા)'? "परमम्" ઉત્કૃષ્ટ છે. વળી કેવો છે 'महः'? अखण्डितम्" ખંડિત નથી-પરિપૂર્ણ છે."**

એ તો જ્ઞાનમાત્ર આત્મા છે. જાણગ... જાણગ... શક્તિ એવી ધ્રુવ જાણક શક્તિનું તે સત્ છે, તે તત્ત્વ છે અને તે **परमम्** ઉત્કૃષ્ટ છે. જેમાં એક સમયની પર્યાયનો પણ અભાવ છે એવો જ્ઞાનરસકંદ પ્રભુ ચૈતન્યસૂર્ય, ચૈતન્યના તેજનો પિંડ પ્રભુ એ જ આત્મા છે. વળી કેવો છે ? **महः अखण्डितम्** વસ્તુ ને એનો સ્વભાવ અખંડ એકરૂપ છે, ખંડિત નથી. આહાહા... એક સમયની પર્યાયમાં પણ એ આવતો નથી એવો ભગવાન અખંડ છે.

**"ભાવાર્થ આમ છે કે ઈન્દ્રિયજ્ઞાન ખંડિત છે; તે જો કે વર્તમાન કાળે તે-રૂપ પરિણમ્યો છે તો પણ સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન છે. વળી કેવો છે ? "अनाकुलं" આકુળતા રહિત છે."**

આ પાંચ ઈન્દ્રિયોથી જે જાણવું થાય એ તો ખંડ-ખંડજ્ઞાન છે. જ્ઞાન પોતાનું છતાં ઈન્દ્રિયથી જાણવું થાય એ ખંડજ્ઞાન છે, દોષવાળું છે. તો પર્યાયમાં ઈન્દ્રિયજ્ઞાનરૂપે

પરિણમ્યો છે તો પણ સ્વરૂપ અતીન્દ્રિયજ્ઞાન છે. વસ્તુ તો અતીન્દ્રિયજ્ઞાનમય છે.

આવો ઉપદેશ કઈ જાતનો હશે ? જિનેશ્વરનો જૈનધર્મ આવો હશે ? બાપુ ! જૈન ધર્મ તો આ છે. દુનિયાએ સાંભળ્યો નથી. જૈન નામ ધરાવ્યા પણ વાસ્તવિક જૈનપણું શું છે એની ખબર નથી. સ્વરૂપ તો અતીન્દ્રિયજ્ઞાન છે અને તે પણ આકુળતા રહિત છે. ત્રિકાળી વસ્તુ તો આકુળતા રહિત છે. કોઈ કહે કે બહુ જાણવામાં તો બહુ આકુળતા આવે ? પણ એ વાત અહીંયા નથી. અહીંયા તો જાણવું... જાણવું સ્વરૂપ છે તે અનાકુળ છે. જ્ઞાન અને આનંદ એનું સ્વરૂપ છે.

**"ભાવાર્થ આમ છે કે યદ્યપિ સંસાર-અવસ્થામાં કર્મજનિત સુખદુ:ખરૂપ પરિણમે છે તથાપિ સ્વાભાવિક સુખસ્વરૂપ છે"**

પર્યાયમાં-સંસારદશામાં સુખ એટલે સંસારી કલ્પના; આમાં સુખ છે એવી કલ્પના અને દુ:ખ-દ્વેષભાવ એ રૂપે જીવ પર્યાયમાં પરિણમે છે. સંસાર અવસ્થામાં સુખદુ:ખ થાય છે. તો પણ સ્વાભાવિક સુખ સ્વરૂપ છે. અનાકુળતાનો ખુલાશો કર્યો-સ્વાભાવિક સુખ આનંદ સ્વરૂપ છે. જેના અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ સડેલાં તરણાં જેવા લાગે એવું આત્માનું સુખસ્વરૂપ છે.

આહાહા... પાપ આડે નવરાશ મળે નહીં, સાંભળવા મળે નહીં. દુકાનના ધંધા, બાયડી, છોકરાં સાચવવા એ અમારી ફરજ છે, અમારે કરવું જોઈએ એમ રચ્યો-પચ્યો રહે છે. પણ ભાઈ ! એ ધર્મ તો નહીં પણ પુણ્યેય નહીં. મનુષ્ય ને દેવગતિ મળે એનાય ઠેકાણાં નથી. આહાહા... વસ્તુ ભગવાન આત્મા જ્યાં રાગથી રહિત છે ત્યાં બાહ્ય ચીજ મારી છે એ તો ભ્રમણા છે. એ ઊંધી માન્યતાના ભેખ પહેરીને ગાંડપણે-પાગલ થઈને રખડે છે. અહીં કહે છે ભલે સંસારમાં સુખ-દુ:ખરૂપે પરિણમે પણ વસ્તુ તો સુખરૂપ છે.

**"*+++ વળી કેવો છે ? "अन्तर्बहिर्ज्वलत्" (अन्तः) અંદર (बहिः) બહાર (ज्वलत्) પ્રકાશરૂપ પરિણમી રહ્યો છે. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ અસંખ્યાતપ્રદેશી છે, જ્ઞાનગુણ બધા પ્રદેશોમાં એકસરખો પરિણમી રહ્યો છે, કોઈ પ્રદેશમાં ઘટ-વધ નથી."**

અંદર ને બહાર પ્રકાશરૂપ પરિણમી રહ્યો છે, એટલે કે ધ્રુવમાં અને બહારમાં એની દશામાં વસ્તુ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. ભગવાન આત્મા અસંખ્યાત પ્રદેશી પહોળો છે. જેમ સોનાની સાંકળીમાં પાંચસો ને હજાર મકોળા લગાવે પણ સાંકળી આખી છે

તેમ આત્મા અસંખ્ય પ્રદેશી એક છે. એક એક પ્રદેશમાં અનંતગુણો છે. અસંખ્યપ્રદેશે અનંતાગુણો વ્યાપેલા છે. એ એનો દેશ છે. દેશમાં અનંતગુણો વ્યાપીને રહેલા છે. અસંખ્યપ્રદેશમાં જ્ઞાન એકરૂપ છે. કોઈ પ્રદેશે હીણો ને કોઈ પ્રદેશે અધિક એમ નથી. જ્ઞાનગુણ બધાં પ્રદેશોમાં એક સરખો પરિણમી રહ્યો છે. એક એક પ્રદેશમાં અનંતગુણનો અંશ છે. આખો ગુણ એક પ્રદેશમાં નથી. આખો ગુણ અસંખ્ય પ્રદેશમાં છે. એવા અનંતગુણો અસંખ્ય પ્રદેશમાં તિરછા છે એટલે વર્તમાન અક્રમે એકસાથે રહેલા છે.

**"વળી કેવો છે ? "सहजं" સ્વયંસિદ્ધ છે."**

કોઈ ઈશ્વરે આત્મા કર્યો છે એમ નથી. એ તો સ્વયં સિદ્ધ છે. એનો કોઈ કર્તા નથી. એ અનાદિ અસંખ્યાત પ્રદેશી અનંતગુણનો પિંડ સત્ સ્વયં સિદ્ધ વસ્તુ છે. સ્વયં નામ પોતાથી જ છે. જે ચીજ સ્વયં સિદ્ધ છે. તેને કરે કોણ ? અવસ્થા નવી હોય અને એ દ્રવ્ય એ અવસ્થાને કરે.

**"વળી કેવો છે ? "उद्विलासं" પોતાના ગુણ-પર્યાયે ધારાપ્રવાહરૂપ પરિણમે છે."**

અંદર ગુણોના ભેદો ધારા પ્રવાહે ભેદરૂપ ત્રિકાળ છે. અહા ! ભગવાન તો ગુણી એવું તત્ત્વ છે. આ અનાજ ભરેલી હોય તેને ગુણી કહેવાય છે. એ ગુણીમાં દાણા-ચોખા ભરેલા હોય છે. પણ ચોખા જુદા અને ગુણી-કોથળો જુદો. અને આ તો ગુણી પોતે અને અનંત ગુણનું રૂપ તે ગુણી. ગુણી એટલે દ્રવ્ય વસ્તુ. આ જ્ઞાન-દર્શન-આનંદ એ એના ગુણો.... તે ધારા પ્રવાહરૂપે રહ્યા છે.

**"વળી કેવો છે? "यत् (महः) सकलकालम् एकरसम् आलम्बते" (यत्) જે (महः) જ્ઞાનપુંજ सकलकालम् ત્રણે કાળ (एकरसम्) એક રસને અર્થાત્ ચેતનાસ્વરૂપને (आलम्बते) આધારભૂત છે."**

ત્યાં **उद्विलास** સંસ્કૃતનો જરા બીજો અર્થ કર્યો છે. ઉદ્ એટલે ઊર્ધ્વમાં બિરાજે છે. સિદ્ધ ભગવાન સુખનાં વિલાસને અનુભવે છે. પોતાના ગુણપર્યાયરૂપ ધારાપ્રવાહી પરિણમી રહ્યા છે. સિદ્ધ ભગવાન શું કરતા હશે ? કોઈને કાંઈ મદદ કરે કે નહીં ? કાંઈક મોટા થયા તો કોઈના કામ કરી દ્યે કે નહીં ? એની ભક્તિ કરે તો કાંઈ આપે કે નહીં ? આહા... ! એ તો પૂર્ણાનંદના નાથ એકલા અતીન્દ્રિય આનંદના અનુભવનો સ્વાદ લે છે. સિદ્ધભગવાન સિદ્ધાલયમાં બિરાજે છે. આ (આત્મા) પણ ઊર્ધ્વ એટલે વર્તમાન

રાગથી ભિન્ન પડેલો ભગવાન અંદર આનંદના વિલાસ સ્વરૂપ છે.

**महः** શબ્દ બધે ઠેકાણે છે. (મહઃ) એટલે જ્ઞાનપુંજ, જ્ઞાનનો ઢગલો એવી અંદર વસ્તુ છે. આ શાસ્ત્રનું જાણવું, દાકતરનું, વેપાર-ધંધાનું એ કાંઈ જ્ઞાન નથી, એ તો અજ્ઞાન-પરદશા છે. **सकल कालम् एकरसम् आलम्बते** આહાહા... જ્ઞાનપુંજ એકરસને અર્થાત્ ચેતનાસ્વરૂપને આધારભૂત છે.

અહાહા... અંદર અનંત આનંદ ને જ્ઞાન શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી લક્ષ્મીનો ભંડાર આત્મા છે. એ ભંડારને ખોલતો નથી ને રાગને-વિકારને ખોલે છે. ત્રણેકાળ ભગવાન એકરસને, ચેતના સ્વરૂપને આધારભૂત છે. એ રાગનો ને, પુણ્યનો ને વ્યવહારનો આધાર આત્મા નથી એમ કહે છે. દયા, દાન, વ્રતના પરિણામ કે પાપના પરિણામ ઉત્પન્ન થાય તેનો આધાર આત્મા નથી. સમજાણું કાંઈ... ? જ્ઞાનનો આધાર આત્મા એટલે ત્રિકાળ આત્મા જ્ઞાનમાં રહ્યો છે.

**''કેવો છે એક રસ ? ''चिदुच्छलननिर्भरं'' (चित्) જ્ઞાન (उच्छलन) પરિણમનથી (निर्भरं) ભરિતાવસ્થ છે.''**

'અવસ્થ' છે, અવસ્થા નહી હોં. ભરિતાવસ્થ એટલે જ્ઞાન ને આનંદથી ભરપૂર-ભરેલો સ્વભાવ છે. અરે ! પુણ્ય-પાપના ભાવ તો એમાં નથી પણ એક સમયની અવસ્થા પણ અહીં ન લીધી. એનો આત્મા આધારેય નથી અને એનો આધાર થતોય નથી. એકલો ચેતના સ્વભાવ તેનો આધાર છે અને એના આધારે વસ્તુ રહેલી છે. જ્ઞાનસ્થ સ્વભાવમાં રહેલી છે. આવો ઉપદેશ છે વીતરાગનો. હવે આ દયા પાળો ને વ્રત કરો, મંદિર બનાવો, પૂજા કરો ને ભક્તિ કરો. પણ ત્યાં ધૂળમાંય ધર્મ નથી. ધૂળમાંય એટલે ત્યાં પુણ્ય પણ સરખા નથી. આહાહા... ! સમ્યક્દષ્ટિને જે પુણ્ય બંધાય એવા પુણ્ય એને હોય નહીં.

જ્ઞાન પરિણમનથી **निर्भरं** નિર્ભર... ભર... ભર... ગાડામાં ઘાસનાં ભર હોય છે. એ તો ભર છે પણ આ આત્મા તો નિર્ભર. એટલે પૂરણ... પૂરણ... પૂરણ... ભગવાન આત્મા. પ્રભુ ! તેં તારી ચીજની કોઈ દિ' કિંમત કરી નથી અને ત્યાં સુધી એનું પરિભ્રમણ મટતું નથી. એ માણસ મટીને ઢોર થાય, ઢોર મરીને નરકમાં જાય, નારકી મરીને કીડા-કાગડા-કૂતરા થાય. આહા... એવા અનંતા ભવ કરી કરીને ઘાણીમાં પીલાઈ ગયો છે. પણ વિચારનો અવસર ન મળે કે મારું શું થશે ? અહીંથી હું કયાં જઈશ ? કેમ કે આત્મા છે એટલો કાળ શરીર નથી ને શરીરની સ્થિતિ જેટલો આત્મા નથી. આત્મા તો અનાદિ

અનંત છે, અનંત કાળ રહેશે. શરીરનો તો સંયોગ થઇને વિયોગ થાય. આત્માના કોઈ ગુણનો સંયોગ-વિયોગ ન થાય. એની નવી પર્યાયનો તો સંયોગ થાય એમ પંચાસ્તિકાયમાં આવે છે. આત્મા સ્વયંસિદ્ધ અનાદિ અનંત વસ્તુ છે. તેમાં શક્તિઓ-ગુણો પણ અનાદિ અનંત છે. આત્મા એ ગુણોથી ભરેલો-ભરિતાવસ્થ છે. એને જે ધર્મની નિર્મળ પર્યાય થાય તેને પણ સંયોગીભાવ કહેવામાં આવે છે. અને આ પુણ્ય-પાપના ભાવ તો સંયોગીભાવ છે જ. સમજાણું કાંઈ... ?

**"વળી કેવો છે એકરસ ? "लवणखिल्यलीलायितम्" (लवण) ક્ષારરસની (खिल्य) કાંકરીની (लीलायितम्) પરિણતિ સમાન જેનો સ્વભાવ છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે લવણની કાંકરી સર્વાંગેય ક્ષાર છે તેવી રીતે ચેતનદ્રવ્ય સર્વાંગેય ચેતન છે."**

મીઠાનો ગાંગડો એકલા ક્ષારરસથી ભરેલો હોય છે. ક્ષારરસને ગાંગડો કાંઈ જુદા નથી. ક્ષારરસનો આધાર ગાંગડી અને ગાંગડી ક્ષારરસથી ભરેલી છે. બસ તેવી રીતે ચેતન દ્રવ્ય આત્મા આખો સર્વાંગેય ચેતન છે. મીઠાની ગાંગડી સર્વાંગેય ચારે બાજુથી ક્ષારરસથી ભરેલી છે તેમ ભગવાન આત્મા-ચેતનદ્રવ્ય વસ્તુ ચેતનથી ભરેલા સ્વભાવવાળું છે.

આહા હા ... ! આ દુનિયાના અવતાર એકલા મજૂરીના રાગની મજૂરીના છે. અને એના ફળ તરીકે પાછા કીડે, કાગડે ને કૂતરે અવતરવાના. ભગવાન આત્મા અંતર વસ્તુ કોણ છે ? કેમ છે ? એની ખબર નથી.

ચેતન દ્રવ્ય સર્વાંગેય ચેતન છે. અસંખ્યપ્રદેશે ચેતન દ્રવ્ય, દ્રવ્યથી ચેતનદ્રવ્ય વસ્તુ અને ભાવ એ એનો ચેતન ભાવ, એમ સર્વાંગેય ચેતનભાવથી ભરેલો ભગવાન છે. એના ઉપર નજર કરવી, તેને દૃષ્ટિમાં લઇને એનો વિશ્વાસ કરી તેને અનુભવવો તેનું નામ ધર્મ છે બાકી બધી વાતો છે.

પ્રવચન નં. ૨૦, ૨૧ ચાલુ. તા. ૨૦-૬-'૭૭ થી ૨૧-૬-'૭૭

## કળશ-૧૫

### (અનુષ્ટુપ)

**एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः ।**
**साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम् ॥ १५ ॥**

ખંડાન્વય સહિત અર્થ : - ''**सिद्धिमभीप्सुभिः एषः आत्मा नित्यम् समुपास्यताम्**'' (**सिद्धिम्**) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષને (**अभीप्सुभिः**) ઉપાદેયપણે અનુભવનારા જીવોએ (**एषः आत्मा**) ઉપાદેય એવા પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યને (**नित्यम्**) સદા કાળ (**समुपास्यताम्**) અનુભવવો. કેવો છે આત્મા ? ''**ज्ञानघनः**'' (**ज्ञान**) સ્વ-પરગ્રાહકશક્તિનો (**घनः**) પુંજ છે. વળી કેવો છે ? ''**एकः**'' સમસ્ત વિકલ્પ રહિત છે. વળી કેવો છે ? ''**साध्यसाधकभावेन द्विधा**'' (**साध्य**) સકળ કર્મક્ષયલક્ષણ મોક્ષ. (**साधक**) મોક્ષનું કારણ શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ (**भावेन**) એવી જે બે અવસ્થા, તેમના ભેદથી (**द्विधा**) બે પ્રકારનો છે. ભાવાર્થ આમ છે કે એક જ જીવદ્રવ્ય કારણરૂપ પણ પોતામાં જ પરિણમે છે અને કાર્યરૂપ પણ પોતામાં જ પરિણમે છે, તેથી મોક્ષ જવામાં કોઈ દ્રવ્યાન્તરનો સહારો નથી, માટે શુદ્ધ આત્માનો અનુભવ કરવો જોઈએ.

## કલશ – ૧૫ : ઉપરનું પ્રવચન

**''''सिद्धिमभीप्सुभिः एषः आत्मा नित्यम् समुपास्यताम्'' (सिद्धिम्) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષને (अभीप्सुभिः) ઉપાદેયપણે અનુભવનારા જીવોએ (एषः आत्मा) ઉપાદેય એવા પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યને (नित्यम्) સદા કાળ (समुपास्यताम्) અનુભવવો.''**

'ણમો સિદ્ધાણં' એ સંપૂર્ણ કર્મનો ક્ષય થઈને પરમાત્મ દશા-સિદ્ધ દશા થાય તે સિદ્ધિ કહેવાય. તે અનુભવવા લાયક છે, પૂરણ પ્રાપ્તિ કરવા લાયક છે. તે કેવળજ્ઞાન ને મોક્ષ જે સિદ્ધપદ તેને ઉપાદેયપણે ક્યારે અનુભવે ? કે આત્મા આનંદસ્વરૂપ છે તેમાં આનંદનો અનુભવ કરે તેને મોક્ષનું ઉપાદેયપણું કહેવામાં આવે છે.

આ ચૈતન્યદ્રવ્ય ચૈતન્યથી ભરેલો ભગવાન તેને ધ્યેય બનાવીને જે અનુભવ કરે તે અનુભવી જીવ મોક્ષને ઉપાદેય તરીકે જાણે છે કેમ કે વર્તમાનમાં તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે. પૂર્ણ આનંદની પ્રાપ્તિ તે સાધ્ય અને ધ્યેય ભગવાન આત્મા છે. કર્મક્ષય લક્ષણ મોક્ષ થાય તેને આત્મલાભ કહેવાય. આ દિવાળીએ બારણા ઉપર લખે છે ને કે ''લાભ

સવાયા'' પણ એ તો ધૂળમાંય લાભ નથી. આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ તેની પૂરણ પ્રાપ્તિ મોક્ષ તે આત્મલાભ છે.

''પોતાના શુદ્ધ ચૈતન્ય દ્રવ્યને'' પોતાના કેમ કહ્યું ? કેમ કે ભગવાન તીર્થંકર કે કેવળી પણ નહીં, કારણ કે એ તો પરવસ્તુ છે. એના ઉપર લક્ષ જશે તો રાગ જ થશે. પુણ્ય થશે પણ ધર્મ નહીં થાય. પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરશે, તેનું ધ્યાન કરશે એને પણ શુભરાગ થશે પણ ધર્મ નહીં થાય.

''સદાકાળ અનુભવવો'' સદાકાળ કહ્યું. કોઈ કાળે રાગને સેવવો અને કોઈ કાળે આત્માને સેવવો એમ છે નહીં. વળી, કોઈ કાળે દયા-દાન-ભક્તિના પરિણામને સેવવા અને કોઈ કાળે આત્માને સેવવો એમ નહીં. એ પુણ્ય-પાપના પરિણામ આવે ત્યારે પણ સેવવો તો આત્માને જ. સમજાણું કાંઈ ?

**પ્રશ્ન :** પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યને સદાકાળ અનુભવવો એમ કહો છો તો પછી બાયડી છોકરાઓનું શું કરવું ? શું પાંજરાપોળે મૂકવા ?

**સમાધાન :** ભાઈ ! એ કે દિ' તારા હતાં ? એને કોણ રાખે ? એ તો જગતની પર ચીજ છે. એને કારણે આવી ને એને કારણે રહી છે. તારે ને એને શું સંબંધ છે ? તું જુદુ દ્રવ્ય અને એ જુદુ દ્રવ્ય જેનો એકબીજામાં અત્યંત અભાવ છે.

**પ્રશ્ન :** આવું તો બાવો થાય તો થાય !

**સમાધાન :** અત્યારે બાવો જ છે. પોતે એકલો જ છે. એને પર સાથે કાંઈ સંબંધ છે જ નહીં. શક્તિએ તો શું ? પર્યાયમાં પણ પરથી રહિત જ છે. અને પરમાં તારી પર્યાયનો અભાવ છે. લ્યો, આનું નામ જૈનધર્મનો ઉપદેશ છે. **(समुपास्यताम्)** સદાકાળ અનુભવવો, સમ્યક્ પ્રકારે ઉપાસના કરવી, સેવા કરવી. આ દેવ-દેવલાની સેવા કરે છે એ ભ્રમણાવાળા અજ્ઞાની મરી જવાના, બિચારા ચારગતિમાં રખડવાના. અહીં તો સાચા દેવ અરિહંત પરમાત્માની ભક્તિ કરવી એ પણ શુભરાગ છે, પુણ્યબંધનું કારણ છે. પાપથી બચવા એ ભાવ આવે, હોય, પણ છે હેય.

**''કેવો છે આત્મા ? ''ज्ञानघनः'' (ज्ञान) સ્વ-પરગ્રાહકશક્તિનો (घनः) પુંજ છે.''**

સ્વ ને પરને જાણવાની શક્તિનો સાગર છે. પરને પોતાનું માનવું એવું એના સ્વરૂપમાં નથી, વ્યવહાર રત્નત્રયનો રાગ એના સ્વરૂપમાં નથી અને તેમાંથી લાભ થાય

એમ માનવું એવું સ્વરૂપમાં નથી. એ તો સ્વપર પ્રકાશક ગ્રાહક શક્તિ છે. આત્મા ત્રિકાળી ચૈતન્ય દ્રવ્ય છે તેને જાણે, રાગ થાય તેને જાણે. જાણવાનું સ્વરૂપ છે.

આહાહા... જૈન ધર્મ તો એને કહીએ કે જેની દૃષ્ટિ ત્રિકાળી આનંદસ્વરૂપ ભગવાન આત્મા ઉપર સદાય પડી હોય, તેના ધ્યેયમાં સદા નિર્વિકલ્પ તત્ત્વ જ હોય, સદાય એને અનુભવે. કોઈપણ સમયે ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિનું ગૌણપણું ન થતાં સદાય તેનું મુખ્યપણું વર્તે છે તે જૈન છે.

કોઈની દયા પાળે કે હિંસા કરે કે પોતા સિવાયના બીજા પદાર્થને કાંઈ તારી શકે - મદદ કરે એવું એનું સ્વરૂપ નથી. દેશને, કુટુંબને કે બાયડી-છોકરાઓને નભાવી શકે એવો એનો સ્વભાવ નથી. એનામાં તો સ્વ-પરને જાણવાની શક્તિ છે. પરને જાણવું એમ કહેવું એ એક અપેક્ષિત વાત છે. આહાહા ... વીતરાગનો માર્ગ કેવો અપૂર્વ છે. અત્યારે તો સંપ્રદાયમાં બધે ગોટા ઉઠ્યા છે અને સાંભળનાર બિચારાને કાંઈ ખબર ન મળે !

**'ज्ञान'** એટલે સ્વ-પરને જાંણવાની શક્તિ અને **'घन'** એટલે જ્ઞાનનો પુંજ. આહાહા ... જેમ સૂર્ય પ્રકાશનો પુંજ છે તેમ આ દેહમાં પ્રભુ આત્મા એકલો જાણવાની શક્તિનો પુંજ છે. એવા ચૈતન્ય દ્રવ્યને દૃષ્ટિમાં લઈને અનુભવવો એનું નામ ધર્મ ને મોક્ષનો મારગ છે. અનુભવમાં આનંદની પ્રધાનતા છે. અતીન્દ્રિય આનંદનું વેદન આવવું તે અનુભવ, પણ અનુભવમાં ધ્યેય તો પૂરણ સ્વરૂપ ભગવાન આત્મા છે.

**"વળી કેવો છે ? "एकः" સમસ્ત વિકલ્પ રહિત છે."**

આહાહા ... એ શુભાશુભ રાગ ને પરનું કરવું એ વાતથી અને રાગથી તો ભિન્ન છે. પણ એમાં જ્ઞાન-દર્શન-ચારિત્રના ત્રણ ભેદ પાડવા એવા વિકલ્પથી એટલે ભેદથી પણ રહિત છે. સર્વજ્ઞ પરમેશ્વર સીમંધર તીર્થંકર મહાવિદેહમાં બિરાજે છે. ત્યાંથી આવેલી આ વાણી છે. એમાં અમૃતચંદ્ર આચાર્ય ટીકાકાર એ કહે છે કે વસ્તુ તો સમસ્ત વિકલ્પથી રહિત છે. આ એકનો અર્થ કર્યો. એક એટલે શુદ્ધ, શુદ્ધ એટલે એક અને એક એટલે અભેદ. અરે આવી વાત હજુ સમજવી કઠણ પડે તો પરિણમન કે દિ' કરશે ?

**"વળી કેવો છે ? "साध्यसाधकभावेन द्विधा" (साध्य) સકળ કર્મક્ષયલક્ષણ મોક્ષ. (साधक) મોક્ષનું કારણ શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ (भावेन) એવી જે બે અવસ્થા, તેમના ભેદથી (द्विधा) બે પ્રકારનો છે."**

મોક્ષ એટલે પૂરણ અતીન્દ્રિય અનંત આનંદનો લાભ, પરમાત્મપદ, સિદ્ધપદ અને તેનું કારણ, તેનો ઉપાય શુદ્ધોપયોગ લક્ષણ શુદ્ધાત્માનુભવ છે. હિંસા-જૂઠ-ચોરી-વિષય - ભોગ વાસનાના ભાવ એ તો પાપના ભાવ છે. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા આદિ એ પુણ્યના ભાવ તે બેય વિકાર છે. અંતર દ્રવ્યને અવલંબીને પુણ્ય પાપનાં વિકલ્પ-રાગથી ભિન્ન શુદ્ધોપયોગ પરિણમન થાય તે મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ...?

આહાહા ... આ ભગવાન પવિત્ર પ્રભુ જે પરમેશ્વર જિનેશ્વરે પ્રગટ કર્યો ને જોયો એવા પરમેશ્વર એમ કહે છે કે જેને મોક્ષની અભિલાષા છે એને માટે તો આત્માનો શુદ્ધ ઉપયોગથી અનુભવ કરવો એ ઉપાય છે. મોક્ષ પણ આત્માની એક અવસ્થા અને મોક્ષનો મારગ પણ આત્માની એક અવસ્થા, આત્મા ત્રિકાળી દ્રવ્ય-વસ્તુ એની બે અવસ્થા. એક અપૂર્ણ નિર્મળ દશા-શુદ્ધોપયોગ તે સાધક અને પૂરણ નિર્મળ દશા તે સાધ્ય.

હવે આખો દિ' દુનિયાના પાપના આડે બિચારાને નવરાશેય ન મળે. ધર્મ તો ક્યાંય રહ્યો પણ પુણ્યનાય ઠેકાણા ન મળે. બે-ચાર કલાક સાચું સાંભળે નહીં ને ચારેકોર પાપનું સાંભળે કે દયા પાળો, વ્રત કરવો, તપ કરો ને યાત્રા કરો, પણ એ બધું તો મિથ્યાત્વનું પોષણ છે. અને રાગની ક્રિયાને ધર્મ માને છે તેમાં તો મહામિથ્યાત્વ પોષાય છે. તેને જૂઠી દૃષ્ટિનું પાપ, સત્યથી વિરુદ્ધ અસત્ય મહાપાપ કહે છે. સમજાણું કાંઈ ?

''એવી જે બે અવસ્થા'' કઈ બે અવસ્થા ? આત્મા ત્રિકાળી વસ્તુની એક મોક્ષ અવસ્થા અને મોક્ષનો મારગ જે શુદ્ધોપયોગ તે પણ આત્માની એક અવસ્થા છે. અપૂર્ણ શુદ્ધ ઉપયોગ તે સાધક ને પૂર્ણ શુદ્ધઉપયોગ તે સાધ્ય અને ધ્યેય આત્મા.

આહાહા ... પરમાત્મા જેને આત્મા કહે છે તે આત્માની જેને હજુ ખબર નથી અને તે આત્મા કેમ પમાય ? તે રીતનીય ખબર નથી એવા જીવો મરીને ચોરાશી લાખ યોનિમાં રખડવાના છે. ભાઈ ! એક એક યોનિમાં અનંતવાર ઉપજ્યો છે. આત્મા નવો ક્યાં છે ? અનાદિનો છે ને ! ચારગતિમાં એણે એવા દુ:ખ વેઠ્યા છે કે જોનારને રુદન આવે. હવે એવા દુ:ખથી મુક્ત થવું હોય, સિદ્ધ પદ એટલે પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાનના લાભની દશા એવી સિદ્ધદશાની અભિલાષા હોય, તો ત્રિકાળી દ્રવ્ય જે વસ્તુ છે તેને ધ્યેયમાં લઈ, શુદ્ધોપયોગ લક્ષણ શુદ્ધાત્માનુભવ કરવો તે ઉપાય નામ સાધન છે અને તે

ધર્મ છે.

અહીં કહેવાનો આશય એમ છે કે વસ્તુ જે પોતે આત્મા ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ ! સત્ શાશ્વત વસ્તુ અંદર છે. એની શક્તિઓ પણ શાશ્વત ભેગી છે. એવી દ્રવ્યની અવસ્થા છે. અને તેનો શુદ્ધોપયોગ લક્ષણ શુદ્ધાત્માનુભવ મારગ પ્રગટવો એ પણ દ્રવ્યની એક અવસ્થા છે. દ્રવ્યની બે અવસ્થાઓ હાલત છે. પર્યાયથી દ્રવ્ય વસ્તુ ભિન્ન છે. સમજાણું કાંઈ !

જેમ આ મનુષ્યપણું છે તેની ત્રણ અવસ્થા છે. બાળકપણું, યુવાનપણું, વૃદ્ધપણું. મનુષ્યપણું તે તો મનુષ્યપણું છે. પણ એની ત્રણ અવસ્થા છે. એમ આ આત્મદ્રવ્ય છે એ વસ્તુ ત્રિકાળી છે. એની મોક્ષની દશા ને મોક્ષના મારગની દશા તે બે અવસ્થા છે. આ દશા પ્રગટ થવામાં પરદ્રવ્યનો સહારો કે મદદ નથી. તારું દ્રવ્ય જ એ અવસ્થારૂપે સ્વતંત્ર પરિણમે છે. આહાહા ... આ દ્રવ્ય શું હશે ? પૈસા હશે ? ભાઈ ! પૈસાનું અહીં શું કામ છે ? આ તો દ્રવ્ય એટલે ત્રિકાળી આત્મવસ્તુ જે અનંત અનંત શક્તિઓનો સંગ્રહાલય ગોદામ છે તેને લક્ષમાં લેતાં શુદ્ધાત્માનુભવ થાય છે. એ બંને અવસ્થા દ્રવ્યરૂપ નથી. આવો મારગ છે ભાઈ !

વેદી પ્રતિષ્ઠાનો શુભભાવ, પાપથી બચવા એવો ભાવ હોય છે. પણ એ પોતે પુણ્ય છે. એ કાંઈ મોક્ષનું કારણ નથી. એવો ભાવ તો સમકિતીને આવે પણ તે સમજે છે કે આ હેયભાવ છે, આદરણીય નથી. પણ આવ્યા વિના રહેતો નથી. આદરણીય તો એક શુદ્ધઉપયોગ લક્ષણ જે એક આત્માનો અનુભવ તે છે કે જે આનંદનો અનુભવ તેની મહોર છાપ છે.

સ્વ-પરગ્રાહક શક્તિનો પુંજ એવું જે દ્રવ્ય, તે બે અવસ્થારૂપે છે. એક એક લીટી સમજવી કઠણ. આ તો વીતરાગનું કહેલું છે. બીજા બધાએ તો કલ્પનાથી શાસ્ત્રો બનાવ્યા ને કલ્પનાથી જગતને હાંક્યું છે. આ તો પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માના વચનો છે. સંતો આડતિયા થઈને જગતને માલ આપે છે તેની શુદ્ધોપયોગથી કિંમત આંકીને મોક્ષમાર્ગ લેવાય છે.

**"ભાવાર્થ આમ છે કે એક જ જીવદ્રવ્ય કારણરૂપ પણ પોતામાં જ પરિણમે છે અને કાર્યરૂપ પણ પોતામાં જ પરિણમે છે,"**

ભગવાન આત્મા અંદર વસ્તુ અનાદિ અનંત ત્રિકાળી અવિનાશી દ્રવ્ય મોક્ષના

કારણરૂપે પણ પોતે જ પરિણમે છે. પણ કેમ કહ્યું ? કેમ કે કારણ ને કાર્ય બે કહેવા છે ને! ભગવાન આત્મા પવિત્રપિંડ પ્રભુ આનંદનો કંદ છે, અતીન્દ્રિય આનંદનો સાગર છે. એ જીવદ્રવ્ય કારણરૂપ-વીતરાગી પર્યાયપણે પોતામાં જ પરિણમે છે. ભાષા જુઓ! દયા-દાન-વ્રત-ભક્તિ-વ્યવહાર તે મોક્ષનું કારણ નથી, જીવદ્રવ્ય પોતામાં જ નિર્મળ અવસ્થાપણે થાય છે. એના શુદ્ધ પરિણમન માટે બીજા કોઈ વ્યવહાર આદિનો સહારો ને અપેક્ષા નથી, પરમેશ્વરની પણ તેમાં મદદ નથી કે તેની વાણીની પણ ત્યાં અપેક્ષા છે નહીં. આવી વાતો ભારે ભાઈ !

અહીં કહે છે કે મોક્ષના કારણને માટે લક્ષ્મીની જરૂર નથી, શરીરનીય અપેક્ષા નથી. જેને મનની અપેક્ષા નથી, દેવ-ગુરુ-શાસ્ત્રની અપેક્ષા પણ નથી, શુભરાગનીય અપેક્ષા નથી, આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે. અહા ! બધા આત્માઓ એવા છે. જીવદ્રવ્ય કારણરૂપ પણ પોતામાં જ છે. પોતામાં એટલે શુદ્ધપણે પોતામાં પોતે પરિણમે છે. આ બધા કાશીના ભણેલા પંડિતો કહે છે કે વ્યવહારથી થાય. નહીં તો એકાંત થશે. પણ ભાઈ ! વ્યવહારથી ન થાય તે એકાંત છે તે વાત સાચી છે, સમ્યક્ એકાંત છે અહા ! આટલુ સ્પષ્ટ કથન છે. આ કાંઈ સોનગઢનું શાસ્ત્ર નથી. આ તો ૨૦૦૦ વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય કહી ગયા. એનો અભિપ્રાય તો અનંતકાળથી ચાલ્યો આવે છે. અમૃતચંદ્ર આચાર્યે તેનો ખુલાસો કર્યો છે.

સિદ્ધપદની દશાના કારણરૂપે જીવદ્રવ્ય પોતે પરિણમે છે. દશામાં પવિત્રપણે પોતે થાય છે. તે પવિત્ર થવામાં બીજી ચીજની કોઈ અપેક્ષા છે નહીં. અરે ! આવું વાંચવા કે સાંભળવા મળે નહીં ને કહે કે ભગવાન આપી દેશે ? પણ ભાઈ ! તારી મુક્તિ ભગવાન પાસે હોય ? શું એ શક્તિ ભગવાન પાસે છે ? તારી શક્તિનું તત્ત્વ તું પોતે છે. અનંતજ્ઞાન ને આનંદ આદિ સચ્ચિદાનંદ પ્રભુ સહિતનું સત્ત્વ તો તું પોતે છો. એ શક્તિનો આશ્રય લઈને જે શુદ્ધોપયોગ થયો તે પુણ્ય-પાપના ભાવથી રહિત છે. અંદર શુદ્ધ વેપાર પ્રગટ થયો તે મોક્ષનું કારણ છે. અને તે કારણ પોતામાં પોતે પરિણમે છે.

‘‘અને કાર્યરૂપ પણ પોતામાં જ પરિણમે છે.’’ કાર્ય એટલે મોક્ષદશા-સિદ્ધપદ-ણમો સિદ્ધાણં. જે શરીર રહિત એકલો આત્મા રહે એને સિદ્ધ પરમાત્મા કહીએ. અને શરીર સહિત હોય, કેવળજ્ઞાન-ત્રણકાળનું જ્ઞાન હોય, અનંત આનંદ આવે તેને અરિહંત કહીએ. ઈચ્છા વિના જેની વાણી નીકળતી હોય, જેના શરીરની દશા નગ્ન હોય તે

અરિહંત પરમાત્મા છે.

ગઈકાલે કાગળ આવ્યો છે. તેણે લખ્યું છે કે મને કેવળજ્ઞાન થયું છે, ચાર ઘાતિકર્મનો નાશ કેમ થાય તે હું તમને શીખવીશ, કેવળજ્ઞાન પમાડવાની વાત કરીશ. મને ત્યાં સ્થાન આપો. આવી તો ભ્રમણા ! પાછા અમારા વખાણ કર્યા છે કે અત્યારે સાધુમાં તમે એક છો સુધારકવાદી. પણ ભાઈ ! અમે સાધુ નથી. અરે ! ભગવાન ! હજુ સમકિત કોને કહેવું ? એનું ધ્યેય શું ? દશા કોની કેવી હોય ? તેની ખબરું ન મળે બાપા ! આહાહા... સાધુપદમાં તો અંદરમાં પ્રચુર અતીન્દ્રિય આનંદ ઉછળી રહ્યો હોય છે. જેમ દરિયામાં પાણી ઉછળે ને કાંઠે ભરતી આવે એમ એની દશામાં અતીન્દ્રિય આનંદ ઉછળી રહ્યો હોય છે, બાહ્ય નગ્ન દશા હોય છે, વસ્ત્રનો કટકો પણ એને હોતો નથી. એવી દશાવંતને સાધુ-મુનિ કહીએ. સાધુ કેવા હોય એની ખબર નથી ને કહે કે કેવળી થઈ ગયા !

અહીં કહે છે કે મોક્ષના કારણપણે પણ હું પોતે જ પરિણમું છું. અહીં તો અત્યારે હું કેવળી છું એમ નથી કહેતાં પણ કાર્યરૂપે પરિણમનારો પણ હું - એટલું કહે છે. ભાઈ ! ન્યાયની કસોટીએ કસીને તત્ત્વ શું છે એનો નિર્ણય કરવો જોઈએ. એમ ને એમ માની લેવું એ કાંઈ ચીજ નથી.

આહાહા....આત્માની મુક્તિ થવામાં અનેરા દ્રવ્યની, અનેરા પદાર્થની, સાક્ષાત્ ત્રણલોકના નાથ તીર્થંકરની કે વજ્રવૃષભનારાચ સંહનનની-કોઈની કાંઈ જરૂર નથી.

પ્રવચન નં. ૨૧, ૨૨ તા. ૨૧-૬-'૭૭ થી ૨૩-૬-'૭૭.

શ્રી સમયસાર ગાથા ૭૨માં આસ્રવોનું અશુચિપણું વગેરે જાણીને આસ્રવોથી નિવર્તે છે-એમ જે કહ્યું છે તે નાસ્તિથી કથન આવ્યું છે. ખરેખર આસ્રવોને જાણતાં આસ્રવોથી નિવૃત્ત થાય જ નહિ; એ તો પર્યાયનું જ્ઞાન થયું. પર્યાયના જ્ઞાનથી આસ્રવથી નિવૃત્ત થાય જ નહિ. વસ્તુ ચૈતન્યધામ છે તેવી દૃષ્ટિ કરતાં જ આસ્રવથી નિવૃત્ત થાય છે. ૫૩૩.

-પૂ. ગુરૂદેવશ્રી

-દ્રવ્ય દૃષ્ટિ જિનેશ્વર પર્યાય દૃષ્ટિ વિનશ્વર

### કળશ-૧૬

### (અનુષ્ટુપ)

**दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम् ।**
**मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः ॥ १६ ॥**

ખંડાન્વય સહિત અર્થ : - **''आत्मा मेचकः''** **(आत्मा)** ચેતનદ્રવ્ય **(मेचकः)** મલિન છે. કોની અપેક્ષાએ મલિન છે ? **''दर्शन-ज्ञान-चारित्रैस्त्रित्वात्''** સામાન્યપણે અર્થગ્રાહક શક્તિનું નામ દર્શન છે, વિશેષપણે અર્થગ્રાહક શક્તિનું નામ જ્ઞાન છે અને શુદ્ધત્વશક્તિનું નામ ચારિત્ર છે - આમ શક્તિભેદ કરતાં એક જીવ ત્રણ પ્રકારે થાય છે, તેથી મલિન કહેવાનો વ્યવહાર છે. **''आत्मा अमेचकः''** **(आत्मा)** ચેતનદ્રવ્ય **(अमेचकः)** નિર્મળ છે; કોની અપેક્ષાએ નિર્મળ છે ? **''स्वयम् एकत्वतः''** **(स्वयम्)** દ્રવ્યનું સહજ **(एकत्वतः)** નિર્ભેદપણું હોવાથી;-આવો નિશ્ચયનય કહેવાય છે. **''आत्मा प्रमाणतः समम् मेचकः अमेचकः अपि च''** **(आत्मा)** ચેતનદ્રવ્ય **(समम्)** એક જ કાળે **(मेचकः अमेचकः अपि च)** મલિન પણ છે અને નિર્મળ પણ છે. કોની અપેક્ષાએ? **(प्रमाणतः)** યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાનની અપેક્ષાએ. તેથી પ્રમાણદૃષ્ટિએ જોતાં એક જ કાળે જીવદ્રવ્ય ભેદરૂપ પણ છે, અભેદરૂપ પણ છે. ૧૬.

### કલશ - ૧૬ : ઉપરનું પ્રવચન

**''''आत्मा मेचकः'' (आत्मा) ચેતનદ્રવ્ય (मेचकः) મલિન છે. કોની અપેક્ષાએ મલિન છે ? ''दर्शन-ज्ञान-चारित्रैस्त्रित्वात्'' સામાન્યપણે અર્થગ્રાહક શક્તિનું નામ દર્શન છે, વિશેષપણે અર્થગ્રાહક શક્તિનું નામ જ્ઞાન છે અને શુદ્ધત્વશક્તિનું નામ ચારિત્ર છે -''**

ત્રિકાળી ભગવાન આત્મા ચેતનદ્રવ્ય દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણપણે એટલે કે નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણે પરિણમે એ વ્યવહાર છે, મેચક છે, મલિન છે. શક્તિ ત્રિકાળ છે એ તો છે પણ અહીંયા પરિણમનની અપેક્ષાએ વાત છે. તે ત્રણ પ્રકારે પરિણમે છે તેનું જ્યાં લક્ષ કરવા જાય છે તો ત્યાં વિકલ્પ ઉઠે છે. તેથી ત્રણ પ્રકારનું જાણવું એ વ્યવહાર કહીને મેચક-મલિન કહ્યું છે, લક્ષ કરતાં એટલે એનું જ્ઞાન કરતાં વિકલ્પ ઉઠે છે એમ નહીં પણ એનો આશ્રય કરવા જાય તો વિકલ્પ રાગ ઉઠે છે. સમજાણું કાંઈ... ?

આહાહા... હજુ તો લોકોને બહારમાં વાંધા પડે ! જૈન ગેઝેટનાં લેખમાં આવ્યું છે કે પુણ્યનો ક્ષય તો ચૌદમે ગુણસ્થાને થાય છે. તેરમે ગુણસ્થાને કેવળી પણ રહિત થઈ શકતાં નથી. તો પછી તમે એકાંતવાદીઓ પહેલીથી ના પાડો છો - ક્ષયની વાત કરો છો? પણ ભાઈ ! અહીંયા ક્ષયની ક્યાં વાત છે ? પણ પુણ્ય છે તે રાગ છે - ભેદ છે, વિકલ્પ છે, અપરાધ છે, દષ્ટિમાં તેનો આદર ન હોવો જોઈએ એ વાત છે, થાય છે તેની ક્યાં ના છે !

ત્રણ પ્રકારના પરિણમનનું - ભેદનું જ્ઞાન ભેદને કારણે નહીં પણ સ્વ-પરપ્રકાશક પર્યાયનું સામર્થ્ય હોવાને લીધે પોતાના કારણે થાય છે. તે ભેદનું જ્ઞાન તથા અભેદનું જ્ઞાન સ્વતઃ પોતાની પર્યાયમાં પોતાના કારણે થાય છે.

**"શક્તિભેદ કરતાં એક જીવ ત્રણ પ્રકારે થાય છે"** અહીંયા શક્તિભેદનો અર્થ પરિણમન છે. ત્રિકાળી શક્તિનો ભેદ કરવો તે તો વ્યવહાર છે પણ અહીંયા તો જ્ઞાન-દર્શન-ચારિત્રનું પરિણમન થાય તે વ્યવહાર છે. આહાહા... રાગરૂપે થવું, પુણ્ય ને દયા-દાનના વિકલ્પરૂપે થવું એ તો તેનું સ્વરૂપ જ નથી. એ તો પરદ્રવ્યમાં જાય છે. પણ અહીંયા તો એકરૂપ ચૈતન્યદ્રવ્યને ત્રણપણે પરિણમેલો જોવો, કહેવો તે વ્યવહાર કહ્યો, મલિન કહ્યું, ઝીણી વાત છે બાપા !

સાતમી ગાથાના ઉપોદ્‌ઘાતમાં અમૃતચંદ્ર આચાર્યે કહ્યું કે **"दर्शनज्ञानचारित्रवत्त्वेनास्याशुद्धत्वमितिचेत्"** વસ્તુ એકરૂપ છે, એને ત્રણપણે - ભેદપણે કહેવી એ અશુદ્ધપણું થઈ જાય છે. આ કળશેય એમનો છે ને ! હવે કેટલાક પંડિતો રાડ પાડે છે કે એકાંત છે-એકાંત છે, વ્યવહારનો લોપ કરી નાખ્યો પણ ભાઈ ! આગળ કળશ-૧૫ માં આવી ગયું કે જીવદ્રવ્ય કારણપણે પણ પોતે પરિણમે છે અને કાર્યરૂપપણ પોતે પરિણમે છે. તેને મોક્ષમાર્ગપણે પરિણમવામાં પરદ્રવ્ય કે વ્યવહાર રત્નત્રયનો સહારો નથી, દ્રવ્યાંતરનો સહારો નથી માટે શુદ્ધ આત્માનો અનુભવ કરવો જોઈએ.

છઠ્ઠી ગાથામાં એમ કહ્યું કે એકલો જ્ઞાયકભાવ જે વસ્તુ છે તે જ દષ્ટિનો વિષય છે. વસ્તુ એટલી ને એવડી જ છે. તે શુભાશુભરૂપે પરિણમતો નથી, તે તો જ્ઞાનરસ-ચૈતન્ય સ્વભાવનો રસ છે. તે દયા-દાન-વ્રત-ભક્તિ કે કામ-ક્રોધના પરિણામરૂપ કેમ થાય ? ન થાય. એ તો ઠીક પણ સાતમી ગાથામાં એમ કહ્યું કે **"व्यवहारेणोपदिश्यते**

**ज्ञानिनश्चारित्रं दर्शनं ज्ञानम्**'' ભગવાન આત્માને સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ભેદ કરવા એ વ્યવહાર છે. પુણ્ય-પાપપણે ન થવું એ તો ઠીક પણ ત્રણ ભેદ પડે છે એ અશુદ્ધ છે.

**''સામાન્યપણે અર્થગ્રાહક શક્તિનું નામ દર્શન છે, વિશેષપણે અર્થગ્રાહક શક્તિનું નામ જ્ઞાન છે. અને શુદ્ધત્વ શક્તિ પરિણમનનું નામ ચારિત્ર છે - આમ શક્તિ ભેદ કરતાં એક જીવ ત્રણ પ્રકારે થાય છે''** જે સાતમી ગાથામાં કહ્યું હતું તે અહીં એમણે વધારે સ્પષ્ટ કર્યું છે. નિશ્ચયથી તો જ્ઞાયકપણું એકરૂપ છે તે વસ્તુ છે. આહાહા... નિમિત્તને ક્યાંય ઉડાવી દીધું, વિકારથી નિર્મળ પરિણમન થાય એ પણ ઉડાવી દીધું અને અહીં તો ત્રણ પરિણમન થાય એને ઉડાવી દીધું. કેમ કે તે વ્યવહાર છે અને પ્રભુ એકરૂપ છે ને! એકરૂપ છે તે સમ્યક્દર્શનનો વિષય છે. ત્રણરૂપ પરિણમવું તે સમ્યક્દર્શનનો વિષય અને ધ્યેય નથી-સમજાણું કાંઈ...?

આહાહા... ત્રિકાળી આનંદકંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ સ્વભાવથી ભરેલો છે. એમાં આ પર્યાયનો પણ અભાવ છે. રાગ, પુણ્ય ને નિમિત્ત તો ક્યાંય પૃથક રહી ગયા. અવ્યક્ત એવા ચૈતન્યદ્રવ્યમાં એક સમયની વર્તમાન નિર્મળ વ્યક્ત પ્રગટ પર્યાયનો અભાવ છે. અહીં કહે છે કે ભગવાન એકરૂપ છે એમાં ત્રણરૂપે પરિણમવાનો પણ અભાવ છે. આહાહા... આવી વસ્તુસ્થિતિ છે ભગવાને કાંઈ કરી નથી. ભગવાને તો જાણી હતી તેવી કહી છે, આમાં તકરાર શેની બાપુ! પ્રભુ! ઝઘડા શેના નાથ?

એકરૂપ ભગવાન તે ત્રણપણે પરિણમન થાય તેથી મલિન કહેવાનો વ્યવહાર છે. લોકોને આકરૂ પડે. શું થાય? અભ્યાસ નથી ને તે તરફના વલણનું વીર્ય નથી. બીજી બધી ગમે તે આવડત હોય, અગિયાર અંગ ને નવ પૂર્વ ભણ્યો પણ એ કાંઈ જ્ઞાન નથી, તે તો બંધનું કારણ છે, પરલક્ષી જ્ઞાન છે. બારઅંગનું જ્ઞાન મિથ્યાદષ્ટિને ન હોય, સમકિતને જ હોય, તો પણ છે એ વિકલ્પ ને ભેદ. શુદ્ધાત્માનુભૂતિવાળા જીવને બાર અંગનું જ્ઞાન હોય છતાં એમાં કાંઈ વિશેષતા નથી. શુદ્ધાનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેમ શાસ્ત્રમાં કહ્યું છે અને તે કર્યું છે તેથી એને શાસ્ત્ર ભણવાની કાંઈ અટક નથી. પ્રવચનસાર ગાથા-૩૪માં કહ્યું છે '**अलम्**' વિશેષ જ્ઞાનથી બસ થાઓ. અમે તો અમારા સ્વભાવનું દર્શન ને અનુભૂતિ કરીએ બસ એ કરવાનું છે. પર તરફનું વિશેષ જ્ઞાન હો કે ન હો એની સાથે કાંઈ સંબંધ નથી. આવું ભારે આકરું કામ ભાઈ!

ઘણા કહે છે કે સોનગઢવાળા નિશ્ચયાભાસી છે, એકાંત કરે છે, સાધુને માનતાં નથી પણ પ્રભુ ! સાંભળ ભાઈ ! કોઈને ખોટા પાડીને તમે જૂઠા છો એમ કહેવું નથી બાપુ ! એવા રાગ-દ્વેષ નથી. અહીં તો વીતરાગતા સિદ્ધ કરવી છે. અને વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ કહીએ છીએ. કોઈ વ્યક્તિ પ્રત્યે વેર-વિરોધ ન હોય. તેની ગમે તે પ્રકારની દૃષ્ટિ હોય પણ એના આત્મા પ્રત્યે દ્વેષ ન હોય. એ આત્મા છે, ભગવાન છે. ભૂલ એક સમયની છે. 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય છે એમાં એક સમયની પર્યાયમાં ભૂલ છે. પર્યાય ને પરની દૃષ્ટિ છોડીને જુએ તો એ ભગવાન છે અને એ ભગવાન પોતે ભૂલને ટાળશે. સમજાણું કાંઈ... ?

ભાઈ ! અમે તો કોઈની સાથે ચર્ચા કરતાં જ નથી. કેમ કે ચર્ચા ને વાદ-વિવાદે આ વાત બેસે તેવી નથી. લીંબડીમાં કહે કે તમારું આવું નામ ! તમારી આવી આબરૂ ને ચર્ચા કરવાની ના પાડો છો તો તમારા નામનું શું થાશે ? ભાઈ ! આબરું ને નામ ક્યાં હતાં અમારા ! છેવટે વાત કરતાં કરતાં એમ બોલ્યાં કે ચશ્મા વિના જ્ઞાન ક્યાંથી થાય ? અમે કહ્યું થઈ ગઈ ચર્ચા. બાપુ ! જ્ઞાનની પર્યાયનો સ્વકાળ છે તો તેને જ્ઞાન થાય એને પરદ્રવ્યની અપેક્ષા નથી. તે સમયની જ્ઞાનની પર્યાયની જન્મક્ષણ નામ ઉત્પત્તિનો કાળ છે, તેને ચશ્માની કે પરદ્રવ્યના સહારાની જરૂર નથી. વીતરાગ ત્રિલોકનાથને દેખે ને વાણી સાંભળે માટે અહીં જ્ઞાનની પર્યાય થાય છે એમ નથી. જ્ઞાનગુણની એ સમયની પર્યાય તેના ષટ્કારકથી થાય છે તેને નિમિત્તની તો અપેક્ષા નથી, દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી.

અરે ! અહીં ત્રણ ભેદ થાય તેને પણ તે સમયે જ્ઞાન જાણે. સ્વને જાણે ને પર્યાય ભેદને જાણે એવો જ્ઞાનની પર્યાયનો સ્વ-પરપ્રકાશક સ્વતઃ સ્વભાવ છે. ત્રણ ભેદને લઈને નહીં તેમ ત્રિકાળી તત્ત્વને લઈને પણ નહીં. પર્યાય પૂર્ણમાં પેસીને પૂર્ણનું જ્ઞાન કરે છે તેમ નથી તથા પૂર્ણનું જ્ઞાન કરતાં તે પર્યાયમાં પૂર્ણ તત્ત્વ આવી જાય છે તેમ નથી. પણ પૂર્ણ તત્ત્વનું જેટલું સામર્થ્ય છે તેનું જ્ઞાન પર્યાયમાં આવી જાય છે. સમજાણું કાંઈ... ?

આહાહા.... ભગવાન આત્માનો એકરૂપે-સ્વરૂપે સામાન્ય સદશ શુદ્ધ અભેદ એકરૂપ રહેવાનો સ્વભાવ છે. એવા એકરૂપ જીવને દર્શન-જ્ઞાન-ચારિત્ર સાચો મોક્ષમાર્ગ કે જે સ્વદ્રવ્યના આશ્રયે થયેલી પર્યાય-ત્રણ પ્રકારે કહેવો તે વ્યવહાર છે. વ્યવહાર છે માટે તેને અમે મલિન કહીએ છીએ. આ મેચકની વાત થઈ હવે અમેચકની વાત કરે છે.

**"आत्मा अमेचकः" (आत्मा) ચેતનદ્રવ્ય (अमेचकः) નિર્મળ છે; કોની**

**અપેક્ષાએ નિર્મળ છે ? ''स्वयम् एकत्वतः'' (स्वयम्) દ્રવ્યનું સહજ (एकत्वतः) નિર્ભેદપણું હોવાથી;-આવો નિશ્ચયનય કહેવાય છે.''**

ભગવાન આત્મા એકરૂપ વસ્તુ છે તે દ્રવ્ય છે, ત્રિકાળબિંબ, ચૈતન્યબિંબ, એકલો જ્ઞાનનો રસકંદ, ધ્રુવ પ્રજ્ઞાસ્વરૂપ ત્રિકાળ ચેતના સ્વભાવ ત્રિકાળ એકરૂપ છે તે નિર્મળ છે. કોની અપેક્ષાએ નિર્મળ છે ? ''**स्वयम् एकत्वतः**'' આહાહા... પહેલાં ત્રણપણું લીધું તું ને ! અહીં એકપણું છે. દ્રવ્યનું સહજ નિર્ભેદપણું હોવાથી વસ્તુ નિર્ભેદ, પર્યાયના ભેળસેળ વિનાની છે. જેમ એક દાણામાં બીજા દાણાની ભેળસેળ કરે છે ને ! તેમ ભગવાન આત્મામાં ભેદનું ભેળસેળ નથી. આહાહા... એ તો નિર્ભેદ ત્રિકાળી છે.

એકેન્દ્રિયની પર્યાયમાં હો, પંચેન્દ્રિયની પર્યાયમાં હો, પહેલા ગુણસ્થાને હો કે ચૌદમે ગુણસ્થાને હોય.... દરેક પર્યાયમાં વસ્તુ તો નિર્ભેદ જ રહી છે. એ ભેદ છે પણ ભેદ વખતે વસ્તુ તો આખી ત્રિકાળી ધ્રુવ જ પડી છે. ત્રિકાળી અવસ્થાયીમાં એ અવસ્થાઓનો અભાવ છે. સમજાણું કાંઈ...?

કોઈ કહે કે સભામાં આવું ને આટલું બધું ઝીણું ? પણ ભાઈ ! દ્રવ્યાનુયોગ મુખ્યપણે મોક્ષના માર્ગને બતાવે છે. માટે એ જ મુખ્યપણે સભામાં હોવું જોઈએ. મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે કે દ્રવ્યાનુયોગનો ઉપદેશ જ પહેલાં દેવો જોઈએ. આમ તો ચારે અનુયોગનો સાર વીતરાગતા છે. પંચાસ્તિકાય ૧૭૨ ગાથામાં છે કે ચારે અનુયોગ અર્થાત્ સર્વ શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગતા છે. તે વીતરાગતા કેમ પ્રગટે ? પર્યાય કે રાગના આશ્રયે ન પ્રગટે માટે નિર્ભેદ ને નિર્મળ કહેવામાં આવે છે.

અરે ! આ મારગ બીજે ક્યાં છે બાપા ! આવી પરમ સત્ય વાત કોઈ ભાગ્ય હોય તો કાને પડે. અને હા પાડવી એ તો અનંત પુરુષાર્થ છે. એમાં કાંઈ પુણ્યની જરૂર નથી. સાંભળવા યોગ્ય પુણ્ય પુરતું છે પણ અંદર શ્રદ્ધા કરવામાં એની જરૂર નથી, સાંભળેલા જ્ઞાનની પણ જરૂર નથી, પરલક્ષી જ્ઞાન પણ સ્વલક્ષ કરવા માટે મદદગાર નથી. અરે ! આઠ દિ' મધ્યસ્થતાથી સાંભળે તો એને કોઈ આગ્રહ ન રહે. ભાઈ ! આમાં વિદ્વત્તાનું કાંઈ કામ નથી. સમયસારમાં કહ્યું ને કે વિદ્વાનો નિશ્ચય તજી વ્યવહારમાં વર્તે છે. કુંદકુંદના વખતમાંય તેવા હતાં તો અત્યારે તો હોય ને ! અરે ! તેં વિદ્વાનપણું કરીને શું કાઢ્યું ? સ્વનો આશ્રય છોડીને વ્યવહારની વાતો કરવા માંડ્યો. પણ મુક્તિ તો નિશ્ચયનયાશ્રિત સંતોને છે. સમજાણું કાંઈ... !

બે પાંચ કરોડ રૂપિયા ને પૈસા એ તો અજીવ છે. એમાં તું નથી. એ તારામાં નથી. રાગમાં આત્મા નથી ને આત્મામાં રાગ નથી. અહીં તો કહે છે કે નિર્મળ પરિણતિમાં એક આવતો નથી ને એકમાં ત્રણ પરિણતિ આવતી નથી. આ રીતે અખંડાનંદ પ્રભુને પકડે ને એમાંથી જે જ્ઞાન થાય તે નિત્ય જ્ઞાન યથાર્થ જ્ઞાન છે. શાસ્ત્રના ભણતરથી જે જ્ઞાન થાય તે જ્ઞાન નહીં, તે પરાલંબી જ્ઞાન છે, બંધનું કારણ છે. અહા... ! ભગવાન અબંધસ્વરૂપ છે. એના આશ્રયે જે જ્ઞાન થાય તે અબંધ જ્ઞાન હોય.

**''आत्मा प्रमाणतः समम् मेचकः अमेचकः अपि च'' (आत्मा) ચેતનદ્રવ્ય (समम्) એક જ કાળે (मेचकः अमेचकः अपि च) મલિન પણ છે અને નિર્મળ પણ છે. કોની અપેક્ષાએ? (प्रमाणतः) યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાનની અપેક્ષાએ.''**

પહેલાં વ્યવહાર કહ્યો, પછી નિશ્ચય કહ્યો અને હવે બંને સાથે લઈને પ્રમાણ કહેશે. પ્રમાણમાં પણ નિશ્ચયનયનું જે અભેદપણું છે એને રાખીને ભેદને ભેળવે છે. નિશ્ચયને છોડી દઈને ભેદને ભેળવે તેનું નામ પ્રમાણ નથી. શું કીધું ? પ્રમાણજ્ઞાન બેય ને જાણે છે એટલે કે નિશ્ચયથી અભેદ છે એનું જ્ઞાન અને પર્યાયમાં પણ ભેદ પડ્યા એનું જ્ઞાન સાથે જ છે. નિશ્ચયને કાઢી નાખી અને પર્યાયના ભેદને ભેળવે તે પ્રમાણજ્ઞાન નથી જ્ઞાન જ નથી, આહાહા... એમાં પ્રમાણ પ્રમાણ ન રહે. નિશ્ચયનું જ્ઞાન પ્રમાણમાં છે જ, સાથે ત્રણ પ્રકારે પરિણમે છે એવા વ્યવહારને ભેળવ્યો માટે બેયનું એક સાથે જ્ઞાન કર્યું એનું નામ પ્રમાણ છે.

અહીં સાધકની વાત લેવી છે. કેવળીની વાત નથી લેવી. કેમ કે કેવળીને એકલું પૂર્ણજ્ઞાન થઈ ગયું છે. ત્યાં ક્યાં નય છે ? શ્રુતજ્ઞાનીને નય હોય છે. કેવળજ્ઞાન સદ્‌ભૂત વ્યવહારનો વિષય છે એ તો શ્રુતજ્ઞાની એમ જાણે છે પણ કેવળીને સદ્‌ભૂત વ્યવહારનય નથી. કેમ કે એ તો પૂરણ થઈ ગયા છે. આવું બધું ઝીણું છે ભાઈ ! આ તો વસ્તુની સ્થિતિ છે. આ કાંઈ સંપ્રદાય નથી, વસ્તુની જે રીતે મર્યાદા છે તે રીતે જાણવું તેનું નામ જૈનધર્મ છે.

**''વસ્તુ મલિન પણ છે ને નિર્મળ પણ છે. કોની અપેક્ષાએ ? યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાનની અપેક્ષાએ...''** એટલે નિશ્ચયનયનો ધર્મ પણ ગ્રહ્યો-જાણ્યો અને વ્યવહાર પરિણમન-ભેદને જાણે એનું નામ અનેક ધર્મ ગ્રાહક પ્રમાણ.

**''તેથી પ્રમાણ દષ્ટિએ જોતાં એક જ કાળે જીવદ્રવ્ય ભેદરૂપ પણ છે અને**

**અભેદરૂપ પણ છે''** સાધક છે ને ! તેથી ભેદનું પરિણમન છે, એકરૂપ પરિણમન પૂર્ણ કેવળી જેવું થઈ ગયું નથી. પ્રમાણદષ્ટિથી જોતાં એટલે દ્રવ્ય અને પર્યાય બંને એક સાથે જોતાં જીવદ્રવ્ય ભેદરૂપ પણ છે ને અભેદરૂપ પણ છે. ભાષા તો સાદી છે, બહુ આકરી નથી. સંસ્કૃત વ્યાકરણના મોટા જાણનાર હોય તો સમજાય એવું નથી. આ તો વસ્તુની સ્થિતિ છે.

પહેલાં અમે કહ્યું હતું કે ચેતન દ્રવ્ય નિર્મળ છે. કેમ કે દ્રવ્યનું સહજ નિર્ભેદપણું હોવાથી. અહીં પાછું કહ્યું કે જીવદ્રવ્ય ભેદરૂપ પણ છે ને અભેદરૂપ પણ છે, ત્રણ પ્રકારનું પરિણમન પણ હજુ છે. નિર્ભેદને રાખીને ભેદને ભેળવ્યો માટે પ્રમાણ કહેવામાં આવે છે.

પ્રવચન નં. ૨૩ તા. ૨૩-૬-'૭૭.

સમ્યગ્દર્શનનો વિષય ભલે અભેદ એક જ્ઞાયક છે, પણ જ્ઞાનપ્રધાન શૈલીથી જ્ઞાન અને જ્ઞેય-બંનેની યથાર્થ પ્રતીતિને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એકલા દ્રવ્યની અભેદ દષ્ટિ તે સમ્યગ્દર્શન - એ દર્શનપ્રધાન કથન છે. જ્યારે પ્રવચનસાર ગાથા-૨૪૨માં જ્ઞાનપ્રધાન શૈલીથી સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી છે.

-પ્રવચન રત્નાકર ભાગ-૧૧, પાનુ - ૫૬.

●

વાસ્તવમાં આનંદની જે પરિણતિ ઉઠે છે તે આનંદ ગુણમાંથી નહિ, દ્રવ્યમાંથી ઉઠે છે. સમ્યગ્દર્શનરૂપ નિર્મળ શ્રદ્ધાનની જે પરિણતિ ઉઠે છે તે શ્રદ્ધા ગુણમાંથી નહિ પણ દ્રવ્યમાંથી ઉઠે છે. શ્રદ્ધા પણ સમ્યગ્દર્શનરૂપે થયો એ તો ભેદકથન છે. પરમાર્થે ત્રિકાળી દ્રવ્ય જે ભગવાન આત્મા છે તે સમ્યગ્દર્શનરૂપે પરિણત થાય છે. આમ ગુણ પરિણમે છે એમ ન લેતાં દ્રવ્ય પરિણમે છે એમ લેવું પરમાર્થ છે. ભાઈ ! આ તો વીતરાગ ભગવાનનો માર્ગ !

-પ્રવચન રત્નાકર ભાગ-૧૧, પાનું - ૧૦૫.

## કળશ-૧૭

### (અનુષ્ટુપ)

**दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः ।**
**एकोऽपि त्रिस्वभावत्वाद्व्यवहारेण मेचकः ॥ १७ ॥**

ખંડાન્વય સહિત અર્થ : - "**एकः अपि व्यवहारेण मेचकः**" દ્રવ્યદૃષ્ટિથી જો કે જીવદ્રવ્ય શુદ્ધ છે તો પણ **(व्यवहारेण)** ગુણગુણીરૂપ ભેદદૃષ્ટિથી **(मेचकः)** મલિન છે. તે પણ કોની અપેક્ષાએ ? "**त्रिस्वभावत्वात्**" **(त्रि)** દર્શન-જ્ઞાન-ચારિત્ર, તે ત્રણ છે **(स्वभावत्वात्)** સહજ ગુણો જેના, એવું હોવાથી. તે પણ કેવું હોવાથી ? "**दर्शन-ज्ञान-चारित्रैः त्रिभिः परिणतत्वतः**" કેમ કે તે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ ગુણોરૂપે પરિણમે છે. તેથી ભેદબુદ્ધિ પણ ઘટે છે. ૧૭.

### કલશ - ૧૭ : ઉપરનું પ્રવચન

**"एकः अपि व्यवहारेण मेचकः" દ્રવ્યદૃષ્ટિથી જો કે જીવદ્રવ્ય શુદ્ધ છે તો પણ (व्यवहारेण) ગુણગુણીરૂપ ભેદદૃષ્ટિથી (मेचकः) મલિન છે."**

દ્રવ્યને દેખવાવાળી પર્યાય છે અને તેનો વિષય છે તે તો ધ્રુવ એકરૂપ છે. એકરૂપનો અર્થ અહીં ત્રિકાળ શુદ્ધ કર્યો. નિગોદ અવસ્થામાં હો કે મોક્ષમાર્ગની પર્યાય હો તો પણ તે પૂર્ણ શુદ્ધ છે. શુદ્ધતા ઘણી પ્રગટ થઈ તો દ્રવ્યમાં શુદ્ધતા ઓછી થઈ જાય ને નિગોદમાં અક્ષરના અનંતમા ભાગે પર્યાય હોય, પર્યાયમાં અશુદ્ધતા ઘણી થઈ તો દ્રવ્યમાં અશુદ્ધતા વિશેષ થઈ જાય તેમ નથી **(एकः अपि)** દ્રવ્ય તો શુદ્ધ એકરૂપ જ છે. પર્યાયમાં ગમે તેટલી મલિનતા હો કે ગમે તેટલી નિર્મળતા હો પણ વસ્તુ એકરૂપ એટલે શુદ્ધ રહે છે. કેવળજ્ઞાન ને કેવળદર્શન પ્રગટ થયું, તે શુદ્ધતા શુદ્ધમાંથી આવી માટે શુદ્ધતા ઘટી ગઈ તેમ નથી.

એકનો અર્થ અહીં શુદ્ધ કર્યો. શુદ્ધ આવે ત્યાં એક અર્થ કરે અને એક આવે ત્યાં શુદ્ધ અર્થ કરે તે તો વસ્તુની શૈલી છે. વસ્તુદૃષ્ટિથી જુઓ તો વસ્તુ એકરૂપ ત્રિકાળ શુદ્ધ છે. તો પણ **(व्यवहारेण)** વ્યવહાર નામ પર્યાયથી દેખો તો ગુણગુણીરૂપ ભેદથી મલિન છે. આહાહા... બહુ ટુંકી શૈલી કરી.

ભગવાન ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય એકરૂપ અને તેની પર્યાયમાં સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય થાય તો એ પર્યાયદૃષ્ટિથી એકરૂપ ન રહ્યું, અનેકરૂપ થયું. એકરૂપ છે તો એકાકાર છે અને ત્રણરૂપ છે તે અનેકાકાર છે. અનેકાકારદૃષ્ટિ કહો કે પર્યાયદૃષ્ટિ

કે વ્યવહારથી બધી એક જ વાત છે. ત્રિકાળ એકરૂપ શુદ્ધ દૃષ્ટિની અપેક્ષાએ ત્રણ પરિણામને દ્રવ્યની દૃષ્ટિમાં ગૌણ કરીને અસત્ પણ કહેવામાં આવ્યા છે. દ્રવ્ય શુદ્ધ એકરૂપ ચીજ છે એ અપેક્ષાએ ત્રણ પરિણામને વ્યવહાર કહીને, પર્યાયનો વિષય કહીને અસત્ કહેવામાં આવે છે.

અગિયારમી ગાથામાં ત્રિકાળી ભૂતાર્થ વસ્તુ જે સમ્યક્‌દર્શનનો વિષય છે તેને ભૂતાર્થ, સત્યાર્થ કહ્યો અને પર્યાયને અભાવ કરીને નહીં પણ ગૌણ કરીને અસત્યાર્થ કહી. અહીં ગુણ-ગુણીરૂપ ભેદ એમ લીધું છે ને ! ગુણ તો ત્રિકાળી એકરૂપ છે, શુદ્ધ છે અને ત્રણરૂપ પરિણમન છે તે પર્યાય છે. ગુણ શબ્દે પર્યાય સમજવી. મોક્ષનો માર્ગ સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ જે પર્યાય છે તે ત્રિકાળીની અપેક્ષાએ વ્યવહાર કહીને, પર્યાય કહીને ગૌણ કરીને અસત્યાર્થ ને મલિન કહી. આહાહા... મોક્ષમાર્ગની પર્યાય તે મલિન છે. બનારસીદાસ પરમાર્થવચનિકામાં કહે છે કે નિષ્ક્રિય દ્રવ્ય તે નિશ્ચય અને નિશ્ચય મોક્ષમાર્ગ તે વ્યવહાર છે.

ત્રણરૂપ પરિણમનને દેખવું-જાણવું તે પર્યાયનયનો વિષય છે. એકમાં ત્રણરૂપ પરિણમનનો ભેદ થયો તેને મલિન કહે છે. મલિન શા માટે કહ્યો ? કેમ કે ત્રિકાળ વસ્તુ એકરૂપ શુદ્ધ ને નિર્મળ છે. અને આ પર્યાય અનેકરૂપ, ભેદરૂપ છે તેથી તેને અશુદ્ધ ને મલિન કહ્યો. સાતમી ગાથામાં કહ્યું કે દર્શન-જ્ઞાન-ચારિત્ર તે છે તો આત્માના ધર્મ પણ તે ભેદ થયો અને તેનો આશ્રય કરવાથી વિકલ્પ જ ઉત્પન્ન થાય છે. તેથી ત્રિકાળીની અપેક્ષાએ વ્યવહાર કહી અશુદ્ધ કહ્યું છે. થોડીક ઝીણી વાત છે ભાઈ !

આહા.... ! દૃષ્ટિનો વિષય તો અભેદ એકરૂપ ત્રિકાળ શુદ્ધ છે. તે સદશ સ્વભાવમાં વિસદશભાવ નથી. આ નિશ્ચય મોક્ષમાર્ગ પણ ઉત્પાદ-વ્યયરૂપ છે. ઉત્પાદ તે ભાવરૂપ ને વ્યય તે અભાવરૂપ છે. તેથી ઉત્પાદ-વ્યયને વિરુદ્ધ કહ્યું છે અને ત્રિકાળી છે એ ધ્રુવરૂપ છે, અવિરુદ્ધ છે. તેમાં ઉત્પાદ-વ્યય છે નહીં.

સાતમી ગાથાના ભાવાર્થમાં કહ્યું છે કે ભેદને-ત્રણને જાણવાથી અશુદ્ધતા આવતી નથી પણ ભેદને જાણવાથી રાગી પ્રાણીને રાગ ઉત્પન્ન થાય છે. કેવળી લોકાલોકને જાણે છે, ઘણું જાણે છે, ભેદાભેદનું જાણવું તે કાંઈ રાગનું કારણ નથી, પણ રાગી પ્રાણી, અલ્પજ્ઞાની સાધક છે અને હજુ રાગ છે તો ત્રણ ઉપર લક્ષ જાય છે તો રાગી છે માટે રાગ ઉત્પન્ન થાય છે.

**"તે પણ કોની અપેક્ષાએ ? "त्रिस्वभावत्वात्" (त्रि) દર્શન-જ્ઞાન-ચારિત્ર, તે ત્રણ છે (स्वभावत्वात्) સહજ ગુણો જેના, એવું હોવાથી."**

સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે છે તો સ્વાભાવિક નિર્મળ પર્યાય પણ ત્રણ છે ને ! પહેલાં (**एक:**) ત્રિકાળ એકરૂપ છે, શુદ્ધ છે. તેની સામે (**त्रि**) અનેક છે તે પર્યાય છે એમ એકની સામે ત્રણ લીધા છે. દ્રવ્ય-પર્યાય ભેદરૂપ થઈ ગયા તે વ્યવહાર છે, મલિન છે. હવે આવું સાંભળવા મળવુંય મુશ્કેલ છે. હજુ તો જીવો ક્યાંય અટકયા છે કે વ્યવહાર કરતાં-કરતાં તો થાય ને ? પણ ભાઈ ! અહીંયા તો સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને વ્યવહાર કહ્યો. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું વિકલ્પવાળું જ્ઞાન તે વ્યવહારની વાત તો અહીંયા છે નહીં, એ તો અસદ્ભૂત વ્યવહાર છે. અહીંયા તો દ્રવ્યમાં પર્યાયનો ભેદ થાય છે કે જે સદ્ભૂત વ્યવહાર છે તેને મલિન કહેવાની વાત છે.

આહાહા... **एक:** તે દૃષ્ટિનો વિષય અને '**त्रिस्वभावात्**' ત્રણ તે પર્યાયનો વિષય. તે પર્યાય પણ છે. નથી એમ નથી. વેદાંતની પેઠે નથી એમ નથી. તેની અસ્તિ છે, શૂન્ય છે તેમ નથી. પણ ત્રણ રૂપ તે ભેદ થઈ ગયો. તે અપેક્ષાએ તેને વ્યવહાર કહીને, અશુદ્ધ કહીને મલિન કહી દીધું છે. લ્યો ! આવી વાત છે ! આવો માર્ગ બીજે ક્યાં છે ? વીતરાગ સિવાય, દિગંબર સંતો સિવાય ક્યાંય માર્ગ નથી. લોકોને દુ:ખ લાગે પણ શું થાય ભાઈ ! સત્યનો પ્રવાહ તો આ છે.

**"दर्शन–ज्ञान–चारित्रैः त्रिभिः परिणतत्वतः" કેમ કે તે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ ગુણોરૂપે પરિણમે છે. તેથી ભેદબુદ્ધિ પણ ઘટે છે."**

જુઓ આ ચોખ્ખુ લખ્યું છે કે જે દ્રવ્ય ત્રિકાળી વસ્તુ છે તેમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ગુણ-શક્તિના ભેદ કરવા તે અહીંયા નથી લેવું. અહીંયા તો દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન લેવું છે. ગુણભેદ પાડવા તે પણ વ્યવહાર છે. પણ તેની વાત અહીંયા નથી લેવી. અહીંયા તો (**परिणतत्वत:**) સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન લેવું છે. ગુણ શબ્દે પર્યાય અર્થ કર્યો..સમજાણું કાંઈ... ?

ઝીણી વાત છે ભગવાન ! આ કાંઈ કથા નથી, આ તો ભગવાન પરમેશ્વરના ઘરની વાત છે. પરમેશ્વર કેમ થવાય તે વાત છે. પરમેશ્વર એમ કહે છે કે '**परिणतत्वत:**' પરિણમે છે એટલે ભેદબુદ્ધિ પણ ઘટે છે, ત્રણરૂપ પરિણમન ઘટિત થાય છે. તે છે, નથી એમ નથી પણ તે વ્યવહારનયનો વિષય છે. અને ત્રિકાળ એકરૂપની અપેક્ષાએ

અસત્યાર્થ કહ્યો. પણ પોતાની પર્યાયની અપેક્ષાએ તે છે એમ ઘટિત થાય છે. અસત્યાર્થનો અર્થ નથી એમ નથી પણ ગૌણ કરીને અસત્યાર્થ છે. સમજાણું કાંઈ... ?

ભેદદષ્ટિથી દેખ તો વર્તમાન ત્રણભેદરૂપ છે. વ્યવહારનયનો વિષય છે, આકાશના ફૂલની જેમ તદ્દન અસત્ય છે તેમ નથી. ત્રણ ગુણરૂપે પરિણમે છે તેથી ભેદબુદ્ધિ પણ ઘટે છે.

પ્રવચન નં. ૨૪ ચાલુ. તા. ૨૪-૬-'૭૭.

ભૂતકાળની અનંતી પર્યાયો અને ભવિષ્યકાળની અનંતી પર્યાયો કે જે થઈ ગઈ છે અને જે હજુ થઈ નથી તે.પર્યાયો ખરેખર પ્રગટ નથી, વિદ્યમાન નથી, અવિદ્યમાન છે, છતાં કેવળજ્ઞાન તેને પ્રત્યક્ષ જાણતું હોવાથી તે પર્યાયો વિદ્યમાન છે, ભૂતાર્થ છે એમ જાણે છે. આહાહા ! ભૂત-ભાવિ પર્યાયો અવિદ્યમાન હોવા છતાં જ્ઞાનમાં સીધી જણાતી હોવાથી જ્ઞાનમાં વિદ્યમાન છે, ભૂતાર્થ જ છે એમ જાણે છે -એ જ્ઞાનની દિવ્યતા છે ! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે ! જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન છે, ભૂતાર્થ જ છે, તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે ? વસ્તુ સત્ છે ને ! વિદ્યમાન છે ને ! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને ! આહાહા ! જેની હયાતી નથી તેની હયાતી જાણે તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હયાત જ છે તેને જાણ ને ! ભાઈ ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં, જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ !

૧૧૯. -પૂ. ગુરૂદેવશ્રી

દ્રવ્ય દષ્ટિ જિનેશ્વર પર્યાય દષ્ટિ વિનશ્વર

## કળશ-૧૮

### (અનુષ્ટુપ)

**परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः ।**
**सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचकः ॥ १८ ॥**

ખંડાન્વય સહિત અર્થ : - "**तु परमार्थेन एककः अमेचकः**" (**तु**) પદ દ્વારા બીજો પક્ષ કયો છે તે વ્યકત કર્યું છે. (**परमार्थेन**) પરમાર્થથી અર્થાત્ શુદ્ધ દ્રવ્યદષ્ટિથી (**एककः**) શુદ્ધ જીવવસ્તુ (**अमेचकः**) નિર્મળ છે-નિર્વિકલ્પ છે. કેવો છે પરમાર્થ ? "**व्यक्तज्ञातृत्वज्योतिषा**" (**व्यक्त**) પ્રગટ છે (**ज्ञातृत्व**) જ્ઞાન માત્ર (**ज्योतिषा**) પ્રકાશ-સ્વરૂપ જેમાં એવો છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ-નિર્ભેદ વસ્તુમાત્રગ્રાહક જ્ઞાન નિશ્ચયનય કહેવાય છે. તે નિશ્ચયનયથી જીવપદાર્થ સર્વભેદરહિત શુદ્ધ છે. વળી કેવો હોવાથી શુદ્ધ છે ? "**सर्वभावान्तरध्वंसिस्वभावत्वात्**" (**सर्व**) સમસ્ત દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ અથવા જ્ઞેયરૂપ પરદ્રવ્ય એવા જે (**भावान्तर**) ઉપાધિરૂપ વિભાવરૂપ તેમનું (**ध्वंसि**) મેટનશીલ (મટાડવાના સ્વભાવવાળું) છે (**स्वभावत्वात्**) નિજ સ્વરૂપ જેનું, એવો સ્વભાવ હોવાથી શુદ્ધ છે. ૧૮.

### કલશ – ૧૮ : ઉપરનું પ્રવચન

**"तु परमार्थेन एककः अमेचकः" (तु) પદ દ્વારા બીજો પક્ષ કયો છે તે વ્યકત કર્યું છે. (परमार्थेन) પરમાર્થથી અર્થાત્ શુદ્ધ દ્રવ્યદષ્ટિથી (एककः) શુદ્ધ જીવવસ્તુ (अमेचकः) નિર્મળ છે-નિર્વિકલ્પ છે."**

પહેલો પક્ષ વ્યવહારનો કહ્યો. હવે બીજો પક્ષ કહેવા '**तु**' શબ્દ વાપર્યો છે. '**परमार्थेन**' ખરેખર, યથાર્થથી, વાસ્તવિકતાથી, શુદ્ધદ્રવ્યદષ્ટિથી જીવ વસ્તુ અમેચક છે.

આહાહા... ભગવાન આત્મા શુદ્ધ દ્રવ્યદષ્ટિથી ત્રિકાળ એકરૂપ છે. તેમાં દ્રવ્ય-પર્યાયના કે ગુણ-ગુણીના ભેદ પણ નથી. અલિંગગ્રહણ અઢારમા બોલમાં તો એમ કહ્યું કે "અર્થાવબોધ ગુણ વિશેષને આલિંગન નહીં કરતો થકો દ્રવ્ય છે." ગુણ-ગુણીના ભેદને દ્રવ્ય આલિંગન કરતું નથી એવું દ્રવ્ય છે. ૧૯મા બોલમાં "અર્થાવબોધરૂપ પર્યાય વિશેષ નહીં આલિંગન કરવાવાળું દ્રવ્ય છે. પર્યાયને દ્રવ્ય કયારેય અડતું નથી. તે માટે અહીંયા પર્યાયને વ્યવહાર કહ્યું અને ત્રિકાળને પરમાર્થ કહયું. સમજાણું કાંઇ... ? આવી

વાત છે ભાઈ ! ઝીણી તો પડે પણ વસ્તુ આ છે. એને સમજવી તો પડશે ને !

સ્વાધ્યાય મંદિરમાં ''દ્રવ્યદષ્ટિ તે સમકિતદષ્ટિ'' લખ્યુ છે ને ! તે વાંચીને એક ભાઈ કહે કે દ્રવ્ય એટલે પૈસો અને એની દષ્ટિ તે સમકિત દષ્ટિ. શું થાય ? બિચારાને ભાવની કાંઈ ખબર ન મળે ! અહીં કહે છે કે રાગ-દ્વેષ ને ભેદ સહિતને અશુદ્ધ દ્રવ્ય કહેવામાં આવે છે. તે રાગરૂપે પરિણમ્યો એ અપેક્ષાથી અશુદ્ધ દ્રવ્ય કહ્યું તો પણ ત્રિકાળી દ્રવ્ય અશુદ્ધ થયું છે એમ છે નહીં.

શુદ્ધ દ્રવ્યદષ્ટિથી **(एकक:)** શુદ્ધ જીવવસ્તુ નિર્મળ છે, નિર્વિકલ્પ છે. અશુદ્ધ પરિણમન હો તો પણ વસ્તુ તો ત્રિકાળ નિર્મળ જ છે. હવે લોકો કહે કે અશુદ્ધ પરિણમન હોય તો દ્રવ્ય અશુદ્ધ થઈ જાય છે. અરે ! ભગવાન એમ કયાં છે ? પ્રભુના વિરહ પડ્યા, પરમાત્માની હાજરી રહી નહીં અને પાછળ તમે આવી ઉલ્ટી વાત કરો છો ? ભગવાન તો અહીંયા કહે છે કે શુદ્ધ જીવદ્રવ્ય નિર્વિકલ્પ નિર્મળ છે. ચાહે નિગોદની અવસ્થા હો કે ચાહે સિદ્ધની પર્યાય હો પણ વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ છે. અને તે સમ્યક્‌દર્શનનો વિષય ને ધ્યેય છે. સમ્યક્‌દર્શનનું ધ્યેય સમ્યક્‌દર્શન નથી, કેમ કે તે તો પર્યાય છે. પર્યાયનું ધ્યેય પર્યાય નથી. સમજાણું કાંઈ... ?

૩૨૦ ગાથામાં કહ્યું કે પર્યાય પોતાને કેવી રીતે જાણે છે ? જ્ઞાની પોતાને કેવા જાણે છે ? કે ''સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય તે જ હું છું.''એમ પર્યાય માને છે. પર્યાય ''હું પર્યાય છું '' એવું નથી માનતી, ખંડ જ્ઞાન તે હું એમ ભાવતો નથી. જ્ઞાની ક્ષયોપશજ્ઞાન આદિની પર્યાય જે ખંડરૂપ તેની ભાવના કરતો નથી.

**''કેવો છે પરમાર્થ ? ''व्यक्तज्ञातृत्वज्योतिषा'' (व्यक्त) પ્રગટ છે (ज्ञातृत्व) જ્ઞાન માત્ર (ज्योतिषा) પ્રકાશ-સ્વરૂપ જેમાં એવો છે.''**

આહાહા... વસ્તુ તરીકે પ્રગટ છે. ૪૯ ગાથામાં પર્યાયને વ્યકત કરીને દ્રવ્યને અવ્યકત કહ્યું છે. અહીંયા તો દ્રવ્ય પોતે વ્યકત-પ્રગટ છે, અસ્તિરૂપ દ્રવ્ય છે. અવ્યકત કહ્યું તો નથી એવું નથી, એ તો દ્રવ્ય પર્યાયમાં આવ્યું નથી તે કારણે તેને અવ્યકત કહ્યુ છે પણ વસ્તુ તો પ્રગટ છે, ભૂતાર્થ, સત્યાર્થ, મોજુદ ચીજ છે. ધ્રુવ ચીજ ભગવાન આત્મા મોજુદ છે, પ્રગટ છે.

કેવી છે પ્રગટ વસ્તુ **'ज्ञानमात्र ज्योतिषा'** જેની જ્યોતિ જ્ઞાનમાત્ર છે. જ્ઞાનની

મુખ્યતાથી લીધું છે. બાકી છે અનંતગુણ.પણ જ્યોતિ લેવું છે ને ! પ્રકાશ લેવો છે ને ! તેથી જ્ઞાનમાત્ર જ્યોતિ લીધું છે. ભગવાન આત્મા તો જ્ઞાન સૂર્ય છે, જ્ઞાનપ્રકાશમય વસ્તુ છે. આ સૂર્યના પ્રકાશને આ પ્રકાશ છે એવી તેની અસ્તિની ખબર નથી. તેની ખબર અહીંયા (જ્ઞાનમાં) છે. હું જ્ઞાનજ્યોતિ છું અને આ બધું અજ્ઞાન છે એવું જ્ઞાનજ્યોતિ જાણે છે. સમજાણું કાંઈ... ?

**"ભાવાર્થ આમ છે કે શુદ્ધ-નિર્ભેદ વસ્તુમાત્રગ્રાહક જ્ઞાન નિશ્ચયનય કહેવાય છે. તે નિશ્ચયનયથી જીવપદાર્થ સર્વભેદરહિત શુદ્ધ છે. વળી કેવો હોવાથી શુદ્ધ છે?"**

ત્રિકાળ ભગવાન પૂર્ણાનંદનો નાથ એકરૂપ-શુદ્ધરૂપ તેને જાણવાવાળા જ્ઞાનને નિશ્ચયનય કહે છે. જ્ઞાનની પર્યાયમાં તે ચીજ આવતી નથી પણ પર્યાય તેને પૂર્ણ જાણે છે. ગ્રાહક એટલે જાણવાવાળી કહી. તે નય ત્રિકાળી દ્રવ્યમાં ઘૂસી જતી નથી તેમ ત્રિકાળી નયમાં આવતો નથી. માલ લેવા આવે તે ગ્રાહક તેમ આ નિશ્ચયનય ત્રિકાળીને જાણે છે એટલે કે ગ્રાહક છે. શુદ્ધ નિર્ભેદ વસ્તુમાત્રગ્રાહક જ્ઞાન નિશ્ચયનય કહેવાય છે.

તે નિશ્ચયનયથી જીવ પદાર્થ સર્વભેદ રહિત શુદ્ધ છે. દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય કે જે નિશ્ચય મોક્ષમાર્ગ છે તે પર્યાયથી પણ રહિત છે. દ્રવ્ય સર્વ ભેદથી રહિત છે તો પર્યાયથી પણ રહિત છે. ત્રિકાળી ભગવાન પરમાર્થ એકરૂપ સ્વરૂપની દૃષ્ટિ તેનું નામ સમ્યક્દર્શન છે. તે ધર્મનું કારણ છે. ધર્મ તો 'ચારિત્તં ખલુ ધમ્મો' ચારિત્ર એ ધર્મ છે અને 'દંસણ મૂલો ધમ્મો' તેનું મૂળ સમ્યક્દર્શન છે.

**''सर्वभावान्तरध्वंसिस्वभावत्वात्'' (सर्व) સમસ્ત દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ અથવા જ્ઞેયરૂપ પરદ્રવ્ય એવા જે (भावान्तर) ઉપાધિરૂપ વિભાવરૂપ તેમનું (ध्वंसि) મેટનશીલ (મટાડવાના સ્વભાવવાળું) છે (स्वभावत्वात्) નિજ સ્વરૂપ જેનું, એવો સ્વભાવ હોવાથી શુદ્ધ છે."**

દ્રવ્યકર્મ એટલે જડ રજકણો, ભાવકર્મ એટલે પુણ્ય-પાપના વિકારી પરિણામ અને નોકર્મ એટલે શરીર-વાણી, જ્ઞેયરૂપ પરદ્રવ્ય તે બધાથી રહિત છે. ભાવાન્તર શબ્દ છે ને !

એનો અર્થ કર્યો ઉપાધિરૂપ વિભાવભાવ, પોતાના ભાવથી અનેરા ભાવ. તેમનાથી (ध्वंसि) મેટનશીલ નામ રહિત છે. મેટનશીલનો અર્થ એનો નાશ કરવાવાળો છે. ખરેખર તો રાગનો નાશ કરવો એવો આત્માનો સ્વભાવ નથી. ૩૪ ગાથામાં આવ્યું ને કે રાગનો

ત્યાગ કરવો તે પણ પરમાર્થે નથી. રાગનો ત્યાગ કરવો તે પણ નામમાત્ર છે. આત્મામાં રાગ ક્યાં હતો તે ત્યાગ કરે ? એ તો સ્વરૂપમાં ઠર્યો તો રાગની ઉત્પત્તિ ન થઈ તો રાગનો ત્યાગ કર્યો એવું નામમાત્ર-કથનમાત્ર કહેવામાં આવે છે. ઝીણી વાતો બહુ ભાઈ ! અહીંયા (ધ્વંસિ) કહ્યું છે ને ત્યાં (૩૪ ગાથામાં) ના પાડી છે કે રાગનો ત્યાગ કરવો એમ છે નહીં, કથનમાત્ર છે.

દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ અને જ્ઞેયરૂપ પરદ્રવ્ય તેનો મેટનશીલ છે. હવે પરદ્રવ્યનો ક્યાં નાશ કરવો છે. પણ ધ્વંસિ એટલે તેમનાથી ભિન્ન છે. ભગવાન આત્મા તેનાથી રહિત છે. ઉપાધિરૂપ વિભાવભાવ તેનો મેટનશીલ છે.

ભગવાન આનંદકંદ પ્રભુ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ પરદ્રવ્ય તેનાથી રહિત છે. એવા દ્રવ્યને સમ્યક્દર્શનનો વિષય કહ્યો છે. તેને અહીં આત્મા કહ્યો, નિત્ય કહ્યો, ધ્રુવ કહ્યો, શુદ્ધ કહ્યો, નિર્ભેદ કહ્યો, સામાન્ય કહ્યો. સમજાણું કાંઈ... ? ભગવાન આત્મા પરના 'મેટનશીલ' અર્થાત્ તેમનાથી રહિત જ છે. લોકો કહે કે વ્યવહારથી નિશ્ચય થાય! ભાઈ ! પરાશ્રયની દિશા આમ અને તેને જવું સ્વદિશામાં આમ. એટલે કે પરદિશા કરે ને સ્વદિશામાં આવી શકે એ વાત જૂઠી છે.

હવે સરવાળો કરે છે કે આવો સ્વભાવ હોવાથી શુદ્ધ છે. જેમાં રાગ નહીં, પુણ્ય નહીં ને પાપ નહીં, અશુદ્ધતા જેમાં નથી. તેનું નામ આત્મા અને તે સમ્યક્દર્શનનો વિષય છે.

પ્રવચન નં. ૨૪ તા. ૨૪-૭-'૭૭.

મકાન મંદિર આદિ પુદ્‌ગલદ્રવ્યમાં વિસ્તરે છે-જાહેર કરે છે. ગલૂડિયું કૂતરીમાં વિસ્તરે છે-જાહેર કરે છે, આંગળી પકડીને ચાલતો છોકરો તે તેના બાપનો છે તેમ વિસ્તરે છે-જાહેર કરે છે, ધન-સંપત્તિ ધનવંતને જાહેર કરે છે. તેમ પુણ્ય-પાપના ભાવ, તીર્થંકરગોત્રનો ભાવ પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય જાહેર કરે છે-વિસ્તરે છે, ભગવાન ચિદાનંદ આત્માને તે પ્રસિદ્ધ કરતા નથી. ૪૮.

-પૂ. ગુરુદેવશ્રી-દ્રવ્ય દૃષ્ટિ જિનેશ્વર પર્યાય દૃષ્ટિ વિનશ્વર

## કળશ-૧૯

### (અનુષ્ટુપ)

**आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयोः ।**
**दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा ॥ १९ ॥**

ખંડાન્વય સહિત અર્થ : - ''**मेचकामेचकत्वयोः आत्मनः चिन्तया एवं अलं**'' આત્મા **(मेचक)** 'મલિન છે' અને **(अमेचक)** 'નિર્મળ છે' - આમ આ બંને નયો પક્ષપાતરૂપ છે; **(आत्मनः)** ચેતનદ્રવ્યના આવા **(चिन्तया)** વિચારથી **(अलं)** બસ થાઓ; આવો વિચાર કરવાથી તો સાધ્યની સિદ્ધિ નથી થતી **(एव)** એમ નક્કી જાણવું. ભાવાર્થ આમ છે કે શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં ઘણા વિકલ્પો ઊપજે છે; એક પક્ષથી વિચારતાં આત્મા અનેકરૂપ છે, બીજા પક્ષથી વિચારતાં આત્મા અભેદરૂપ છે- આમ વિચારતાં થકાં તો સ્વરૂપ-અનુભવ નથી. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિચારતાં થકાં તો અનુભવ નથી, તો અનુભવ ક્યાં છે ? ઉત્તર આમ છે કે પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતાં થકાં અનુભવ છે. તે જ કહે છે - ''**दर्शन-ज्ञान-चारित्रैः साध्यसिद्धिः**'' **(दर्शन)** શુદ્ધ સ્વરૂપનું અવલોકન, **(ज्ञान)** શુદ્ધ સ્વરૂપનું પ્રત્યક્ષ જાણપણું, **(चारित्र)** શુદ્ધ સ્વરૂપનું આચરણ-આવાં કારણો કરવાથી **(साध्य)** સકળ કર્મક્ષયલક્ષણ મોક્ષની **(सिद्धिः)** પ્રાપ્તિ થાય છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે. કોઈ પ્રશ્ન કરે છે કે આટલો જ મોક્ષમાર્ગ છે કે કંઈ અન્ય પણ મોક્ષમાર્ગ છે ? ઉત્તર આમ છે કે આટલો જ મોક્ષમાર્ગ છે. ''**न च अन्यथा**''**(च)** પરંતુ **(अन्यथा)** અન્ય પ્રકારે **(न)** સાધ્યસિદ્ધિ નથી થતી. ૧૯.

### કલશ – ૧૯ : ઉપરનું પ્રવચન

**''मेचकामेचकत्वयोः आत्मनः चिन्तया एवं अलं'' આત્મા (मेचक) 'મલિન છે' અને (अमेचक) 'નિર્મળ છે' - આમ આ બંને નયો પક્ષપાતરૂપ છે.''**

સોળમી ગાથાનો છેલ્લો કળશ છે. વીતરાગ પરમેશ્વરે કહેલ ધર્મ ઘણો સૂક્ષ્મ છે. ભાઈ ! અનંતકાળમાં પૂર્વે કદી સાંભળ્યો નથી એવો આત્માનો ધર્મ ઘણો સૂક્ષ્મ છે. અહીં પરદ્રવ્યની વાત તો છોડી દીધી પણ આત્મામાં અનંતગુણરૂપ શક્તિ છે તેનું વર્તમાનમાં દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમન થાય છે તે ત્રણનો વિચાર કરવો તે વ્યવહાર છે, અશુદ્ધ છે, મલિન છે. તે વિકલ્પનું કારણ છે. વિચારમાં રાગની ઉત્પત્તિ થાય છે.

આ મેચકનો અર્થ કર્યો.

હવે અમેચકની વાત કરે છે કે આત્મામાં ત્રણ પ્રકારનું પરિણમન નથી, તે તો એકરૂપ છે. એમ હું એકરૂપ છું તેવું ચિંતવન તે પણ વિકલ્પ છે. નયજ્ઞાન બે પ્રકારનું છે. એક વિકલ્પાત્મકનયનું જ્ઞાન અને એક નિર્વિકલ્પાત્મક નયજ્ઞાન. અહીં **'चिन्तया'** વિકલ્પાત્મક નયની વાત લીધી છે. સમજાણું કાંઈ... ?

આ શરીર તો જડ-માટી-ધૂળ છે. અંદર આત્મા છે તેના બે પ્રકાર છે. સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર તે ત્રણ પ્રકારની દશા થાય છે એવો વિચાર કરવો તે વ્યવહારનો વિકલ્પ છે અને નિર્મળ છે. અર્થાત્ ત્રિકાળી એકરૂપ ચૈતન્ય જે અભેદ છે તેવો વિચાર કરવો તે પણ એક વિકલ્પ છે, રાગ છે. આ તો અધ્યાત્મના સિદ્ધાંત છે ભગવાન ! સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર દેવ કહે છે તે અંતરની વાતો અનંતકાળમાં એક સમય પણ રુચી નથી કે ભગવાન શું કહે છે ને કઈ પદ્ધતિથી કહે છે ?

સમ્યક્‌દર્શનનો વિષય છે તો અભેદ પણ હું અભેદ છું એવું ચિંતવન-વિકલ્પ ઉઠાવવો તે પણ બંધનું કારણ છે. આહાહા... આવો મારગ પ્રભુનો બાપુ ! અરે ! અનંતકાળથી ચોરાશીના અવતારમાં, એક એક યોનિમાં અનંત અવતાર કરીને થોથા નિકળી ગયા છે. અને વર્તમાનમાં પોતાનું ભાન ન મળે ને જ્યાં જન્મ્યો ત્યાં આ શરીર તે જ હું છું તેમ માન્યું પણ મારી ચીજ કોણ છે ? મારામાં શું ભર્યું છે ? અને પરમેશ્વર એ ચીજને કઈ રીતે નિર્મળ કહે છે એ એને કદી વિચારમાં પણ લીધું નથી.

ક્રિયાકાંડ, દયા-દાન-વ્રત-તપ-ભક્તિ ને પૂજા તે ભાવ તો શુભરાગ છે, તે કાંઈ ધર્મ નથી. અહીં તો કહે છે કે હું નિર્મળ એકરૂપ છું એવો વિકલ્પ કરવો તે પણ ધર્મ નથી. હું ત્રણ પ્રકારરૂપ થાઉં તે વિકલ્પ તો છોડી દે પણ હું એકરૂપ ચિદાનંદ ભગવાન સર્વજ્ઞ છું, જ્ઞાનનો પિંડ, આનંદનો સાગર પ્રભુ છું તેવો વિકલ્પ તે રાગ છે, તે ચિંતા છે. આમ બંને નયો પક્ષપાતરૂપ છે.

વળી 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની' કહ્યું ત્યાં વિકલ્પની વાત નથી. ત્યાં તો ત્રિકાળી જ્ઞાયક સ્વભાવનો આશ્રય લઈને અનુભવ કરે તે વાત છે. પણ અહીંયા તો એવા ચિંતવનનો-નયપક્ષપાતનો વિકલ્પ છે. અન્યમતિમાં કહે છે કે 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરના કામ ત્યાં' એમ અહીં કહે છે 'પ્રભુનો માર્ગ છે વીરાનો' વીતરાગ-પરમાત્માનો માર્ગ વીરાનો છે. કાયર-પામરના એ માર્ગ નથી.

અહીં તો ત્યાં સુધી લીધું છે કે પરદ્રવ્યનું કરવું ને પરદ્રવ્યનું કરાવવું એ તો આત્મામાં છે નહીં કેમ કે આત્મા પરનું કાંઈ કરી શકે એ વાત ત્રણેકાળ જૂઠી છે. હવે રહી વાત પોતામાં કરવાની. હું ત્રણ પરિણતિરૂપ ત્રણ પ્રકારે છું અને એકરૂપ છું એવા વિકલ્પનું કરવું એ કર્તાબુદ્ધિ-મિથ્યાબુદ્ધિ છે. ઝીણી વાત છે ભાઈ ! અત્યારે આવું સાંભળવા મળવુંય મુશ્કેલ પડી ગયું છે.

ચેતનદ્રવ્યના આવા વિચારથી **अलं** બસ થાઓ. આવા જે વિકલ્પ ઉઠે છે તે રાગથી બસ હો ! હું એકરૂપ છું કે અનેકરૂપ છું એવા પક્ષપાતનો વિકલ્પ સમ્યક્દર્શનનું કારણ નથી. સમજાણું કાંઈ... ? પ્રભુ ! **अलम्** હું તો ચૈતન્ય આનંદ છું એવો અનુભવ કરો.

ભગવાનને વીતરાગતા, અનંતજ્ઞાન, અનંતઆનંદ પ્રગટ થયો તે ક્યાંથી આવ્યો? શું તે ચીજ બહારથી આવે છે ? અંતર શક્તિમાં પડી છે તેમાંથી આવે છે. જેમ લીંડી પીપર છે તે કદે નાની, રંગે કાળી અને તિખાશથી પૂરી ભરેલી છે. તે ચોસઠ પોરી તિખાશ ક્યાંથી આવી ? ઘૂંટવાથી આવી ? ઘૂંટવાથી આવે તો કોલસા ને પથ્થરને ઘૂંટવાથી આવવી જોઈએ ? તેમ ભગવાન આત્મા ચૈતન્ય આનંદ ને શક્તિનો ભંડાર, તે તો અનંતગુણનું ગોદામ છે. ઘઉંના ગોદામ, ચોખાના ગોદામ તો સાંભળ્યા છે. પણ આ કોઈ દિ' સાંભળ્યું નથી કે પ્રભુ ! આત્મા અંદર શક્તિએ અનંતગુણનું ગોદામ છે.

હું આવો છું.... હું એકરૂપ છું... હું અભેદ છું... તેવી રાગની-વિકલ્પની વૃત્તિ ઉઠે છે તે પણ બસ થાઓ. બીજા વિકલ્પોની વાત તો શું કરવી ! પણ આવા રાગથી પણ મને કાંઈ લાભ નહીં થાય, સાધ્યની સિદ્ધિ નહીં થાય. સાધ્ય નામ મોક્ષ, પરમાનંદ સિદ્ધ દશા. હું નિર્મળ છું, હું અખંડ છું એવા વિકલ્પથી પણ સાધ્ય નામ મુક્તિનો ઉપાય થતો નથી તો બહારની ક્રિયાકાંડથી મુક્તિ થાય તે વાત ક્યાં રહી ?

ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. પ્રભુ ! સર્વજ્ઞ પરમાત્મા કહે છે.

પ્રભુ તુમ જાણક રીતિ સૌ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.

હે નાથ ! હે પરમેશ્વર ! આપ સર્વ જગત અર્થાત્ ત્રણ કાળ ત્રણ લોકને દેખો છો. જગતમાં આત્મા છે તેની સત્તા આપ કેવી જુઓ છો ? "નિજ સત્તાએ શુદ્ધ" આહાહા... પોતાનું હોવાપણું નિજ સત્તાએ શુદ્ધ, પવિત્ર ને આનંદકંદ છે. હે નાથ !

અમારા આત્માને આપ એ રીતે જુઓ છો. તો ભગવાને જે રીતે આત્માને દેખ્યો તે રીતે અંદરમાં વિકલ્પરહિત દેખે તો તેને સમ્યક્દર્શન ધર્મ થાય. આહાહા... આવો માર્ગ છે ભાઈ !

**''(आत्मनः) ચેતનદ્રવ્યના આવા (चिन्तया) વિચારથી (अलं) બસ થાઓ; આવો વિચાર કરવાથી તો સાધ્યની સિદ્ધિ નથી થતી (एव) એમ નક્કી જાણવું. ભાવાર્થ આમ છે કે શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં ઘણા વિકલ્પો ઊપજે છે.''**

ભાષા જુઓ ! એક બાજુ એમ કહે કે શ્રુતજ્ઞાનથી આત્માનું જ્ઞાન થાય છે. શ્રુતજ્ઞાન એટલે ભાવશ્રુતજ્ઞાન કે જેમાં વિકલ્પ રહિત આત્માનો અનુભવ થાય છે, આત્માનો સ્વાદ આવે છે. કર્તાકર્મ અધિકાર ૧૪૩-૧૪૪ ગાથામાં આવ્યું કે શ્રુતજ્ઞાનને અંતરમાં વાળવું, ત્યાં વિકલ્પથી રહિત કહ્યું છે. અહીંયા શ્રુતજ્ઞાન વિકલ્પવાળું લીધું છે. શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં ઘણાં વિકલ્પ ઉત્પન્ન થાય છે, રાગની વૃત્તિઓ ઉઠે છે. અને ભગવાન આત્મા તો અંતર નિર્વિકલ્પ સ્વરૂપ છે.

**''એક પક્ષથી વિચારતાં આત્મા અનેકરૂપ છે, બીજા પક્ષથી વિચારતાં આત્મા અભેદરૂપ છે-આમ વિચારતાં થકાં તો સ્વરૂપ-અનુભવ નથી.''**

એક પક્ષથી દેખે તો સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમન નામ અવસ્થા છે, આત્મા અનેકરૂપ છે. અને બીજા પક્ષથી વિચારતાં એટલે કે એકપણાનો વિચાર કરતાં આત્મા અભેદરૂપ છે. આ બંને વિચાર-વિકલ્પમાં સ્વરૂપ અનુભવ થતો નથી. ભગવાન આત્માનું સ્વરૂપ અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ છે. તે આત્માના આવા વિકલ્પ-રાગ કરવાથી સ્વરૂપનો અનુભવ થતો નથી. આવી વાત છે. આકરું લાગે પણ શું થાય ભાઈ ! હું એક છું તેવા પક્ષપાતના વિચારથી પણ બસ થાઓ. તેનાથી મારી સિદ્ધિ થતી નથી.

**''અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિચારતાં થકાં તો અનુભવ નથી, તો અનુભવ કયાં છે ? ઉત્તર આમ છે કે પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતાં થકાં અનુભવ છે.'**

આહાહા.... ઝીણી વાત છે પ્રભુ ! આત્મા અતીન્દ્રિય આનંદમયી છે. ઇન્દ્રિયોમાં આનંદ માને, વિષયમાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, પૈસામાં સુખ છે એમ માનનાર મૂઢ છે, મિથ્યાત્વ-ભ્રાંતિની દશા છે. અહીં કહે છે આત્મામાં અતીન્દ્રિય આનંદ છે, હું આવો છું, હું એક છું, અનેક છું એવા રાગ-વિકલ્પને છોડીને સ્વસ્વરૂપની સન્મુખ થઈને

અતીન્દ્રિય આનંદનું વેદન આવે તેનું નામ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને ધરમ છે. સમજાણું કાંઈ... ? હવે આવી વાતો બાપુ ! સાંભળવીય મુશ્કેલ પડે !

પરમાત્મા જિનેશ્વરદેવ કહે છે પ્રભુ ! એકવાર સાંભળ તો ખરો કે અનુભવ કેમ થાય છે ! પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતાં એટલે કે મનથી નહીં, રાગથી નહીં, દેવ-ગુરુની વાણીથી નહીં પણ નિર્મળ પર્યાય દ્વારા તેનું વેદન થવું તેનું નામ પ્રત્યક્ષ. આત્મામાં એક પ્રકાશ નામની શક્તિ છે. જેમ સર્વજ્ઞત્વ, સર્વદર્શિત્વ, સ્વચ્છત્વ, જ્ઞાન, આનંદ છે તેમ પ્રત્યક્ષ પ્રકાશ નામની શકિત છે. તેનો અર્થ શું ? જે પ્રત્યક્ષ સ્વસંવેદનમાં આવે તે પ્રત્યક્ષ છે. સ્વ એટલે આનંદસ્વરૂપ તેનું સમ્ નામ પ્રત્યક્ષ વેદન થવું તે ધર્મ છે. પ્રત્યક્ષરૂપથી વસ્તુને આસ્વાદતાં થકાં અનુભવ છે. અહીં ત્રણ શબ્દ લીધા. આહાહા...! ભગવાન અંદર આત્મા પદાર્થ છે તે આનંદસ્વરૂપ છે. તેને પ્રત્યક્ષ એટલે રાગ ને નિમિત્તની અપેક્ષા વિના અનુભવે-આસ્વાદે છે. વસ્તુ છે તે ત્રિકાળ છે અને તેને પ્રત્યક્ષરૂપથી આસ્વાદવો તે પર્યાય છે. સમજાણું કાંઈ... ?

પ્રશ્ન : ત્રણરૂપે પરિણમન થવું તે પણ ભેદ છે, ત્રણનો વિચાર કરવો તે વિકલ્પ છે. તો ત્રણનું સેવન કરવાનું કેમ કહ્યું ?

સમાધાન : લોકો પર્યાયથી સમજે છે તેથી પર્યાયથી વાત કરી છે. બાકી વસ્તુ જે ત્રિકાળી છે તેની સેવના કરવાની છે. પ્રભુ ! ચૈતન્યમૂર્તિ, ચૈતન્યપ્રકાશનું તેજ ને આનંદનું પૂર એવો ભગવાન અંદર બિરાજે છે. ત્યાં હું આવો છું અને આવો નથી એવા વિકલ્પથી કાંઈ કાર્ય સિદ્ધ થતું નથી, એવા વિકલ્પથી બસ થાઓ. પ્રત્યક્ષરૂપથી વસ્તુને આસ્વાદતાં.... આહાહા... ગજબ કામ છે ને ! ભગવાન આત્માના વિકલ્પ-રાગ જે છે તેની અપેક્ષા છોડી દે. પોતાની જ્ઞાનની પ્રત્યક્ષ વર્તમાન પર્યાયમાં પોતાનો આત્મા પ્રત્યક્ષ થાય છે. તેમાં પરની અપેક્ષા નથી.

આ સાકરનો સ્વાદ, કેળાનો સ્વાદ, ગોળનો સ્વાદ એ બધી જૂઠી વાત છે. સાકરનો સ્વાદ કોણ લ્યે ? સાકર તો જડ છે ને ભગવાન આત્મા તો અરૂપી છે. તેને સાકરનો સ્વાદ અડતોય નથી.સાકર ઉપર લક્ષ જતાં આ ઠીક છે એવો રાગ કરે છે તે રાગનો સ્વાદ આવે છે. તેવી રીતે સ્ત્રીના શરીરને અડતોય નથી-ભોગવતોય નથી. આ શરીર સુંદર છે, આવું છે, તેવું છે એવી કલ્પના કરે છે. તે રાગનો ભોગ છે. શરીરનો ભોગ તો અજ્ઞાનીને પણ ત્રણ કાળમાં હોતો નથી. અરૂપી કઈ રીતે ભોગવે ? સમજાણું

કાંઈ... ?

પ્રભુ આત્મા તો અરૂપી છે. આત્મામાં તેના કોઈ વર્ણ-ગંધ-રસ તો છે નહીં. તેથી તેનું વેદન કે સ્પર્શ નથી પણ તે પ્રત્યેના રાગનો સ્વાદ લે છે. વીંછી કરડે, સાપ કરડે તે વખતે તે કરડતો નથી પણ જે અણગમાનો દ્વેષ થાય છે તે દ્વેષનો અનુભવ થાય છે. વીંછીનું કરડવું એ તો જડ પરમાણું છે. પરમાણું રૂપી છે અને આત્મા તો અરૂપી છે. અરૂપીને રૂપી પરમાણુનો સ્વાદ કેવી રીતે આવે ? અહા... ! વાતે વાતે ફેર. પ્રભુનો માર્ગ આવો છે ભાઈ ! કદી સાંભળ્યો નથી ને વિચાર કર્યો નથી, ''બાળપણ ખેલમેં ખોયા, જુવાની સ્ત્રીમેં મોયા, વૃદ્ધપણ દેખકે રોયા'' આમ જિંદગી ગુમાવી.

અલિંગગ્રહણના છઠ્ઠા બોલમાં આવે છે પોતાનો આત્મા સ્વભાવથી જાણવામાં આવે તેવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. ઈન્દ્રિયોથી જાણવામાં આવતો નથી અને ઈન્દ્રિયથી જાણતો નથી, તે ઈન્દ્રિય પ્રત્યક્ષ નથી. આહાહા... સ્વભાવથી પ્રત્યક્ષ જાણવામાં આવે તેવો જ્ઞાતા છે. રાગની અપેક્ષા છોડીને જ્ઞાનની પર્યાયમાં પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જાણવામાં આવે છે એવો તે પ્રત્યક્ષ જ્ઞાતા છે.

**''તે જ કહે છે - ''दर्शन–ज्ञान–चारित्रैः साध्यसिद्धिः'' (दर्शन) શુદ્ધ સ્વરૂપનું અવલોકન, (ज्ञान) શુદ્ધ સ્વરૂપનું પ્રત્યક્ષ જાણપણું, (चारित्र) શુદ્ધ સ્વરૂપનું આચરણ-આવાં કારણો કરવાથી (साध्य) સકળ કર્મક્ષયલક્ષણ મોક્ષની (सिद्धिः) પ્રાપ્તિ થાય છે.''**

અહીં વ્યવહારીજનોને પર્યાયથી ત્રણ ભેદથી સમજાવે છે. ''**दर्शन–ज्ञान–चारित्रैः साध्यसिद्धिः**'' એમ કહ્યું એટલે કે ભેદથી સાધ્યની સિદ્ધિ કહ્યું. પહેલાં (આગળના કળશમાં) કહ્યું હતું કે ત્રણ ભેદ છે તે વિકલ્પ છે - વ્યવહાર છે-મલિન છે. અહીંયા ત્રણથી સાધ્યની સિદ્ધિ છે એમ લીધું કારણ કે વ્યવહારીજન ભેદથી સમજે છે તેથી ભેદથી સમજાવ્યું છે.

હવે દર્શનની વ્યાખ્યા કરે છે. શુદ્ધ સ્વરૂપનું અવલોકન તેનું નામ દર્શન છે. ભગવાન આત્મા તો પવિત્ર પિંડ પ્રભુ શુદ્ધ ચૈતન્ય છે. સ્ફટિક રત્નની જેમ શુદ્ધ ચૈતન્યકંદ આત્મા છે. આ જે રાગાદિ ઉત્પન્ન થાય છે તે અંદર ચીજમાં નથી. શુદ્ધ પરમાત્મ સ્વરૂપ ભગવાન આત્મા તેનું પ્રત્યક્ષ જાણવું તે જ્ઞાન અને પૂર્ણ શુદ્ધ વસ્તુમાં આનંદરૂપ આચરણ તેનું નામ ચારિત્ર છે. આવા ત્રણ પ્રકારના કારણ કરવાથી એમ વ્યવહારથી

કથન કર્યું છે. ખરેખર તો કારણ પરમાત્મા પોતે છે. કોઈ કહે કે કારણ છે તો, પણ કર્મ માર્ગ આપે તો ધર્મ થાય ? અહીં તેની ના પાડે છે. આવા કારણો કરવાથી એટલે કે દર્શન-જ્ઞાન-ચારિત્રથી, આવો પુરુષાર્થ કરવાથી ધર્મ થાય છે, મોક્ષની પ્રાપ્તિ થાય છે. મોક્ષ નામ પરમાત્માની સ્થિર દશા. ણમો સિદ્ધાણં.... ણમો સિદ્ધાણં એમ બોલ્યા કરે, ગોખ્યા કરે પણ સિદ્ધદશા કયા કારણથી-ઉપાયથી પ્રાપ્ત થાય છે તેની ખબર નથી. અહીં કહે છે કે મોક્ષની પ્રાપ્તિ ત્રણ કારણથી થાય છે.

**"ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં મોક્ષની પ્રાપ્તિ છે."**

પ્રભુ ! આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ અનાકુળ આનંદ ને શાંતિનો સાગર છે. અરે પ્રભુ ! તે કેમ બેસે ? મૃગની નાભિમાં કસ્તુરી છે અને તેની ગંધ આવે છે, તે ગંધ જંગલમાં ગોતવા જાય કે ગંધ ક્યાંથી આવે છે ? તેમ અહીંયા પણ બહાર-બાયડીમાં, છોકરામાં, પૈસામાં, આબરૂમાં ને ભણતરમાં સુખ શોધે છે કે કાંઈક કરીએ - એલ.એલ.બી.ના પૂંછડા ચોંટાડીએ તો સુખ થાય પણ ધૂળમાંય સુખ નથી ક્યાંય સાંભળને! સુખ તો તારામાં છે. આહાહા... તારામાં અનંત આનંદ ભર્યો છે. અરે ! આવું સાંભળવાય મળે નહીં તો કે દિ' વિચારે, કે દિ' આત્મા તરફ ઝુકે અને કે દિ' મોક્ષનું કારણ સિદ્ધ થાય. આહાહા... ઘરની વસ્તુ છે ને દુર્લભ થઈ પડી છે અને પારકી ચીજ કદી પોતાની થાય નહીં તેને આ મારી.... આમારી એમ માને છે.

સ્ત્રીને પોતાની માને. આ મારી અર્ધાંગના છે, અડધો હું ને અડધી એ. પણ એમ ધૂળમાંય નથી ભાઈ ! શું બાયડીનું શરીર કે આત્મા આ આત્માનું થાય ? અહીંયા તો પરમાત્મા કહે છે કે પ્રભુ ! સાંભળ તો ખરો એક વખત કે પરદ્રવ્ય છે તે ક્યારેય તારા થતાં નથી અને તું કદી એમાં જતો નથી. તારી ચીજ તો અખંડ આનંદકંદ પ્રભુ છે. આહાહા... એ ચીજનો જે વિકલ્પ ઉઠે તેનાથી ભિન્ન ભગવાન નિર્વિકલ્પ આનંદસ્વરૂપ આત્મા છે તેનો અનુભવ કરવો તેનાથી મોક્ષની સિદ્ધિ છે. બીજા કોઈથી સિદ્ધિ નથી. વ્રત-નિયમ એ બધાં કાંઈ મોક્ષના કારણ નથી. ભક્તિ-વ્રત-પૂજાના શુભભાવ થાય છે, આવે છે પણ તેને તે હેય માને છે. ભગવાન આનંદમયી તે જ એક ઉપાદેય-આદરવા લાયક છે.

**"કોઈ પ્રશ્ન કરે છે કે આટલો જ મોક્ષમાર્ગ છે કે કંઈ અન્ય પણ મોક્ષમાર્ગ છે? ઉત્તર આમ છે કે આટલો જ મોક્ષમાર્ગ છે. ''न च अन्यथा''(च) પરંતુ (अन्यथा) અન્ય પ્રકારે (न) સાધ્યસિદ્ધિ નથી થતી."**

મોક્ષમાર્ગ પ્રકાશકમાં ટોડરમલજી કહે છે કે મોક્ષમાર્ગ એક છે. બે મોક્ષમાર્ગ માને તે ભ્રાંતિ છે. ત્યારે વળી ઘણા કહે છે કે બે મોક્ષમાર્ગ ન માને તો ભ્રાંતિમાં પડ્યા છે. અરે પ્રભુ ! શું થાય ? એને એમ વાત બેઠી હોય તેથી એમ કહે છે. જે વાત અભિપ્રાયમાં બેસી ગઈ તે હવે કઈ રીતે ખસે ? તેનો તેવો અભિપ્રાય થઈ ગયો છે. અહીં કહે છે આટલો જ મોક્ષમાર્ગ છે. મોક્ષની પર્યાયનું કારણ મોક્ષનો માર્ગ છે.

ભગવાન આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ, અતીન્દ્રિય ઈશ્વરસ્વરૂપ છે. અંદર શક્તિએ પરમાત્મા સ્વરૂપ છે. તેની દૃષ્ટિ ને જ્ઞાન કરવાથી, તેમાં રમણતા કરવાથી મોક્ષની સિદ્ધિ થાય છે. હવે અનેકાંત કર્યું કે તેનાથી થાય છે, અન્યથી નહીં. ઘણા કહે છે કે નિશ્ચયથી પણ થાય ને વ્યવહારથી પણ થાય તો અનેકાંત છે. નહીંતર સ્યાદ્‌વાદ રહેતો નથી. અહીં કહે છે કે પોતાની જે ચીજ છે તેની શ્રદ્ધા-જ્ઞાન-રમણતાથી મુક્તિ છે અન્યથા બીજાથી નથી તેનું નામ અનેકાંત છે. અન્ય પ્રકારે સાધ્યની સિદ્ધિ થતી નથી.

પ્રવચન નં. ૨૫ તા. ૨૫-૬-'૭૭

જ્ઞાનનો સ્વભાવ જગતના પદાર્થોને જાણવાનો છે તેને બદલે તેને કરવા-મૂકવાનું માને તો અનંતા કષાયખાના માંડવા જેવું મહાન પાપ છે. જ્ઞેયો છે તેને રચવા જાય તો મોટો ખૂની મહા પાપી કષાયી છે. ૫૫૭.

•

**શ્રોતા :-** આપ પ્રતિજ્ઞા તો કાંઈ કરાવતા નથી ?

**પૂજ્ય ગુરુદેવ :-** પ્રતિજ્ઞા કરો કે પુણ્ય-પાપ મારા નથી, પરની ક્રિયા હું કરી શકતો નથી, હું તો શુદ્ધ ચૈતન્ય છું. સમ્યગ્દર્શન મારી વસ્તુ છે, પુણ્ય-પાપ મારા નથી. આમ પહેલાં મિથ્યાત્વ ટાળવાની પ્રતિજ્ઞા થાય છે. ભાઈ ! એકવાર નિયમ તો લે, સોગંદ તો લે કે આત્માના પૂર્ણ સ્વભાવ સિવાય બીજું કાંઈ મારે ખપતું નથી. ૯૧૭.

-પૂ. ગુરૂદેવશ્રી-દ્રવ્ય દૃષ્ટિ જિનેશ્વર પર્યાય દૃષ્ટિ વિનશ્વર

## કળશ-૨૦

### (માલિની)

**कथमपि समुपात्तत्रित्वमप्येकताया**
**अपतितमिदमात्मज्योतिरुद्गच्छदच्छम् ।**
**सततमनुभवामोऽनन्तचैतन्यचिह्नं**
**न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः ॥ २० ॥**

ખંડાન્વય સહિત અર્થ : - "**इदम् आत्मज्योतिः सततम् अनुभवामः**" (**इदम्**) પ્રગટ (**आत्मज्योतिः**) આત્મજ્યોતિને અર્થાત્ ચૈતન્યપ્રકાશને (**सततम्**) નિરંતર (**अनुभवामः**) પ્રત્યક્ષપણે અમે આસ્વાદીએ છીએ. કેવી છે આત્મજ્યોતિ ? "**कथमपि समुपात्तत्रित्वम् अपि एकतायाः अपतितम्**" (**कथम् अपि**) વ્યવહાર દૃષ્ટિથી (**समुपात्तत्रित्वम्**) ગ્રહણ કર્યા છે ત્રણ ભેદ જેણે એવી છે તોપણ (**एकतायाः**) શુદ્ધપણાથી (**अपतितम्**) પડતી નથી. વળી કેવી છે આત્મજ્યોતિ ? "**उद्गच्छत्**" પ્રકાશરૂપ પરિણમે છે. વળી કેવી છે? "**अच्छम्**" નિર્મળ છે. વળી કેવી છે ? "**अनन्तचैतन्यचिह्नं**" (**अनन्त**) અતિ ઘણું (**चैतन्य**) જ્ઞાન છે (**चिह्नं**) લક્ષણ જેનું એવી છે. કોઈ આશંકા કરે છે કે અનુભવને બહુ દઢ કર્યો તે શા કારણે ? તે જ કહે છે - "**यस्मात् अन्यथा साध्यसिद्धिः न खलु न खलु**" (**यस्मात्**) કારણ કે (**अन्यथा**) અન્ય પ્રકારે (**साध्यसिद्धिः**) સ્વરૂપની પ્રાપ્તિ (**न खलु न खलु**) નથી થતી, નથી થતી, એમ નક્કી છે. ૨૦.

### કલશ – ૨૦ : ઉપરનું પ્રવચન

**"इदम् आत्मज्योतिः सततम् अनुभवामः" (इदम्) પ્રગટ (आत्मज्योतिः) આત્મજ્યોતિને અર્થાત્ ચૈતન્યપ્રકાશને (सततम्) નિરંતર (अनुभवामः) પ્રત્યક્ષપણે અમે આસ્વાદીએ છીએ."**

૧૭, ૧૮ ગાથા ઉપરનો આ થોડો સૂક્ષ્મ કળશ છે. આત્મા જે દ્રવ્ય છે તેનો જ્ઞાન ગુણ ત્રિકાળ છે. તેની વર્તમાન પ્રગટ વ્યક્ત પર્યાયનું સામર્થ્ય સ્વ-પર પ્રકાશક છે. તેનું અસ્તિત્વ-સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. બાળકથી માંડીને વૃદ્ધ સુધી, બાળ ગોપાળ સૌને સદાકાળ સ્વયં પોતાનો આત્મા જ જ્ઞાન પર્યાયમાં પ્રકાશમાન થાય છે, અનુભવમાં આવી રહ્યો છે. જીવને તેની જ્ઞાન પર્યાયનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી અનાદિથી સદાકાળ

સ્વ આત્મા જ જાણવામાં આવે છે પણ અનાદિથી તેની દૃષ્ટિ પર ઉપર ને પર્યાય ઉપર છે. રાગની એકત્વબુદ્ધિમાં તેને આ મારી જ્ઞાન પર્યાયમાં ત્રિકાળી જાણવામાં આવે છે તે તરફ દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ... ?

અજ્ઞાનીને પણ જ્ઞાનની વર્તમાન પર્યાયમાં આનંદપ્રભુ પૂર્ણ જ્ઞેય છે તે જાણવામાં આવે છે. અજ્ઞાનીની એક સમયની સ્વ-પરપ્રકાશક જ્ઞાનની પર્યાય સ્વભાવનું સામર્થ્ય એટલું છે કે તેમાં સ્વ આત્મા પ્રકાશે છે પણ તે તરફ તેની દૃષ્ટિ નથી. તેની દૃષ્ટિ વર્તમાન પર્યાય, રાગ ને નિમિત્ત ઉપર છે. અથવા પરવસ્તુમાં એકત્વબુદ્ધિને કારણે પર્યાયમાં દ્રવ્ય જાણવામાં આવે છે તેવી (દ્રવ્યમાં) એકત્વબુદ્ધિ થતી નથી.

**'इदम् आत्मज्योतिः सततम् अनुभवामः'** સતતમ્ શબ્દ છે ને ! તેનો અર્થ જ્ઞાનની પર્યાયમાં નિરંતર આત્મા જ જાણવામાં આવે છે. છતાં પણ તેની દૃષ્ટિ રાગ ને પર્યાય ઉપર હોવાથી પર્યાયમાં આત્માના અનુભવનો સ્વાદ આવતો નથી. બહુ ઝીણી વાત બાપુ ! વીતરાગનો ધર્મ બહુ સૂક્ષ્મ ભાઈ !

આહાહા... જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપ્રકાશક હોવાથી પર્યાયમાં જ્ઞેયવસ્તુ જે દ્રવ્ય છે તે જ જાણવામાં આવે છે પણ જે જાણવામાં આવે છે તેના ઉપર દૃષ્ટિ નથી. દૃષ્ટિ વર્તમાન રાગ ને દયા-દાન-વિકલ્પ આદિમાં હોવાથી પર્યાયમાં જાણવામાં આવતો હોવા છતાં તેને જાણતો નથી. આ ન્યાય સમજાય છે ? આહાહા... ત્રિલોકનાથ પરમાત્મા જિનેશ્વરદેવ એમ ફરમાવે છે કે તારી ત્રિકાળ શક્તિનું અસ્તિત્વ તો છે જ પણ તારી વર્તમાન ક્ષણિક પર્યાયમાં તેનું જ એટલે કે પૂર્ણ અસ્તિત્વનું જ જ્ઞાન આવે છે. તો પણ દ્રવ્યની સન્મુખ નથી તેથી તે જ્ઞાનમાં આવતું નથી. એટલે કે શુભાશુભ રાગમાં એકત્વબુદ્ધિને કારણે પોતાની પર્યાયમાં પોતાનું દ્રવ્ય જાણવામાં આવે છે તો પણ તેને જાણતો નથી. સમજાણું કાંઈ... ?

આહાહા... કરવા લાયક શું અને ન કરવા લાયક શું તે ટૂંકી વાત આમાં છે. પર્યાયમાં આત્મા જાણવામાં આવે છે તો પણ તેને છોડી દીધો અને પર્યાયમાં જે રાગ જાણવામાં આવ્યો તે પરપ્રકાશકની એકત્વબુદ્ધિ કરી. પર્યાયનો સ્વભાવ તો છે સ્વ-પરપ્રકાશક કે જે ખુદને (પોતાને) પ્રકાશે છે અને પરને પ્રકાશે છે. રાગ પણ જાણવામાં આવે છે અને આત્મા પણ જાણવામાં આવે છે. એ જ્ઞાનની દશામાં સ્વ જાણવામાં આવે છે તો પણ તે તરફ તેની દૃષ્ટિ નથી. અને દયા-દાન આદિની જે વૃત્તિ ઉઠે છે તે વિકારમાં એકત્વબુદ્ધિને કારણે સ્વનું એકત્વપણું દૃષ્ટિમાં આવતું નથી. જ્ઞાનનો પરપ્રકાશક સ્વભાવ

છે પણ એકલો પરપ્રકાશક સ્વભાવ નથી, સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે.

અહીંયા આચાર્ય કહે છે **'इदम् आत्मज्योतिः'** આ આત્મજ્યોતિ, ચૈતન્ય પ્રકાશનો પુંજ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર તેની સન્મુખ થયા છીએ. પહેલાં પોતાથી વિમુખ અને પરની સન્મુખ હતાં. હવે પરથી વિમુખ થઈ પોતાની સન્મુખ થયા. આ આત્મા પર્યાયમાં જે જાણવામાં આવતો હતો તે અમે (પહેલાં) જાણ્યો ન હતો પણ હવે અમે એને જાણ્યો અને સ્વસન્મુખ થયા છીએ. જે પર્યાય પરસન્મુખ હતી તે તો ગઈ હવે આ વર્તમાન પર્યાયને સ્વસન્મુખ કરી તો જાણવામાં આવ્યો. પહેલાં પણ પર્યાયમાં જાણવામાં તો આવતો હતો પણ રાગની એકતાબુદ્ધિને કારણે જાણવામાં આવ્યો નહીં. સમજાણું કાંઈ...?

**'इदम्'** આ જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ જાણવામાં આવે છે તેનું નામ આત્મજ્ઞાન છે, વસ્તુ અંદર પ્રગટ જ છે. જેમ એક સમયની પર્યાયનું અસ્તિત્વ છે તેમ ત્રિકાળીનું અસ્તિત્વ પ્રગટ જ છે. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા પૂર્ણ જ્ઞાન ને આનંદનું સત્ત્વ પ્રગટ છે. તે ગુમ થઈ ગયું છે એમ નથી. તારી દૃષ્ટિ રાગ ઉપર હતી તેથી ગુમ થઈ ગયું હતું. રાગાદિને-ભેદને પોતાના જાણીને, અભેદ ચીજ જે જાણવામાં આવે છે એવા પોતાને ભૂલી ગયો. આચાર્ય કહે છે કે જેને ભૂલી ગયા હતાં તે ભગવાનને અમે લક્ષમાં લઈ લીધો. હવે તો અમને અમારો આત્મા અંદર પ્રગટ છે.

આત્મજ્યોતિનો અર્થ ચૈતન્યપ્રકાશ કર્યો. આહાહા.... ભગવાન આત્મા ચૈતન્ય જ્યોતિ છે. જેમ અગ્નિ, દિવાબત્તીનો પ્રકાશ છે તેમ આ ચૈતન્યપ્રકાશ છે. એકલા જાણન દેખનસ્વભાવરૂપ ચૈતન્ય જ્યોતિ નિરંતર તો હતી પણ હવે નિરંતર આસ્વાદીએ છીએ. ત્યાં (૧૭,૧૮ ગાથામાં) કહ્યું કે આબાળ-ગોપાળ સૌને સદાકાળ સ્વયં અનુભવમાં આવતો હોવા છતાં પણ પરની એકતાબુદ્ધિને કારણે તેનો અનુભવ કરી શકતો ન હતો. અરે ! આવો ધર્મ સમજવો પણ કઠણ પડે. જેના ભાન વિના અનંતકાળથી રખડે છે તે ચીજ શું છે ? અંદર સ્વયં તેનો અનુભવ કર્યો નહીં. અગિયાર અંગ ભણ્યો અને શાસ્ત્ર દ્વારા પરોક્ષ લક્ષમાં લીધું કે આ આત્મા છે, શુદ્ધ છે પણ તે કાંઈ વસ્તુ નથી. ભાવભાસન વિના સાંભળવાથી શું થયું ?

અહીંયા તો પરમાત્મા એમ ફરમાવે છે કે તું પણ શક્તિએ, સ્વભાવે, સામર્થ્યે પરમાત્મસ્વરૂપ જ છો. આવી છતી મોજુદ ચીજ છે અને પર્યાયમાં જાણવામાં પણ આવે છે. કેમ કે પર્યાય જેની છે તેને જાણે છે. પર્યાય આત્માની હોવાથી આત્માને જાણે

છે. ભગવાન આત્મા અબંધસ્વરૂપ છે. અબંધસ્વરૂપ જ પર્યાયમાં ભાસે છે. છતાં પરમાં-દયા-દાન-વ્રત આદિના વિકલ્પ-રાગમાં એકત્વબુદ્ધિ હોવાથી અબંધસ્વરૂપ તેની દૃષ્ટિમાં ન આવ્યો. બંધમાં એકત્વ છે તે ભાવબંધ છે.

સૌધર્મ ઈન્દ્ર એકભવાવતારી છે. ભગવાનની વાણીમાં આવ્યું છે અને તેને પણ ખબર છે કે છેલ્લો મનુષ્યભવ કરીને મોક્ષ જવાના છીએ. એવો એકભવાવતારી, ત્રણ જ્ઞાનનો ધણી, બત્રીસ લાખ વિમાનનો સાહેબો એવો સૌધર્મ ઈન્દ્ર પણ ત્રણ લોકના નાથ જિનેશ્વર દેવ તીર્થંકરની વાણી સમવશરણમાં કૂતરાના બચ્ચાની જેમ બેસીને સાંભળતાં હોય તે વાણી કેવી હોય ! અહા... ! કરોડો ઈન્દ્રાણી હોય, અસંખ્ય દેવોનો સ્વામી હો, અહીંયા ચક્રવર્તી પાસે પણ ન હોય એટલો વૈભવ છે છતાં પણ તેને પોતાની માનતાં નથી. તે મારી ચીજ નથી, હું તેનો સ્વામી નથી, મારા દ્રવ્ય-ગુણ ને પર્યાય શુદ્ધ છે તે મારું સ્વ છે અને હું તેનો સ્વામી છું. આત્મામાં એક સ્વસ્વામી સંબંધ નામની શક્તિ છે. પોતે તો અંદર આનંદકંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન છે અને પર્યાયમાં નિર્મળતા, પૂર્ણાનંદની પ્રતીતિ તેમજ જેટલી લીનતા થઈ છે તે મારું સ્વ છે. એટલે કે મારા દ્રવ્ય-ગુણ-પર્યાય તે સ્વ છે અને તેનો હું સ્વામી છું. પર મારું સ્વ ને હું એનો સ્વામી એમ છે નહીં.

જે દૃષ્ટિ રાગ ને પર ઉપર હતી તે દૃષ્ટિ ગુલાંટ ખાઈને દ્રવ્ય ઉપર આવી જાય છે કે મારી ચીજ તો પૂર્ણ સ્વરૂપ છે. વર્તમાન પર્યાય સ્વસન્મુખ થઈ તો તે વસ્તુ જેવી છે તેનું જ્ઞાન તેમાં થાય છે, તે ચીજ કાંઈ પર્યાયમાં આવતી નથી. દ્રવ્ય સંબંધી જે શક્તિને તાકાત છે તેની પ્રતીતિ ને તેનું જ્ઞાન આવી જાય છે. ચીજ તો ચીજમાં રહે છે. આત્મા જ્યારે પર્યાયમાં જાણવામાં આવ્યો તો આચાર્ય કહે છે કે **'सततम् अनुभवामः'** જો કે અજ્ઞાનમાં પણ જ્ઞાનની પર્યાયમાં આત્મા સતત જાણવામાં આવતો હતો પણ ખબર ન હતી. અમે તો રાગ ને પુણ્યની ક્રિયામાં ધર્મ માનતાં હતાં. હવે દૃષ્ટિ પલટી છે. દૃષ્ટિમાં ચૈતન્યપ્રકાશને નિરંતર પ્રત્યક્ષપણે આસ્વાદીએ છીએ.

આહાહા... અનાદિથી અજ્ઞાનીને કર્મચેતના અને કર્મફળચેતનાનો સ્વાદ છે. કર્મચેતના એટલે પુણ્ય-પાપના ભાવ અને કર્મફળચેતના એટલે હરખ-શોકના ભાવ. દિગંબર સાધુ થઈને અઠ્યાવીસ મૂળગુણ, પાંચ મહાવ્રત પાળ્યા અને નવમી ગ્રૈવેયક ગયો તે રાગનો સ્વાદ હતો, કર્મચેતનાનો સ્વાદ હતો અને તે મિથ્યાત્વ છે. અરે ! આવી ઝીણી વાતો પ્રભુ !

અનુભવપ્રકાશમાં તો દીપચંદજીએ એવું કહ્યું કે તારી શુદ્ધતાની શક્તિ તો બડી પણ ઉલટો થયો તો અશુદ્ધતા પણ બડી. જો કે જેટલી શુદ્ધતાની શક્તિ છે તેટલી તો નહીં પણ અશુદ્ધતા પણ મોટી છે. ત્રણ લોકના નાથ તીર્થંકર સમવશરણમાં બિરાજે છે. ત્યાં ગયો, જ્યાં ભગવાનની કાયમ હૈયાતિ છે તેવા મહાવિદેહમાં તારો અનંતવાર જન્મ થયો, અનંત તીર્થંકર મળ્યા, સર્વજ્ઞ મળ્યા, અગિયાર અંગનું જ્ઞાન થયું, નવ પૂર્વનું જ્ઞાન થયું છતાં પણ તારી અશુદ્ધતા તેં છોડી નહીં. તારી દૃષ્ટિએ ગુલાંટ ખાઈને આત્માને પ્રતીતિમાં લીધો નહીં. તેથી સંસારમાં રખડવા માટે તારી અશુદ્ધતા પણ મોટી છે.

આચાર્ય કહે છે અમને પર્યાયમાં આત્માનો જ અનુભવ થતો હતો તેવી પ્રતીતિ થઈ ગઈ. સૂક્ષ્મ વાત છે ભાઈ ! **'अनुभवामः'** પ્રત્યક્ષરૂપથી એટલે કે જેમાં રાગ અને મનની અપેક્ષા નથી, પરલક્ષી જ્ઞાન છે તેની પણ અપેક્ષા નથી એવા સ્વલક્ષી જ્ઞાનથી અમે પ્રત્યક્ષ અનુભવીએ છીએ. પરની સહાય વિના પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ સ્વાદ લઈએ છીએ. આહાહા... ગજબ વાત છે આવી વાત સાંભળવા પણ મળે નહીં બાપુ !

ભાઈ ! તું બડાઈ માનીને બેઠો છે કે પૈસાથી મોટો છું, કુટુંબથી મોટો, આબરૂથી મોટો પણ એમાં તો સંસારની વૃદ્ધિ છે. શ્રીમદજીએ ૧૬ વર્ષની ઉંમરે પદ લખ્યું છે કે

"લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું નય ગ્રહો
વધવાપણું સંસારનું નરદેહને એ હારી જવો."

પાંચ-પચાસ લાખ પેદા કરે એવી સાહબીમાં શું વધ્યું ? એમાં તો સંસારની વૃદ્ધિ થઈ. અનંત કાળે મનુષ્યદેહ મલ્યો તે ખોવાઈ ગયો. પરવસ્તુ લાવ... લાવમાં સ્વવસ્તુથી ખોવાઈ ગયો. સમજાણું કાંઈ... ?

અહીં આચાર્ય કહે છે કે અમને અનાદિકાળથી અમારી ચીજનો આસ્વાદ ન હતો અને પુણ્ય-પાપના રાગનો-ઝેરનો સ્વાદ હતો, ઝેરના પ્યાલા પીતા હતાં. હવે અમારી ચીજને આસ્વાદીએ છીએ. અમૃતના પ્યાલા પીએ છીએ.

ગગન મંડળમાં ગૌવા વિયાણી, વસુધા દૂધ જમાયા,
શૂરા હોય તો ભર-ભર પીવે, નગુરા જાવે પ્યાસા.

ભગવાન અંદર અમૃતસાગર પડ્યો છે ને નાથ ! અરે ! તારી તને કિંમત નથી, તારી મોટપની મોટપ તને બેસતી નથી અને જે ચીજ તારાથી ભિન્ન છે તેની તને કિંમત અને મોટાઈ આવે છે. મૂઢ છે સમજાણું કાંઈ... ? અહીં કહે છે અંતરમાં જ્ઞાન ને આનંદ

અમારી નિજ લક્ષ્મી છે તેનો અમે ભોગવટો કરીએ છીએ, અનુભવ કરીએ છીએ. અમે તો આત્માના આનંદના ભોગી છીએ. ધર્મી પોતાના આનંદનો સ્વાદ લ્યે છે. અજ્ઞાની રાગ ને પુણ્ય-પાપનો સ્વાદ લ્યે છે. એ બંનેમાં આટલો ફેર છે. એક ઝેર પીવે છે ને એક અમૃત પીવે છે. આ કરોડપતિ ને અબજપતિ તીવ્ર રાગ કરે છે ને તીવ્રરાગનું ઝેર પીવે છે. આચાર્ય કહે છે અમે તો આત્માને પ્રત્યક્ષ-પ્રગટરૂપથી આસ્વાદીએ છીએ.

**''કેવી છે આત્મજ્યોતિ ? ''कथमपि समुपात्तत्रित्वम् अपि एकतायाः अपतितम्'' (कथम् अपि) વ્યવહાર દષ્ટિથી (समुपात्तत्रित्वम्) ગ્રહણ કર્યા છે ત્રણ ભેદ જેણે એવી છે તોપણ (एकतायाः) શુદ્ધપણાથી (अपतितम्) પડતી નથી.''**

આહાહા... ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ પ્રભુ ધ્રુવ સદશ-સામાન્ય ત્રિકાળી એકરૂપ હોવા છતાં પણ તેની શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા ત્રણ પ્રકારે પર્યાયમાં પરિણમન છે તે વ્યવહાર છે. તે વ્યવહાર પણ હેય છે. દયા-દાન રત્નત્રયના વિકલ્પ જે અસદ્ભૂત છે તેને તો કાઢી નાખ્યા. આ તો સદ્ભૂત વ્યવહારનો જે ભેદ પડે છે તેની વાત છે. સમ્યક્દર્શન નામ ધર્મની દશામાં ત્રણરૂપ પરિણમન થયું છે. જેવી પૂર્ણ ચીજ છે તેવી પ્રતીતમાં આવવી તેનું નામ સમ્યક્દર્શન, જેવો પૂર્ણ છે એવો જાણવામાં આવવો તે જ્ઞાન અને તેમાં લીનતા થઈ તે ચારિત્ર. વસ્તુ એકરૂપ ત્રિકાળ છે તેનું વ્યવહારથી ત્રણ પ્રકારે પરિણમન કહેવામાં આવે છે. તો પણ વસ્તુ શુદ્ધતાથી પડતી નથી, તે ત્રણમાં આવતી નથી. ત્રિકાળી આનંદકંદ પ્રભુ કે જે બેહદ જ્ઞાન, અપરિમિત શાંતિ, અપરિમિત આનંદ, પ્રભુતા ને સ્વચ્છતા એવી શક્તિઓથી એકરૂપ છે તે ત્રણમાં આવતો નથી.

એકરૂપ જે ત્રિકાળ નિશ્ચય સ્વભાવભાવ શુદ્ધપણાથી **'अपतितम्'** પડતો નથી, ત્રણમાં આવતો નથી. એટલે કે નિશ્ચય છે તે વ્યવહારમાં આવતો નથી. અરે ! આવો માર્ગ સાંભળવા મળે નહીં તે કે દિ' વિચારે અને કે દિ' રુચિ કરે અને કે દિ' સન્મુખ થાય. બાપુ ! આ વસ્તુની પ્રતીતિ વિના જન્મ-મરણ મટે તેમ નથી. ભાઈ ! તેં એક એક યોનિમાં અનંતા અવતાર કર્યા પણ અરે ! તને આત્માની દયા ન આવી. આત્માનું જેવું સ્વરૂપ છે તેવું માનવું તે આત્માની દયા છે અને તેને અલ્પજ્ઞ ને રાગરૂપ માનવો તે આત્માની હિંસા છે.

ભગવાન આત્મા વસ્તુ છે. તેના આશ્રયે જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણ રહે છે. **'द्रव्याश्रया निर्गुणा गुणाः'** એમ આવે છે તો પહેલાં દ્રવ્ય ને આશ્રય કરનાર ગુણ પછી એવો તેનો અર્થ નથી. ગળપણ સાકરના આશ્રયે રહે છે તેથી સાકર પહેલાં ને ગળપણ

પછી એમ એનો અર્થ નથી. મીઠાસનું સ્વરૂપ જ સાકર છે. તેમ અનંતગુણનું એકરૂપ તે દ્રવ્ય છે અને તેમાં અનંતગુણનો ભેદ તે વ્યવહાર થઈ ગયો. અરે ! સમ્યક્ ચીજ શું છે તેનો ખ્યાલ નથી તો ઢોરના અવતાર ને માણસમાં ફેર શું ? જિંદગી ચાલી જાય છે બાપા!

વસ્તુ એકરૂપ પરિપૂર્ણ કે જેમાં અનંત આનંદ ને અનંત કેવળજ્ઞાન પડ્યા છે એવી પૂર્ણ વસ્તુ એકરૂપ છે તે નિશ્ચય છે અને ત્રણરૂપ પરિણમન થાય છે તે વ્યવહાર છે. એકરૂપ વસ્તુ છે તે તેના ત્રણ રૂપમાં આવતી નથી. તો પછી રાગમાં તો ક્યાંથી આવે? અને પરનું કાંઈ કરી દે એ તો ક્યાંય રહ્યું ? સમજાણું કાંઈ ? આહાહા... એકરૂપ વસ્તુ માર્ગનું પરિણમન થયું તે પણ દૃષ્ટિનો વિષય નથી.

**"વળી કેવી છે આત્મજ્યોતિ ? "उद्गच्छत्" પ્રકાશરૂપ પરિણમે છે."**

આહાહા...અનાદિથી વિકારરૂપે પરિણમતિ હતી. હવે અમે આત્મજ્યોતિને પ્રત્યક્ષ દેખી-અનુભવી, તે તો ચૈતન્યરૂપે પરિણમે છે. આનંદરૂપ, શાંતિરૂપ, વીતરાગતારૂપ, શુદ્ધતારૂપ, પ્રકાશરૂપ પરિણમે છે. અધ્યાત્મ તરંગિણીમાં **'उद्गच्छत्'** નો બીજો અર્થ કર્યો છે. દશા ઊર્ધ્વ જાય છે. એટલે કે ઊર્ધ્વ નામ પૂર્ણ દશાની પ્રાપ્તિ થાય છે. અહીંયા **'उद्गच्छत्'** એટલે પોતાની પર્યાય નિર્મળ થઈ જાય છે, નિર્મળ.... નિર્મળ... નિર્મળ વધતી જાય છે. પૂર્ણ થઈ ત્યાં પૂર્ણ પ્રકાશ-કેવળજ્ઞાન જ્યોતિ થઈ ગઈ.

**"વળી કેવી છે? "अच्छम्" નિર્મળ છે. વળી કેવી છે ? "अनन्तचैतन्यचिह्नं" (अनन्त) અતિ ઘણું (चैतन्य) જ્ઞાન છે (चिह्नं) લક્ષણ જેનું એવી છે."**

**'अच्छम्'** નિર્મળદશા છે એટલે કે વસ્તુ ત્રિકાળ નિર્મળ છે. હવે **अनन्त चैतन्य चिन्हम्'** કહીને લક્ષણની વાત કરે છે. ત્રિકાળ સ્વરૂપ નહીં પરંતુ જ્ઞાન... જ્ઞાન... જાણવું... જાણવું તે લક્ષણ લેવું છે. આ દયા-દાન-વ્રત-ભક્તિ આદિ વિકલ્પ છે તે લક્ષણ નથી. તેનાથી આત્મા જાણવામાં આવતો નથી. લક્ષણથી લક્ષ્ય જાણવામાં આવે છે. ચૈતન્ય ચિન્હ લક્ષણ છે. આહાહા.... જાણવાની પર્યાય પણ મહાન શક્તિશાળી છે. જ્ઞાનલક્ષણ પણ ઘણા સામર્થ્યવાળું છે. જે લક્ષણમાં આખો આત્મા લક્ષ-દૃષ્ટિમાં આવે તે લક્ષણ પણ 'અતિઘણું' છે. અનંત ચૈતન્ય જ્યોતિ તે પર્યાયનું નામ છે. વસ્તુ તો બેહદ અનંત છે પણ તેને જાણવાવાળું લક્ષણ પણ બેહદ અનંત છે. સમજાણું કાંઈ... ?

"અતિ ઘણું જ્ઞાન છે લક્ષણ જેનું એવી છે." આહાહા... ભગવાન આત્મા તો જ્ઞાન લક્ષણથી જાણવામાં આવે છે. ચિન્હ એટલે લક્ષણ પ્રભુ ! તું તારા સ્વભાવથી

જાણવામાં આવે એવો છે. તું એવો પાવૈયો-હિજડો નથી કે રાગથી જાણવામાં આવે. અરે ! તું એવો પામર નથી કે વ્યવહાર રત્નત્રયના રાગથી જાણવામાં આવે ! તે તો અંધારું છે. શું અંધારાથી જાગૃતિ જાણવામાં આવે ? વ્યવહાર રત્નત્રયના વિકલ્પમાં જ્ઞાનસ્વભાવનો અભાવ છે. ભાઈ ! ભલે તને અત્યારે આ ન બેસતું હોય પણ તારી શક્તિ તો આવી છે. ભગવાન ! તું છો તો પ્રભુ હોં !

જ્ઞાન લક્ષણથી આત્મા જાણવામાં આવે છે. કોઈ ક્રિયાકાંડથી, વ્યવહારથી કે રાગથી જાણવામાં આવે એવી ચીજ નથી.

પ્રવચનસાર ચરણાનુયોગ ચૂલિકામાં દીક્ષા માટે માતા પાસે રજા માંગતાં કહે છે કે હે શરીરની માતા ! મને રજા આપ. હું મારા ચૈતન્ય સ્વરૂપની પાસે જાઉં છું, હું મારા પોતાના અનુભવમાં જાઉં છું. માતા રજા આપ. હે માતા ! તારે રોવું હોય તેટલું રોઈ લે પણ અમે કોલ કરાર કરીએ છીએ કે તું અમારી છેલ્લી માતા છો, અમે ફરીથી બીજી જનેતા નહીં કરીએ. અમે તો આનંદના નાથનો સ્વાદ લેવા જંગલમાં જઈએ છીએ. અહાહા... આ કેવો વૈરાગ્ય છે ! સ્રીને કહે છે - હે ! શરીરને રમાડનારી રમણી અમને રજા આપ. તું અમારા આત્માને રમાડનારી નહીં. હું તો મારી અનાદિની ત્રિકાળ અનુભૂતિરૂપ રમણી તેની પાસે જાઉં છું. અહીં અનુભૂતિ એટલે પર્યાય નહીં હોં...

**''કોઈ આશંકા કરે છે કે અનુભવને બહુ દઢ કર્યો તે શા કારણે ? તે જ કહે છે - ''यस्मात् अन्यथा साध्यसिद्धिः न खलु न खलु'' (यस्मात्) કારણ કે (अन्यथा) અન્ય પ્રકારે (साध्यसिद्धिः) સ્વરૂપની પ્રાપ્તિ (न खलु न खलु) નથી થતી, નથી થતી, એમ નક્કી છે.''**

અંતર આનંદના સ્વાદથી આત્માની પ્રાપ્તિ થાય છે. અને તે ધર્મ છે, મોક્ષનો માર્ગ છે. બાકી ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત-ભક્તિ, મન, વાણીથી કે પરથી આત્માની મુક્તિ ત્રણ કાળમાં થતી નથી. તે માટે વારંવાર દઢ કર્યું છે. સ્વરૂપના મહાત્મ્યની અનુભૂતિ વિના કદી મુક્તિ નથી, નથી. કોઈ કહે કે વ્યવહારથી થાય છે તો અહીં કહે છે '**न खलु न खलु**' અન્ય પ્રકારે સ્વરૂપની પ્રાપ્તિ નથી, નથી.

પ્રવચન નં. ૨૬ તા. ૨૬-૭-'૭૭

## કળશ-૨૧

### (માલિની)

कथमपि हि लभन्ते भेदविज्ञानमूला-
मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा।
प्रतिफलननिमग्नानन्तभावस्वभावै-
र्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव ॥ २१ ॥

ખંડાન્વય સહિત અર્થ : - ''**ये अनुभूतिं लभन्ते**'' (**ये**) જે કોઈ નિકટ સંસારી જીવ (**अनुभूति**) અનુભૂતિ અર્થાત્ શુદ્ધ જીવવસ્તુનો આસ્વાદ (**लभन्ते**) પામે છે. કેવી છે અનુભૂતિ? ''**भेदविज्ञानमूलाम्**'' (**भेद**) સ્વસ્વરૂપ-પરસ્વરૂપને દ્વિધા કરવું એવું જે (**विज्ञान**) જાણપણું તે જ છે. (**मूलाम्**) સર્વસ્વ જેનું એવી છે. વળી કેવી છે? ''**अचलितम्**'' સ્થિરતારૂપ છે. આવી અનુભૂતિ કઈ રીતે પમાય છે, તે જ કહે છે - ''**कथमपि स्वतो वा अन्यतो वा**'' (**कथमपि**) અનંત સંસારમાં ભ્રમણ કરતાં કેમેય કરીને કાળલબ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે સમ્યક્ત્વ ઊપજે છે, ત્યારે અનુભવ થાય છે; (**स्वतः वा**) મિથ્યાત્વકર્મનો ઉપશમ હોતાં ઉપદેશ વિના જ અનુભવ થાય છે, (**अन्यतः वा**) અથવા અંતરંગમાં મિથ્યાત્વકર્મનો ઉપશમ હોતાં અને બહિરંગમાં ગુરુની સમીપ સૂત્રનો ઉપદેશ મળતાં અનુભવ થાય છે. કોઈ પ્રશ્ન કરે છે કે જેઓ અનુભવ પામે છે તેઓ અનુભવ પામવાથી કેવા હોય છે ? ઉત્તર આમ છે કે તેઓ નિર્વિકાર હોય છે. તે જ કહે છે - ''**ते एव सन्ततं मुकुरवत् अविकाराः स्युः**'' (**ते एव**) તે જ જીવો (**सन्ततं**) નિરંતરપણે (**मुकुरवत्**) અરીસાની પેઠે (**अविकारः**) રાગદ્વેષ રહિત (**स्युः**) છે. શાનાથી નિર્વિકાર છે ? ''**प्रतिफलननिमग्नानन्तभावस्वभावैः**'' (**प्रतिफलन**) પ્રતિબિંબરૂપે (**निमग्न**) ગર્ભિત જે (**अनन्तभाव**) સકળ દ્રવ્યોના (**स्वभावैः**) ગુણ-પર્યાયો, તેમનાથી નિર્વિકાર છે. ભાવાર્થ આમ છે કે જે જીવના શુદ્ધ સ્વરૂપને અનુભવે છે તેના જ્ઞાનમાં સકળ પદાર્થો ઉદ્દીપ્ત થાય છે, તેમના ભાવ અર્થાત્ ગુણ-પર્યાયો, તેમનાથી નિર્વિકારરૂપ અનુભવ છે. ૨૧.

## કલશ - ૨૧ : ઉપરનું પ્રવચન

**''ये अनुभूतिं लभन्ते'' (ये) જે કોઈ નિકટ સંસારી જીવ (अनुभूतिं) અનુભૂતિ અર્થાત્ શુદ્ધ જીવવસ્તુનો આસ્વાદ (लभन्ते) પામે છે.''**

આહાહા... જેના સંસારની દશા અલ્પ રહી છે. એવો જીવ શુદ્ધ જીવવસ્તુનો આસ્વાદ પામે છે. પુણ્ય-પાપના વિકાર અને તેના ફળનો આસ્વાદ તે સંસાર છે. એ સંસાર પ્રાપ્તિનો ઉપાય છે. શુભ અને અશુભભાવ તે કર્મચેતના અને તેનું વેદન જે હરખ-શોક તે કર્મફળચેતના છે. અને તે સંસારના પરિભ્રમણનું કારણ છે. પોતાનો જ્ઞાનસ્વરૂપ ભગવાન તેની અનુભૂતિ, તેનું વેદન તે જ્ઞાનનું વેદન છે. તેમાં આનંદનું વેદન સાથે લઈએ એટલે કે જ્ઞાનનો સ્વાદ અને આનંદનો સ્વાદ તેને અનુભૂતિ કહે છે. પોતાનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે. તેમાં અતીન્દ્રિય આનંદ અવિનાભાવ રહ્યો છે. અર્થાત્ જ્યાં જ્ઞાન છે ત્યાં આનંદ છે અને જ્યાં આનંદ છે ત્યાં જ્ઞાન છે. અને તે સુખનું કારણ છે. છઢાળામાં આવે છે ને !

જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકૌ કારન;
ઈહિ પરમામૃત જન્મજરામૃતિ રોગ નિવારન.

આહાહા... ભગવાન આત્મા આનંદસ્વરૂપ વસ્તુ તેની સન્મુખ થઈને તેમાંથી આનંદની દશા પ્રગટ કરવી તે અનુભૂતિ છે, તે ધર્મ છે, મોક્ષનું કારણ છે. વ્યવહાર રત્નત્રયનો રાગ તે કર્મચેતનાનો સ્વાદ છે, દુ:ખનો સ્વાદ છે અને આ શુદ્ધ ચેતનાનો સ્વાદ છે. અનુભૂતિ તે ધર્મ અને કર્મ-કર્મફળચેતના તે અધર્મ. લ્યો આવો ધર્મ ! સમજાણું કાંઈ.. ?

શુભ-અશુભ વિકારના પરિણામ છે તે કર્મચેતના-દુ:ખનો સ્વાદ છે, આકુળતાનો સ્વાદ છે અને સંસારનું કારણ છે. હવે જે સંસારનું કારણ છે તે અનુભૂતિનું કારણ કેવી રીતે બને ? ભાઈ ! વ્યવહારથી નિશ્ચય થાય એ દૃષ્ટિ ફેર છે. પ્રભુ ! તારી ચીજમાં આનંદ ને જ્ઞાન અપરિમિત ભર્યો છે તેનું તને મહાત્મ્ય આવ્યું નહીં, તેથી અનુભૂતિ થઈ નહીં અને રાગનું મહાત્મ્ય આવ્યું તેથી દુ:ખની અનુભૂતિ કરી. મૂળ વાત તો આ છે ભાઈ ! આહાહા... અનંતકાળમાં કદી તેણે પોતાની ચીજની મહિમા કરી નહીં અને રાગ, પુણ્યભાવ અને ક્ષયોપશમભાવ તેનું મહાત્મ્ય અંતરમાંથી નીકળ્યું નહીં.

**''કેવી છે અનુભૂતિ? ''भेदविज्ञानमूलाम्'' (भेद) સ્વસ્વરૂપ-પરસ્વરૂપને**

**દ્વિધા કરવું એવું જે (વિજ્ઞાન) જાણપણું તે જ છે. (મૂलाम्) સર્વસ્વ જેનું એવી છે.''**

અમૃતચંદ્ર આચાર્યનો આ કળશ છે. કલશ જેમ અમૃતથી ભર્યો હોય તેમ આ કળશ અમૃતથી ભર્યા છે. ૯૬ ગાથામાં આવ્યું છે ને ! કે અમૃતસ્વરૂપ ભગવાન આત્મા મૃતક કલેવરમાં મૂર્છાયો છે. આ શરીર મૃતક કલેવર માટી-ધૂળ છે. વર્તમાનમાં તે મૃતક કલેવર છે. તેમાં આ અમૃતસાગર ભગવાન મૂર્છાયો છે. અરે ! આ પુણ્ય-પાપના ભાવ છે તે મૃતક કલેવર છે-અચેતન છે. ચાહે તો ભગવાનની ભક્તિ-સ્મરણનો ભાવ, યાત્રા, અહિંસા, સત્યનો ભાવ તે બધો રાગ છે. તેમાં ચેતનાનો અભાવ છે. તે રાગનું વેદન તે સંસારનું વેદન છે. તેનાથી ભિન્ન ભેદવિજ્ઞાન થયું એટલે કે રાગ અને પોતાના સ્વભાવ વચ્ચે ભેદવિજ્ઞાન તે સર્વસ્વ-મૂળ છે જેનું અર્થાત્ અનુભૂતિનું મૂળ પરથી સ્વને ભિન્ન પાડવું તે સર્વસ્વ છે. સમજાણું કાંઈ....?

શું કહે છે ભગવાન ? આચાર્ય કહે છે તે ભગવાન કહે છે અને ભગવાન કહે છે તે આચાર્ય કહે છે. તેઓ કહે છે કે અનુભૂતિની પ્રાપ્તિ થવી તેનું મૂળ ભેદવિજ્ઞાન છે. ''સ્વસ્વરૂપ ને પરસ્વરૂપ દ્વિધા કરવું.'' આ જે વિકલ્પ ઉઠે છે તે પરસ્વરૂપ છે. દયા-દાન-વ્રત-ભક્તિનો જે રાગ ઉઠે છે તે પર છે, સ્વ નથી. અને આત્મા આનંદસ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ છે તે સ્વસ્વરૂપ છે. આ બેનું દ્વિધા કરવું એટલે કે બંને એક નથી, બે જ છે; બે જેમ છે તેમ બે કરવા તેનું નામ ભેદવિજ્ઞાન છે.

આહાહા... જેણે પોતાના આત્માનો અનુભવ કરવો હોય, ધરમ કરવો હોય તો એ ધર્મનું મૂળ શું ? તો કહે છે '**भेदविज्ञानमूला**' ભેદવિજ્ઞાન મૂળ છે. સંવર અધિકારમાં કળશ છે.

**''भेद विज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन ।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन ॥**

આચાર્ય કહે છે કે અત્યાર સુધી જેટલા સિદ્ધ પરમાત્મા થયા છે તે રાગથી પોતાના સ્વરૂપને ભિન્ન કરીને સિદ્ધ થયા છે. રાગથી મને લાભ થશે એમ માનીને કોઈ સિદ્ધ થયા નથી. સૂક્ષ્મ વાત છે ભાઈ ! વીતરાગ જૈન ધરમ તે અલૌકિક વસ્તુ છે. લોકોએ બહારની ચીજને જૈન ધર્મ માની લીધો છે પણ તે જૈનધર્મ નહીં ભાઈ ! તે તો અજૈન છે. અહીં તો રાગથી ભિન્ન પડી, ભેદજ્ઞાન જેનું સર્વસ્વ છે' એવા પોતાના આત્માને પ્રાપ્ત કરવો તેનું નામ જૈનધર્મ છે. સ્વ-પરને એક માનવા તે મિથ્યાત્વ છે અને સ્વ-પરનો ભેદ કરવો

તે જ સર્વસ્વ છે, ધર્મ છે.

ભગવાન શુદ્ધ જીવ વસ્તુ ત્રિકાળી, અનંતગુણનો પવિત્ર પિંડ પ્રભુ આત્મા તેનો આસ્વાદ તે જ્ઞાનચેતના છે, અનુભૂતિ છે. અનુભૂતિમાં જે આત્માનો સ્વાદ આવવો તે તેની મ્હોર છાપ છે. પાંચમી ગાથામાં આવ્યું છે કે પત્રોમાં મ્હોર છાપ મારે છે તેમ અનુભૂતિમાં આનંદની મ્હોર છાપ પડી છે. અરે ! અનંતકાળમાં એને આત્માની દયા આવી નથી કે હું કોણ છું ? કયાં જઈશ ? કેમ રહીશ ? તેની ખબર નથી.

અનુભૂતિ ભેદવિજ્ઞાનથી થાય છે. અનુભૂતિનું મૂળ ભેદવિજ્ઞાન છે. પુણ્ય-પાપ અધિકારમાં શુભભાવ અને અશુભભાવ બંનેને સંકલેશ કહ્યા, સ્થૂળ કહ્યા. અશુભભાવ પણ સ્થૂળ અને શુભભાવ પણ સ્થૂળ... અતિ સ્થૂળ... અતિ સંકલેશ પરિણામ છે. એ શુભભાવ મારો છે અને તે મને લાભ કરશે તે જ મિથ્યાત્વનું મૂળ છે. સમજાણું કાંઈ...? ચાહે તો શુભરાગ હો તે દુ:ખરૂપ છે, આકુળતા છે, પર છે અને જીવવસ્તુ આનંદકંદ પ્રભુ તેનાથી ભિન્ન છે એવું બેના વચ્ચેમાં ભિન્નતાનું જ્ઞાન કરવું તે અનુભૂતિનું મૂળ છે. હજુ તો આવી વાત સાંભળવી કઠણ પડે.

**"વળી કેવી છે? "अचलितम्" સ્થિરતારૂપ છે."**

પુણ્ય-પાપના ભાવ તો અસ્થિર છે. નવા નવા ઉત્પન્ન થાય છે. તેનાથી ભિન્ન પડીને આત્માની અનુભૂતિ કરે તે સમ્યક્દર્શન છે. અને આ અનુભૂતિ સ્થિર છે. જેમ ચીજ (આત્મા) સ્થિર છે તેમ અનુભૂતિ પણ સ્થિર છે. તે છે પર્યાય તો પણ અચલિત-સ્થિરરૂપે છે. એક વખત વિચાર આવ્યો' તો કે આ અનુભૂતિ થઈ છે તે અચલિત છે, હવે નિશ્ચયથી મોક્ષ પામશે જ. અપ્રતિહત અનુભૂતિ થઈ તે મોક્ષને પ્રાપ્ત કરશે. પંચમ આરો છે ને વચ્ચે પડશે એવું છે નહીં. ૩૮ ગાથામાં કહ્યું છે ને કે અમે મિથ્યાત્વનો નાશ કર્યો છે, વમન કર્યું છે. હવે તે અમને આવશે નહીં. અરે ! પંચમઆરાના સાધુ કેવળીને મળ્યા નથી, કેવળજ્ઞાન છે નહીં અને આટલું બધું જોર !

'અચલિતમ્' રાગથી ભિન્ન થઈને જે સમ્યક્દર્શન-જ્ઞાન ને અનુભવ થયો તે હવે ફરશે નહીં, તે તો કેવળજ્ઞાન લીધે છૂટકો. જેમ બીજ ઉગે છે તો પૂનમ થયે છૂટકો તેમ અનુભૂતિ અચલિત છે. વર્તમાન સ્થિર અવસ્થા તે પૂર્ણ સ્થિરતાનું કારણ છે. વીતરાગનો માર્ગ તો આવો છે ભાઈ ! કેવળજ્ઞાનના કેડાયત દિગંબર સંત આ વાત કરે છે. એમને કેવળજ્ઞાન પામવાની તૈયારી છે. વર્તમાનમાં રાગ છે તેથી સ્વર્ગમાં જશે પણ પછીના

ભવમાં કેવળજ્ઞાન લેશે જ. એવી અનુભૂતિ 'અચલિત' છે. સમજાણું કાંઈ...?

**"આવી અનુભૂતિ કઈ રીતે પમાય છે, તે જ કહે છે - "कथमपि स्वतो वा अन्यतो वा" (कथमपि) અનંત સંસારમાં ભ્રમણ કરતાં કેમેય કરીને કાળલબ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે સમ્યક્ત્વ ઊપજે છે, ત્યારે અનુભવ થાય છે."**

સંસારમાં રખડતાં રખડતાં અનંત પુદ્‌ગલ પરાવર્તન વીતી ગયા. ચોરાશી લાખ યોનિમાં એક એક યોનિમાં અનંત અવતાર ધારણ કર્યા. છઢાળામાં પહેલી ઢાળમાં આ વાત પ્રથમ લીધી. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રીઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય એમ યોનિના ૮૪ લાખ ભેદ છે. એક એકમાં અનંત પુદ્‌ગલ પરાવર્તન કર્યાં. હું કોણ છું ? મારી ચીજ શું છે તેની ખબર નથી અને બેભાન-પાગલની જેમ અનાદિકાળથી મિથ્યાત્વને કારણે પરિભ્રમણ કરે છે. મુનિપણા અનંતવાર લીધા અને અનંતવાર ગ્રૈવેયક પણ ગયો. પરંતુ આત્મજ્ઞાન વિના લેશ સુખ પામ્યો નહીં. લિંગપાહુડમાં આવે છે કે અનંતવાર દ્રવ્યલિંગ ધારણ કર્યું. પણ દયા-દાનનો રાગ જે વિકલ્પ છે તેનાથી મારી ચીજ ભિન્ન છે એવું ભેદજ્ઞાન કદી કર્યું નહીં. જે કરવાનું હતું તે કર્યું નહીં અને જે ન કરવાનું હતું તે અનંતકાળથી કર્યું. પણ તે કાંઈ અપૂર્વ નથી. સમજાણું કાંઈ... ?

આહાહા... હવે સમ્યક્‌દર્શન પામવાનો કાળ કહે છે. કેમેય કરીને કાળલબ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે સમ્યક્ત્વ ઉપજે છે. અહીં કાળલબ્ધિ લીધી છે. તે ઉત્પન્ન થાય ત્યારે આનંદ સ્વરૂપ આત્માનો અનુભવ થાય છે.

'ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો' - પુણ્ય-પાપની ક્રિયાકાંડથી ભિન્ન, વિકલ્પ નામ રાગથી ભિન્ન થઈને હું તો શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ સ્વરૂપ છું એવી દૃષ્ટિ થાય ત્યારે સમકિત ઉત્પન્ન થાય છે, ત્યારે અનુભવ થાય છે. આ સમ્યક્‌દર્શનમાં આત્માના આનંદનો સ્વાદ આવે છે. બાપુ ! આવો વીતરાગ માર્ગ છે. અરે ! જગતને સર્વજ્ઞ પરમાત્માનો ધર્મ શું ? (તેની ખબર નથી) શ્રીમદ્ રાજચંદ્ર ૧૬ વર્ષની ઊંમરે મોક્ષમાળામાં કહે છે.

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;<br>એનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સહાશે

ભગવાન જિનેશ્વરદેવને કેવળજ્ઞાન થયું અને તેમણે જે આત્માનો ધર્મ કહ્યો તે જ શરણ છે. રાગથી ભિન્ન થઈને પોતાની ચીજ જે આનંદપ્રભુ આત્મા તેની શરણમાં

જવું અને રાગનું શરણ છોડી દેવું તે સર્વજ્ઞ દેવનું શરણ છે.

**"હવે કહે છે તે કેવી રીતે ઉત્પન્ન થાય છે ? (स्वतः वा) મિથ્યાત્વકર્મનો ઉપશમ હોતાં ઉપદેશ વિના જ અનુભવ થાય છે. (अन्यतः वा) અથવા અંતરંગમાં મિથ્યાત્વ કર્મનો ઉપશમ હોતાં અને બહિરંગમાં ગુરુની સમીપ સૂત્રનો ઉપદેશ મળતાં અનુભવ થાય છે"**

**(स्वतः)** ગુરુના ઉપદેશ વિના અંદરના સંસ્કારથી આત્માનો અનુભવ થાય તેને સ્વત: નિસર્ગજ સમ્યક્‌દર્શન કહે છે અને **(अन्यतः वा)** પોતાના મિથ્યાત્વનો ઉપશમ પોતાથી થાય છે તેમાં ગુરુના ઉપદેશને નિમિત્ત કહ્યું છે. બહિરંગમાં ગુરુની સમીપ સૂત્રનો ઉપદેશ મળતાં અનુભવ થાય છે. કુંદકુંદાચાર્યે પાંચમી ગાથામાં કહ્યું ને કે સર્વજ્ઞદેવ, ગણધરાદિથી માંડીને અમારા ગુરુપર્યંત કે જે નિર્મળજ્ઞાનમાં નિમગ્ન હતાં તેમણે આત્માનો ઉપદેશ અનુગ્રહણ કરીને દીધો છે. બહારની ક્રિયાકાંડથી સાધુપણું નથી પણ અતીન્દ્રિય આનંદમાં નિમગ્ન છે તે સાચું સાધુપણું છે. ગુરુએ કહ્યું કે પ્રભુ ! તારો આત્મા આનંદ સ્વરૂપ છે, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. આહાહા... આવો ઉપદેશ મળ્યો અને અંતર્મુખ થયો તો સમકિત પ્રાપ્ત કર્યું તો તેને અધિગમજ કહેવામાં આવે છે.

**"કોઈ પ્રશ્ન કરે છે કે જેઓ અનુભવ પામે છે તેઓ અનુભવ પામવાથી કેવા હોય છે ? ઉત્તર આમ છે કે તેઓ નિર્વિકાર હોય છે."**

જેને ધર્મ પ્રાપ્ત થાય છે, સમ્યક્‌દર્શન થાય છે, આત્માની અનુભૂતિમાં આત્માના આનંદનો સ્વાદ આવે છે તે આત્મા કેવો છે ? તે ધર્મી કેવી રીતે છે ? પર વસ્તુ જાણવામાં આવે છે તો વિકાર થાય છે ? તો કહે છે કે જ્યારે આત્માનું જ્ઞાન થયું, સમ્યક્‌દર્શન થયું ત્યારે જ્ઞાનનો સ્વાદ આવ્યો ને જ્ઞાનનો પ્રકાશ પણ થયો. ધર્મીને પર વસ્તુ જાણવામાં પણ આવી કેમ કે જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. તો પણ ધર્મીને વિકાર ઉત્પન્ન થાય છે એમ નથી.

**"તે જ કહે છે - "ते एव सन्ततं मुकुरवत् अविकाराः स्युः" (ते एव) તે જ જીવો (सन्ततं) નિરંતરપણે (मुकुरवत्) અરીસાની પેઠે (अविकारः) રાગદ્વેષ રહિત (स्युः) છે."**

શું કહે છે ? જેમ દર્પણ હોય છે તેમાં અગ્નિની જ્વાળા દેખવામાં આવે છે. અગ્નિની જ્વાળાનો સ્વચ્છતામાં ભાસ થાય છે. અરીસામાં પણ આમ... આમ...

(લબકઝબક) થાય છે પણ તે અગ્નિ નથી, અરીસાની અવસ્થા છે. અગ્નિનું અસ્તિત્વ અગ્નિમાં છે. અગ્નિનું અસ્તિત્વ અરીસામાં આવ્યું નથી. અરીસામાં તો પોતાની સ્વચ્છતા છે. તેમ જ્ઞાની ધર્માત્મા પોતાના જ્ઞાનમાં પર ચીજ જાણવામાં આવે છે તો પરચીજથી અહીં વિકાર થાય છે એમ છે નહીં કેમ કે પરચીજ આત્મામાં પેસતી નથી. જ્ઞાની જાણે છે કે આ ચીજ પર છે. જેમ અરીસામાં જ્વાળા દેખાય છે તે જ્વાળા અગ્નિની નથી. તેમ આત્મામાં પર વસ્તુનું જ્ઞાન આવે છે તે પરવસ્તુનું નથી પણ તે પોતાનું જ્ઞાન છે. આવી ઝીણી વાતું ભાઈ !

આહા... આવો માર્ગ ! લોકોને એકાંત લાગે. કદી સાંભળ્યો નથી ને સમજ્યો નથી તેથી એકાંત જેવું લાગે. ભાઈ ! વ્યવહારથી લાભ ન થાય એમ કહીએ તો તેને એકાંત લાગે પણ અહીંયા તો કહે છે કે વ્યવહારથી ભિન્ન પાડે તો લાભ થાય. રાગથી લાભ થાય છે તે ભેદજ્ઞાન નથી ભાઈ ! આહાહા... રાગ, વિકલ્પ તો થાય છે પણ તેનાથી મારી ચીજ ભિન્ન છે એવું ભેદવિજ્ઞાન જેનું સર્વસ્વ છે તેને સમ્યક્દર્શન અને અનુભવ થાય છે, ધરમ થાય છે.

ધર્મીને પરચીજનું જ્ઞાન તો થાય છે કે નહીં ? કે એકલું જ્ઞાન જ જ્ઞાન થાય છે ? તેને સ્વનું જ્ઞાન છે ને પરનું જ્ઞાન છે. પરવસ્તુ અહીંયા આવતી નથી. પરવસ્તુના સંબંધ પૂર્વક પોતાના જ્ઞાનની પર્યાય જે પરપ્રકાશક છે તે પોતાથી પોતામાં થઈ છે. તેમાં કોઈ પરને જાણ્યું તો વિકાર થઈ જાય એમ નથી. આવો માર્ગ કઈ જાતનો છે ? ઘણાને તો ગ્રીક લૅટિન જેવી ભાષા લાગે.

પોતાની ચૈતન્ય લક્ષ્મીની જેને મહિમા નથી અને પરવસ્તુ માટી-ધૂળની મહિમા છે તે બધા ભિખારી છે. ભાવનગરના દરબાર વ્યાખ્યાનમાં આવ્યા હતાં તો તેમને કહ્યું - સાંભળો દરબાર ! મહિને જે પાંચ હજાર માંગે તે નાનો માગણ છે અને મહિને લાખ માંગે તે મોટો માંગણ અને કરોડ માગે તે બધાથી મોટો માગણ છે. તે પરચીજને માગે છે. સત્ ચિદાનંદ-જ્ઞાનાનંદની મૂર્તિ પ્રભુ ! તેનું જ્ઞાન થયું તો તેને હવે પરનું ઘણું જ્ઞાન હોય તો વિકાર થાય ? કહે છે ના, એ તો પોતાનામાં પરપ્રકાશને જાણે છે બસ.

**"मुकुरवत् अविकाराः स्युः"** તે જ જીવો નિરંતરપણે દર્પણની સમાન રાગ-દ્વેષથી રહિત છે.

આહાહા... સમકિત થયું, અનુભવ થયો તે કહે છે કે સ્વ-પરને જાણવાનું કાર્ય

મારું છે બસ. પર મારું ને રાગ મારો છે તે દષ્ટિ પણ છૂટી ગઈ છે. રાગની હૈયાતી છે તો રાગનું જ્ઞાન થાય છે એમ પણ નથી, પોતાની શક્તિથી પોતાનું સ્વ-પરપ્રકાશક જ્ઞાન અંતરથી પ્રગટ થાય છે. અરીસામાં ચીજ દેખવામાં આવે તેથી ચીજ અરીસામાં ઘૂસી જાય છે એમ નથી. તેમ જ્ઞાન અરીસો છે. ચૈતન્યમૂર્તિ પ્રભુ ! ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર પ્રભુ આત્મા તેમાં પરવસ્તુ અનંત જાણવામાં આવે તો તેનાથી કોઈ વિકાર છે નહીં. તે ચીજ અહીં આવી નથી. ભાષા તો એમ બોલવામાં આવે છે કે તે ચીજનું અહીંયા પ્રતિબિંબ થાય છે. પ્રતિબિંબનો અર્થ એ કે પર જે ચીજ છે તે ચીજનું તેવું અહીંયા જ્ઞાન થાય છે. તેનું નામ પ્રતિબિંબ છે. એ ચીજ તો જડ છે. તે સંબંધી તેનું અહીં જ્ઞાન થાય છે. અહીં તો કહે છે જ્યારથી ધર્મની શરૂઆત થઈ, અનુભવ થયો ત્યારથી સ્વ ને પરનું જાણવું થાય છે. રાગ આવે છે તેનો કર્તા નથી. પરદ્રવ્યને જાણે છે તો વિકાર થતો નથી. પરદ્રવ્યનું જ્ઞાન પોતાથી થાય છે. પોતે એવો ને એવો જ્ઞાતાદષ્ટા રહે છે. સમજાણું કાંઈ... ?

**“શાનાથી નિર્વિકાર છે ? ''प्रतिफलननिमग्नानन्तभावस्वभावैः'' (प्रतिफलन) પ્રતિબિંબરૂપે (निमग्न) ગર્ભિત જે (अनन्तभाव) સકળ દ્રવ્યોના (स्वभावैः) ગુણ-પર્યાયો, તેમનાથી નિર્વિકાર છે. ભાવાર્થ આમ છે કે જે જીવના શુદ્ધ સ્વરૂપને અનુભવે છે તેના જ્ઞાનમાં સકળ પદાર્થો ઉદીપ્ત થાય છે, તેમના ભાવ અર્થાત્ ગુણ-પર્યાયો, તેમનાથી નિર્વિકારરૂપ અનુભવ છે.''**

ભાષા પ્રતિબિંબ લીધી. પ્રતિબિંબ (એટલે) જે ચીજ સામી છે તેનું અહીંયા જ્ઞાન થાય છે તે જ્ઞાનમાં પરવસ્તુનું પ્રતિબિંબ પડે છે એમ કહેવામાં આવે છે. આત્મા તો અરૂપી જ્ઞાનસ્વરૂપ છે. શું જડ (વસ્તુ) જ્ઞાનમાં આવી જાય છે ? લીમડો દેખાય છે સામે તે જડ છે. લીમડાના પાંદડા પણ જ્ઞાનમાં પ્રતિબિંબત થાય છે. લીમડાનો તો મોટો આકાર છે અને અહીંયા જ્ઞાનમાં તે સંબંધી જ્ઞાન થાય છે તો જ્ઞાની જ્ઞાતાદષ્ટા રહે છે. તે ચીજ મારી છે તેવું જ્ઞાની માનતા નથી અને પરચીજ જાણવાથી વિકાર થતો નથી. આહાહા... ધર્મની આટલી શરતું છે.

અરે ! ભાવશ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ અનંત દ્રવ્ય-ગુણ-પર્યાય-જાણવામાં આવે છે. કેવળીને પ્રત્યક્ષ જાણવામાં આવે છે અને શ્રુતજ્ઞાનીને પરોક્ષ જાણવામાં આવે છે. પ્રત્યક્ષ ને પરોક્ષ બે ભેદ છે. જાણવામાં ભેદ છે નહીં. આહાહા... આ શ્રુતજ્ઞાનની વાત કરે છે હોં !

પ્રવચન નં. ૨૭ તા. ૨૭-૭-'૭૭

## કળશ-૨૨

### (માલિની)

त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं
रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत् ।
इह कथमपि नात्मानात्मना साकमेक:
किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम् ॥ २२ ॥

ખંડાન્વય સહિત અર્થ : - ''**जगत् मोहम् त्यजतु**'' (**जगत्**) સંસારી જીવ રાશિ (**मोहम्**) મિથ્યાત્વપરિણામને (**त्यजतु**) સર્વથા છોડો. છોડવાનો અવસર કયો ? ''**इदानीं**'' તત્કાળ. ભાવાર્થ આમ છે કે શરીરાદિ પરદ્રવ્યો સાથે જીવની એકત્વબુદ્ધિ વિદ્યમાન છે, તે સૂક્ષ્મકાળમાત્ર પણ આદર કરવા યોગ્ય નથી. કેવો છે મોહ ? ''**आजन्मलीढं**'' (**आजन्म**) અનાદિકાળથી (**लीढं**) લાગેલો છે. ''**ज्ञानम् रसयतु**'' (**ज्ञानम्**) જ્ઞાનને અર્થાત્ શુદ્ધ ચૈતન્યવસ્તુને (**रसयतु**) સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદો. કેવું છે જ્ઞાન ? ''**रसिकानां रोचनं**'' (**रसिकानां**) શુદ્ધ સ્વરૂપના અનુભવશીલ સમ્યગ્દષ્ટિ જીવોને (**रोचनं**) અત્યંત સુખકારી છે. વળી કેવું છે જ્ઞાન? ''**उद्यत्**'' ત્રણે કાળ પ્રકાશરૂપ છે. કોઈ પ્રશ્ન કરે છે કે આમ કરતાં કાર્યસિદ્ધિ કેવી થાય છે ? ઉત્તર કહે છે-''**इह किल एक: आत्मा अनात्मना साकम् तादात्म्यवृत्तिम् क्वापि काले कथमपि न कलयति**'' (**इह**) મોહનો ત્યાગ, જ્ઞાનવસ્તુનો અનુભવ-આમ વારંવાર અભ્યાસ કરતાં (**किल**) નિ:સંદેહપણે (**एक:**) શુદ્ધ (**आत्मा**) ચેતનદ્રવ્ય (**अनात्मना**) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ આદિ સમસ્ત વિભાવપરિણામોની (**साकम्**) સાથે (**तादात्म्यवृत्तिम्**) જીવ અને કર્મના બંધાત્મક એકક્ષેત્ર-સંબંધરૂપે (**क्वापि**) કોઈ પણ અતીત, અનાગત અને વર્તમાનસંબંધી (**काले**) સમય, ઘડી, પ્રહર, દિવસ કે વર્ષે (**कथमपि**) કોઈ પણ રીતે (**न कलयति**) નથી રહેતું. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય ધાતુ અને પાષાણના સંયોગની પેઠે પુદ્ગલ કર્મોની સાથે મળેલું જ ચાલ્યું આવે છે અને મળેલું હોવાથી મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ વિભાવ-ચેતનપરિણામે પરિણમતું જ આવે છે. એમ પરિણમતાં એવી દશા નીપજી કે જીવદ્રવ્યનું નિજસ્વરૂપ જે કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિય સુખ અને કેવળવીર્ય, તેનાથી આ જીવદ્રવ્ય ભ્રષ્ટ થયું તથા મિથ્યાત્વરૂપ વિભાવપરિણામે પરિણમતાં જ્ઞાનપણું પણ છૂટી ગયું; જીવનું જ નિજસ્વરૂપ અનંતચતુષ્ટય છે, શરીર,

સુખ, દુઃખ, મોહ, રાગ, દ્વેષ ઈત્યાદિ બધું પુદ્ગલ કર્મની ઉપાધિ છે, જીવનું સ્વરૂપ નથી-એવી પ્રતીતિ પણ છૂટી ગઈ. પ્રતીતિ છૂટતાં જીવ મિથ્યાદષ્ટિ થયો; મિથ્યાદષ્ટિ થયો થકો જ્ઞાનાવરણાદિ કર્મબંધકરણશીલ થયો. તે કર્મબંધનો ઉદય થતાં જીવ ચારે ગતિઓમાં ભમે છે. આ પ્રકારે સંસારની પરિપાટી છે. આ સંસારમાં ભ્રમણ કરતાં કોઈ ભવ્ય જીવનો જ્યારે નિકટ સંસાર આવી જાય છે ત્યારે જીવ સમ્યક્ત્વ ગ્રહણ કરે છે. સમ્યક્ત્વ ગ્રહણ કરતાં પુદ્ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મનો ઉદય મટે છે તથા મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ મટે છે. વિભાવપરિણામ મટતાં શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે. આવી સામગ્રી મળતાં જીવદ્રવ્ય પુદ્ગલકર્મથી તથા વિભાવપરિણામથી સર્વથા ભિન્ન થાય છે. જીવદ્રવ્ય પોતાના અનંત-ચતુષ્ટયને પ્રાપ્ત થાય છે. દષ્ટાંત આમ છે કે જેવી રીતે સુવર્ણધાતુ પાષાણમાં જ મળેલી ચાલી આવે છે તો પણ અગ્નિનો સંયોગ પામીને પાષાણથી સુવર્ણ ભિન્ન થાય છે. ૨૨.

## કલશ – ૨૨ : ઉપરનું પ્રવચન

**''''जगत् मोहम् त्यजतु'' (जगत्) સંસારી જીવ રાશિ (मोहम्) મિથ્યાત્વપરિણામને (त्यजतु) સર્વથા છોડો.''**

સંતો અનંત જીવોને સંબોધીને વાત કરે છે કે હે જીવ રાશી ! મિથ્યાત્વ પરિણામને સર્વથા છોડો. જે કાંઈ શુભભાવ કે અશુભભાવ થાય છે તે બંને રાગ છે. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા એ શુભરાગ છે. હિંસા-જૂઠ-ચોરી-ભોગવાસના એ અશુભરાગ છે. બંને મોહ છે એટલે કે પરમાં સાવધાની છે. એ તરફના સાવધાનીના ભાવને અર્થાત્ મિથ્યાત્વ પરિણામને '**त्यजतु**' સર્વથા છોડો. જોયું ? '**त्यजतु**' નો અર્થ કર્યો કે પર તરફના ઝુકાવથી ઉત્પન્ન થયેલો જે મિથ્યાત્વભાવ એને સર્વથા છોડો.

પુણ્ય-પાપના ભાવ ને એ તરફની રુચિ-બુદ્ધિ એવો જે મિથ્યાત્વભાવ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં નથી, એ અનાત્મા છે. શુદ્ધાત્મા સાથે તેનું એકપણું માન્યું છે પણ કદી એકપણું થયું નથી. તેથી શુદ્ધ ચૈતન્ય આનંદઘન તરફનો ભાવ (રુચિ) કરો અને પુણ્ય-પાપના ભાવનો પ્રેમ-મોહ તેને સર્વથા છોડો.

હવે કહે છે એ છોડવાનો અવસર-કાળ કયો ? '**इदानीं**' તત્કાળ... આહાહા... પર તરફની જે એકત્વબુદ્ધિ છે એને છોડવાનો આ કાળ છે. પરમાં એકત્વબુદ્ધિનો ત્યાગ કરીને સ્વમાં એકત્વબુદ્ધિ કરવાનો આ કાળ છે. '**इदानीं**' નો અર્થ વર્તમાન થાય છે.

સ્વરૂપ તરફની સાવધાની અનાદિથી છોડી છે. અને જે સ્વરૂપમાં નથી એવા ભાવની સાવધાનીના મિથ્યાત્વભાવને હમણાં તજો, અત્યારે તજો, તત્કાળ તજો. એટલે કે હમણાં નહીં.... હમણાં નહીં... પછી કરીશું... પછી કરીશું... એમ આમાં વાયદા ન હોય. સમજાણું કાંઈ...?

**"છોડવાનો અવસર કયો ? "इदानीं" તત્કાળ. ભાવાર્થ આમ છે કે શરીરાદિ પરદ્રવ્યો સાથે જીવની એકત્વબુદ્ધિ વિદ્યમાન છે, તે સૂક્ષ્મકાળમાત્ર પણ આદર કરવા યોગ્ય નથી."**

શરીરાદિમાં.... શરીર, વાણી, મન, કર્મ, રાગ, પુણ્ય ને પાપના ભાવ આવી ગયા. ઝીણી વાત બહુ ભાઈ ! તારું સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્યઘન છે. એ સિવાયના જેટલા પરિણામ એ બધા પરદ્રવ્ય છે. નોકર્મ, દ્રવ્યકર્મ ને ભાવકર્મ ત્રણેય પરદ્રવ્ય છે. નોકર્મ એટલે શરીર, કર્મ એટલે જડદ્રવ્યકર્મ અને દયા-દાન-કામ-ક્રોધના પરિણામ એ ભાવકર્મ એની સાથે એકત્વબુદ્ધિ છે. એ (મિથ્યાત્વ પરિણામની) અસ્તિ છે. કેટલાક કહે છે ને કે ભૂલ બુલ કાંઈ છે નહીં, આત્મા તો શુદ્ધ ચૈતન્ય છે. પણ ભાઈ ! પર્યાયમાં ભૂલ જ નથી, દોષ જ નથી એમ નથી. તારું તત્ત્વ જે ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ એ સિવાય વિકલ્પથી માંડીને બધાં પરદ્રવ્ય છે. સ્ત્રી-પુત્ર-કુટુંબાદિ તો આત્માથી તદ્દન ભિન્ન છે. અને પુણ્ય-પાપના ભાવ, રાગાદિ આત્માની પર્યાયમાં થાય છે તો પણ છે એ પરદ્રવ્ય, તે સ્વવસ્તુ નથી. આમ હોવા છતાં પણ તેની સાથે એકત્વબુદ્ધિ વિદ્યમાન છે. જો એકત્વબુદ્ધિ વિદ્યમાન ન હોય તો વિદ્યમાન જે ભાવ તેનો અનુભવ હોવો જોઈએ. વિદ્યમાન ટકતું તત્ત્વ તો આત્મા છે.

અહીં કહે છે શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ છે તે સૂક્ષ્મકાળ માત્ર પણ એક સમયમાત્ર પણ આદરવા યોગ્ય નથી. શુભાશુભ રાગ ને શરીર મારા એવી એકત્વબુદ્ધિ સૂક્ષ્મકાળ પણ રાખવા જેવી નથી. સૂક્ષ્મકાળ અર્થાત્ એકસમય માત્ર પણ રાખવા જેવી નથી.

જેમ ત્રિકાળી ભગવાન આત્મા, શુદ્ધ ચૈતન્યઘન પરમ આનંદનું સ્વરૂપ, પરમ અતીન્દ્રિય સુખસ્વરૂપ મહા વિદ્યમાન, મહા વસ્તુ, અખંડ, અનંત ગુણે વિદ્યમાન અસ્તિત્વ ધરાવતી મોજુદગી ચીજ છે. તેમ પર્યાયમાં રાગની એકતા પણ મોજુદગી ચીજ છે, એ પણ વિદ્યમાન છે પરંતુ તે સૂક્ષ્મકાળમાત્ર પણ આદર કરવા યોગ્ય નથી.

તારું સ્વરૂપ તો શુદ્ધ છે. રાગ-વિકલ્પ તારા સ્વરૂપમાં નથી. તે ક્ષણમાત્ર પણ રાખવા જેવો નથી. એકત્વબુદ્ધિ વિદ્યમાન છે ખરી પણ રાખવા જેવી નથી. આહાહા.... મૂળ ઉપર ઘા કર્યો છે.

**"કેવો છે મોહ ? "आजन्मलीढं" (आजन्म) અનાદિકાળથી (लीढं) લાગેલો છે."**

આજન્મ..... આજન્મ એટલે અનાદિ. અનાદિ કાળથી રાગની સાથે એકતાબુદ્ધિ ચાલી આવે છે. અનાદિકાળથી '**लीढं**' લાગેલો છે. રાગની એકતાબુદ્ધિનો મિથ્યાત્વભાવ અનાદિથી લાગેલો છે. શરીર, બાયડી, છોકરા ને કુટુંબ તો ક્યાંય રહી ગયા. આ કહે કે દુકાને બેસે તો ધંધા બરાબર ચાલે ! પણ ભાઈ ! કોણ ચલાવે ? સાંભળ પ્રભુ ! તું તો જ્ઞાનમૂર્તિ છો. એ જ્ઞાનની મૂર્તિ આ રાગની ક્રિયા કરે ?

પ્રશ્ન : એ મિથ્યાત્વની ક્રિયા કરે છે ને ?

સમાધાન : એ કરે તો છે પણ શું એ એનું સ્વરૂપ છે ? એ કાંઈ એને શોભે છે ? નથી શોભતું. આવી વીતરાગીની વાતો છે બાપુ ! પરમેશ્વર જિનેશ્વરદેવે કેવળજ્ઞાનમાં આનંદકંદ ભગવાન જોયો અને ભૂલ પણ જોઈ. બંને જોયા. તારી પર્યાયમાં ભૂલ છે એ પણ ભગવાને જોઈ. તેથી કહે છે અનાદિથી મોહ લાગેલો છે.

જેમ વસ્તુ અનાદિથી શુદ્ધ ચૈતન્યઘન ચાલી આવે છે તેમ એની ભૂલ પણ અનાદિથી ચાલી આવે છે. દુનિયાના કામમાં આમ કરીએ ને તેમ કરીએ... એમ તું હોંશિલો થાય છે ને ! પણ પ્રભુ તને શું આ ભૂત વળગ્યું છે ! મોહનું ભૂત વળગ્યું છે. પ્રભુ! તું તો અનાદિનો શુદ્ધ ચૈતન્ય છે ને ! તું આ અશુદ્ધતાની એકત્વબુદ્ધિ ક્યાંથી લાવ્યો ?

પ્રશ્ન : આત્મા તો સદા શુદ્ધ છે ને ?

સમાધાન : વસ્તુ સદા ત્રિકાળ શુદ્ધ છે. પણ જો પર્યાયમાં અનાદિની આ ભૂલ ન હોય તો એના સ્થાને તને આનંદનો અનુભવ હોવો જોઈએ. કેમ કે આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. જો એ ભૂલ ન હોય તો તને તેના સ્થાનમાં સમ્યક્દર્શન ને ધરમ હોય ને આનંદનો સ્વાદ આવવો જોઈએ. હવે એ જ કહે છે.

**""ज्ञानम् रसयतु" (ज्ञानम्) જ્ઞાનને અર્થાત્ શુદ્ધ ચૈતન્યવસ્તુને (रसयतु) સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદો."**

જ્ઞાન એટલે શુદ્ધ ચૈતન્યવસ્તુ. આત્મા તો જ્ઞાનસ્વરૂપ જ છે, જ્ઞાતા સ્વરૂપ છે.

કહે છે કે આજન્મલીઢં જે મોહ છે તેને છોડ, એનો વ્યય કર અને સ્વભાવનો પ્રત્યક્ષરૂપથી આસ્વાદ કર. જુઓ ! આનુ નામ ધર્મ છે. આત્માના આનંદનો સ્વાદ આવવો એનું નામ સમ્યક્‌દર્શન ને ધર્મની શરૂઆત છે.

અરે ! લોકો કહે છે કે વ્યવહાર કરતાં કરતાં સમકિત થશે. અગિયારમી ગાથામાં વ્યવહારને ગૌણ કરીને જૂઠો છે એમ કહ્યું છે અને શુદ્ધ ત્રિકાળી ભગવાનને મુખ્ય કરી સત્યાર્થ કહ્યો છે, તેનો આશ્રય લેતાં સમ્યક્‌દર્શન થાય છે. તેથી તેને નિશ્ચય અને મુખ્ય કહ્યો. મુખ્યને નિશ્ચય કહ્યો અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને જૂઠો કહ્યો, પર્યાય નથી એમ નથી. વળી, કેટલાક કહે છે કે સમયસારને વેદાંતના ઢાચામાં ઢાળ્યું છે. પણ ભાઈ ! તે બિલકુલ ખોટી વાત છે.

બીજી ગાથામાં કહ્યું છે. **'जीवो चरित्तदंसणणाणट्ठिदो'** જીવ પોતાની નિર્મળ દશામાં સ્થિર થાય તેને આત્મા કહેવાય અને મલિનદશામાં સ્થિર થાય તેને અનાત્મા કહેવાય. વ્રત-તપ-જાત્રા આદિના ભાવ પરદ્રવ્યના લક્ષવાળા ભાવ છે, એ રાગ છે. તે તારી ચીજ નહીં. એ રાગની એકતાબુદ્ધિ તને અનાદિની છે. એનાથી મને લાભ થશે એવી મિથ્યાબુદ્ધિ અનાદિની છે. હવે રાગની એકતાબુદ્ધિ છોડીને સ્વભાવની એકતાબુદ્ધિ કર તો તને વસ્તુના અનુભવનો-આનંદનો સ્વાદ આવશે સમ્યક્‌દર્શન થશે. આ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા ને નવ તત્ત્વની શ્રદ્ધા એ સમકિત નથી. સમકિત એટલે પૂર્ણ શુદ્ધ ચૈતન્ય આનંદઘન અખંડાનંદ પ્રભુની પરમ પ્રતીતિ અને એ પ્રતીતિમાં આનંદનો સ્વાદ આવે તેને સમ્યક્‌દર્શન કહે છે. આહાહા... એ પુણ્ય ને પાપના વિકારી ભાવ જે કર્મચેતના એનો સ્વાદ તો અનાદિથી લીધો પ્રભુ ! જૈન સાધુ થઈને નવમી ગ્રૈવેયક ગયો.

મુનિવ્રત ધાર અનંતબાર ગ્રૈવેયક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.

પાંચ મહાવ્રતના ભાવ તે રાગ છે, તારા તત્ત્વથી એ વિરુદ્ધ તત્ત્વ છે. તેથી કહે છે કે વિરુદ્ધ તત્ત્વની દૃષ્ટિ છોડ તો તને રસિક આત્માના આનંદનો રસ આવશે. આહાહા... જુઓ ! આ સંતોની વાણી. વીતરાગ પરમાત્માની વાણી દિગંબર સંતો આડતિયા થઈને જગતને જાહેર કરે છે કે આ ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે. એનો પ્રત્યક્ષપણે આસ્વાદ કરજો. અનુભવમાં આનંદનો સ્વાદ પ્રત્યક્ષ છે. આનંદ કો'ક (બીજો) વેદે અને તેને કો'ક જાણે એમ નથી. ભલે ભાવશ્રુતજ્ઞાન પૂર્ણ નથી, આત્માના અસંખ્ય પ્રદેશને જાણતું

નથી તે અપેક્ષાએ પરોક્ષ કહ્યું તો પણ આનંદનો સ્વાદ પ્રત્યક્ષ છે. રાગની એકતાબુદ્ધિ ટળતાં, મિથ્યાત્વ ટળતાં સ્વભાવની એકતાબુદ્ધિ થાય છે ત્યારે તેને અનુભવમાં પ્રત્યક્ષ સ્વાદ આવે છે.

**"કેવું છે જ્ઞાન ? "रसिकानां रोचनं" (रसिकानां) શુદ્ધ સ્વરૂપના અનુભવશીલ સમ્યગ્દષ્ટિ જીવોને (रोचनं) અત્યંત સુખકારી છે."**

પરમાત્મા જિનેશ્વરદેવનો પોકાર છે કે **रसिकानां रोचनं** શુદ્ધ સ્વરૂપના અનુભવશીલ સમ્યક્દષ્ટિ તે રસિકાનામ્ છે એટલે તે આનંદરસના રસિક છે. આહાહા... સમ્યક્દષ્ટિની વ્યાખ્યા કરી કે શુદ્ધસ્વરૂપનો અનુભવ જેનો સ્વભાવ છે તે સમ્યક્દષ્ટિ. લોકોએ સમ્યક્દર્શનનું સ્વરૂપ સહેલુ સટ કરી નાખ્યું કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે સમ્યક્દર્શન અને હવે લઈ લ્યો વ્રત. બીજી રીતે કહીએ તો વ્રત પાળો ને અપવાસ કરો.... એ કરતાં કરતાં સમકિત થશે એ જગતને સહેલું લાગે છે. ઝેર પીતાં પીતાં અમૃતનો સ્વાદ આવશે!

પરમાર્થ વચનિકામાં કીધું છે કે આગમજ્ઞાન એને સહેલું લાગે છે, આગમ પદ્ધતિનું આચરણ એને સહેલું લાગે છે, શાસ્ત્રની આજ્ઞા જે વ્યવહારની છે તે એને સહેલી લાગે છે પણ અધ્યાત્મનો વ્યવહાર શું છે એની એને ખબર નથી. શુદ્ધ સ્વરૂપનો અનુભવ, પ્રત્યક્ષપણે આસ્વાદ તે અધ્યાત્મનો વ્યવહાર છે. આ વ્યાખ્યા ને ઉપદેશ કઈ જાતનો ? તેને ગ્રીક લૅટિન જેવું લાગે. ભગવાન વીતરાગ કહે છે એ માર્ગ તો અપૂર્વ છે. વીતરાગ સિવાય આવી વાત કોઈએ જાણી નથી અને કોઈએ કહી નથી.

પ્રભુ ! અનાદિથી જે પરસન્મુખની વૃત્તિ છે, રાગની એકતાબુદ્ધિ કે જે સ્વસન્મુખથી વિમુખ છે તે વૃત્તિને એકવાર છોડ. જેમાં દુ:ખ છે, જેમાં સંસાર છે, પરિભ્રમણ છે એવી મિથ્યાત્વની એકતાબુદ્ધિ છોડ. અને આત્માનો રસ લે ! 'રસયતું રસિકાનાં રોચનં' ગજબ શબ્દ છે ને ! શુદ્ધ ચૈતન્યનો પ્રત્યક્ષપણે આસ્વાદ તેનું નામ રસયતું. અને તે રોચનં અર્થાત્ અત્યંત સુખકારી છે. બાપુ ! તારે દુ:ખમાંથી મુક્ત થવું હોય તો શુદ્ધ સ્વરૂપનો રસિક થા અને રસિક સ્વભાવનું રોચન કર. એટલે તેને રુચિમાં લે. ત્રિકાળી ભગવાન શુદ્ધ ચૈતન્યની રુચિ સુખકારી છે. અત્યંત સુખકારી છે. ભાષા જોઈ ?

ધર્મી જીવ સ્વભાવનો રસિક છે. તેનો અનુભવ, તેની રુચિ અને તેનું પોષણ છે

એને રાગની રુચિને પોષણ નથી. આહાહા... ધર્મી જીવને આનંદની રુચિ છે, દુ:ખરૂપ એવા રાગની રુચિ નથી. પુણ્ય-પાપના ભાવરૂપ વ્યવહાર આવે, હોય પણ એની રુચિ નથી. સમજાણું કાંઈ... ? માર્ગ તો આવો છે ભાઈ ! લોકો બિચારા કહે કે સોનગઢવાળા વ્યવહારનો લોપ કરે છે. પણ તે વ્યવહાર નથી, ભૂલ છે. ત્રિકાળ જે આનંદનો નાથ પૂર્ણ પ્રભુ તે નિશ્ચય અને ભૂલને ટાળી પરિણતિમાં નિર્મળતા થાય તે વ્યવહાર છે. આહાહા... ચાલતો પ્રવાહ... સત્‌નો પ્રવાહ તૂટી ગયો ને ! તેથી આકરું લાગે. રાગની રુચિ છોડવી અને આત્માનો સ્વાદ લેવો તે પ્રથમ માર્ગ છે. એને બીજી રીતે કર્યો (માન્યો) એટલે લોકોને અહીંયાનું ઊંધું લાગે. (પરંતુ એ માન્યતા ખોટી છે.)

આ અષ્ટાન્હિકામાં પૂજન-ભક્તિ ચાલે છે ને ! તે બધોય શુભભાવ છે, ધર્મ નહીં. કેમ કે તેમાં પરસન્મુખ વલણ છે અને રાગ વિના પર તરફનું વલણ થઈ શકે નહીં. સમ્યક્‌દર્શન વીતરાગભાવ છે. હવે આમાં વાંધા-તકરાર ક્યાં છે ? પ્રભુ તારો માર્ગ જ આ છે ને ! ભાઈ તને (અધ્યાત્મનો) વ્યવહાર પણ રુચતો નથી. તેથી નિશ્ચયાભાસ કહીને એનો નિષેધ કરે છે. પણ પ્રભુ ! સાંભળ તો ખરો ! આત્માના સ્વાદનો સ્વાદીયો જીવ નિશ્ચયાભાસી નથી. એને તો આનંદનો સ્વાદ આવ્યો છે અને એ નિશ્ચય છે. સમજાણું કાંઈ... ? નિહાલચંદ્રભાઈ સોગાનીના દ્રવ્યદષ્ટિપ્રકાશમાં આવે છે કે નિશ્ચયાભાસ તો એને કહીએ કે જેને આનંદનો સ્વાદ આવ્યો ન હોય ને એકલી વાતો કરતો હોય અને અશુભમાં રુચિ રાખે તે નિશ્ચયાભાસી છે.

પ્રશ્ન : શુભરાગ હોય તેને ધર્મ કરવો પડે ?

સમાધાન : એ રાગ ને રાગની રુચિ છોડે અને સ્વભાવની રુચિ કરે ત્યારે ધર્મ થાય.

**''વળી કેવું છે જ્ઞાન? ''उद्यत्'' ત્રણે કાળ પ્રકાશરૂપ છે.''**

આહાહા... ભગવાન આત્મા તો ચૈતન્ય પ્રકાશનું પૂર છે. ચૈતન્ય પ્રકાશના નૂરનું પુંજ પ્રભુ છે. એમાં ક્યાંય રાગ કે પરવસ્તુનો અંધકાર છે નહીં. રાગ તો અંધકાર છે. કેમ કે રાગમાં જાણવાની શક્તિ નથી અને રાગ રહિત ભગવાન આત્મા તો જ્ઞાનપ્રકાશનો પુંજ છે. આ સૂર્ય છે તે જડપ્રકાશનો પુંજ છે અને આ તો જ્ઞાનસ્વભાવનો પુંજ પ્રભુ છે. ત્રણેકાળ પ્રકાશરૂપ છે. આવી વાતો છે ભાઈ ! સમજાણું કાંઈ...?

**''કોઈ પ્રશ્ન કરે છે કે આમ કરતાં કાર્યસિદ્ધિ કેવી થાય છે ? ઉત્તર કહે છે- ''इह किल एकः आत्मा अनात्मना साकम् तादात्म्यवृत्तिम् क्वापि काले कथमपि**

**न कलयति'' (इह) મોહનો ત્યાગ, જ્ઞાનવસ્તુનો અનુભવ-આમ વારંવાર અભ્યાસ કરતાં (किल) નિ:સંદેહપણે (एकः) શુદ્ધ (आत्मा) ચેતનદ્રવ્ય (अनात्मना) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ આદિ સમસ્ત વિભાવપરિણામોની (साकम्) સાથે (तादात्म्यवृत्तिम्) જીવ અને કર્મના બંધાત્મક એકક્ષેત્ર-સંબંધરૂપે (क्वापि) કોઈ પણ અતીત, અનાગત અને વર્તમાનસંબંધી (काले) સમય, ઘડી, પ્રહર, દિવસ કે વર્ષે (कथमपि) કોઈ પણ રીતે (न कलयति) નથી રહેતું.''**

આહાહા... પર તરફના રાગની એકતા એવો જે મિથ્યાત્વભાવ-મોહભાવ તેનો ત્યાગ અને જ્ઞાન આનંદ સ્વરૂપ ભગવાનના અનુભવરૂપ અભ્યાસ વારંવાર (**किल**) નિ:સંદેહપણે કરે છે. અહીં એકનો અર્થ શુદ્ધ કર્યો કે આત્મા ખરેખર એકપણે છે અને રાગપણે નથી એવી શુદ્ધ ચૈતન્યવસ્તુ તે આત્મા અને દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ એ ભાવકર્મ, શરીર વાણી એ નોકર્મ અને જડકર્મ એ અનાત્મા છે. શરીર અનાત્મા, કર્મ અનાત્મા અને પુણ્ય-પાપના ભાવ અનાત્મા. હિંસા-જૂઠ-ચોરી વિષય ભોગના ભાવ તો અનાત્મા છે જ પણ પંચમહાવ્રતના ભાવ, દયા-દાન-વ્રત-ભક્તિના ભાવ પણ અનાત્મા છે.

વિભાવ પરિણામ-રાગનું, કર્મનું, શરીરનું અને આત્માનું ક્ષેત્ર એક છે. એકક્ષેત્રાવગાહ હોવા છતાં પણ રાગની મોહની એકતા તોડતાં ને સ્વરૂપના આનંદનો અનુભવ થતાં તેઓ એકપણાને પામતાં નથી. અહીં આત્મા અને પુણ્ય-પાપના ભાવ જે અનાત્મા તેનું ક્ષેત્ર એક કહ્યું છે. ખરેખર તો વિકારનું ક્ષેત્ર જુદું છે અને નિર્વિકારનું ક્ષેત્ર જુદું છે. અહીંયા તો એક આત્મા શુદ્ધ આનંદકંદપ્રભુ જે ખ્યાલમાં લીધો છે તો તે જ ક્ષેત્રમાં રાગ, કર્મ ને શરીર છે ત્યાં પણ જેણે પર તરફના રાગની એકતા તોડી અને આત્માના આનંદરસનો સ્વાદ લીધો તેનો એકક્ષેત્રાવગાહ હોવા છતાં એકપણાને પામતો નથી.

આહાહા... ચોથે ગુણસ્થાને અંતરમાં અતીન્દ્રિય આનંદનો જે સ્વાદ હતો તેનાથી વિશેષ પ્રચુર આનંદના સ્વાદ માટે મુનિપણું લ્યે છે. બહારનો ત્યાગ કર્યો એટલે આનંદનો વિશેષ સ્વાદ થાય છે એમ નથી. મુનિને તો પ્રચુર આનંદ-શુદ્ધોપયોગ કહ્યો છે ને ! મોક્ષમાર્ગ પ્રકાશક પહેલા અધિકારમાં કહ્યું કે મુનિ શુદ્ધોપયોગને ગ્રહણ કરે છે. મહાવ્રતાદિ વિકલ્પ તો જાણનારનું પરજ્ઞેય છે. આહાહા... આવો માર્ગ. વાતે વાતે ફેર

લાગે પણ શું થાય ? માર્ગ તો પ્રભુ આ છે. દુનિયા માને, ન માને, એની સંખ્યા હો કે ન હો તેથી કરીને કાંઈ સત્ય વાત બદલી જાય ?

અહીં કહે છે પર તરફના મોહનો ત્યાગ કરીને પોતે આનંદકંદમાં એકાગ્ર થયો ને આનંદનો સ્વાદ આવ્યો ત્યારે રાગ, શરીર ને કર્મ એકક્ષેત્રે રહેવા છતાં તેઓ એકપણાને પામતાં નથી, આ કાર્ય થયું. સમજાણું કાંઈ... ? **(न कलयति)** કોઈ પણ રીતે એકપણાનો અનુભવ થતો જ નથી. અનુભવમાં રાગનો સ્વાદ આવતો નથી, ભિન્ન રહી જાય છે. તેનું પૃથક્ ભેદજ્ઞાન રહે છે. રાગની એકત્વબુદ્ધિ છૂટ્યા પછી એક સમયમાત્ર પણ એકપણું થતું નથી.

**"ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય ધાતુ અને પાષાણના સંયોગની પેઠે પુદ્ગલ કર્મોની સાથે મળેલું જ ચાલ્યું આવે છે અને મળેલું હોવાથી મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ વિભાવ-ચેતનપરિણામે પરિણમતું જ આવે છે."**

અનાદિથી કર્મ ને આત્માનો (સંયોગનો) વિયોગ કદી થયો જ નથી. પર્યાયમાં રાગનો, કર્મનો સંયોગ સંબંધ અનાદિથી ચાલ્યો આવે છે, દ્રવ્ય સાથે કોઈ સંબંધ છે નહીં. પોતાની પર્યાયમાં રાગ ને દ્વેષ કરે છે તે સંયોગીભાવ છે અને તેને લઈને સંયોગી કર્મ પણ બંધાય છે. વળી, આ ચૈતન્ય આનંદ છે તે હું છું એવી સવળી દૃષ્ટિ ન થતાં આ રાગ છે તે હું છું તેવી ઉલ્ટી દૃષ્ટિ થઈ ગઈ છે, વિપરીત માન્યતા થઈ ગઈ છે.

બપોરે એમ આવે છે કે પુણ્ય-પાપ, દયા ને દાન, વ્રત-તપના વિકલ્પ જે રાગ છે એ તો પ્રકૃતિનો સ્વભાવ છે, એ આત્માનો સ્વભાવ નથી. અહીં કહે છે પર્યાયમાં એવું પરિણમન છે. તે કર્મને લઈને પરિણમન થયું છે એમ નથી. કર્મ તો નિમિત્ત માત્ર છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ આનંદસ્વરૂપ પ્રભુ જ્ઞાન ને આનંદનો ભંડાર-સાગર છે. એનાથી ભ્રષ્ટ થઈ અનાદિથી કર્મના સંયોગમાં જોડાણો છે તેથી તેને વિભાવ ચૈતન્ય પરિણામ થયા છે. અર્થાત્ પુણ્યના ભાવે ધર્મ છે એવી માન્યતા તે ચૈતન્યના મિથ્યાત્વ પરિણામ છે અને હિંસા-જૂઠ-ચોરી-વિષય ભોગના પાપના ભાવમાં મને ઠીક છે એવી પાપમાં સુખબુદ્ધિ તે મિથ્યાત્વભાવ છે. અનાદિથી કર્મના સંયોગે પોતે મિથ્યાત્વના વિભાવપણે પરિણમે છે.

**"એમ પરિણમતાં એવી દશા નીપજી કે જીવદ્રવ્યનું નિજસ્વરૂપ જે કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિય સુખ અને કેવળવીર્ય, તેનાથી આ જીવદ્રવ્ય ભ્રષ્ટ થયું તથા**

**મિથ્યાત્વરૂપ વિભાવપરિણામે પરિણમતાં જ્ઞાનપણું પણ છૂટી ગયું.''**

કેવળજ્ઞાન એટલે એકલું જ્ઞાન, કેવળદર્શન એટલે એક દર્શનમાત્ર આત્મા, અતીન્દ્રિય સુખ અર્થાત્ અતીન્દ્રિય આનંદ અને કેવળવીર્ય એટલે પૂર્ણ પુરુષાર્થ. એકલું બળ. પૂર્ણ વીર્યપણું એવો ભગવાન આત્માનો સ્વભાવ છે. આહાહા... પોતે સ્વયં ભગવાન અનંત જ્ઞાન, આનંદ, દર્શન ને વીર્યથી સંપન્ન હોવા છતાં અનાદિથી કર્મના સંગે મિથ્યાત્વપણે પરિણમતાં પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થયો છે. કર્મે ભ્રષ્ટ કરાવ્યો છે એમ નથી કહ્યું. કર્મ તો જડ છે. પોતે સ્વરૂપથી વિપરીતપણે પરના સંબંધમાં પરિણમતો થકો પોતાના આનંદ સ્વરૂપથી ચ્યુત થયો છે તેમ થતાં જ્ઞાનપણું છૂટી ગયું. ચૈતન્ય પ્રભુ તો જ્ઞાનસ્વરૂપ છે. જેમ સાકર ગળપણ-મીઠાસ સ્વરૂપ છે તેમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનપણું છૂટી ગયું.

**''જીવનું જ નિજસ્વરૂપ અનંતચતુષ્ટય છે, શરીર, સુખ, દુ:ખ, મોહ, રાગ, દ્વેષ ઈત્યાદિ બધું પુદ્ગલ કર્મની ઉપાધિ છે, જીવનું સ્વરૂપ નથી-એવી પ્રતીતિ પણ છૂટી ગઈ.''**

આહાહા... પોતે તો અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ ને સ્વચ્છતાનો સાગર છે. અનંત પવિત્રતાનું ગોદામ છે. પણ પુણ્ય ને પાપના પ્રેમમાં, મિથ્યાત્વ ભાવમાં એ પવિત્રતાની પ્રીતિ ને રુચિ છૂટી ગઈ છે. એ પણ પોતાના કારણે છૂટી છે, પરના કારણે નહીં. 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા' અહા ! પોતે આનંદસ્વરૂપ છે એની એને ખબર નથી તેથી મિથ્યાત્વરૂપે પરિણમતાં જ્ઞાતાપણું છૂટી ગયું, હું જાણનાર છું એ વાત રહી નહીં. અનંત ચતુષ્ટયરૂપ નિજ સ્વરૂપ દૃષ્ટિમાં રહ્યું નહીં.

શરીર, સુખ, દુ:ખ, મોહ, રાગ, દ્વેષ, કલ્પનાથી માનેલાં ઈન્દ્રિય સુખ ને પ્રતિકૂળતામાં દ્વેષ એ દુ:ખ એવો જે મોહ-મિથ્યાત્વાદિ બધું પુદ્ગલકર્મની ઉપાધિ છે, એ આત્માનો સ્વભાવ નથી. શરીર-વાણી-મન, કુટુંબ કબિલા એ બધી પર વસ્તુ છે. એ તો અઘાતિકર્મની ઉપાધિ છે. પુણ્ય-પાપના ભાવ, મિથ્યાત્વ ને રાગ-દ્વેષ એ ઘાતિના સંગે મળેલી ઉપાધિ છે.

**પ્રશ્ન :** ધર્મની ઉપાધિ કઈ ?

**સમાધાન :** ધર્મની ઉપાધિ હોય જ નહીં. ધર્મમાં તો આત્માના આનંદનો સ્વાદ હોય છે. અંતરમાં આનંદસ્વરૂપ ભગવાનના આનંદનો સ્વાદ આવે તેને ધર્મની દશા કહેવાય.

આહાહા... વ્રત, અપવાસ, તપ, ભક્તિ, ગિરનાર, શત્રુંજય, સમ્મેદશિખરની જાત્રા કરે એ બધો શુભરાગ છે, એ શુભરાગ તે ઉપાધિ છે, નિજ સ્વભાવ નથી.

અહા... ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ ! એકલા જ્ઞાનનો પિંડ પ્રભુ આત્મા તે સમ્યક્‌દર્શનનો વિષય-ધ્યેય છે. એને ધરમનો વિષય બનાવ એટલે કે પવિત્રતાનો વિષય બનાવ. પુણ્ય-પાપના ભાવનો વિષય પર દ્રવ્ય છે, એનું લક્ષ પર ઉપર છે. ચાહે તો દયા-દાન-ભક્તિનો-ભગવાનના સ્મરણનો, પૂજાનો ભાવ હોય પણ તે બધા ભાવ પર તરફ વળેલા છે, એ સ્વદશા નથી. અહીં કહે છે કે એ ભાવપણે પરિણમતાં, હું દયાના ભાવનો કરનારો છું એવી કર્તાબુદ્ધિમાં હું એક જ્ઞાતા છું તેવી જ્ઞાનપણાની વાત દૃષ્ટિમાંથી છૂટી ગઈ, જ્ઞાનથી ભ્રષ્ટ થઈ ગયો. અહા ! આવી વાતો છે ભાઈ !

હું એક જ્ઞાન ને આનંદસ્વરૂપ છું તેમાં વિકલ્પના રાગનો અવકાશ નથી. એમ ન માનતાં રાગ તે હું છું અને રાગથી મને લાભ થશે એ કારણે આનંદસ્વરૂપ ભગવાનની પ્રતીતિ છૂટી ગઈ.

**પ્રશ્ન :** ક્યારથી છૂટી છે ?

**સમાધાન :** અનાદિથી છૂટી ગઈ છે. ભાષા તો એમ જ આવે ને ! સમયસાર કર્તા-કર્મમાં ૬૯/૭૦ મી ગાથામાં આવે છે કે પોતાની ઉદાસીન દશા તેને છોડી દીધી. પહેલાં હતી ને છોડી દીધી એમ નથી. અનાદિથી છૂટી ગઈ છે. વીતરાગનો ધર્મ કોઈ અપૂર્વ છે. પૂર્વે એક સેકન્ડ કર્યો તો નથી પણ ખરેખર રુચિપૂર્વક આ વાતને તેણે સાંભળી પણ નથી

અહાહા... ! કેટલાકે તો વ્રત-તપને ધરમના નામે ચડાવી દીધા. કેટલાકે જાત્રામાં ધરમ છે, કોઈકે દાનાદિને વળી કોઈકે પરમાત્માગુરુની ભક્તિ કરશો તો ધરમ થાશે એમ એ બધા રાગને ધરમના નામે ચડાવી તેમાં ધરમ માન્યો પણ તે તો મિથ્યાત્વના પરિણામ છે. દુનિયાને બહારની ક્રિયા એકદમ સહેલી લાગે છે ને ! પરમાર્થ વચનિકામાં આવે છે "આગમની કહેલી વ્યવહાર ક્રિયા સુગમ લાગે છે તેથી એ કરે છે પણ અધ્યાત્મનો વ્યવહાર એને સમજાતો નથી." ભગવાન આનંદસ્વરૂપ છે તેની જ્ઞાન ને આનંદની દશા તે અધ્યાત્મનો વ્યવહાર છે એને અધ્યાત્મના વ્યવહારની ખબર નથી ને આગમનો વ્યવહાર જે પુણ્ય બંધનું કારણ છે તેને ધરમ માની વ્રત-તપ-ભક્તિ-પૂજા-દયા-દાનના રસ્તે ચડી ગયો છે. અનંત ચતુષ્ટય સંપન્ન ત્રિકાળી વસ્તુ તે નિશ્ચય અને તેનો અનુભવ થવો, આનંદનો સ્વાદ આવવો તે અધ્યાત્મનો વ્યવહાર છે. ભગવાન આત્મા સિદ્ધ સ્વરૂપી

સત્ ચિદાનંદ પ્રભુ છે. નાટક સમયસારમાં આવે છે.-

"ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો;
મોહ મહાતમ આતમ અંગ, કિયૌ પરસંગ મહાતમ ઘેરૌ.
ગ્યાનકલા ઉપજી અબ મોહિ, કહૌં ગુણ નાટક આગમ કેરૌ,
જાસુ પ્રસાદ સધૈ શિવમારગ, વેગિ મિટૈ ભવવાસ બસેરૌ."

આ ભગવાન તો પવિત્ર આનંદનો નાથ છે. એને ચામડાં-હાડકાંમાં રહેવું... ! (કેવું લાગે ?) જેમ એક શેર ચણાના લોટને ચાર શેર ઘી પીધેલું મેસુખ હોય તેને સડી ગયેલા ગધેડાના ચામડામાં વીંટે તેમ આ અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન ને સડેલા હાડકા-ચામડામાં વીંટાયેલો બેઠો છે. ૯૬મી ગાથામાં કહ્યું કે અમૃત સાગર આત્મા મૃતક કલેવરમાં મૂર્છાઈ ગયો છે. આ (શરીર) મૃતક કલેવર છે, જીવતું નથી. શરીર-માટી-ધૂળ અજીવ છે. જીવ તો એનાથી ભિન્ન છે. એ મૃતક કલેવરમાં ભગવાન મૂર્છાઈ ગયો એમ પુણ્ય ને પાપના ભાવમાં નિરુપાધિ સ્વભાવ મૂર્છાઈ ગયો, સ્વરૂપની પ્રતીતિ છૂટી ગઈ. જ્ઞાન તો છૂટી ગયું પણ પ્રતીતિ પણ ન રહી. પ્રતીતિ હતી ને છૂટી ગઈ એમ નથી. અનાદિથી છે નહીં એટલે છૂટી ગઈ.

**"પ્રતીતિ છૂટતાં જીવ મિથ્યાદષ્ટિ થયો; મિથ્યાદષ્ટિ થયો થકો જ્ઞાનાવરણાદિ કર્મબંધકરણશીલ થયો. તે કર્મબંધનો ઉદય થતાં જીવ ચારે ગતિઓમાં ભમે છે. આ પ્રકારે સંસારની પરિપાટી છે."**

આ શરીર, વાણી, મન, પુણ્ય-પાપના ભાવ મારા એવી મિથ્યાત્વરૂપી દશાથી અનંત આનંદ સ્વરૂપ ભગવાન આત્માની પ્રતીતિ છૂટીને મિથ્યાત્વરૂપી દષ્ટિ થઈ ગઈ અને આઠે કર્મ બાંધે એવો એનો સ્વભાવ થઈ ગયો. તે કર્મબંધનો ઉદય થતાં દેવમાં જાય, મનુષ્યમાં જાય, ઢોર થાય, નરકમાં જાય, કીડે કાગડેય જાય. એવા અવતાર અનંત કર્યાં.

જ્ઞાનસ્વરૂપ છે તેનાથી ભ્રષ્ટ થયો, આનંદકંદની પ્રતીતિ રહી નહીં ને બહારની ચીજને જાણવા રોકાઈ ગયો. અને બહારની ચીજ મારી છે એવી પ્રતીતિ આવી એટલે મિથ્યાદષ્ટિ થયો અને આઠ કર્મના બંધનના ભાવવાળો થયો. એ આઠે કર્મ બંધાયા અને જ્યારે તેનો ઉદય આવ્યો ત્યારે ચારગતિમાં રખડ્યો. આ પ્રકારે સંસારની પરિપાટી છે. એટલે સંસારની ૮૪ લાખ યોનિમાં રખડવાની આ દશા છે. આ મનુષ્યપણું કાંઈ નવું નથી મળ્યું, અનંત વાર મળ્યું છે. કેમ કે આત્મા કયાં નવો છે ? એ તો અનાદિનો છે.

**"આ સંસારમાં ભ્રમણ કરતાં કોઈ ભવ્ય જીવનો જ્યારે નિકટ સંસાર આવી જાય છે ત્યારે જીવ સમ્યક્ત્વ ગ્રહણ કરે છે. સમ્યક્ત્વ ગ્રહણ કરતાં પુદ્‌ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મનો ઉદય મટે છે તથા મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ મટે છે. વિભાવપરિણામ મટતાં શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે."**

હવે સવળું લ્યે છે. આમ રખડતાં રખડતાં લાયક જીવ-ભવી પ્રાણીને સંસાર નિકટ આવી જાય છે, થોડા ભવ રહે છે, સંસારનો અંત આવવાનો એનો કાળ પાકે છે ત્યારે જીવ સમ્યક્ત્વ ગ્રહણ કરે છે. આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાતા સ્વરૂપ છે, દૃષ્ટા સ્વરૂપ છે એવાં આનંદનો સ્વાદ લઈને સમકિત પ્રગટ કરે છે. જ્યારે સ્વરૂપનું ભાન કર્યું ત્યારે વિપરીત ભાવ રહેતાં નથી. મિથ્યાત્વનો નાશ થાય છે, પોતાના વિભાવ પરિણામ મટે છે અને જડકર્મ પણ મટે છે.

શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં સમ્યક્‌દર્શન થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ પણ ત્યાં કામ કરતી નથી. એ તો રાગ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો તો તમને સમકિત થશે અને આત્માનું કલ્યાણ થશે એ માર્ગ વીતરાગનો નહીં. કલ્પિત માર્ગની એ બધી વાતો છે. વીતરાગ જિનેશ્વરના માર્ગમાં તો કહે છે કે ભગવાન આત્મા અનંત ચતુષ્ટયે બિરાજમાન છે. તેને અનુસરીને એનો અનુભવ થતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એ એની મ્હોર છાપ છે. અનુભવની મ્હોર છાપ શું ? ટ્રેડમાર્ક શું ? કહે છે કે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એ એનો ટ્રેડમાર્ક છે.

આહાહા... શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે. પરમાત્મા તીર્થંકરનો પણ અનુભવ નહીં કેમ કે તે પરદ્રવ્ય છે, એનોય અનુભવ નહીં. શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે. પરથી વિમુખ થઈને સ્વની સન્મુખ થવું એનું નામ સ્વનો અનુભવ કહેવામાં આવે છે.

**"આવી સામગ્રી મળતાં જીવદ્રવ્ય પુદ્‌ગલકર્મથી તથા વિભાવપરિણામથી સર્વથા ભિન્ન થાય છે. જીવદ્રવ્ય પોતાના અનંત-ચતુષ્ટયને પ્રાપ્ત થાય છે."**

ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ આનંદકંદ પ્રભુ છે. પરથી વિમુખ થઈ એની સન્મુખ થાય-આવી સામગ્રી મળતાં કર્મ ને વિભાવથી સર્વથા ભિન્ન થાય છે. આહાહા... પહેલાં તો દૃષ્ટિમાં સર્વથા ભિન્ન છે પછી સ્થિરતા કરીને અસ્થિરતાનો નાશ કર્યો છે. તેમાં રમવું તેનું નામ ચારિત્ર છે. નગ્નપણું ને પંચ મહાવ્રતના પરિણામ એ કાંઈ ચારિત્ર નથી. જે અનંત ચતુષ્ટયરૂપે સ્વભાવ હતો, શક્તિરૂપે હતો તે પર્યાયમાં પ્રાપ્ત થાય છે. સ્વભાવમાં

જે સામર્થ્ય હતું તે વર્તમાન દશામાં પ્રાપ્ત થાય છે.

**"દૃષ્ટાંત આમ છે કે જેવી રીતે સુવર્ણધાતુ પાષાણમાં જ મળેલી ચાલી આવે છે તો પણ અગ્નિનો સંયોગ પામીને પાષાણથી સુવર્ણ ભિન્ન થાય છે."**

પથ્થર અને સોનું ખાણમાં એક સાથે ચાલ્યું આવે છે તો પણ અગ્નિનો સંયોગ પામીને પાષાણથી સુવર્ણ ભિન્ન થાય છે, જુદું પડી જાય છે. તેમ આત્મા સમ્યક્‌દર્શન ને જ્ઞાન દ્વારા રાગથી ને પરથી ભિન્ન પડી જાય છે. અનાદિથી વિકારને કર્મનો સંયોગ સંબંધ હોવા છતાં સ્વરૂપની દૃષ્ટિ-અનુભવ કરતાં બંને જુદા પડી જાય છે. સમજાણું કાંઈ... ?

પ્રવચન નં. ૨૮, ૨૯ ચાલુ. તારીખ : ૨૮-૬-૭૭ થી ૨૯-૬-૭૭.

કોઈ અજ્ઞાની કહે છે - એકલું જ્ઞાન-જ્ઞાન શું કરો છો ? અમે જે આ પુણ્યની ને દેહની ક્રિયા કરીએ છીએ તે સાધન છે, તે વડે આત્મા ઓળખાય જશે. તેને અહીં કહે છે - મૂઢ છો કે શું ? દેહની ક્રિયા કે પુણ્યની ક્રિયા તે આત્માને ઓળખવાનાં સાધન નથી, એક જ્ઞાનલક્ષણ વડે જ આત્મા ઓળખાય છે. આમ જ્ઞાનલક્ષણ કહીને વ્યવહારાભાસનો નિષેધ કર્યો.

વળી કોઈ કહે છે - જ્ઞાન તે લક્ષણ અને આત્મા લક્ષ્ય-એમ ભેદ શા માટે પાડો છો ? સીધો જ આત્મા બતાવો ને ? લક્ષણ દ્વારા લક્ષ્ય બતાવો છો તેને બદલે સીધું જ લક્ષ્ય બતાવી દો ને ! તેને કહે છે - ભાઈ ! જે લક્ષણને જાણતો નથી તે લક્ષ્યને પણ જાણતો નથી, લક્ષણને ઓળખવાથી જ લક્ષ્ય ઓળખી શકાય છે. જેમ કોઈ કહે - અમારે સાકર જોઈએ છે, ગળપણથી કામ નથી, તો તેને સાકરની પ્રાપ્તિ થતી નથી. તેમ જો કોઈ કહે - અમારે લક્ષ્ય-આત્મા જોઈએ છે, જ્ઞાનથી-લક્ષણથી શું કામ છે ? તો તેને આત્માની પ્રાપ્તિ થતી નથી. આ પ્રમાણે જ્ઞાનલક્ષણે આત્મા લક્ષિત થતો હોવાથી જ્ઞાનલક્ષણ કહીને નિશ્ચયાભાસનો નિષેધ કર્યો. સમજાણું કાંઈ ?

-પ્રવચન રત્નાકર ભાગ-૧૧, પાનું - ૩.

## કળશ-૨૩

### (માલિની)

**अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्**
**अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम् ।**
**पृथगथ विलसन्तं स्वं समालोक्य येन**
**त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम् ॥ २३ ॥**

ખંડાન્વય સહિત અર્થ : - ''**अयि मूर्तेः पार्श्ववर्ती भव, अथ मुहूर्तं पृथक् अनुभव**'' (**अयि**) હે ભવ્યજીવ ! (**मूर्तेः**) શરીરથી (**पार्श्ववर्ती**) ભિન્ન સ્વરૂપ (**भव**) થા. ભાવાર્થ આમ છે કે અનાદિકાળથી જીવ દ્રવ્ય (શરીર સાથે) એક સંસ્કારરૂપ થઈને ચાલ્યું આવે છે, તેથી જીવને આમ કહીને પ્રતિબોધવામાં આવે છે કે હે જીવ ! આ જેટલા શરીરાદિ પર્યાયો છે તે બધા પુદ્‌ગલકર્મના છે, તારા નથી; તેથી આ પર્યાયોથી પોતાને ભિન્ન જાણ. (**अथ**) ભિન્ન જાણીને (**मुहूर्तम्**) થોડોક કાળ (**पृथक्**) શરીરથી ભિન્ન ચેતનદ્રવ્યરૂપે (**अनुभव**) પ્રત્યક્ષ પણે આસ્વાદ કર. ભાવાર્થ આમ છે કે શરીર તો અચેતન છે, વિનશ્વર છે, શરીરથી ભિન્ન કોઈ તો પુરુષ (આત્મા) છે એવું જાણપણું-એવી પ્રતીતિ મિથ્યાદષ્ટિ જીવોને પણ હોય છે, પરંતુ સાધ્યસિદ્ધિ તો કાંઈ નથી, જ્યારે જીવદ્રવ્યનો દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, સકળ કર્મક્ષયલક્ષણ મોક્ષ પણ છે. કેવો છે અનુભવશીલ જીવ ? ''**तत्त्वकौतूहली सन्**'' (**तत्त्व**) શુદ્ધ ચૈતન્યવસ્તુના (**कौतूहली सन्**) સ્વરૂપને જોવા ઈચ્છે છે એવો થયો થકો. વળી કેવો થઈને ? ''**कथमपि मृत्वा**'' (**कथमपि**) કોઈ પણ પ્રકારે-કોઈ પણ ઉપાયે, (**मृत्वा**) મરીને પણ, શુદ્ધ સહજસાધ્ય છે, યત્નસાધ્ય તો નથી, પરંતુ આટલું કહીને અત્યંત ઉપાદેયપણું દઢ કર્યું છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે અનુભવ તો જ્ઞાનમાત્ર છે, તેનાથી શું કાંઈ કાર્યસિદ્ધિ છે ? તે પણ ઉપદેશ દ્વારા કહે છે - ''**येन मूर्त्या साकम् एकत्व मोहम् झगिति त्यजसि**'' (**येन**) જે શુદ્ધ ચૈતન્યના અનુભવ વડે (**मूर्त्या साकम्**) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્માત્મક સમસ્ત કર્મરૂપ પર્યાયોની સાથે (**एकत्वमोहम्**) એકસંસ્કારરૂપ-'હું દેવ છું, હું મનુષ્ય છું, હું તિર્યંચ છું, હું નારકી છું' ઈત્યાદિરૂપ, 'હું સુખી છું, હું દુઃખી છું,' ઈત્યાદિરૂપ, 'હું ક્રોધી છું, હું માની છું' ઈત્યાદિરૂપ તથા 'હું યતિ છું, હું ગૃહસ્થી છું' ઈત્યાદિરૂપ-પ્રતીતિ એવો છે મોહ અર્થાત્

વિપરીતપણું તેને **(झगिति)** અનુભવ થતાંવેંત જ **(त्यजसि)** હે જીવ! પોતાની બુદ્ધિથી તું જ છોડીશ. ભાવાર્થ આમ છે કે અનુભવ જ્ઞાનમાત્ર વસ્તુ છે, એકત્વમોહ મિથ્યાત્વરૂપ દ્રવ્યના વિભાવ પરિણામ છે, તો પણ એમને (અનુભવને અને મિથ્યાત્વના મટવાને) આપસમાં કારણકાર્યપણું છે. તેનું વિવરણ-જે કાળે જીવને અનુભવ થાય છે તે કાળે મિથ્યાત્વ પરિણમન મટે છે, સર્વથા અવશ્ય મટે છે. જે કાળે મિથ્યાત્વ-પરિણમન મટે છે તે કાળે અવશ્ય અનુભવશક્તિ થાય છે. મિથ્યાત્વ પરિણમન જે રીતે મટે છે તે રીત કહે છે-"**स्वं समालोक्य**" **(स्वं)** પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુનો **(समालोक्य)** સ્વસંવેદનપ્રત્યક્ષપણે આસ્વાદ કરીને. કેવું છે શુદ્ધ ચેતન? "**विलसन्तं**" અનાદિનિધન પ્રગટપણે ચેતનારૂપ પરિણમી રહ્યું છે. ૨૩.

## કલશ - ૨૩ : ઉપરનું પ્રવચન

**"अयि मूर्तेः पार्श्ववर्ती भव, अथ मुहूर्तं पृथक् अनुभव" (अयि) હે ભવ્યજીવ! (मूर्तेः) શરીરથી (पार्श्ववर्ती) ભિન્ન સ્વરૂપ (भव) થા. ભાવાર્થ આમ છે કે અનાદિકાળથી જીવ દ્રવ્ય (શરીર સાથે) એક સંસ્કારરૂપ થઈને ચાલ્યું આવે છે, તેથી જીવને આમ કહીને પ્રતિબોધવામાં આવે છે કે હે જીવ! આ જેટલા શરીરાદિ પર્યાયો છે તે બધા પુદ્‌ગલકર્મના છે, તારા નથી; તેથી આ પર્યાયોથી પોતાને ભિન્ન જાણ."**

સંતો, આચાર્યો, જગતને સંબોધે છે કે હે ભવ્ય જીવો! હે લાયક જીવો! તમે **(मूर्तेः)** શરીરથી, પુણ્ય-પાપના ભાવથી ભિન્ન થાઓ. ભિન્ન છો અને ભિન્ન થા. જેમ પાડોશી હોય છે ને! તેમ આ શરીર પાડોશી છે. ભગવાન અંદર અરૂપી ચૈતન્યપિંડ છે. આ જેટલા શરીરાદિ પર્યાયો છે, પુણ્ય-પાપ આદિ છે તે બધાં પુદ્‌ગલકર્મના છે, તારા નથી. આ શરીર-માટી પુદ્‌ગલ જડનું છે, વાણી જડની છે; અંદર પુણ્ય-પાપના રાગભાવ તે અચેતન કર્મના સંબંધી છે. તે પુદ્‌ગલકર્મના છે, એ તારા નહીં. તેથી આ પર્યાયોથી (પોતાને) ભિન્ન જાણ. ભિન્ન જાણીને થોડોક સમય શરીરથી ભિન્ન ચેતન દ્રવ્યનો અનુભવ કર.

**"(अथ) ભિન્ન જાણીને (मुहूर्तम्) થોડોક કાળ (पृथक्) શરીરથી ભિન્ન ચેતનદ્રવ્યરૂપે (अनुभव) પ્રત્યક્ષપણે આસ્વાદ કર."**

એકલું (ધારણામાં) ભિન્ન જાણ્યું હોય તેથી કાંઈ ભિન્ન ન થઈ જાય. પહેલાં તો રાગ અને શરીરાદિ પર છે એમ ભિન્ન જાણી (પછી) શરીરથી ભિન્ન ચેતનદ્રવ્યનો

પ્રત્યક્ષપણે અનુભવ-આસ્વાદ કર. **(मुहूर्तम्)** એટલે થોડોક કાળ. ખરેખર તો એક સમય માત્રમાં ભિન્ન પડી જાય છે. (જો કે) અનુભવમાં-ઉપયોગમાં આવતાં એને અંતર્મુહૂર્ત લાગે એટલે મુહૂર્ત શબ્દ વાપર્યો છે. ૪૮ મિનિટથી એક સમય ઓછો તેને અંતર્મુહૂર્ત કહે છે.

અહીં કહે છે કે આત્મા ચૈતન્ય ચૈતન્ય અતીન્દ્રિય આનંદ ઈશ્વર છે. રાગ ને નિમિત્તની અપેક્ષા વિના, દેવ-ગુરુ ને શાસ્ત્રની અપેક્ષા વિના એક ક્ષણમાત્ર આત્માના આનંદનો સ્વાદ લે. અનુભવની વ્યાખ્યા કરી કે પ્રત્યક્ષપણે આસ્વાદ કર. સમ્યક્દર્શન છે એ તો પ્રતીતિરૂપ છે પણ એનો અનુભવ કરવો તે પ્રત્યક્ષ છે. સમ્યક્દર્શનમાં પ્રત્યક્ષપણું લાગુ પડતું નથી. સમ્યક્દર્શનમાં ત્રિકાળીનો અનુભવ થયો, એની પ્રતીતિ થઈ ત્યાં પ્રત્યક્ષ આનંદ આવ્યો તે આનંદસ્વભાવની અપેક્ષાએ પ્રત્યક્ષ કહ્યું છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવે છે ને! પ્રત્યક્ષ શબ્દ સમકિતને લાગુ ન પડે. જ્ઞાનને પ્રત્યક્ષ ને પરોક્ષ લાગુ પડે છે, આનંદને પણ લાગુ પડે છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન એના આનંદનો સ્વાદ એ કાંઈ પરોક્ષ નથી. પોતે જ કરે (વેદે) છે માટે પ્રત્યક્ષ છે. મતિ-શ્રુત અનુભવ જ્ઞાન એ પણ પરની અપેક્ષા વિનાનું પ્રત્યક્ષ છે.

ટોડરમલજીને રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં એમના કોઈ મિત્રએ પ્રશ્ન કર્યો છે કે નિશ્ચય સમકિત તે પ્રત્યક્ષ છે અને વ્યવહાર સમકિત એ પરોક્ષ છે. ત્યાં એમણે જવાબ આપ્યો કે પ્રત્યક્ષ પરોક્ષ એ સમકિતના ભેદ નથી. અહીં કહે છે કે રાગ અને દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ વિમુખ થઈ દશાની દિશાને ફેરવી નાખ અને ભગવાન શુદ્ધ ચિદાનંદ પ્રભુની સન્મુખ થા. આહાહા... હજુ આ શું છે ? એનું જ્ઞાનેય ન મળે. એને આ અનુભવ ને પ્રતીતિ કે દિ' થાય ? હજુ તો એના ઠેકાણા પણ ન મળે ને એમ જિંદગી ચાલી જાય છે. ભાઈ ! અનંત કાળે મળેલો મનુષ્યદેહ ચાલ્યો જશે. તેં પરની સંભાળ કરવામાં બહુ કાળજી રાખી પણ તેં તારી સંભાળ કોઈ દિ' કરી નથી. એકવાર તું તારી સંભાળ કરીને એક વાર અનુભવ તો કર પ્રભુ ! એમ કહે છે.

**"ભાવાર્થ આમ છે કે શરીર તો અચેતન છે, વિનશ્વર છે, શરીરથી ભિન્ન કોઈ તો પુરુષ (આત્મા) છે એવું જાણપણું-એવી પ્રતીતિ મિથ્યાદષ્ટિ જીવોને પણ હોય છે, પરંતુ સાધ્યસિદ્ધિ તો કાંઈ નથી."**

શરીર છે તે તો જડ છે. હવે તેનાથી જુદી ચીજ કોઈ છે કે નહીં ? અંદર

અનુમાનથી સિદ્ધ કરે છે. આ (શરીર) તો માટી-જડ-ધૂળ છે. અચેતન શરીરથી કોઈ પુરુષ ભિન્ન છે કે નહીં ? કે શરીરરૂપ જ આત્મા છે ? કહે છે કે શરીરથી આત્મા જુદો છે, તે અજીવ છે તેવું જાણપણું તો અજ્ઞાનીને પણ હોય છે. શાસ્ત્રથી જાણ્યું, વાંચ્યું, ખ્યાલમાં આવ્યું કે આ શરીર જુદું ને આત્મા જુદો પણ એથી શું ? તેમાં સાધ્યની સિદ્ધિ તો કાંઈ નથી, એનાથી આત્માની સિદ્ધિ નથી.

**“જ્યારે જીવદ્રવ્યનો દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, સકળ કર્મક્ષયલક્ષણ મોક્ષ પણ છે.”**

જોયું ? ભગવાન આત્મા દ્રવ્યે એટલે વસ્તુ, ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે પ્રગટ દશા. એ ત્રણે ત્રણનો પ્રત્યક્ષપણે સ્વાદ આવે છે ત્યારે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. કપડાં ફેરવવા ને નગ્નપણા લીધા એટલે ચારિત્ર છે તેમ નથી. જીવદ્રવ્ય દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જેવી ચીજ છે તેવી પરની અપેક્ષા વિના પ્રત્યક્ષપણે આસ્વાદવી તે સમ્યક્દર્શન (જ્ઞાન) ચારિત્ર છે અને ત્યારે સકળ કર્મનો નાશ થાય છે.

આહાહા.... દયા-દાન-વ્રત-ભક્તિના વિકલ્પ ઉઠે છે તે રાગ છે, હિંસા-જૂઠ-વિષયભોગ તે પાપ રાગ છે, તેમજ ભગવાનનું સ્મરણ પૂજા-ભક્તિની વૃત્તિનું ઉત્થાન તે રાગ છે, વિકલ્પ છે, એ તારું સ્વરૂપ નથી. ચૈતન્ય આનંદ સ્વરૂપ ભગવાન શુદ્ધ આનંદકંદ એવી જે ચીજ આત્મા, આનંદ આદિ તેના ગુણો-શક્તિ અને વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા છે, સુખનો સાગર છે, સત્ ચિદાનંદ છે એની સન્મુખ થઈને એના આનંદનો સ્વાદ વેદનમાં આવે ત્યારે આત્માને જાણ્યો, આત્માને અનુભવ્યો કહેવામાં આવે છે.

નરસિંહ મહેતાએ કહ્યું છે ને કે “ જ્યાં લગી આત્મ તત્ત્વ ચિંત્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી”. જેમ સકરકંદ છે તેની ઉપરની લાલ છાલ છે. તે લાલ છાલ સિવાય જોવો તો તે મિઠાસનો પિંડ છે. છાલને લક્ષમાં ન લ્યો તો એ તો સકરકંદ છે. તેમ આ શરીર-જડ ઉપરના છાલા છે, અંદર પુણ્ય-પાપ આદિ ભાવ એ લાલ છાલા છે. એ છાલાની પાછળ ભગવાન પોતે આનંદનો કંદ છે. જેમ પેલો સકરકંદ છે તેમ આ એકલો અતીન્દ્રિય આનંદનો પિંડ છે.

આહાહા... આત્મા વીતરાગી સ્વરૂપ જ છે. અકષાય સ્વભાવથી લ્યો તો વીતરાગી સ્વરૂપ જ છે, આનંદથી લ્યો તો આનંદસ્વરૂપ છે, જ્ઞાનથી લ્યો તો જ્ઞાનસ્વરૂપ

જ છે, શાંતિથી લ્યો તો શાંતિસ્વરૂપ જ છે. પોતાની અનંત શક્તિઓની ઈશ્વરતાથી-પ્રભુતાથી લ્યો તો ઈશ્વરસ્વરૂપ જ છે. જેમ કેરીને રંગથી દેખો તો લીલા-પીળા રંગની છે, ગંધથી દેખો તો સુગંધ છે, રસથી દેખો તો મીઠાસ છે અને સ્પર્શથી દેખો તો સુંવાળી છે પણ વસ્તુ તો એની એ જ છે. તેમ આ ભગવાન આત્મા જ્ઞાનથી જુઓ તો તે જ્ઞાનમય ચીજ છે. જાણવું... જાણવું... જાણવું... જ્ઞાતા ચૈતન્ય પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ છે. આનંદથી જુઓ તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. અરે ! એણે આવો આત્મા સાંભળ્યો નથી, તો તેને જાણ્યા વિના એની સન્મુખ કેમ થઈ શકશે ?

આહાહા... અહીંયા અંદર પ્રભુ બિરાજે છે ને નાથ ! તારી સત્તા શુદ્ધ જ્ઞાન અને આનંદની છે. એટલે કે તારું હોવાપણું અતીન્દ્રિય જ્ઞાન ને આનંદથી છે. પુણ્ય-પાપના વિકલ્પ તે રાગ છે, એ તો વિકાર છે. તેનાથી તારી હૈયાતી નથી. વર્તમાનમાં પરથી, રાગથી, નિમિત્તથી ભિન્ન પડી, વિમુખ થઈ અને શાંતિ, સ્વચ્છતા, પ્રભુતાના પિંડની સન્મુખ થઈ આનંદનો સ્વાદ લ્યે ત્યારે આત્મજ્ઞાન ને આત્મધર્મ થયો કહેવાય તે મોક્ષમાર્ગ છે. તેને કર્મનો નાશ થઈ મોક્ષ થશે. બાકી બધી વાતો સમજવા જેવી છે.

**"કેવો છે અનુભવશીલ જીવ ? ''तत्त्वकौतूहली सन्'' (तत्त्व) શુદ્ધ ચૈતન્યવસ્તુના (कौतूहली सन्) સ્વરૂપને જોવા ઇચ્છે છે એવો થયો થકો."**

ધર્મી જીવને શુદ્ધ ચૈતન્યવસ્તુનો કૌતુહલ છે. કૌતુહલ એટલે અંદર જોવા માગે છે (બહારમાં) કૌતુહલ થાય છે ને ! રાણી પડદામાં હોય અને પડદો ખોલી ઓઝલમાંથી બહાર નીકળે તો લોકોને કૌતુહલ થાય કે રાણી સાહેબ નીકળ્યા. લોકો તેને જોવા જાય. એમ આ ચૈતન્ય પ્રભુ છે એને જોવાનું કૌતુહલ તો કર. બીજાને જોવાની મહેનતું તો તે કરી નાથ ! પણ તને જોવાનો તેં પ્રયત્ન-કૌતુહલ ન કર્યું. એકવાર અંદર કૌતુહલ તો કરે કે આ શું છે ?

સંતો આત્મા..... આત્મા કરે છે, જગત પણ કરે છે, હું પણ આત્મા કહું છું તો તે જોનારો-જાણનારો છે કોણ ? આ શરીર છે ને આ ધૂળ-પૈસા છે એમ જાણે છે પણ એ જાણનારો કોણ છે ? જેના હોવાપણામાં જેની ભૂમિકામાં આ શરીર, લક્ષ્મી, આ બાયડી, આ છોકરાં, આ દેશ એવું જણાય છે એ ભૂમિકાનો ધરનાર છે કોણ ? આહાહા... એ જાણનારો જણાય કેમ ? એમ કૌતુહલ તો કર કે આ શું છે ? સમજાણું કાંઈ... ? આહાહા... તેં એ જાણનારને જાણ્યો નહીં અને પ્રભુ ! બીજાને જાણવા રોકાઈ ગયો.

**''कौतुहलीसन्''** કૌતુહલ કર કે આ શું છે ? જેમ લાખો કરોડોના ચકમક ચકમક કરતાં હીરા માણેકને ટગટગ કરીને જોવે છે પણ એ તો બધા ધૂળના હીરા અને આ તો ચૈતન્ય હીરો છે. તેમ ધર્મી જીવ પોતાની મોજુદગી, અસ્તિત્વ, પોતાના સ્વરૂપને જોવાને કૌતુહલ કરે છે. ઉત્સાહ ને હોંસ કરીને સ્વરૂપને જોવા જાય છે. લોકો રાગને-નાટકને જોવા માટે કૌતુહલ કરે છે ને ! પણ ભાઈ એ પરનું જાણવું-પાપનું જાણવું એમાં આત્માને કાંઈ લાભ નથી, એ બધું દુઃખનું કારણ છે.

**''વળી કેવો થઈને ? ''कथमपि मृत्वा'' (कथमपि) કોઈ પણ પ્રકારે-કોઈ પણ ઉપાયે, (मृत्वा) મરીને પણ, શુદ્ધ જીવ સ્વરૂપનો અનુભવ કર.''**

આહાહા... મરણ સુધીનું કષ્ટ આવે તો પણ સ્વને જોવા અંદર જા. મરીને અર્થાત્ કદાચિત્ શરીર છૂટવાનો પ્રસંગ આવે એટલું કષ્ટ આવે તો પણ અંદર જોવાનું મન કર. **'मृत्वा'** ના બે અર્થ છે.

(૧) **'च्युत्वा'**– વિકારથી છૂટવા સ્વરૂપને જો. એટલે કે પુણ્ય-પાપના વિકલ્પથી ચ્યુત થઈને જો.

(૨) 'મરીને પણ જો ! એટલે કે મરણ સુધીનું કષ્ટ આવે તો પણ અંદર જોવાનો પ્રયત્ન કર. કદાચ દેહ છૂટવાનો પ્રસંગ આવી જાય તો પણ અંદર ચેતન ભગવાનને જોવાનો પ્રત્યન કર. આહાહા.... અંદર આનંદનો નાથ બિરાજે છે, તે પોતે ઈશ્વરસ્વરૂપ છે. બીજાને ઈશ્વર માને પણ તે માનનારો પોતે ઈશ્વરરૂપ છે એને મરીને પણ જો. ભાઈ આ તો અધ્યાત્મની વાત છે. આ કાંઈ વાર્તા નથી કે એક શબ્દમાં પાર પડે. આ તો એક એક શબ્દે ભાવ ભર્યા છે.

નાળિયેરનો દાખલો ઘણીવાર આપીએ છીએ કે નાળિયેરના ઉપરના છાલા હોય છે તે નાળિયેર નથી, તેમ અંદર કાચલી છે તે કાંઈ નાળિયેર નથી, અને કાચલી (બાજુ) લાલ છાલ છે તે પણ નાળિયેર નથી કેમ કે ટોપરાપાક કરે ત્યારે લાલ છાલ કાઢી નાખે છે. લાલ છાલની પાછળ ધોળો ને મીઠો ગોળો તે શ્રીફળ છે. તેમ ભગવાન આત્માની ઉપર શરીર છે તે છાલા છે. અંદર પુણ્ય-પાપના ભાવથી બંધાયેલી કર્મરજ-ધૂળ કે જેના વિપાકથી આ પૈસા મળે, દરિદ્રતા મળે તે કર્મ કાચલી જેવા જડ છે અને પુણ્ય-પાપના વિકલ્પ થાય તે કાચલી કોરની લાલ છાલ છે. તેની પાછળ મીઠો એટલે આનંદ ને ધોળો એટલે શુદ્ધ આનંદકંદ ગોળો છે. સમજાણું કાંઈ... ? એટલે કે બધું સમજાય તો તો

ન્યાલ થઈ જાય પણ કઈ પદ્ધતિથી આ વાત ચાલે છે એની ગંધ આવે છે ?

**"ભાવાર્થ આમ છે કે શુદ્ધ ચૈતન્યનો અનુભવ તો સહજસાધ્ય છે, યત્નસાધ્ય તો નથી."**

શુદ્ધ ચૈતન્યનો અનુભવ તો સહજ સાધ્ય છે એટલે કે એકલો પુરુષાર્થ જ કરૂં એમ નહીં. પણ એની સાથે આત્માના સ્વભાવની-બધી શક્તિઓની પ્રતીતિ આવવી જોઈએ એમ લેવું. અનંતગુણનો પિંડ પ્રભુ એકલા વીર્યથી નહીં પણ તે અનંતગુણની દશાથી પ્રાપ્ત થાય તેવો છે.

આહાહા... સહજાત્મસ્વરૂપ સ્વાભાવિક વસ્તુ પોતાના સ્વભાવથી જ પ્રાપ્ત થાય એવી છે. એને પરની મદદ કે સહાયની જરૂર નથી. ભગવાન આત્મા આનંદનો કંદ શુદ્ધતાનો સાગર, શક્તિનો સંગ્રહાલય, સ્વભાવનો સાગર-દરિયો છે. જેમ-ભવાબ્ધિ સિંધુ ચોરાશીના અવતારનો દરિયો છે, એ ભવસિંધુ છે. તેમ ભગવાન આનંદ સિંધુ છે. બાપુ ! અનંતકાળ વીત્યો ચોરાશીના અવતારમાં, ત્યાં ભવભ્રમણમાં રખડતો રહ્યો છે. આહાહા... પ્રભુ ! તારી ચીજના ભાન ને અનુભવ વિના અનંતા ભવ કર્યા છે તેં ! ! તેથી કહે છે કે એકવાર અનંતી નિર્મળ પર્યાય દ્વારા અંતરમાં જો.

પંચાધ્યાયીમાં આવે છે એકલા પુરુષાર્થ-વીર્ય એક જ ગુણથી આત્મા જણાય એમ નથી. તેમાં અનંત શક્તિ છે તેની વર્તમાન દશા દ્વારા એ જણાય એવો છે. એકલો વીર્યગુણ જ કામ કરે એમ નથી. યત્નસાધ્ય નથી તેનો અર્થ આ રીતે ત્યાં કર્યો છે. અનંત શક્તિ કહો કે ગુણ કહો કે સ્વભાવ કહો કે સત્ત્વ કહો એ સત્‌નું સત્ત્વ વસ્તુ છે. એ અનંતગુણનો પિંડ પ્રભુ છે એને એકલી વીર્યની પર્યાયથી ન જાણવો, એને અનંતગુણોની પર્યાયને અંદર વાળીને જાણવો. ભાઈ ! જન્મ, જરા, મરણથી રહિત થવાનો ઉપાય આ છે. બાકી બધાં થોથા છે.

ભક્તિ પૂજા કરે, લાખો કરોડોના દાન કરે, એમાં કદાચ રાગની મંદતા કરે તો શુભભાવથી એને આ શેઠાઈ મળે ને પૈસાના-ધૂળના ધણી થાય પણ એમાં કાંઈ ધર્મ ન થાય. આહાહા.... વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. ત્રિકાળ આનંદ સ્વભાવને શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને આસ્વાદવો એનું નામ ધર્મ છે પરંતુ આટલું કહીને અત્યંત ઉપાદેયપણું દૃઢ કર્યું છે...' એટલે કે આ શુદ્ધ ચૈતન્ય તે જ આદરવા લાયક છે, ઉપાદેય છે એમ દૃઢ કર્યું. આહાહા... વચમાં દયા-દાન-વ્રત-ભક્તિના ભાવ આવે પણ એ આદરણીય નથી, હેય

છે.-છોડવા લાયક છે. આહાહા... પાપથી બચવા એવા ભાવ આવે પણ તે એને હેય જાણે છે. ચૈતન્યઘન એક જ આદરણીય છે, સ્વીકારવા લાયક છે, સત્કારવા લાયક છે. રાગ ને વર્તમાન દશાની દૃષ્ટિ કરવા જેવી નથી. જ્યાં પૂર્ણ આનંદ પડ્યો છે ત્યાં દૃષ્ટિ કરવા જેવી છે. આહાહા.... જન્મ-મરણના ગાડા ભરી ભૂકો કરી પાર લાવવો હોય તો આ ઉપાય છે.

આહાહા... ભગવાન તારી મહિમા તને તારા વડે ખબર પડે એવી ચીજ છે. પણ શું થાય ? અત્યારે હિન્દુસ્તાનની જે આત્મવિદ્યા હતી તે બધી ગુમ થઈ ગઈ ને બહારના થોથા, વકિલાત, એલ. એલ. બી., ડૉકટર ને એમ. એ. ના અજ્ઞાનના પૂંછડા આવી ગયા. વિદ્યમાનને વિદ્યમાન તરીકે વિદ્યામાં સ્વીકારવો તેને વિદ્યા કહેવામાં આવે છે. આ જગતની વિદ્યા તો અજ્ઞાન છે.

રાજકોટની જેલમાં ખાસ ત્યાં બોલાવ્યા હતાં તો ગયા હતાં. જેલરો વિનંતી કરી કે મહારાજના દર્શન કરવા છે. ઘણા બધા કેદીઓ ભેગા થયા હતાં. ત્યાં ભીંત ઉપર લખેલું ''અજ્ઞાન જેવું કોઈ પાપ નથી.'' પછી કહ્યું - જુઓ ભાઈ ! આ આત્મા અજ્ઞાનપણે શું ન કરે ? શું ગુના ન કરે ? ખૂન કરી નાખે.... પોતાનો આપઘાત કરે. આહાહા... સ્વરૂપના અજ્ઞાન જેવો કોઈ દોષ નથી અને સ્વરૂપના જ્ઞાન જેવો કોઈ લાભ નથી. બાપુ ! મારી પાસે તો આ છે. બિચારા સાંભળતા'તા. આમ તો આત્મા છે ને અંદર ? પણ બિચારાથી ગુનો થઈ જાય.

**''પરંતુ આટલું કહીને અત્યંત ઉપાદેયપણું દૃઢ કર્યું છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે અનુભવ તો જ્ઞાનમાત્ર છે, તેનાથી શું કાંઈ કાર્યસિદ્ધિ છે ?''**

શું કહે છે ? આનંદસ્વરૂપ આત્માનું જ્ઞાન થાય, વર્તમાન જ્ઞાનની પર્યાયમાં આખી ચીજ જ્ઞેય થાય, જણાય-અનુભવમાં આખી ચીજ જણાય એ તો જ્ઞાન છે. અનુભવ તો જ્ઞાનમાત્ર છે. તેનાથી શું કાર્યસિદ્ધિ છે ?

**''તે પણ ઉપદેશ દ્વારા કહે છે - ''येन मूर्त्या साकम् एकत्व मोहम् झगिति त्यजसि'' (येन) જે શુદ્ધ ચૈતન્યના અનુભવ વડે (मूर्त्या साकम्) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્માત્મક સમસ્ત કર્મરૂપ પર્યાયોની સાથે (एकत्वमोहम्) એકસંસ્કારરૂપ-'હું દેવ છું, હું મનુષ્ય છું, હું તિર્યંચ છું, હું નારકી છું' ઈત્યાદિરૂપ, ' હું સુખી છું, હું દુ:ખી છું,' ઈત્યાદિરૂપ, ' હું ક્રોધી છું, હું માની છું' ઈત્યાદિરૂપ તથા 'હું યતિ છું, હું**

**ગૃહસ્થ છું' ઈત્યાદિરૂપ-પ્રતીતિ એવો છે મોહ અર્થાત્ વિપરીતપણું તેને (झगिति) અનુભવ થતાં વેંત જ (त्यजसि) હે જીવ ! પોતાની બુદ્ધિથી તું જ છોડીશ.''**

ચૈતન્ય વસ્તુ જ્ઞાનાનંદ છે. તેને સન્મુખ થઈને બે ઘડી અનુભવમાં લ્યો તો **(मूर्त्यासाकम्)** દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મની સમસ્ત પર્યાયો સાથે એકપણાનો સંસ્કાર એટલે કે હું દેવ છું, હું મનુષ્ય છું, હું તિર્યંચ છું, હું નારકી છું ઈત્યાદિરૂપ સંસ્કાર છૂટી જશે. આ બહારની ભોગ સામગ્રીમાં હું સુખી છું, પ્રતિકુળતાના કાળમાં હું દુઃખી છું, હું ક્રોધી છું.... તે બધી વાત ચૈતન્યનો અનુભવ કરતાં છૂટી જશે. હું યતિ છું, ગૃહસ્થ છું, સાધુ છું-સાચા સાધુ હોં. તો પણ તે એક સમયની દશા છે અને વસ્તુ તો ત્રિકાળ છે. જો તું ત્રિકાળી વસ્તુને જોઈશ ને માનીશને તો આ પર્યાયનું અભિમાન છૂટી જશે. ન્યાય સમજાણો ? ન્યાયમાં 'નિ' ધાતુ છે. 'નિ' એટલે લઈ જવું-દોરી જવું. જેવી વસ્તુની સ્થિતિ છે. ચૈતન્ય કે જડ તેને તે પ્રકારે જ્ઞાનમાં દોરી જવું-તેનું નામ ન્યાય છે. આ સરકારના લૌકિક ન્યાય તો બધા સમજવા જેવા છે. આ તો કુદરતના ન્યાય છે !

હું યતિ છું, ગૃહસ્થ છું, ઈત્યાદિરૂપ પ્રતીતિ એવો જે મોહ નામ મિથ્યાભ્રમ અર્થાત્ વિપરીતપણું તેને સચ્ચિદાનંદ પ્રભુનો અનુભવ થતાંવેંત જ એટલે કે તે જ કાળે પોતાની બુદ્ધિથી તું જ છોડીશ. આહાહા... થોડામાં ઘણું ભર્યું છે.

આહાહા... ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ વસ્તુ છે, તત્ત્વ છે. વસ્તુ છે તો વસ્તુમાં વસેલી શક્તિઓ છે. વસ્તુ છે તે શક્તિ વિના હોય ? સાકર ગળપણ વિના હોય ? મીઠું ખારપ વિના હોય ? એમ આત્મા છે તે તેના ગુણ વિના હોય ? તે જ્ઞાન ને આનંદાદિ ગુણવાળો આત્મા છે. આહાહા... એવા સ્વરૂપનો અનુભવ થતાં, પ્રતીતિ ને સમ્યક્દર્શન થતાં તું આ અભિમાનને છોડી દઈશ કે હું ક્રોધી છું ને મનુષ્ય છું, દેવ છું ને નારકી છું ને ગૃહસ્થ છું. એ બધા પર્યાયના અભિમાન છૂટી જશે. તું પોતાની બુદ્ધિથી જ છોડીશ. સમજાણું કાંઈ... ?

**''ભાવાર્થ આમ છે કે અનુભવ જ્ઞાનમાત્ર વસ્તુ છે, એકત્વમોહ મિથ્યાત્વરૂપ દ્રવ્યના વિભાવ પરિણામ છે, તો પણ એમને (અનુભવને અને મિથ્યાત્વના મટવાને) આપસમાં કારણકાર્યપણું છે.''**

શું કહે છે જે રાગનું ને શરીરનું જ્ઞાન કરે છે તે અજ્ઞાન છે. જે આત્માનું-આનંદનું જ્ઞાન થાય તે જ્ઞાનમાત્ર વસ્તુને જ્ઞાન કહીએ, તે અનુભવજ્ઞાન છે. તે આત્માના સ્વરૂપને

અનુભવતું જ્ઞાન છે, સમ્યક્જ્ઞાન છે. બાપુ ! અજાણ્યા માણસને અભ્યાસ નહીં ને ! તેથી ગ્રીક લૅટિન જેવું લાગે. પણ ભાઈ ! આ તો નિજઘરની વાતો છે, આત્મવિદ્યાની વાતો છે. ભાઈ ! આ બહારની વિદ્યા તો ઘણીવાર શીખ્યો ને મૂઢ થઈ ગયો પણ એ તો નાશવાન છે. જો વિદ્યમાન ચીજને જાણીશ તો તને અવિદ્યમાન અને ક્ષણિક ચીજનું અભિમાન ઉડી જશે. સમજાણું કાંઈ... ? ભાષા તો સાદી છે. ન સમજાય એવું નથી.

અહીં બે વાત કરી. એક તો આત્મા વસ્તુ છે. એનો અનુભવ થતાં તેની સન્મુખ થતાં પૂર્ણ ચીજ જ્ઞાનમાં જાણવામાં આવી તે અનુભવજ્ઞાન છે, સમ્યક્જ્ઞાન છે. અને બીજી વાત-આ પુણ્યના પરિણામ-દયા-દાનના પરિણામ મારાં, શરીર મારું, વાણી, દેશ મારાં એવો જે મોહ સ્વ ને પરની એકતાબુદ્ધિ તે મિથ્યાત્વ છે. સ્વની સાથે એકતાબુદ્ધિ તે જ્ઞાન અને પરની સાથે એકતાબુદ્ધિ તે મિથ્યાત્વ છે. આવો માર્ગ છે ભાઈ!

તો પણ તેમને આપસમાં કારણ-કાર્યપણું છે. એટલે કે આત્માનું જ્ઞાન થતાં તે વિભાવ પરિણામનો નાશ થઈ જાય છે. અને વિભાવ પરિણામનો નાશ થતાં આત્માનું જ્ઞાન થાય આ રીતે બેય વચ્ચે કારણ-કાર્યપણું છે. આ તો અધ્યાત્મનો માર્ગ છે ને ચાલતા પ્રવાહ કરતાં ભિન્ન માર્ગ છે.

**"તેનું વિવરણ-જે કાળે જીવને અનુભવ થાય છે તે કાળે મિથ્યાત્વ પરિણમન મટે છે, સર્વથા અવશ્ય મટે છે. જે કાળે મિથ્યાત્વ-પરિણમન મટે છે તે કાળે અવશ્ય અનુભવશક્તિ થાય છે."**

જે કાળે રાગ ને પુણ્યના વિકલ્પોની વૃત્તિથી ભિન્ન પડી આ ચૈતન્ય સ્વરૂપનો અનુભવ થાય એટલે કે સમ્યક્દર્શન થાય, સત્‌દર્શન થાય, પૂર્ણ સત્યની પ્રતીતિ ને ભાન થાય તે કાળે મિથ્યાત્વ પરિણામ મટે છે, એકતાબુદ્ધિ મટી જાય છે. જ્યાં જ્ઞાનાનંદમાં એકત્વ થયો ત્યાં રાગ ને પુણ્ય મારાં એવી એકત્વબુદ્ધિ-મિથ્યાત્વનો નાશ થઈ જાય છે, અવશ્ય સર્વથા મટે છે.

જે કાળે મિથ્યાત્વ પરિણામ મટે છે તે કાળે દયા દાનના વિકલ્પ સાથેની એકત્વબુદ્ધિ ટળે છે અને તે કાળે અવશ્ય અનુભવ શક્તિ થાય છે. ઉત્પાદ ને વ્યય એક સમયમાં હોય છે તેમ કહે છે. જ્યાં આત્માનું યથાર્થ જ્ઞાન થયું ત્યાં મિથ્યાત્વ-એકતાબુદ્ધિનો નાશ થાય છે અને જે કાળે મિથ્યાત્વનો નાશ થાય છે તે કાળે આત્માના જ્ઞાનની ઉત્પત્તિ થાય છે.

**“મિથ્યાત્વ પરિણમન જે રીતે મટે છે તે રીત કહે છે-“स्वं समालोक्य” (स्वं) પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુનો (समालोक्य) સ્વસંવેદનપ્રત્યક્ષપણે આસ્વાદ કરીને. કેવું છે શુદ્ધ ચેતન ? “विलसन्तं” અનાદિનિધન પ્રગટપણે ચેતનારૂપ પરિણમી રહ્યું છે.”**

જે રાગ ને શરીર સાથે મિથ્યા એકત્વબુદ્ધિ છે તેનો નાશ કેમ થાય ? તો કહે છે. **(स्वं समालोक्य)** સ્વ નામ પોતાનો ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા તેનું સ્વસંવેદન નામ પ્રત્યક્ષપણે આસ્વાદ કરીને સમાલોકયનો આવો અર્થ કર્યો છે. સમાલોક્ય એટલે આલોકન-વેદન કરવું. આહાહા.... સ્વના અતીન્દ્રિય આનંદનું વેદન કરવું.

જેમ લોઢા ઉપર ઘા પડે તો કાટનો નાશ થાય ને પ્રકાશની ઉત્પત્તિ થાય. કાટનો વ્યય ને પ્રકાશની ઉત્પત્તિ તે બંનેનો સમય એક જ છે. એમ પુણ્ય સાથેની એકતાબુદ્ધિનો નાશ-વ્યય અને આત્માના અનુભવની ઉત્પત્તિનો સમય એક છે. રોગપણું ગયું ને નિરોગી થયો તેનો સમય એક છે.

આહાહા... ભગવાન અનાદિ અનંત છે. અનાદિનિધન પ્રગટપણે ચેતનારૂપ પરિણમી રહ્યું છે. અણ આદિ એટલે આદિ નહીં ને અન નિધન એટલે મૃત્યુ નહીં. અન આદિ અન નિધન ચેતનાપણે પરિણમી રહ્યું છે. એકલું આનંદસ્વરૂપ ચેતનાપણે રહ્યું છે. તેને અહીં આત્મા કહેવામાં આવે છે. તેનો અનુભવ થતાં મિથ્યાત્વ ટળે, ધર્મ થાય ને જન્મ-મરણ ટળે.

પ્રવચન નં. ૨૯, ૩૦. તારીખ : ૨૯-૭-૭૭, ૩૦-૭-૭૭.

ધર્મધૂરંધર યોગીન્દ્રદેવ પોકાર કરે છે કે અરે ! આત્મા ! તું પરમાત્મા જેવો છો છતાં તું જિનમાં ને તારામાં ફેર પાડે છો ? ફેર પાડીશ તો ફેર કે દી છૂટશે ? તેથી કહે છે કે હું રાગવાળો અલ્પજ્ઞતાવાળો એમ મનન નહિ કરો પણ જે જિનેન્દ્ર છે તે જ હું છું એવું મનન કરો ! અરેરે, હું અલ્પજ્ઞ છું, મારામાં આવી કાંઈ તાકાત હોતી હશે? - એ વાત રહેવા દે ભાઈ! હું પુરણ પરમાત્મા થવાને લાયક છું-એમ નહિ પણ પૂરણ પરમાત્મા અત્યારે હું છું-એમ મનન કર! આહાહા ! ! ૩. -પૂ. ગુરૂદેવશ્રી દ્રવ્ય દષ્ટિ જિનેશ્વર પર્યાય દષ્ટિ વિનશ્વર

## કળશ-૨૪

### (શાર્દૂલવિક્રીડિત)

कान्त्यैव स्नपयन्ति ये दश दिशो धाम्ना निरुन्धन्ति ये
धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये ।
दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं
वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः ॥ २४ ॥

ખંડાન્વય સહિત અર્થ : - અહીં કોઈ મિથ્યાદષ્ટિ કુવાદી મતાન્તર સ્થાપે છે કે જીવ અને શરીર એક જ વસ્તુ છે. જેમ જૈનો માને છે કે શરીરથી જીવદ્રવ્ય ભિન્ન છે તેમ નથી, એક જ છે; કેમ કે શરીરનું સ્તવન કરતાં આત્માનું સ્તવન થાય છે, એમ જૈનો પણ માને છે. એ જ બતાવે છે. "**ते तीर्थेश्वराः वन्द्याः** (**ते**) અવશ્ય વિદ્યમાન છે એવા (**तीर्थेश्वराः**) તીર્થંકરદેવો (**वन्द्याः**) ત્રિકાળ નમસ્કાર કરવાયોગ્ય છે. કેવા છે તે તીર્થંકરો? "**ये कान्त्या एव दश दिशः स्नपयन्ति**" (**ते**) તીર્થંકરો (**कान्त्या**) શરીરની દીપ્તિ દ્વારા (**एव**) નક્કી (**दश**) પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ એ ચાર દિશા, ચાર ખૂણારૂપ વિદિશા તથા ઊર્ધ્વદિશા અને અધોદિશા એ દસ (**दिशः**) દિશાઓને (**स्नपयन्ति**) પ્રક્ષાલ કરે છે - પવિત્ર કરે છે; એવા જે તીર્થંકરો તેમને નમસ્કાર છે. (જૈનોને ત્યાં) આમ જે કહ્યું તે તો શરીરનું વર્ણન કર્યું, તેથી અમને એવી પ્રતીતિ ઊપજી કે શરીર અને જીવ એક જ છે. વળી કેવા છે તીર્થંકરો ? "**ये धाम्ना उद्दाममहस्विनां धाम निरुन्धन्ति**" (**ये**) તીર્થંકરો (**धाम्ना**) શરીરના તેજથી (**उद्दाममहस्विनां**) ઉગ્ર તેજવાળા કરોડો સૂર્યના (**धाम**) પ્રતાપને (**निरुन्धन्ति**) રોકે છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરના શરીરમાં એવી દીપ્તિ છે કે જો કોટિ સૂર્ય હોય તો કોટિયે સૂર્યની દીપ્તિ રોકાઈ જાય; એવા તે તીર્થંકરો છે. અહીં પણ શરીરની જ મોટપ કહી છે. વળી કેવા છે તીર્થંકરો? "**ये रूपेण जनमनो मुष्णन्ति**" (**ये**) તીર્થંકરો (**रूपेण**) શરીરની શોભાથી (**जन**) જેટલાં દેવ-મનુષ્ય-તિર્યંચ- એ બધાંનાં (**मनः**) અંતરંગને (**मुष्णन्ति**) ચોરી લે છે. ભાવાર્થ આમ છે કે જીવો તીર્થંકરના શરીરની શોભા દેખીને જેવું સુખ માને છે તેવું સુખ ત્રૈલોક્યમાં અન્ય વસ્તુને દેખીને નથી માનતાં; એવા તે તીર્થંકરો છે. અહીં પણ શરીરની મોટપ કરી છે. વળી કેવા છે તીર્થંકરો ? "**ये दिव्येन ध्वनिना श्रवणयोः साक्षात् सुखं अमृतं क्षरन्तः**" (**ये**) તીર્થંકરદેવો (**दिव्येन**) સમસ્ત ત્રૈલોક્યમાં ઉત્કૃષ્ટ એવી

**(ध्वनिना)** નિરક્ષરી વાણી વડે **(श्रवणयोः)** સર્વ જીવોની કર્ણેન્દ્રિયોમાં **(साक्षात्)** તત્કાળ **(सुखं अमृतं)** સુખમય શાન્તરસને **(क्षरन्तः)** વરસાવે છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરની વાણી સાંભળતાં સર્વ જીવોને વાણી રુચે છે, જીવો બહુ સુખી થાય છે; તીર્થંકરો એવા છે. અહીં પણ શરીરની મોટપ છે. વળી કેવા છે તીર્થંકરો ? ''**अष्टसहस्रलक्षणधराः**'' **(अष्टसहस्र)** આઠ અધિક એક હજાર **(लक्षणधराः)** શરીરનાં ચિહ્નો સહજ જ ધારણ કરે છે; એવા તીર્થંકરો છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરના શરીરમાં શંખ, ચક્ર, ગદા,પદ્મ, કમળ, મગર, મચ્છ, ધ્વજા ઈત્યાદિરૂપ આકૃતિવાળી રેખાઓ હોય છે, જે સમસ્ત ગણતાં એક હજાર ને આઠ થાય છે. અહીં પણ શરીરની મોટપ છે. વળી કેવા છે તીર્થંકરો ? ''**सूरयः**'' મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે. અહીં પણ શરીરની મોટપ છે. આથી જીવ-શરીર એક જ છે એવી મારી પ્રતીતિ છે, એવું કોઈ મિથ્યામતવાદી માને છે. તેનો ઉત્તર આ પ્રમાણે આગળ કહેશે. ગ્રંથકર્તા કહે છે કે વચનવ્યવહારમાત્રથી જીવ-શરીરનું એકપણું કહેવાય છે. આથી એમ કહ્યું છે કે જે શરીરનું સ્તોત્ર છે તે તો વ્યવહારમાત્રથી જીવનું સ્તોત્ર છે. દ્રવ્યદષ્ટિથી જોતાં જીવ-શરીર ભિન્ન ભિન્ન છે. તેથી જેવું સ્તોત્ર કહ્યું છે તે નિજ નામથી જૂઠું છે.(અર્થાત્ તેનું નામ સ્તોત્ર ઘટિત થતું નથી), કેમ કે શરીરના ગુણ કહેતાં જીવની સ્તુતિ થતી નથી, જીવના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં (જીવની) સ્તુતિ થાય છે. કોઈ પ્રશ્ન કરે છે કે જેવી રીતે નગરનો સ્વામી રાજા છે તેથી નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે, તેવી જ રીતે શરીરનો સ્વામી જીવ છે તેથી શરીરની સ્તુતિ કરતાં જીવની સ્તુતિ થાય છે. ઉત્તર આમ છે કે એ રીતે સ્તુતિ થતી નથી; રાજાના નિજ ગુણની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે, તેવી જ રીતે જીવના નિજ ચૈતન્યગુણની સ્તુતિ કરતાં જીવની સ્તુતિ થાય છે. તે જ કહે છે.

## કલશ - ૨૪ : ઉપરનું પ્રવચન

અત્યાર સુધી એમ આવ્યું કે શરીર, મન, વાણીથી તથા પુણ્ય-પાપના વિકારી ભાવથી ચૈતન્ય સ્વરૂપ ભગવાન ભિન્ન છે. એવા ત્યાગસ્વરૂપ ને આનંદસ્વરૂપ પ્રભુ આત્માની દૃષ્ટિ કરવી તે સમ્યક્દર્શન છે, ત્યારે ધર્મની શરૂઆત છે. હવે શિષ્ય કહે છે કે તમે આટલી બધી આત્માની વાત કરો છો કે આત્મા આવો ને આત્મા તેવો છે પણ તમે તો શરીર ને આત્માને એક માનો છો ! તમારા શાસ્ત્ર તો આમ કહે છે ! શિષ્ય શું કહે છે ?

**''અહીં કોઈ મિથ્યાદષ્ટિ કુવાદી મતાન્તર સ્થાપે છે કે જીવ અને શરીર એક જ**

**વસ્તુ છે. જેમ જૈનો માને છે કે શરીરથી જીવદ્રવ્ય ભિન્ન છે તેમ નથી, એક જ છે; કેમ કે શરીરનું સ્તવન કરતાં આત્માનું સ્તવન થાય છે, એમ જૈનો પણ માને છે.''**

જેની દષ્ટિ ખોટી છે, ખોટુ બોલનારા છે તેઓ સત્યમતથી ભિન્ન પોતાનો મત સ્થાપે છે કે જીવ અને શરીર એક જ વસ્તુ છે. વળી, જૈનો પણ ભગવાનના શરીરના ગુણગાન કરે છે ને એમ માને છે કે અમે ભગવાનનું સ્તવન કહીએ છીએ. એ જ બતાવે છે.

**''એ જ બતાવે છે. ''ते तीर्थेश्वराः वन्द्याः (ते) અવશ્ય વિદ્યમાન છે એવા (तीर्थेश्वराः) તીર્થંકરદેવો (वन्द्याः) ત્રિકાળ નમસ્કાર કરવાયોગ્ય છે. કેવા છે તે તીર્થંકરો? ''ये कान्त्या एव दश दिशः स्नपयन्ति'' (ते) તીર્થંકરો (कान्त्या) શરીરની દીપ્તિ દ્વારા (एव) નક્કી (दश) પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ એ ચાર દિશા, ચાર ખૂણારૂપ વિદિશા તથા ઊર્ધ્વદિશા અને અધોદિશા એ દસ (दिशः) દિશાઓને (स्नपयन्ति) પ્રક્ષાલ કરે છે - પવિત્ર કરે છે; એવા જે તીર્થંકરો તેમને નમસ્કાર છે. (જૈનોને ત્યાં) આમ જે કહ્યું તે તો શરીરનું વર્ણન કર્યું, તેથી અમને એવી પ્રતીતિ ઊપજી કે શરીર અને જીવ એક જ છે.''**

તીર્થંકરનું શરીર એટલું શોભાયમાન છે, શરીરનો એવો પ્રકાશ છે કે દશે દિશાને ઉજ્જવળ કરે છે; નિર્મળ બનાવે છે. આ રીતે શરીરના વખાણ કરીને તીર્થંકરના વખાણ કરો છો, એ તીર્થંકરને નમસ્કાર કરો છો તેથી અમને એવી પ્રતીતિ ઉપજી છે કે શરીર અને જીવ એક જ છે.

''વળી કેવા છે તીર્થંકરો ? **''ये धाम्ना उद्दाममहस्विनां धाम निरुन्धन्ति''** **(ये)** તીર્થંકરો **(धाम्ना)** શરીરના તેજથી **(उद्दाममहस्विनां)** ઉગ્ર તેજવાળા કરોડો સૂર્યના **(धाम)** પ્રતાપને **(निरुन्धन्ति)** રોકે છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરના શરીરમાં એવી દીપ્તિ છે કે જો કોટિ સૂર્ય હોય તો કોટિયે સૂર્યની દીપ્તિ રોકાઈ જાય; એવા તે તીર્થંકરો છે. અહીં પણ શરીરની જ મોટપ કહી છે. વળી કેવા છે તીર્થંકરો? **''ये रूपेण जनमनो मुष्णन्ति''** **(ये)** તીર્થંકરો **(रूपेण)** શરીરની શોભાથી **(जन)** જેટલાં દેવ-મનુષ્ય-તિર્યંચ- એ બધાંનાં **(मनः)** અંતરંગને **(मुष्णन्ति)** ચોરી લે છે.''

ભગવાનના શરીરનું તેજ એટલું બધું છે કે એની પાસે કરોડો સૂર્ય, ચંદ્રમા તથા રત્નોના તેજ પણ ઠંડા પડી જાય છે, ફિક્કા પડી જાય છે. આવું તો શરીરનું તેજ છે એમ

તમે પોતે તો કહો છો ! મોટપ તો શરીરની કરો છો અને કહો છો કે શરીરથી આત્મા જુદો છે ! વળી, કહો છો કે તીર્થંકરોના શરીરનું રૂપ એવું હોય છે કે તે બધાંનાં મનને હરી લ્યે છે. દેવ પણ તીર્થંકરના રૂપને જોવા હજારો નેત્ર કરે છે.

**"ભાવાર્થ આમ છે કે જીવો તીર્થંકરના શરીરની શોભા દેખીને જેવું સુખ માને છે તેવું સુખ ત્રૈલોકયમાં અન્ય વસ્તુને દેખીને નથી માનતાં; એવા તે તીર્થંકરો છે. અહીં પણ શરીરની મોટપ કરી છે."**

ભગવાનને દેખીને-તિર્યંચ, મનુષ્ય, દેવોને શાતા લાગે છે. જો કે એમાં આનંદનું સુખ નથી. કેમ કે આનંદનું સુખ હોય તો જન્મ-મરણ જ મટી જાય. એવા તો અનંતવાર ભગવાનના દર્શન કર્યાં છે. (પણ તેથી શું ?) અહા ! આ તો ભગવાનને દેખીને શાતા ઉપજે... શાતા લાગે. તેમાં પણ શરીરની મોટપ કરી છે.

**"વળી કેવા છે તીર્થંકરો ? "ये दिव्येन ध्वनिना श्रवणयोः साक्षात् सुखं अमृतं क्षरन्तः" (ये) તીર્થંકરદેવો (दिव्येन) સમસ્ત ત્રૈલોકયમાં ઉત્કૃષ્ટ એવી (ध्वनिना) નિરક્ષરી વાણી વડે (श्रवणयोः) સર્વ જીવોની કર્ણેન્દ્રિયોમાં (साक्षात्) તત્કાળ (सुखं अमृतं) સુખમય શાન્તરસને (क्षरन्तः) વરસાવે છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરની વાણી સાંભળતાં સર્વ જીવોને વાણી રુચે છે, જીવો બહુ સુખી થાય છે; તીર્થંકરો એવા છે. અહીં પણ શરીરની મોટપ છે."**

શરીરની વાત કરી. હવે દિવ્યધ્વનિની વાત કરે છે. પ્રભુને જે ઓમ્‌ધ્વનિ છૂટે તે નિરક્ષરી વાણી હોય છે. પ્રભુને હોઠ બંધ હોય, કંઠ બંધ હોય, (આખા) શરીરમાંથી તીર્થંકર ભગવાનને નિરક્ષરી ઓમ્‌ધ્વનિ છૂટે છે. તેના વડે સર્વ જીવોની કર્ણેન્દ્રિયમાં તત્કાળ સુખમય શાંતરસ વરસે છે, બીજાને રાગની મંદતા થઈ જાય છે. જો કે સમવશરણમાં અનંતવાર ગયો અને ભગવાન પાસે અનંતવાર સાંભળ્યું છે પણ એ શુભભાવ છે.-એ કાંઈ ધર્મ નથી. અહીં (મિથ્યાવાદી) કહે છે કે તીર્થંકરની વાણી સાંભળીને જીવો બહુ સુખી થાય છે. તીર્થંકરો એવા છે. આમાં પણ શરીરની મોટપ છે.

**"વળી કેવા છે તીર્થંકરો ? "अष्टसहस्रलक्षणधराः" (अष्टसहस्र) આઠ અધિક એક હજાર (लक्षणधराः) શરીરનાં ચિહ્નો સહજ જ ધારણ કરે છે; એવા તીર્થંકરો છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરના શરીરમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ, કમળ, મગર, મચ્છ, ધ્વજા ઈત્યાદિરૂપ આકૃતિવાળી રેખાઓ હોય છે, જે સમસ્ત ગણતાં એક હજાર ને**

**આઠ થાય છે. અહીં પણ શરીરની મોટપ છે.''**

ભગવાનને શરીરમાં એક હજાર ને આઠ લક્ષણો હોય છે. આખું શરીર સુંદર હોય છે એવા તીર્થંકરો છે. અહીં પણ શરીરની મોટપ-શરીર ના વખાણ કર્યાં.

**''વળી કેવા છે તીર્થંકરો ? ''सूरयः'' મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે. અહીં પણ શરીરની મોટપ છે. આથી જીવ-શરીર એક જ છે એવી મારી પ્રતીતિ છે, એવું કોઈ મિથ્યામતવાદી માને છે.''**

તીર્થંકર ભગવાન મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે, મોક્ષમાર્ગના કહેનારા છે. આમાં પણ શરીરની મોટપ છે. આથી મિથ્યામતવાદી માને છે કે શરીર ને આત્મા એક જ છે. તેનો ઉત્તર આ પ્રમાણે કહે છે.

**''તેનો ઉત્તર આ પ્રમાણે આગળ કહેશે. ગ્રંથકર્તા કહે છે કે વચનવ્યવહારમાત્રથી જીવ-શરીરનું એકપણું કહેવાય છે. આથી એમ કહ્યું છે કે જે શરીરનું સ્તોત્ર છે તે તો વ્યવહારમાત્રથી જીવનું સ્તોત્ર છે. દ્રવ્યદષ્ટિથી જોતાં જીવ-શરીર ભિન્ન ભિન્ન છે. તેથી જેવું સ્તોત્ર કહ્યું છે તે નિજ નામથી જૂઠું છે''**

''વચનના વ્યવહારમાત્રથી'' એટલે કે શરીરની સ્તુતિને ભગવાનની સ્તુતિ વ્યવહારથી કહેવામાં આવે છે. તે કાંઈ પરમાર્થ સ્તુતિ નથી. એ તો કથનમાત્રથી કહેવામાં આવે છે. તે ભગવાનનું સ્તવન નહીં. આહાહા... અસદ્‌ભૂત વ્યવહારનયથી ભગવાનના ગાણાં ગાયા પણ તે તો શરીરનાં-વાણીનાં-જડનાં છે. તે કાંઈ આત્માના ગાણાં નથી. નિશ્ચયથી તો એ જૂઠું છે. એમ કહે છે, દ્રવ્યદષ્ટિએ ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ ચૈતન્યમૂર્તિ છે. શુદ્ધાત્માની અપેક્ષાએ વ્યવહાર સ્તુતિ તે જૂઠી છે.

પ્રશ્ન : જે આ શરીર, વાણી ને મૂર્તિના વખાણ છે એ જૂઠા છે તો મૂર્તિની સ્થાપના કેમ કરો છો ?

ઉત્તર : સાંભળ ભાઈ ! આનંદકંદ સ્વરૂપની દષ્ટિએ-અનુભવની દષ્ટિએ બધું જૂઠું છે. પણ વ્યવહારે શુભભાવ હોય છે. ભગવાનની ભક્તિ ને સ્તવન આદિ હોય છે, તે પુણ્યનું કારણ છે. એવો વ્યવહાર આવ્યા વિના રહે નહીં. પણ એમાં ધર્મ માને તો એ જૂઠી વાત છે. સમજાણું કાંઈ... ?

વ્યવહાર સ્તુતિને જૂઠી કહી છે. પણ કઈ અપેક્ષાએ જૂઠી કહી છે ભાઈ ? જેણે અંદર સર્વજ્ઞ પરમાત્મા ભગવાન આત્મા જોયો અને સ્વીકાર કર્યો તે નિશ્ચય સ્તુતિ છે

અને તેની અપેક્ષાએ વ્યવહાર સ્તુતિને જૂઠી કહી છે. સાક્ષાત્ ભગવાન સમવશરણમાં હોય તેના શરીરની, વાણીની સ્તુતિ કરવી તે શુભભાવ છે, પુણ્યબંધનું કારણ છે. એ વ્યવહાર આવે છે પણ તે ધર્મ નથી. નિશ્ચય સ્તુતિની અપેક્ષાએ વ્યવહાર સ્તુતિ જૂઠી છે. પણ વ્યવહાર સ્તુતિ અપેક્ષાએ વ્યવહાર સ્તુતિ છે. (સાચી છે.) આહાહા... આવી આકરી વાતો ભાઈ ! વીતરાગનો મારગ બે નયથી સમજવો જોઈએ.

**"કેમ કે શરીરના ગુણ કહેતાં જીવની સ્તુતિ થતી નથી, જીવના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં (જીવની) સ્તુતિ થાય છે. કોઈ પ્રશ્ન કરે છે કે જેવી રીતે નગરનો સ્વામી રાજા છે તેથી નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે."**

જોયું ? ભગવાનના શરીરના ગમે તેટલા વખાણ કરે - હે પ્રભુ ! તમારું રૂપાળું શરીર, તમારી દિવ્યધ્વનિ આવી, તમારા તેજથી દશે દિશાઓ ઉજળી થાય છે. પણ એ બધી વ્યવહારની વાતો છે. ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપી ચૈતન્યસ્વરૂપી પ્રભુ છે. એમાં દયા, દાન, વ્રત, ભક્તિ આદિ ભાવનો અભાવ છે. એવું એનું સ્વરૂપ છે. જ્ઞાતાદ્રષ્ટા, સચ્ચિદાનંદ આનંદકંદ પૂર્ણાનંદ પ્રભુનો દૃષ્ટિમાં સ્વીકાર કરવો, દૃષ્ટિને ત્યાં જોડી દેવી એનું નામ સાચું સ્તવન ને સ્તુતિ કહેવામાં આવે છે.

સમયસાર ગાથા ૧૧માં '**व्यवहारोऽभूदत्थो**' વ્યવહાર જૂઠો કહ્યો છે પણ કઈ અપેક્ષાએ ? સમ્યક્દર્શન ત્રિકાળીને આશ્રયે થાય છે. સમ્યક્દર્શન સિદ્ધ કરવા જેટલી પર્યાયો છે તે બધી અસત્ છે-જૂઠી છે એમ કીધું છે. સમ્યક્દર્શન પર્યાય, રાગ કે નિમિત્તને આશ્રયે થતું નથી. અહા ! આવું હવે સાંભળવુંય મુશ્કેલ પડે. અને બહારથી ધર્મ માની બેઠા કે સમ્મેદશિખરની જાત્રા કરી. આવે છે ને ! "એક વાર વંદે જો કોઈ, તાકો નરક પશુગતિ નહીં હોઈ." પણ ભાઈ ! એમાં તો એમ કહ્યું કે શુભભાવ હોય તો ગતિ સારી મળે પણ એમાં કાંઈ ભવભ્રમણ ન ટળે. ભવભ્રમણ ટાળવાની સ્તુતિ તો આત્માના જ્ઞાનગુણથી થાય છે.

આહાહા... પૂર્ણાનંદનો નાથ પ્રભુ જેની ધ્રુવતામાં પૂર્ણ જ્ઞાન ને આનંદ ભર્યો છે. તેમાં રાગ તો નથી પણ જેમાં એક સમયની પર્યાયનો પણ અભાવ છે. તેનો અંતર્મુખ થઈને સ્વીકાર કરવો, સ્વરૂપનો આદર કરવો તે નિશ્ચયસ્તુતિ છે. રાગ ને પર્યાયની સન્મુખ થવું તે વસ્તુના સ્વભાવનો અનાદર છે. એક સમયની પર્યાયનો સ્વીકાર એ પણ મિથ્યાત્વભાવ છે. વિભાવભાવથી વિમુખ થઈને, પૂર્ણ સ્વભાવની સન્મુખ થઈને એકાગ્ર

થતાં આનંદનો સ્વાદ આવે અને બધા ગુણોનો અંશ વ્યક્ત પ્રગટ થાય ત્યારે જીવની સ્તુતિ કરી એમ કહેવામાં આવે છે.

મિથ્યાદષ્ટિ કુવાદીને થાય કે તમે શરીરની સ્તુતિ કરો છો અને વળી કહો છો કે આત્મા શરીરથી જુદો છે ? સાંભળ ભાઈ ! તે જુદો છે. શરીરની સ્તુતિમાં પણ જે શુભભાવ છે તેનાથી પણ ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્મા છે તેનો અનુભવ કર. આનંદનો સ્વાદ આવે ને સમ્યક્દર્શન થાય તેને જીવની સ્તુતિ કહેવામાં આવે છે. આ નિશ્ચય હોય તો પેલાને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ... ?

વીતરાગ સર્વજ્ઞ તીર્થંકરદેવે આત્માને જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શુદ્ધ ચૈતન્યઘન પવિત્ર પિંડ જોયો છે. તેમાં આ પુણ્ય-પાપના ભાવનો અભાવ છે. તે એકલા પવિત્ર સ્વભાવથી ભરેલો છે. એની સન્મુખ થઈને એની એકાગ્રતા થવી એને જીવની સાચી સ્તુતિ કહેવામાં આવે છે. એને ધર્મીનો ધર્મ કહેવામાં આવે છે. આવા નિશ્ચય સ્તુતિવંતને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાદિ, ભક્તિનો ભાવ, પૂજા આદિનો ભાવ આવ્યા વિના રહે નહીં. પણ છે એ હેય બુદ્ધિએ. વ્યવહાર આવશે ને? વ્યવહાર હોય છે ને ? એમ તેની હોંશ કરવી તે તો રાગની રુચિ છે. તે આવે છે ખરો પણ એ ખેદ કરીને આવે છે. 'हन्तः' આવે છે ને ! ખેદ છે.

આત્માનો સ્વભાવ તો જાગ્રત છે, તે કાંઈ આંધળી ચીજ નથી. પુણ્ય-પાપના ભાવ તો આંધળા છે. કેમ કે રાગ છે તે કાંઈ જાણતું નથી. જાણનાર તો ચૈતન્યમૂર્તિ ભગવાન પોતે છે. રાગને છોડીને જાણનારને જાણે ત્યારે એણે જાણનાર જીવની વાસ્તવિક સ્તુતિ કરી. પછી આવો રાગ આવે તેને વ્યવહાર કહેવામાં આવે છે. અજ્ઞાનીને તો એ વ્યવહાર પણ ગણવામાં આવતો નથી કેમ કે નિશ્ચય વિના વ્યવહાર કોનો ? જાણનારને જાણ્યા વિના રાગ આંધળો છે તેમ જાણ્યું કોણે ? રાગ આંધળો છે. તેને વ્યવહાર કહેનાર કોણ ? હું આનંદસ્વરૂપ જ્ઞાતા-દ્રષ્ટા છું એમ દશામાં ભાન થયું તો તેણે પોતાને પણ જાણ્યો ને રાગને પણ જાણ્યો. ત્યારે તેને જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવે છે.

અહીં કહે છે જેણે ભગવાન ચૈતન્ય જાગતી જ્યોતિને જોઈ ને જાણી તેણે સમ્યક્જ્ઞાનમાં એમ જાણ્યું કે આ રાગ છે તે વ્યવહાર છે. અજ્ઞાનીને તો રાગ વ્યવહારેય નથી. તેને તો એકલો મિથ્યાત્વભાવ છે. રાગની ક્રિયાને ધર્મ માની કરે છે એ તો એકલું મિથ્યાત્વનું પોષણ છે. અહા ! આવું બેસવું કઠણ પડે પણ શું થાય ? જિનેશ્વર તીર્થંકરદેવે

કહેલ વીતરાગ ધર્મ વીતરાગ ભાવે હોય, રાગ ભાવે ધર્મ હોય નહીં.

(નાટકસમયસાર) ૨૭ નંબરના શ્લોકમાં આવે છે.

**जिनपद नाहिं शरीरकौ, जिनपद चेतनमाँहि।**
**जिनवर्नन कछु और है, यह जिनवर्नन नांहि ॥**

શરીર ને વાણી એ કાંઈ જિનપદ નથી. એ તો જડ છે. ચેતન જાગ્રતસ્વરૂપ છે તે જિનપદ છે. પુણ્ય-પાપના ભાવમાં જિનપદ નથી. ભગવાન આત્માનું જે વર્ણન કર્યું છે તે કંઈક ઔર છે. અંદર ચૈતન્યસ્વરૂપ ભગવાન છે તે જિનપદ છે. પુણ્ય-પાપના ભાવ તે આત્મા નહીં, એ તો કર્મ છે. કેમ કે ભગવાનની વાણીનો મર્મ આ છે-

જિન સોહી આત્મા, અન્ય સોહી કર્મ,
યહી વચનસે સમઝલે, જિનપ્રવચનકા મર્મ.

**"તેવી જ રીતે શરીરનો સ્વામી જીવ છે તેથી શરીરની સ્તુતિ કરતાં જીવની સ્તુતિ થાય છે. ઉત્તર આમ છે કે એ રીતે સ્તુતિ થતી નથી; રાજાના નિજ ગુણની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે, તેવી જ રીતે જીવના નિજ ચૈતન્યગુણની સ્તુતિ કરતાં જીવની સ્તુતિ થાય છે. તે જ કહે છે."**

રાજાના બહારના નગરાદિકનું વર્ણન તે કાંઈ રાજાની સ્તુતિ નથી, પણ રાજાના નિજગુણની સ્તુતિ તે રાજાની સ્તુતિ છે. એવી રીતે જીવના નિજ ચૈતન્યગુણની સ્તુતિ કરતાં જીવની સ્તુતિ થાય છે. ભગવાન આત્મા અનંત ગુણ-શક્તિનું ગોદામ-સંગ્રહાલય છે. તેની સન્મુખ થતાં જે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ થાય છે તે સાચી સ્તુતિ-સ્તવન કહેવાય છે. આની અપેક્ષાએ પેલાને જૂઠું કહેવામાં આવે છે. વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર છે. સમજાણું કાંઈ... ?

તા. ૨-૭-૭૭.

પ્રવચન નં. ૩૧.

પરલક્ષી વૃત્તિઓ જે ઉત્પન્ન થાય છે તે જીવને લૂંટીને ઉત્પન્ન થાય છે. શુભાશુભ પરિણતિ એ ચૂડેલ છે, એને અડીશ નહિ. ૩૧૬.

-પૂ. ગુરુદેવશ્રી દ્રવ્ય દષ્ટિ જિનેશ્વર પર્યાય દષ્ટિ વિનશ્વર

## કળશ-૨૫

### (આર્યા)

प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम्।
पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम् ॥ २४ ॥

ખંડાન્વય સહિત અર્થ : - ''**इदं नगरम् परिखावलयेन पातालम् पिबति इव**'' (**इदं**) પ્રત્યક્ષ (**नगरम्**) રાજગ્રામ (**परिखावलयेन**) ખાઈ ઘેરાયેલું હોવાથી (**पातालम्**) અધોલોકને, (**पिबति इव**) ખાઈ એટલી ઊંડી છે જેથી એમ લાગે છે કે, પી રહ્યું છે. કેવું છે નગર ? ''**प्राकारकवलिताम्बरम्**'' (**प्राकार**) કોટ વડે (**कवलित**) ગળી ગયું છે (**अम्बरम्**) આકાશને જે, એવું નગર છે. ભાવાર્થ આમ છે કે કોટ ઘણો જ ઊંચો છે. વળી કેવું છે નગર ? ''**उपवनराजीनिगीर्णभूमितलम्**'' (**उपवनराजी**) નગરની સમીપ ચારે તરફ ફેલાયેલા બાગોથી (**निगीर्ण**) રુંધાયેલી છે (**भूमितलम्**) સમસ્ત ભૂમિ જેની, એવું તે નગર છે. ભાવાર્થ આમ છે કે નગરની બહાર ઘણા બાગ છે. આવી નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થતી નથી. અહીં ખાઈ-કોટ-બાગનું વર્ણન કર્યું તે તો રાજાના ગુણો નથી; રાજાના ગુણો છે દાન, પૌરુષ (શૂરવીરતા) અને જાણપણું; તેમની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે. ૨૫.

### કલશ – ૨૫ : ઉપરનું પ્રવચન

''**इदम् नगरम्**'' આ રાજગ્રામ નગરનું વર્ણન છે. ચારે કોર ઊંડી ખાઈ વડે ઘેરાયેલું છે. ખાઈ પાતાળ જેવી એટલી ઊંડી છે જેથી એમ લાગે છે કે અધોલોકને ખાઈ પી રહી છે. કેવું છે નગર ? ચારેકોર મોટો કોટ છે. કોટ વડે આકાશને ગળી ગયું છે એવું નગર છે. ભાવાર્થ આમ છે કે કોટ ઘણો લાંબો ને મોટો છે. વળી નગર ઉપવન આદિથી ઘેરાયેલું છે. પહેલાં અધો કીધો પછી ઊર્ધ્વ કીધો હવે તિરછાની વાત કરે છે. નગરની ચારે તરફ ફેલાયેલા બાગોથી (**भूमितलम्**) સમસ્ત ભૂમિ (**निगीर्ण**) રુંધાયેલી છે. ભાવાર્થ આમ છે કે નગરની બહાર ઘણાં બાગ છે. આવી નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થતી નથી. તે તો નગરની સ્તુતિ થઈ.

**''અહીં ખાઈ-કોટ-બાગનું વર્ણન કર્યું તે તો રાજાના ગુણો નથી. રાજાના ગુણો છે દાન, પૌરુષ, (શૂરવીરતા) અને જાણપણું એ રાજાના ગુણો છે. તેમની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે.''** નગરનું વર્ણન કરતાં રાજાની સ્તુતિ થાય ? તેમ અહીંયા

કહે છે કે ભગવાનના શરીરની, વાણીની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય ? આવ્યુ'તુ ને ? કે એક હજાર આઠ લક્ષણ છે, દિવ્યધ્વનિનું શ્રવણ કરતાં શાતા થાય છે તે શરીરના તેજથી દશેય દિશાઓ પ્રકાશમાન થઈ જાય, ખુલ્લી થઈ જાય. પણ તે શરીરનું વર્ણન છે. આત્માનું વર્ણન નથી. નગરનું વર્ણન એ કાંઈ રાજાનું વર્ણન નથી.

પ્રવચન નં. ૩૧ ચાલુ. તા. ૨-૭-૭૭

ભગવાન આત્મા શક્તિરૂપે પરમાત્મા હતો, તેનું ધ્યાન કરીને વર્તમાન પર્યાયમાં સિદ્ધ ભગવાન પરમાત્મપદને પામી ગયા. વસ્તુ તો શુદ્ધ હતી જ પણ તેનું ધ્યાન કરતાં તેની દશામાં પરમાત્માદશા એ આત્માએ પ્રાપ્ત કરી. એવા પરમાત્માને ઓળખીને મારા લક્ષમાં લઈને એવા સિદ્ધપરમાત્માને હું નમસ્કાર કરું છું. શ્રી સમયસારમાં લીધું છે કે ભાઈ ! સિદ્ધપરમાત્માને નમસ્કાર કોણ કરી શકે ? - કે જે હૃદયમાં-જ્ઞાનની દશામાં સિદ્ધપદને સ્થાપી શકે અને વિકાર આદિ મારામાં નથી, હું પૂર્ણાનંદ સિદ્ધ સમાન શક્તિએ છું-એમ જે શ્રદ્ધા-જ્ઞાનમાં સિદ્ધને સ્થાપે એ સિદ્ધને ખરો નમસ્કાર કરી શકે. ઊર્ધ્વ રહ્યાં છતાં સિદ્ધોને હેઠે ઉતારું છું કે પ્રભુ ! પધારો પધારો ! મારે આંગણે પધારો ! સિદ્ધને આદર દેનારના આંગણા કેટલા ઉજળા હોય ! રાજા આવે તોય આંગણું કેટલું સાફ કરે છે ! અનંત અનંત સિદ્ધોને હું વંદન કરું છું. એટલે કે એ સિવાય રાગનો, અલ્પજ્ઞતાનો, નિમિત્તનો આદર દષ્ટિમાંથી હું છોડી દઉં છું. અમારા આંગણાં ઉજળા કર્યાં છે પ્રભુ ! આપ પધારોને ! પોતાની જ્ઞાનકળાની પ્રગટ દશામાં અનંત સિદ્ધોને સ્થાપે છે કે આવો પ્રભુ ! નિર્વિકલ્પ પર્યાયમાં પ્રગટ થાઓ, આવો. - એવી જેની દષ્ટિ થઈ છે તે અનંતા સિદ્ધોને પોતાની પર્યાયના આંગણે પધરાવે છે અને તેણે ભગવાનને નમસ્કાર કર્યા કહેવામાં આવે છે. ૪૫૮.

-પૂ. ગુરૂદેવશ્રી દ્રવ્ય દષ્ટિ જિનેશ્વર પર્યાય દષ્ટિ વિનશ્વર

## કળશ-૨૬

### (આર્યા)

**नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम् ।**
**अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति ॥ २६ ॥**

ખંડાન્વય સહિત અર્થ :- "**जिनेन्द्ररूपं जयति**" (**जिनेन्द्ररूपं**) તીર્થંકરના શરીરની શોભા (**जयति**) જયવન્ત હો. કેવું છે જિનેન્દ્રરૂપ ? "**नित्यं**" આયુપર્યંત એકરૂપ છે. વળી કેવું છે ? "**अविकारसुस्थितसर्वाङ्गम्**" (**अविकार**) જેમાં બાળપણું, તરુણપણું અને વૃદ્ધપણું નહીં હોવાથી (**सुस्थित**) સમાધાનરૂપ (સારી રીતે ગોઠવાયેલા) છે (**सर्वाङ्गम्** ) સર્વ પ્રદેશ જેના એવું છે. વળી કેવું છે જિનેન્દ્રનું રૂપ ? "**अपूर्वसहजलावण्यम्**" (**अपूर्व**) આશ્ચર્યકારી છે તથા (**सहज**) વિના યત્ને શરીર સાથે મળેલા છે (**लावण्यम्** ) શરીરના ગુણો જેને એવું છે. વળી કેવું છે ? "**समुद्रम् इव अक्षोभम्**" (**समुद्रम् इव**) સમુદ્રની માફક (**अक्षोभम्**) નિશ્ચળ છે. વળી કેવું છે ? "**परं**" ઉત્કૃષ્ટ છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે વાયુ રહિત સમુદ્ર નિશ્ચળ હોય છે તેવી જ રીતે તીર્થંકરનું શરીર નિશ્ચળ છે. આ રીતે શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ નથી થતી, કારણ કે શરીરના ગુણ આત્મામાં નથી. આત્માનો જ્ઞાનગુણ છે; જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે. ૨૬.

## કલશ – ૨૬ : ઉપરનું પ્રવચન

**""जिनेन्द्ररूपं जयति" (जिनेन्द्ररूपं) તીર્થંકરના શરીરની શોભા (जयति) જયવન્ત હો. કેવું છે જિનેન્દ્રરૂપ ? "नित्यं" આયુપર્યંત એકરૂપ છે."**

જેમ નગરનું વર્ણન કર્યું તેમ આ (તીર્થંકરના) શરીરનું વર્ણન છે. '**जिनेन्द्ररूपं जयति**' તીર્થંકરના શરીરની શોભા જયવંત હો. જિનેન્દ્રના રૂપને જન્મ કલ્યાણકમાં ઈન્દ્ર હજાર આંખ કરીને દેખે છે. વળી, તે આયુપર્યંત એકરૂપ રહે છે. એને વૃદ્ધત્વ ન આવે, રોગ ન આવે. ભગવાનને રોગ થયો, દવા લીધી એમ શ્વેતામ્બર કહે છે પણ વસ્તુ એમ નથી. એ બધું જૂઠું વર્ણન છે. ભગવાનનું શરીર તો નિરોગ હોય. છદ્મસ્થ હોય ત્યાં સુધી આહાર પાણી હોય પણ નિહાર-વિષ્ટા ને પેશાબ ન હોય. એની પુણ્ય-પ્રકૃતિ જ જુદી છે.

ભગવાન ઋષભદેવનું ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય હતું. મહાવિદેહમાં સીમંધર

ભગવાન બિરાજે છે. તેમનું એક કરોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં ૭૦ લાખ ૫૬ હજાર કરોડ વર્ષ જાય-એવા કરોડ પૂર્વ. છતાં કરોડ પૂર્વ સુધી શરીર એવું ને એવું એકરૂપ રહે.

**"વળી કેવું છે ? "अविकारसुस्थितसर्वाङ्गम्" (अविकार) જેમાં બાળપણું, તરુણપણું અને વૃદ્ધપણું નહીં હોવાથી (सुस्थित) સમાધાનરૂપ (સારી રીતે ગોઠવાયેલા) છે (सर्वाङ्गम्) સર્વ પ્રદેશ જેના એવું છે."**

**(सुस्थित)** શાંત... શાંત... શાંત... સ્થિર છે. હીરો જે ડાબલામાં મૂકે તે ડાબલો પણ ઊંચો હોય તેમ કહે છે. આ તો ચૈતન્ય હીરો ! એ ભવમાં કેવળ પામવાના છે. એનું શરીર જુદી જાતનું હોય છે. સર્વપ્રદેશ બરાબર ગોઠવાયેલા હોય છે. આંખ-નાક-કાન દરેક અંગ બરાબર જાણે બીબાથી ગોઠવ્યા હોય-એવું સર્વાંગ સુંદર શરીર હોય છે. અત્યારે અહીં જુઓ તો કોઈનું શરીર આડું, કોઈનું નાક લાંબું, કોઈના હોઠ લાંબા હોય પણ ભગવાનનું શરીર તો સર્વાંગે સુંદર પણ આ તો શરીરની સ્તુતિ છે, નગરની સ્તુતિ છે. રાજાની સ્તુતિ નથી.

**"વળી કેવું છે જિનેન્દ્રનું રૂપ ? "अपूर्वसहजलावण्यम्" (अपूर्व) આશ્ચર્યકારી છે તથા (सहज) વિના યત્ને શરીર સાથે મળેલા છે (लावण्यम्) શરીરના ગુણો જેને એવું છે. વળી કેવું છે ? "समुद्रम् इव अक्षोभम्" (समुद्रम् इव) સમુદ્રની માફક (अक्षोभम्) નિશ્ચળ છે. વળી કેવું છે ? "परं" ઉત્કૃષ્ટ છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે વાયુ રહિત સમુદ્ર નિશ્ચળ હોય છે તેવી જ રીતે તીર્થંકરનું શરીર નિશ્ચળ છે. આ રીતે શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ નથી થતી, કારણ કે શરીરના ગુણ આત્મામાં નથી. આત્માનો જ્ઞાનગુણ છે; જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે."**

નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થતી નથી. તેમ શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થતી નથી. કારણ કે શરીરના ગુણ આત્મામાં નથી, જેમ નગરના જે ગુણો છે તે રાજામાં નથી એમ શરીરના ગુણો તે આત્મામાં નથી.

આત્માનો જ્ઞાન ગુણ છે. જાણવું... જાણવું... જાણવું... એવું જ્ઞાતાદષ્ટા સ્વરૂપ છે. જગતનો સાક્ષી ભગવાન આત્મા જ્ઞાતાદષ્ટા છે. રાગ આવે, વ્યવહાર આવે પણ એનો કર્તા નથી. એનો જાણનાર-દેખનાર છે. એને આત્મા કહીએ છીએ. જેમ સ્વને

જાણે-દેખે છે તેમ રાગાદિને પણ જાણે-દેખે છે. જાણવા-દેખવાનો એનો સ્વભાવ છે. રાગ તો અચેતન છે. અચેતન એટલે ચૈતન્યસ્વરૂપમાં એનો અભાવ છે. દયા-દાનનો ભાવ હોય, અરે ! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ હોય પણ તે આંધળા છે- અચેતન છે. આહાહા... એમાં ચૈતન્યની શક્તિના અંશનો અભાવ છે. (રાગમાં) આખું ચૈતન્ય તો નથી પણ એમાં પ્રકાશનો અંશ પણ નથી. એવા રાગ રહિત ભગવાન આત્માના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે.

આહા... આ શાસ્ત્રને જાણવાં તે કાંઈ જ્ઞાનગુણ નથી. જ્ઞાન તો આત્માનો ગુણ છે. જાણવું-દેખવું એનો સ્વભાવ છે. નિર્વિકલ્પ દૃષ્ટિ અને રાગ વિનાના નિર્વિકલ્પ જ્ઞાનને આત્માની સ્તુતિ કહેવામાં આવે છે. તદ્દન અજાણ્યા માણસને તો આ બધું અજાણ્યું લાગે કે આવો જૈન ધર્મ હશે ? આપણે તો છકાયની દયા પાળવી ને કંદમૂળ ન ખાવું તે જૈનધર્મ. અરે બાપુ ! સાંભળને ! એ તો બધી રાગની ક્રિયા છે. ભગવાને કહેલા જૈનધર્મનું સ્વરૂપ એવું નથી અને (ક્યાંક) કહ્યું હોય તો તેને વ્યવહાર તરીકે કહેવામાં આવ્યું છે. નિશ્ચય જાણે તેને વ્યવહાર તરીકે કહેવામાં આવે છે.

આહાહા... આત્મા તો અંદર જાણનાર.... દેખનાર એવા જ્ઞાનસ્વભાવે છે. ત્રિકાળ જાણવા-દેખવાના સ્વભાવની સન્મુખ થવું તે આત્માની સ્તુતિ છે. ૩૧મી ગાથામાં કહ્યું કે ભગવાનની સ્તુતિ કોને કહેવી ? ત્યારે કહ્યું કે આત્માની સ્તુતિ તે ભગવાનની સ્તુતિ છે. જીવ જે આનંદકંદ પ્રભુ છે તેનું જ્ઞાન પ્રગટ કરવું તે ભગવાનની સ્તુતિ છે.

પ્રવચન નં. ૩૧. તા. ૨-૭-૭૭

જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. - પૂ. ગુરૂદેવશ્રી (અધ્યાત્મ ગંગા)

નાના બાળકને ચુંબન કરતો હોય ઈ એને પાપ છે તેમ લાગે છે, પરંતુ ઈ રાગને ચુંબન કરીને રાગને પોતાનો માનીને વર્તે છે ઈ મિથ્યાત્વભાવ જે નરક અને નિગોદના કારણરૂપ મહાન અપરાધ છે ઈ એને પાપરૂપ ભાસતો નથી !
૫૩૬. -પૂ. ગુરૂદેવશ્રી દ્રવ્ય દૃષ્ટિ જિનેશ્વર પર્યાય દૃષ્ટિ વિનશ્વર

## કળશ-૨૭

### (શાર્દૂલવિક્રીડિત)

**एकत्वं व्यवहारतो न तु पुनः कायात्मनोर्निश्चयात्**
**नुः स्तोत्रं व्यवहारतोऽस्ति वपुषः स्तुत्या न तत्तत्त्वतः ।**
**स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवेत्**
**नातस्तीर्थकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयोः ॥ २७ ॥**

ખંડાન્વય સહિત અર્થ : - ''**अतः तीर्थकरस्तवोत्तरबलात् आत्माङ्गयोः एकत्वं न भवेत्**'' (**अतः**) આ કારણથી, (**तीर्थकरस्तव**) 'પરમેશ્વરના શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે' એમ જે મિથ્યામતી જીવ કહે છે તેના પ્રતિ (**उत्तरबलात्**) 'શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થતી નથી, આત્માના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે,' આવા ઉત્તરના બળથી અર્થાત્ તે ઉત્તર દ્વારા સંદેહ નષ્ટ થઈ જવાથી, (**आत्म**) ચેતનવસ્તુને અને (**अङ्गयोः**) સમસ્ત કર્મની ઉપાધિને (**एकत्वं**) એકદ્રવ્યપણું (**न भवेत्**) થતું નથી. આત્માની સ્તુતિ જે રીતે થાય છે તે કહે છે –''**सा एवं**'' (**सा**) તે જીવસ્તુતિ (**एवं**) જેવી રીતે મિથ્યાદષ્ટિ કહેતો હતો તેવી રીતે નથી, કિન્તુ જે રીતે હવે કહે છે તે રીતે જ છે –''**कायात्मनोः व्यवहारतः एकत्वं, तु पुनः न निश्चयात्**'' (**कायात्मनोः**) શરીરાદિ અને ચેતનદ્રવ્ય એ બંનેને (**व्यवहारतः**) કથનમાત્રથી (**एकत्वं**) એકપણું છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે સોનું અને રૂપું એ બંનેને ઓગાળીને એક સોગઠી બનાવવામાં આવે છે, ત્યાં તે સઘળું કહેવામાં તો સુવર્ણ જ કહેવાય છે, તેવી રીતે જીવ અને કર્મ અનાદિથી એકક્ષેત્રસંબંધરૂપ મળેલાં ચાલ્યાં આવે છે તેથી તે સઘળું કથનમાં તો જીવ જ કહેવાય છે. (**तु पुनः**) બીજા પક્ષે (**न**) જીવ-કર્મને એકપણું નથી. તે કયા પક્ષે ? (**निश्चयात्**) દ્રવ્યના નિજ સ્વરૂપને વિચારતાં. ભાવાર્થ આમ છે કે જેવી રીતે સોનું અને રૂપું જોકે એકક્ષેત્રે મળેલાં છે-એક પિંડરૂપ છે તો પણ સોનું પીળું, ભારી અને ચીકણું એવા પોતાના ગુણો સહિત છે, રૂપું પણ પોતાના શ્વેતગુણ સહિત છે, તેથી એકપણું કહેવું જૂઠું છે, તેવી જ રીતે જીવ અને કર્મ પણ જોકે અનાદિથી એકબંધ પર્યાયરૂપ મળેલા ચાલ્યાં આવે છે-એક પિંડરૂપ છે તોપણ જીવદ્રવ્ય પોતાના જ્ઞાનગુણે બિરાજમાન છે, કર્મ-પુદ્ગલ દ્રવ્ય પણ પોતાના અચેતન ગુણ સહિત છે, તેથી એકપણું કહેવું જૂઠું છે. તે કારણે સ્તુતિમાં ભેદ છે. (તે જ બતાવે છે)

"**व्यवहारतः वपुषः स्तुत्या नुः स्तोत्रं अस्ति, न तत् तत्त्वतः**" (**व्यवहारतः**) બંધપર્યાયરૂપ એકક્ષેત્રાવગાહ દૃષ્ટિથી જોતાં (**वपुषः**) શરીરની (**स्तुत्या**) સ્તુતિ કરવાથી (**नुः**) જીવની (**स्तोत्रं**) સ્તુતિ (**अस्ति**) થાય છે. (**न तत्**) બીજા પક્ષે વિચારતાં, સ્તુતિ નથી થતી. કઈ અપેક્ષાએ નથી થતી? (**तत्त्वतः**) શુદ્ધ જીવદ્રવ્યસ્વરૂપ વિચારતાં. ભાવાર્થ આમ છે કે જેમ 'શ્વેત સુવર્ણ' એમ જો કે કહેવામાં આવે છે તો પણ શ્વેતગુણ રૂપાનો છે, તેથી 'શ્વેત સુવર્ણ' એમ કહેવું જૂઠું છે, તેવી જ રીતે-

**बे रत्ता बे सांवला बे नीलुप्पलवन्न ।**
**मरगजपन्ना दो वि जिन सोलह कंचनवन्न ॥**

"(ભાવાર્થ-) બે તીર્થંકરો રક્તવર્ણે, બે કૃષ્ણ, બે નીલ, બે પન્ના અને સોળ સુવર્ણરંગે છે," જો કે આમ કહેવામાં આવે છે તોપણ શ્વેત, રક્ત અને પીત આદિ પુદ્‌ગલદ્રવ્યના ગુણો છે, જીવના ગુણો નથી. તેથી શ્વેત, રક્ત અને પીત એમ કહેતાં જીવ નથી હોતો, જ્ઞાનગુણ કહેતાં જીવ છે. કોઈ પ્રશ્ન કરે છે કે શરીરની સ્તુતિ કરતાં તો જીવની સ્તુતિ થતી નથી, તો જીવની સ્તુતિ કઈ રીતે થાય છે? ઉત્તર આમ છે કે ચિદ્રૂપ કહેતાં થાય છે-"**निश्चयतः चित्स्तुत्या एव चितः स्तोत्रं भवति**" (**निश्चयतः**) શુદ્ધ જીવદ્રવ્યરૂપ વિચારતાં (**चित्**) શુદ્ધ જ્ઞાનાદિનાં (**स्तुत्या**) વારંવાર વર્ણન-સ્મરણ-અભ્યાસ કરવાથી (**एव**) નિઃસંદેહ (**चितः स्तोत्रं**) જીવદ્રવ્યની સ્તુતિ (**भवति**) થાય છે. ભાવાર્થ આમ છે-જેવી રીતે 'પીળું, ભારી અને ચીકણું સુવર્ણ' એમ કહેતાં સુવર્ણની સ્વરૂપસ્તુતિ થાય છે, તેવી જ રીતે 'કેવળી એવા છે કે જેમણે પ્રથમ જ શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કર્યો છે એટલે કે ઇંદ્રિય-વિષય-કષાયને જીત્યાં છે, પછી મૂળથી ખપાવ્યાં છે, સકળ કર્મ ક્ષય કર્યાં છે એટલે કે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય અને કેવળસુખરૂપે બિરાજમાન પ્રગટ છે' એમ કહેતાં-જાણતાં-અનુભવતાં કેવળીની ગુણસ્વરૂપ સ્તુતિ થાય છે. આથી આ અર્થ નિશ્ચિત કર્યો કે જીવ અને કર્મ એક નથી, ભિન્ન ભિન્ન છે. વિવરણ-જીવ અને કર્મ એક હોત તો આટલો સ્તુતિ ભેદ કેમ હોત? ૨૭.

## કલશ - ૨૭ : ઉપરનું પ્રવચન

"''अतः तीर्थकरस्तवोत्तरबलात् आत्माङ्गयोः एकत्वं न भवेत्'' (अतः) **આ કારણથી,** (तीर्थकरस्तव) **'પરમેશ્વરના શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે' એમ જે મિથ્યામતી જીવ કહે છે તેના પ્રતિ** (उत्तरबलात्) **'શરીરની સ્તુતિ**

**કરતાં આત્માની સ્તુતિ થતી નથી, આત્માના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે.''**

પરમેશ્વર જિનેશ્વરના શરીર, વાણીની સ્તુતિ કરતાં કેવળીની સ્તુતિ થઈ શકતી નથી. ખરેખર તો પરમેશ્વરની-પરની સ્તુતિ કરતાં પણ સ્વની સ્તુતિ થતી નથી. પરની સ્તુતિ થવામાં તો રાગનો ભાવ છે. પરમાત્માની સ્તુતિ-ભક્તિ એ બધું રાગ છે. તે આત્માની સ્તુતિ નથી એમ કહે છે.

આત્માના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાનમાં એકાગ્ર થઈને તેનો આદર ને સ્વીકાર કરવો તેનું નામ આત્મસ્તુતિ કહેવામાં આવે છે. આહાહા... ! આવી વાત છે. મુખ્યે આત્માનો ગુણ લીધો છે ને ! જાણક આત્મા જેમ નિત્ય છે તેમ એનો જ્ઞાનસ્વભાવ નિત્ય છે. એવા સ્વભાવની સન્મુખ થઈને અંદરમાં એકાગ્રતા થવી તે આત્માની સ્તુતિ છે.

પરની સ્તુતિ, શરીરની સ્તુતિ એ કાંઈ વાસ્તવિક સ્તુતિ નથી એમ કહીએ ત્યાં સામા પક્ષવાળા એમ કહે છે કે (તમો) ભગવાનની મૂર્તિનો ને સ્તુતિનો નિષેધ કરો છો ! પણ ભાઈ એ નિષેધ તો વ્યવહાર છે માટે કર્યો છે. પણ વ્યવહાર છે. અંતર આનંદસ્વરૂપ આત્માનું ભાન થયું છે અને જ્ઞાનનું વેદન આવ્યું હોવા છતાં પૂર્ણ વીતરાગતા થઈ નથી એટલે દેવ-શાસ્ત્ર-ગુરુ-પ્રતિમા આદિના પૂજાના ભાવ આવ્યા વિના રહે નહીં પણ તે બંધનું કારણ છે એમ એણે જાણવું જોઈએ. તેને (વ્યવહારને) ઉડાડી દેવો એમેય નહીં અને એને ધર્મ માનવો એમ પણ નહીં. આવી વાત છે.

**''આવા ઉત્તરના બળથી અર્થાત્ તે ઉત્તર દ્વારા સંદેહ નષ્ટ થઈ જવાથી, (आत्म) ચેતનવસ્તુને અને (अङ्गयोः) સમસ્ત કર્મની ઉપાધિને (एकत्वं) એકદ્રવ્યપણું (न भवेत्) થતું નથી.''**

અહીં **(अङ्गयोः)** શબ્દનો અર્થ શરીર ન લેતાં સમસ્ત કર્મની ઉપાધિ લીધો છે. એક કોર આતમરામ, એના અનંતગુણની સ્તુતિ-સ્વીકાર-સત્કાર તે સમ્યક્દર્શન છે, આત્માની સ્તુતિ છે. એ સિવાય ભગવાનના શરીરના ગુણ ગાવા, સિદ્ધની સ્તુતિ તે વ્યવહાર સ્તુતિ છે. સિદ્ધની સ્તુતિ-ભક્તિ કરવી તે પણ વ્યવહાર સ્તુતિ-રાગ છે. તે પરવસ્તુ છે ને ! પરદ્રવ્ય ઉપર લક્ષ જાય તો રાગ જ થાય. અહીં તો અંગ એટલે કર્મની ઉપાધિ. એ દયા-દાન-ભક્તિના પરિણામ, પરમાત્માની ભક્તિનો ભાવ એ પણ શરીરના

અંગમાં જાય છે. સમજાણું કાંઈ... ?

**मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्म भूभृताम् ।**
**ज्ञातारं विश्व तत्त्वानां वन्दे तद्गुणलब्धये ॥**

કોઈ આનો અર્થ એમ કરે છે કે જુઓ ! ભગવાનની સ્તુતિ પણ ગુણની પ્રાપ્તિ માટે છે. પણ એ તો બધા નિમિત્તના-વ્યવહારના કથન છે. એના ગુણની સ્તુતિ એ તો વિકલ્પ-રાગ છે અને વીતરાગ માર્ગ તો વીતરાગ ભાવથી ઉત્પન્ન થાય છે.

મોક્ષપાહુડ ગાથા-૧૬ માં તો ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે. "પર દવ્વાદો દુગ્ગઈ" આહાહા... આત્મા સિવાય ત્રણલોકના નાથ તીર્થંકર ઉપર લક્ષ જતાં તારી દુર્ગતિ થશે, ચૈતન્યની ગતિ નહીં થાય. આ ૧૬મી ગાથાનો સાર છે. જગતને સત્ય સાંભળવા મળ્યું નથી એટલે કેમ બેસે ? ત્રિલોકીનાથ તીર્થંકર પરમેશ્વર એમ કહે છે કે તારા હિસાબે અમે પરદ્રવ્ય છીએ. અમારા તરફ તને ભક્તિનો ભાવ આવશે તે રાગ છે. અહીં તો એને દુર્ગતિ કીધી છે. સ્વદ્રવ્યનો આશ્રય લઈને જે આનંદની દશા પ્રગટે એટલે કે પર્યાયમાં શક્તિની વ્યક્તતા થાય તે આત્માની સ્તુતિ છે. તેનું નામ સમ્યક્દર્શન છે. સમજાણું કાંઈ... ? અને આત્મા સિવાય '**अङ्गयोः**' શરીરથી માંડીને પરવસ્તુ અથવા કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલો ભક્તિનો ભાવ તેને અહીં '**अङ्ग**' શરીરમાં નાખી દીધા. આહાહા... તે સ્વસ્વરૂપ નહીં.

શરીર સાથે જેટલા પુણ્ય-પાપના ભાવ થાય તે બધા વિકલ્પ '**अङ्ग**' શરીરના અંગ છે. ભગવાન આત્મા એનાથી ભિન્ન છે. બે ભાગલા પાડ્યા. એક કોર આતમરામ અને એક કોર ગામ. ભગવાનની ભક્તિનો જે શુભ વિકલ્પ ઉઠે તે કર્મની ઉપાધિમાં-ગામમાં જાય છે, આત્મામાં નહીં.

બાપલા ! આ તો વીતરાગનો માર્ગ છે. ભાઈ ! જિનેશ્વરદેવ ત્રિલોકીનાથ અનંત કેવળજ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય પામ્યા પછી વાણી આવી નીકળી છે અને એ પરંપરાની વાણી કુંદકુંદાચાર્યે કહી. એની ટીકા નગ્ન દિગંબર સંત, પ્રચુર આનંદની દશાવાળા અમૃતચંદ્રાચાર્યે કરી છે. તેઓ કહે છે કે તારા પ્રભુ સિવાય બીજા પ્રભુની ભક્તિ કરીશ તો તે રાગમાં આવે, વ્યવહારમાં આવે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી તે આવે પણ એ રાગ હોય છે, દૃષ્ટિમાં છોડવાલાયક છે.

પ્રશ્ન : પુણ્યનો ક્ષય તો ચૌદમે થાય છે. ૧૩મા વાળા પુણ્યનો ક્ષય કરી શકતાં નથી અને

તમે ચોથે ગુણસ્થાને પુણ્યનો નાશ કરવા માંગો છો ?

**ઉત્તર :** સાંભળ તો ખરો ભાઈ ! નાશ કરવાની વાત ક્યાં છે ? એ આત્માનો સ્વભાવ નથી માટે નાશ કરવા લાયક છે એવી એની પ્રતીતિ કરવા લાયક છે. પુણ્યનો ભાવ મારો નથી ને મારા આત્માને લાભદાયક નથી તેમ દૃષ્ટિમાં તો પુણ્યનો નિષેધ ચોથેથી જ છે. નાટક સમયસારમાં આવે છે-

તન ચેતન વિવહાર એકસે, નિહચૈ ભિન્ન ભિન્ન હૈં દોઈ ।
તનકી થુતિ વિવહાર જીવથુતિ, નિયતદૃષ્ટિ મિથ્યાથુતિ સોઈ ॥
જિન સો જીવ જીવ સો જિનવર, તન જિન એક ન માને કોઈ ।
તા કારન તનકી સંસ્તુતિસૌં, જિનવરકી સંસ્તુતિ નહીં હોઈ ॥

તન ને ચેતનને વ્યવહારથી એક કહેવામાં આવે છે. તનની સ્તુતિ તે વ્યવહારે જીવસ્તુતિ છે. આત્માની નિશ્ચય સ્તુતિ અપેક્ષાએ વ્યવહાર સ્તુતિ જૂઠી છે. ''જિન સો જીવ, જીવ સો જિનવર'' આ જીવ પોતે જિનવર છે. વસ્તુશક્તિ અને સ્વભાવ જ એનો વીતરાગ જિનવર સ્વરૂપ છે. પ્રભુ પોતે વીતરાગી મૂર્તિ છે. કાલે કહ્યું'તુ ને...

જિનપદ નાંહિ શરીરકૌ, જિનપદ ચેતનમાँહિ ।
જિનવર્નન કછુ ઔર હૈ, યહ જિનવર્નન નાંહિ ॥

આહાહા... જીવ સો જિનવર... એ કેમ બેસે ? અવિકારી વીતરાગી સ્વરૂપ તેનું નામ જિન, તેનું નામ આત્મા. એ તો પૂરણ વીતરાગ સ્વરૂપે જ ભગવાન બિરાજમાન છે. એના સ્વરૂપમાં રાગ ને અલ્પજ્ઞતા ક્યાં છે ? એકરૂપ સદૃશ ધ્રુવ આત્માના ગુણગાન કરવા એટલે કે પરનું લક્ષ છોડી, ભગવાનની ભક્તિ-સ્તુતિનું પણ લક્ષ છોડી અંદર આત્મામાં એકાગ્ર થવું તેનું નામ આત્મસ્તુતિ છે અને આ અપેક્ષાએ વ્યવહાર સ્તુતિ જૂઠી છે.

અગિયારમી ગાથામાં ત્રિકાળ-સત્યાર્થ-ભૂતાર્થ આનંદકંદ પ્રભુ જે સમ્યક્દર્શનનો વિષય છે તેને મુખ્ય કરીને સત્યાર્થ છે એમ કહ્યું છે અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્યાર્થ કહ્યું છે. રાગ તો અસત્યાર્થ છે જ પણ એક સમયની પર્યાયને પણ અસત્યાર્થ કહી છે. પર્યાય નથી એમ નથી. પર્યાય છે ખરી. નહીં તો વેદાંત થઈ જાય. પર્યાય હોવા છતાં તેને ગૌણ કરી, પેટામાં રાખી વ્યવહાર કહીને નથી એમ કહ્યું છે સમજાણું કાંઈ... ? ભાઈ ! આ તો ચોરાશીમાંથી ઊગરવાનો માર્ગ છે.

પંચમહાવ્રતધારી મુનિને પંચમહાવ્રતના વિકલ્પ આવે ખરા. પણ એ હેય બુદ્ધિએ આવે છે, એ રાગ તે દુઃખ છે. છોડવાલાયક બુદ્ધિએ આવે છે. બિલાડી ઉંદરને પકડે અને તેના બચ્ચાને પકડે પણ બેમાં ફેર છે. બચ્ચાને પકડે તેમાં ભીંસ ન કરે-કુણું રાખે અને ઉંદરને દબાવીને પકડે. ''પક્કડ પક્કડમેં ફેર હૈ'' અજ્ઞાની રાગ આવે તેને ઉંદરની જેમ પકડે છે કે આ રાગ મારો છે અને જ્ઞાની રાગ આવે તેને તે પકડતો નથી. રાગ હોય છે, આવે છે એમ એને જાણે છે, તેને લાભદાયક માનતો નથી. અજ્ઞાની રાગથી મને લાભ થશે એમ રાગને પકડી રાખે છે. તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.

અહીં તો '**अङ्गयोः**' ની વ્યાખ્યા ચાલે છે. નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્યપ્રભુ તેને આત્મા કહીએ. તે સિવાય શુભાશુભ રાગનો વિકલ્પ એ બધું ''અંગ''માં જાય છે. એ કાર્માણ શરીરનો ભાવ છે, જીવનો નહીં. જીવનો હોય તો સિદ્ધમાં રહેવો જોઈએ. જીવનો નથી માટે સિદ્ધમાંથી પણ છૂટી જાય છે. સમજાણું કાંઈ... ? આવો માર્ગ છે.

આહાહા... જુઓ ! એક બાજુ જ્ઞાતાદૃષ્ટા પ્રભુ અને એક બાજુ શુભરાગથી માંડીને કર્મ એ બધું પર શરીરમાં જાય છે. ભગવાન આત્મામાં એ હોતું નથી. આનું નામ ભેદજ્ઞાન છે.

ભેદજ્ઞાન સાબુ ભયો, સમરસ નિરમલ નીર ।
ધોબી અંતર આતમા, ધોવે નિજગુણ ચીર ॥

આ દયા-દાનના વિકલ્પથી-રાગથી પણ ભગવાન ભિન્ન છે-તે ભેદજ્ઞાનરૂપી સાબુ છે. મારો પ્રભુ તો પવિત્ર આનંદનો નાથ છે એવો અનુભવ કરીને રાગરૂપી મેલને ધોઈ નાખે છે. આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહીં. એક બાજુ ચૈતન્ય આનંદકંદ પ્રભુ અને બીજી બાજુ દયા-દાન-વ્રત-ભક્તિ-શરીર. એક કોર રામ ને એક કોર ગામ. તે બે વચ્ચેનું ભેદજ્ઞાન કરવું તે આત્માની સ્તુતિ છે અને બે વચ્ચે એકતા માનવી તે મિથ્યાભ્રમની સ્તુતિ છે.

**''આત્માની સ્તુતિ જે રીતે થાય છે તે કહે છે –''सा एवं'' (सा) તે જીવસ્તુતિ (एवं) જેવી રીતે મિથ્યાદૃષ્ટિ કહેતો હતો તેવી રીતે નથી, કિન્તુ જે રીતે હવે કહે છે તે રીતે જ છે –''कायात्मनोः व्यवहारतः एकत्वं, तु पुनः न निश्चयात्'' (कायात्मनोः) શરીરાદિ અને ચેતનદ્રવ્ય એ બંનેને (व्यवहारतः) કથનમાત્રથી (एकत्वं) એકપણું છે.''**

આત્માની સ્તુતિ જેવી રીતે મિથ્યાદષ્ટિ કહે છે તેવી રીતે નથી. તે જ કહે છે 'શરીરાદિ'-જોયું ? આદિ શબ્દ છે ને ! એટલે કે શરીર, પુણ્ય ને પાપ, દયા-દાન આદિના ભાવ-તેમને અને ચેતનદ્રવ્ય બંનેને કથનમાત્રથી એકપણું છે, કહેવામાત્ર છે. પાંચમા કળશમાં વ્યવહારનો અર્થ જ એવો કર્યો કે વ્યવહાર એટલે જૂઠું કથન બસ. ભેદ પાડીને કહેવું તે બધું પણ કથનમાત્ર છે, વસ્તુસ્થિતિ એવી નથી. '**कायात्मनोः**' કાયા એટલે શરીરાદિ અને ચેતનદ્રવ્ય તેમને કથનમાત્રથી એકપણું છે.

**"ભાવાર્થ આમ છે કે જેવી રીતે સોનું અને રૂપું એ બંનેને ઓગાળીને એક સોગઠી બનાવવામાં આવે છે, ત્યાં તે સઘળું કહેવામાં તો સુવર્ણ જ કહેવાય છે,"**

જોયું ? સોનું ને રૂપું તેની એક સોગઠી કરે એટલે કે ઓગાળીને રવો બનાવે તો એમ કહેવાય કે આ સોનું છે. પણ તે તો કથનમાત્ર છે. સોનું ને રૂપું બેય ચીજ જુદી છે. તેમ જીવ અને રાગાદિ ભાવ તદ્દન ભિન્ન છે. ભગવાનની ભક્તિના ભાવ પુદ્‌ગલના પરિણામ છે, અજીવ છે કેમ કે જીવ જ્ઞાનાનંદ સ્વરૂપ છે અને જ્ઞાનાનંદમાં રાગનો અભાવ છે.

અંકલંકદેવ સ્વરૂપસંબોધનમાં એમ વર્ણવે છે કે અચેતનના ત્રણ પ્રકાર છે. ચેતનનો એક પ્રકાર છે.

૧. જાણનાર-દેખનાર એવો સ્વભાવ તે ચેતન અને એ સિવાય આ શરીર-વાણી-મન-જડ એ અચેતન છે.

૨. પુણ્ય-પાપના ભાવ છે તેમાં જ્ઞાનનો અંશ નથી. તે (પોતે) જાણતાં નથી પણ બીજાના જ્ઞાનથી જણાય છે માટે રાગ પણ અચેતન છે.

૩. ભગવાન આત્માનો ચૈતન્ય ઉપયોગ તે ચેતન છે અને તે સિવાય શ્રદ્ધા-ચારિત્ર-આનંદ એ બધા જ્ઞાનસ્વરૂપ નથી માટે અચેતન છે. તેઓ છે તો ચેતનના જ ગુણ તેથી ચેતન જ કહેવાય. બીજા તત્ત્વથી જુદું પાડવા જેટલા ચૈતન્યના ગુણ છે તે બધા ચેતન કહેવાય. અને જ્યારે અંદર ભાગ પાડવો હોય ત્યારે જાણનાર-દેખનાર તે ચેતન છે અને બીજા બધા ગુણો પોતાને જાણતાં નથી, ચેતનને જાણતાં નથી માટે અચેતન કહેવામાં આવે છે. અચેતનનો અર્થ કાંઈ પેલા પરમાણુ છે એમ નથી. દયા-દાન-ભક્તિના ભાવને અચેતન કહ્યાં, અજીવ-જડ કહ્યાં તેથી કાંઈ તે પરમાણુ નથી પણ તેમાં જાણવાનો સ્વભાવ નથી માટે અચેતન કહ્યાં છે. આમ કહીને આત્માનો અસાધારણ જાણવાનો સ્વભાવ છે

ઠેઠ ત્યાં લઈ જવો છે.

શ્રી નિયમસાર (શુદ્ધોપયોગ અધિકાર) માં એમ કહ્યું કે આત્મા જ્ઞાનવસ્તુ છે. એ જ્ઞાન જ્ઞાનને જાણે તે સ્વ છે અને જ્ઞાન બીજા અનંત ગુણને જાણે તે પર છે.

સ્વપર પ્રકાસક સકતિ હમારી, તાતૈં વચન ભેદ ભ્રમ ભારી।
જ્ઞેયદશા દુવિધા પરગાસી, નિજરૂપા પરરૂપા ભાસી ॥

જાણનારો સ્વને જાણે એ સ્વપ્રકાશક અને જ્ઞાન સિવાય બીજા ગુણને જ્ઞાન જાણે તે પરપ્રકાશક આ અપેક્ષાએ સ્વપરપ્રકાશક કહ્યો. આ ચેતનની બલિહારી છે. આહાહા... કોઈ પણ ગુણને કહેવો હોય તો એ ગુણ જ્ઞાનમાં જણાયા વિના કહે શી રીતે ? જ્ઞાનમાં જણાય ત્યારે જ્ઞાન જાણીને કહે કે આ રાગ છે, આ સમકિત છે, આ ચારિત્ર છે. ચેતન ચેતનપણે છે ને બીજા ગુણપણે નથી. ચેતન અને બીજાગુણો-તેમાં અસ્તિ-નાસ્તિ આવી સપ્તભંગી છે, પોતામાં હોં !

કેવળજ્ઞાનની દશા કે જેની પાસે ત્રણકાળ-ત્રણલોક તો અનંતમા ભાગે છે, તે કેવળજ્ઞાનની પર્યાય એક સમયની સ્થિતિવાળી છે. બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી થાય, એવી ને એવી થાય પણ જે કેવળજ્ઞાન પહેલા સમયે છે તે બીજા સમયે ન રહે માટે તેને શુદ્ધભાવ અધિકારમાં અનિત્ય કહીને હેય બતાવી છે. સંવર-નિર્જરા-મોક્ષને પણ નાશવાન ગણી અને ભગવાન ચિદાનંદ નિત્યાનંદ ધ્રુવને અવિનાશી ગણ્યો છે. તે સમ્યક્‌દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ... ?

અહીં કહે છે કે રાગ ને આત્મા એક છે, કર્મ ને આત્મા એક છે, શરીર ને આત્મા એક છે તે તો કથનમાત્ર છે. બાકી જીવને કર્મને-રાગાદિને એકપણું નથી.

**“તેવી રીતે જીવ અને કર્મ અનાદિથી એકક્ષેત્રસંબંધરૂપ મળેલાં ચાલ્યાં આવે છે તેથી તે સઘળું કથનમાં તો જીવ જ કહેવાય છે. (तु पुनः) બીજા પક્ષે (न) જીવ-કર્મને એકપણું નથી. તે કયા પક્ષે ? (निश्चयात्) દ્રવ્યના નિજ સ્વરૂપને વિચારતાં....”**

વસ્તુનું નિજ સ્વરૂપ જે ચૈતન્ય આનંદકંદ છે એવું વિચાર કરતાં રાગાદિ તે પર વસ્તુ છે. એ આત્મા નહીં.

**“ભાવાર્થ આમ છે કે જેવી રીતે સોનું અને રૂપું જોકે એકક્ષેત્રે મળેલાં છે-એક પિંડરૂપ છે તો પણ સોનું પીળું, ભારી અને ચીકણું એવા પોતાના ગુણો સહિત છે, રૂપું પણ પોતાના શ્વેતગુણ સહિત છે, તેથી એકપણું કહેવું જૂઠું છે”**

સોનું કેવું છે ? સુવર્ણ પીળું છે, ભારિ છે અને ચીકણું છે. ભલે સોના ને રૂપાની સોગઠી બનાવી હોવા છતાં સોનું તો પીળું, ભારે ને ચીકણું છે અને રૂપું પણ પોતાના શ્વેતગુણ સહિત છે. બંને પોતપોતાના ગુણોમાં છે. કોઈ કોઈમાં ભેળસેળ થયા નથી તેથી એકરૂપ કહેવું જૂઠું છે, સોનાને ધોળું કહેવું જૂઠું છે.

તેવી રીતે જીવ અને કર્મ તો અનાદિથી અંકબંદ અવસ્થાએ સંયોગ સંબંધે મળ્યા ચાલ્યા આવે છે, એક પિંડરૂપ દેખાય છે. તો પણ ભગવાન આત્મા તો ચૈતન્યશક્તિથી બિરાજમાન છે. ભલે રાગ ને કર્મનો સંબંધ આવે, એક જગ્યાએ-એક ક્ષેત્રે-એક કાળે ભેગા દેખાય છતાં બેયના ગુણ તદ્દન જુદા છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે ને રાગ છે તે જડ અચેતન છે. એમાં જ્ઞાનનો અભાવ છે.

અનાદિનો ભગવાન આત્મા જ્ઞાનગુણે શોભિત-બિરાજે છે. તે તો જ્ઞાનસ્વરૂપે જ છે. અને રાગાદિ ને કર્મ આદિ તે બધાં અચેતન સ્વરૂપે છે. તેનો કાળ એક હોવા છતાં બંનેની શક્તિ ને સ્વભાવ તદ્દન ભિન્ન છે. બે કોઈ દિ' એક થતાં નથી. આહાહા... કર્મ-શરીર ને આત્મા તો કદી એક થતાં નથી પણ પુણ્ય-પાપના ભાવ અને આત્મા પણ કદી એક થતાં નથી. રાગને આત્મા કહેવો અને આત્માનો રાગ કહેવો તે વ્યવહારનયથી છે. પરમાર્થે બેય એક નથી. અરે ! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ પણ જડ-અચેતન છે. પાઠ છે ને ! ''દરશ વિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય'' ષોડશ કારણ ભાવના તે રાગ છે અને તીર્થંકર પ્રકૃતિનો બંધ રાગથી પડે છે. પ્રકૃતિનો બંધ કાંઈ ધર્મથી ન પડે. એ રાગને અને આત્માને એકપણું નથી.

આ શરીરની ક્રિયા હું કરી શકું, વાણી હું બોલી શકું એ તો હજુ જડના સ્વામીપણે પોતાને માને છે. એ તો ઠીક પણ અંદરમાં થતાં રાગ ને-પુણ્યના પરિણામના સ્વામીપણે પોતાને માને છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. રાગ તો પર છે એનો માલિક કર્મ છે. ભગવાન આત્મા તેનો સ્વામી-માલિક નથી. તેનાં (આત્માનાં)તો દ્રવ્યગુણપર્યાય શુદ્ધ છે. એ એનું સ્વ છે અને એનો એ સ્વામી છે. ૭૩મી ગાથામાં આવે છે કે વિકારનો સ્વામી પુદ્ગલ છે. બે વસ્તુ તદ્દન જુદી છે. ભક્તિના ભાવથી પોતાનું કલ્યાણ થાય એ માન્યતા મિથ્યાદૃષ્ટિ-મૂઢની છે.

**''તે કારણે સ્તુતિમાં ભેદ છે. (તે જ બતાવે છે) ''व्यवहारतः वपुषः स्तुत्या नुः स्तोत्रं अस्ति, न तत् तत्त्वतः'' (व्यवहारतः) બંધપર્યાયરૂપ એકક્ષેત્રાવગાહ દૃષ્ટિથી**

**જોતાં (वपुषः) શરીરની (स्तुत्या) સ્તુતિ કરવાથી (नुः) જીવની (स्तोत्रं) સ્તુતિ (अस्ति) થાય છે. (न तत्) બીજા પક્ષે વિચારતાં, સ્તુતિ નથી થતી. કઈ અપેક્ષાએ નથી થતી ? (तत्त्वतः) શુદ્ધ જીવદ્રવ્યસ્વરૂપ વિચારતાં.''**

આત્મા જ્ઞાનગુણે બિરાજમાન છે અને કર્મ બધા અચેતનપણે. એકક્ષેત્રે રહેલા તે બંને એક કહેવા એ તો કથનમાત્ર છે. તે કારણે સ્તુતિમાં ભેદ છે. પરની સ્તુતિ કરવી અને સ્વની સ્તુતિ કરવી એ બેમાં ભેદ છે એમ કહે છે. રાગ ને આત્મા, કર્મ ને આત્મા એકક્ષેત્રે રહેલા જોઈને, શરીરની સ્તુતિ કરવાથી જીવની સ્તુતિ થાય છે એમ વ્યવહારવાળા કહે છે. પણ તે વ્યવહાર કથન છે. દયા-દાન-રાગના બહુ વખાણ કરે, પ્રશંસા કરે છે તે કથનમાત્ર છે. **(तत्त्वतः)** શુદ્ધ જીવદ્રવ્યસ્વરૂપ વિચારતાં પુણ્ય-પાપના ભાવ છે તે આત્મા છે એમ કહેવાતું નથી. કથન માત્રથી એક છે. તત્ત્વથી તો બેય જુદા છે. જેમ શ્વેત સુવર્ણ એમ કહેવા છતાં પણ શ્વેતગુણ રૂપાનો છે. તેથી શ્વેતસુવર્ણ એમ કહેવું જૂઠું છે. તેમ રાગ ને શરીરના ગુણ ગાવા-સ્તુતિ, તે ચૈતન્યની અપેક્ષાએ જૂઠી છે. અંદર જ્ઞાનાનંદ સ્વભાવની સ્તુતિ કરવી, એનો સ્વીકાર કરવો, તેમાં એકાગ્ર થવું તે વાસ્તવિક આત્માની સ્તુતિ, નિશ્ચય સત્ય સ્તુતિ છે. તેવી જ રીતે -

**''ભાવાર્થ આમ છે કે જેમ 'શ્વેત સુવર્ણ' એમ જો કે કહેવામાં આવે છે તો પણ શ્વેતગુણ રૂપાનો છે, તેથી 'શ્વેત સુવર્ણ' એમ કહેવું જૂઠું છે, તેવી જ રીતે-**

''बे रत्ता बे सांवला बे नीलुप्पलवन्न ।
मरगजपन्ना दो वि जिन सोलह कंचनवन्न ॥ ''

**''(ભાવાર્થ-) બે તીર્થંકરો રકતવર્ણે, બે કૃષ્ણ, બે નીલ, બે પન્ના અને સોળ સુવર્ણરંગે છે,'' જો કે આમ કહેવામાં આવે છે તોપણ શ્વેત, રકત અને પીત આદિ પુદ્‌ગલદ્રવ્યના ગુણો છે, જીવના ગુણો નથી. તેથી શ્વેત, રકત અને પીત એમ કહેતાં જીવ નથી હોતો, જ્ઞાનગુણ કહેતાં જીવ છે.''**

બે તીર્થંકરો રકતવર્ણે, બે કૃષ્ણ, બે નીલ, બે પન્ના અને સોળ સુવર્ણરંગે છે. પાંચ વર્ણમાં ૨૪ તીર્થંકર આવે છે. છઠ્ઠો વર્ણ નથી. ભગવાન આવા આવા સુંદર પંચવર્ણે છે. કંચનવર્ણ એવું શ્વેતામ્બરમાં પણ આવે છે. વર્ણ છે તે તો જડનાં ગુણો છે. એ કાંઈ ભગવાનના-જીવનાં ગુણો નથી. તેથી એ જીવની સ્તુતિ નથી.

(૩૨૦ગાથાનો) પહેલો ટૂકડો બહુ સારો હતો કે નેત્રની જેમ જ્ઞાન દૂરથી જાણે

છે. આ વસ્તુની સ્થિતિ છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન રાગને, પુણ્ય-પાપના પરિણામને નેત્રની જેમ દૂરથી જાણે છે. આવો જ્ઞાનસ્વરૂપ જીવનો સ્વભાવ છે. એનો પ્રત્યક્ષ આસ્વાદ આવે ત્યારે એને જીવ કહેવાય. એના વિના બધા થોથાં છે.

**"કોઈ પ્રશ્ન કરે છે કે શરીરની સ્તુતિ કરતાં તો જીવની સ્તુતિ થતી નથી, તો જીવની સ્તુતિ કઈ રીતે થાય છે ? ઉત્તર આમ છે કે ચિદ્રૂપ કહેતાં થાય છે-"निश्चयतः चित्स्तुत्या एव चितः स्तोत्रं भवति" (निश्चयतः) શુદ્ધ જીવદ્રવ્યરૂપ વિચારતાં (चित्) શુદ્ધ જ્ઞાનાદિનાં (स्तुत्या) વારંવાર વર્ણન-સ્મરણ-અભ્યાસ કરવાથી (एव) નિઃસંદેહ (चितः स्तोत्रं) જીવદ્રવ્યની સ્તુતિ (भवति) થાય છે."**

ચિદ્રૂપ એટલે જ્ઞાનવસ્તુ તેનો વારંવાર અભ્યાસ કરવાથી જીવની સ્તુતિ થાય છે. આ શાસ્ત્રનો અભ્યાસ તેની અહીંયા વાત નથી. જ્ઞાન...જ્ઞાન...જ્ઞાન... જાણક સ્વભાવને સ્વીકારવામાં આવે, સન્મુખ થવામાં આવે, વારંવાર સ્મરણ કરવામાં આવે. પણ સ્મરણ કોને થાય ? જેને જ્ઞાન સ્વભાવનું ભાન થયું હોય એને જ્ઞાનનું સ્મરણ થાય. આહા...! આવી વાત છે ભાઈ !

**एव** નો અર્થ નિઃસંદેહ કર્યો. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવું **स्तुत्या** વારંવાર વલણ, ચિંતવન, સ્મરણ, અભ્યાસ કરવાથી નિઃસંદેહ આત્માનો અનુભવ થાય છે. **चितः स्तोत्रं** જીવદ્રવ્યની સ્તુતિ થાય છે. નિમિત્ત-રાગ ને એક સમયની પર્યાયથી પણ વિમુખ થઈને અને ધ્રુવ જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તેમાં એકાગ્રતા થવી તે જીવની સ્તુતિ છે. એનું નામ ધર્મ છે. લ્યો, આ સ્તુતિ ! આમાં વાણી ને રાગ તો ક્યાંય રહી ગયો.

ભગવાન આત્મા જ્ઞાનનો સાગર છે. તે જ્ઞાનસ્વરૂપની સ્તુતિ ક્યારે થાય ? કે એમાં એકાગ્ર થાય ત્યારે. પહેલાં એકાગ્રતા જોઈએ પછી એનું વારંવાર સ્મરણ કરે તે અનુભવ છે. અહીંયા ભલે તીર્થંકરના શરીરની વાત કરી છે. પણ સાક્ષાત્ તીર્થંકર છે એના આત્માના ગુણોનું સ્તવન એ પણ વ્યવહાર છે. પર છે ને ! એ અપેક્ષાએ વ્યવહાર છે.

આહાહા... જ્ઞાનસ્વરૂપ ભગવાન ને પુણ્ય-પાપના પરિણામની-રાગની એકતાબુદ્ધિ તે મિથ્યાત્વ છે, સંસાર છે અને આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમાં એકતાબુદ્ધિ મોક્ષ છે. કેમ કે આત્મા મોક્ષસ્વરૂપ-મુક્તસ્વરૂપ જ છે. અહીં ભગવાન કહે છે અમારા (શરીરના) વર્ણ, ગંધ, સ્પર્શના વખાણ કરવા, અમારી સામે જોઈને અમારા વખાણ

કરવા એ બધો રાગ છે, રાગની સ્તુતિ છે. તે આત્માની સ્તુતિ નહીં. શુદ્ધ જ્ઞાનાદિની સ્તુતિથી નિ:સંદેહ જ્ઞાનની સ્તુતિ થાય છે. નિશ્ચય શબ્દ પહેલાં આવી ગયો છે. ત્યાં 'શુદ્ધ જીવદ્રવ્યરૂપ વિચારતાં' એવો અર્થ કર્યો છે. અહીં **(एव)** નો અર્થ નિશ્ચય એટલે નિ:સંદેહ કર્યો છે.

**''ભાવાર્થ આમ છે-જેવી રીતે 'પીળું, ભારી અને ચીકણું સુવર્ણ' એમ કહેતાં સુવર્ણની સ્વરૂપસ્તુતિ થાય છે, તેવી જ રીતે 'કેવળી એવા છે કે જેમણે પ્રથમ જ શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કર્યો છે એટલે કે ઈંદ્રિય-વિષય-કષાયને જીત્યાં છે, પછી મૂળથી ખપાવ્યાં છે''**

આહાહા... કેવળી ભગવાન સર્વજ્ઞ થયા તેમણે પ્રથમ જ સર્વજ્ઞસ્વરૂપી આત્માનો અનુભવ કર્યો. સમ્યક્દર્શનમાં પ્રથમ સ્વરૂપનો અનુભવ કર્યો. એટલે કે ઈન્દ્રિય-વિષય-કષાયને જીત્યાં છે. આ બધા શ્લોક ગા. ૩૧, ૩૨, ૩૩ ''**जो इंदिये जिणित्ता**' ના શ્લોક છે. દેવ-શાસ્ત્ર-ગુરુ એ પણ ઈન્દ્રિય છે, તેના તરફ લક્ષ કરનાર જે ભાવેન્દ્રિય છે તે પણ ઈન્દ્રિય છે. અને આ (આંખ-કાન) જડ ઈન્દ્રિયો છે. આમ ત્રણેય ઈન્દ્રિયો છે. પરનું ને રાગનું જેણે લક્ષ છોડ્યું છે તેણે ઈન્દ્રિય-વિષય-કષાયને જીત્યા છે. ઈન્દ્રિય એનો વિષય અને એમાં થતો જે કષાય એનાથી અણઈન્દ્રિય આત્મા ભિન્ન છે.

પહેલા કીધું કે જીત્યા છે પછી કહે છે કે મૂળથી ખપાવ્યા છે. મૂળથી ખપાવ્યા ને કેવળજ્ઞાન થઈ ગયું એમ કહે છે ભાઈ ! પ્રથમમાં પ્રથમ આ કર્તવ્ય છે. એ વિના બધા થોથે થોથાં છે. (એ વિના) સાધુપણું લ્યે, મહાવ્રત ધારણ કરે, પડિમા ધારણ કરે, ગૃહસ્થાશ્રમ છોડે પણ એ બધો મિથ્યાત્વભાવ છે.

**પ્રશ્ન :** બધું છોડ્યું તો ખરૂં ને ?

**ઉત્તર :** એણે ધર્મ છોડ્યો છે ને અધર્મ ગ્રહણ કર્યો છે. ચૈતન્યસ્વભાવી આત્માની સન્મુખ થયો નથી એણે સ્વભાવને છોડ્યો છે અને મેં પંચમહાવ્રત ધારણ કર્યા, ગૃહસ્થાશ્રમને છોડ્યો, મુનિ થયો એવા એકત્વનો ભાવ તે મિથ્યાત્વભાવ છે. ઝીણી વાત છે ભાઈ ! પરંતુ પરમ સત્ય તો આ છે. કેવળી ભગવાને પ્રથમ જ આ કામ કર્યું છે એમ કીધું ને ! શુદ્ધ જીવદ્રવ્યનો અનુભવ કર્યો છે. 'ચિત્ સ્તુતિ' નો આ અર્થ છે. પ્રથમ અને પછી બે શબ્દ છે ને ! પછી મૂળથી ખપાવ્યા છે.

સર્વજ્ઞ તીર્થંકર થયા તેમણે પ્રથમમાં પ્રથમ શું કર્યું ? એમને સીધું કેવળજ્ઞાન થયું ?

એમણે પહેલામાં પહેલો જીવનો અનુભવ કર્યો, આનંદસ્વરૂપનું પ્રત્યક્ષ વેદન કર્યું, જ્ઞાન પણે જ્ઞાનને વેદ્યું, જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં જ્ઞાન એકાગ્ર થયું. ભગવાન કેવળીએ પહેલામાં પહેલું આ કર્યું. તારે પણ પહેલામાં પહેલું કરવાનું હોય તો સમ્યક્દર્શન કરવાનું છે. પછી બીજી વાત. કેમકે સમ્યક્ ચીજને જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણી નથી તો સ્થિરતા શેમાં કરશે? એકલો રાગ કરશે.

આત્મવસ્તુ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનની વર્તમાન પર્યાયમાં આખી ચીજ જાણી એટલે કે પૂર્ણ આનંદકંદ ધ્રુવ ચીજ છે એમ જ્ઞેય તરીકે જ્ઞાનમાં આવ્યું ત્યારે તે જ્ઞેયમાં ઠરવાનો પ્રસંગ આવ્યો. ૧૭, ૧૮ ગાથામાં આ આવી ગયું છે. જ્યારે જ્ઞેય તરીકે પર્યાયમાં આખો આત્મા જણાણો ત્યારે તેને પ્રતીતિમાં એમ આવ્યું કે આ શુદ્ધ ચૈતન્યઘન તે હું અને એમાં ઠરીશ ત્યારે કર્મ ખરશે-ટળશે અને ત્યારે શ્રદ્ધામાં આવ્યું એમ કહે છે.

આહાહા... ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ છે. તે ચૈતન્યના પ્રકાશનો સૂર્ય, શાંત... શાંત... શીતળચંદ્ર છે. આવા જીવનો પ્રથમ અનુભવ કરવો તે પહેલું કર્તવ્ય છે. ફલાણાએ પ્રથમ આમ કર્યું ને આમ કર્યું. પણ ભાઈ ! એ રાગની ક્રિયા કરી, તે તારું કર્તવ્ય નથી.

**પ્રશ્ન :** કરતાં કરતાં થાય છે ને ?

**ઉત્તર :** એ કરતાં કરતાં રાગ થાય. પર સન્મુખનો રાગ કરતાં કરતાં રાગ પુષ્ટ થાય અને તેમાં ધર્મ માનતાં મિથ્યાત્વ પુષ્ટ થાય આહાહા... કેવળી કહે છે કે સર્વજ્ઞ થયા તેમણે પહેલાં શું કર્યું ? તેમણે પહેલાં સર્વજ્ઞશક્તિસ્વરૂપ ભગવાન આત્માનો અનુભવ કર્યો એમ કહે છે. એટલે કે પહેલાં ઇન્દ્રિય-વિષય-કષાયને જીત્યાં છે. પછી મૂળથી ખપાવ્યા છે. પહેલાં બાયડી-છોકરાં-વિષયભોગ છોડ્યા છે એમ નથી પણ પરની દિશા તરફનું વલણ અને પરતરફના રાગનું વલણ બેય છોડીને અરાગી સ્વભાવ દશામાં આવ્યો છે. સૌ પ્રથમ રાગ ને નિમિત્તથી ભેદજ્ઞાન કર્યું ત્યારે અનુભવ થયો કે આ જીવ તો જ્ઞાન ને આનંદસ્વરૂપ છે. પછી અસ્થિરતા રહી. તેનો સ્વરૂપની સ્થિરતા દ્વારા નાશ કર્યો.

આહાહા.... રાજમલ્લજીએ પણ (ગજબ) કામ કર્યું છે ને ! તે ગૃહસ્થાશ્રમી છે. પણ ગૃહસ્થાશ્રમ અને મુનિપણાના સમ્યક્દર્શનમાં કયાં ફેર છે ? રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવે છે ને કે તિર્યંચનું સમકિત અને સિદ્ધનું સમકિત એ બેય એક જાત છે. ચારિત્રમાં ફેર છે. સિદ્ધમાં પૂર્ણ સ્થિરતા છે અને અહીં અલ્પ સ્થિરતા છે.

**"સકળ કર્મ ક્ષય કર્યાં છે એટલે કે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય અને કેવળસુખરૂપે બિરાજમાન પ્રગટ છે"**

કર્મ તો કર્મના કારણે નાશ થયા પણ સ્વરૂપમાં સ્થિરતા થતાં અસ્થિરતાની ઉત્પત્તિ ન થઈ. એ અસ્થિરતાને ખપાવી છે એમ કહેવામાં આવે છે. એમ થતાં કેવળજ્ઞાન, કેવળ દર્શન, કેવળવીર્ય અને કેવળસુખ જે શક્તિ હતી તેની વ્યક્તિ થઈ, પ્રગટ થઈ. પ્રાપ્તની પ્રાપ્તિ છે. અંતરમાં હતાં તો ખરાં, તેમાંથી પ્રગટ થયાં.

ભગવાન આત્મા તો અનંત ચતુષ્ટય સ્વરૂપ છે. એવા ભગવાન આત્માનો પ્રત્યક્ષ અનુભવ કર્યો ત્યારે અનંત ચતુષ્ટયની પ્રતીતિ થઈ. પછી સ્વરૂપમાં સ્થિરતા થતાં અનંત ચતુષ્ટય જે શક્તિરૂપ હતાં તે પર્યાયમાં પૂરણ પ્રગટ થઈ ગયા.

**"એમ કહેતાં-જાણતાં-અનુભવતાં કેવળીની ગુણસ્વરૂપ સ્તુતિ થાય છે. આથી આ અર્થ નિશ્ચિત કર્યો કે જીવ અને કર્મ એક નથી, ભિન્ન ભિન્ન છે."**

પોતાના જે અનંતગુણો છે તેને જાણતાં-અનુભવતાં કેવળીની સ્તુતિ થાય છે, નિશ્ચય સ્તુતિ થાય છે, આથી આ અર્થ નિશ્ચિત કર્યો કે જીવ અને કર્મ એક નથી. આત્મા નિરુપાધિ અશરીરી જ્ઞાયકતત્ત્વ છે અને રાગની ઉપાધિથી માંડીને કર્મ એ બધા 'અંગ' શરીર છે. જીવ ને કર્મ એક નથી, રાગ ને આત્મા એક નથી, પંચમહાવ્રતના વિકલ્પ ને આત્મા એક નથી. બંને ભિન્ન ભિન્ન છે. દૃષ્ટિમાં જુદા છે તેમ આવ્યું પછી સ્થિરતા કરી ત્યારે જુદા હતાં તો તેનો નાશ થઈ ગયો. જુદા ન હોય તો જુદા પડે ક્યાંથી ?

**"વિવરણ-જીવ અને કર્મ એક હોત તો આટલો સ્તુતિ ભેદ કેમ હોત ?"**

શું કીધું ? રાગ, પુણ્ય-પાપ ને આત્મા એક હોત તો આટલો સ્તુતિ ભેદ કેમ હોત? પરની સ્તુતિ કરવામાં તો રાગ છે અને સ્વની સ્તુતિ કરતાં અરાગ છે. દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામના વખાણ કરવા એ વ્યવહાર સ્તુતિ એટલે મિથ્યા સ્તુતિ છે, અસત્યાર્થ સ્તુતિ છે અને રાગથી ભિન્ન પાડીને સત્યાર્થ પૂર્ણ પ્રભુમાં એકાગ્ર થયો તો તે આત્માની સ્તુતિ છે. સ્વની સ્તુતિ ને પરની સ્તુતિમાં આટલો ભેદ છે. જીવ અને કર્મ એક હોત તો આટલો સ્તુતિભેદ કેમ હોત ? રાગ ને આત્મા એક હોત તો આટલો સ્તુતિભેદ કેમ હોત ?

આ તો પરમેશ્વરના ઘરની વાત છે. લોકોને એવું લાગે કે નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... પણ નિશ્ચય એટલે સાચું અને વ્યવહાર એટલે જૂઠું. અહીં તો (રાજમલજી)

જૂઠું.... જૂઠું જ કહેતાં આવ્યા છે.

આ ૩૧, ૩૨, ૩૩ ગાથા ઉપરનો શ્લોક એમાં એમ છે કે

(૧) નિમિત્તનું એટલે કે દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિયનું લક્ષ છોડી અને સ્વ ઉપર દૃષ્ટિ કરી તે પહેલી સ્તુતિ.

(૨) ઉદયમાં (કર્મ) આવે છે પણ એમાં જોડાણ કર્યું નહીં, ઉપશમરૂપ કર્યું તે બીજી સ્તુતિ.

(૩) સ્વરૂપમાં એવો એકાગ્ર થયો, સ્વભાવનું જોડાણ ઉગ્ર વધી ગયું ને કર્મના ઉદય તરફનું જોડાણ જ છૂટી ગયું, મૂળમાંથી ઉખેડી નાખી અસ્થિરતા ને કર્મ ખપાવ્યા તે ત્રીજી સ્તુતિ થઈ.

પરની સ્તુતિમાં રાગ છે અને સ્વની સ્તુતિમાં વીતરાગતા છે. કેમ કે આત્મા જિનસ્વરૂપ છે. તેથી તેની સ્તુતિ વીતરાગ સ્વરૂપ છે. તેથી જો રાગ ને આત્મા જુદા ન હોત તો આ સ્તુતિ ભેદ કેમ હોત ? રાજમલજીએ શું ટીકા કરી છે !

પ્રવચન નં. ૩૨, ૩૩. તા. ૩-૭-૭૭, ૪-૭-૭૭.

અપને આતમદેવકી મહત્તા છોડકર પુણ્ય-પાપકી મહત્તા કરતે હૈં ઓ કુદેવકી મહત્તા કરતે હૈં. પુણ્ય-પાપમેં કુછ શક્તિ નહીં, ઉસમેં શક્તિ માનના ઓ કુદેવપણા હૈ. ૨૪૨.

●

અરે પ્રભુ ! તું સ્વભાવે પરમેશ્વર છો. તારી વિરુદ્ધની વાતો કરતા શરમ આવે છે ! અનાદર નથી આવતો; ક્યાં તારી શુદ્ધતા અને ક્યાં આ વિકારી ભાવ-મિથ્યાત્વ-સંસાર ! અરે ! ક્યાં લીંબડાનાં અવતાર ! નિગોદમાં અવતાર ! અરે ! તું ભગવાન સ્વરૂપ ! ભગવાન તું ક્યાં ગયો ! તારો વિરોધ નથી પ્રભુ ! તારાથી વિરુદ્ધભાવનો વિરોધ છે. જેની મા ખાનદાનની દીકરી, જેની આંખ ઊંચી ન થાય એનો દીકરો વેશ્યામાં જાય-એમ આ પરિણતિ પ્રભુની જે પોતાના સ્વરૂપને છોડી વિકારમાં જાય. પ્રભુ ! શરમ આવે છે. ૬૪૪.

-પૂ. ગુરુદેવશ્રી દ્રવ્ય દૃષ્ટિ જિનેશ્વર પર્યાય દૃષ્ટિ વિનશ્વર

## કળશ-૨૮

### (માલિની)

इति परिचिततत्त्वैरात्मकायैकतायां
नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव ॥ २८ ॥

ખંડાન્વય સહિત અર્થ : - ''**इति कस्य बोधः बोधम् अद्य न अवतरति**'' (**इति**) આ પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં (**कस्य**) ત્રણ લોકમાં એવો કયો જીવ છે કે જેને (**बोधः**) બોધ અર્થાત્ જ્ઞાનશક્તિ (**बोधम्**) સ્વસ્વરૂપના પ્રત્યક્ષ અનુભવશીલપણે (**अद्य**) આજ પણ (**न अवतरति**) પરિણમનશીલ ન થાય ? ભાવાર્થ આમ છે કે જીવ-કર્મનું ભિન્નપણું અતિશય પ્રગટ કરીને બતાવ્યું; એ સાંભળતાં જે જીવને જ્ઞાન ઊપજતું નથી તેને ઠપકો દીધો છે. કયા પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં ? તે જ ભેદપ્રકાર બતાવે છે - ''**आत्मकायैकतायां परिचिततत्त्वैः नयविभजनयुक्त्या अत्यन्तम् उच्छादितायाम्**'' (**आत्म**) ચેતનદ્રવ્ય અને (**काय**) કર્મપિંડના (**एकतायां**) એકત્વપણાને, (ભાવાર્થ આમ છે કે જીવ-કર્મ અનાદિબંધપર્યાયરૂપ એકપિંડ છે તેને,) (**परिचिततत्त्वैः**) સર્વજ્ઞો દ્વારા (વિવરણ-(**परिचित**) પ્રત્યક્ષપણે જાણ્યા છે (**तत्त्वैः**) જીવાદિ સકળ દ્રવ્યોના ગુણ-પર્યાયોને જેમણે એવા સર્વજ્ઞદેવ દ્વારા) (**नय**) દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકરૂપ પક્ષપાતના (**विभजन**) વિભાગ-ભેદનિરૂપણ, (**युक्त्या**) ભિન્ન સ્વરૂપ વસ્તુને સાધવી, તેના વડે (**अत्यन्तं**) અતિશય નિ:સંદેહપણે (**उच्छादितायाम्**) ઉચ્છેદવામાં આવે છે. જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે, પરંતુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું; તે ભ્રાન્તિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે, કર્મસંયોગથી ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થાય છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. કેવો છે બોધ ? ''**स्वरसरभसकृष्टः**'' (**स्वरस**) જ્ઞાનસ્વભાવનો (**रभस**) ઉત્કર્ષ-અતિશય સમર્થપણું તેનાથી (**कृष्टः**) પૂજ્ય છે. વળી કેવો છે ? ''**प्रस्फुटन्**'' પ્રગટપણે છે. વળી કેવો છે ? ''**एकः एव**'' નિશ્ચયથી ચૈતન્યરૂપ છે. ૨૮.

## કલશ – ૨૮ : ઉપરનું પ્રવચન

**''''इति कस्य बोधः बोधम् अद्य न अवतरति'' (इति) આ પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં (कस्य) ત્રણ લોકમાં એવો કયો જીવ છે કે જેને (बोधः) બોધ અર્થાત્ જ્ઞાનશક્તિ (बोधम्) સ્વસ્વરૂપના પ્રત્યક્ષ અનુભવશીલપણે (अद्य) આજ પણ (न अवतरति) પરિણમનશીલ ન થાય ?''**

આહાહા.... આચાર્યની કરુણા તો જુઓ ! ''આ પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં એટલે કે વિકલ્પની જાતને અને ચૈતન્યની નિર્વિકલ્પ જાતને તદ્દન ભિન્ન કરીને બતાવી, પરની સ્તુતિનો ભાવ તે રાગ છે અને સ્વની સ્તુતિનો ભાવ તે ચૈતન્યની વીતરાગી પરિણતિ છે-આમ જીવ અને રાગને-કાયાને બેયને જુદા જણાવ્યા તો અરેરે ! ત્રણ લોકમાં એવો કયો જીવ છે કે જેને બોધ અર્થાત્ જ્ઞાનશક્તિ સ્વસ્વરૂપના પ્રત્યક્ષ અનુભવશીલપણે આજ પણ પરિણમનશીલ ન થાય ?

આહાહા... શુ કહે છે ? જેમ પેંથીએ પેંથીએ તેલ નાખે ને ! થોડો વાળનો ભાગ લઈને પેંથીએ તેલ નાખે પણ અહીં તો વાળે-વાળે તેલ ચોપડ્યું છે. રાગના કણને પણ કાયામાં નાખીને જીવને જુદો બતાવ્યો છે. બાપુ ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના શ્રીમુખેથી સીધી નીકળેલી વાણી છે.

અહીં 'બોધ' એટલે જ્ઞાનશક્તિ લીધી છે. શુભચંદ્રાચાર્યે બોધનો અર્થ આત્મા કર્યો છે. બોધ એટલે જ્ઞાન ને અવબોધ એટલે આત્માનું જ્ઞાન. આત્મજ્ઞાન કોને ન થાય ? અરે ! એના ઘરમાં બેઠા એના ઘરની વાત સીધી કરી છે. આહાહા... પોતે ન્યાલ થઈ ગયા છે ને ! એટલે બધાને ન્યાલ તરીકે જોવે છે. (કરવા માગે છે) ભાષા કેવી છે જોઈ ? **(कस्य)** આ શબ્દમાં ત્રણલોકના બધા જીવ આવી ગયા. અરે ! કયા જીવને આવું સમ્યક્ ન થાય ? જયચંદજી પંડિતે જરી લખ્યું છે ''અહીં કોઈ દીર્ઘ સંસારી જ હોય તો તેની કાંઈ વાત નથી.''

આચાર્યદેવ આખા લોકને આમંત્રણ આપે છે. બધાં જીવોને સાગમટે નોતરું છે. કંદોરાબંધ હોય તો પુરુષોને જમવાનું અને ગોયણી હોય તો કન્યાને જમવાનું અને સાગમટું હોય તો બધાંને, રોગી હોય તો ન આવે તે જુદી વાત છે. અહીં તો સાગમટે નોતરું છે પ્રભુ તને ! આહાહા... તું અંદર જ્ઞાનાનંદ પ્રભુ છો ને નાથ ! તને રાગ, વિકલ્પ ને પરથી ભિન્ન બતાવ્યો તો એવો જીવ જગતમાં કોણ છે કે જેને જ્ઞાન ન થાય ?

આહાહા.... એ જ્ઞાનની દશામાં આત્મા પ્રત્યક્ષ થઈને અનુભવપણું કોને ન થાય ?

આહાહા... ગજબ વાત છે. દિગંબર સંતોની કથની (તે) કેવળીની કથની છે. મુનિને તો નગ્નદશા જ હોય. વસ્ત્રદશાવાળાને મુનિપણું હોઈ શકે નહીં. અને નગ્નપણું છે એટલે મુનિપણું આવ્યું એમેય નથી. અંદર આત્માનું અવલંબન લઈને જેણે ત્રણ કષાયનો નાશ કર્યો છે. જેમ દરિયામાં પાણીની ભરતી આવે તેમ મુનિઓને અતીન્દ્રિય આનંદની ભરતી-ઉછાળા આવે છે. એ મુનિ જગતને કહે છે કે અમે તમને પ્રભુ ભિન્ન બતાવ્યો. તું આ અશરીરી ને આ રાગ, આ વ્યવહાર ને આ નિશ્ચય - આવું ભેદ કરીને સમજાવ્યું તો એવું પરિણમન કોને ન થાય ? આહાહા... પોતે ખાધું હોય તો બધાય બસ ખાવો.... ખાવો... ખાવો...

આહાહા... કર્મના નિમિત્તની ઉપાધિ જે શુભાશુભભાવ તે આત્માનું સ્વરૂપ નથી. તે આત્મામાં છે જ નહીં. એ તો અજીવમાં જાય છે. અને ચિદ્રૂપ-જ્ઞાનરૂપ-આનંદરૂપ જે આત્મા છે તેને રાગથી-પરથી ભિન્ન અમે બતાવ્યો તો **(कस्य)** ત્રણ લોકમાં એવો કયો જીવ છે કે જેને અનુભવ ન થાય ? જુઓ તો ખરા ! આચાર્ય ઠપકો આપે છે.

ભગવાન તું તો અંદર આનંદસ્વરૂપ છો ને ! તારી ચીજમાં તો ચૈતન્ય પ્રકાશનું નૂરનું પૂર ભર્યું છે, ચૈતન્ય પ્રકાશનું તેજ ભર્યું છે. તેમાં કોઈ પુણ્ય-પાપનો ભાવ, શરીર કે કર્મ છે નહીં એવું અમે તને ન્યાયથી, યુક્તિથી બતાવ્યું તો હવે આત્મજ્ઞાન કોને ન થાય ? અને આ આત્મજ્ઞાન વિના સર્વ નિરર્થક છે. તેં કરેલી ભક્તિ-વ્રત-તપ ને ક્રિયાકાંડ તે પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહીં. સમજાણું કાંઈ... ?

''**बोधः बोधम्**'' બોધનો અર્થ આત્મજ્ઞાન લેવો. કેવું છે આત્મજ્ઞાન ? ''સ્વસ્વરૂપના પ્રત્યક્ષ અનુભવશીલપણે'' આહા... ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ને અતીન્દ્રિય આનંદસ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ કે જેને મનનો-રાગનો સંબંધ નથી. તેવો અનુભવ કોને ન હોય ? અરે ! તને ભિન્ન બતાવ્યો તેમાં શંકાને સ્થાન ક્યાં છે ? નિ:સંદેહ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ઉપાધિથી ભિન્ન બતાવ્યો, તો ભિન્નનો અનુભવ કેમ ન હો ?

ત્રિલોકીનાથ તીર્થંકરદેવ જિનેશ્વરે કહ્યું તે દિગંબર સંતો આડતીયા થઈને જાહેર કરે છે કે પ્રભુ એકવાર સાંભળ તો ખરો ! અમને અનુભવ થયો છે અને હવે અમે તમને બતાવીએ છીએ કે તારી ચીજ જ્ઞાયકતત્ત્વ તે પુણ્ય-પાપ તત્ત્વથી ભિન્ન છે. પુણ્ય-પાપ

તે આસ્રવ તત્ત્વ છે અને તુ જ્ઞાયક તત્ત્વ છે. નવતત્ત્વ છે કે નહીં ? તેમાં પરતત્ત્વથી તારી ચીજને ભિન્ન બતાવી, હવે તને તારી ચીજનો અનુભવ કેમ ન થાય ? ત્રિલોકમાં એવો કયો જીવ છે ? આમ ઠપકો આપે છે.

અરે ! તારું શરીર, લક્ષ્મી-ધૂળ તે તો કયાંય રહી ગયું. તે ચીજ તો જગતની પર છે જ, અજીવ છે. પણ તારામાં પુણ્ય-પાપના ભાવ થાય છે તે પણ અજીવ છે, જીવ નહીં કેમ કે ચૈતન્યસ્વરૂપ આત્મામાં એ પુણ્ય-પાપના ભાવનો કણ આવતો નથી. ચૈતન્ય પ્રકાશનું નૂરનું પુર તેમાં રાગ આવતો નથી. રાગ તે તો અંધારુ છે અને તારુ સ્વરૂપ તો અંધારાથી ભિન્ન ચૈતન્ય પ્રકાશ બતાવ્યું, તો હવે ત્રણ લોકમાં એવો કોણ જીવ છે કે જેને સ્વરૂપના પ્રત્યક્ષ અનુભવ આત્મજ્ઞાન આજ પણ ન હોય ?

એક વખત પતિ એની પત્નિને ઉપર મારતો હતો અને અમે નીચે હતાં. (તે બોલતો) એ બધું સીધું સાંભળેલું કે "તારામાં દિવેલ નથી, નનૂર છે ?" એટલે કે તારામાં તેજ નથી. એમ આચાર્ય ભગવાન કોરડા મારે છે કે તું તેજ વિનાની ચીજ છે કે તને આત્માનો અનુભવ ન થાય ? આ તો દિગંબર સંતોની વાણી છે. એ નાગા બાદશાહથી આગા, એને કાંઈ દુનિયાની પડી નથી. એ તો આત્માના આનંદના અનુભવમાં વીતરાગી દશામાં પડ્યા છે.

આહાહા ... અરે ! આજ પણ પરિણમનશીલ ન થયો ? અત્યાર સુધી તો તારો અનંતકાળ આત્માના પ્રત્યક્ષ અનુભવ વિના-સમકિત વિના ગયો. સમ્યક્દર્શન વિના એક એક યોનિમાં અનંતવાર અવતાર ધારણ કરી ૮૪ લાખ યોનિમાં પરિભ્રમણ કર્યા. બાકી પંચ મહાવ્રત આદિ તો અનંતવાર લીધાં છઢાળામાં આવે છે.

મુનિવ્રત ધાર અનંતવાર ગ્રૈવેયક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયો

નગ્ન દિગંબર (સાધુ) થઈ અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો છે પણ આત્મજ્ઞાન વિના લેશ સુખ પામ્યો નથી. પાંચ મહાવ્રતના પરિણામ પણ રાગ ને દુ:ખરૂપ છે. તેનાથી ભિન્ન આત્મા આનંદરૂપ છે. તે આત્માનો સ્વાદ તને આવ્યો નહીં. એ પાંચ મહાવ્રત પાળવાથી પણ આત્મજ્ઞાન થયું નહીં. સમજાણું કાંઈ ? આવો માર્ગ કઠણ છે.

**પ્રશ્ન :** આ અભવિની વાત છે ?

**ઉત્તર :** આ ભવ્ય જીવની વાત છે. અભવિ તો સમજતો જ નથી. તેની તો વાત છે જ

નહીં. અહીંયા તો ભવિ જીવ જેને સાંભળવામાં આવ્યું, સમજાવ્યું તો પછી આત્મજ્ઞાન-અનુભવ કોને ન હોય ? ભૂતકાળ તો ગયો. **(अद्य)** આજ પણ પરિણમનશીલ ન થયો ?

**"ભાવાર્થ આમ છે કે જીવ-કર્મનું ભિન્નપણું અતિશય પ્રગટ કરીને બતાવ્યું; એ સાંભળતાં જે જીવને જ્ઞાન ઊપજતું નથી તેને ઠપકો દીધો છે."**

જીવ એટલે ભગવાન આત્મા અને કર્મ એટલે રાગાદિ ભાવ-કર્મ-શરીર તેનું ભિન્નપણું પ્રત્યક્ષ પ્રગટ કરીને બતાવ્યું એ સાંભળતાં જે જીવને જ્ઞાન ઉપજતું નથી તેને ઠપકો દીધો છે.

**"કયા પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં ? તે જ ભેદપ્રકાર બતાવે છે - "आत्मकायैकतायां परिचिततत्त्वैः नयविभजनयुक्त्या अत्यन्तम् उच्छादितायाम्" (आत्म) ચેતનદ્રવ્ય અને (काय) કર્મપિંડના (एकतायां) એકત્વપણાને, (ભાવાર્થ આમ છે કે જીવ-કર્મ અનાદિબંધપર્યાયરૂપ એકપિંડ છે તેને,...)"**

ભગવાન આત્મા ચેતનદ્રવ્ય જાણનાર-દેખનાર સ્વભાવરૂપ છે, અને પુણ્ય-પાપ રાગ-દ્વેષ, દયા-દાનના વિકલ્પો એ બધાં **(काय)** કર્મપિંડ છે, તે આત્મપિંડ-જ્ઞાનપિંડ નથી. આવી વાત છે ભાઈ ! હવે, કાંઈ ભાન ન મળે એટલે કે સમ્યક્ તો નહીં પણ સમ્યક્ કેમ થાય એની ખબરું ન મળે અને હાલી નીકળ્યા ત્યાગ કરીને ! પણ ભાઈ ! એ તો ધર્મનો ત્યાગ છે બાપુ ! સાંભળવા મળે નહીં તો સમજે ક્યાંથી ? અહીં કહે છે કે પરમ સત્ય તો આ છે કે આત્મા ચેતનપિંડ છે અને શરીર - કર્મ આદિ જડ છે.

અત્યારે મોટી તકરાર છે ને કે દયા-દાન-વ્રત-ભક્તિ એ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે. પણ એ તો કર્મપિંડ છે. તેને કરતાં કરતાં આત્મા પ્રાપ્ત કેમ થશે ? આત્મામાં તે છે જ નહીં અને તે આત્મામાં મળતાં (પણ) નથી. શ્રી નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીએ દ્રવ્યસંગ્રહની ૪૭ નંબરની ગાથામાં તથા શ્રી નાગસેન મુનિએ તત્ત્વાનુશાસનની ૩૩ નંબરની ગાથામાં કહ્યું છે **"दुविहं पि मोक्खहेउं"** "મુનિ નિયમથી ધ્યાન દ્વારા બંને પ્રકારના મોક્ષના કારણોને પ્રાપ્ત કરે છે" નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. પહેલાં વ્યવહાર ને પછી નિશ્ચય એમ આગળ પાછળ ક્યાં છે ? બેય એક સાથે છે. શ્રીમદ્ આત્મસિદ્ધિમાં કહે છે "નય નિશ્ચયે એકાંતથી આમાં નહીં રહેલ, એકાંતે વ્યવહાર નહીં, બંને સાથે રહેલ" પોતાની વર્તમાન દશામાં પૂર્ણ ચિદાનંદ

ભગવાનને ધ્યેય બનાવી, સ્વના આશ્રયે જે સમ્યક્દર્શન ને જ્ઞાન થયું તે નિશ્ચય મોક્ષમાર્ગ અને પૂર્ણ ધ્યાન ન થયું, તો રાગ બાકી રહ્યો તેને આરોપ આપીને વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો છે. તે છે તો બંધનું જ કારણ પણ વ્યવહારથી આરોપ કરીને મોક્ષમાર્ગ કહ્યું છે. કથનમાત્રથી કહેવું તેનું નામ વ્યવહાર.

સર્વજ્ઞ જિનેશ્વર પરમેશ્વરદેવને **(परिचिततत्त्वैः)** બધા તત્ત્વોનું સર્વજ્ઞપણું પ્રગટ્યું છે. બધા તત્ત્વોને પ્રત્યક્ષ જાણ્યા છે. મહાવીર આદિ અનંત પરમાત્મા તો મોક્ષ પધારી ગયા, સિદ્ધ થઈ ગયા. તે તો શરીર રહિત અશરીરી થઈ ગયા. ''ણમો સિદ્ધાણં'' માં આવી ગયાં. મહાવિદેહમાં સીમંધર પરમાત્મા બિરાજે છે. ણમો અરિહંતાણંમાં છે. તે ભગવાનને વાણી છે, શરીર પણ છે. અંદરમાં સર્વજ્ઞપણું છે તેથી ત્રણકાળ ત્રણલોકને જુએ છે. ત્રણકાળના દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે શક્તિ-સ્વભાવ, પર્યાય એટલે એની અવસ્થા હાલત-એ દ્રવ્ય-ગુણ-પર્યાયને સર્વજ્ઞે પ્રત્યક્ષ જાણ્યા છે. એ સર્વજ્ઞ આમ કહે છે.

**''(परिचिततत्त्वैः) સર્વજ્ઞો દ્વારા (વિવરણ-(परिचित) પ્રત્યક્ષપણે જાણ્યા છે (तत्त्वैः) જીવાદિ સકળ દ્રવ્યોના ગુણ-પર્યાયોને જેમણે એવા સર્વજ્ઞદેવ દ્વારા) (नय) દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકરૂપ પક્ષપાતના (विभजन) વિભાગ-ભેદનિરૂપણ, (युक्त्या) ભિન્ન સ્વરૂપ વસ્તુને સાધવી, તેના વડે (अत्यन्तं) અતિશય નિ:સંદેહપણે (उच्छादितायाम्) ઉચ્છેદવામાં આવે છે. જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે, પરંતુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું.''**

આહાહા ... દ્રવ્યાર્થિકનયથી ભગવાન પરિપૂર્ણ અખંડ દ્રવ્ય છે. પર્યાયાર્થિકનયથી વર્તમાનમાં રાગાદિક થાય છે. પર્યાય એક અંશ છે તેને પર્યાયાર્થિક નયનો વિષય કહ્યો. પણ અહીંયા તો પર્યાયાર્થિકનો વિષય છોડીને ત્રિકાળ દ્રવ્યને બતાવવું છે. ભગવાન આત્મા ચિદ્ઘન વસ્તુ છે કે નહીં ? છે. તો તેનું સ્વરૂપ છે કે નહીં ? તેનું સ્વરૂપ તો જ્ઞાન, આનંદ, સ્વચ્છતા, વીતરાગતા તે તેનું સ્વરૂપ છે. અત્યારે હોં ! જેમ દયા-દાનના વિકલ્પ રાગ છે તેમ જીવ દ્રવ્ય પણ છે એમ કહે છે ચૈતન્યસ્વભાવી ભગવાન અંદર પ્રગટ બિરાજમાન છે. સમજાણું કાંઈ ?

આહાહા ... ચૈતન્યકંદ આનંદસ્વરૂપ ભગવાન અંદર પ્રગટ છે, પણ તે પુણ્ય-પાપ જે કર્મની પ્રત્યક્ષ ઉપાધિ છે (તેમાં) અને તેની રુચિમાં તે ઢંકાઈ ગયો, મરણતુલ્ય એટલે

કે મરણને પ્રાપ્ત થઈ રહ્યો હતો, જાણે કે છે જ નહીં. અર્થાત્ ચૈતન્યઘન નથી એમ તેની અસ્તિનો અસ્વીકાર અને હું રાગી છું, હું પુણ્યવાળો છું (એના સ્વીકાર) એવા કારણે મરણતુલ્ય થઈ ગયો હતો. દિગંબર સંતો સિવાય આવી વાત ક્યાંય નથી.

વસ્તુ - પદાર્થ તત્ત્વ છે કે નહીં ? અને તત્ત્વ છે તો તેનો સ્વભાવ પણ છે. તત્ત્વ જેમ અવિનાશી છે તો તેના જ્ઞાનદર્શન-આનંદાદિ સ્વભાવ પણ અવિનાશી છે. પ્રગટ અસ્તિપણે છે. મૂળ ચીજ છે તે ત્રિકાળી અસ્તિ છે. અને પર્યાય-રાગ છે તે એક સમયની અસ્તિ છે. તેના પ્રેમમાં ત્રિકાળી મરણતુલ્ય થઈ રહયો હતો, જાણે કે ચૈતન્ય કાંઈ ચીજ જ ન હોય ! દયા-દાન-વ્રત-ભક્તિ ને કામ-ક્રોધના પરિણામમાં જ લાગી ગયો એટલે ત્યાં ચોંટી ગયો હતો, વ્યવહાર કરો... વ્યવહાર કરતાં કરતાં તો મરણતુલ્ય થઈ રહ્યો હતો. વ્યવહારના પ્રેમમાં મરણતુલ્ય થઈ રહ્યો હતો. આહાહા... કેટલું સ્પષ્ટ કર્યું છે ? શ્રીમદ્જી કહે છે, ''દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડા પડી જાય છે.''

કર્મના બે પ્રકાર - ભાવઘાતિ અને દ્રવ્યઘાતિ. ભાવઘાતિ એટલે પોતાને પર્યાયમાં ઉણાપણે માનવો, રાગવાળો માનવો કે એક સમયની પર્યાય જેટલો માનવો - એ માન્યતાથી ઢંકાઈ ગયો છે. એક સમયની પર્યાયમાં, એના ઉત્સાહમાં, પ્રસન્નતામાં અથવા સંયોગી ચીજમાં પોતાની પ્રસન્નતાની શ્રદ્ધા થવી - એનાથી એ ઢંકાઈ ગયો છે. આહાહા... ! આત્મા સિવાય જે સંયોગી ચીજ - શરીર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ જે પરવસ્તુ છે - તેમાં વીર્યને ઉલ્લસિત કરીને પ્રસન્નતા દેખવી, ઉત્સાહ આવવો, તે ઉત્સાહમાં ભગવાન ઢંકાઈ ગયો.

આહાહા ... ચૈતન્યમૂર્તિ પારિણામિક સ્વભાવભાવ સહજ અનંતજ્ઞાન, અનંત આનંદ, અનંતસ્વચ્છતા, પ્રભુતા એવી અનંત શક્તિઓનો સંગ્રહાલય પ્રભુ પ્રગટ વસ્તુ છે. એનું અસ્તિત્વ જેવડું છે એવું એ રીતે ન માનતાં એને દયા-દાન-વ્રતના વિકલ્પ જેટલો હું અને તેનાથી મને લાભ થાય તેવી વિકારની વૃત્તિએ તેને ઢાંકી દીધો છે. બહુ ઝીણી વાત છે બાપુ ! આહાહા ... અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્માને મૂકીને ઉલ્લસિત વીર્ય થઈને બીજામાં કાંઈક ઠીક છે. - મજા છે ; સ્ત્રીમાં, કુટુંબમાં, પૈસામાં, આબરૂમાં, કીર્તિમાં, શુભભાવમાં, અશુભભાવમાં ઠીક છે એવી દૃષ્ટિમાં તે ભાવકર્મથી ઢંકાઈ ગયો છે.

આહાહા ... ! જીવતી જ્યોત ભગવાન આત્મા પરમપારિણામિકભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય પોતે છે. અરે ! એને કેમ બેસે ? પરની હોંશમાં, પરમાં મજાની દૃષ્ટિમાં તેને ઢાંકી દીધો. આત્મા સિવાય ક્યાંય પણ એને સુખબુદ્ધિ ઉત્પન્ન થાય એણે આત્માને મારી નાખ્યો, શાશ્વત વસ્તુનું એણે મરણ કરી નાખ્યું.

**"તે ભ્રાન્તિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે,"**

શું કહે છે ? પરમગુરુ સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા ને રાગ ભિન્ન કહ્યા છે. તેમને સાંભળવાથી ભિન્ન જાણવામાં આવે છે અને ભ્રાંતિ મટે છે. દયા-દાન-વ્રત આદિ ભાવ કરતાં કરતાં સમ્યક્દર્શન થશે તેવી ભ્રાંતિ મટે છે. ભગવાનની વાણીમાં એમ આવ્યું કે રાગથી ને સંયોગીભાવથી તારો આત્મા પ્રાપ્ત નહીં થાય. જેવો સ્વભાવ છે તેવા સ્વભાવભાવથી પ્રાપ્ત થશે. સમજાણું કાંઈ ?

ભગવાનના ઉપદેશમાં એ આવે છે કે તું પરમ સ્વભાવભાવ નિજ પરમાત્મ દ્રવ્ય છો. તેની હૈયાતિમાં તું જા ! પરની હૈયાતિમાંથી ખસી જા ! પ્રભુ ! ચૈતન્યની મહાસત્તાનો આશ્રય લે. ત્યાં નજર કર તો તને મહાસત્તા ચૈતન્ય જીવ જેવડો છે એવો તને પ્રતીતમાં આવશે. તેથી તને ભ્રાંતિ ટળી જશે. આહાહા ... આવું સાંભળવું કઠણ પડે. ચૈતન્ય ભગવાન પૂર્ણ સ્વરૂપે છે તેની પરીક્ષા કરીને અનુભવ કરે એ ઝવેરી છે. બાકી બધા ભીખારા છે. અહીં કહે છે એવી શાશ્વત અવિનાશી ચીજને નાશવાનના પ્રેમમાં મારી નાખી છે. થોડું ઘણું કાંઈ પર તરફનું જાણપણું થાય, તે જ્ઞાન પર્યાયમાં જે સંતોષ માને છે એણે જીવને મારી નાખ્યો છે.

આહાહા ... પૂર્ણાનંદનો નાથ પ્રભુ **'पूर्णमिदम्'** ભગવાન આત્માનું સ્વરૂપ તો અનંત આનંદથી પૂરણ સ્વરૂપ છે. એને અપૂર્ણ અને વિકૃતદશા તરીકે, વિકૃતદશાના ફળ બંધન તરીકે, બંધનના ફળ સંયોગ અને તે સંયોગમાં જરી પણ સુખબુદ્ધિ ઉત્પન્ન થાય, પરમાં પ્રસન્નતા ભાસે તેણે ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદના નાથની હિંસા કરી, આહાહા... ગૃહસ્થ રાજમલજીએ આ ટીકા કરી છે.

આહા ... પરતરફના અનુકૂળ પ્રતિકૂળ પ્રસંગમાં એને ઠીક-અઠીકની વૃત્તિ ઉઠે છે. ઠીક એટલે રાગ અને અઠીક એટલે દ્વેષ. એવી વૃત્તિના સ્વાદને અનાદિથી સ્વાદી રહ્યો છે. એણે કોઈ દિ' આત્માનો સ્વાદ એટલે અનુભવ શું છે ? એવું રુચિપૂર્વક સાંભળ્યું નથી. આમ તો અગિયાર અંગ ને નવ પૂર્વ ભણી ગયો પણ એને જે ભણવાનું હતું તે

ભણ્યો નહીં. ભગવાન અંદર 'પૂર્ણ ઈદમ્' પૂર્ણાનંદ સ્વરૂપ છે એનો એને વિશ્વાસ આવ્યો નહીં. વ્યવહારમાં વિશ્વાસ આવે. તાવ આવ્યો હોય તો ક્વીનાઈન લે એનો એને વિશ્વાસ કે તાવ મટી જશે. અરે ! ક્વીનાઈન લે અને મરી પણ જાય છે.

પ્રવચનસારમાં અલિંગગ્રહણના બોલમાં આવે છે કે ઈન્દ્રિયથી આત્મા જાણવામાં આવતો નથી અને ઈન્દ્રિય વડે આત્મા જાણાતોય નથી. આહાહા ... ભગવાન ઈન્દ્રિય પ્રત્યક્ષનો વિષય જ નથી. બીજો અનુમાનથી તેને જાણે એવી ચીજ નથી અને પોતાનો આત્મા પણ બીજાને અનુમાનથી જાણે એવો નથી. છઠ્ઠા બોલમાં કહ્યું કે પોતાના સ્વભાવથી જાણવામાં આવે એવો પ્રત્યક્ષજ્ઞાતા આત્મા છે.

ઉપદેશ કેવો છે ? કે રાગ ને વ્યવહારથી તારી ચીજ ભિન્ન છે એવો તીર્થંકરનો ઉપદેશ છે. કર્મની ઉપાધિના ભાવ છે તે તારી ચીજ નથી. તારી ચીજ તો ઉપાધિ રહિત છે. તું રાગની રુચિ છોડીને સ્વભાવની દૃષ્ટિ કરે તો પ્રતીતિ થશે અને તને પ્રત્યક્ષ અનુભવ થશે. આ વીતરાગની વાણી છે. રાગથી લાભ મનાવે તે વીતરાગની વાણી નહીં. અરે ! ઉપાધિથી નિરુપાધિ તત્ત્વ ખ્યાલમાં આવે ? આહા ... અત્યારે પ્રરૂપણા ફરી ગઈ.

અહીં કહે છે રાગાદિ કર્મપિંડ છે અને આત્મા જ્ઞાનપિંડ છે. તે રાગનું લક્ષ છોડી, ત્રિકાળી આનંદનું લક્ષ કરવાથી તારી પર્યાયમાં વીતરાગતા ઉત્પન્ન થશે અને ભ્રાંતિનો નાશ થશે. હું રાગ છું અને રાગથી લાભ થશે એવી ભ્રાંતિથી ભિન્ન ભગવાન છે તેનો અનુભવ કર - એમ જિનેશ્વરનું કહેવું છે. અને તેમ કરતાં તને લાભ થશે, ભ્રાંતિનો નાશ થશે. આને ભગવાન સમ્યક્દર્શન કહે છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા કરો, નવતત્ત્વના ભેદની શ્રદ્ધા કરો એવું વીતરાગે કહ્યું નથી.

અહીં બે વાત સિદ્ધ થાય છે. એક તો સર્વજ્ઞ કેવા હોય ? અને બીજું એનો ઉપદેશ કેવો હોય ? સર્વજ્ઞ હોય તેને એક સેકન્ડના અસંખ્યાત ભાગમાં ત્રણ લોક ત્રણ કાળનું જ્ઞાન હોય છે. અને તેનો ઉપદેશ રાગ, પર ને અલ્પજ્ઞતામાં જે રોકાઈ ગયો છે તેને ત્યાંથી છોડાવે છે અને સ્વમાં લઈ જાય છે. બીજી રીતે કહીએ તો ચારે અનુયોગના ઉપદેશનો સાર તો વીતરાગતા છે. પંચાસ્તિકાય ૧૭૨ ગાથામાં આ વાત છે. હવે તે વીતરાગતા ક્યારે થાય ? રાગ ને પુણ્ય - પાપ ભાવમાં ફસાઈને ઝેરનો સ્વાદ લઈ રહ્યો છે. તે સ્વાદ ક્યારે છૂટે ? કે ભગવાન આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે એની સન્મુખ થાય ત્યારે આનંદનો સ્વાદ આવે અને ત્યારે ભ્રાંતિ ટળી જાય. ભગવાન આનંદનો નાથ એને

નિહાળ ને આને (રાગને - પરને) જોવાનું બંધ કરી દે. ચારે અનુયોગનો આ સાર છે.

લોકો રાડ પાડે ને કે દ્રવ્યાનુયોગમાં ફલાણું છે, ચરણાનુયોગમાં ફલાણું છે. બાપુ! બધું છે. સાંભળને ! ઉપદેશમાં સંયોગ ને સંયોગીભાવનું લક્ષ છોડાવે છે અને અસંયોગી સહજ સ્વભાવ છે તેની દૃષ્ટિ કરાવે છે. ઉપદેશનો સાર આ છે કે પરનું વલણ છોડ અને સ્વનું વલણ કર.

લોકોને એવું લાગે કે આ તો સોનગઢવાળાએ નવો ધર્મ કાઢ્યો છે. નવો નથી પ્રભુ ! અનાદિનો માર્ગ તો આ છે ભાઈ ! તને સાંભળવા ન મળ્યો માટે તું નવો કહે એમ ન ચાલે. ત્રિકાળમાં ત્રિકાળને જાણનારના વિરહ ન હોય. વસ્તુ બધી ત્રિકાળી છે. તો કોઈ કાળમાં તેને જાણનારનો અભાવ ન હોય. વસ્તુ અનાદિની છે તો તેને જાણનારા સર્વજ્ઞ અનાદિથી છે. એ સર્વજ્ઞની વાણીમાં આવ્યું કે પ્રભુ ! તું પ્રભુ છો, ભગવાન છો. પામર માનીને પ્રભુતાને રખડાવી છે.

**''કર્મ સંયોગથી ભિન્ન શુદ્ધ જીવવસ્તુનો અનુભવ થાય છે. આવો અનુભવ સમ્યક્‌ત્વ છે.''**

આહા ... ભગવાન નિર્વિકલ્પ સ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે. નિર્વિકલ્પ એટલે વીતરાગ સ્વરૂપે ભગવાન આત્મા છે. એનો એને પર્યાયમાં - વર્તમાન દશામાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે અને અહીં અનુભવ કહે છે, ધર્મ કહે છે. આવો અનુભવ સમ્યક્‌ત્વ છે, સત્ય છે. પર તરફની દિશાની દશાનો નાશ સ્વ તરફની દિશાના ભાવ વડે થાય છે. સંયોગી ચીજથી લક્ષ હઠાવી, દયા-દાનના વિકલ્પ જે રાગ તેનાથી લક્ષ હઠાવી અને રાગને જાણનાર વર્તમાન પ્રગટ જ્ઞાનની પર્યાય છે તેનું પણ લક્ષ હઠાવી ભગવાન પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદસ્વરૂપ બિરાજે છે ત્યાં પોતે નજર કરે તો સ્વાદ આવશે અને રાગ-દ્વેષનો સ્વાદ છૂટી જશે.

આહાહા ... કાં પૈસાવાળો ને કાં આબરૂવાળો, લક્ષ્મીવાળો, શરીરવાળો ને કાં કુટુંબવાળો એવી મોટપમાં આત્માને મારી નાખ્યો. અરે ! તારી મોટપની આગળ બીજી બધી પામરતા છે. જેને પોતાની મોટપની સૂઝ પડી એની પામરતાનો નાશ થઈ જશે. પછી એને બીજે ક્યાંય પોતાની મોટપ સૂઝશે નહીં. આવો અનુભવ સમ્યક્ છે.

નરસિંહ મહેતાએ કહ્યું છે કે ''જ્યાં લગી આત્મતત્ત્વ ચીન્હોં નહીં ત્યાં લગી સર્વસાધના જૂઠી'' તપ ને તીરથ ને ભક્તિ એ પુણ્યભાવ છે, ધર્મ નહીં.

''પ્રભુ તુમ જાણગ રીતી, સૌ જગ દેખતા હો લાલ;
નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ''

હે નાથ ! સર્વજ્ઞ પરમાત્મા ! અમારી નિજ સત્તા-નિજ હોવાપણાને આપ શુદ્ધપણે ભાળો છો. જેમ સર્વજ્ઞ નિજ સત્તાની શુદ્ધતાને આત્મા કહે છે, જાણે છે - એમ જેણે નિજ સત્તાએ શુદ્ધ છું એવું જેણે દેખ્યું ને શ્રદ્ધયું ત્યારે તેને સમ્યક્‌દર્શન કહેવાય છે.

**''કેવો છે બોધ ? ''स्वरसरभसकृष्टः'' (स्वरस) જ્ઞાનસ્વભાવનો (रभस) ઉત્કર્ષ-અતિશય સમર્થપણું તેનાથી (कृष्टः) પૂજ્ય છે. વળી કેવો છે ? ''प्रस्फुटन्'' પ્રગટપણે છે.વળી કેવો છે ? ''एकः एव'' નિશ્ચયથી ચૈતન્યરૂપ છે.''**

**स्वरस** તું આનંદસ્વરૂપ પ્રભુ છો. એનો તું અનુભવ કર. પેલા રાગ-દ્વેષનો રસ એ તો પર રસ છે. ઝેરના પ્યાલા છે. પૈસા દેખી, આબરૂ દેખી, છોકરાં દેખી ખુશી થાય છે - એ તો ઝેરના પ્યાલા પીવે છે. ભગવાન આત્માનો સ્વાદ કેવો છે ? જેના આનંદના સ્વાદ આગળ ઇન્દ્રની કરોડો ઇન્દ્રાણીના વિષય - ભોગ એ દુ:ખરૂપ - ઝેર લાગે એવો આ ઉત્કર્ષ - ઉત્કૃષ્ટ સ્વાદ છે. જગતના બધા સ્વાદો હીણા ને વિપરીત છે. આવી વાતું એણે સાંભળવી ને વિચારવી પડશે, અંતરમાં ગોઠવવી પડશે.

પ્રશ્ન : આત્માનો પક્ષ કરવો જ ધન્ય કહેવાય ?

સમાધાન : પક્ષ કરવો એ ઠીક છે કે હું આવો છું, અને આ રીતે અનુભવ કરવો એવા વિકલ્પ પહેલી ભૂમિકામાં આવે પણ એ મૂળ ચીજ નથી. આહા ... ! આ તો મૂળની વાતો છે બાપલા. શ્રીમદે કહ્યું ને ''મૂળ મારગ સાંભળો જિનનો રે'' અરે ! તને આવો મનુષ્ય દેહ મળ્યો, તે ફરી ક્યારે મળશે ? ''રજકણ તારા રખડશે જેમ રખડતી રેત'' જેમ રેત રખડે તેમ આ રજકણો વિખાઈ જશે બાપા ! તારો આત્મા ચાલ્યો જશે રખડવા, પ્રભુ ! આ ભવ ભવના અભાવ કરવા માટે છે એમ કહે છે.

''પૂજ્ય છે'' આત્માના અતીન્દ્રિય આનંદનો અનુભવ પૂજ્ય છે. આ મહાવ્રતના વિકલ્પ, દયા-દાનના વિકલ્પ પૂજ્ય નથી એમ કહે છે. આત્માનો રસ પૂજ્ય છે અને બધી વિકૃત ક્રિયાઓ પૂજ્ય નથી.

**'प्रस्फुटन्'** પ્રગટપણે છે. - જેવો ચૈતન્યસ્વરૂપ પૂર્ણ છે એવો જ પ્રતીતિમાં પૂર્ણ આવી ગયો છે. શક્તિપણે છે એ વાત નથી પણ પ્રગટપણે થયું છે. ભલે એ ચીજ

(પર્યાયમાં) આવી નથી પણ પ્રતીતિમાં - જ્ઞાનની પર્યાયના અનુભવમાં પૂર્ણ વિષય વસ્તુનું જ્ઞાન થઈ ગયું છે. આવી વાત ! લોકોને બિચારાંને નવું લાગે.

**'एकःएव'** નિશ્ચયથી ચૈતન્યસ્વરૂપ છે. એકની વ્યાખ્યા કરી કે ચૈતન્યસ્વરૂપ જ છે, ભેદ નથી એમ કહેવું છે. ભગવાન ચૈતન્ય અવિનાશી વસ્તુની સન્મુખ થયો તો તેની દૃષ્ટિમાં એક જ સ્વરૂપ ભાસ્યું, અનુભવ પણ એક સ્વરૂપે જ છે.-ચૈતન્ય સ્વરૂપે જ છે. એમાં જરીય રાગનો ભાગ છે નહીં. અને પર્યાયનો ભેદ નથી. દ્રવ્ય ને પર્યાય છે બેય પોતપોતામાં તો પણ અનુભવ એકરૂપ છે, એમાં ભાગ-ભેદ નથી. જેમ વસ્તુ એકરૂપ છે એમ અનુભવ પણ એકરૂપ છે.

પ્રશ્ન : કોઈ અપેક્ષાએ પર્યાયને દ્રવ્યમાં ભેળવવી કે નહીં ?

સમાધાન : ભળે ક્યાંથી ? ભળતી જ નથી ને ! વર્તમાન અવસ્થાનું અસ્તિત્વ અને દ્રવ્ય ત્રિકાળીનું અસ્તિત્વ (અલગ છે) ત્રિકાળી અસ્તિત્વ જાણવાનું કાર્ય ન કરે. જાણવાનું કાર્ય વર્તમાનદશામાં થાય છે. તો એ કાર્યમાં કારણનું-ચીજનું જ્ઞાન આવે પણ ચીજ કાર્યમાં આવે નહીં.

પ્રશ્ન : પર્યાય દ્રવ્યમાં તદાકાર-તન્મય થાય છે ને ?

સમાધાન : રાગમાં તન્મય હતી ત્યાંથી હઠીને આની કોર (દ્રવ્યસન્મુખ) આવી ગઈ. દ્રવ્યમાં એકાકાર એટલે દ્રવ્યની સન્મુખ થવું. આહાહા... પર્યાયને જીવતી જાગતી જેવી છે એમ તું રાખ અને જીવતો જાગતો પરમાત્મા એને એમ ને એમ રાખ. આહા... આવી વાતો કાને પડે નહીં ને જિંદગી ચાલી જાય છે બાપા ! જેટલા દિવસો, કલાકો, સેકન્ડો જાય છે તે બધા મૃત્યુની સમીપે જાય છે. કારણ કે મૃત્યુનો સમય નક્કી છે. તેમાં ત્રણકાળમાં ફેરફાર થાય તેમ નથી. દાકતરો આવીને ઈંજેકશનો આપે ને બચે તેમ નથી. અરે ! દાકતરોય મરી જાય છે ને ભાઈ ! અહીં એક ડૉકટર હતો ને ઓપરેશન કરતાં કહ્યું કે મને કાંઈક થાય છે, ખુરશી પર બેસી ગયો ને તુરત જ દેહ છૂટી ગયો. દેહ છૂટવાની મુદત નક્કી છે. પ્રભુ! પરની મોટપમાં તું તારી મોટપને ભૂલી ગયો. અમે અનુભવમાં તારી મોટપને શોધી છે કે જ્યાં આનંદનો રસ પડ્યો છે.

પ્રવચન નં. ૩૩, ૩૪, ૩૫. તા. ૪-૫-૮/૭/૭૭.

## કળશ-૨૯

## (માલિની)

अवतरति न यावद्‌वृत्तिमत्यन्तवेगा-
दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः ।
झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता
स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव ॥ २९ ॥

ખંડાન્વય સહિત અર્થ : - ''**इयम् अनुभूतिः तावत् झटिति स्वयम् आविर्बभूव**'' **(इयम्)** આ વિદ્યમાન **(अनुभूतिः)** અનુભૂતિ અર્થાત્ શુદ્ધચૈતન્ય-વસ્તુનું પ્રત્યક્ષપણે જાણપણું **(तावत्)** તેટલા કાળ સુધી **(झटिति)** તે જ સમયે **(स्वयम्)** સહજ જ પોતાના જ પરિણમનરૂપ **(आविर्बभूव)** પ્રગટ થઈ. કેવી છે તે અનુભૂતિ ? ''**अन्यदीयैः सकलभावैः विमुक्ता**'' **(अन्यदीयैः)** શુદ્ધચૈતન્યસ્વરૂપથી અત્યંત ભિન્ન એવાં દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મસંબંધી **(सकलभावैः)** 'સકળ' અર્થાત્ જેટલા છે ગુણસ્થાન-માર્ગણાસ્થાનરૂપ રાગ-દ્વેષ-મોહ ઈત્યાદિ અતિ ઘણા વિકલ્પો એવા જે 'ભાવ' અર્થાત્ વિભાવરૂપ પરિણામ તેમનાથી **(विमुक्ता)** સર્વથા રહિત છે. ભાવાર્થ આમ છે કે જેટલા પણ વિભાવપરિણામસ્વરૂપ વિકલ્પો છે અથવા મન-વચનથી ઉપચાર કરી દ્રવ્ય-ગુણ-પર્યાયભેદરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદરૂપ વિકલ્પો છે તેમનાથી રહિત શુદ્ધચેતનામાત્રના આસ્વાદરૂપ જ્ઞાન તેનું નામ અનુભવ કહેવાય છે. તે અનુભવ જે રીતે થાય છે તે કહે છે – ''**यावत् अपरभावत्यागदृष्टान्तदृष्टिः अत्यन्तवेगात् अनवम् वृत्तिम् न अवतरति**'' **(यावत्)** જેટલો કાળ, જે કાળે **(अपरभाव)** શુદ્ધચૈતન્યમાત્રથી ભિન્ન દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ જે સમસ્ત ભાવો તેમના **(त्याग)** 'આ ભાવો સમસ્ત જૂઠા છે, જીવનું સ્વરૂપ નથી' એવા પ્રત્યક્ષપણે આસ્વાદરૂપ જ્ઞાનના સૂચક **(दृष्टान्त)** ઉદાહરણની માફક-(વિવરણ-જેવી રીતે કોઈ પુરુષે ધોબીના ઘરેથી પોતાના વસ્ત્રના ભ્રમથી બીજાનું વસ્ત્ર આવતાં ઓળખ્યા વિના પહેરીને પોતાનું જાણ્યું, પછી તે વસ્ત્રનો ધણી જે કોઈ હતો તેણે છેડો પકડીને કહ્યું કે 'આ વસ્ત્ર તો મારું છે,' ફરીને કહ્યું કે 'મારું જ છે,' આમ સાંભળતાં તે પુરુષે ચિહ્ન તપાસ્યું અને જાણ્યું કે 'મારું ચિહ્ન તો મળતું નથી, માટે નક્કી આ વસ્ત્ર મારું નથી, બીજાનું છે,' તેને આવી પ્રતીતિ થતાં ત્યાગ થયો ઘટે છે, વસ્ત્ર પહેરેલું જ છે તો પણ ત્યાગ ઘટે છે, કેમ કે

સ્વામિત્વપણું છૂટી ગયું છે; તેવી રીતે અનાદિ કાળથી જીવ મિથ્યાદષ્ટિ છે તેથી કર્મસંયોગજનિત છે જે શરીર, દુ:ખસુખ, રાગદ્વેષ આદિ વિભાવપર્યાયો તેમને પોતાનાં જ કરીને જાણે છે અને તે-રૂપે જ પ્રવર્તે છે, હેય-ઉપાદેય જાણતો નથી આ પ્રમાણે અનંતકાળ ભ્રમણ કરતાં જ્યારે થોડો સંસાર રહે છે અને પરમગુરુનો ઉપદેશ પામે છે-ઉપદેશ એવો છે કે 'હે જીવ ! જેટલાં છે જે શરીર, સુખ-દુ:ખ, રાગ-દ્વેષ-મોહ, જેમને તું પોતાનાં કરીને જાણે છે અને એમાં રત થયો છે તે તો સઘળાંય તારાં નથી, અનાદિ કર્મસંયોગની ઉપાધિ છે'-ત્યારે એવું વારંવાર સાંભળતાં જીવવસ્તુનો વિચાર ઊપજ્યો કે 'જીવનું લક્ષણ તો શુદ્ધ ચિદ્રૂપ છે, તેથી આ બધી ઉપાધિ તો જીવની નથી, કર્મ સંયોગની ઉપાધિ છે.' આવો નિશ્ચય જે કાળે થયો તે જ કાળે સકળ વિભાવભાવોનો ત્યાગ છે. શરીર, સુખ, દુ:ખ જેમ હતાં તેમ જ છે, પરિણામોથી ત્યાગ છે, કેમ કે સ્વામિત્વપણું છૂટી ગયું છે. આનું જ નામ અનુભવ છે, આનું જ નામ સમ્યક્ત્વ છે. આ પ્રમાણે દષ્ટાન્તની માફક)-ઊપજી છે દષ્ટિ અર્થાત્ શુદ્ધ ચિદ્રૂપનો અનુભવ જેને એવો જે કોઈ જીવ છે તે **(अनवम्)** અનાદિ કાળથી ચાલ્યા આવતાં **(वृत्तिम्)** જે કર્મપર્યાય સાથે એકત્વપણાના સંસ્કાર તે-રૂપે **(न अवतरति)** પરિણમતો નથી. ભાવાર્થ આમ છે-કોઈ જાણશે કે જેટલાં પણ શરીર, સુખ, દુ:ખ, રાગ, દ્વેષ, મોહ છે તેમની ત્યાગબુદ્ધિ કંઈક અન્ય છે-કારણરૂપ છે તથા શુદ્ધ ચિદ્રૂપમાત્રનો અનુભવ કંઈક અન્ય છે-કાર્યરૂપ છે. તેના પ્રત્યે ઉત્તર આમ છે કે રાગ, દ્વેષ, મોહ, શરીર, સુખ, દુ:ખ આદિ વિભાવપર્યાયરૂપ પરિણમતાં જીવના જે કાળે આવા અશુદ્ધ પરિણમનરૂપ સંસ્કાર છૂટી જાય છે તે જ કાળે તેને અનુભવ છે. તેનું વિવરણ-શુદ્ધ ચેતનામાત્રનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધ ભાવરૂપ પરિણામ છૂટતાં નથી અને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતો નથી. તેથી જે કાંઈ છે તે એક જ કાળ, એક જ વસ્તુ, એક જ જ્ઞાન, એક જ સ્વાદ છે. હવે જેને શુદ્ધ અનુભવ થયો છે તે જીવ જેવો છે તેવો જ કહે છે. ૨૯.

## કલશ – ૨૯ : ઉપરનું પ્રવચન

**''''इयम् अनुभूतिः तावत् झटिति स्वयम् आविर्बभूव'' (इयम्) આ વિદ્યમાન (अनुभूतिः) અનુભૂતિ અર્થાત્ શુદ્ધચૈતન્ય-વસ્તુનું પ્રત્યક્ષપણે જાણપણું...''**

ચૈતન્ય વસ્તુ અસ્તિ છે, જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે. તેને અનુસરીને એટલે કે રાગ ને નિમિત્ત ને મનની અપેક્ષા વિના સીધું પ્રત્યક્ષ જ્ઞાન થાય તેને અહીંયા અનુભવ ને

સમ્યક્જ્ઞાન કહે છે. વિદ્યમાન અનુભૂતિ એટલે કે પૂર્ણ ચૈતન્ય સ્વરૂપનું પ્રત્યક્ષ જાણપણું. આહાહા... રાગ, નિમિત્ત અને વ્યવહારના વિકલ્પની અપેક્ષા વિના, આત્મા પોતાની મેળે સ્વતઃ જ્ઞાન ને આનંદની દશાથી જણાય છે. હજુ આ તો પહેલી ભૂમિકાની વાત છે.

સમ્યક્દર્શનમાં પ્રત્યક્ષ-પરોક્ષ નથી. એ તો પ્રતીતિરૂપ છે. શુદ્ધ ચૈતન્ય આનંદકંદની પ્રતીતિના કાળમાં જ્ઞાનમાં પ્રત્યક્ષપણે આત્માને જાણે એનું નામ અનુભૂતિ કહેવામાં આવે છે.

પ્રશ્ન : મતિ-શ્રુતજ્ઞાન તો પરોક્ષ છે ને ?

સમાધાન : બધું દેખતો નથી એ અપેક્ષાએ પરોક્ષ છે અને આનંદની અપેક્ષાએ પ્રત્યક્ષ છે. સ્વરૂપ સન્મુખતાના કાળમાં જ્ઞાનનો પ્રત્યક્ષ વેદન ભાવ આવે તેને અહીંયા અનુભૂતિ કહેવામાં આવે છે.

**''(तावत्) તેટલા કાળ સુધી (झटिति) તે જ સમયે (स्वयम्) સહજ જ પોતાના જ પરિણમનરૂપ (आविर्भूव) પ્રગટ થઈ.''**

ભાષા જુઓ ! ભગવાન જ્ઞાન ને આનંદસ્વરૂપી ચૈતન્યબિંબ પોતાથી સહજ જ પરિણમનરૂપ છે. તેને વ્યવહાર રત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે વ્રત-નિયમના વિકલ્પો - તેની કોઈ અપેક્ષા અનુભવમાં નથી. **(स्वयम्)** શબ્દ છે ને ! જ્ઞાન-ચેતનાનું પરિણમન પોતાથી જ છે. અહા ! પામર તરીકે પોતાને સ્વીકાર્યો છે. જ્યાં એક-બે બીડી આમ સરખી પીવે ત્યાં ભાઈ-સાહેબને પાયખાને દસ્ત ઉતરે. આવા તો એના અપલક્ષણ. તે આવો આત્મા કયા ગજે માપે !

૭૩મી ગાથામાં કીધું કે ષટ્કારકની પરિણતિથી રહિત અનુભૂતિ ત્રિકાળ છે ત્યાં અનુભૂતિ ત્રિકાળીને કહ્યું છે તે આ નહીં. અહીં તો અનુભૂતિ પર્યાયમાં પ્રગટ થઈ છે તેની વાત છે. પૂર્ણાનંદના નાથનો અનુભવ થયો તે પ્રત્યક્ષ છે ને પ્રગટ છે.

**''કેવી છે તે અનુભૂતિ ? ''अन्यदीयैः सकलभावैः विमुक्ता'' (अन्यदीयैः) શુદ્ધચૈતન્યસ્વરૂપથી અત્યંત ભિન્ન એવાં દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મસંબંધી (सकलभावैः) 'સકળ' અર્થાત્ જેટલા છે ગુણસ્થાન-માર્ગણાસ્થાનરૂપ રાગ-દ્વેષ-મોહ ઈત્યાદિ અતિ ઘણા વિકલ્પો એવા જે 'ભાવ' અર્થાત્ વિભાવરૂપ પરિણામ તેમનાથી (विमुक्ता) સર્વથા રહિત છે.''**

આહાહા... દયા-દાનને અનુસરીને થવું તે વિકૃત દશા અને આત્માને અનુસરીને થવું તે અવિકૃત અનુભૂતિ. ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી ભિન્ન છે. દ્રવ્યકર્મ એટલે જડકર્મ. પુણ્યનો ઉદય હોય-આવે તો પૈસા આદિ ધૂળ મળે અને પાપનો ઉદય આવે તો નિર્ધન થઈ જાય-એ જડકર્મ છે. પુણ્ય-પાપના ભાવ, દયા-દાન-કામ-ક્રોધના ભાવ તે ભાવકર્મ છે અને આ શરીર-વાણી-અવાજ આવે તે બધું નોકર્મ છે. એ બધાથી ચૈતન્ય જુદી ચીજ છે. **सकलभावैः** ગુણસ્થાન-માર્ગણાસ્થાન સકળ ભાવ,-જેમ મેડીએ ચડવાના પગથિયા આવે છે એમ મોક્ષ જવામાં ચૌદ પગથિયા છે. જેમાં ચોથે ગુણસ્થાને સમ્યક્ થાય છે અને ચૌદમા ગુણસ્થાનને અંતે મુક્તિ થાય છે. ગુણસ્થાન એટલે ગુણની દશાના ભેદો અને ગતિ, જાતિ, એકેન્દ્રિય, બેઈન્દ્રિય આદિ માર્ગણાના ભેદો આ બધા ભેદોથી અનુભૂતિ સર્વથા રહિત છે.

અજીવ અધિકારમાં ૫૦ થી ૫૫ ગાથામાં આવે છે કે અનુભૂતિથી ભિન્ન છે. ગુણસ્થાનના ચૌદ ભેદ, માર્ગણાના ચૌદ ભેદ, એક એકમાં ઘણાં ભેદો, ગતિ ને જાતિ, ભવ્ય, અભવ્ય, મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળજ્ઞાનના ભેદો.... એ બધા ભેદોથી અનુભૂતિ રહિત છે. વસ્તુ તો ભેદથી રહિત છે જ, પણ એનો અનુભવ છે તે પણ ભેદથી રહિત છે. **विमुक्ता** શબ્દ છે ને ! વિશેષે મુક્ત-સર્વથા રહિત છે. આહાહા... શક્તિરૂપે તો અનુભૂતિરૂપ ભગવાન આત્મા હતો પણ વર્તમાન પર્યાય અંતર્મુખ થતાં "**आविर्भूव**" અનુભૂતિ પ્રગટ થઈ. એનું નામ સમ્યક્દર્શન અને અનુભવ કહ્યું છે.

**"ભાવાર્થ આમ છે કે જેટલા પણ વિભાવપરિણામસ્વરૂપ વિકલ્પો છે અથવા મન-વચનથી ઉપચાર કરી દ્રવ્ય-ગુણ-પર્યાયભેદરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદરૂપ વિકલ્પો છે તેમનાથી રહિત શુદ્ધચેતનામાત્રના આસ્વાદરૂપ જ્ઞાન તેનું નામ અનુભવ કહેવાય છે."**

આહા... ચૌદ ગુણસ્થાન, ચૌદ માર્ગણાસ્થાન તે ભેદ છે, એ ભેદના લક્ષે વિકલ્પ થાય છે. તે બધા ભેદો શુદ્ધ ચૈતન્યથી અત્યંત ભિન્ન છે. જેટલા 'વિભાવ પરિણામ' એટલે દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા-કામ-ક્રોધના ભાવ તે રાગ છે. તેનાથી રહિત છે, હવે કહે છે કે અભેદ શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં વચન ને મનથી ભેદ પાડવા કે આ દ્રવ્ય છે ને આ ગુણ છે ને આ પર્યાય છે - એ બધા વિકલ્પો છે. આત્મા તે ભેદથી રહિત છે. શું કહે છે ? કે આત્મા દ્રવ્ય છે, જ્ઞાનાદિ તેના ગુણો છે અને અવસ્થાઓ એની પર્યાય છે.

સમ્યક્દર્શનના વિષય શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ધ્યેયમાં એ બધા વિકલ્પો ઉઠાવવા તે વિભાવ છે, પર છે.

આહાહા... શુદ્ધ ચૈતન્ય વસ્તુમાં નવી અવસ્થા ઉત્પન્ન થવી, જુની અવસ્થાનો વ્યય અને કાયમ રહેવું તે ધ્રુવ-એવા ભેદના વિકલ્પ ઉઠાવવો તે વિભાવ છે, તે અન્ય છે. આવું બહુ ઝીણું ભાઈ ! મારગ આવો છે બાપુ ! પણ અત્યારે તો લોકોએ મારગને પીંખી નાખ્યો.

શુદ્ધ ચેતનામાત્રના આસ્વાદરૂપ એટલે કે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો. 'માત્ર' કેમ લીધું ? કેમ કે એમાં રાગેય નથી ને ભેદ પણ નથી. પુણ્ય-પાપ-દયા-દાનના વિકલ્પ પણ જેમાં નથી. આહાહા.. એકલા શુદ્ધ ચેતનામાત્રનો સ્વાદ. આ આસ્વાદ શું (કેવો) હશે ? અજ્ઞાની માને છે કે મને આ પરનો, શરીરનો, દાળ-ભાત-શાકનો સ્વાદ આવે છે. પણ એ તો કલ્પના છે; એના તરફના રાગનો સ્વાદ છે, ઝેરીલો સ્વાદ છે. અને શુદ્ધચેતનામાત્રનો સ્વાદ અમૃતનો સ્વાદ છે. તે અનુભવ જે રીતે થાય છે તે કહે છે.

''તે અનુભવ જે રીતે થાય છે તે કહે છે – ''**यावत् अपरभावत्यागदृष्टान्त दृष्टिः अत्यन्तवेगात् अनवम् वृत्तिम् न अवतरति**'' **(यावत्)** જેટલો કાળ, જે કાળે **(अपरभाव)** શુદ્ધચૈતન્યમાત્રથી ભિન્ન દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ જે સમસ્ત ભાવો તેમના **(त्याग)** 'આ ભાવો સમસ્ત જૂઠા છે, જીવનું સ્વરૂપ નથી'''

હવે ત્યાગની વ્યાખ્યા કરે છે. ભગવાન પવિત્ર પરમાત્મસ્વરૂપ અખંડાનંદ પ્રભુ છે. જડ દ્રવ્યકર્મ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ તે ભાવકર્મ અને વાણી-મન-શરીર તે નોકર્મ તે સમસ્ત ભાવોથી ભગવાન આત્મા ભિન્ન છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમાત્ર જ્યાં આસ્વાદમાં આવ્યો, અનુભવ થયો ત્યારે આ બધી ચીજોનો ત્યાગ વર્તે છે. અહીં બાહ્ય ચીજની વાત નથી. આમાં તો દયા-દાનના વિકલ્પો, દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાના રાગના ત્યાગની વ્યાખ્યા વાત કરી છે કે - આ સમસ્ત ભાવો જૂઠા છે. શુદ્ધ ચેતનામાત્ર વસ્તુના અનુભવમાં એ ચીજ અસત્ છે. અભેદની અપેક્ષાએ ભેદ અસત્ છે. એની અપેક્ષાએ ભલે હો ! સમજાણું કાંઈ... ?

ભગવાન શુદ્ધ ચૈતન્ય પવિત્ર પ્રભુ ધ્રુવ અવિનાશી જ્ઞાયકભાવને અનુસરીને થતાં પરનું અનુસરવું ત્યાં રહેતું નથી. તેથી તેને અસત્યાર્થ-અભૂતાર્થ કહીને જૂઠા કીધા છે. આહાહા... એને અજીવ કહ્યા. એ શુભરાગનો ભાવ પણ અજીવ છે એમ કહે છે.

અનુભવના કાળમાં અને પછી પણ એમ જ છે. જો કે પછી આવે છે પણ એ ભિન્નપણે છે. ધર્મી જીવને એ પરિણામનું સ્વામીપણું નથી કેમ કે જીવની અપેક્ષાએ તે અજીવ છે. સત્‌ની અપેક્ષાએ અસત્ છે. કઠણ પડે માણસને પણ શું થાય ?

ત્યાગનો અર્થ અહીંયા શું કર્યો ? કે આ ભાવોનો ત્યાગ છે એટલે કે જૂઠા છે, તેથી તેનો સ્વામી નથી, જીવનું સ્વરૂપ નથી. ભગવાન ચૈતન્ય વસ્તુ જે આત્મા પરમાનંદનો નાથ પ્રભુ તે જીવ છે અને એ સિવાયના બધાં ભેદો પડ્યા તે બધાં જૂઠા-અજીવ છે. આવી વાત છે ભાઈ ! અનંતકાળમાં અનંતવાર મુનિપણું લીધું, પંચમહાવ્રત વગેરે પાળ્યાં, પણ એ તો બધો રાગ છે, આસ્રવની ક્રિયા છે. શુદ્ધ ચૈતન્યનો અનુભવ એનાથી ભિન્ન છે અને અનુભવથી આ ભાવો ભિન્ન છે.

'એવા પ્રત્યક્ષપણે આસ્વાદરૂપ જ્ઞાન....' જ્ઞાન ચેતનાનો સ્વાદ આવવો, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એનું નામ અનુભવ ને એનું નામ સમકિત છે. દિગંબર સંતો આમ પોકાર કરે છે. દિગંબર નામ જેને બહારમાં વસ્ત્રનો કટકો નથી અને અંદરમાં વિકલ્પનો અંશ સ્વાદમાં નથી. હવે દષ્ટાંતથી સમજાવે છે.

**"એવા પ્રત્યક્ષપણે આસ્વાદરૂપ જ્ઞાનના સૂચક (दृष्टान्त) ઉદાહરણની માફક-(વિવરણ-જેવી રીતે કોઈ પુરુષે ધોબીના ઘરેથી પોતાના વસ્ત્રના ભ્રમથી બીજાનું વસ્ત્ર આવતાં ઓળખ્યા વિના પહેરીને પોતાનું જાણ્યું, પછી તે વસ્ત્રનો ધણી જે કોઈ હતો તેણે છેડો પકડીને કહ્યું કે 'આ વસ્ત્ર તો મારું છે,' ફરીને કહ્યું કે 'મારું જ છે,' આમ સાંભળતાં તે પુરુષે ચિહ્ન તપાસ્યું અને જાણ્યું કે 'મારું ચિહ્ન તો મળતું નથી, માટે નક્કી આ વસ્ત્ર મારું નથી, બીજાનું છે,' તેને આવી પ્રતીતિ થતાં ત્યાગ થયો ઘટે છે, વસ્ત્ર પહેરેલું જ છે તો પણ ત્યાગ ઘટે છે, કેમ કે સ્વામિત્વપણું છૂટી ગયું છે."**

ધોબીને ત્યાં વસ્ત્ર ધોવા આપ્યું હતું. ત્યાંથી બીજાનું વસ્ત્ર પોતાનું છે એમ માની પહેરી લીધું. વસ્ત્રના ધણીએ છેડો પકડીને કહ્યું કે 'આ વસ્ત્ર તો મારૂં છે જો ખૂણે મારું નામ છે - આ તો મારું જ છે અને તું ઓઢીને બેઠો છે !' - આમ સાંભળતાં તે પુરુષે ચિન્હ તપાસ્યું કે આ વસ્ત્રના લક્ષણો અને મારા વસ્ત્રના લક્ષણો જે હતાં તે મળતાં નથી. માટે નક્કી આ વસ્ત્ર મારું નથી. વસ્ત્ર ભલે ઓઢીને પડ્યો છે પણ ચિન્હથી જાણ્યું કે આ પર છે તો તે ઓઢ્યું હોવા છતાં તેનો સ્વામી નથી. હવે તે પરરૂપ જ રહે છે, ત્યાગ ઘટે છે. આ તો વસ્ત્રનું દષ્ટાંત થયું.

**"તેવી રીતે અનાદિ કાળથી જીવ મિથ્યાદષ્ટિ છે તેથી કર્મસંયોગજનિત છે જે શરીર, દુ:ખસુખ, રાગદ્વેષ આદિ વિભાવપર્યાયો તેમને પોતાનાં જ કરીને જાણે છે અને તે-રૂપે જ પ્રવર્તે છે, હેય-ઉપાદેય જાણતો નથી. આ પ્રમાણે અનંતકાળ ભ્રમણ કરતાં જ્યારે થોડો સંસાર રહે છે અને પરમગુરુનો ઉપદેશ પામે છે-"**

અનાદિ કાળથી જૂઠી દષ્ટિ-વીતરાગમાર્ગથી વિપરીત દષ્ટિ છે. કર્મના સંયોગથી ઉત્પન્ન થયેલા આ જે શરીર, સુખદુ:ખની કલ્પના એ બધું અજીવ છે. હરખ-શોકની કલ્પના થવી એ પર છે. પુણ્ય-પાપના ભાવ થવાં તે વિકારી ભાવ છે. તે બધાને તે પોતાના જ કરીને જાણે છે. જેમ પેલો બીજાનું વસ્ત્ર ઓઢીને પડ્યો હતો તેમ આ શુભાશુભભાવો જે પર છે તેને પોતાના માનીને મિથ્યાદષ્ટિ-મૂઢપણે સૂતો છે.

જે પોતાની ચીજ છે તેને લક્ષણોથી જાણી નહીં એટલે આ પરના સ્વાદ છે તે મારા છે તેમ માનીને અનાદિથી મિથ્યાત્વમાં સુતો છે. પુણ્ય-પાપના ભાવને પોતાના જાણી એમાં પ્રવર્તે છે. ભગવાન આત્મા પુણ્ય-પાપથી ભિન્ન છે. એની ખબર નથી, સાંભળ્યું નથી, વિચાર્યું નથી, બેઠું નથી.... સમજાણું કાંઈ..... ? આ રાગાદિ ભાવ બધા હેય છે, અજીવ છે. મારૂં લક્ષણ એમાં નથી એમ ન માનતો, તે ભાવ મારાં છે એમ માનીને હેય-ઉપાદેયને જાણતો નથી. વ્યવહાર રત્નત્રયનો રાગ હેય છે એને ઠેકાણે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એવા ઊંધે રસ્તે ચડી ગયો છે.

આ પ્રમાણે અનંતકાળ ભ્રમણ કરતાં જ્યારે થોડો સંસાર રહે છે અને પરમગુરુનો ઉપદેશ પામે છે. તીર્થંકરથી માંડીને વીતરાગી સંતો કે જેમને પ્રચુર આનંદની દશા પ્રગટી છે. તેવા મુનિઓનો આ ઉપદેશ છે. પાંચમી ગાથામાં કહ્યું ને કે સર્વજ્ઞ ભગવાનથી માંડીને અમારા ગુરુ પર્યંત નિર્મળ વિજ્ઞાનઘનમાં-નિમગ્ન છે. અમારા ગુરુ પાંચ મહાવ્રતના વિકલ્પમાં કે નગ્ન દશામાં મગ્ન છે એમ નથી. તે ઉપદેશ કેવો તે હવે કહે છે-

**"ઉપદેશ એવો છે કે 'હે જીવ ! જેટલાં છે જે શરીર, સુખ-દુ:ખ, રાગ-દ્વેષ-મોહ, જેમને તું પોતાનાં કરીને જાણે છે અને એમાં રત થયો છે તે તો સઘળાંય તારાં નથી, અનાદિ કર્મસંયોગની ઉપાધિ છે'-ત્યારે એવું વારંવાર સાંભળતાં જીવવસ્તુનો વિચાર ઊપજ્યો કે 'જીવનું લક્ષણ તો શુદ્ધ ચિદ્રૂપ છે, તેથી આ બધી ઉપાધિ તો જીવની નથી, કર્મ સંયોગની ઉપાધિ છે."**

આહાહા.... ! જુઓ આ દિગંબર મુનિઓનો ઉપદેશ......કહે છે કે અંદર જે

પુણ્ય-પાપના ભાવ, મિથ્યાત્વના ભાવ, જેમને તું પોતાના કરીને જાણે છે અને તેમાં રત થયો છે, પણ તે સઘળાંય તારા નથી. આહાહા... આવો ઉપદેશ છે. વ્રત વાળો, પૂજા ભક્તિ કરતાં કરતાં કલ્યાણ થશે - તે તદ્દન મિથ્યાત્વનો ઉપદેશ છે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ પણ રાગ છે, પંચમહાવ્રતના ભાવ એ પણ રાગ છે, શાસ્ત્રનું ભણતર કરવું એ પણ એક રાગ છે. પર તરફ જે બુદ્ધિ જાય છે તેને વ્યભિચારિણી કહી છે. - એ બધા રાગને પોતાના માનીને બેઠો છે પણ તે તારા નથી, નિમિત્તના સંગે ઉત્પન્ન થયેલા વિકારીભાવ તે કાંઈ તારી ચીજ નથી. તું એનાથી લાભ થાય એમ માનીને બેઠો છે પણ એ તારી ચીજ નહીં બાપુ ! તે કર્મ-સંયોગની ઉપાધિ છે.

ગુણસ્થાન, માર્ગણાસ્થાનના ભેદો બધા રાગના ભાગ છે. તારી ચીજ જે અંદર શુદ્ધ ચૈતન્ય પ્રભુ પૂર્ણાનંદ ભગવાન છે, તેના તરફ તો તારું લક્ષ્ય નથી, તેને તેં માન્યો નથી, જાણ્યો નથી, તે અનુભવ્યો નથી અને આ રાગને જાણીને અનુભવ્યો કે આ મારી ચીજ છે પરંતુ તે તારી ચીજ નહીં, તું નહીં, એ તો અજીવ છે. આ ભગવાનનું સ્મરણ કરે ને ! આમ... આમ... જાપ કરે તે પણ ઉપાધિ છે, તે જીવ નથી, જીવનું સ્વરૂપ નથી. આવું વારંવાર સાંભળતાં જીવ વસ્તુનો વિચાર ઉપજ્યો કે આ આત્મા શું છે ?

જીવનું લક્ષણ તો ચિદ્રૂપ છે. આહાહા... ભગવાનનું લક્ષણ તો ચિદ્-જ્ઞાનરૂપ છે. આ બધા ક્રિયાકાંડના ભાવ જે રાગ છે તે સ્વરૂપમાં છે જ નહીં. હવે, આવું સાંભળીને એમ કહે છે કે આ તો એકાંત છે, વ્યવહારનો લોપ થાય છે. પણ ભાઈ ! એ અજીવનો લોપ થાય ત્યારે જીવનું ભાન થાય કે હું તો ચિદ્રૂપ આત્મા આનંદકંદ પ્રભુ છું. પવિત્ર તે ચૈતન્યમૂર્તિનું લક્ષણ છે અને આ બધા ભાવો અપવિત્ર છે. એ બધી ઉપાધિ જીવની નથી.

**પ્રશ્ન :** લક્ષ્ય-લક્ષણનો ભેદ રાખવો કે નહીં ?

**સમાધાન :** આ લક્ષણ ને આ લક્ષ્ય એમ ભેદથી સમજાવાય છે પણ અંદરમાં જાય છે ત્યારે લક્ષણ-લક્ષ્ય (ભેદ) રહેતો નથી. સમયસાર ૧૦મી ગાથામાં કહ્યું કે જ્ઞાન તે આત્મા-એ વ્યવહારથી ભેદ છે, ભેદથી સમજાવ્યું છે પણ સમજનાર-સમજાવનારે ભેદને અનુસરવું નહીં. આહાહા... દિગંબર સંતોની તો બલિહારી છે. મુનિને ક્ષણે ને પળે છઠ્ઠુ-સાતમું આવતું - એવી દશામાં વિકલ્પ આવ્યો ને શાસ્ત્રો રચાઈ ગયા છે. આહાહા... એની એક એક વાત, એકે'ક ગાથા, એકે'ક પદ અલૌકિક છે.

શું કહે છે ? - અંદરમાં મનથી કે વચનથી ભેદ પાડવો કે આ દ્રવ્ય છે ને આ ગુણ છે ને આ પર્યાય છે, આ ઉત્પાદ વ્યય ધ્રુવ છે - એ બધા વિકલ્પો કર્મની ઉપાધિ છે. આ બધી ઉપાધિ જીવની નથી ને કર્મ સંયોગની ઉપાધિ છે એમ અસ્તિ-નાસ્તિ કર્યું. આવું સ્વરૂપ છે બાપા ! પંથ તો આ છે-એને પ્રગટ કર્યે છુટકો છે. એના વિના ચોરાશીના અવતારમાં મરીશ. આહાહા... (બહાર) કયાંય સુખ નથી, બધે દુ:ખ છે. છઢાળામાં આવે છે ને !

મુનિવ્રત ધાર અનંતબાર ગ્રૈવેયક ઉપજાયો,<br>
પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.

એ મહાવ્રતના પરિણામ પણ દુ:ખરૂપ-આસ્રવભાવ છે. રાગ છે માટે દુ:ખરૂપ છે, વિકલ્પમાત્ર ઉપાધિ છે એમ ભેદ કરીને આત્મજ્ઞાન ન કર્યું.

**“આવો નિશ્ચય જે કાળે થયો તે જ કાળે સકળ વિભાવભાવોનો ત્યાગ છે. શરીર, સુખ, દુ:ખ જેમ હતાં તેમ જ છે, પરિણામોથી ત્યાગ છે, કેમ કે સ્વામિત્વપણું છૂટી ગયું છે.”**

પહેલાં ત્યાગનો અર્થ જૂઠો કર્યો હતો. ત્યાં સ્વામીપણું છૂટી ગયું હોવાથી એકપણું નથી, તે ભિન્નપણે છે એમ ત્યાગનો અર્થ કર્યો હતો. અહીં કહે છે કે શુદ્ધપણું અનુભવે ત્યારે અશુદ્ધપણું રહેતું નથી. અશુદ્ધપણું છૂટ્યા વિના શુદ્ધપણું આવે નહીં એમ કહે છે. વળી, અહીં સુખદુખનો અર્થ અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ લેવો. જો અહીં સુખ દુ:ખના પરિણામ લઈએ તો મેળ નહીં ખાય કેમ કે સુખદુ:ખના પરિણામ એવા રહ્યાં જ નથી. જ્યાં હું ચિદ્રૂપ છું એવો અનુભવ થયો તો જેવા સુખ-દુ:ખના પરિણામ હતાં તેવા રહ્યા નથી.

અહીં તો કહે છે કે શરીર, સુખ, દુ:ખ જેમ હતાં તેમ જ છે એટલે કે શરીર ભલે ગમે તેટલું નિરોગ કે સરોગ હોય, પાંચસો ધનુષનું હોય કે એક હાથનું-શરીર જે રીતે હોય તે રીતે ભલે હોય અને સુખ દુ:ખના અનુકૂળ પ્રતિકૂળ સંયોગો જેમ છે તેમ - એમ ને એમ ભલે હો પણ પરિણામોથી ત્યાગ છે. અંદર અભિપ્રાયથી પરનો ત્યાગ છે. વસ્તુ તો એમ ને એમ રહી ગઈ પણ એને પરનું સ્વામીપણું રહ્યું નથી. સુખ-દુખના અને રાગ-દ્વેષના જે પહેલાં પરિણામ હતાં-તે જાતના પરિણામ રહ્યાં નથી. કારણ કે પરિણામમાંથી તો રાગ-દ્વેષ, સુખ-દુ:ખના પરિણામનો ત્યાગ છે. સમજાણું કાંઈ ?

**પ્રશ્ન :** ત્યાગ માટે જંગલમાં જવું પડે ને ?

**સમાધાન :** જંગલનું શું કામ છે ? અહીં જંગલમાં જ છે. એ તો પછી નિવૃત્તિનો વિકલ્પ આવે ત્યારે મુનિ થઈ જંગલમાં રહે. આહાહા... મુનિ એટલે અતીન્દ્રિય આનંદમાં મસ્ત દિગંબર સંત જેને અતીન્દ્રિય આનંદના આમ મીણા ચડી ગયા છે, આનંદનો પાવર ફાટ્યો છે, વર્તમાન દશામાં આનંદની ભરતી આવી ગઈ છે એને મુનિ કહેવામાં આવે છે. આવી ઝીણી વાતો બાપુ !

કહે છે કે શુદ્ધ ચિદ્રૂપના અનુભવમાં વિભાવ પરિણામ(રૂપ) બધી ઉપાધિઓનો અભાવ છે. તેમાં તેનો ત્યાગ છે. બહારમાં સંયોગમાં ચક્રવર્તીનું રાજ્ય હોય કે સાતમી નરકનો પ્રતિકૂળ સંયોગ હોય-એ સંયોગ કાંઈ આત્મામાં નથી, વસ્તુ તો વસ્તુમાં રહી પણ તેનું સ્વામીપણું છૂટી ગયું છે. ૯૬ હજાર સ્ત્રી આદિ હોય, છ ખંડનું રાજ્ય હોય, ૯૬ કરોડ પાયદળ, ૯૬ કરોડ ગામ-એ બધા સંયોગ તો એવા ને એવા હોય પણ તેનું સ્વામીપણું છૂટી ગયું છે. અનુભવ અને સમકિત થતાં એને અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો હોય જ નહીં એમ નથી. અનુભવ થતાં શરીર વધી જાય કે ઘટી જાય એમ નથી. સંયોગો તો પુણ્યનો ઉદય વધવાથી વધી પણ જાય. અહીં તો કહે છે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો જેમ હતાં તેમ રહે પણ પરિણામોથી એનો ત્યાગ છે.

પેલું ધોબીનું દૃષ્ટાંત આપ્યું હતું ને ! કે બીજાની પછેડી ઓઢીને સુતો હતો. બીજાએ કહ્યું કે આ મારી પછેડી તું ક્યાંથી લાવ્યો ? તેણે જોયું - હા ! આ તો ત્રણ તારની પછેડી છે, આ મારી નહીં. - એમ જાણ્યું. ઓઢેલી છે છતાં આ મારી નહીં એમ તેનું સ્વામીપણું છૂટી ગયું છે. એમ અંદરમાં વિભાવ ભાવ હોવા છતાં સ્વભાવના અનુભવની દૃષ્ટિની અપેક્ષાએ તેનો ત્યાગ થઈ ગયો છે. વિભાવભાવ રહ્યા પણ જેવા હતાં તેવા રહ્યા નહીં.

**પ્રશ્ન :** અહીં તો જેવા હતાં તેવા લખ્યું છે ?

**સમાધાન :** જેવા હતાં તેવા તો પછી લેશે. અનુભવના કાળે વિભાવ પરિણામ જે હતાં તેટલા ને તેવા રહ્યા એમ નથી, કેમ કે અનુભવ થતાં વીતરાગી પરિણામનું વેદન આવ્યું એટલે જે એકલું રાગનું તીવ્ર વેદન હતું એ વેદન છૂટી ગયું. સકળ વિભાવભાવોનો ત્યાગ એટલે અંતરમાં જ્ઞાનસ્વરૂપનો જ્યાં અનુભવ થયો ત્યારે વિભાવ પરિણામ જેટલાં હતાં તેટલા રહ્યા નહીં. સમજાણું કાંઈ... ?

આહાહા... પરિણામોથી ત્યાગ છે કોનો ? શરીરનો, અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોનો પરિણામમાંથી ત્યાગ છે. વસ્તુનો ત્યાગ નથી. વસ્તુ તો જે છે તે છે. એનું ત્યાગ-ગ્રહણ આત્મામાં ક્યાં છે ? આહાહા... આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ છે એમ અનુભવતાં જેવા વેદનના પરિણામ પહેલાં હતાં એવા વેદનના પરિણામ રહેતાં નથી. આખો મોટો ફેર પડી જાય છે. સુખના પંથે દોરાયો તો દુઃખના અનુભવના પરિણામ હતાં તેટલા રહેતાં નથી. પણ સંયોગો તો તેટલા ને તેટલા જ રહે છે.

અરે ! બાળપણ રમતોમાં ને ભણતરમાં ગયું, જુવાનીમાં સ્ત્રીમાં મોહ્યો - બિચારો એમાં મરી ગયો, વૃદ્ધાવસ્થા થઈ એટલે રોવા લાગ્યો કે હાય, હાય ! બે કલાક બેસાતું નથી ! આમ ને આમ જિંદગી ચાલી જાય છે ભાઈ ! બાળ, યુવા, વૃદ્ધાવસ્થા તે કાંઈ આત્માની નથી. એ તો જડ-માટીની અવસ્થા છે. ભગવાન તો ચૈતન્યસ્વરૂપ છે. હા, બાળપણું તો એને કહીએ કે જે રાગ ને પુણ્ય-પાપના ભાવને અને તેના ફળને પોતાના માને છે. આહાહા... આઠ વરસના કઠીયારાના દિકરા ને ચક્રવર્તીના દિકરા કેવળજ્ઞાન પામે અને આ વાણીયાના દિકરા તો વચમાં રહી ગયા.

**"આનું જ નામ અનુભવ છે, આનું જ નામ સમ્યક્ત્વ છે."**

આહાહા... ! આ તો હજુ ધર્મની પહેલી સીઢી છે. આનું જ નામ અનુભવ અને આનું જ નામ સમ્યક્ત્વ છે. બંનેમાં 'જ' શબ્દ છે હોં. કથંચિત્ આમ ને કથંચિત્ આમ એમ ન કહ્યું, એકાંત કરી નાખ્યું. સૂર્ય જેમ જડ પ્રકાશનો પુંજ છે તેમ આ ચૈતન્ય પ્રકાશનો પુંજ છે. ચિદ્ એટલે જ્ઞાનના પ્રકાશના પૂરનું નૂર - તેજ છે. આવો અનુભવ થતાં-એને જ અનુભવ કહીએ, એને જ સમકિત કહીએ.

આહા.... અત્યારે આ બધા વાંધા છે કે વ્રત પાળો ને પૂજા કરો ને ભક્તિ કરો.... કરતાં...કરતાં... સમકિત થશે પણ ભાઈ ! લસણ ખાતાં.... ખાતાં કસ્તુરીનો ઓડકાર આવે ? દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાના રાગને વ્યવહાર સમકિત કહ્યું એ તો આરોપિત કથન છે. નિશ્ચય થયું એને વ્યવહારનો આરોપ આપીને વ્યવહાર સમકિત કહ્યું છે. પણ એ સમકિત છે નહીં.

**"આ પ્રમાણે દૃષ્ટાન્તની માફક)-ઊપજી છે દૃષ્ટિ અર્થાત્ શુદ્ધ ચિદ્રૂપનો અનુભવ જેને એવો જે કોઈ જીવ છે તે (अनवम्) અનાદિ કાળથી ચાલ્યા આવતાં (वृत्तिम्) જે કર્મપર્યાય સાથે એકત્વપણાના સંસ્કાર તે-રૂપે (न अवतरति) પરિણમતો નથી."**

રાગની સાથે એકત્વબુદ્ધિ, સંયોગો, શરીર, પૈસા આદિ મારાં એવી એકત્વબુદ્ધિ અનાદિની છે. પણ ભાઈ ! એ કયાં તારા છે, એ તો પરચીજ છે. પુણ્ય-પાપના ભાવ અને અઘાતિની અપેક્ષાએ મળેલા સંયોગો એ બધી કર્મ પર્યાયની ઉપાધિ છે. ધર્મીને આમાં એકત્વપણાના સંસ્કાર રહેલા નથી. રાગ મારો ને શરીર મારું-એમ પરવસ્તુનું સ્વામીપણું કે સંસ્કાર ધર્મી જીવને રહેતાં નથી.

**"ભાવાર્થ આમ છે-કોઈ જાણશે કે જેટલાં પણ શરીર, સુખ, દુ:ખ, રાગ, દ્વેષ, મોહ છે તેમની ત્યાગબુદ્ધિ કંઈક અન્ય છે-કારણરૂપ છે તથા શુદ્ધ ચિદ્રૂપમાત્રનો અનુભવ કંઈક અન્ય છે-કાર્યરૂપ છે. તેના પ્રત્યે ઉત્તર આમ છે કે રાગ, દ્વેષ, મોહ, શરીર, સુખ, દુ:ખ આદિ વિભાવપર્યાયરૂપ પરિણમતાં જીવના જે કાળે આવા અશુદ્ધ પરિણમનરૂપ સંસ્કાર છૂટી જાય છે તે જ કાળે તેને અનુભવ છે."**

અશુદ્ધતાના પરિણામ મારા છે એવા સંસ્કાર છૂટી જાય છે. અશુદ્ધતાનો નાશ થઈ જાય છે. વ્યવહારથી નિશ્ચય થશે એ વાંધા, નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ થાય એ વાંધા અને ક્રમબદ્ધના વાંધા. પણ બાપુ ! માનો કે ન માનો પણ આ પરમ સત્ય બહાર આવ્યું છે તે પાછું ફરે એવું નથી. અનુભવ થતાં શુભરાગપણે હું છું એવી એકત્વબુદ્ધિ છૂટી જાય છે, અશુદ્ધ પરિણમનરૂપ સંસ્કાર છૂટી જાય છે.

વસ્તુ છૂટી જાય એવું નથી. ચક્રવર્તીનું રાજ્ય હોય, સાતમી નરકનો સંયોગ હોય તે છૂટી જાય એવું કાંઈ નથી. તેમજ અશુદ્ધ પરિણામનો નાશ થઈ જાય - એમ પણ નથી. અશુદ્ધ પરિણામનો નાશ તો આગળ થશે. શુદ્ધોપયોગ થતાં-આત્મા તરફના વલણની દશા થતાં અશુદ્ધ સંસ્કાર છૂટી જાય છે, તે જ કાળે તેને અનુભવ છે. જે કાળે અશુદ્ધ પરિણામની એકતાબુદ્ધિ છૂટે છે તે જ કાળે આત્મામાં એકતાબુદ્ધિરૂપ અનુભવ થાય છે. જે કાળે અંધકારનો નાશ થાય છે તે જ કાળે પ્રકાશની ઉત્પત્તિ થાય છે. આવી ભારે વાતો!

નિશાળમાં ભણવા માટે બિચારા કેટલા વરસ કાઢે છે ? એલ. એલ. બી. ને બી.એ. ના એકલાં પાપના પોટલા બાંધવા. વીસ-વીસ ને પચીસ-પચીસ વરસ કાઢે. એક અહીંનો છોકરો અમેરિકામાં ૯૦ ટકે પાસ થયો. એને દેશમાં આવવું હતું તો અમેરિકાવાળા કહે અમે એમ ને એમ નહીં જવા દઈએ. અમારે તમને માનપત્ર આપવું છે. માન આપીને (લઈને) ૧૧ વાગે સુતો અને સવારે આમ જુએ છે તો મડદું. જુઓ !

આ ભણતરના પરિણામના પાપ ભાવ જોડે લઈને ગયો. આહાહા... લૌકિકમાં પાસ થાય છે પણ એ બધા નાપાસ છે. સમકિતમાં પાસ થાય ત્યારે એના જન્મ-મરણ મટે.

**"તેનું વિવરણ-શુદ્ધ ચેતનામાત્રનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધ ભાવરૂપ પરિણામ છૂટતાં નથી અને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતો નથી. તેથી જે કાંઈ છે તે એક જ કાળ, એક જ વસ્તુ, એક જ જ્ઞાન, એક જ સ્વાદ છે. હવે જેને શુદ્ધ અનુભવ થયો છે તે જીવ જેવો છે તેવો જ કહે છે."**

શું કહે છે ? આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે. એનો અનુભવ એ શુદ્ધ ચેતનાનો સ્વાદ છે. આ મોસંબી ને મેસુબનો સ્વાદ તો જીવને છે જ નહીં. જીવ એની સામું લક્ષ કરે છે ત્યારે આ ઠીક છે એવો રાગ ઉત્પન્ન કરે છે. એ રાગનો સ્વાદ અજ્ઞાનીને છે. પેલી તો જડ ચીજ છે અને આત્મા તો અરૂપી છે. વીંછી ને સર્પ કરડતાં એ કરડવાનો અનુભવ નથી પણ આમ જે અણગમો લાગે છે તે દ્વેષનો અનુભવ કરે છે.

અહીં કહે છે આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ એટલે શુદ્ધ જ્ઞાનચેતનાનું વેદન આવ્યા વિના અશુદ્ધ પરિણામ છૂટતાં નથી. અને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતો નથી. પહેલાં અશુદ્ધભાવરૂપ પરિણામ લીધા પછી સંસ્કાર લીધા. રાગના સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધનો અનુભવ થતો નથી અને શુદ્ધતાના અનુભવ વિના રાગની એકતાના સંસ્કાર છૂટતાં નથી. આ તો લોજીકથી કહેવાય છે. આહાહા... પોતાની મોટપનું માહાત્મ્ય આવ્યા વિના એ તુચ્છતાના સંસ્કાર છૂટશે નહીં. એ તુચ્છતાના સંસ્કાર છૂટ્યા વિના મોટાનો માતમ-અનુભવ-સંસ્કાર થશે નહીં. આવું છે ભાઈ ! દુનિયા માનો ન માનો... એની હારે કાંઈ છે નહીં.

પ્રવચન નં. ૩૬,૩૭ તારીખ : ૧૦-૭-૭૭, ૧૧-૭-૭૭

શુભ વિકલ્પને ઉત્પન્ન કરવો એ જ એક તો નપુંસકતા છે અને વળી શુભ વિકલ્પ તે જ હું તે તો નપુંસકતાથી પણ નપુંસકતા છે. ૯૦૨.

-પૂ. ગુરૂદેવશ્રી દ્રવ્ય દષ્ટિ જિનેશ્વર પર્યાય દષ્ટિ વિનશ્વર

## કળશ-૩૦

(સ્વાગતા)

सर्वतः स्वरसनिर्भरभावं
चेतये स्वयमहं स्वमिहैकम् ।
नास्ति नास्ति मम कश्चन मोहः
शुद्धचिद्घनमहोनिधिरस्मि ॥ ३० ॥

ખંડાન્વય સહિત અર્થ : - "**इह अहं एकम् स्वम् स्वयम् चेतये**" (**इह**) વિભાવપરિણામો છૂટી ગયા હોવાથી (**अहं**) અનાદિનિધન ચિદ્રૂપ વસ્તુ એવો હું (**एकं**) સમસ્ત ભેદબુદ્ધિથી રહિત શુદ્ધ વસ્તુમાત્ર (**स्वं**) શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુને (**स्वयम्**) પરોપદેશ વિના જ પોતામાં સ્વસંવેદનપ્રત્યક્ષરૂપ (**चेतये**) આસ્વાદું છું-(દ્રવ્યદષ્ટિથી) જેવો હું છું એવો હવે (પર્યાયમાં) સ્વાદ આવે છે. કેવી છે શુદ્ધ ચિદ્રૂપવસ્તુ ? "**सर्वतः स्वरसनिर्भरभावं**" (**सर्वतः**) અસંખ્યાત પ્રદેશોમાં (**स्वरस**) ચૈતન્યપણાથી (**निर्भर**) સંપૂર્ણ છે (**भावं**) સર્વસ્વ જેનું એવી છે. ભાવાર્થ આમ છે-કોઈ જાણશે કે જૈન સિદ્ધાન્તનો વારંવાર અભ્યાસ કરવાથી દઢ પ્રતીતિ થાય છે તેનું નામ અનુભવ છે, પણ એમ નથી; મિથ્યાત્વકર્મનો રસ-પાક મટતાં મિથ્યાત્વભાવરૂપ પરિણમન મટે છે ત્યારે વસ્તુસ્વરૂપનો પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે તેનું નામ અનુભવ છે. વળી અનુભવશીલ જીવ જેવું અનુભવે છે તેવું કહે છે "**मम कश्चन मोहः नास्ति नास्ति**" (**मम**) મારે (**कश्चन**) દ્રવ્યપિંડરૂપ અથવા જીવસંબંધી ભાવપરિણમન-રૂપ (**मोहः**) જેટલા વિભાવરૂપ અશુદ્ધ પરિણામ તે બધા (**नास्ति नास्ति**) સર્વથા નથી, નથી. હવે તે જેવો છે તેવો કહે છે –"**शुद्धचिद्घनमहोनिधिरस्मि**" (**शुद्ध**) સમસ્ત વિકલ્પોથી રહિત (**चित्**) ચૈતન્યના (**घन**) સમૂહરૂપ (**महः**) ઉદ્યોતનો (**निधिः**) સમુદ્ર (**अस्मि**) હું છું. ભાવાર્થ આમ છે-કોઈ જાણશે કે બધાયનું નાસ્તિપણું થાય છે, તેથી એમ કહ્યું કે શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુ પ્રગટ છે. ૩૦.

## કલશ – ૩૦ : ઉપરનું પ્રવચન

**""इह अहं एकम् स्वम् स्वयम् चेतये" (इह) વિભાવપરિણામો છૂટી ગયા હોવાથી..."**

સમ્યક્દષ્ટિ-ધર્મીજીવ ચોથે ગુણસ્થાને બધા વિકલ્પોથી ભિન્ન પડી ગયો છે.

રાગના ભાવમાં એકત્વબુદ્ધિ હતી તે મિથ્યાત્વ હતું. એ રાગથી ભિન્ન પડી જ્ઞાયકમાં આવ્યો ત્યારે વિભાવથી ભિન્ન પડી ગયો, એકત્વબુદ્ધિ હતી તે ગઈ. ચાહે તો દયા-દાન-વ્રત-ભક્તિ-જપ-તપ કે અપવાસાદિનો વિકલ્પ હો (પણ) તે રાગ છે, એ રાગની સાથે એકત્વબુદ્ધિ તે સંસાર છે - મિથ્યાત્વ છે. જેને અંદરમાંથી સંસાર છૂટે છે એટલે કે સ્વભાવની સન્મુખ થતાં-વિમુખ દશાથી ઉત્પન્ન થતાં જે વિભાવ - તે દૃષ્ટિના વિષયમાં રહ્યા નહીં, ભિન્ન પડી ગયા.

**''(अहं) અનાદિનિધન ચિદ્રૂપ વસ્તુ એવો હું (एकं) સમસ્ત ભેદબુદ્ધિથી રહિત શુદ્ધ વસ્તુમાત્ર...''**

''**अहम्**'' એટલે હું. હું એટલે શું ? હું એટલે અનાદિનિધન ચિદ્રૂપ વસ્તુ. અન્+આદિ અને અન્+નિધન એટલે આદિ નહીં ને અંત નહીં એવી એક શુદ્ધ જ્ઞાનઘન ચિદ્રૂપ ચીજ. **अहम्** ની વ્યાખ્યા કરતાં કહે છે કે અનાદિઅનંત જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનનો પુંજ પ્રભુ તે હું છું. સમ્યક્દૃષ્ટિ અંદર ધ્યાનમાં - અનુભવમાં વિચારે છે કે આ વિભાવ-વિકલ્પો છે એ તો બધા વિકાર છે. ચાહે તો દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા હો-એ પણ રાગ છે, વિકલ્પ છે. અહીં તો પરદ્રવ્ય તરફના વિકલ્પનો ત્યાગ થઈ ગયો છે એમ કહે છે. અહા... ભારે ઝીણી વાતો છે ભાઈ ! જૈન દર્શનને સમજવું કઠણ છે. જૈનદર્શન વસ્તુનું સ્વરૂપ છે, એ કાંઈ વાડો નથી.

**''(स्वं) શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુને (स्वयम्) પરોપદેશ વિના જ પોતામાં સ્વસંવેદનપ્રત્યક્ષરૂપ (चेतये) આસ્વાદું છું-''**

આહાહા.... અનાદિ અનંત જ્ઞાનસ્વરૂપ વસ્તુ વિભાવથી તો રહિત છે. પણ આ જ્ઞાન, દર્શન, ચારિત્ર એવી ભેદબુદ્ધિથી પણ રહિત છે. હજુ તો સમ્યક્દર્શન થવાનાં કાળે એની દશા કેવી હોય, સમ્યક્દર્શન શું કરે અને શું ન કરે ? એની વાત ચાલે છે. શું કરે? તે નિર્મળ વીતરાગી પર્યાયને કરે. શું ન કરે ? - રાગાદિ ભાવને ન કરે. સમજાણું કાંઈ... ?

**(अहम्)** શુદ્ધ વસ્તુમાત્ર (એકમ્) એક છું. હું તો એકરૂપ વસ્તુ છું. વિભાવ તો નથી પણ જેમાં ભેદ નથી તેને અભેદ કહીને, એક કહીને વસ્તુ શુદ્ધ છે એમ કહ્યું છે. ભેદબુદ્ધિથી રહિત છે એ તો નાસ્તિથી કહ્યું છે, અસ્તિથી શુદ્ધ વસ્તુમાત્ર શુદ્ધ ચૈતન્ય આનંદઘન પ્રભુ છું. **(स्वं)** શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુને **(स्वयम्)** પરોપદેશ વિના એટલે કે

(ઉપદેશ) તરફનું વલણ હતું તે વિકલ્પ હતો, તે વિકલ્પ વિના (સ્વયં) પોતામાં સ્વસંવેદન આનંદ દ્વારા હું વેદું છું, જાણું છું. આ તો હજુ સમકિતની વાત ચાલે છે. પાંચમું ગુણસ્થાન તો કોઈ જુદી ચીજ છે. એને તો અંદર શાંતિ ઘણી વધી ગઈ હોય, આનંદનાં ઝરણાં ઝરતાં હોય છે. જેમ ડુંગરમાંથી પાણી વહે એમ અતીન્દ્રિય આનંદના ઝરણાં વહે છે. આનંદના ઝરણાં તો આમાંય (ચોથે ગુણસ્થાને) છે પણ હજું થોડાં છે.

આહાહા... પરોપદેશ વિના જ **(स्वं स्वयं)** પોતાને પોતા વડે-પરમાનંદની દશા વડે આત્મા અનુભવમાં આવ્યો તે પ્રત્યક્ષમાં આવ્યો છે. સમ્યક્દર્શન પ્રતીતિરૂપ છે પણ જ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થઈ ગયો છે. આહાહા... વર્તમાન જ્ઞાનપર્યાયમાં આખી ચીજનું પ્રત્યક્ષપણું ભાસ્યું છે, એમાં કોઈ રાગનો સહારો નથી.

અહીં કહે છે 'સ્વ સંવેદન' મારાથી હું મને વેદું છું. સ્વ સમવેદન-સ્વસ્વરૂપને પ્રત્યક્ષપણે આત્મા શુદ્ધ ચૈતન્ય છે તેનું પ્રત્યક્ષપણું થઈ જાય છે. સમકિતને મતિ-શ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થઈ જાય છે. પ્રત્યક્ષની વ્યાખ્યા આટલી કે પરનો સહારો નથી. નાટક સમયસારમાં આ કળશ ઉપરનો છંદ આવે છે-

કહે વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં।
અપને રસસૌં ભર્યો આપની ટેક હૌં ॥
મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ।
શુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ ॥

''આહાહા... 'અનાદિ ટેક' નો અર્થ કર્યો કે અનાદિથી પરના સહારા વિનાની ચીજ છે. અહીંયા (કળશમાં) સ્વયં આવ્યું ને ! સ્વયંમાં પરનો કાંઈ સહારો છે નહીં. આહાહા.... વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ છે એ તો વિભાવ છે. એ તો દૃષ્ટિમાંથી પહેલેથી છૂટી ગયો છે. ભેદ પણ છૂટી ગયા છે-એમ બે વાત લીધી. હવે ત્રીજી-(**સ્વં સ્વયં**) પોતે પોતા વડે એટલે કે શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુને મારા વડે, સ્વસંવેદનથી પ્રત્યક્ષપણે આસ્વાદું છું. મને મારા અનુભવમાં પરનો સહારો કે આશ્રય નથી. સમજાણું કાંઈ... ?

વિચક્ષણ પુરુષ એટલે સમકિત - ધર્મી તે એમ જાણે છે કે - સદા મૈં એક હૌં. 'અપને રસસૌં-પોતાના આનંદ ને જ્ઞાનસ્વભાવરસ એની રુચિ ને એના અનુભવથી ભરેલો છું. - ત્રિકાળ હોં. આહાહા... શુભરાગનો વિકલ્પ મારો - એ ભ્રમણાનો કૂવો

છે, જે ભવાબ્ધિનો દરિયો છે. એનાથી ભિન્ન પડીને હું શુદ્ધ ચિદ્રૂપ જ્ઞાન ને આનંદનો સિંધુ-દરિયો છું. અહા... અનાદિથી (પોતાને) પામર તરીકે માનીને બેઠો છે ને ! તેથી પોતાની મોટપ પોતાને એટલી બધી કેમ લાગે ? અહીં કહે છે કે મારી મોટપ મારામાં છે. ભગવાનના સહારે પણ મારી મોટપ રહે છે એમ નથી. અને વીતરાગની વાણીને સહારે મારી મોટપ મને જણાય છે એમ નથી. આહાહા... રાગની એકતા તે ભવસિંધુ છે. રાગની એકતા તૂટીને સ્વભાવની એકતા થઈ એ સ્વભાવ-શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.

આ તો દિગંબર સંત અમૃતચંદ્ર આચાર્યના કળશ છે. કળશની ટીકા રાજમલજીએ કરી છે. નાટક સમયસારમાં આવે છે ને ! ''પાંડે રાજમલ્લ જિનધર્મી, સમયસાર નાટક કે મર્મી'' જૈનધર્મનો મર્મ જાણ્યો છે એમણે આ ટીકા કરી છે.

'સ્વં સ્વયં ચેતયે' - હું અનાદિઅનંત શુદ્ધ ચેતના સિંધુ મારા વડે એટલે કે શુદ્ધ પરિણતિ-વીતરાગી દશા વડે હું મારા આત્માને ચેતું છું-આસ્વાદું છું. હું કોણ છું એ તો પહેલાં કહી ગયા કે શુદ્ધ ચૈતન્ય વસ્તુ તે હું. આહાહા... રાગેય નહીં, ભેદેય નહીં ને એક સમયની પર્યાય પણ નહીં, પર્યાય જેટલો પણ હું નહીં. પર્યાય એમ જાણે છે કે આ શુદ્ધ ચૈતન્યમાત્ર પૂરણ વસ્તુ તે હું છું. ૩૨૦ ગાથામાં આવે છે ને ! કે ધર્મીજીવ ખંડજ્ઞાનને ભાવતો નથી. ધર્મીને નિરાવરણ ત્રિકાળી અખંડાનંદ આનંદકંદ પ્રભુની ભાવના ને એનું ધ્યાન હોય છે. આવો મારગ !

**''(દ્રવ્યદષ્ટિથી) જેવો હું છું એવો હવે (પર્યાયમાં) સ્વાદ આવે છે.''**

ભાષા જોઈ ? શુદ્ધ ચેતન વસ્તુ આનંદકંદ પ્રભુ ધ્રુવ એમ હું ચેતું છું. એટલે કે ત્રિકાળી ચીજ આનંદસ્વરૂપ છે. તેને - વર્તમાન પર્યાયથી જાણું છું - વેદું છું. આહા... શું કીધું ? હું એક આત્મા છું એમ સમ્યક્‌દષ્ટિ અનુભવે છે. અને તે હું કેવો છું ? શુદ્ધ ચૈતન્યઘન છું. હું મારી નિર્મળ દશા-આનંદ દશા વડે ચેતું છું. - વેદુ છું. - જાણું છું. - અનુભવું છું. આહાહા... મારી આટલી બધી વ્યાખ્યા ?

**પ્રશ્ન :** એ તો તેરમે ગુણસ્થાને કેવળીને બધી ખબર પડે ?

**સમાધાન :** અરે ભાઈ ! તને હજુ ખબર નથી, કેવળજ્ઞાન તો કોઈ અલૌકિક ચીજ છે. મુનિપણું પણ કોઈ અલૌકિક ચીજ છે. શું કહીએ બાપુ ! આ તો હજુ સમ્યક્‌દર્શનની વાત ચાલે છે. આત્માનો મારગ તો આ છે. બાકી તો બધા રખડવાના રસ્તા તો એણે

અનંતવાર કર્યાં. પંચમહાવ્રત પાળ્યા, નિયમ કર્યા, અપવાસ કર્યા, સંથારા કર્યા પણ એણે આ આત્મજ્ઞાન-સમ્યક્દર્શન કદી એક સેકન્ડ પણ કર્યું નથી. તેથી એના ભવ ઘટ્યા નથી.

**"કેવી છે શુદ્ધ ચિદ્રૂપવસ્તુ ? "सर्वतः स्वरसनिर्भरभावं" (सर्वतः) અસંખ્યાત પ્રદેશોમાં (स्वरस) ચૈતન્યપણાથી (निर्भर) સંપૂર્ણ છે (भावं) સર્વસ્વ જેનું એવી છે."**

સર્વજ્ઞ સિવાય અસંખ્ય પ્રદેશો કોઈએ જોયા જ નથી. સર્વજ્ઞ પરમેશ્વરે આત્માને અસંખ્ય પ્રદેશી જોયો છે. મારું ક્ષેત્ર પૂર્ણ અસંખ્ય પ્રદેશોમાં છે. અસંખ્ય પ્રદેશો (સ્વરસ) ચૈતન્યપણાથી સંપૂર્ણ છે. સ્વરસ એટલે સ્વની રુચિનો અનુભવ. ત્રિકાળ અનુભૂતિ સ્વરૂપ છે. એમ વર્તમાન અનુભવથી એણે જાણ્યું એમ કહે છે.

**"ભાવાર્થ આમ છે-કોઈ જાણશે કે જૈન સિદ્ધાન્તનો વારંવાર અભ્યાસ કરવાથી દઢ પ્રતીતિ થાય છે તેનું નામ અનુભવ છે, પણ એમ નથી."**

કહે છે કે પરમેશ્વર કેવળીઓએ તથા જૈન દિગંબર મુનિઓએ કહેલા સિદ્ધાન્તોનો વારંવાર અભ્યાસ કરવાથી દઢ પ્રતીતિ થાય છે, તેનું નામ અનુભવ છે, પણ એમ નથી. પદ્મનંદી પંચવિંશતિમાં કહ્યું છે કે ભગવાનના કહેલા શાસ્ત્રોમાં પણ જે બુદ્ધિ જાય છે - તે બુદ્ધિને વ્યભિચારિણી બુદ્ધિ કીધી છે. સ્વદ્રવ્ય સિવાય બહારમાં ડોકું કરે તેને સજા જ થશે. અજ્ઞાનીએ કહેલાની તો વાત જ નથી. બનારસી વિલાસમાં બનારસીદાસ કહે છે.

"મુખ ઓમ્કાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે,
રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે."

અહીં કહે છે કે એ નિમિત્તથી કથન કર્યું છે. જૈન સિદ્ધાંતનો આખો દિ' અભ્યાસ કરે માટે એને દઢ પ્રતીતિ થાય છે એમ નથી. આહાહા... વીતરાગ તો એમ કહે છે કે અમારી સામે જોવાથી પ્રભુ તને રાગ થશે. કારણ કે અમે પરદ્રવ્ય છીએ. તારા સ્વદ્રવ્યમાંથી છૂટીને અમારા ઉપર લક્ષ આવશે તો તને રાગ થશે. પ્રભુ ! તું તારી સામે જો ને અંદર. પૂર્ણાનંદનો નાથ ભગવતસ્વરૂપ અંદર બિરાજે છે.

અરે ! શું થાય ? લોકોએ (અહીંનું) એકાંત કરીને સાંભળવાનું બંધ કર્યું. આ વ્યવહારની ક્રિયા વ્રત-તપ કરીએ તો કલ્યાણ થાય. અને (તમે) વ્યવહારની ના પાડો

છો? પણ ભાઈ ! આ શાસ્ત્ર ના પાડે છે. 'અપની ટેંકસોં' કહ્યું ને ! મારી ચીજને પરનો સહારો છે જ નહીં. હું એવો પાંગળો નથી કે પરની મદદ હોય તો મને અનુભવ થાય.

પ્રશ્ન : રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવે છે કે શાસ્ત્ર દ્વારા જાણીને તેમાં પરિણામ મગ્ન કરવા ?

સમાધાન : જાણીને કીધું, પણ જાણીને પછી કરવાનું તો આની કોર છે. (શાસ્ત્ર દ્વારા) જાણ્યું એ તો પરલક્ષી જ્ઞાન થઈ ગયું. અગિયાર અંગ ને નવપૂર્વ અનંતવાર ભણ્યો છે. પણ એ અંદર જાય ત્યારે એને નિમિત્ત કહેવાય ને ! પરમાર્થ વચનિકામાં આવે છે કે જેટલું શાસ્ત્રનું પરસત્તાવલંબી જ્ઞાન છે તે બધું બંધનું કારણ છે. સ્વસત્તા ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદના આશ્રયે થાય તે જ્ઞાન સમ્યક્ છે. આવી ભારે વાતો ભાઈ ! જૈન સિદ્ધાંતનો વારંવાર અભ્યાસ કરવાથી અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ થાય છે પણ કોને ? જેને સમ્યક્દર્શન ને અનુભવ છે તે વારંવાર અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ કરે છે. પણ છે એ વિકલ્પ.

ષોડશકારણ ભાવનામાં આવે છે અભીક્ષ્ણ જ્ઞાનોપયોગથી તીર્થંકર ગોત્ર બંધાય છે. પણ કોને ? સમ્યક્દર્શન વિના એકલો વારંવાર શાસ્ત્રનો અભ્યાસ કર્યા કરે પણ એ અભીક્ષ્ણ ઉપયોગ છે જ નહીં. જેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે એવા સમકિતીને વિકલ્પ આવે ત્યારે એ તીર્થંકર ગોત્ર બાંધે છે, પણ છે બંધનું કારણ. તીર્થંકર પ્રકૃતિ બંધાય તે શું ધર્મથી બંધાય ? એ તો ઉદયભાવ છે. આકરી વાતો છે બાપા ! પ્રભુના મારગડા એ શૂરાના કામ છે, કાયરના કામ નથી.

**"મિથ્યાત્વકર્મનો રસ-પાક મટતાં મિથ્યાત્વભાવરૂપ પરિણમન મટે છે ત્યારે વસ્તુસ્વરૂપનો પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે તેનું નામ અનુભવ છે."**

જોયું ? પહેલી નિમિત્તથી વાત કરી. કર્મનો રસપાક મટે એટલે કે મિથ્યાત્વકર્મનો અભાવ થાય ત્યારે મિથ્યાત્વના પરિણામ મટે છે. ખરેખર તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઉઠે, એ વિકલ્પ મારો છે એવી એકત્વબુદ્ધિ તે સંસાર ને મિથ્યાત્વ છે. આત્માને અલ્પજ્ઞ માનવો, દયા-દાનના વિકલ્પપણે માનવો કે તેનાથી લાભ માનવો તે મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વ ભાવરૂપ પરિણામ મટે છે ત્યારે વસ્તુસ્વરૂપનો પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે અને તેનું નામ અનુભવ છે. ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદનું દળ છે. એનો અનુભવ થતાં એની પર્યાયમાં પણ અતીન્દ્રિય આનંદનો અનુભવ આવે છે. સમકિતીને વિકાર છૂટી ગયો ને અનુભવશીલ સ્વભાવ થઈ ગયો. તેને વ્રતાદિના વિકલ્પ આવે પણ તેનો કર્તા થતો નથી, જ્ઞાતા રહે છે.

"કરે કરમ સોઈ કરતારા, જો જાનૈ સૌ જાનનહારા,
જો કરતા નહિ જાનૈ સોઈ, જાનૈ સો કરતા નહિ હોઈ."

આહાહા.... રાગનો વિકલ્પ તો સમકિતીને, મુનિને પણ આવે, પણ તેના કર્તા થતા નથી. એની રચના મેં કરી એમ ન થાય. ધર્મી જીવ પોતામાં રહીને, રાગ ભિન્ન છે એમ જાણે છે. આહાહા... રાગનો કર્તા થાય તે જાણનાર રહેતો નથી. આ તે કઈ જાતની દેશના ? મારગ તો આવો છે ભાઈ ! ભલે પછી લોકો એને એકાંત છે, નિશ્ચયાભાસ છે એમ કહે. જગત સ્વતંત્ર છે. પણ વસ્તુસ્થિતિ તો છે એમ છે, તે નહીં ફરે. વળી, વસ્તુને માનનારી સંખ્યા ઝાઝી હોય તો સાચું અને ઓછી હોય તો ખોટું-એવું કાંઈ છે નહીં. સત્‌ને સંખ્યાની સાથે સંબંધ નથી. સમજાણું કાંઈ ?

**"વળી અનુભવશીલ જીવ જેવું અનુભવે છે તેવું કહે છે "मम कश्चन मोहः नास्ति नास्ति" (मम) મારે (कश्चन) દ્રવ્યપિંડરૂપ અથવા જીવસંબંધી ભાવપરિણમન-રૂપ (मोहः) જેટલા વિભાવરૂપ અશુદ્ધ પરિણામ તે બધા (नास्ति नास्ति) સર્વથા નથી, નથી."**

દ્રવ્યપિંડ એટલે જડકર્મ તથા જીવ સંબંધી પુણ્ય-પાપના ભાવ તે વિભાવરૂપ અશુદ્ધ પરિણામ તે બધાય સર્વથા નથી તેમ ધર્મી જીવ માને છે. નાસ્તિ-નાસ્તિ પાઠ છે ને ! "મોહ કર્મ મમ નાહિ નાહિ ભ્રમકૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ." આહાહા... બહારની એક સમયની પર્યાયની પાછળ આખો સિંધુ ભગવાન છે એની ઉપર કોઈ દિ' નજર ગઈ નહીં. દયા પાળી, વ્રત પાળ્યા, અપવાસ કર્યા, મિથ્યાદષ્ટિ સાધુ થઈને નવમી ગ્રૈવેયકે ગયો પણ એક સમયની પર્યાય રમતુમાં-પર્યાયની પાછળ મોટો પ્રભુ ભગવાન બિરાજે છે-તેની નજરું કરી નહીં.

અરેરે ! સંતો આવો વારસો-શાસ્ત્રો મૂકી ગયા છે. જેમ પૈસાવાળા વારસો મૂકી જાય ને તે પાછળ સંભાળે (તેમ) આ વીતરાગી દિગંબર મુનિઓ-કેવળજ્ઞાનીના કેડાયતો વારસો મુકી ગયા છે એને સાંભળતાં નથી, એને વાંચતાં નથી અને વાંચે તો પોતાની દૃષ્ટિએ ખતવણી કરી નાખે છે કે શાસ્ત્રમાં વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય કીધું છે, (આમ અજ્ઞાની ઊંધી ખતવણી કરે છે.)

શ્રી નેમીચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીએ દ્રવ્યસંગ્રહની ૪૭મી ગાથામાં તથા નાગસેનમુનિએ તત્ત્વાનુશાસનની ૩૩મી ગાથામાં કહ્યું છે - **"दुविहं पि मुक्खहेउं**

**झाणे पाउणदि जं मुणी नियमा''** નિશ્ચયને વ્યવહાર-બેય મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એનો અર્થ શું થયો ? કે જ્યારે અંદર જાય ને ધ્યાનમાં આનંદની દશા પ્રગટે છે ત્યારે તેને નિશ્ચય કહીએ અને જે કાંઈ રાગ બાકી છે તેને વ્યવહાર કહીએ પણ વ્યવહાર થયો છે માટે નિશ્ચય થયો છે એમ એમાં ક્યાંય આવ્યું નથી.

**પ્રશ્ન :** વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય-એમ ઠેક-ઠેકાણે છે ને ?

**સમાધાન :** એનો અભાવ કરીને થાય છે એટલે એનાથી થાય છે એમ વ્યવહારનયનું કથન છે. અહીં કહે છે કે ધ્યાનમાં બંને થાય છે. તો એમાં વ્યવહારથી નિશ્ચય થાય તે ક્યાં આવ્યું ? તે કહે છે કે વ્યવહારથી નિશ્ચય થાય અને અહીં કહે છે કે વ્યવહાર ને નિશ્ચય સાથે થાય. આ તો સિદ્ધાંતનો વિરોધ થઈ ગયો. વીતરાગ દિગંબર સંતોની વાણીમાં ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય વિરોધ હોય નહીં.

**''હવે તે જેવો છે તેવો કહે છે –''शुद्धचिद्घनमहोनिधिरस्मि'' (शुद्ध) સમસ્ત વિકલ્પોથી રહિત (चित्) ચૈતન્યના (घन) સમૂહરૂપ (महः) ઉદ્યોતનો (निधिः) સમુદ્ર (अस्मि) હું છું. ભાવાર્થ આમ છે-કોઈ જાણશે કે બધાયનું નાસ્તિપણું થાય છે, તેથી એમ કહ્યું કે શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુ પ્રગટ છે.''**

હું તો ચૈતન્યનો ઘન છું. જેમ સકરકંદમાં મીઠાશ છે. ઉપરની લાલ છાલ છોડીને તે એકલા મીઠાશનો પિંડ છે. તેમ પુણ્ય-પાપના જે ફોતરા, સમસ્ત વિકલ્પોની છાલથી રહિત ચૈતન્યનો સમૂહરૂપ-ચૈતન્યનો ઘનકંદ છે, જ્ઞાન-દર્શનનો પિંડ છે.

**(महः)** ચૈતન્ય તેજનો **(निधिः)** સમુદ્ર-ચૈતન્યના તેજનું નિધાન હું છું. એક એક શ્લોકમાં તો કેટલું ભર્યું છે. મધ્યસ્થી શાંતિથી સ્વાધ્યાય કરે તો ખબર પડે કે આ વસ્તુ શું કહે છે ? કહે છે કે ભેદેય નથી, વિકલ્પેય નથી, રાગેય નથી, કર્મેય નથી, શરીર નથી એમ નથી.... નથી.... નથી.... તે તો નાસ્તિ થઈ જાય. તેથી એમ કહ્યું કે શુદ્ધ ચિન્માત્ર વસ્તુ પ્રગટ છે. વસ્તુ ત્રિકાળી આનંદકંદ પ્રભુ તે અસ્તિ છે. તે દષ્ટિનો વિષય છે. વસ્તુ છે તે કાંઈ અપ્રગટ કે ઢંકાઈ ગઈ છે ? (ના) શુદ્ધ ચિદ્રૂપ જ્ઞાનરૂપ વસ્તુમાત્ર પ્રગટ છે - એમ જ્ઞાની પોતાના આત્માને અનુભવે છે તેને ધર્મી-સમકિતી કહીએ.

પ્રવચન નં. ૩૮ તા. ૧૨-૭-૭૭

## કળશ-૩૧
### (માલિની)

**इति सति सह सर्वैरन्यभावैर्विवेके**
**स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकम्।**
**प्रकटित परमार्थैर्दर्शनज्ञानवृत्तैः**
**कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः॥ ३१॥**

ખંડાન્વય સહિત અર્થ : - "**एव अयम् उपयोगः स्वयम् प्रवृत्तः**" (**एव**) નિશ્ચયથી જે અનાદિનિધન છે એવું (**अयम्**) આ જ (**उपयोगः**) જીવદ્રવ્ય (**स्वयम्**) જેવું દ્રવ્ય હતું તેવું શુદ્ધપર્યાયરૂપ (**प्रवृत्तः**) પ્રગટ થયું. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય શક્તિરૂપે તો શુદ્ધ હતું પરન્તુ કર્મસંયોગપણે અશુદ્ધરૂપ પરિણમ્યું હતું; હવે અશુદ્ધપણું જવાથી જેવું હતું તેવું થઈ ગયું. કેવું થતાં શુદ્ધ થયું ? "**इति सर्वैः अन्यभावैः सह विवेके सति**" (**इति**) પૂર્વોક્ત પ્રકારે (**सर्वैः**) શુદ્ધ ચિદ્રૂપમાત્રથી ભિન્ન એવાં સમસ્ત (**अन्यभावैः सह**) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી (**विवेके**) શુદ્ધ ચૈતન્યનું ભિન્નપણું (**सति**) થતાં, ભાવાર્થ આમ છે કે જેમ સુવર્ણના પાનાને તપાવતાં કાલિમા જતી રહેવાથી સહજ જ સુવર્ણમાત્ર રહી જાય છે તેમ મોહ-રાગ-દ્વેષરૂપ વિભાવપરિણામમાત્ર જતાં સહજ જ શુદ્ધ ચૈતન્યમાત્ર રહી જાય છે. કેવી થતી થકી જીવવસ્તુ પ્રગટ થાય છે ? "**एकम् आत्मानम् बिभ्रत्**" (**एकम्**) નિર્ભેદ-નિર્વિકલ્પ ચિદ્રૂપ વસ્તુ એવો જે (**आत्मानम्**) આત્મસ્વભાવ તે-રૂપ (**बिभ्रत्**) પરિણમી છે. વળી કેવો છે આત્મા ? "**दर्शनज्ञानवृत्तैः कृतपरिणतिः**" (**दर्शन**) શ્રદ્ધા-રુચિ-પ્રતીતિ, (**ज्ञान**) જાણપણું, (**वृत्तैः**) શુદ્ધ પરિણતિ-એવાં જે રત્નત્રય તે-રૂપે (**कृत**) કર્યું છે (**परिणतिः**) પરિણમન જેણે એવો છે. ભાવાર્થ આમ છે કે મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં, શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે. કેવાં છે દર્શન-જ્ઞાન-ચારિત્ર ? "**प्रकटितपरमार्थैः**"(**प्रकटित**) પ્રગટ કર્યો છે (**परमार्थैः**) સકલકર્મક્ષયલક્ષણ મોક્ષ જેમણે એવાં છે. ભાવાર્થ આમ છે કે '**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**' એવું કથન તો સર્વ જૈનસિદ્ધાન્તમાં છે અને તે જ પ્રમાણ છે. વળી કેવો છે શુદ્ધજીવ? "**आत्माराम**" (**आत्म**) પોતે જ છે (**आराम**) ક્રીડાવન જેનું એવો છે. ભાવાર્થ આમ છે કે ચેતનદ્રવ્ય અશુદ્ધ અવસ્થારૂપે પરની સાથે પરિણમતું હતું તે તો મટ્યું, સાંપ્રત (વર્તમાનકાળે) સ્વરૂપપરિણમનમાત્ર છે. ૩૧.

## કલશ - ૩૧ : ઉપરનું પ્રવચન

**"एव अयम् उपयोगः स्वयम् प्रवृत्तः" (एव) નિશ્ચયથી જે અનાદિનિધન છે એવું (अयम्) આ જ (उपयोगः) જીવદ્રવ્ય (स्वयम्) જેવું દ્રવ્ય હતું તેવું શુદ્ધપર્યાયરૂપ (प्रवृत्तः) પ્રગટ થયું."**

જીવ અધિકારના આ છેલ્લા કળશ છે. **(एव)** એટલે નિશ્ચયથી ભગવાન આત્મા અનાદિ અનંત જ્ઞાન ને આનંદનો પુંજ પ્રભુ **(उपयोगः)** જીવદ્રવ્ય-જેવું દ્રવ્ય હતું તેવું શુદ્ધ પર્યાયરૂપે પ્રગટ થયું. ચૈતન્ય દ્રવ્ય વસ્તુ સ્વભાવે-શક્તિરૂપે તો પવિત્ર ને શુદ્ધ જ છે. પણ ભાન થતાં તેનાં સન્મુખ દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્રનું પરિણમન કરતાં એની પર્યાયમાં શક્તિમાંથી વ્યક્તતા આવી.

જીવદ્રવ્ય શક્તિરૂપે શુદ્ધ છે-અત્યારે કેટલાક આની ના પાડે છે. કેટલાક હોં ! બધા નહીં. કહે છે કે જીવ તો અનાદિનો અશુદ્ધ જ છે ને ? પણ ભાઈ ! અનાદિનો અશુદ્ધ તો પર્યાયમાં છે. વસ્તુમાં ક્યાં અશુદ્ધતા છે ? દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે. ભૂલ છે ને ભૂલ ભાંગે છે... એ બધું પર્યાયમાં છે. સમજાણું કાંઈ ? આહાહા... જીવદ્રવ્ય વસ્તુનું અસ્તિત્વ-અસ્તિત્વ એટલે હોવાપણું ત્રિકાળ છે, એ તો શુદ્ધ જ છે. (દ્રવ્ય) શુદ્ધ ન હોય તો પર્યાયમાં શુદ્ધતા આવશે ક્યાંથી ? કાંઈ શુદ્ધતા બહાર છે ? મલિન પરિણામ કાળે વસ્તુ તો શક્તિએ શુદ્ધ જ છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચોઈન્દ્રિય, પંચેન્દ્રિયમાં જીવ રહ્યો પણ વસ્તુ તો તેમાંય ત્રિકાળ શક્તિએ શુદ્ધ જ પડી છે. પરંતુ આવી પ્રતીતિ થવી જગતને ભારે આકરી બાપુ !

આ લીમડો, તેનાં એક એક પાંદડે અસંખ્ય જીવ છે. એમાં અસંખ્ય શરીર છે ને શરીર દીઠ એક જીવ છે, તે પ્રત્યેક છે અને આ લસણ, ડુંગળી-એની રાઈ જેટલી કટકીમાં અસંખ્ય શરીર છે અને એક શરીરમાં અનંત જીવ છે - તે સાધારણ છે. અહા... તેમાં બધાની સ્વભાવની-સામર્થ્યની પૂર્ણતા જ છે. ભાઈ ! મોટું ક્ષેત્ર એટલે શક્તિ મોટી અને નાનું ક્ષેત્ર હોય તો શક્તિ ઓછી-એમ નથી. આહાહા... એક એક આત્મા પર્યાયમાં અપૂર્ણ અને અક્ષરના અનંતમા ભાગે વિકાસ છે. તો પણ શક્તિ એની પૂરણ છે, વસ્તુ તો શુદ્ધ જ છે. આહા... સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલો, જાણેલો ને અનુભવેલો અને પછી વાણીમાં આવેલો આ વીતરાગનો મારગ છે.

અહીં કહે છે કે કૂવામાં પાણી હતું તે હોજમાં આવ્યું. એમ અંતરમાં ભગવાન

અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશ્રદ્ધાસ્વરૂપ શાંત રસે શક્તિએ પૂરણ પ્રભુ છે. તે પડદાની આડમાં હતો એ હવે પર્યાયમાં પ્રગટ થયો. સમયસાર નાટકમાં આવે છે કે જેમ એક માણસ નાટકમાં આવે ને પડદો રાખે ત્યાં સુધી કોણ છે તે દેખાય નહીં. (જ્યાં) પડદો કાઢી નાખે તો... ઓહો.... આ તો રાજા છે ! આ તો રાણી છે ! - એમ આ ભગવાન આત્મા એક સમયની પર્યાય ને તેની રુચિરૂપ મિથ્યાત્વના (પડદામાં) આ અનંત શક્તિવાન ધ્રુવ ભગવાન ઢંકાઈ ગયો છે. દયા-દાનના વિકલ્પ ને અલ્પજ્ઞદશાની રુચિમાં આ (આત્મા) નથી એમ થઈ ગયું છે. હવે, જ્યાં એ (આત્મા) છે એમ પ્રતીતિમાં, અનુભવમાં, રમણતામાં આવ્યું ત્યાં પર્યાયમાં પ્રગટ થયો. શક્તિરૂપે છે તેનો અંતરમાં વિશ્વાસ આવ્યો, શક્તિનું જ્ઞાન આવ્યું અને શક્તિમાં પર્યાયે રમણતા કરી.

**"ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય શક્તિરૂપે તો શુદ્ધ હતું પરન્તુ કર્મસંયોગપણે અશુદ્ધરૂપ પરિણમ્યું હતું; હવે અશુદ્ધપણું જવાથી જેવું હતું તેવું થઈ ગયું."**

જોયું ? કર્મના-નિમિત્તના સંગે પોતે પોતાથી અશુદ્ધપણે પરિણમ્યું હતું. હવે અશુદ્ધપણું જવાથી જેવું હતું તેવું થઈ ગયું.

**"કેવું થતાં શુદ્ધ થયું ? "इति सर्वैः अन्यभावैः सह विवेके सति" (इति) પૂર્વોક્ત પ્રકારે (सर्वैः) શુદ્ધ ચિદ્રૂપમાત્રથી ભિન્ન એવાં સમસ્ત (अन्यभावैः सह) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી (विवेके) શુદ્ધ ચૈતન્યનું ભિન્નપણું (सति) થતાં..."**

**(सर्वैः)** શબ્દ છે ને ! સર્વ એટલે-નોકર્મ એટલે શરીર, દ્રવ્યકર્મ એટલે જડકર્મ અને ભાવકર્મ એટલે પુણ્ય-પાપના ભાવ-એનાથી ભિન્ન પડી ગયું. એ વિકારી પરિણામથી પણ મારું સ્વરૂપ ભિન્ન છે એમ સમ્યક્દર્શનમાં ભેદજ્ઞાન થયું. ચિદ્રૂપથી ભિન્ન-એવા ભાવથી ભિન્નપણું થતાં પ્રગટ થયું.

**"ભાવાર્થ આમ છે કે જેમ સુવર્ણના પાનાને તપાવતાં કાલિમા જતી રહેવાથી સહજ જ સુવર્ણમાત્ર રહી જાય છે તેમ મોહ-રાગ-દ્વેષરૂપ વિભાવપરિણામમાત્ર જતાં સહજ જ શુદ્ધ ચૈતન્યમાત્ર રહી જાય છે."**

જેમ સોનાને ઊનું કરીને ટીપી ટીપીને કાગળ જેવા પાતળા પાના કરે છે. તેમ કરતાં કાલિમા-મેલનો નાશ થઈ જાય છે અને એકલું સોળવણું સોનું રહી જાય છે, તેમ રાગથી મને લાભ થશે તેવી મોહ નામ મિથ્યા માન્યતાનો નાશ થતાં; અને અંતર સ્વરૂપની સ્ફુરણા થતાં વિભાવ પરિણામ સહજ જ જાય છે. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં તપાવતાં મલિનતા ગઈ અને દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મને ભિન્ન કરીને એકલો ભગવાન આત્મા

રહી જાય છે. સમયસાર નાટકમાં આવે છે ને

"ભેદજ્ઞાન સાબુ ભયો, સમરસ નિરમલ નીર,
ધોબી અંતર આત્મા, ધોવૈ નિજગુણ ચીર."

આ દયા-દાન-ભક્તિના રાગ-વિકલ્પથી પણ ભિન્ન કર્યો ત્યારે ભેદજ્ઞાન થયું. પુણ્ય-પાપના વિકલ્પો ગયા ને સમરસ-વીતરાગતા પ્રગટી. ધોનાર અંતરાત્મા ધોબી પોતે છે.

**"કેવી થતી થકી જીવવસ્તુ પ્રગટ થાય છે ? "एकम् आत्मानम् बिभ्रत्" (एकम्) નિર્ભેદ-નિર્વિકલ્પ ચિદ્રૂપ વસ્તુ એવો જે (आत्मानम्) આત્મસ્વભાવ તે-રૂપ (बिभ्रत्) પરિણમી છે."**

**(एकम्)** કહ્યું છે ને ! ભેદ વિનાની, ને વિકલ્પ વિનાની વસ્તુ ચિદ્રૂપ એક અભેદ ત્રિકાળ છે. ત્રિકાળ હોં ! એવો જે આત્મસ્વભાવ તે રૂપે પર્યાયમાં પરિણમી છે. જુઓ આ પર્યાય, આવી વસ્તુ જે નિર્ભેદ-નિર્વિકલ્પ ચિદ્રૂપ ત્રિકાળ શુદ્ધ જ્ઞાનરૂપ ધ્રુવ છે. હવે તે રૂપે પર્યાયમાં પરિણમી છે. વસ્તુ તો ત્રિકાળ હતી. પણ પર્યાયપણે પરિણમી ત્યારે મોક્ષનો મારગ થયો. "જિન તે જિનવર ને જિનવર તે જિન" - આ જિનસ્વરૂપી ભગવાન આત્મા જિનવર છે, વીતરાગ છે. - એમ જ્યાં પ્રતીતિ-જ્ઞાન ને રમણતા થઈ ત્યાં વીતરાગરૂપે પર્યાય પરિણમી. સમજાણું કાંઈ ? આવો મારગ ભાઈ !

**"વળી કેવો છે આત્મા ? "दर्शनज्ञानवृत्तैः कृतपरिणतिः" (दर्शन) શ્રદ્ધા-રુચિ-પ્રતીતિ, (ज्ञान) જાણપણું, (वृत्तैः) શુદ્ધ પરિણતિ-એવાં જે રત્નત્રય તે-રૂપે (कृत) કર્યું છે (परिणतिः) પરિણમન જેણે એવો છે."**

આહાહા... અંતર સ્વરૂપનો અનુભવ લઈને-આનંદનો સ્વાદ લઈને જે પ્રતીતિ થઈ એનું નામ સમ્યક્દર્શન છે. **(ज्ञान)** જાણપણું. એટલે કે ચૈતન્ય આનંદનો નાથ ભગવાન-તેનું જ્ઞાન તેને જ્ઞાન કહે છે. અને **(वृत्तैः)** શુદ્ધ પરિણતિ તે ચારિત્ર છે. **(वृत्तैः)** એટલે વ્રતના વિકલ્પની વાત નથી. (પરંતુ) આનંદના નાથ ભગવાનની પ્રતીતિ ને રમણતા થઈ તેનું નામ ચારિત્ર છે. સમ્યક્દર્શન સહિતના વ્રત હોય તે વિકલ્પ છે, અને તે પણ બંધનું કારણ છે. સમજાણું કાંઈ... ?

સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર-એવું સાચા રત્નત્રયરૂપ પરિણમન પોતે પુરુષાર્થથી કર્યું છે, કર્મ ખસ્યા માટે થયું છે એમ નથી. વ્યવહાર રત્નત્રયનો રાગ હતો માટે આ પરિણમન થયું છે એમ નથી. આહાહા... જ્ઞાનસ્વરૂપી આત્માનું પર્યાયમાં જ્ઞાન થવું,

શ્રદ્ધાનું નિર્વિકલ્પ પરિણમન થવું અને સ્વરૂપમાં રમવું તે ચારિત્ર છે. આહાહા... આવી ગજબ વાતો છે.

એક વખત દિલ્હીમાં ચર્ચા થયેલી. તેઓ કહે કે સમયસાર ૧૫૫ ગાથામાં **''जीवादी सद्दहणं''** સમ્યક્દર્શન કહ્યું છે ? (એટલે કે જીવોને સમ્યક્દર્શન તો છે) તેને અમો કહ્યું કે ત્યાં એમ નથી કીધું. આત્માનું શુદ્ધ જ્ઞાનરૂપે પરિણમન તેનું નામ સમ્યક્દર્શન છે - એ વાત કરી છે. શું થાય ? લોકો બધાને રાજી કરવા પુસ્તક બનાવે છે. અને તેમાં દિગંબરના અને શ્વેતામ્બરના-બધાના શ્લોકો ભેગા આપે છે પણ શ્વેતામ્બરના શાસ્ત્રો તો કલ્પિત છે, ભગવાનના કહેલા નથી. તેથી તેમનો આધાર આપવો તે બરાબર નથી. દિગંબર શાસ્ત્રોમાં ક્યાં ઓછપ છે ? ક્યાં ઊણપ છે ? કેટલું ભર્યું છે ! ઢગલા ભર્યા છે. ચાલીસ ભાગ તો ધવલના છે. દરિયા છે દરિયા !

પંડિત જયચંદજીએ તો કહ્યું છે કે ઉપયોગ આત્મારૂપી ક્રિડાવનમાં પ્રવૃત થશે તે ભેદ થયો. આત્મા ઉપયોગમાં આવ્યો તે ભેદ થયો. અને આત્મા ઉપયોગથી તન્મય થઈ ગયો તે અભેદ થયું. એમણે આ વધારે નાખ્યું છે હોં !

**''ભાવાર્થ આમ છે કે મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં, શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.''**

ભ્રાંતિનો ત્યાગ થતાં એટલે કે પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ અને તેની રુચિ હતી ત્યાં સુધી મિથ્યાત્વ હતું - તેનો ત્યાગ થતાં, શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં સાક્ષાત્ રત્નત્રય ઘટે છે, ત્રણેય ઘટે છે. કોઈ એમ કહે કે શુદ્ધસ્વરૂપ ચિદાનંદ ભગવાનનો અનુભવ થતાં સમ્યક્દર્શન ને જ્ઞાન બે જ છે, ચારિત્ર નથી. પણ એમ નથી. ચારિત્ર પણ ત્યાં ઘટે છે. ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્ર પણ ભેગું છે. ત્રણેયની એકતા ત્યાં હોય છે.

કળશ-૧૦૯માં શિષ્યે આશંકા કરી છે કે મોક્ષમાર્ગ તો સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય મળીને છે. તો અહીં જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ કહ્યો તે કઈ રીતે ? પુણ્ય-પાપના પરિણામ વિનાનું જ્ઞાનમાત્ર તે મોક્ષમાર્ગ - તેમાં ત્રણ તો ન આવ્યા ? ત્યાં સમાધાન કરતાં કહ્યું કે સાંભળ ! શુદ્ધ સ્વરૂપજ્ઞાનમાં સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તે જ્ઞાનરૂપે થયો એટલે એમાં દર્શન-જ્ઞાન ને ચારિત્ર ત્રણેય આવી ગયા. જ્ઞાનરૂપે થયો એટલે એકલું જ્ઞાન છે ને દર્શન ને ચારિત્ર બે નથી એમ નથી. સ્વરૂપાચરણ ચારિત્ર ભેગું છે. છઢાળામાં કહ્યું ને ! કે ''જઘન કહે અવિરત સમદૃષ્ટિ, તીનો શિવમગચારી'' ચોથા ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને ને મુનિ ત્રણેયને મોક્ષમાર્ગી

કહ્યા કે નહીં ?

પ્રશ્ન : ટોડરમલજીએ તેને ઉપચારથી મોક્ષમાર્ગી કહ્યા છે ?

સમાધાન : ખબર છે. શાસ્ત્ર ઉકેલ્યાં (વાંચ્યા) છે ને ! ત્યાં સંયમ નથી એ અપેક્ષાએ ઉપચારથી કહ્યું છે. જેમ મુનિને સંયમ એટલે આનંદનું પ્રચુર વેદન છે એવું ત્યાં નથી તે અપેક્ષાએ તેને ઉપચારથી કહ્યું છે. છતાં પણ ત્યાં સ્વરૂપાચરણ ચારિત્રનો અંશ ભેગો છે. અહીં કહે છે કે રાગની એકતાબુદ્ધિરૂપ મિથ્યાત્વ ભાવનો ત્યાગ થતાં, ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપમાં એકાગ્રતાની પરિણતિ થતાં સાક્ષાત્ રત્નત્રય ઘટે છે. આહાહા.... પહેલાના ગૃહસ્થ દિગંબર પંડિતોએ ગજબના કામ કર્યા છે. તેમને ભવનો ડર હતો. ભગવાન જેમ કહે છે તે રીતે આવવું જોઈએ. એમાં ફેરફાર (ન ચાલે).

આત્મા પોતે શક્તિરૂપે-સ્વભાવરૂપે પવિત્ર ને શુદ્ધ જ છે. એની પર્યાયમાં પવિત્રતા, શુદ્ધતા, વીતરાગતા પ્રગટ થવી તેને અહીં દર્શન-જ્ઞાન ને ચારિત્ર કહેવામાં આવે છે. આત્મા પોતે પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમી ગયો-તેને અહીં મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. અહીં રાજમલ્લજી તો એમ જોર દેવા માગે છે કે જ્યાં મિથ્યાત્વ ટળ્યું ત્યાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય અંશ થયા. ભલે અંશ થયા. (પણ છે ત્રણેય) મિથ્યાત્વ જતાં સાથે અનંતાનુબંધી પણ જાય છે ને ! અનંતાનુંબંધી ચારિત્રમોહનીયની પ્રકૃતિ છે. તેથી અનંતાનુબંધી ગયું તો એટલું સ્વરૂપમાં આચરણ છે. આવી બધી ઝીણી વાતો છે.

અહીં તો વિશેષ એ કહેવું છે કે જે એક સમયની પર્યાય ને રાગની રુચિ હતી તે મિથ્યાત્વ હતું, જૂઠી દષ્ટિ હતી. અને એ મિથ્યાત્વના પરિણામનો જ્યાં નાશ થયો ત્યારે સાચી દષ્ટિ પ્રગટી. સાચી દષ્ટિના વખતમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય સાચાં છે. આહા.... જેમ સમ્યક્દર્શનમાં પ્રતીતિ આવી, સમ્યક્જ્ઞાનમાં એ જ્ઞાનનું જ્ઞેય આવ્યું તેમ સ્વરૂપની સ્થિરતામાં રમણતા પણ આવી. જો વિશેષપણે રમણતા ન થાય તો અનંતાનુબંધીનો અભાવ થયો જ નથી. સમજાણું કાંઈ ! આવું છે બાપુ ! ઝીણું પડે પણ શું થાય ? અત્યારે તો બધું ગુંચવી નાખ્યું છે ને બહારનું બધું ક્રિયાકાંડમાં મનાવી દીધું છે. પણ એ સમજવા જેવી ક્રિયાકાંડ છે.

**પ્રશ્ન :** આમાં અમારે કરવું શું ?

**સમાધાન :** ભાઈ ! કરવાનું તો એ છે કે આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ-તેની સન્મુખ થવું અને ક્રિયાકાંડના વિકલ્પથી વિમુખ થવું અને એ કરવામાં ત્રણેય આવી જાય છે.

**"કેવાં છે દર્શન-જ્ઞાન-ચારિત્ર ? "प्रकटितपरमार्थै:"(प्रकटित) પ્રગટ કર્યો છે (परमार्थै:) સકલકર્મક્ષયલક્ષણ મોક્ષ જેમણે એવાં છે."**

અહીંથી છેલ્લે મોક્ષ સુધી લઈ જશે. મોક્ષમાર્ગથી મોક્ષ પ્રગટ્યો છે એમ કહે છે. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી દશાથી એણે મોક્ષ પ્રગટ કર્યો છે.

**"ભાવાર્થ આમ છે કે 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग:' એવું કથન તો સર્વ જૈનસિદ્ધાન્તમાં છે અને તે જ પ્રમાણ છે."**

આચાર્ય ઉમાસ્વામીના તત્ત્વાર્થસૂત્રનું આ પહેલું સૂત્ર છે. તત્ત્વાર્થસૂત્ર તો મહાસિદ્ધાંત-જૈનની ગીતા છે. "સમ્યક્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગ:" - ત્રણેય થઈને મોક્ષમાર્ગ છે. એમાં ભેગું ચારિત્ર આવી જાય છે. મિથ્યાત્વના ત્યાગમાં ત્રણેય આવ્યા - તે અમને માન્ય છે, પ્રમાણ છે, સત્ય છે એમ કહે છે. ચરવું... એટલે રમવું... જમવું... અતીન્દ્રિય આનંદનું ઉગ્રપણે ભોજન કરવું તેનું નામ ચારિત્ર છે. જેણે આનંદના નાથને ઢંઢોળીને જોયો, શોધ્યો ને અનુભવ્યો તેને આતમરામમાં જ લીનતા જામી ગઈ. એકલું આનંદ ને શાંતિનું વીતરાગી પરિણમન એનું નામ મોક્ષ છે. અને એનું સાધન ઉપાય અંતર સમ્યક્દર્શન-જ્ઞાન, ચારિત્ર, અપૂર્ણ વીતરાગતા છે. સાંપ્રતકાળે તો સ્વરૂપ પરિણમન માત્ર છે. મોક્ષમાર્ગનો અભાવ થઈને મોક્ષ થતાં, હવે ત્રણ ભેદ નથી. પરંતુ એકલું સ્વરૂપ પરિણમન રહી ગયું. આહાહા... આત્મારામ એટલે આનંદમાં રમવાનો બગીચો. ધર્મીનો બગીચો એ છે. આત્મારામ એટલે આત્મા આરામ. આત્મારામ ભગવાન પોતાનામાં રમે, ઠરે, ચરે.... વીતરાગભાવે અતીન્દ્રિય આનંદનું વેદન કરે એ ચારિત્ર છે.-એ અમને માન્ય છે એમ કહે છે. ચોથે ગુણસ્થાને ત્રણેય અંશ કીધા માટે (ત્યાં) ચારિત્રનો નિષેધ થઈ ગયો એમ નથી. સમજાણું કાંઈ ?

**"વળી કેવો છે શુદ્ધજીવ? "आत्माराम" (आत्म) પોતે જ છે (आराम) ક્રીડાવન જેનું એવો છે. ભાવાર્થ આમ છે કે ચેતનદ્રવ્ય અશુદ્ધ અવસ્થારૂપે પરની સાથે પરિણમતું હતું તે તો મટ્યું, સાંપ્રત (વર્તમાનકાળે) સ્વરૂપપરિણમનમાત્ર છે."**

એકલું આનંદ ને શાંતિનું વીતરાગી પરિણમન એનું નામ મોક્ષ છે અને એનું સાધન ઉપાય અંતર સમ્યક્દર્શન જ્ઞાન ચારિત્ર, અપૂર્ણ વીતરાગતા છે. સાંપ્રતકાળે તો સ્વરૂપ પરિણમન માત્ર છે. મોક્ષમાર્ગનો અભાવ થઈને મોક્ષ થતાં, હવે ત્રણ ભેદ નથી પરંતુ એકલું સ્વરૂપ પરિણમન રહી ગયું.

પ્રવચન નં. ૩૯ તા. ૧૩-૭-૭૭

## કળશ-૩૨

### (વસન્તતિલકા)

मज्जन्तु निर्भरममी सममेव लोका
आलोकमुच्छलति शान्तरसे समस्ताः ।
आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण
प्रोन्मग्न एष भगवानवबोधसिन्धुः ॥ ३२ ॥

ખંડાન્વય સહિત અર્થ : - ''**एष भगवान् प्रोन्मग्नः**'' (**एष**) સદાકાળ પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ છે એવો (**भगवान्**) ભગવાન અર્થાત્ જીવદ્રવ્ય (**प्रोन्मग्नः**) શુદ્ધાંગસ્વરૂપ દેખાડીને પ્રગટ થયો. ભાવાર્થ આમ છે કે આ ગ્રંથનું નામ નાટક અર્થાત્ અખાડો છે. ત્યાં પણ પ્રથમ જ શુદ્ધાંગ નાચે છે તથા અહીં પણ પ્રથમ જ જીવનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થયું. કેવો છે ભગવાન ? ''**अवबोधसिन्धुः**'' (**अवबोध**) જ્ઞાનમાત્રનું (**सिन्धुः**) પાત્ર છે. અખાડામાં પણ પાત્ર નાચે છે, અહીં પણ જ્ઞાનમાત્ર જીવ છે. હવે જે રીતે પ્રગટ થયો તે કહે છે –''**भरेण विभ्रमतिरस्करिणीं आप्लाव्य**'' (**भरेण**) મૂળથી ઉખાડીને દૂર કરી. તે કોણ ? (**विभ्रम**) વિપરીત અનુભવ-મિથ્યાત્વરૂપ પરિણામ તે જ છે (**तिरस्करिणीं**) શુદ્ધસ્વરૂપ-આચ્છાદનશીલ અંતર્જવનિકા (અંદરનો પડદો) તેને (**आप्लाव्य**) મૂળથી જ દૂર કરીને. ભાવાર્થ આમ છે કે અખાડામાં પ્રથમ જ અંતર્જવનિકા કપડાની હોય છે, તેને દૂર કરીને શુદ્ધાંગ નાચે છે; અહીં પણ અનાદિ કાળથી મિથ્યાત્વપરિણતિ છે, તે છૂટતાં શુદ્ધસ્વરૂપ પરિણમે છે. શુદ્ધસ્વરૂપ પ્રગટ થતાં જે કાંઈ છે તે જ કહે છે--''**अमी समस्ताः लोकाः शान्तरसे समम् एव मज्जन्तु**'' (**अमी**) જે વિદ્યમાન છે એવા (**समस्ताः**) બધા (**लोकाः**) જીવો, (**शान्तरसे**) જે અતીન્દ્રિયસુખગર્ભિત છે એવો શુદ્ધસ્વરૂપનો અનુભવ તેમાં (**समम् एव**) એકીવખતે જ (**मज्जन्तु**) મગ્ન થાઓ - તન્મય થાઓ. ભાવાર્થ આમ છે કે અખાડામાં તો શુદ્ધાંગ દેખાડે છે, ત્યાં જેટલા દેખનારા છે તે બધા એકીસાથે જ મગ્ન થઈ દેખે છે; તેવી રીતે જીવનું સ્વરૂપ શુદ્ધરૂપ બતાવાયું થકું બધાય જીવોએ અનુભવ કરવાયોગ્ય છે. કેવો છે શાન્તરસ ? ''**आलोकमुच्छलति**'' (**आलोकम्**) સમસ્ત ત્રૈલોકયમાં (**उच्छलति**) સર્વોત્કૃષ્ટ છે, ઉપાદેય છે અથવા લોકાલોકનો જ્ઞાતા છે. હવે અનુભવ જેવો છે તેવો કહે છે ''**निर्भरम्**'' અતિશય મગ્નપણે છે. ૩૨.

## કલશ – ૩૨ : ઉપરનું પ્રવચન

**''एष भगवान् प्रोन्मग्नः'' (एष) સદાકાળ પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ છે એવો (भगवान्) ભગવાન અર્થાત્ જીવદ્રવ્ય (प्रोन्मग्नः) શુદ્ધાંગસ્વરૂપ દેખાડીને પ્રગટ થયો.''**

જીવ અધિકારનો આ છેલ્લો કળશ છે. કળશના છેલ્લું પદ **''एष भगवान् प्रोन्मग्नः''** શરૂઆત કરી છે. ''સદાકાળ પ્રત્યક્ષપણે ચેતન સ્વરૂપ છે એવો ભગવાન....'' એટલે તે આત્મા સદા પ્રત્યક્ષ સ્વરૂપ છે. ૪૭ શક્તિમાં એક પ્રકાશશક્તિ છે ને ! તેથી પ્રત્યક્ષ થવાનો એનો સ્વભાવ છે. મતિ-શ્રુતજ્ઞાનમાં-સમ્યક્જ્ઞાનમાં પ્રત્યક્ષ થવાનો જ એનો સ્વભાવ છે. આહાહા... સદાકાળ પ્રત્યક્ષ થવાનો સ્વભાવ છે. સમ્યક્દષ્ટિ જીવને શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે, કેવળજ્ઞાનમાં પૂરણ પ્રત્યક્ષ થઈ જાય છે.

આહા... જો કે શ્રુતજ્ઞાન તો પરોક્ષ છે, પણ ત્યાં સ્વસંવેદન થવાની એની પ્રત્યક્ષ શક્તિ છે એ અપેક્ષાએ પ્રત્યક્ષ થાય છે એમ કહ્યું છે. 'સદાકાળ' લીધું છે ને ! ભગવાન આત્માનું સ્વરૂપ છે એ સદાકાળ પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ છે કેમ કે એનામાં પ્રકાશ નામનો અનાદિ અનંત ગુણ છે. જેમ આ માણસ છે એમ કહે છે ને ! તેમ આ આત્મા પ્રત્યક્ષ છે. ભાઈ ! એનું ત્રિકાળ પ્રત્યક્ષ સ્વરૂપ જ અલૌકિક છે. અહા.... સંતોએ પણ ગજબ કામ કર્યા છે. પરમેશ્વરનો માલ આડતિયા થઈને જગત પાસે જાહેર કરે છે.

અહીં આત્માને 'ભગવાન' તરીકે કીધો છે. સર્વજ્ઞ પરમેશ્વરે અનંત આત્મા જોયા, એમાં એક એક આત્મા સદાકાળ પ્રત્યક્ષ ચૈતન્યસ્વરૂપ છે - એવો ભગવાન જીવદ્રવ્ય છે. **(प्रोन्मग्नः)** પ્ર એટલે વિશેષે ઉન્મગ્ન. સર્વજ્ઞના શાસ્ત્રમાં આવે છે કે ચક્રવર્તી જ્યારે છ ખંડને સાધવા જાય છે ત્યારે વૈતાઢ પર્વતની વચમાં બે નદી આવે છે. એક ઉન્મગ્ના અને એક નિમગ્ના. એક નદીનો એવો સ્વભાવ છે કે એમાં જે કોઈ ચીજ પડે તો એને બહાર કાઢે. અને એક નદી એવી છે કે જે ચીજ પડે તેને તળીયે લઈ જાય. અહીં કહે છે કે **(प्रोन्मग्न)** જે ભગવાન આત્મા શક્તિરૂપે હતો તે પર્યાયમાં પ્રગટ થઈ ગયો, બહાર આવ્યો. સ્વભાવમાં જે પૂર્ણ આનંદ ને પૂર્ણ શક્તિ હતી તે પ્રગટ થઈ.

પુણ્ય-પાપના જે વિકારભાવ છે તે મારા છે ને મને લાભદાયક છે એવી મિથ્યામાન્યતા હતી. તે મિથ્યાત્વની ભૂમિકામાં આત્મા નીચે ગરી ગયો હતો, શક્તિ હીણી થઈ ગઈ હતી. તે પ્રોન્મગ્ન-વિશેષપણે ઊંચો આવ્યો.

**પ્રશ્ન :** શક્તિ તો કોઈ દિ' હિણી થાય નહીં ?

**સમાધાન :** શક્તિ તો શક્તિ છે. પણ પર્યાયમાં હીણી થાય છે ને ! વર્તમાન રાગ અને અલ્પજ્ઞદશા જેટલો હું છું એવી માન્યતામાં આખું તત્ત્વ ડૂબી ગયું છે. રાગાદિની એકતાબુદ્ધિમાં વસ્તુનું મરણ કરી નાખ્યું છે, આ નથી એમ કરી નાખ્યું. (હવે) સમ્યક્દર્શન ને જ્ઞાન થતાં એ જેવો છે એવો બહાર આવ્યો.

સંવત ૧૯૬૪માં અનસૂયાનું નાટક જોયું હતું. તેમાં (અનસૂયા તેના પુત્રને હાલરડામાં) શુદ્ધોડસિ, બુદ્ધોડસિ, ઉદાસીનોડસિ, નિર્વિકલ્પોડસિ ગવાતું. આત્મા નિર્વિકલ્પ ને આનંદ સ્વરૂપ છે, ઉદાસીન છે, રાગ ને પરથી ભિન્ન છે. નાટકમાં પહેલા નારદનું પાત્ર આવે. તે બોલે કે ''બ્રહ્મા સુત હું નારદ કહાવું, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું'' તેમ અહીં પણ નાટક અખાડો છે. અહીં પહેલું પાત્ર આવે છે, તે જ્યાં હોય અજ્ઞાન ત્યાં એનો નાશ કરાવીને પ્રભુતાને પ્રગટ કરાવે - એવો મારો અખાડો છે. અહીં કહે છે કે **'प्रोन्मग्नः'** શુદ્ધાંગ સ્વરૂપ દેખાડીને પ્રગટ થયો. સમ્યક્દર્શનમાં - એ ચીજ આવડી મોટી પરમાત્મસ્વરૂપ છે એવું એને પર્યાયમાં ભાન થયું એટલે કે જે શક્તિરૂપે હતું તે વ્યક્તિમાં પ્રગટ આવી ગયું.

શ્રીમદ્જી એમ કહે છે કે ''સર્વ ગુણાંશ તે સમકિત'' આત્મ વસ્તુ અનંતગુણોનો આધાર-સિંધુ છે. એવો આત્મા પર્યાયમાં પ્રગટ થાય છે. એટલે કે સમ્યક્દર્શન થતાં અનંતગુણનો અંશ વેદનમાં આવે છે. જેમ નાટકમાં ભર્તુહરિ, પીંગળા... વિગેરે આવે છે તેમ આ ભગવાનનું પહેલું નાટક આવ્યું. જેમાં શુદ્ધાંગ સ્વરૂપ દેખાડે છે. શું કીધું ? એના બધા અંગ શુદ્ધ છે - એને પ્રગટ દેખાડે છે. ચૈતન્ય ભગવાન અનંતગુણોનો આધાર જે શક્તિરૂપે હતો તે પ્રતીતિ અને જ્ઞાનના અનુભવમાં પ્રગટ થયો. (પ્રોન્મગ્ન) ઊંચો આવ્યો, બહાર આવ્યો.

**''ભાવાર્થ આમ છે કે આ ગ્રંથનું નામ નાટક અર્થાત્ અખાડો છે. ત્યાં પણ પ્રથમ જ શુદ્ધાંગ નાચે છે તથા અહીં પણ પ્રથમ જ જીવનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થયું.''**

આ સમયસાર નાટક કહેવાય છે, અખાડો છે. ત્યાં પ્રથમ શુદ્ધાંગ નાચે છે. ભગવાનની બધી પવિત્ર શક્તિઓ પરિણતિમાં નાચે છે. જુઓ ! મારગ તો આવો ઝીણો છે બાપુ ! ''અનંતકાળથી આથડયો, વિના ભાન ભગવાન'' અનંતકાળથી ચોરાશીના અવતારમાં રખડે છે. આત્માના ભાન વિના આ કરો ને આ કરો એમ કરવાના ભાવમાં-

કર્તાબુદ્ધિમાં અંધારામાં પેસી ગયો. અહીં ચૈતન્ય પ્રકાશમય ભગવાન આત્મા બહાર આવે છે. સર્વજ્ઞ ભગવાને કહ્યો છે એવો આત્મા પ્રગટ થાય છે.

"પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ
નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ."

હે નાથ ! હે સર્વજ્ઞ ! હે જિનેશ્વરદેવ ! ત્રણ કાળ ત્રણ લોકને જાણનારા નાથ ! અમારો આત્મા નિજ સત્તાએ હોવાપણે પવિત્ર આનંદ ને શુદ્ધ છે. એમ તમે જોવો છો. અહીં કહે છે કે ભગવાને જેવો જોયો ને કહ્યો એવો જોવે તો સમ્યક્‌દર્શન થાય. બહારમાં સુખ છે, પૈસામાં, બાયડીમાં, આબરૂમાં કે અભિનંદનના મોટા પૂંછડામાં સુખ છે- એ બધી મૂઢતા છે. સુખનો સાગર તો ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ... ?

**"કેવો છે ભગવાન ? "अवबोधसिन्धुः" (अवबोध) જ્ઞાનમાત્રનું (सिन्धुः) પાત્ર છે."**

જીવદ્રવ્ય ભગવાન છે. ભગવાન ન હોય તો દશામાં ભગવાન થશે ક્યાં ? કાંઈ ભગવાનપણું બહારથી આવે છે ? અરિહંત પરમાત્માને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય, અનંતસ્વચ્છતા, અનંતપ્રભુતા ત્થા પર્યાયમાં પરમાત્મદશા પ્રગટ થઈ તે આવી ક્યાંથી ? કયાંય બહારથી આવે છે ? અંતરમાં શક્તિઓ ભરી છે (તે બહાર આવે છે)

**"अवबोधसिन्धुः"** જ્ઞાનની વ્યાખ્યા કરી છે. જ્ઞાન શબ્દ તો મુખ્યપણે લીધો છે, છે જ્ઞાન આદિ અનંતગુણોનો આધાર. અલિંગગ્રહણમાં આવે છે કે અર્થાવબોધ ગુણ વિશેષ જેમાં નથી. એટલે કે અનંતગુણોનો ભેદ નથી એવો ભગવાન ચિદાનંદ અભેદ છે. અહીં 'અવબોધ' શબ્દ જ્ઞાન તરીકે લીધો છે. પણ (તેમાં) બધા ગુણો ભેગા લેવા. જ્ઞાન એટલે ભગવાન આત્મા વસ્તુ પોતે, અનંત ગુણનો પિંડરૂપ દરિયો. અરે ! આ કેમ બેસે ? એક દિ'માં પાંચ-પચીસ હજાર પેદા થાય, સરખાઈ આવી જાય તો કુદકા મારે. અરે ! ભગવાન શું થયું છે તને ? તું તો અવબોધ સિંધુ છો ને પ્રભુ ! તું તો અનંત અનંત આનંદ જ્ઞાન શાંતિનો સિંધુ - સાગર છો ને ! એવા દરિયા ઉપર તારી નજરું ન મળે અને રાગ ને પર ઉપર તારી નજરુમાં તું પ્રભુતાને ભૂલી ગયો છે.

અહીં કહે છે કે ભગવાન અવબોધ સિંધુ અનંતગુણોનો આધાર એવું જેને ભાન થયું ને પ્રગટ દશા થઈ-એની આ વ્યાખ્યા છે.

**“અખાડામાં પણ પાત્ર નાચે છે, અહીં પણ જ્ઞાનમાત્ર જીવ છે. હવે જે રીતે પ્રગટ થયો તે કહે છે –“भरेण विभ्रमतिरस्करिणीं आप्लाव्य” (भरेण) મૂળથી ઉખાડીને દૂર કરી. તે કોણ ? (विभ्रम) વિપરીત અનુભવ-મિથ્યાત્વરૂપ પરિણામ તે જ છે (तिरस्करिणीं) શુદ્ધસ્વરૂપ-આચ્છાદનશીલ અંતર્જવનિકા (અંદરનો પડદો) તેને (आप्लाव्य) મૂળથી જ દૂર કરીને.”**

આ રાગના ને દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ એ ધર્મ છે અને એનાથી ધર્મ થશે-તે મિથ્યાત્વભાવ છે. એવા મિથ્યાત્વ પરિણામને મૂળમાંથી ઉખાડી નાખ્યા છે. મૂળમાંથી ઉખાડીને એટલે અતિશયપણે કરીને, વિશેષપણે કરીને.

શરીર મારું ને બાયડી મારી ને છોકરાં મારાં, પૈસા મારાં - એ મિથ્યાત્વભાવ છે. એમ આ હિંસા-જૂઠ-ચોરી-વિષય-ભોગવાસનાના પાપના પરિણામ (તેને પોતાના માનવા) તે મહા મિથ્યાત્વ છે. એ સિવાય દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ તેને મારા માનવા તે પણ મિથ્યાત્વ છે. લાખો રૂપિયા પેદા કરે ને પછી દાનમાં લાખ રૂપિયા આપે... એમાં તો જાણે ધર્મ થઈ જશે ! લાખ શું કરોડ દેને ! તો પણ એને લઈને ધર્મ નથી. તેમાં રાગની મંદતા-તૃષ્ણા ઓછી કરી હોય તો પુણ્ય થાય, ધર્મ નહીં.

આહાહા... હું અશુદ્ધ છું ને રાગવાળો છું એમ માન્યું છે - તે મિથ્યાત્વભાવ છે, વીતરાગમાર્ગથી વિપરીત દૃષ્ટિ છે. વિભ્રમ એટલે વિશેષે ભ્રમણા, વિપરીત અનુભવ. આહાહા... ભગવાન અનંતગુણનો ધણી છે એવો જે વિકલ્પ માન્યતા તે મિથ્યાદૃષ્ટિપણું છે. જે એમાં નથી તે વાળો માનવો તે મિથ્યાત્વ છે, જૂઠી દૃષ્ટિ છે, પાપદૃષ્ટિ છે - અધર્મ દૃષ્ટિ છે. હવે ધર્મી જીવે હું તો આનંદનો નાથ પ્રભુ છું એમ આત્માના સ્વભાવની સંભાળ લઈને (મિથ્યાત્વ) મૂળમાંથી તોડી નાખ્યું છે.

વીતરાગે તો પોકાર કરીને કહ્યું છે જગતને ! પણ જગતને દરકાર ક્યાં છે ? અરે! મારું શું થશે ? આંખ મિંચાઈ જશે ને શરીરનો તો નાશ થઈ જશે પણ ભગવાન આત્માનો કાંઈ નાશ થાય એમ નથી, એ તો અવિનાશી વસ્તુ છે. રાગ ને પુણ્યના પરિણામને પોતાના માની મિથ્યાત્વમાં પડ્યો છે તે ભવિષ્યમાં મિથ્યાત્વમાં રહેશે. આહાહા... દુ:ખી થઈને ચારગતિમાં રખડશે.

જેમ દરિયો હોય અને ચાર હાથ કપડું આડુ રાખે; પોતે ચાર હાથ ઊંચો અને એટલું કપડું આડુ રાખે તો દરિયો ન દેખાય. નાટકમાં પણ પડદા આડા રાખે તો વસ્તુ ન

દેખાય. જ્યારે પડદો ખોલી નાખે ત્યારે ખ્યાલ આવે કે ઓહો... આ તો ભર્તુહરિ ને પીંગળા છે. તેવી રીતે મિથ્યાત્વનો પડદો તોડી નાખે તો ભગવાન પવિત્ર આનંદનો નાથ, શુદ્ધ અનાકુળ આનંદ ને જ્ઞાનનો સાગર દેખાય.

આત્માને રાગ ને પુણ્ય પાપવાળો માનવો, હું મનુષ્ય છું, દેવ છું, હું ક્રોધી છું, હું માની છું, હું મ્લેચ્છ છું, હું સંજ્ઞી છું, હું મૂરખ છું, હું પંડિત છું.... આહાહા... આવી જે માન્યતા છે તે મિથ્યાત્વની માન્યતા છે. વીતરાગદેવ તેને ધર્મી કહેતાં નથી. પુણ્ય-પાપના ભાવ આત્માનો તિરસ્કાર કરનારા છે. બીજી રીતે કહીએ તો પુણ્ય-પાપના ભાવ તિરસ્કાર કરવા જેવા છે.

અહીં કહે છે કે ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદરૂપની અંતરદૃષ્ટિ કરતાં મિથ્યાત્વ પરિણામરૂપી જે પડદો હતો તે તોડી નાખ્યો છે; વિભ્રમને તે જ સમયે તોડી નાખ્યું છે જેવું શુદ્ધ પવિત્ર અનાદિ અનંત શાંત આનંદકંદ સ્વરૂપ છે એવું જ્યાં ભાનમાં લીધું, તે કાળે જે મિથ્યાત્વની ભ્રમણા હતી તે મિથ્યાત્વનો પડદો ફટાક દઈને હટી જાય છે.

**"ભાવાર્થ આમ છે કે અખાડામાં પ્રથમ જ અંતર્જવનિકા કપડાની હોય છે, તેને દૂર કરીને શુદ્ધાંગ નાચે છે; અહીં પણ અનાદિ કાળથી મિથ્યાત્વપરિણતિ છે, તે છૂટતાં શુદ્ધસ્વરૂપ પરિણમે છે."**

નાટકમાં પડદો હોય ને પછી પડદો ખૂલે તેમ મિથ્યાત્વના પરિણામનો નાશ કરીને તેના સ્થાનમાં શુદ્ધ પવિત્ર પરિણતિરૂપે ત્યાં પ્રવૃત્તિ થાય છે, એનું નામ સમ્યક્દર્શન ને ધર્મ છે. અરેરે ! આવી વાતો સાંભળવા મળે નહીં તો એ કેદિ' વિચારે ને કેદિ' ધ્યાવે? ભાઈ, જિંદગીયું ચાલી જાય છે બાપુ ! મનુષ્યના મોંઘેરા અવતાર આત્માના જ્ઞાન માટે મળ્યા છે. જો તું આત્માનું જ્ઞાન ન કરે તો પ્રભુ ! તારા આરા ક્યાંય આવવાના નથી.

આ પૈસામાં, આબરૂમાં, કીર્તિમાં, ધૂળમાં, શરીરમાં, સ્ત્રીના શરીરમાં, હાડકા ને ચામડાના ભોગ લેતાં મને આનંદ આવે છે - એ રાગનો ભાવ મિથ્યાત્વનો ભાવ છે. એમાં સુખ માનવું તે મિથ્યાત્વ છે. એ પડદો જેણે તોડી નાખ્યો છે એટલે કે અંદર ચૈતન્ય બાદશાહ બિરાજે છે એની સામું જોતાં, એની સંભાળ લેતાં, મહાપ્રભુનું અસ્તિત્વ જેટલું ને જેવડું છે એવડું કબુલાતમાં - અનુભવમાં આવતાં મિથ્યાત્વનો આપોઆપ મૂળમાંથી નાશ થઈ ગયો. પહેલાં અનાદિથી મિથ્યાત્વ નાચતું હતું. આહાહા... હવે, શુદ્ધાંગ નાચે છે, પવિત્ર દશા નાચે છે, પરિણમે છે. આહાહા... ઝીણું ઝીણું કહેવું, ને

સમજાય છે એમ કહેવું ? પણ શું થાય બાપુ ? અનાદિનો મારગ જ આ છે. અરે ! આ રસ્તે ન જતાં અનાદિથી ઊંધે રસ્તે ગયો છે તેથી રખડપટ્ટી એમ ને એમ ઊભી છે. આડોડાઈ કરી તો હાથી, ઘોડા, બકરીના આડા શરીર મળશે અને જેણે સમ્યક્દર્શનમાં આત્માને માન્યો, અનુભવ્યો... તે ક્રમે કરીને મોક્ષમાં પૂર્ણ આનંદને પામશે.

અનાદિથી નિગોદમાં લસણ-ડુંગળીના અનંત ભવ કર્યા, મિથ્યાત્વમાં અશુદ્ધપણે પરિણમ્યો તો પણ વસ્તુ એકરૂપ શુદ્ધ ભિન્ન રહી ગઈ. એ શુદ્ધસ્વરૂપની જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે મિથ્યાત્વનો નાશ થઈને શુદ્ધસ્વરૂપનું પરિણમન થાય છે એને ધર્મનું પરિણમન કહેવામાં આવે છે.

**"શુદ્ધસ્વરૂપ પ્રગટ થતાં જે કાંઈ છે તે જ કહે છે--"अमी समस्ताः लोकाः शान्तरसे समम् एव मज्जन्तु" (अमी) જે વિદ્યમાન છે એવા (समस्ताः) બધા (लोकाः) જીવો, (शान्तरसे) જે અતીન્દ્રિયસુખ ગર્ભિત છે એવો શુદ્ધસ્વરૂપનો અનુભવ તેમાં (समम् एव) એકીવખતે જ (मज्जन्तु) મગ્ન થાઓ - તન્મય થાઓ."**

ભગવાન એમ કહે છે કે અનંત આત્માઓ વિદ્યમાન છે, હૈયાતિવાળા છે. નિગોદના, લસણના, લીલફૂગના જેટલા જીવો છે તે બધા આત્માઓ સ્વરૂપે તો ભગવંત છે. પર્યાયમાં - અવસ્થામાં ફેર છે પણ વસ્તુ એની શક્તિ, એનું સત્ત્વ ને એનો સ્વભાવ તો ભગવાન સ્વરૂપ છે. ત્રણકાળ લોકમાં સર્વ જીવો પૂર્ણાનંદથી ભરેલા ભગવાન સ્વરૂપે છે. એમ તું ભાવના કર.

આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એના અનુભવમાં-અતીન્દ્રિય આનંદની પરિણતિમાં લીન થાઓ. **(अमी)** બધા જીવ ત્યાં આવો, ત્યાં આવો એમ સાગમટે નોંતરૂં છે. જેમ કહે છે ને કે માંડવે આપ આવ્યા તેથી માંડવાની શોભા વધશે. અહીં પ્રભુ એમ કહે છે કે અંદરમાં અતીન્દ્રિય-આનંદનો અનુભવ કર, સમ્યક્દર્શનમાં ત્યાં આવીને બધા શાંતરસમાં મગ્ન થાઓ ત્યાં તારી શોભા વધશે. ભાઈ ! એક એક ગાથા ગજબ છે !

જેમ લૌકિકમાં સાગમટે નોંતરું નથી આપતાં ? તેમ અહીં પણ સાગમટે નોંતરું છે બાપુ ! આત્મા આનંદનો નાથ એનો અનુભવ જે આનંદગર્ભિત છે, શાંતરસનો અનુભવ છે ત્યાં બધા આવો ને ભાઈ ! શાંતરસની વ્યાખ્યા કરી કે અતીન્દ્રિય સુખગર્ભિત. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો શાંત... શાંત... શાંત... અકષાય સ્વભાવનો અનુભવ થાય છે. તે શાંતરસમાં બધા જીવો આવો, એમાં સ્નાન કરો. સંસારનો મેલ

એનાથી ટળી જશે. **(मज्जन्तु)** છે ને ! મગ્ન થાઓ-તન્મય થાઓ. આ શાંતરસમાં દુનિયા આવો એમ સાગમટે ભગવાન નોંતરું આપે છે.

અહીં કહે છે - વસ્તુ જે ભગવાન આત્મા છે તે જિનસ્વરૂપ છે. ''જિન સો જિનવર, જિનવર સો જિન'' એવો ત્રિકાળ આનંદકંદ પ્રભુ જિનસ્વરૂપ છે એનો અનુભવ કરતાં સમ્યક્દર્શન-જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. હે ! આનંદના રસિક જીવો ! એવા અતીન્દ્રિય આનંદના સ્વાદમાં તમે આવો. આ બધાં મિત્રો ભેગા થઈને જલસા નથી ઉડાવતાં ? એ તો બધાં પાપના ઢગલા છે. અહીં પરમાત્મા જિનેશ્વરદેવ કહે છે કે પ્રભુ તું આનંદસ્વરૂપ છો ને ! અતીન્દ્રિય આનંદની દશા થતાં તને આવો આત્મા પ્રાપ્ત થશે અને તને શાંતરસ આવશે. તેને ધર્મ કહીએ અને તે ધર્મથી જન્મમરણ મટે એવું છે.

પ્રવચન નં. ૪૦ તા. ૧૪-૭-૭૭.

સંસાર-અવસ્થા છે ત્યાં સુધી જીવને રાગ સાથે તન્મયપણું છે એમ જ્યાં સુધી જીવ માને છે ત્યાં સુધી તે મિથ્યાદષ્ટિ છે. જો સંસાર-અવસ્થામાં પણ જીવ રાગાદિ સાથે તન્મય થઈ જાય તો જીવ રૂપી થઈ જાય. કેમ કે રાગાદિ અચેતન છે તેને પોતાના માને તો તેણે આત્માને અચેતન માન્યો છે. ૧૫૨.

કરુણાથી કહ્યું છે કે અરે મૂઢમતિ ! અમે જે પુણ્ય-પાપભાવને અચેતન કહીએ છીએ, જડ કહીએ છીએ, પુદ્ગલ કહીએ છીએ તેને તું આત્મા માને છો તો મોટો અપરાધી છો; જા નરક-નિગોદમાં ! જા પુદ્ગલની ખાણમાં ! ચૈતન્યની ખાણમાં નહીં જવાય. ૧૮૫.

જ્યાં સુધી જ્ઞેયમાં બે ભાગલા પાડે છે ત્યાં સુધી મિથ્યાત્વભાવ ઊભો થાય છે. બાયડી, છોકરાં મારા નહિ અને દેવ-શાસ્ત્ર-ગુરુ મારા એવા પણ જ્ઞેયમાં બે ભાગલા પાડે છે, ત્યાં સુધી મિથ્યાત્વભાવ ઊભો થાય છે. ૩૭૫.

-પૂ. ગુરૂદેવશ્રી-દ્રવ્ય દષ્ટિ જિનેશ્વર પર્યાય દષ્ટિ વિનશ્વર

# સમયસાર નાટક

## જીવદ્વાર

ચિદાનંદ ભગવાનની સ્તુતિ (દોહરા)

शोभित निज अनुभूति जुत चिदानंद भगवान।
सार पदारथ आतमा, सकल पदारथ जान ॥ १ ॥

●

સિદ્ધ ભગવાનની સ્તુતિ, જેમાં શુદ્ધ આત્માનું વર્ણન છે. (સવૈયા તેવીસા)

जो अपनी दुति आप विराजत,
है परधान पदारथ नामी।
चेतन अंक सदा निकलंक,
महा सुख सागरकौ विसरामी॥
जीव अजीव जिते जगमैं,
तिनकौ गुन ज्ञायक अंतरजामी।
सो सिवरूप बसै सिव थानक,
ताहि विलोकि नमैं सिवगामी॥ २ ॥

(કળશ-૧)

●

જિનવાણીની સ્તુતિ (સવૈયા તેવીસા)

जोग धरैं रहै जोगसौं भिन्न,
अनंत गुनातम केवलज्ञानी।
तासु हृदै–द्रहसौं निकसी,
सरितासम व्है श्रुत–सिंधु समानी॥
याते अनंत नयातम लच्छन,
सत्य स्वरूप सिधंत बखानी।
बुद्ध लखै न लखै दुरबुद्ध,
सदा जगमांहि जगै जिनवाणी॥ ३ ॥

(કળશ-૨)

---

નોંધ : વાચકોને સ્વાધ્યાયની અનુકુળતા માટે અહીં નાટક સમયસારના પદ આપવામાં આવ્યા છે. કૌંસમાં લખેલા કળશ નંબર સમયસાર આત્મખ્યાતિના મુળ નંબરો છે.

કવિ વ્યવસ્થા (છન્દ છપ્પા)

हौं निहचै तिहुंकाल, सुद्ध चेतनमय मूरति ।
पर परनति संजोग, भई जडता विसफूरति ।।
मोहकर्म पर हेतु पाइ, चेतन पर रच्चइ ।
ज्यौं धतूर-रस पान करत, नर बहुविध नच्चइ ।।
अब समयसार वरनन करत,
परम सुद्धता होहु मुझ ।
अनयास बनारसिदास कहि,
मिटहु सहज भ्रमकी अरुझ ।। ४ ।।

(કળશ-૩)

●

શાસ્ત્રનું માહાત્મ્ય (સવૈયા એકત્રીસા)

निहचैमैं रुप एक विवहारमैं अनेक,
याही नै-विरोधमैं जगत भरमायौ है ।
जगके विवाद नासिबेकौं जिन आगम है,
जामैं स्याद्वादनाम लच्छन सुहायौ है ।।
दरसनमोह जाकौ गयौ है सहजरुप,
आगम प्रमान ताके हिरदैमैं आयौ है ।
अनैसौं अखंडित अनूतन अनंत तेज,
ऐसौ पद पूरन तुरंत तिनि पायौ है ।। ५ ।।

(કળશ-૪)

●

નિશ્ચયનયની પ્રધાનતા (સવૈયા તેવીસા)

ज्यौं नर कोउ गिरै गिरिसौं तिहि,
सोइ हितू जो गहै द्रिढबाहीं ।
त्यौं बुधकौं विवहार भलौ,
तबलौं जबलौं शिव प्रापति नाहीं ।।
यद्यपि यौं परवान तथापि,
सधै परमारथ चेतनमाहीं ।

जीव अव्यापक है परसौं,

विवहारसौं तौ परकी परछाहीं ॥ ६ ॥

(કળશ-૫)

●

સમ્યગ્દર્શનનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

शुद्धनय निहचै अकेलौ आपु चिदानंद,

अपनैंही गुन परजायकौं गहतु है।

पूरन विग्यानघन सो है विवहारमाहिं,

नव तत्त्वरुपी पंच दर्वमैं रहतु है ॥

पंच दर्व नव तत्त्व न्यारे जीव न्यारौ लखै,

सम्यकदरस यहै और न गहतु है।

सम्यकदरस जोई आतम सरूप सोई,

मेरे घट प्रगटो बनारसी कहतु है ॥ ७ ॥

(કળશ-૬)

●

જીવની દશા પર અગ્નિનું દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)

जैसैं तृण काठ बांस आरने इत्यादि और,

ईंधन अनेक विधि पावकमैं दहिये।

आकृति विलोकित कहावै आगनानारूप,

दीसै एक दाहक सुभाव जब गहिये ॥

तैसैं नव तत्त्वमैं भयौ है बहु भेषी जीव,

सुद्धरुप मिश्रित असुद्ध रुप कहिये।

जाही छिन चेतना सकतिकौ विचार कीजै,

ताही छिन अलख अभेदरुप लहिये ॥ ८ ॥

(કળશ-૭)

●

જીવની દશા પર સોનાનું દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)

जैसैं बनवारीमैं कुधातके मिलाप हेम,

नानाभांति भयौ पै तथापि एक नाम है।

कसिकैं कसौटी लीकु निरखै सराफ ताहि,
बानके प्रधान करि लेतु देतु दाम है ॥
तैसैं ही अनादि पुद्गलसौ संजोगी जीव,
नव तत्त्वरुपमैं अरुपी महा धाम है।
दीसै उनमानसौं उदोतवान ठौर ठौर,
दूसरौ न और एक आतमाही राम है ॥ ९ ॥
(કળશ-૮)

●

અનુભવની દશામાં સૂર્યનું દૃષ્ટાન્ત (સવૈયા એકત્રીસા)

जैसैं रवि-मंडलके उदै महि-मंडलमैं,
आतप अटल तम पटल विलातु है।
तैसैं परमातमाकौ अनुभौ रहत जौलौं,
तौलौं कहूं दुविधा न कहूं पच्छपातु है ॥
नयकौ न लेस परवानकौ न परवेस,
निच्छेपके वंसकौ विधुंस होत जातु है।
जे जे वस्तु साधक हैं तेउ तहां बाधक हैं,
बाकी राग दोषकी दसानी कौन बातु है ॥ १० ॥
(કળશ-૯)

●

શુદ્ધનયની અપેક્ષાએ જીવનું સ્વરૂપ. (અડિલ્લ)

आदि अंत पूरन-सुभाव-संयुक्त है ।
पर-सरूप-पर-जोग-कल्पनामुक्त है ॥
सदा एकरस प्रगट कही है जैन मैं ।
सुद्धनयातम वस्तु विराजै बेनमैं ॥ ११ ॥
(કળશ-૧૦)

●

હિતોપદેશ. કવિત્ત (૩૧ માત્રા)

सदगुरु कहै भव्यजीवनिसौं,
तोरहु तुरित मोहकी जेल।

समकितरूप गहौ अपनौ गुन,
करहु सुद्ध अनुभवकौ खेल।
पुदगलपिंड भाव रागादिक,
इनसौं नहीं तुम्हारौ मेल।
ए जड प्रगट गुपत तुम चेतन,
जैसैं भिन्न तोय अरु तेल॥ १२॥
(કળશ-૧૧)

●

સમ્યગ્દષ્ટિના વિલાસનું વર્ણન (સવૈયા એકત્રીસા)

कोउ बुद्धिवंत नर निरखै सरीर-घर,
भेदग्यानदृष्टिसौं विचारै वस्तु-वासतौ।
अतीत अनागत वरतमान मोहरस,
भीग्यौ चिदानंद लखै बंधमैं विलासतौ॥
बंधकौ विदारि महा मोहकौ सुभाउ डारि,
आतमाकौ ध्यान करै देखै परगासतौ।
करम-कलंक-पंकरहित प्रगटरूप,
अचल अबाधित विलोकै देव सासतौ॥ १३॥
(કળશ-૧૨)

●

ગુણ-ગુણી અભેદ છે, એ વિચારવાનો ઉપદેશ કરે છે. (સવૈયા તેવીસા)

सुद्धनयातम आतमकी,
अनुभूति विज्ञान-विभूति है सोई।
वस्तु विचारत एक पदारथ,
नामके भेद कहावत दोई॥
यौं सरवंग सदा लखि आपुहि,
आतम-ध्यान करै जब कोई।
मेटि असुद्ध विभावदसा तब,
सुद्ध सरूपकी प्रापति होई॥ १४॥
● (કળશ-૧૩)

જ્ઞાનીઓનું ચિંતન (સવૈયા એકત્રીસા)

अपनैंही गुन परजायसौं प्रवाहरूप,
परिनयौ तिहूं काल अपनै अधारसौं।
अन्तर–बाहर–परकासवान एकरस
खिन्नता न गहै भिन्न रहै भौ–विकारसौं ॥
चेतनाके रस सरवंग भरि रह्यौ जीव,
जैसे लौंन–कांकर भरयौ है रस खारसौं।
पूरन–सुरूप अति उज्जल विग्यानधन,
मोकौं होहु प्रगट विसेस निरवारसौं ॥ १५ ॥

(કળશ-૧૪)

●

સાધ્ય-સાધકનું સ્વરૂપ અથવા દ્રવ્ય અને ગુણ-પર્યાયોની અભેદ વિવક્ષા (કવિત્ત)

जंह ध्रुवधर्म कर्मछय लच्छन,
सिद्धि समाधि साधिपद सोई।
सुद्धपयोग जोग महिमंडित,
साधक ताहि कहै सब कोई ॥
यौं परतच्छ परोच्छ रूपसौं,
साधक साधि अवस्था दोई।
दुहुकौ एक ग्यान संचय करि,
सेवै सिववंछक थिर होई ॥ १६ ॥

(કળશ-૧૫)

●

દ્રવ્ય અને ગુણ-પર્યાયોની ભેદ-વિવક્ષા (કવિત્ત)

दरसन–ग्यान–चरन त्रिगुनातम,
समलरूप कहिये विवहार।
निहचै–दृष्टि एकरस चेतन,
भेदरहित अविचल अविकार ॥
सम्यकदसा प्रमान उभै नय,
निर्मल समल एक ही बार।

यौं समकाल जीवकी परिनति,
कहैं जिनेंद गहै गनधार ॥ १७ ॥

(કળશ-૧૬)

●

વ્યવહારનયથી જીવનું સ્વરૂપ (દોહરા)

एकरूप आतम दरब, ग्यान चरन दृग तीन ।
भेदभाव परिनामसौं, विवहारै सु मलीन ॥ १८ ॥

(કળશ-૧૭)

●

નિશ્ચયનયથી જીવનું સ્વરૂપ (દોહરા)

जदपि समल विवहारसौं, पर्यय-सकति अनेक ।
तदपि नियत-नय देखिये, सुद्ध निरंजन एक ॥ १९ ॥

(કળશ-૧૮)

●

શુદ્ધ નિશ્ચયનયથી જીવનું સ્વરૂપ (દોહરા)

एक देखिये जानिये, रमि रहिये इक ठौर ।
समल विमल न विचारिये, यहै सिद्धि नहि और ॥ २० ॥

(કળશ-૧૯)

●

શુદ્ધ અનુભવની પ્રશંસા (સવૈયા એકત્રીસા)

जाकै पद सोहत सुलच्छन अनंत ग्यान
विमल विकासवंत ज्योति लहलही है ।
यद्यपि त्रिविधरूप विवहारमैं तथापि,
एकता न तजै यौं नियत अंग कही है ॥
सो है जीव कैसीहू जुगतिकै सदीव ताके,
ध्यान करिबैकौं मेरी मनसा उनही है ।
जाते अविचल रिद्धि होत और भांति सिद्धि,
नाहीं नाहीं नाहीं यामैं धोखो नाहीं सही है ॥ २१ ॥

(કળશ-૨૦)

●

જ્ઞાતાની અવસ્થા (સવૈયા એકત્રીસા)

कै अपनौं पद आप संभारत,
कै गुरुके मुखकी सुनि बानी।
भेदविग्यान जग्यौ जिन्हिकै,
प्रगटी सुविवेक–कला–रसधानी ॥
भाव अनंत भए प्रतिबिंबित,
जीवन मोख दसा ठहरानी।
ते नर दर्पन ज्यौं अविकार,
रहैं थिररूप सदा सुखदानी ॥ २२ ॥

(કળશ-૨૧)

●

ભેદવિજ્ઞાનનો મહિમા (સવૈયા એકત્રીસા)

याही वर्तमानसमै भव्यनिकौ मिटौ मोह,
लग्यौ है अनादिकौ पग्यौ है कर्ममलसौं।
उदै करै भेदज्ञान महा रूचिकौ निधान,
उरकौ उजारौ भारौ न्यारौ दुंद–दलसौं ॥
जातैं थिर रहै अनुभौ विलास गहै फिरि,
कबहूं अपनपौ न कहै पुद्‌गलसौं।
यहै करतूति यौं जुदाई करैं जगतसौं,
पावक ज्यौं भिन्न करै कंचन उपलसौं ॥ २३ ॥

(કળશ-૨૨)

●

પરમાર્થની શિક્ષા (સવૈયા એકત્રીસા)

बानारसी कहै भैया भव्य सुनौ मेरी सीख,
कैहूं भांति कैसैंहूंकै ऐसौ काजु कीजिए।
एकहू मुहुरत मिथ्यातकौ विधुंस होइ,
ग्यानकौं जगाह अंस हंस खोजि लीजिए ॥
वाहीकौ विचार वाकौ ध्यान यहै कौतूहल,
यौंही भरि जनम परम रस पीजिए।

तजि भव-वासकौ विलास सविकाररूप,
अंतकरि मोहकौ अनंतकाल जीजिए ॥ २४ ॥
(કળશ-૨૩)

•

તીર્થંકર ભગવાનના શરીરની સ્તુતિ (સવૈયા એકત્રીસા)

जाके देह-द्युतिसौं दसौं दिसा पवित्र भई,
जाके तेज आगैं सब तेजवंत रूके हैं।
जाकौ रुप निरखि थकित महा रुपवंत,
जाकी वपु-वाससौं सुवास और लुके हैं॥
जाकी दिव्यधुनि सुनि श्रवणकौं सुख होत,
जाके तन लच्छन अनेक आइ ढुके हैं।
तेई जिनराज जाके कहे विवहार गुन,
निहचै निरखि सुद्ध चेतनसौं चुके हैं ॥ २५ ॥
(કળશ-૨૪)

•

जामैं बालपनौ तरूनापौ वृद्धपनौ नाहिं,
आयु-परजंत महारूप महाबल है।
विना ही जतन जाके तनमैं अनेक गुन,
अतिसै-विराजमान काया निर्मल है॥
जैसैं विनु पवन समुद्र अविचलरुप,
तैसैं जाकौ मन अरु आसन अचल है।
ऐसौ जिनराज जयवंत होउ जगतमैं,
जाकौ सुभगति महा सुकृतकौ फल है ॥ २६ ॥

•

જિનરાજનું યથાર્થ સ્વરૂપ (દોહરા)

जिनपद नांहि शरीरकौ, जिनपद चेतनमाँहि।
जिनवर्नन कछु और है, यह जिनवर्नन नांहि ॥ २७ ॥

पुद्‌गल અને ચૈતન્યના ભિન્ન સ્વભાવ ઉપર દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)

उंचे उंचे गढके कंगूरे यौं विराजत हैं,
मानौं नभलोक गीलिवेकौं दांत दीयौ है।
सोहै चहूँओर उपवनकी सघनताई,
घेरा करि मानौ भूमिलोक घेरि लीयौ है ॥
गहिरौ गंभीर खाई ताकी उपमा बनाई,
नीचौ करि आनन पताल जल पीयौ है।
ऐसो है नगर यामैं नृपकौ न अंग कोउ,
यौंही चिदानंदसौं सरीर भिन्न कीयौ है ॥ २८ ॥

(કળશ-૨૫)

●

તીર્થંકરના નિશ્ચય સ્વરૂપની સ્તુતિ (સવૈયા એકત્રીસા)

जामैं लोकालोकके सुभाव प्रतिभासे सब,
जगी ग्यान सकति विमल जैसी आरसी।
दर्सन उद्योत लीयौ अंतराय अंत कीयौ,
गयौ महा मोह भयौ परम महारसी ॥
संन्यासी सहज जोगी जोगसौं उदासी जामैं,
प्रकृति पचासी लगि रही जरि छारसी।
सोहै घट मंदिरमैं चेतन प्रगटरुप,
ऐसौ जिनराज ताहि बंदत बनारसी ॥ २९ ॥

(કળશ-૨૬)

●

નિશ્ચય અને વ્યવહારનયની અપેક્ષાએ શરીર અને જિનવરનો ભેદ (કવિત્ત)

तन चेतन विवहार एकसे,
निहचै भिन्न भिन्न हैं दोइ।
तनकी थुति विवहार जीवथुति,
नियतदृष्टि मिथ्या थुति सोइ ॥
जिन सो जीव जीव सो जिनवर,
तन जिन एक न मानै कोइ।

ता कारन तनकी संस्तुतिसौं,
जिनवरकी संस्तुति नहिं होइ ॥ ३० ॥

(કળશ-૨૭)

●

वस्तु स्वरूपनी प्राप्तिमां गुप्त लक्ष्मीनुं दृष्टांत (सवैया तेवीसा)

ज्यौं चिरकाल गडी वसुधामहिं,
भूरि महानिधि अंतर गूझी।
कोउ उखारि धरै महि ऊपरि,
जे दृगवंत तिन्हैं सब सूझी॥
त्यौं यह आतमकी अनुभूति,
पडी जडभाउ अनादि अरुझी।
नै जुगतागम साधि कही गुरु,
लच्छन–वेदि विचच्छन बूझी॥ ३१ ॥

(કળશ-૨૮)

●

ભેદવિજ્ઞાનની પ્રાપ્તિમાં ધોબીનાં વસ્ત્રનું દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)

जैसैं कोउ जन गयौ धोबीकै सदन तिन,
पहिरयौ परायौ वस्त्र मेरौ मानि रह्यौ है।
धनी देखि कह्यौ भैया यह तौ हमारौ वस्त्र,
चीन्हैं पहिचानत ही त्यागभाव लह्यौ है॥
तैसैंही अनादि पुदगलसौं संजोगी जीव,
संगके ममत्वसौं विभावतामैं बह्यौ है।
भेदज्ञान भयौ जब आपौ पर जान्यौ तब,
न्यारौ परभावसौं स्वभाव निज गह्यौ है॥ ३२ ॥

(કળશ-૨૯)

●

નિજાત્માનું સત્ય સ્વરૂપ (અડિલ્લ છંદ)

कहै विचच्छन पुरुष सदा मैं एक हौं।
अपने रससौ भर्यौ आपनी टेक हौं।
मोहकर्म मम नांहि नांहि भ्रमकूप है।
सुद्ध चेतना सिंधु हमारौ रुप है॥ ३३ ॥

●

(કળશ-૩૦)

તત્ત્વજ્ઞાન થતાં જીવની અવસ્થાનું વર્ણન (સવૈયા એકત્રીસા)

तत्त्वकी प्रतीतिसौं लख्यौ है निजपरगुन,
दृग ज्ञान चरन त्रिविधि परिनयौ है।
विसद विवेक आयौ आछौ विसराम पायौ,
आपुहीमैं आपनौ सहारौ सोधि लयौ है॥
कहत बनारसी गहत पुरुषारथकौं,
सहज सुभावसौं विभाव मिटि गयो है।
पन्नाके पकायें जैसैं कंचन विमल होत,
तैसैं सुद्ध चेतन प्रकासरुप भयो है॥ ३४॥

(કળશ-૩૧)

●

વસ્તુભાવની પ્રાપ્તિમાં નટીનું દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)

जैसैं कोऊ पातुर बनाय वस्त्र आभरन,
आवति अखारे निसि आडौ पट करिकैं।
दुहूंओर दीवटि संवारि पटे दूरि कीजे,
सकल सभाके लोग देखैं दृष्टि धरिकैं॥
तैसैं ग्यान सागर मिथ्याति ग्रंथि भेद करि,
उमग्यौ प्रगट रह्यौ तिहूं लोक भरिकैं।
ऐसौ उपदेस सुनि चाहिए जगत जीव, १
सुद्धता संभारै जग जालसौं निसरिकैं॥ ३५॥

(કળશ-૩૨)

●